श्री सद्गुरवे नमः

વર્ષ ૨જું **સસ્તીવાર્તામાળા.** પુસ્તક ૪-૫-૬

ब्रह्मचारिणी

अथवा

समाज-वेदिका.

(એક સામાજિક-ધાર્મિક નવલકથા.)

પ્રથમાવૃત્તિ [illegible] સં. ૧૯૭૧

પ્રત ૩૫૦૦ [illegible] સન ૧૯૧૪

કાચું પૂઠું. ૦-૮-૦ પાકું પૂઠું. ૦-૧૨-૦

લેખક અને પ્રકાશક

ડાહ્યાભાઈ રામચંદ્ર મહેતા.

વ્યવસ્થાપક, સસ્તી વાર્તામાળા.

મુંબઈ નં. ૧૩

આ પુસ્તકના માલિક

એક પ્રાર્થના:—

"સસ્તી વાર્તામાળા"નાં ગ્રાહકો વધારવા અમે વારંવાર પ્રાર્થના કરી છે. તે ઉપરથી કેટલાક બંધુઓએ નવાં ગ્રાહકો કરી મોકલ્યાં છે પરંતુ હજી **ઘણા ગ્રાહક બંધુઓ બેદરકાર રહ્યા છે.** તેમને **આગ્રહપૂર્વક વિજ્ઞપ્તિ છે** કે તેઓએ **ખંત રાખીને** એક એક બબ્બે **ગ્રાહકો વધારવાં.** તેમ થવાથી સત્વર ૫૦૦૦ ગ્રાહક થઈ જશે અને તેમને ઉત્તમ પ્રકારનું **વિશેષ વાંચન** મળશે.

જોજો ભૂલાય નહિ!

આ વિજ્ઞપ્તિ ભૂલી ન જવાય તે માટે પુનઃ પ્રાર્થના કરવી પડે છે કે તેઓએ ઉદરપોષણનાં અન્ય કાર્યો સાથે **પરોપકારનું આ એક કાર્ય** કરવાનું પણ ભૂલવું નહિ. એક એક કે બબ્બે ગ્રાહક કરવાનું તેમને માટે ઘણું સહેલું છે. ઘણા બંધુઓ જો ધારે તો પાંચ પચાશ ગ્રાહક કરી શકે એવા અમને જણાય છે. માટે તેઓએ **પોતાનાથી બને તેટલાં** ગ્રાહક વધારવા ચૂકવું નહિ, અને **આ સાથેનું** કાર્ડ **ભરી મોકલવું.**

નવાં હેન્ડબીલો મંગાવી લેવાં.

હજી ઘણા સજ્જનોને **"સસ્તી વાર્તામાળા"** પ્રકટ થાય છે એવી પણ ખબર નથી. માટે ગ્રાહક બંધુઓએ પોતાના મિત્ર, સગાંમાં **ફેલાવવા માટે જોઇએ તેટલાં હેન્ડબીલો મંગાવી લઈ સદુપયોગ કરવો.** ગ્રાહક વધારનાર બંધુઓનાં નામ હવે પછીના પુસ્તકમાં પ્રકટ થશે.

મેનેજર—સસ્તી વાર્તામાળા, મુંબઈ નં. ૧૩

પ્રકાશક, (સર્વે હક્ક સ્વાધિન.) અમદાવાદ. સલાપોસરોડ.
અંબાભાઈ રામચંદ્ર મહેતા. ધી ડાયમંડ જ્યુબિલિપ્રિન્ટિંગ પ્રેસમાં
મુંબઇ નં. ૧૩ પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

हिंद देवीनी विज्ञप्ति.

बातें बना रहे हैं, हिन्दोस्तान वाले।
जौहर दिखा रहे हैं, सारे जहान वाले॥ १

दुनियां में हो रहा था, मशहूर नाम जिनका।
विषयों में फंस गये हैं, वह ब्रह्मज्ञान वाले॥ २

बड़ २ के नामधारी, पण्डित पुराणपाठी।
ऐसे झगड़ रहे हैं, जैसे दुकानवाले॥ ३

वह शक्तिमान ईश्वर, व्यापक है चर अचर में।
आपस में लड़ रहे हैं, मिथ्याभिमान वाले॥ ४

बातों की है सफाई, करते नहीं भलाई।
होते नहीं हैं साधू, झूठे बयान वाले॥ ५

अक्षर नहीं पढ़ा है, जिसने वही है ज्ञानी।
कह देते हैं कि हम हैं, वैदिक प्रमान वाले॥ ६

उपकार कर रहें हैं, सच्चे वही हैं साधू।
अभिमान कर रहे हैं, मन्दिर मकान वाले॥ ७

बलभद्र सिंह कर ले, उपकार इस जगत में।
बिगड़ी हुई बना ले, नेकी यहां कमा ले॥ ८

श्री सद्गुरवे नमः

વર્ષ ૨જું — **સસ્તીવાર્તામાળા.** — પુસ્તક ૪-૫-૬

ब्रह्मचारिणी

अथवा

समाज-सेविका.

(એક સામાજિક-ધાર્મિક નવલકથા.)

પ્રથમાવૃત્તિ — આશ્વિન — સં. ૧૯૭૧

પ્રત ૩૬૦૦ — કાર્તિક — સન ૧૯૧૪

માર્ગશીર્ષ.

લેખક અને પ્રકાશક

ડાહ્યાભાઈ રામચંદ્ર મ્હેતા.

વ્યવસ્થાપક, સસ્તી વાર્તામાળા.

મુંબઇ નં. ૧૩

કાચું પૂઠું. ૦-૮-૦ — પાકું પૂઠું. ૦-૧૨-૦

પ્રકાશકની પ્રસ્તાવના.

भावमिच्छति सर्व्वस्य नाभावे कुरुते मनः ।
सत्यवादी मृदुर्दान्तो यः स उत्तम पुरुषः ॥

उद्योगपर्वः ३५–२२७५–७

"જે મનુષ્ય સર્વના અભ્યુદય (કલ્યાણ) ની ઇચ્છા કરે છે, કોઇનું પણ અકલ્યાણ ઇચ્છતો નથી અને સત્યવાદી, મૃદુ અને નમ્ર હોય છે તેજ ઉત્તમ પુરૂષ કહેવાય છે."

"સસ્તી વાર્તામાળા"ના ગ્રાહક બંધુઓના કરકમળમાં આજે "બ્રહ્મચારિણી" નામક નવલકથા સમર્પણ કરતાં અમને આનંદ થાય છે. "વાર્તામાળા" નાં ગ્રાહકોને અત્યાર સુધીમાં જૂદી જૂદી વસ્તુ સંકલનાયુક્ત બોધક નવલકથાઓ સાદર કરવામાં આવી છે અને તે ગ્રાહકવર્ગમાં પ્રશંસાને પામી છે. તેમાં આ નવલકથા અગ્રસ્થાન ભોગવે એવું ધારવામાં આવે છે. કારણઃ આ નવલકથામાં ધર્મપ્રાણ આર્ય (અને અન્ય) પ્રજા માટે મુખ્યરૂપે જીવનને સફળ કરવાની ધર્મ–રેખા દોરવામાં આવી છે–ધર્મમાર્ગ બતાવ્યો છે.

ભારતવર્ષ એક દિવસ બ્રહ્મચારી હતું. આર્ય પ્રજા, એક દિવસ બ્રહ્મચર્યના મહાત્મ્યને સારી પેઠે જાણતી હતી, તેથીજ આર્યોનાં પ્રત્યેક ધર્મશાસ્ત્રોમાં આજે પણ બ્રહ્મચર્યનું મહાત્મ્ય દ્રષ્ટિગોચર થાય છે. જે દિવસ બ્રહ્મચર્ય પાલન થતું હતું તે દિવસની આર્યપ્રજાના ધર્મ અને નીતિ, આચાર અને વ્યવહાર, તેમજ સ્થિતિ અને સંપતિનું અવલોકન કરીએ છીએ ત્યારે તે આર્યપ્રજાની આજની ધર્મ, નીતિ, આચાર, વ્યવહાર અને સ્થિતિ સંપત્તિ માટે અફસોસ થયા વગર રહેતો નથી! ક્યાં તે સમયના ઘેરે ઘેર જણાતા ભીષ્મપીના, વીરબાહુ અર્જુન અને ભડવીર ભીમ? અને ક્યાં આજની શુષ્ક, મરકટસમાન, નિર્બળ, નિસ્તેજ, નિર્વીર્ય, અજ્ઞાન પ્રજા? ક્યાં તે સમયની બ્રહ્મચારિણી, બુદ્ધિમાન અને જ્ઞાની ગાર્ગી, મૈત્રેયી, લીલાવતી, ખન્ના, સીતા,

દમયંતી, સાવિત્રી જેવી ધર્મપ્રાણ રમણીઓ અને ક્યાં આજની અલ્પાયુ, અજ્ઞાની, ધર્મભ્રષ્ટ, નિરુત્સાહી, નિસ્તેજ નારીઓ ? ક્યાં બ્રહ્મચર્ય પાલન કરતી તે સમયની બુદ્ધિમાન આર્યપ્રજા અને ક્યાં બ્રહ્મચર્યભ્રષ્ટ થયેલી આજની અજ્ઞાન પ્રજા ? બન્નેમાં આકાશ પૃથ્વી જેટલું અંતર ! જો તે સમયનો કોઇ આર્ય બ્રહ્મચારી ભારતવર્ષમાં આવી આજની પ્રજાનું નિરીક્ષણ કરે તો અમે ધારીએ છીએ કે તે આજની પ્રજાને ભાગ્યેજ ઓળખી શકે !

આમ થવાનું કારણ ? राजा कालस्य कारणम् । જેમ જેમ રાજા બદલાતા ગયા તેમ તેમ પ્રજાની ધર્મનીતિમાં ફેરફાર થયો ગયો. આર્યપ્રજાને દુર્ભાગ્યે કહો કે સદ્‌ભાગ્યે કહો, વિધિની લીલાથી કહો કે પરમાત્માની ઇચ્છાથી કહો, ગમે તેમ પણ જ્યારથી મુસલમાની રાજ્ય થયું ત્યારથી-એકહજાર વર્ષથી–આર્યપ્રજાની ધર્મનીતિમાં મ્હોટી ઉથલપાથલ થઇ ગઈ છે. તે સમયથીજ આર્યપ્રજાનું શ્રેષ્ઠત્વ, આર્યપ્રજાનું મહત્વ અને આર્યપ્રજાનાં શ્રેષ્ઠ-ધર્મનીતિનું મૂળ બ્રહ્મચર્ય નષ્ટ થયું છે. આર્યપ્રજાની કન્યાઓ સાથે મુસલમાન રાજાઓ બળાત્કારે પરણવા લાગ્યા, તેથી ધર્માત્મા આર્યોએ સ્વકન્યાઓને બાલ્યાવસ્થાથીજ પરણાવી દેવાનો રિવાજ પ્રવર્તાવ્યો. તેને પરિણામે ક્રમે ક્રમે આજની બ્રહ્મચર્યભ્રષ્ટ–સ્વધર્મભ્રષ્ટ પ્રજા ! આ સર્વ જોવા–જાણવા છતાં તેનાં દુષ્ટ પરિણામ ભોગવવા છતાં હજી બ્રાહ્મણ જેવી ઉચ્ચ–શ્રેષ્ઠ જાતિમાં પણ બ્રહ્મચર્યનો પ્રવેશ થતો નથી એ કાંઇ થોડું ખેદજનક છે ? બ્રાહ્મણોની એવી અધમ સ્થિતિ છે ત્યારે પછી તેમના શિષ્યરૂપે મનાતી ક્ષત્રિય અને વૈશ્ય જ્ઞાતિમાં બ્રહ્મચર્યનો મહિમા જાણવામાં–સમજવામાં ન આવે અને તેઓ પણ દુઃખી થાય તેમાં આશ્ચર્ય શું ?

પ્રસ્તુત નવલકથામાં એજ બ્રહ્મચર્યનું મહાત્મ્ય ગાયું છે. બ્રહ્મચર્યથી વીર્ય–તેજ–ઓજસ્‌ની વૃદ્ધિ થાય છે અને સત્શાસ્ત્રના અભ્યાસથી તેનાં મન, વાણી ને કર્મ પવિત્ર–સાત્વિક–થાય છે, તે જગતમાં નિષ્કામ કર્મ–પરોપકાર–કરી પરમાત્માની ભક્તિમાં સાત્વિક જીવન વ્યતીત કરે છે, અને જીવનને અન્તે પુનઃ જન્મ મરણ પ્રાપ્ત ના થાય એવીજ ભગવદ્ પ્રાર્થના કરે છે–મોક્ષ પદને પામે છે. આ નવલકથાના મુખ્ય પાત્ર 'બ્રહ્મચારિણી કમલિનીએ લગ્નની

મોહજાળમાં નહિ ફસાતાં જીવન પર્યંત બ્રહ્મચર્ય પાળી, પિતા પાસે શાસ્ત્રાભ્યાસ કરી, શ્રીમદ્ ભગવદ્‌ગીતાનો બોધ હૃદયસ્થ કર્યો હતો. ગીતાજીમાં શ્રી કૃષ્ણ ભગવાને મુમુક્ષુ અર્જુનને ઉપદેશ કર્યો છે કેઃ "આ જગત્ મ્હારૂં જ વિરાટ્ સ્વરૂપ છે. નિષ્કામભાવે જગતની સેવા કરવાથી તે મ્હને પહોંચે છે. હું જીવ માત્રમાં છું. જીવ માત્ર મ્હારામાં છે. મોક્ષેચ્છુને હું મોક્ષ આપું છું." શ્રી કૃષ્ણ ભગવાનનાં આ વાક્યો પ્રમાણે વર્તવાનું કમલિનીએ પ્રણ કરી જીવન પર્યંત સમાગમમાં આવનાર દુઃખી દરિદ્રીઓની સેવા કરી હતી અને અન્તે ભગવાનની ઉપાસનામાં–પરાભક્તિમાં પ્રવેશ–કરી મોક્ષ–સાધનામાં પ્રવૃત્ત થઈ હતી. કમલિનીના જ્ઞાની પિતાએ તેને તથા તેની ન્હાની બ્હેન સત્યવતીને એક સાથે ઉપદેશ આપી તેમના હૃદયક્ષેત્રમાં કર્મ, જ્ઞાન અને ભક્તિનાં બીજ વાવ્યાં હતાં. કમલિનીમાં જ્ઞાન–બીજ પરિપક્વ દશાને પામ્યાં તેથી તે જ્ઞાન માર્ગે વળી. સત્યવતીમાં કર્મબીજ પક્વ થવાથી તે કર્મમાર્ગે વળી, અને તેણે ગૃહસ્થાશ્રમ ધર્મ સ્વિકાર્યો. એક જ્ઞાની, બીજી કર્મનિષ્ઠ. એકે ત્યાગ સ્વિકાર્યો, બીજીએ ભોગ. એક સત્વર. બીજી ક્રમે ક્રમે; પણ માર્ગ તો બન્નેનો મુક્તનોજ–અમરધામ પ્રાપ્તનોજ.

"**બ્રહ્મચારિણી**" માં દર્શન દેતાં અન્ય પાત્રોમાંથી અધિકારી વાંચક નર નારીઓને જે રૂચે તે તેમણે અધિકાર પ્રમાણે ગ્રહણ કરવું. ન રૂચે તે પડયું રહેવા દેવું. કોઇને કશો આગ્રહ નથી. આગ્રહ માત્ર એટલોજ કેઃ દેશનો સ્ત્રી–સમાજ ઉન્નત દશા પામે એવો કોઇ ક્ષુદ્ર માર્ગ આ નવલકથામાંથી જણાય તો તેમાંથી કંઇક ધ્યાનમાં લેવા વિજ્ઞપ્તિ છે. દેશના પુરૂષો તેમજ સ્ત્રીઓ બ્રહ્મચર્ય ધારણ કરી સુશિક્ષિત થશે તો જ આર્ય પ્રજા પોતાનું પ્રાચીન આર્યત્વ પુનઃ પ્રાપ્ત કરશે; પણ તેમને થોડુંક ભણાવી, બુટ ચશ્મા પહેરાવી, માત્ર નામની "સુધરેલી"–નાજુક–બનાવી દેવાથી દેશનું શું કલ્યાણ થશે ? પ્રજાના આગેવાનોએ પ્રજાનું કલ્યાણ થાય એવા માર્ગ સત્વર લેવા એમાંજ સર્વનું કલ્યાણ. સર્વનું કલ્યાણ એજ આ ક્ષુદ્ર લેખકની પ્રાર્થના

આ નવલકથાનું મૂળ વસ્તુ, બંગાલી ભાષાના સુપ્રસિદ્ધ વિદ્વાન દાર્શનિક પંડિત શ્રીયુક્ત સુરેન્દ્રમોહન ભટ્ટાચાર્યના "પથેર આલો" નામક

નવલકથા ઉપરથી લીધું છે. તેમાં મ્હેં પુષ્કળ સુધારો વધારો કર્યો છે. તેમ છતાં શ્રીયુક્ત ભટ્ટાચાર્યજીનો ઉપકાર માન્યા સિવાય રહેવાય તેમ નથી. કેટલાક ગુર્જર સાક્ષરો જ્યારે ગમે તેવી ટીકાઓ કરવામાંજ મ્હોટાઈ માને છે ત્યારે બંગાલી સાક્ષરો એક પછી એક ઉત્તમ ગ્રન્થ–રત્નો વડે પોતાની માતૃ–ભાષાને સુશોભિત કરી રહ્યા છે ! ધન્ય છે બંગાલી લેખકોને ! ધન્ય છે તેમની લખન કળાને !

યુરોપમાં પ્રચણ્ડ સમરાનલ સળગેલો હોવાથી પુસ્તકો માટેના કાગળો, પૂઠાં, વગેરે સર્વ ઘણું મોઘું થઈ ગયું છે અને તેમ છતાં પણ એ વસ્તુઓ વખતસર મળતી નથી, તેથીજ આ પુસ્તકને થોડો વિલંબ થયો છે માટે ક્ષમા. હવે પછીનું પુસ્તક સત્વર પ્રેસમાં છપાવા જશે, અને વાંચક બંધુઓને ફાગણ માસમાં મળી જાય એવા યત્ન થશે.

ગ્રાહકો વધારવા માટેની સૂચના, પ્રથમ પૃષ્ઠ ઉપર છપાઈ છે. તે વાંચકોનું તરફ ધ્યાન ખેંચવું ઈષ્ટ જણાય છે.

અમદાવાદ.
પૌષ, શુક્લ ૩, સં. ૧૯૭૧. } **ડાહ્યાભાઈ રામચંદ્ર મ્હેતા.**

અગત્યની સૂચના.

૧. બીજા વર્ષમાં પ્રત્યેક ગ્રાહક બંધુએ થોડાં થોડાં ગ્રાહક **વધારવા અવશ્ય તસ્દી લેવી.** તેઓની થોડી મહેનતથી ઘણાં ગ્રાહકો થઇ શકશે. ઇચ્છા હોય તેમણે હેન્ડબીલો અને ઑર્ડર કાર્ડો વિશેષ મંગાવી લેવાં અને મિત્રવર્ગમાં ફેલાવવાં. સસ્તુ સાહિત્ય જેમ વધુ ફેલાય તેમજ લાભ છે.

૨. હવે પછીનું **ત્રીજું પુસ્તક** (લેખક ડા. રા. મ્હેતા.) **ફાગણ માસમાં** પ્રકટ થશે.

૩. **એજન્ટો** દ્વારા ગ્રાહક થનાર સજ્જનોએ પ્રથમ પુસ્તક સાથેજ પોતાનું લવાજમ ભરી દેવું અને મેનેજરની સહી સાથેની રસીદ મેળવવી. ઢીલ કરવાથી તેમનાં નામ કમી થશે. લવાજમ અગાઉથીજ લેવાનો રિવાજ છે. એજંટો દ્વારા જેઓને ગ્રાહકમાં ન રહેવું હોય તેમણે અમારે ત્યાં પરભાર્યા ગ્રાહક થવું, જેથી તેઓને પુસ્તકો પોષ્ટ દ્વારાજ મોકલાશે.

૪. લવાજમ માટે મનીઑર્ડર મોકલનારે લવાજમ ઉપરાંત ૦–૧–૦ વધુ મોકલવો, જેથી તેમને પુસ્તકો અનરજીષ્ટર્ડ બુકપોષ્ટથી મોકલાશે, અથવા વી. પી. થી પુસ્તકો મંગાવવાં.

૫. હિંદુસ્તાનનાં ગ્રાહકો માટે **કાચા પૂઠાંના** રૂ. ૨–૦–૦ અને પાંચ રૂપેરી નામો સાથેના **પાકા પૂઠાંના** રૂ. ૩–૦–૦ વી. પી. ખર્ચ એક આનો વધુ છે. **આફ્રિકાના** ગ્રાહકો માટે **કાચા પૂઠાંના** રૂ. ૨–૧૦–૦ તથા **પાકા પૂઠાંના** રૂ. ૪–૦–૦ છે. કેટલાક ગ્રાહકોએ પ્રથમ વર્ષમાં રૂ. ૨–૬–૦ મોકલ્યા છે તેમણે ૦–૪–૦ વધુ મોકલવા.

૬. ઠેકાણું બદલાતાં તરતજ ખબર આપવી. અમારે ત્યાંથી દરેક પુસ્તકો ચોકસાઇથી પોષ્ટ થાય છે. ગ્રાહકોએ પૂરૂં નામ, ગામ, પોષ્ટ જીલ્લો સ્પષ્ટ અક્ષરે લખવું. અને **પત્રવ્યવહારમાં રજીષ્ટર નંબર અવશ્ય** લખવો.

૭. **પ્રથમ વર્ષનાં** પાંચ પુસ્તકો હજુ થોડાં ગ્રાહકને મળશે. તેમને માટે લવાજમમાં **૦–૮–૦ વધાર્યા** છે, અમારે ત્યાંથી છુટક પુસ્તકો મળશે નહિ.

૮. જવાબ માટે રિપ્લાઇ કાર્ડ કે ટીકીટ મોકલવા ભુલવું નહિ. સર્વે પત્રવ્યવહાર **સસ્તી વાર્તામાળાના મેનેજરને** શરનામે ચલાવવો.

ब्रह्मचारिणी

समाज सेविका.

પ્રથમ ખણ્ડ.

પ્રથમ પરિચ્છેદ.

ગૃહસ્થાશ્રમ.

આજે આષાઢ માસની શુક્લ-પંચમી છે. પ્રાતઃકાળથી સૂર્યનાં દર્શન થતાં નથી. નીલ આકાશના મધ્ય ભાગમાં એક કાળું વાદળું જણાય છે. એમાંથી પડતી વરસાદની ઝીણી ઝીણી જળ ધારાઓ પૃથ્વીની છાતી પલાળી સ્વર્ગ અને મર્ત્ય લોકને એકાકાર કરી રહી છે. વચમાં વચમાં વાયુ દેવ મંદ લહરો વડે વરસાદની રજત ધારાઓ સાથે રમત રમે છે. એ રમતને લીધે રૂપેરી રજ જેવી વરસાદની ઝીણી ફરફર લોકોની ઉઘાડી બારીઓમાં પેસી ગાદી તકીઆ અને સેતરંજી-બિછાના ઉપર જઇ પડે છે. વરસાદની અવિરલ ધારા પડવા છતાં કોઇક કોઇક પક્ષી અગત્ય-ને કામે જતાં મનુષ્યો પેઠે ઉતાવળે ઉડી રહ્યાં છે, ત્યારે ઘણાં પક્ષીઓ નિરાશ્રય કંગાલ મનુષ્યોની પેઠે, વૃક્ષની ડાળીઓમાં માત્ર ડોકાં બહાર રાખી લપાઇ બેઠાં છે. કોઇક વખત આકાશમાં બે વાદળાં અથડાતાં કડડડ ધૂમ કરતી મેઘ ગર્જના થવાથી પ્રાણી માત્રના હૃદય ભયથી કમ્પી ઉઠે છે, ત્યારે કોઇક વખત અંધારી કાળી વાદળીના વચમાંથી સરી પડતી વિજળીની તેજસ્વી રેખા જોનારનાં નેત્ર આંજી નાંખે છે. આજે પ્રકૃતિ દેવીએ જાણે જગત જનોને વિશ્રાંતિ આપવાનીજ ઇચ્છા કરી હોય તેમ પ્રાતઃકાળથી

વરસાદ વર્ષાવવા માંડયો છે. રસિક જનો અને કવિઓને માટે આજનો દિવસ આનંદકારક થઇ પડયો છે. તેઓમાંના કેટલાક પ્રકૃતિ દેવીનું સુંદર–મનોહર સ્વરૂપ નિહાળવાને પર્વતનાં શૃંગો ઉપર, નદીના તટ ઉપર અને કેટલાક સુગંધમય પુષ્પની વાટિકાઓમાં જઇ પહોંચ્યા છે. અહા ! ત્યાંનું કેવું નયનરંજક દ્રષ્ય ! કેવી સુંદર લીલી વનસ્પતિ ! કેવાં મનોહર સુગંધીમય પુષ્પ ! કેવાં સુંદર જળ ઝરણુ ! તેમાંથી નિકળતો ધ્વનિ જાણે કિન્નરીઓના પગનાં નુપૂરની ઝીણી ઘુઘરીઓમાંથી નિકળતો કર્ણપ્રિય મધુર નાદ ! તે મધુરતામાં વૃદ્ધિ કરવા માટેજ જાણે વૃક્ષમાં લપાયલા મયુરોના મીઠા ટહુકા સંભળાય છે ! ધન્ય પ્રકૃતિદેવી ! ધન્ય ત્હારી લીલાને ! ધન્ય ત્હારી સુંદરતાને !

આ સમયે ભ્રગુપૂરની એક હવેલીના નિર્જન દિવાનખાનામાં જ્ઞાનાનંદ શર્મ્મા, બારી પાસે બેસી આકાશ તરફ જોઇ રહ્યા હતા. આકાશમાંથી પડતી ઝીણી રૂપેરી વર્ષા–ધારાઓ નિહાળી તેમના મનમાં ઇશ્વરની અલૌકિક લીલા સંબંધી અનેક વિચારો થતા હતા. આકાશમાંથી પડતી જળ ધારાઓ, પૃથ્વી પર પડી સ્વર્ગ મર્ત્યને એકાકાર કરી સર્વત્ર અદ્વૈત–અભેદ ભાવ વિસ્તારતી હતી. એ જોઇ જ્ઞાનાનંદના હૃદયમાં પણ આત્મા–પરમાત્માનો અદ્વૈત–અભેદ ભાવ પ્રસરી રહ્યો હતો. તેમની ઉદાસ દ્રષ્ટિમાંથી મહાન પ્રેમનાં તરંગ ઉત્પન્ન થઇ કોઇ મહાસાગર તરફ દોડતાં હતાં. તેઓ એકીટસે આકાશ તરફ જોઈ રહ્યા હતા.

એટલામાં એક તેર–ચૌદ વર્ષની, મનોહર, કોમળ ગુલાબ–પુષ્પની ખિલતી કળી જેવી લાવણ્યમયી યુવતિએ ત્યાં પ્રવેશ કરીને કહ્યુંઃ "પિતાજી ! હું ગોરો કરીશ." યુવતિના હાથમાં પંચાંગ હતું. તે જ્ઞાનાનંદની પાસે બેસી પંચાંગનાં પાનાં ઉથલાવવા લાગી.

જ્ઞાનાનંદ શર્મ્માએ વિશ્વ વિદ્યાલયની ઉચ્ચ શિક્ષા પ્રાપ્ત કરી હતી. પરદેશમાં મુનસફની નોકરી કર્યા પછી હમણાં પેન્શન લઇ તેઓ ઘેર આવ્યા છે. તેમનું વય પચાશ વર્ષથી વિશેષ છે. તેમના કુટુંબ પરિવારમાં એક પત્નિ, અને બે કન્યા છે. મ્હોટીનું નામ કમલિની, ન્હાનીનું નામ સત્યવતી. બન્નેની મ્હોટી વય થવા છતાં હજુ અવિવાહિતા છે.

સત્યવતીએ ગોરોના વ્રત માટે પૂછ્યું છતાં પિતા જ્ઞાનાનંદે કંઈ ઉત્તર

દીધો નહિ. તેણે પંચાંગનાં પાના ઉથલાવી આંગળીના વેઢા ગણતાં કહ્યું: "નોમ દશમ અને અગીઆરશ. બસ, કાલ અને પરમ. બેજ દિવસ? પિતાજી, વચમાં બેજ દિવસ."

હજુ પણ જ્ઞાનાનંદ નિરૂત્તરજ બેઠા હતા. તેથી એમ જણાય છે કે સત્યવતીનો પ્રશ્ન તેમના કાનમાં પ્રવેશ કરી શક્યો નથી.

સત્યવતીએ જાણી લીધું કે: "પિતાજી કોઈ ગૂઢ વિષયના વિચારમાં મગ્ન થયા છે. એ વિચારનો પ્રવાહ અટકાવવો અયોગ્ય કહેવાય. પિતાજી-એજ કહ્યું હતું કે કોઇ પણ મનુષ્ય એકાંતમાં બેસી ગૂઢ વિષયમાં ચિત્ત પરોવી રહ્યો હોય તેના કામમાં અડચણ કરવી નહિ. મ્હારી ભૂલ થઇ. હું શા માટે અહિં આવી?" એટલું કહી તે તરતજ જે માર્ગેથી આવી હતી તે માર્ગે બહાર ચાલી ગઇ. માર્ગમાં જતાંજ તેને તેની મ્હોટી બ્હેન કમાલની મળી. તેને પૂછ્યું: "બ્હેન! તું ગોરો કરશે કે?"

રાતાં વાદળામાં વિદ્યુતનો કિંચિદ્ ઝબકારો થયો. કમલિનીના રાતા ઓઠ ઉપર મૃદુ હાસ્ય ફરક્યું. તે બોલી: "કેમ વારૂં? મ્હેં શો અપરાધ કર્યો છે કે હું એ વ્રત કરૂં?"

સત્યવતીએ બદામની સફેદ મીંજ જેવાં સુંદર, ચંચળ નેત્ર વડે, કમલિનીના સ્હામું જોઇ આશ્ચર્ય પામી કહ્યું: "મ્હોટી બ્હેન! ખરેખર, તું તો ગાંડી જણાય છે! અપરાધ થાય ત્યારેજ લોકો વ્રત કરતા હશે કે? ધર્મ, કર્મ ના કરે તે મનુષ્યજ નહિ."

કમલિની ખડખડાટ હસી પડી. તે હાસ્ય, ચાંદની જેવું સ્થિર, સન્ધ્યાના વાયુ જેવું ઉદાસ અને વાર્તા જેવું મધુર. એ હસવું થોભતું નહોતું.

સત્યવતી ઘણી ગુસ્સે થઇ બોલી: "ગાંડાની હૉસ્પિટલમાં મોકલ્યા સિવાય છુટકો નથી, એમજ જણાય છે."

હજુ પણ ગુલાબી પુષ્પ ઉપર જ્યોત્સ્ના રમત રમતી હતી. હજુ પણ કમલિનીના રાતા ઓઠ ઉપર હાસ્યની છટા વિકસી રહી હતી. તે હસતાં હસતાંજ બોલી: "આટલું મ્હોટું રામાયણ વાંચ્યા છતાં હજુ સીતાજી રામચંદ્રજીનાં માસીજ રહ્યાં!" ગીતા ભણી, ઉપનિષદ ભણી, દર્શન ભણી

છતા હજુ ત્હારૂં ધર્મ, કર્મ શું છે તેનું ત્હને જ્ઞાન થયું નહિ અને ઉલટી મ્હને ગાંડાની હૉસ્પિટલમાં મોકલે છે? સાબાશ છે!"

સત્યવતીઃ "ત્યારે શું ત્હારા મત પ્રમાણે વ્રત કરવું એ ધર્મ નથી?"

કમાલની. "ના."

સત્યવતીઃ "વાહરે મ્હારી બગલા ભગત! ત્યારે તો આટલા બધા લોકો અનરગલ રૂપિયા ખર્ચીને પુત્રપુત્રિનાં લગ્નો કરે છે તેથી શું તેમને અધર્મ થાય છે કે?"

કમલિનીઃ "રૂપિયા ખર્ચવાથીજ શું ધર્મ થાય છે કે? લોકો પૈસા ટકા ખર્ચીને પુત્રપુત્રિનાં લગ્ન કરે છે, તેથી શું તેમને ધર્મ મળે છે? સ્ત્રીને શરીરે અલંકારો પહેરાવે છે અને બાળકોને મિષ્ટાન્ન ખવડાવે છે એ પણ બધાં ધર્મનાંજ કામ કેમ?"

સત્યવતીઃ "એની સાથે વ્રતની તુલના થઇ શકે નહિ."

કમલિનીઃ "એ બધાંનું રહસ્ય જે છે તેજ રહસ્વ વ્રતનું પણ છે."

સત્યવતીઃ "કેમ?"

કમલિનીઃ "વારૂ, ત્હને પૂછું છું કે, તું એ વ્રત કરશે તેથી ત્હને શો લાભ થશે? શાસ્ત્રમાં શું છે તે તું જાણે છે?"

સત્યવતીઃ "હા, જાણું છું."

કમલિનીઃ "કહે જોઉં."

સત્યવતીઃ "મ્હેં વ્રતની કથાઓ વાંચી છે. તેમાં વાંચ્યું છે કેઃ "જે કન્યા આષાઢ શુક્લપક્ષની તેરસને દિવસે ગોરોનું વ્રત કરશે તેને સારો પતિ મળે અને સૌભાગ્યની, વંશની અને સંપત્તિની વૃદ્ધિ થાય."*

---

*ગોરોને "જયા પાર્વતી" વ્રત કહે છે. એને માટે ભવિષ્યોત્તર પુરાણના, વ્રત પ્રકરણમાં લખ્યું છે કેઃ-

पार्वतिः—"जया मम व्रतं नाम त्रैलोक्ये पावनं परं ।
जया पार्वति व्रतं नाम आषाढे चारु लोचने ॥
स्वादाहिनेन धान्येन त्याज्यं लवण मुत्तमम ।
द्रढव्रतं च कर्त्तव्यं भोक्तव्यं दिन पंचकं ॥
एवं याकरुते नारी न च भर्त्रा वियुज्यते ।
कुलत्रयं समुद्धृत्यनीयते शिवमंदिरं ॥"

પુષ્પ ઉપર પ્રસરતી શરદ્ ચાંદની જેમ વાયુની લહરોમાં હિંચકા ખાઇ નાચી ઉઠે છે તેજ પ્રમાણે કમલિનીના હોઠ ઉપરનું હાસ્ય હિંચકા ખાવા લાગ્યું. તે અટ્ટહાસ્યે હો, હો, કરી મ્હોટેથી હસી ઉઠી. આ હસવું સહજે થોભે તેમ નહોતું. થોડી વારે હસવાનો વેગ થોભતાં પેટ દબાવી બોલવા લાગીઃ "મુઇ તું! ત્હારે તો સાત જન્મ સુધી છોકરાં બચ્ચાંને જન્મ આપ્યાં કરવાની ઇચ્છા છે કેમ? વાહ! વાહ! એથી શું ત્હને ઘણું સુખ પ્રાપ્ત થાય એમ છે કે?"

સત્યવતીઃ "સુખ કેમ નહિ? મનુષ્ય છીએ. પરણીશું. પુત્રો થશે. પુત્રીઓ થશે. તેમનાં લગ્ન કરીશું. તેમને લઇને ગૃહસ્થાશ્રમનાં અનેક સુખ ભોગવીશું. તેમ ના હોય તો પછી સુખ શું?"

કમલિનીઃ "અને તેઓ એક પછી એક મરી જશે ત્યારે?"

સત્યવતીઃ "ના મરે તેને માટે તો એવાં એવાં અનેક વ્રત કરવાં. વ્રતનાં ફળ શું વ્યર્થ જાય છે કે?

કમલિનીઃ "વ્યર્થ ના જાય અને કદાચ બાળકો નાયે મરે, પરંતુ તેમાંનું કોઇ મૂર્ખ થાય, કોઇને રોગ થાય અને કોઇ જુદ્દો—ચોર થાય! એટલું બધું ના થાય તો પણ કોઇ દ્રવ્ય ઉપાર્જન કરવા માટે વિદેશ જાય, કોઇ માતા પિતાનું કહ્યું ના માને, કોઇ માતા પિતા ઉપર ઓછી ભક્તિ રાખે, કોઇ પત્નિ પરણ્યા પછી તરતજ જુદો નિકળે અને માતાપિતા સાથે ઝઘડો બાંધે, કોઇ પુત્રવધૂ સાસુ સાથે રોજ લઢે વઢે! દેશમાં કોલેરા, પ્લેગ, ઝેરી તાવ જેવા રોગો ઉત્પન્ન થતાં પતિ અને બાળકો માટે ચિન્તા કરતાં શરીર સુકાઇ જાય! બ્હેન! એ બધાંની પ્રાપ્તિમાં શું સુખ છે? એ બધાંના ત્યાગમાંજ ખરૂં સુખ છે."

સત્યવતીઃ "ત્યારે તો ત્હારા અભિપ્રાય પ્રમાણે માત્ર આકાશના સ્હામું જોઇ જોઇનેજ જીંદગી વિતાડવી એજ ખરો ધર્મ કેમ?"

કમલિનીઃ "માત્ર એમ કરવું એજ ધર્મ નથી."

સત્યવતીઃ "ત્યારે?"

કમલિનીઃ "આપણે રમણીઓ છીએ. આપણે વિશ્વજનની, જગદંબા,

જગધાત્રી, મહા શક્તિનો એક અંશ છીએ. આપણે જગતની માતા સ્વરૂપ છીએ. સમસ્ત જગત આપણાં સન્તાનોથી ભરેલું છે. એ સંતાનોનું પાલન કરવું એજ આપણો ખરો ધર્મ છે."

સત્યવતીને આ સમયે હસવું આવ્યું. તેનું હાસ્ય મધુર—સ્નિગ્ધ હોવા છતાં તેના નેત્રમાંથી કટાક્ષ થતું હતું. સત્યવતીએ હાસ્યમાંજ તેની મશ્કરી કરી. તેણે કહ્યું: "ત્હારી પેઠે અન્ય સ્ત્રીઓનો તો કંઇએ વિશ્વપ્રેમ નથી. આપણે ક્ષુદ્ર મનુષ્ય, હૃદય ક્ષુદ્ર, આશા ક્ષુદ્ર, કાર્ય ક્ષુદ્ર, આપણે તો વ્રતજ કરવાં જોઇએ. ત્હારા જેવા મ્હોટા મ્હોટા વિચાર કરીને બેસી રહેવું તેના કરતાં થોડું ઘણું કંઇ પણ ધર્મ કાર્ય કરવું અને સંસારમાં નીતિ, ધર્મ પ્રમાણે વર્તવું એજ હું તો ખરો ધર્મ માનું છું. સ્ત્રીઓ શાસ્ત્રના નિયમ પાળે, પતિવ્રત ધર્મ પ્રમાણે વર્તે, પોતાનું અને પોતાના કુટુંબનું રક્ષણ કરે અને સન્તતિને પણ તેવીજ વિદ્વાન, બુદ્ધિમાન અને ધર્મવાળી બનાવે અને પ્રાણી માત્ર ઉપર દયા ભાવ રાખે તો બસ, પછી આપણે બીજું શું જોઇએ ? વિશ્વપ્રેમ, વિશ્વપ્રેમ કહીને કશું ના કરવું તેના કરતાં થોડું ઘણું જે થાય તેમાંજ જીંદગીનું સાર્થક ! વિશ્વપ્રેમ માટે તો રાજાની રાણીઓ લાયક છે. તેમની પાસે પૈસા ટકા, માણસો, સત્તા, એ બધું હોવાથી તેઓ જોઇએ તેવું કામ કરી શકે. આપણે ક્ષુદ્ર શું કરી શકીએ ?"

એ સાંભળી કમલિનીનું મુખ ગંભીર થયું. આ સમયે તેના મનમાં અનેક વિચારો ઘોળાયા કરતા હતા અને સત્યવતીને ઘણાએ ઉત્તર આપવાની મરજી થઇ હતી પરંતુ વાદવિવાદ કરતાં વખતે પરસ્પર ક્લેશ ઉત્પન્ન થાય એ વિચારથી તેણે મૃદુ સ્વરે કહ્યું: "બ્હેન ! જેવો ત્હારો અભિપ્રાય. મનુષ્ય પોતાની શક્તિ પ્રમાણે વર્તવાને શક્તિવાન છે. ગમે તેમ પણ જગતમાં સારૂં કામ કરવું. હું તો એવુંજ માનું છું કે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરી અનેક પ્રકારની લાલસાઓને વશ થઇ અનેક પ્રકારનાં સારાં નરસાં કર્મો કરવાં અને એ કર્મના બંધનમાં પડી સુખદુઃખ ભોગવવાં તેના કરતાં વધારે સારૂં તો એજ છે કે વિશ્વનાં પ્રત્યેક માનવીઓનું ભલું કરવામાં જીવન વ્યતીત કરવું. **પ્રાપ્તિના** કરતાં **ત્યાગ**માંજ મ્હને તો અખંડ સુખ

જણાય છે. વારંવાર પરણવું અને વારંવાર રંડાવું કિંવા બાળબચ્ચાંની ખટપટમાં પડવું એના કરતાં વિશ્વરૂપ વિરાટ ભગવાનની સેવા કરવી એજ પરમ સુખ. એજ પરમ આનંદ. એથીજ શાંતિ. એથીજ મોક્ષ.

વિશ્વ વિરાટ્ વિભુની દેખું મૂરતિ,
સેવા કરવી એહ અમારો ધર્મ જો;
થઇ માતા સુખ શાંતિ દેવી સર્વને,
અમ પતિએ પ્રેર્યું છે એકજ કર્મ જો. વિરાટ્.
અણુ અણુમાં વ્યાપ્યો છે સંસારમાં,
એ વિણ હાલુ છે નહિ એકે ઠામ જો;
તો શા માટે સેવા કરવી એકની,
જનનિ રૂપે સેવું (સર્વે) આત્મા રામ જો. વિરાટ્.

દ્વિતીય પરિચ્છેદ.

નારી ધર્મ.

વાદવિવાદ બંધ કરી બન્ને બ્હેનો, એક બીજાનો હાથ પકડી, જાણે મંદવાયુ વડે, આષાઢની જળ ભરેલી વાદળીઓ ચાલતી હોય તેમ સાથે સાથે પિતા પાસે દિવાનખાનામાં ગઇ. જ્ઞાનાનંદ શર્મા હજુ પણ પહેલાંની પેઠે તેજ સ્થાને, તેજ વિચારમાં, આકાશ તરફ જોતા બેઠા હતા. તેમની દ્રષ્ટિ ઉદાસ–કરૂણ. બન્ને હોઠ મૃદુ મૃદુ કમ્પતા હતા. કપાળ, ગાલ, નાકનો અગ્ર ભાગ, અને સર્વ મુખ ઉપર કોઇ એક અપૂર્વ વિચારની લહર–લીલા ક્રીડા કરતી જણાતી હતી, છતાં શરીર સ્થિર-જ હતું. સમુદ્રમાં જ્યારે તરંગો ઉઠે છે ત્યારે છેક તળીયેથીજ ઉત્પન્ન થાય છે.

પિતાની પવિત્ર ગંભીર મૂર્તિ જોઇને એમાંથી કોઇ તેમને બોલાવવાનું સાહસ કરી શક્યું નહિ. કમલિની પલાંઠી વાળી બેઠી. ઉઘાડી બારીમાંથી આકાશ તરફ એકી ટસે જોવા લાગી. દૃષ્ટિની ધારાવડે સ્વર્ગ મર્ત્ય એકા-

કાર થઇ રહ્યું છે. તડકા વગરની પૃથ્વી ગંભીર થઇ બેઠી છે. કમલિનીનાં ચળકતાં નેત્રોમાંથી નિકળતી અશ્રુધારા ગુલાબના પુષ્પ જેવા બે ગાલ ઉપર થઇને બન્ને ઉન્નત સ્તન ઉપર પડવા લાગી. સ્તનના ઉપલા ભાગને પલાળતો અશ્રુ પ્રવાહ ચોળીમાંજ સમાઇ જતો. કમલિનીના નેત્રમાંથી કોણ જાણે શાથી ખરખર આંસુ સરી પડે છે! તે નહિ કળાવાથી સત્યવતી આશ્ચર્ય પામતી તેના સ્હામુજ જોયા કરતી હતી. સન્ધ્યા સમયે વહેતા મૃદુ પવનથી હાલતાં ડોલતાં–કમ્પતાં પુષ્પોની પેઠે ત્હેના કોમળ પ્રાણ થર-થર કમ્પતા હતા.

આ પ્રમાણે થોડો સમય વીતી ગયો. કેટલો સમય વ્યતીત થયો તે બેઠેલાંમાંથી કોઈ જાણી શક્યું નહિ. કોઇને ત્હેનો અનુભવ થયો નહિ. જેમ પ્રાણપ્રિયનો સમાગમ થતાં તે સમય ગમે તેટલો દીર્ઘ હોવા છતાં કળી શકાતું નથી, તેનો અનુભવ થતો નથી, તેમ તે સર્વની પાસે થઇને, લાંબો સમય ચાલ્યો ગયો.–વહી ગયો.

કેટલાક સમય પછી જ્ઞાનાનંદે દ્રષ્ટિ ફેરવી, એટલે બે કન્યાઓને ત્યાં બેઠેલી દીઠી. તેમની એકાગ્રદ્રષ્ટિ જોઈ તેના હૃદયમાં આનંદ ઉભરાઇ આવ્યો. તેમણે ગદ્દગદ કણ્ઠે કહ્યું: “ બ્હેનો, તમે ક્યારનાં આવ્યાં છો ? ”

કમલિની ઉતાવળે ઉઠી ઉભી થઇ, ઉતાવળે મ્હો ફેરવી નેત્ર અને ગાલ ઉપરથી આંસુ લુંછી નાંખી બોલી: “ થોડીક વાર થઇ પિતાજી. સતી પણ મ્હારી સાથેજ આવી છે. ”

જ્ઞાનાનંદ: “ કેમ બ્હેન, શું કામ છે ? ”

કમલિની: “ એને ગોરો કરવી છે તેથીજ આપને પૂછવા આવી છે.”

સ્નેહ ભરેલે નયને સત્યવતીના કમળ સમાન સુંદર–કોમળ મુખ સ્હામું જોઇ જ્ઞાનાનંદે પૂછ્યું: “ ગોરો કરવી છે બ્હેન ? ”

કંઇ આનંદ, કંઇક ઉત્સાહ અને કંઇક આશ્ચર્ય સહિત સત્યવતીએ કહ્યું: “ પરમ દિવસથી કરવી જોઇએ.”

ઉદાસ પરંતુ મૃદુ હાસ્ય કરતાં જ્ઞાનાનંદે કહ્યું: “ હા, ગોરો કરજે. ક્યારથી ગોરો વાવવાની ? ”

હજુ પણ સત્યવતીના હાથમાં પંચાંગ હતું. તેણે ઉતાવળે પાનાં ઉથલાવી, એક પાનું ઉઘાડી પંચાંગ પિતાના મુખ સ્હામું ધરી કહ્યું: "જુવોની, પરમ દહાડે."

જ્ઞાનાનંદ: "બહુ સારૂં, પરમ દહાડેથી વ્રત કરજો."

સત્યવતી: "પાંચ ધાન્ય તથા માતાના પૂજન માટે કેટલોક સર-સામાન જોઇશે, ફરાળ જોઇશે."

જ્ઞાનાનંદ: "કઈ કઇ વસ્તુઓ જોઇયે તેની એક કાગળપર નોંધ કર. તે બધું મંગાવી આપીશ."

સત્યવતી: "શુકલજીને બોલાવવા મોકલ્યું છે."

કમલિની અત્યાર સુધી છાની માની ઉભી રહી પિતા અને બ્હેન વચ્ચે થતી વાતચિત સાંભળતી હતી. તે બન્નેની વાતચિત પૂરી થયેલી જાણી કહ્યું: "ગોરોનું વ્રત કરવાની આજ્ઞા આપી?"

જ્ઞાનાનંદે મૃદુ હાસ્ય કરતાં કહ્યું: "તમે અહિં બેસો. કહું તે સાંભળો."

પ્રાતઃકાળમાં ખિલેલાં બે કમળની પેઠે બન્ને બ્હેનો જોડે જોડે બેઠી. જ્ઞાનાનંદ પણ તેમની સ્હામે બેઠા અને કહ્યું: "તમને બન્નેને યોગ્ય વિદ્યા-દાન આપ્યું છે. પ્રકૃતિ દેવીના મહાગ્રન્થનું અધ્યયન કરાવવા માટે કેટલાંક યોગ્ય સ્થળોએ સાથે લઇ જઇ તમને સર્વ બતાવ્યું છે. તો પછી હવે તમારા જ્ઞાનને યોગ્ય લાગે તેવાં કાર્ય કરવામાં શા માટે તમને અટકાવું અથવા આજ્ઞા કરૂં?"

કમલિની: "અમે ક્ષુદ્ર, અમારી બુદ્ધિ ક્ષુદ્ર, અમારૂં જ્ઞાન તો તેથી પણ ક્ષુદ્ર. આપના પવિત્ર ચરણ પાસે હજુ પણ અનેક જ્ઞાન મેળવ-વાનું બાકી છે."

જ્ઞાનાનંદ: "સત્યવતી વ્રત કરશે એ સબંધી કમળા, ત્હારો શો અભિપ્રાય છે?"

કમલિની: "મ્હેં તો ત્હેને ના જ કહી છે."

જ્ઞાનાનંદ: "કેમ?"

કમલિની: "પિતાજી અપરાધ ક્ષમા કરજો. હું તો એમજ સમજું

છું કેઃ સર્વ વ્રત તીવ્ર કામના–વાસનાથી ભરેલાં છે. પ્રત્યેક વ્રત કર્યા પછી તેનું ફળ જોઇશું તો સૌભાગ્ય, સારો પતિ, સારી સંતતિ, પુષ્કળ પૈસા, ઘરબાર, ગાડીઘોડા વગેરે પ્રાપ્ત થાય છે. પરંતુ એ બધું માયાના બંધનમાં બાંધનાર છે. એ બધા નાગપાશ છે. એ બધું સુખ જણાય છે ખરૂં પરંતુ ઇશ્વરના ભજનમાંથી વિમુક્ત કરનાર છે, અને વિષયરૂપી વિષમાં રગદોળનાર છે. એવી વસ્તુઓની પ્રાપ્તિથી અંતે દુઃખજ પ્રાપ્ત થાય છે. સંસારનાં ગ્રહસ્થાશ્રમી મનુષ્યો પ્રત્યે નજર કરતાં જણાશે કે કોઇને કાંઇ ને કોઇને કાંઇ દુઃખ તો ખરૂંજ, મનુષ્ય જેનો પરિત્યાગ કરવા માટે ચિત્તવૃત્તિનો નિરોધ કરે છે, સંયમ અને ધ્યાન–ધારણા પરાયણ થાય છે, અને પર્વત ગુફાઓમાં, ભીષણ જંગલોમાં, નદીની રેતીમાં, હજારો વર્ષ તપશ્ચર્યામાં વ્યતીત કરીને, કામના–વાસનાઓનો ત્યાગ કરીને, શરીરનો ત્યાગ કરે છે. ત્યારે વ્રત કરનાર મનુષ્યો તેજ કામના–વાસના–તાણી લાવીને જીવાત્માને ગળે બાંધી આપે છે! જીવાત્માને અનેક પ્રકારનાં બંધનમાં બાંધી દે છે!"

જ્ઞાનાનંદઃ "ત્યારે વ્રત નહિ કરવાથી તે કામના વાસના શું દૂર થાય છે કે? મનુષ્ય, કામના–વાસનાનો તો દાસ છે. મ્હોડેથી કહો કે ના કહો, જ્ઞાન વડે થાઓ કિંવા અજ્ઞાન વડે થાઓ. પણ કામના વાસના વડેજ જગતનો સર્વ કાર્યભાર ચાલે છે."

કમલિનીઃ "વ્રતોથી તેમાં વૃદ્ધિ થાય છે."

જ્ઞાનાનંદઃ "ના બ્હેન. તેમ નથી. તું ધારે છે એટલું બધું બ્હીવાનું નથી. બહાર દ્રષ્ટિ કર. વર્ષાદની ધારાથી સ્વર્ગ મર્ત્ય એકાકાર થઇ રહ્યું છે. એ જળનું કેન્દ્ર ક્યાં છે? એ જળની ગતિનું લક્ષ્ય ક્યાં છે? કોણ સમજી શકે એમ છે? એક બિન્દુ જળ દીઠું છે. એક ઘડો જળ દીઠું છે. સરોવર ભરેલું જળ દીઠું છે. નદી ભરેલું જળ દીઠું છે. સાગર ભરેલું જળ દીઠું છે. પરંતુ આકાશમાંથી પડતી આ વર્ષાદની ધારા પેઠે જળ અને સ્થળને, અગ્નિ અને વાયુને, આકાશ સાથે સર્વત્ર એકાકાર કરે એવું અપાર–અદ્દભૂત આશ્ચર્યકારક જળ કદી પણ દીઠું છે? જોયું તો હશે ઘણાએ દિવસ પણ ધ્યાનપૂર્વક જોયું નહિ હોય. આજે ઉંડો વિચાર કરીને જો. વૃષ્ટિની ઝીણી

બિંદુ ધારાએ સ્વર્ગ મર્ત્ય એકાકાર કરી દીધું છે. તેજ પ્રમાણે આ અનન્ત વિશ્વના અનન્ત આત્માઓ—સર્વે—એક પરમાત્મામાંથી ઉત્પન્ન થઇ, સ્વર્ગ મર્ત્યમાં એકાકાર થઇ રહ્યા છે. કોઇએ બિન્દુ વડે તૃપ્તિ મેળવી છે, કોઇ એક ઘડા જળથી પિપાસા નિવારણ કરે છે. કોઇ સાગરમાં ઉતરી શીતળ થાય છે. કોઇ કોઇ માત્ર સ્વર્ગ અને મર્ત્યને એકાકાર કરતા જળધારાઓ જોઇનેજ પરમપવિત્ર થાય છે. તેજ પ્રમાણે સંસારમાં કોઇ કામના—વાસના લઇ આત્મતૃપ્તિ કરે છે. કોઇ સ્વામી, સન્તાન, સાસુ, સસરા વગેરેની સેવા કરીનેજ સુખી થાય છે. કોઇ પ્રેમના પ્રબળ પ્રવાહમાં જગત્ ડુબાવી દઇ, જગત્‌ની સેવા કરીને કૃતાર્થ થાય છે. જેનો જેવો અધિકાર હોય છે અર્થાત્ જેવી જેની ઇચ્છા, જેવું જેનું જ્ઞાન, જેવી જેની વિદ્યા હોય છે તે પ્રમાણે તેવાંજ કર્મો તે પસંદ કરી લે છે.”

કમલિનીઃ “મ્હારા અભિપ્રાય પ્રમાણે તો તૃપ્ત થતી ક્ષુદ્ર આશા કરતાં અતૃપ્ત બૃહત્ આશા કરવી એજ સારૂં.”

જ્ઞાનાનંદઃ “સાંભળ. વ્રત પાલન કરવાથી એવું જ્ઞાન થાય છે કે “નહિ માગવાથી કશું મળતું નથી. નહિ આપવાથી પાછું મળતું નથી.” વ્રતમાં એક વખત આપવું અને પ્રાર્થનામાં બીજી વખત માગી લેવું. વ્રતમાં એવુંજ દાન, વ્રતમાં એવીજ પ્રાર્થના અને વ્રતમાં તેવીજ સેવા રહેલી છે.”

કમલિનીઃ “પિતાજી! મ્હેં ઘણી સ્ત્રીઓને વ્રત કરતાં જોઇ છે. ઘણે સ્થળે અપાત્રને દાન થાય છે. જેને ક્ષુધા નથી તેને માન આપીને ભોજન જમાડવામાં આવે છે, અને જે બિચારાં ભૂખે મરી જાય છે, જેઓ મુઠ્ઠી અન્ન માટે—કટકા રોટલા માટે—ટવળે છે તેને ઓટલા આગળ આવવા દેતા નથી! જેને તૃષા નથી, જેને ઘેર જળની ખોટ નથી, તેને ઘેર જળના ઘડા ભરીને મોકલવામાં આવે છે અને જે બિચારાં એક ખોબા જળ માટે કલ્પાંત કરતાં માર્ગમાં તરફડતાં હોય છે તેના સ્હામુ પણ કોઇ જોતું નથી. ભૂખ્યાં તરસ્યાંને શોધી કહાડી તેમને અન્ન જળ આપવું એ શું સ્ત્રી ધર્મ નથી? એ શું વ્રત નથી? જે ગોર દેવતાને ઘેર સોનાંરૂપાં સડી જતાં હોય તેને પૈસાનાં દાન અપાયાંજ જાય! જે ગોરને વસ્ત્રની ખોટ નથી તેને

પોટલે પોટલાં વસ્ત્રો અપાયાંજ જાય ! જે મંદિરોમાં અનાજમાં જીવડા પડે ત્યાં રોજ રોજ ભાવિક ભક્તો તરફથી અન્નના કોથળે કોથળા ઠલવાય ! અને જે ગરિબની ઝુંપડીમાં ચાર–છ પ્રાણીઓ ખાનાર હોવા છતાં અને મહેનત મજુરી કરવા છતાં તેમને અર્ધો ઉપવાસ કરવો પડતો હોય તેને પાશેર અન્ન આપતાં મરવા પડે એવા ગૃહસ્થાશ્રમી જનોને શું કહેવું ? શું તેમનો ધર્મ નથી કે જેને જરૂર છે તેનેજ દાન કરવું ? શું એવું વ્રત તેમણે ના લેવું જોઇએ કે પોતાના ગામ કે શહેરનાં ક્ષુધાતુર–તૃષાતુર જનોને શોધી શોધીને અન્નજળ આપવું ? મ્હેં ઘણાએ એવા શીવમાર્ગી, વિષ્ણુમાર્ગી, શાક્તમાર્ગી, જૈન ધર્મી વગેરે સમ્પ્રદાયના સ્ત્રી પુરૂષોને જોયાં છે કે જેઓ પોતપોતાના મંદિરો શોધી શોધીને અન્ન, ધન અને વસ્ત્ર મોકલી આપે છે પણ તેમનીજ પાસે જો માર્ગમાં ઉભેલું કંગાલ મનુષ્ય મુઠ્ઠી અન્ન માગે તો તરતજ તેને અનેક તિરસ્કાર વચનો કહેશે, ગાળો દેશે, અને વખતે લાત, મુક્કી, તમાચા પણ મારશે ! કહો, હવે આ તે તેમનાં કેવાં વ્રત ? કેવાં દાન ? ભરતાંમાં ભર્યાંજ કરવું અને ભૂખે મરતાંને આપવુંજ નહિ એ વ્રત અને એ દાનને નવ ગજના નમસ્કાર !”

જ્ઞાનાનંદઃ “બ્હેન, તું કહે છે તે સત્ય છે. તેથીજ વ્રત કરીને પાત્રે દાન આપતાં અને વ્રતનું રહસ્ય સમજી તે પ્રમાણે વર્તતાં શીખવું જોઇએ.”

કમલિનીઃ “મ્હેં જે સ્ત્રીઓને જુદાં જુદાં વ્રત કરતાં જોઈ છે, તેઓમાં પરસ્પર ચડસાચડસી વધારે જોવામાં આવી છે. ગોરોમાં એકના કરતાં બીજી કન્યાએ વસ્ત્રાલંકાર વધારે ધારણ કરેલા જોવામાં આવ્યા છે. એકે પોતાની કન્યાને અંબર પહેરાવ્યું છે, બીજીએ ગળામાં સોનાની કંઠીઓ પહેરાવી છે, ત્રીજીએ પોતાની કન્યાને નવી ફેશનનાં કિમતિ પોલકાં પહેરાવ્યાં છે. કોઈ પોતાની કન્યાને દક્ષિણી ફેશિનથી લુગડાં પહેરાવે છે. એક સ્ત્રી બીજી સ્ત્રી પ્રત્યે પોતાની સરસાઈની વાતો કરી ગરીબ સ્ત્રીઓની મશ્કરી કરે છે ! કોઇ કોઇના વસ્ત્રઅલંકારોની વાતો કરી પોતાનાં કિમતિ વસ્ત્ર-અલંકારો માટે અભિમાન કરે છે. જે કન્યાઓ ગોરોના વ્રતનું રહસ્ય સમજતી નથી, ઉપવાસ, પૂજનનું ફળ સમજતી નથી, દેવ, દેવીની ઉપાસના

કરવાનું કારણ સમજતી નથી તેવી બાળકીઓને ગોરોનું વ્રત કરાવે છે! તેમાં કેટલીક કન્યાઓ તો તેવાં વ્રતનો અધવચ ભંગ કરે છે! ભાગ્યેજ કોઇ માતા–પિતા પોતાની કન્યાને ગોરોના વ્રતની કથા સંભળાવતાં હશે અને તે પ્રમાણે તેને વર્તાવતાં હશે! એ વ્રત કરનાર કેટલીએ કન્યા માતા-પિતાદિની આજ્ઞા માનતી નહિ હોય, ક્રોધ કલેશ કરતી હશે, કોઇ વ્રતધારી કન્યા મુખમાંથી નઠારી ગાળો પણ બોલતી હશે! આ બધું તેમનાં માતા પિતાની અજ્ઞાનતા અને બેદરકારીનું પરિણામ હું તો માનું છું. વ્રત કરાવ્યા પછી પોતાની કન્યાઓ પાછળ કેટલી બધી સાવચેતી રાખવી જોઇએ અને તેનું મન, વાણી ને કર્મ પવિત્ર થાય એવાજ ઉપાયો લેવા જોઇએ. ખરૂં જોતાં શુકલો, ગોરદેવતાઓ, પુરોહિતો, અને આચાર્યોની નિરક્ષરતા, અજ્ઞાનતા, અને લોભનુંજ એ કારણ છે. જો તેઓ કર્મ કરાવવામાં ચોક્કસ નિયમો પ્રમાણે વર્તતા હોય અને પોતાના શિષ્યોને વર્તતાં શીખવતા હોય તો વ્રત કરનાર કન્યાઓ વ્રતનું રહસ્ય સમજે અને તેમનાં મન, વાણી અને કર્મ પવિત્ર થાય, એટલુંજ નહિ પણ તેમની સંસાર યાત્રા આનંદમાં, સુખમાં વ્યતીત થાય. મ્હોટી વયની સ્ત્રીઓ જ્યારે વ્રત કરે છે ત્યારે પણ એક-બીજાની ચડસા ચડસીજ જોવામાં આવે છે. વ્રતના નિયમ પ્રમાણે મન, વાણી, કર્મની પવિત્રતા ક્યાં હોય છે? વ્રત કરીને કાંતો કોઈ પતિ, પુત્ર, કે પાડોસી સાથે લડતી ઝગડતી હોય કે પછી પતિની આજ્ઞાનું ઉલંઘન કરતી હોય છે! તારાલક્ષ્મીએ દશ બ્રાહ્મણને નોતરાં દીધાં છે તો હું શા માટે પંદર બ્રાહ્મણને ના જમાડું? પછી ભલેને પતિ બિચારો આડ રૂપિયા મહિને કમાતો હોય! સુમતિએ પાંચ જોડ લુગડાં પહેરાવ્યાં તો હું શા માટે દશ જોડ લુગડાં ના પહેરાવું? પછી ભલેને પતિ દેવામાં ડૂબી ગયો હોય! સુશીલા શીરા પુરીનું જમણ કરશે તો હું શા માટે જલેબી દુધપાકનું જમણ ના કરૂં? પછી ભલેને ઘરમાં રોજ શેર અનાજ લાવીને ગૃહસ્થાશ્રમ ચાલતો હોય! તેની દરકાર સ્ત્રીને થોડીજ હોય છે. તે તો માત્ર પોતાનો નંબર પહેલો ગણાવાનોજ યત્ન કરશે! એવાં વ્રત અને એવી મ્હોટાઇ કરવામાં આજની હિંદુ સ્ત્રીઓએ પતિના પૈસા ટકાનું સત્યાનાશ વાળ્યું છે! મ્હોટાઇ

બતાવવામાં ઘણી સ્ત્રીઓએ પતિને ભિખારી બનાવી દીધા છે! ઘણા દેવામાં દટાઇ ગયા છે! ઘણા પતિઓ બિચારા પત્નિની એવી અનીતિ ભરેલી વર્તણુકથી જીવન પર્યંત પશ્ચાતાપ કરતા જણાય છે! હવે પછીના જન્મમાં રાજાની રાણી જેટલું સુખ, સમ્પત્તિ અને અનેક સન્તાન સંતતિ મેળવવાની ઇચ્છાથી દેવાં કરી કરીને પણ બ્રાહ્મણોને અન્ન, ધન અને વસ્ત્રનાં દાન આપ્યાં છે! બીજા જન્મમાં અતિ સુખ મેળવવા માટે આ જન્મમાં ગરિબ પતિ ઉપર આટલો બધો જુલમ શામાટે કરવો જોઇએ? પિતાજી! મ્હને આપ કદાચ ગાંડી કહેશો તેની ચિંતા નથી. પરંતુ હું તો એવું સમજુ છું કે મનુષ્યે પોતાની શક્તિ પ્રમાણે દાન ધર્મ કરવું જોઇએ. કોઇની દેખાદેખી કરીને ગરિબ પતિને દેવાના દુઃખમાં નાંખવો કિંવા ઘરમાં જે કંઇ થોડું ઘણું દ્રવ્ય હોય તે ખરચી નાંખવું એને હું કેવળ મૂર્ખતાજ ગણું છું. પરમેશ્વરને પ્રસન્ન કરવા માટે ખરૂં જોતાં એવી રીતે પૈસા ખરચવાની જરૂર હોય તે કરતાં બે હાથ અને ત્રીજું માથું જોડી, પવિત્ર હૃદયે તેની પ્રાર્થના કરવાથી અને તેનાં ઉત્પન્ન કરેલાં સન્તાન—પ્રાણીમાત્ર—ની સેવા કરવાથીજ પ્રભુ પ્રસન્ન થાય છે એમ હું માનું છું. નારી એ જગતની માતા છે. એક જગત્ જનની, જગદમ્બા, મહાશક્તિ, મહાદેવીમાંથી જગતની ઉત્પત્તિ થઇ, તેથી જગતનાં પ્રાણી માત્ર નારીનાં સન્તાન છે, અને નારી એ પ્રાણીમાત્રની માતા છે. પ્રાણી માત્રની સર્વ પ્રકારની વેદના નિવારણ કરવામાં, હૃદયપૂર્વક યત્ન કરવો એજ એક માત્ર નારીધર્મ છે. મન, વાણી અને કર્મમાં પવિત્રતા આવે એવો યત્ન કરવો એજ નારી ધર્મ છે. વ્રત—નિયમ પુરૂષોને માટે છે. તેઓ એક પછી એક જન્મ ધારણ કરે અને ક્રમે ઉન્નતિ મેળવે, વાઘ પછી રિંછનો જન્મ લે અને રિંછ પછી સિંહનો જન્મ મેળવે. તે જાણી અમારે કામ શું? અમે જગન્માતાની જાતિ છીએ, માતાનું કાર્ય કરીશું. જગતના જીવાત્માઓ એ અમારાં સન્તાન છે. એ સન્તાનોને ક્ષુધા લાગતાં અમે રસોઇ બનાવી તેમને જમાડીશું. તેમને નિદ્રા આવતાં શય્યા પાથરી તેમને સુવાડીશું અને તેમને ઓસિકે બેસી પવન ઢોળીશું. વ્યાધિ થશે તો તેમને ઔષધ ખવડાવીશું અને આખી રાત ઉજાગરા કરી

તેમની સેવા કરીશું. તેમને વિપદ્ પડતાં અમારા હૃદય સાથે વળગાડી તેમને સુખ મળે તે દિશામાં લઇ જઇશું. તેમને અનીતિ—અધર્મને માર્ગે ચ્હડતાં દેખી, નેત્ર રાતાં કરી, તેમના પૂર્વજોનું સ્મરણ કરાવીશું અને નીતિ-ધર્મને માર્ગે ચ્હડાવવાનો યત્ન કરીશું."

બોલતાં બોલતાં કમલિનીના શરીરમાં જુસ્સો ચ્હડી આવ્યો. નેત્રો રાતાં થઇ ગયાં. મુખ ઉપર તેજ ચળકી ઉઠ્યું. સત્યવતીએ તેને બરડે ધીમી થાપટ મારી કહ્યું: "હવે બસ કર. જાણ્યો એતો ત્હારો વિશ્વપ્રેમ. જાણી રહ્કને વિશ્વજનની. જગત્નાં સન્તાનનો પિતા ત્હારો શો સગો થાય? ખરેખર, ડાગળી ચસ્કી ગઇ જણાય છે."

જ્ઞાનાનંદ શર્મ્માનાં બન્ને નેત્ર, પ્રેમાશ્રુથી છલાછલ ભરાઇ ગયાં. તે કંઇક બોલવા જતા હતા પરંતુ તેમનાથી બોલાયું નહિ. બહારથી જોરમાં બારણાં ખખડાવી કોઈ મોટી બુમો પાડવા લાગ્યું: "ઘરમાં કોણ છે? બારણાં ઉઘાડો. પલળી મુવો."

જ્ઞાનાનંદ: "શુકલજી મહારાજ બોલે છે કે?"

સત્યવતી: "હા."

કમલિનીએ ઉતાવળે નીચે ઉતરી બારણાં ઉઘાડયાં.

તૃતીય પરિચ્છેદ.

કર્મફળ.

આકાશમાંથી હજુ જળધારા પડતી હતી, પણ તેની ગતિ પ્રથમના કરતાં કંઇક મંદ હતી. સૂર્યનારાયણ મેઘરાજાથી બ્હી જઇને વાદળામાંથી બહાર ડોકીયું કરવાની હિમ્મત કરતા નહોતા. નિર્ભય વાયુ દેવતા દક્ષિણથી ઉત્તર અને પૂર્વથી પશ્ચિમ સૂં સૂં કરતા વિચરતા હતા. તેમને કોઇનો ભય નહોતો. તેમની પ્રચંડ ગતિ જાણનાર મેઘરાજાએ તેમની વિહાર—વૃત્તિ જાણી ધીમે

ધીમે પાછાં પગલાં ભરવા માંડયાં હતાં. ઝીણી જળધારાઓને લીધે બિચારાં પક્ષીઓ હજુ પણ વૃક્ષની ઘટાઓમાંથી બહાર નિકળી શક્યાં નહોતાં. રાજ-માર્ગ ઉપર અગત્યના કામવાળા મનુષ્યોજ ફરતા જણાતા હતા. ઘણા દુકાન-વાળાઓએ તો ક્યારનાંએ પાટીઆં બંધ કર્યાં હતાં. માત્ર પાન સોપારી, મમરા સેવ, અને ગાંધીની દુકાનવાળાઓએ મીણ કપડના વાછંટીયા ટંગાવી આપ લે કરવાનું શરૂ રાખ્યું હતું. તે વિના ઘર સંસાર ચાલે કેમ?

કેશવરામ શુકલ "હે હરિ! હે હરિ!" કરતા ફાટેલી છત્રી માથે ધરી બારણાં ઠોકતા ઉભા હતા. કમલિનીએ બારણું ઉઘાડયું એટલે તેને જોતાંજ તેમને એક મંદ-મૂર્છા આવી ગઇ; પણ પાછું ભાન ઠેકાણે લાવી, છત્રી બંધ કરી બારણેજ મૂકી ઘરમાં પ્રવેશ કર્યો. તેમના પગ ઉઘાડા, જાંગ સુધી પલળેલા હતા. પહેરેલો જુનો અંગરખો, ધોતીયું, અને માથાની જુની પાઘડીનું ચકરડું પણ થોડું ઘણું પલળ્યું હતું. તેમણે ઘરમાં પ્રવેશ કરતાં કહ્યું: "હરિ! હરિ! શો વરસાદ, શો વરસાદ! પ્રભુ, ત્હારી ઇચ્છા."

કમલિનીએ તેમના પહેરવેશનું અવલોકન કર્યા પછી તેમની ફાટેલી દ્રષ્ટિનું પણ અવલોકન કર્યું હતું. શુકલજીને મંદ મૂર્છા આવી હતી તેનું પણ તેણે અવલોકન કર્યું હતું. યુવતિઓને જોતાંજ વિષયી મનુષ્યોનાં નેત્રો કેવાં વિચિત્રરૂપ ધારણ કરે છે અને તેવા વિષયી પુરૂષો વારંવાર યુવતિઓ તરફ કેવી ખુબીથી આડી નજરે-વગર પ્રયોજને પણ જોયાં કરે છે તે સર્વનો તેને હમણાં અનુભવ થયો. કમલિની આગળ અને શુકલજી પાછળ એમ આગળ ચાલવા માંડયું. શુકલજી વારંવાર પાછું વાળીને કમલિનીના સ્હામું જોતા હતા અને નકામા પ્રશ્નો કર્યા જતા હતા, અને દાદરે ચ્હડતાં સાંકડી જગામાં કમલિનીનો હાથ ઝાલી ઉપર ચ્હડવાનો અને બને તો તેના કોમળ શરીર સાથે પોતાના રામઢોલ જેવા શરીરનો સ્પર્શ કરવાનો યત્ન કરતા હતા, પરંતુ કમલિની! જગદંબાની સાક્ષાત્ મૂર્તિ, તેના શરીરનો સ્પર્શ કરવા પાસે આવે એવું આ જગતમાં કોઇ ન હતું. તેના શરીરની છેક નજીક જતાં શુકલજી પણ સાહસ કરી શક્યા નહિ. થોડી વારમાંજ બન્ને દિવાનખાનામાં આવી પહોચ્યાં. જ્ઞાનાનંદે

અને સત્યવતીએ ઉભાં થઇ "પધારો પધારો" કહી શુકલજીને પ્રણામ કર્યા. ત્યાં તેમને મંદ-મૂર્છા આવવાનું એક બીજું સાધન મળ્યું. બારણામાં પ્રવેશ કરતાં તેમના હૃદયમાં એક વિજળીનો ઝબકારો થયો હતો. દિવાનખાનામાં પેસતાંજ બીજી વિજળી ચમકી! તેમના હૃદયાકાશમાં તે બન્ને વિજળીની મૂર્તિ સ્થિત થઇ ગઈ. બારણામાં કમલિની હતી. દિવાનખાનામાં સત્યવતી. શુકલજી મુખથી "હરિ! હરિ! શો વરસાદ? શર્મ્માજી, બહુ વરસાદ, જુવોની, આ બધું પલળી ગયું." એમ કહી શરીર ઉપરનાં વસ્ત્રો બતાવવા લાગ્યાં. તેમની દ્રષ્ટિ જ્ઞાનાનંદ તરફ થોડી વાર ટકતી પણ ક્ષણે ક્ષણે સત્યવતી અને કમલિની તરફજ જોયા કરતા હતા.

જ્ઞાનાનંદે મૃદુ હાસ્ય કરી કહ્યું: "પલળવું પડ્યું મહારાજ. ક્ષમા કરજો." એટલામાં કમલિનીએ કહ્યું: "શુકલજી મહારાજ, સુકાયલું ધોતિયું લાવી આપું? ટાઢ ચ્હડશે વખતે. પલળવાથી બહુ કષ્ટ થશે મહારાજ."

શુકલજી: "ના, બ્હેન, ના. અમને કષ્ટ કેવું? બે ચાર ઠેકાણે પલળ્યું છે. હમણાં સુકાઇ જશે. ચિન્તા નહિ બ્હેન. હરિ! હરિ!"

સત્યવતીએ પાટલા પર દર્ભનું આસન પાથર્યું. શુકલજી ત્યાંજ બેઠા. જ્ઞાનાનંદ, સત્યવતી અને કમલિની, તેમના સ્હામુ બેઠાં.

શુકલજીનું નામ કેશવરામ. તેમનું વય પિસતાલીસ વર્ષની હતું. શરીર જાડું, પેટની ફાંદ મ્હોટી, રંગ સહજ કાળો. મ્હોડું થોડું લાંબુ. જડબાં આગળ નિકળી આવેલાં. દાંત પણ લાંબા. આંખો જરા મ્હોટી અને પાંપણોની ઉપર ઉપસી આવેલી, દ્રષ્ટિ કાગડાના જેવી તીક્ષ્ણ–ચકોર. યજમાનોને ત્યાં મિષ્ટાન્ન ઉડાવી ઉડાવીને શરીર હૃષ્ટપુષ્ટ બન્યું હતું. શરીરમાં બળ પણ જોઈએ એટલું હતું. હમેશાં તપખીર સુંઘવાની ટેવ હોવાથી નસકોરાં પહોળાં થઇ ગયાં હતાં. માથે લાંબી ચોટલી હતી. હજુ પણ વાળ ધોળા થયા નહોતા, પણ નખોદિયા બરડાએ દગો દીધો હતો–તે જરાક વાંકો વળી ગયો હતો. દાંતે હજુ વિશ્વાસઘાત કર્યો નહોતો. તે તો ઉલટા જન્મ્યા તેના કરતાં તીક્ષ્ણ–વધારે ધારવાળા થયા હતા. કારણ? તે આગળ જણાશે. તેઓથી ઔદિચ્ય કે ભાર્ગવ જ્ઞાતિના હતા તે પણ અમે સ્પષ્ટ

કહીશું નહિ. એવા મહાપુરૂષનો જેને પરિચય થયો હશે તે પોતાની મેળેજ અનુમાન કરી લેશે !

ભરૂચના ઘણાખરા બ્રાહ્મણો શુકલજીના યજમાન હતા. વણિક અને ક્ષત્રિઓમાં કોઇ શુભ ક્રિયાકાણ્ડ થતાં તો તેમાં તેમને નિમંત્રણ થતું. તેઓ મ્હોટી ફુંડ લઇને પાટલા પર બેસતા તે વખતે અવશ્ય પાટલો ન્હાનો પડતો ! ભૃગુપુરની નજીક આસપાસના ગામોમાં પણ તેમના યજમાન હતા. તેમાં ત્રણ માઇલ પર આવેલા ઝાડેશ્વર ગામના કેટલાક બ્રાહ્મણો પણ તેમના યજમાન હતા. તેઓ વેદ ભણ્યા હતા. ક્રિયાકર્મ કરાવવામાં, યજ્ઞઅનુષ્ઠાન કરાવવામાં કુશળ ગણાતા. તેમના કપાળમાં હમેશાં સુખડનું આડું તિલક થતું હતું. તે ઉપરથી સર્વ તેમને શિવમાર્ગી જાણતા. તેઓ “શિવ, શિવ,” કહીને બહારથી શૈવી બતાવવાનો યત્ન કરતા હતા, પણ કેટલાક તેમના દિલોજાન મિત્રો કહેતા કે તેઓશ્રી “વામમાર્ગી” છે. રાતે ગુપ્ત રીતે લાલ પાણી પીએ છે ! બેહોશ થઇને એલફેલ બકે છે; અને કેફની ધુનમાં ઘરમાં આખી રાત ઘોરે છે ! મધરાતે જો કોઇ તેમનું સ્વરૂપ જુવે તો બ્હી મર્યા વગર રહે નહિ ! તેઓ બબ્બાના બ્હારમાં રાતે ગમે તેમ લવતા અને કોઈ કોઈ વખત તો ગાળોનો વરસાદ વરસાવતા ! કોને ? તે તો પ્રભુ જાણે; પણ તેમના પાડોસીઓ કહેતા કે જેનું નામ તેમના સ્મૃતિ પટ ઉપર ચઢી આવતું તેમનાં–સ્ત્રી પુરૂષનાં ખરાં–નામો દઇને તેઓશ્રી ખુબ ગાળો દેતા ! ગાળો દેતી વખતે તેમનાં પાડોસીઓ ઘણાંએ બારણાં બારી બંધ કરી ઘરમાં સંતાઈ બેસતાં કે રખેને કાનના કીડા ખરે એવી બિભત્સ ગાળોના વરસાદનાં એક બે બિન્દુ તેમના કાનમાં પ્રવેશ કરે ! પરંતુ તેમ છતાં પણ કાનને બારીબારણાં નહિ હોવાથી અભાગિણી ગાળો તેમના કાનમાં પ્રવેશ કર્યા વગર રહેતી નહિ ! વૃદ્ધ સ્ત્રીઓ કરતાં જુવાન સ્ત્રી–પાડોસણો–આંખ આડા કાન કરી દેતી અને કેટલીક તો ગોદડામાં મ્હોં ઘાલી જાણે નિદ્ર વશ થઈ હોય એમ પણ દેખાવ કરતી ! શુકલજી મહારાજે એક બે ભાડભૂજાના છોકરાને મિત્ર બનાવ્યા હતા. રાત પડતાંજ લુગડાને કટકે વિંટાળેલી તપખીરીઆ રંગની ખાલી બાટલીમાં ચાર બે આની નાંખી તેમને આપતા, અને હાજીખાના બજારને

નાકે દુખિયા પત્થર* આગળ વાટ જોઇ ઉભા રહેતા. થોડી વારે શુકલજીનો સ્નેહિ–મિત્ર આવી તેમના હાથમાં લુગડે વિંટાળેલી ભારે વજનદાર બાટલી મુકી ચાલ્યો જતો. તેના મ્હેનતાણાના બદલામાં આઠ આનીમાંથી વધેલા પૈસા ભાડભુંજાનાજ બાપના હતા ! શુકલજી બાટલી લઇ અંધારામાંજ ગુમ થઇ જતા. બીજે દિવસે તેજ સમયે, તેજ સ્થળે પાછાં તેમનાં દર્શન થતાં. સૂર્ય ચંદ્ર પોતાના નિયમ પ્રમાણે આકાશમાં ઉદય થયા વિના રહે તોજ શુકલજી તે સ્થળે દર્શન દીધા વિના રહેતા! તેમની ખુબી તો એ હતી કે તેઓશ્રી ત્યાં ઉભા હોય છતાં મ્હોં એવી ખુબીથી આમતેમ ફેરવતા કે જેથી જનાર આવનાર તેમને ઓળખી શકતું નહિ. માત્ર કેટલાક ચિબાવલા, જુવાનીઆ તેમની પૂઠે પડયા હતા, પણ તેમના માતાપિતા પાસે ફરીઆદ કરીને તેમની ખોડ ભૂલાવી હતી ! શુકલજીએ પાટલા પર બેઠા પછી જ્ઞાનાનંદ શર્મ્માના સ્હામું જોઇ બોલવા માંડયું: “ધન્ય છે યજમાન રાજા ત્હમને ! તમે વિદ્યા, જ્ઞાન અને બુદ્ધિમાં અદ્વિતીય છો. ના કેમ હોય ? તમારા સ્વર્ગસ્થ પિતા સાક્ષાત્ દાતા કરણ હતા. ઘણા દિવસથી આવવાની ઇચ્છા થતી હતી પરંતુ યજમાનના યજ્ઞયાગાદિક કાર્યોની જંજાળને લીધે અવાતું નહોતું. કયાં છે હવે યાજ્ઞિકો ? માણકેશ્વર શાસ્ત્રીના ગયા પછી હજુ બે ત્રણ રહ્યા છે. દક્ષિણે મુંબઈ અને ઉત્તરમાં કાઠીઆવાડના ઝાંપા સુધી કોણ રહ્યા છે હવે ? તેથીજ આસપાસનાં ગામડાંઓમાંથી તો શું પણ મ્હોટાં મ્હોટાં શહેરોમાંથી સુદ્ધાં અમનેજ પૂછતા આવે છે. ભાઇ ! ક્ષણનો વિશ્રામ નથી. આજે તમારી સત્યવતીએ બોલાવવા મોકલ્યું તેથી કહો અથવા તમારી પાસે એક કામ હતું તેથી કહો, માથા પર વરસતે વરસાદે આવવું પડયું છે. હરિ, હરિ, શિવ, શિવ.”

જ્ઞાનાનંદ શર્મ્માએ માથું નમાવી ધીમે સાદે કહ્યું: “મ્હારૂં અહોભાગ્ય મહારાજ.”

શુકલજી: “તે વિના કંઇ બને છે? ગોર, શુકલ અને આચાર્યની

* ભૃગુપુર (ભરૂચ) માં એ નામનાં બે સ્થળ છે. ત્યાંથી થોડે વેગળે એક પારસી દારૂવાળાની દુકાન છે. લેખક.

ચરણુ–રજ પડતાં ઘર પવિત્ર થાય છે. તમે તો જ્ઞાની છો. તમને તો ઉપદેશ દેવા જેવું રહ્યું નથી." એમ કહેતાં કહેતાં પણ બે ચાર વખત કમલિની અને સત્યવતીના સ્હામું આડી નજરે જોઇ લીધું અને વળી પાછા જ્ઞાનાનંદ તરફ જોવા લાગ્યા.

જ્ઞાનાનંદે એ કથનનો ઉત્તર આપ્યો નહિ. માત્ર મૃદુ હાસ્ય કર્યું.

કમલિનીએ કહ્યું: "સતીએ જે કામ માટે બોલાવ્યા છે તે સાંભળી લ્યો. કહે સતી, મહારાજને ત્હારે શું પૂછવું છે?"

સત્યવતીએ કહ્યું: "બીજું શું પૂછવું હોય? બધી કન્યાઓ ગોરો કરશે. હું પણ કરૂં એવી મ્હારી ઇચ્છા છે. ગયા વર્ષ સુધી માસીબા જીવતી હતી એટલે બધું ત્યાંજ કરતી હતી. આ વર્ષે તો બધું અમારે માથે પડયું છે. ગોરો ક્યારે વાવવી? પૂજનમાં અને ઉપવાસમાં શું શું જોઇએ? વગેરે ખુલાસાની અગત્ય છે મહારાજ,"

શુકલજી: "ધન્ય છે બ્હેન! તમે કંઈ જેવા તેવાની કન્યા છો? વ્રત અને ધર્મ–કર્મ તમે નહિ કરો તો બીજું કોણ કરશે!"

સત્યવતી: "એક નોંધ કરી આપો મહારાજ. કઇ કઇ વસ્તુઓ જોઇએ? કેટલો ખર્ચ થશે. તમારી દક્ષિણા કેટલી?"

શુકલજી: "બસ બીજું કંઇ? સરસામાનની નોંધ કરી આપીશ. દક્ષિણા તો તમારી શક્તિ પ્રમાણે, તમારા ઘર પ્રમાણે, તમારા કુળ પ્રમાણે, તમારા જેવા શ્રીમંત જે આપે તે ઓછું. ના આપે તે વધારે બ્હેન. વારૂં, જ્ઞાનાનંદજી, આપની કોઇ વ્રત ઉદ્યાપન કરવાની ઇચ્છા? કરો, કરો કંઈ. ખર્ચ બહુ મધ્યમ. દક્ષિણા પણ કંઈ બહુ વધારે નહિ થાય. આપને પણ વર્ષ થયાં છે. કંઇ કરી નાંખો. જીંદગીમાં જે થયું તે ખરૂં. હાથે તે સાથે. એકાદ મહારૂદ્ર, એકાદ વિષ્ણુયજ્ઞ, કંઈ સહસ્ત્રચંડી, જે ઇચ્છા હોય તે. ખર્ચ માટે પ્રભુએ આપને શક્તિ આપી છે. હું મધ્યમ ખર્ચ બતાવીશ."

શુકલજીનું મુખરૂપી ફોનોગ્રાફ ગડગડાટ ચાલતુંજ હતું એટલામાં વચમાં સત્યવતીએ કહ્યું: "મહારાજ, ગોરોનું વ્રત કરવાથી શું ફળ થાય છે તે જરા કહી સંભળાવો."

શુકલજી: "બ્હેન, ફળનું શું પૂછો છો? એ વ્રત કરવાથી ફળ અસીમ. સારો વિદ્વાન, ધનવાન, રૂપવાન, બળવાન, પતિ મળે. પુત્ર, પૌત્ર, ધન, ધાન્ય અને અખંડ સૌભાગ્ય મળે. કશાની ખોટ રહે નહિ."

સત્યવતી: "આ જન્મે કે પરજન્મે?"

શુકલજી: "આ જન્મે અને પર જન્મે. બન્ને જન્મમાં મળે."

કમલિનીએ ખડખડાટ હસી દીધું. તેને હસવાનો વ્યાધિ હતો. તેના હસવાથી શુકલજી ગુસ્સે થયા. કંઇક આશ્ચર્ય થયું. કંઇક ક્રોધે ભરાયા. ભ્રગુપુરમાં તેમનાં શાસ્ત્ર વચનો ઉપર અશ્રદ્ધા કરે એવું કોઇ નહતું. તેમનું શાસ્ત્ર જ્ઞાન અપાર મનાતું. તેમના સ્હામું અશ્રદ્ધાની દ્રષ્ટિએ જોનાર મનુષ્યને પ્રાયશ્ચિત કરાવતા, તેમને જ્ઞાતિ બહાર મુકાવતા, અને છેવટે તેને નાક-લીટી તણાવતા, પગે લગાવતા, ક્ષમા મંગાવતા. ત્યારેજ શુકલજીનો ક્રોધાગ્નિ શાંત થતો; પણ આજે? આજે તો કૃપા કરી છે. કારણ કે કમલિનીનું પ્રફુલ્લ કમળ સમાન મુખ કોમળ અને અતિ સુંદર હતું તેથી કમલિની સ્હામું વાંકી નજરે જોઇને કહ્યું: "કેમ? વ્રત કરવાથી ફળ પ્રાપ્ત થાય છે એ તું માનતી નથી?"

કમલિની હજુ પણ હસતીજ હતી. તેણે ઉત્તર દીધો: "કર્મ કરવાથી ફળ મળે છે. એ વાક્ય ઉપર કોને અશ્રદ્ધા હોય? કર્મ નિષ્ફળ જતું નથી એ તો તદ્દન સત્ય."

શુકલજી: "ત્યારે હસવાનું શું કારણ?"

કમલિની: "વ્રત કરવાથી વ્રતનું ફળ નિશ્ચય મળે છે. પરંતુ તમે તો અમારા શુકલજી-પુરોહિત છો. અજ્ઞાન કન્યાને શા માટે એવા કષ્ટમાં પડવાનો ઉપદેશ આપો છો? તેથીજ હસવું આવ્યું. અપરાધ ક્ષમા કરજો."

શુકલજી મુખ ગંભીર કરીને જરા કરડાકીમાં બોલ્યા: "આટલા માટેજ છોકરીઓને ભણવા લખવાનું શીખવવું જોઇએ નહિ. વ્રતના ઉપવાસ વગેરેને તું કષ્ટ ગણે છે કે?"

કમલિની: "ના, ના, હું તેમ કહેતી નથી. વ્રત, ઉપવાસ, સંયમ, એ બધું એક રીતે જરૂરનુંજ છે, પરંતુ ભય એ વ્રતના ફળનો છે! વ્રત

કરવાથી જન્મોજન્મ પુત્ર, પુત્રિઓ પ્રાપ્ત થાય અને ધન સમ્પતિ મળે, ઇચ્છા પ્રમાણે પતિ મળે ત્યારે મુક્તિ ક્યારે થાય? એતો બધાં મનુષ્યને માયાના–કર્મના બંધનમાં વારંવાર–જન્મોજન્મ બાંધનાર છે. મનુષ્યે જે પરિત્યાગ કરવું જોઇએ તે તો તમે પુરોહિત થઇને યજમાનને ગળે બાંધી આપો છો!"

શુકલજી: "એક તો સ્ત્રીની જાત! તેમાં વળી ઇસ્કોલની વિદ્યા ભણ્યાં! સાહેબે ભણાવ્યાં! તેમણે જેવું શિખવ્યું તેવું ગોટ્ પિટ્ સૉટ્ પિટ્ કરતાં આવડયું! આપણાં શાસ્ત્રો તું માને છે કે?"

કમલિની: "ક્ષમા કરજો શુકલજી, અમે સાહેબ પાસે કશું શીખ્યાં નથી! શાસ્ત્રીને ના માનીએ એ તે શું મહારાજ? અમારી સાત પહેડી જે માને છે તે અમારે માનવુંજ જોઇએ. એજ અમારો ધર્મ છે."

શુકલજી: "ત્યારે સાંભળ. શાસ્ત્રમાં લખ્યું છે કે:—

श्रेयान् स्वधर्म्मो विगुणः परधर्मात् स्वनुष्ठितात्।
स्वधर्म्मे निधनं श्रेयः परधर्म्मो भयावहः॥

"સત્ય જણાતા પરધર્મ કરતાં દોષવાળો સ્વધર્મજ શ્રેષ્ટ છે. સ્વધર્મમાં મૃત્યુ થાય તે સારૂં છે, પરંતુ પરધર્મ ભયંકર જાણવો." તમે તો ખ્રીસ્તિ થઈ ગયાં છો! પોતાનો ધર્મ દુષ્ટ દેખો છો! શિવ! શિવ! હવે કળજુગમાં બાકી શું રહ્યું!"

કમલિની: "શુકલજી મહારાજ! ના, ના, અમે ખ્રિસ્તિ થયાં નથી. તમારી ભૂલ છે. અમે સારી પેઠે જાણીએ છીએ કે આપણો ધર્મ અતિ ઉત્તમ, અતિ પવિત્ર, અને અતિ ઉદાર છે. "**स्वधर्मे निधनं**"નો અર્થ મ્હેં જે સાંભળ્યો છે તે ઘણો મધુર છે. સ્વધર્મનો અર્થ સ્વગુણ છે. તેનાં આચરણ કરવાં એનુંજ નામ સ્વધર્મ પાલન કહેવાય છે. વિવિધ પ્રકારની આકાંક્ષાનો અગ્નિ પ્રકટાવવો એનું નામ સ્વધર્માચરણ નહિ. ધર્મનો અર્થજ ધારણ કરવું. સારાં આચરણ ધારણ કરવાં એનું નામ સદ્ધર્મ. શ્રીકૃષ્ણ ભગવાને જે શ્રીમુખે ઉપરોક્ત મહાવાક્ય કહ્યું છે તેજ શ્રીમુખે કહ્યું છે કે:

" सर्वं धर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वां सर्व पापेभ्यो मोक्षयिष्यामि माशुचः ॥

સર્વ ધર્માનુષ્ઠાન પરિત્યાગ કરી તું એક માત્ર મ્હારે શરણે આવ. હું ત્હને સર્વ પાપથી મુક્ત કરીશ."

શુક્લજીના નેત્રમાં ક્રોધ જણાતો હતો પરંતુ મનમાં તો પ્રેમ હતો. નેત્રો ફાડીને કમલિની સ્હામુ જોતા હતા ખરા પરંતુ તેની સુંદરતા જોઈ મનમાં કંઇ કંઈ થતું હતું. બન્ને એકજ જ્ઞાતિનાં પણ એક ગૃહસ્થ, બીજો ભિક્ષુક. ફેર એટલોજ. શુક્લજીએ ગુસ્સો કરી કહ્યું: "શી રીતે ભગવાનને શરણ જવું?"

કમલિની: "તે પણ ભગવાને શ્રીમુખેજ કહ્યું છે કેઃ—"

मन्मनाभव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ॥"

"તું મ્હારામાં ચિત્ત સમર્પણ કર અને મ્હારા પ્રત્યે ભક્તિપરાયણ થઇને મ્હારે માટેજ યજ્ઞાનુષ્ઠાન કર અને મ્હનેજ નમસ્કાર કર. તું મ્હને અતિશય પ્રિય છે માટેજ તે હું અંગિકાર કરૂં છું. તું મ્હને અવસ્ય પ્રાપ્ત કરશે."

તીક્ષ્ણ દૃષ્ટિએ કમલિનીના મુખ સ્હામુ જોઇ, ગુસ્સા ભરેલે સ્વરે શુક્લજી બોલ્યાઃ "એ યજ્ઞાનુષ્ઠાન તે વ્રત વગેરે, અને પૂજા અર્ચના વગેરે ના થાય તો નમસ્કાર કરવા શી રીતે? બ્હેન! ગુરૂને ગાયત્રી મંત્રનો ઠીક ઉપદેશ કરવાનો ત્હમે આરંભ કર્યો! ગુરૂના ગુરૂ થવાં બેઠાં પછી હવે શું બાકી? જે બોલે છે તેના અર્થ પણ સમજતી નથી!"

કમલિની: "શુક્લજી મહારાજ! હું તો એમજ સમજું છું કે ભગવાનની ભક્તિ કરવાના બે માર્ગ છે. એક વિધવિધ પ્રકારની મૂર્તિયો લઇને, અને બીજો જગતરૂપી વિરાટ્ ભગવાનની—અનેક જીવોની સેવા કરીને. ભગવાનની ભક્તિ કરવામાં જ્ઞાની મનુષ્યોને—અધિકારી જનોને—દ્રવ્ય કે અન્ય વસ્તુઓની જરૂર પડતી નથી. યજ્ઞ કરવામાં પણ તેમજ છે. ભગવાન્‌ની ભક્તિ કરવામાં અને યજ્ઞ યાગાદિ કરવામાં માત્ર પવિત્ર અંતઃકરણની અને પવિત્ર આચરણનીજ જરૂર છે. પ્રાણી માત્ર ઉપર સમાન ભાવ રાખવાનીજ જરૂર છે. આપણને જેમ ટાઢ, તડકો અને વરસાદ લાગતાં દુઃખ સુખ થાય છે. તેજ પ્રમાણે

અન્ય મનુષ્યોને પણ થાય છેજ એવું જ્ઞાન થવું જોઇએ. ટાઢના દિવસમાં પોતાના બાળકને ઉન ફ્લેનલનાં લુગડાં પહેરાવીએ અને રસ્તામાં ભીખારીનાં બાળકો ઉઘાડે શરીરે ટાઢમાં થરથરે તેને આપણે જોયાં કરીએ અને શક્તિ પ્રમાણે કંઇ પણ ના આપીએ એથી શું ભગવાન રાજી થાય છે? એવી સ્વાર્થવૃત્તિ શું ભગવાન જોતા નથી? તે તો સર્વ જાણે છે. કામના-વાસના વગર વિશ્વરૂપે વિરાજતા વિરાટ્ ભગવાનની સેવા કરવી એજ પૂજન, અર્ચન, યજ્ઞ અને યાગ હું તો જાણું છું. ગીતાજીમાં શ્રીજીએ કહ્યું છે કે:—

कामैस्तैस्तैर्हृत ज्ञानाः प्रपद्यन्तेऽन्यदेवताः ।
तं तं नियममास्थाय प्रकृत्या नियताः स्वया ॥

“અન્ય ઉપાસકો, પોતાની પ્રકૃતિને વશીભૂત થઇને અને કામ-મદ દ્વારા જ્ઞાનહીન થઇને પ્રસિદ્ધ નિયમ ધારણ કરીને અન્ય દેવતાઓની આરાધના કરે છે. જેમ અમારાં સત્યવતી બ્હેન આજે ગોરો કરવા તૈયાર થયાં છે અને કાલે ફરીને પરણ્યાં પછી કેવડા ત્રીજ, ગૌત્રાદ, એકાદશીનું ઉદ્યાપન વગેરે અનેક વ્રતો કરવા અને પતિ, સન્તતિ, સંપત્તિની કામના કરી માયાજાળમાં પુનઃ પુનઃ બંધાવા તૈયાર થશે.”

અતિશય ક્રોધે ભરાઇ શુકલજીએ કહ્યું: “ત્યારે શી રીતે ભગવાનની ઉપાસના કરવી?”

કમળ જેવા હાસ્ય-પ્રફુલ્લ મુખે, શાંત સ્વરે, કમલિનાએ કહ્યું: “એમ કેમ મહારાજ? શ્રીજીએ તે માટે પણ સ્પષ્ટ કહ્યું છે:-

समं सर्वेषु भूतेषु तिष्ठन्तं परमेश्वरम् ।
विनश्यत् स्वविनश्यन्तं यः पश्यति स पश्यति ॥

“સ્થાવર જંગમ સર્વ પદાર્થ વિનાશ પામશે પરંતુ ઇશ્વર કદી પણ વિનાશ પામશે નહિ. તેઓ સર્વ ભૂતોમાં અભેદ ભાવે નિવાસ કરી રહ્યા છે. જે મનુષ્ય તે પરમેશ્વરને જુવે છે તેજ યથાર્થ રીતે જોઇ શકે છે-તેજ દેખતો છે.”

મ્હેં સાંભળ્યું છે કે ભક્તરાજ પ્રહ્લાદને પુછવામાં આવ્યું હતું કે: ઇશ્વરની આરાધના એટલે શું અને તે કેવી રીતે કરવી? પ્રહ્લાદે એ પ્રશ્નનો

ઉત્તર દેતાં કહ્યું કે: "*સર્વ ભૂત-પ્રાણી-માત્રમાં સમદ્રષ્ટિ રાખવી એજ ખરી ઇશ્વર આરાધના છે." શુક્લજી મહારાજ! અમે તેજ ઉપદેશ ગ્રહણ કર્યો છે. અમારા રૂંવેરૂંવામાં એજ ઉપદેશ ઠસી ગયો છે. સર્વભૂત-જીવાત્માઓમાં સમાન-દ્રષ્ટિ એજ ઇશ્વરની આરાધના, સર્વભૂતોમાં આત્મવત્ જ્ઞાન એજ અમારો યજ્ઞ અને સર્વભૂત માત્રનું હિત સાધન કરવું એજ અમારૂં કર્મ."

જ્ઞાનાનંદ શર્મ્માના નેત્રમાં જળ આવી ગયાં. ગદ્દગદ્ કણ્ઠે કહ્યું: "શુક્લજી મહારાજ! વૃથા વાદવિવાદ શામાટે કરો છો? મ્હેં મ્હારી બન્ને કન્યાઓને યોગ્ય રીતે વિદ્યાદાન કર્યું છે. સંસ્કૃત વિદ્યા અને શાસ્ત્રનું જ્ઞાન અર્થ સાથે સમજાવ્યું છે. તેમણે સૂક્ષ્મ દ્રષ્ટિ વડે શાસ્ત્રનું અધ્યયન કર્યું છે. મ્હોટી કન્યામાં એ જ્ઞાન પૂર્ણ રીતે ઉદય પામ્યું છે. તમે ગીતા વગેરે શાસ્ત્રોના ખરા અર્થ કરતા નથી. તમે વેદ ભણી જાણો છો પણ વેદનાએ અર્થ કરી જાણતા નથી. એટલે જેમ મિઠાઇ તૈયાર કરી તેના નામનો જપ કરવાથી જેમ તેના સ્વાદનું જ્ઞાન થતું નથી તેમ જેઓ શ્લોકના અર્થ ના જાણતા હોય તેમને તે શ્લોકના ખરા તાત્પર્યનું જ્ઞાન થતું નથી. ઘણા એવા શુક્લ અને શાસ્ત્રીઓ મ્હેં જોયા છે કે જેઓ વેદના મંત્રો પોપટજીની પેઠે બોલી જાય છે ખરા પણ તેના અર્થ જાણતા નથી તેમજ વિદ્યાર્થિઓને તેના અર્થ સમજાવતા નથી! મહારાજ એવા જ્ઞાનને શું કરવું? પોપટ ઘણાએ "અચરે અચરે રામ" બોલે છે પણ તેને કંઇ તેના અર્થનું જ્ઞાન છે? તેને કંઈ એ વાક્યનું રહસ્ય ખબર છે? તેને કંઇ એ વાક્યનો સ્વાદ છે? એક સજ્જન ગૃહસ્થે ગીતા છપાવી છે. જેમાં પ્રત્યેક શ્લોકની વિસ્તૃત ટીકા કરી છે. જો તમે વાંચો તો હું તમને એક પુસ્તક આપું."

શુક્લજી: "શિવ! શિવ! શું હું છાપેલા ગ્રન્થો વાંચું? તમે કેવા શરમ વગરના છો! હાથનાં લખેલાં ગ્રન્થોનો મ્હારે ત્યાં ક્યાં ટોટો છે? છપાયલા ગ્રન્થોમાં શુદ્ધાશુદ્ધ કેટલી થાય છે તે તમે જુવો છો? છાપખાના-વાળા થોડા ઘણા પૈસા આપી ભાષાંતરો કરાવે તેમાં શુદ્ધાશુદ્ધ આવે તેમાં નવાઇ શી? બીચારા શાસ્ત્રીઓને પેટપુરતું ખાવાનું પણ ના આપે અને

---

* सर्वत्र दैत्याः समतामुपेत । समत्वमाराधनमुच्यतस्य ॥ વિષ્ણુ પુરાણ

નામ ત્યારે શાસ્ત્રીજી પાસે સંશોધન કરાવ્યું છે ! એવા ગ્રન્થો આગળ જતાં તદ્દન અશુદ્ધજ થઈ જવાના ! અને સર્વત્ર ભ્રષ્ટાચાર થવાનો ! શિવ ! શિવ ! વ્રત કરવું છે કે કેમ તે સ્પષ્ટ કહી દે !"

શુકલજીનું ક્રોધથી થરથરતું શરીર અને રાતાં નેત્ર જોઇ અપકવ બુદ્ધિની પણ જ્ઞાની સત્યવતીને ભય લાગ્યો. તેણે શુકલજી દ્વારા કાંઇ પણ ધર્મકાર્ય કરાવવાનો વિચાર ફેરવી કહ્યુંઃ "વ્રત કરવું છે પણ પછીથી વિચાર કરીશું."

જ્ઞાનાનંદ શર્મ્માએ ગજવામાંથી એક રૂપિયો લઈ શુકલજીને આપતાં કહ્યુંઃ "આ દક્ષિણા લ્યો મહારાજ. આપને બોલાવવાનો તેણે અપરાધ કર્યો છે તે ક્ષમા કરજો."

રૂપિયો પાટલા ઉપરજ પડયો રહેવા દઈ, ક્રોધની સાક્ષાત્ મૂર્તિ સ્વરૂપ શુકલજી બોલ્યાઃ "રૂપિયો શા માટે આપો છો ? દક્ષિણા માટે–ભિક્ષા માટે હું આવ્યો નથી. રહેવા દો, એક વાત કહેવી છે."

જ્ઞાનાનંદઃ "કહો મહારાજ."

શુકલજીઃ "અમારા ઘરમાં ઘણા વર્ષથી દેવીનું એક ન્હાનકડું મંદિર છે. તેમાં મહાલક્ષ્મીની મૂર્તિ પણ છે. દેવીને માટે એક સોનાના મુકુટની જરૂર છે. વચમાં એકાદ ન્હાનો હીરો જડેલો હશે તો વળી ઘણુંજ ઉત્તમ. જગન્માતા બહુ પ્રસન્ન થશે. તમે મુકુટ માટે રૂપિયા આપો. પાંચસો રૂપિયાથી વધારે ખર્ચ થશે નહિ. તમે આખી જીંદગી પરદેશ ફર્યા છો. અમારે તો યજમાન શહેરમાં રહે તોજ લાભ. વર્ષે કાંઇ ને કાંઇ પ્રસંગ હોય, પાંચ પચીશ મળે. તમે આ કામ કરશો એટલે અત્યાર સુધીનો બદલો મળશે. મા જગદંબા પ્રસન્ન થશે. તમારા ઘરમાં લક્ષ્મીની રેલછેલ થઇ રહેશે."

ચામડાનું, જીવતું જાગતું ફોનોગ્રાફ ચાલતુંજ હતું એટલામાં કમલિનીએ વચમાંજ કહ્યુંઃ "મહારાજ ! મહાલક્ષ્મી દેવી તો જગન્માતા છે. આ જગત્ એ તેનુંજ સાક્ષાત્ સ્વરૂપ છે. તે જડ ચૈતન્યમાં વ્યાપક છે. એતો આપણી માતા છે. માતા એ પિતા કરતાં સન્તાનો પ્રત્યે બહુ દયાળુ હોય છે.

તેને થોડામાં પણ સંતુષ્ટ કરી શકાશે. પાંચ રૂપિયાનો મુકુટ હોય તો કેમ નહિ ચાલે મહારાજ! આજે દેશમાં વિદ્યા હુન્નરનો પ્રસાર કરવાની બહુ અગત્ય છે. વિદ્યા કરતાં પણ હુન્નરશાળાઓ સ્થપાય તો આપણો મ્હોટે ભાગે નિરૂદ્યમી થઇ પડેલો અને પરદેશના હુન્નર ઉપર આધાર રાખી માથે હાથ દઈ બેઠેલો આખો દેશ કંઇક સતેજ થાય-કંઇક પોષણ મેળવે. મહારાજ! દેવ, દેવીઓને હું માનું છું. પણ તેમને લાખોનાં ઘરેણાં ગાંઠાં કરાવવામાં અને તેમને હજારોના અન્નકુટ કરવા કરતાં તે કામમાં થોડો ખર્ચ કરી બાકીનો ભાગ બચાવી સ્થળે સ્થળે હુન્નરશાળાઓ સ્થપાય તો ગરીબડા ભારતવર્ષમાં પડી ભાગેલા કેટલાબધા હુન્નરો સજીવન થાય? વૈષ્ણવોના મંદિરોમાં દરવર્ષે લાખો-કરોડો રૂપિયાના અન્નકુટ ભરાય છે અને પછી તે અન્નમાંથી ઘણું ખરૂં એકી સપાટે લોકોના ઉદરમાં જાય છે અને ઘણું ખરૂં બજારમાં વેચાઇ જાય છે! એમાં કલ્યાણ કોનું? જરા બારિક તપાસ કરીએ તો જણાશે કે તે નિરર્થકજ જાય છે! હા, થોડા પૈસા અન્નકુટમાં ખર્ચાય અને બાકીના નિરૂદ્યમી વૈષ્ણવોને હુન્નરે વળગાડવાના કાર્યમાં ખર્ચાય તો હજારો વૈષ્યપુત્રો પાંચપંદર રૂપરડીની ગુલામગીરી કરે છે અને ગરીબાઇમાં રિબાય છે તેમ તો થાય નહિ. મહારાજ! ખરી સેવા પૂજા તો એજ છે. એક તરફ અન્નકુટનો ઢગલો થાય અને તેમાંથી ભરેલા પેટવાળાને મિષ્ટાન્ન મળે ત્યારે બીજી તરફ બહાર ઉભેલા કંગાલ ભિક્ષુકોને એઁઠાં પત્રાળાં-પડીયા મળવામાં પણ મુશીબત પડે! મહારાજ! આ કયા પ્રકારની પ્રભુસેવા? આત્મા એ ગરિબ હો કે શ્રીમંત હો પણ તે શું પ્રભુનાં સન્તાન નથી? ગરિબ થયા એટલે શું તેણે કંઇ પાપ કર્યાં? કટકા રોટલામાંથી પણ ગયાં? મહારાજ, મ્હારૂં કહેવું એ છે કે દેહ અને દેવ બન્નેને જરૂરની વસ્તુઓ પુરી પાડવી પણ શાસ્ત્રમાં કહ્યું છે તેમ પ્રત્યેક સ્થળે "વિવેક"નો ઉપયોગ કરવો. અનેક ગરિબ-દુઃખી કંગાલોનું રક્ષણ કરી તેમને વિદ્યા-હુન્નરે વળગાડવાં એજ આપણો મુખ્ય ધર્મ થશે ત્યારેજ ભારતવર્ષ સુખી થશે."

સુતેલા સિંહને જાણે લાત વાગતાં જેમ ગર્જના કરી ઉઠે તેમ શુક્લજી મહારાજ મ્હોટેથી બુમો પાડતા અને આંખના ડોળા ઘુરકાવતા ઉઠયા અને

બોલ્યા: "શિવ ! શિવ ! તદ્દન ખ્રીસ્તિ ! તદ્દન નાસ્તિક ! તદ્દન ભ્રષ્ટ ! આપે ઠેકાણે બ્રાહ્મણે આવતું ઉચિત છે કે ? ઓ જગદમ્બા ! રક્ષણ કરજે મા ! લજ્જા રાખજે મા !"

શુક્લજી ઉતાવળે પગલે નીચે ઉતરી પડયા અને છત્રીનું ઠીડું બગલમાં મારી બ્હાર ચાલ્યા ગયા. મ્હોડા ઉપર ક્રોધ હતો તેમ છતાં બેચાર વખત પાછું વાળીને કમલિની અને સત્યવતીના કમળ સમાન સુંદર મુખ સ્હામુ જોયા વગર રહ્યા નહોતા ! તેમનાં મુખ પ્રત્યે ક્રોધ થયો નહોતો. તે તો સુંદરજ જણાતાં હતાં.

ચતુર્થ પરિચ્છેદ.

ક્રોપાનલ.

આકાશમાં હજુ પણ કાળાં વાદળાં એક બીજા ઉપર પડાપડી કરતાં હતાં. વૃષ્ટિધારા શાંત થઇ હતી, પરંતુ માર્ગમાં જળ, ગટરોમાં જળ, વૃક્ષનાં પાંદડાં ઉપર જળ, ગૃહસ્થોના આંગણા આગળ જળ, પક્ષીઓની પાંખ ઉપર જળ, અને પશુઓના સર્વ અંગ ઉપર જળ જણાતું હતું. વૃષ્ટિ હમણાંજ બંધ થઇ હતી.

પલળેલી છત્રી હાથમાં લઇ ઉઘાડે પગે શુક્લજી ધમ્ ધમ્ પગલે, રસ્તામાં સપાટાબંધ ચાલ્યા જાય છે. તેમના મુખ ઉપર, નેત્ર ઉપર અને સર્વ અંગ ઉપર ક્રોધાગ્નિનો પ્રવાહ વહી રહ્યો છે. મુખ ઉપરની નસો ફુલેલી, સંકોચાયલી, અને અસ્વાભાવિક આકારવાળી થઇ રહી હતી. હોઠ ફફડતા હતા. હાથનાં આંગળાં ઉપર કંઇક ગણત્રી થતી હોય તેમ તે હાલતાં હતાં. અત્યારે તેમની ચાલવાની ગતિ જોતાં સહજ કળી શકાતું હતું કે: તેઓ ક્રોધનું ઍન્જીન બન્યા છે ! સાક્ષાત્ ક્રોધની મૂર્તિ બન્યા છે !

ભ્રગુપુરની પૂર્વ દિશામાં બહાદર બુરૂજનું સ્થાન છે. ત્યાં કેટલાંક બ્રાહ્મણોનાં ઘર છે. એ લત્તામાં કૃષ્ણશંકર પાઠકની મ્હોટી હવેલી છે. તેઓ

બ્રાહ્મણ છે. જમીનદાર છે. તેમના બાપદાદા ભિક્ષુકી ધંધો કરતા હતા. તે વખત સારો હતો એટલે ભૂખ તરસ વેઠી તેમણે પાંચ પૈસા બચાવી ધીરધારનો વેપાર કરવા માંડયો. તેમાં ઇશ્વરે તેમને મદદ કરી. થોડાક પૈસા એકઠા થતાં તેમણે જમીનો લેવા માંડી. અભણ ખેડુતોને આડાઅવળા પાટા બંધાવી પોતાનું તળીયું ટાઢું કરી લીધું હતું! કૃષ્ણશંકર પણ એજ ધંધામાં પડયા હતા. તેમને વારસામાં એક પ્રકારની ચતુરાઈ મળી હતી. તેને લીધે તો તેઓ અભણ ખેડુતોને બાપદાદા કરતાં પણ વધારે ઉંધા પાટા બંધાવતા હતા! તેમનાં બે ખાતાં રાખતા. એક ખોટું, બીજું ખરૂં. ખોટા ખાતામાં કેટલીક વખત રકમો જમે કરવાનીજ તેમણે બાધા લીધી હતી! ખરા ખાતામાં પાઇએ પાઇ જમે ઉધાર કરતા. બિચારા અજ્ઞાન ખેડુત! જમે ઉધારમાં જેટલું યાદ રહે તેટલું ખરૂં! પણ તેના કરતાંએ પોતાને સત્યવાદી હરિશ્ચંદ્રનો અવતાર કહેવડાવનાર કૃષ્ણશંકરના ચોપડા એજ તદ્દન સત્ય! આવાં અનેક કાળાં ધોળાં કરી મ્હોટી હવેલી, બંગલા, બાગબગિચા અને ગાડી ઘોડાની સાહ્યબી ભોગવતા હતા! ન્યાતમાં પ્રતિષ્ઠિત ગણાતા હતા. આજે તો જ્યાં પૈસા હોય ત્યાંજ પ્રતિષ્ઠાનો કૉન્ટ્રાક્ટ હોય છે! પછી તેવા શ્રીમંતોમાં વિદ્યા, વિનય, પ્રમાણિકપણું હોય કે ન હોય! તેવાનાજ પક્ષમાં હાજી હા કરનારા ભળેલા હોય છે! કૃષ્ણશંકરે અંગ્રેજી વિદ્યાનો થોડોક અભ્યાસ કર્યો હતો. તેથી પ્રસંગોપાત ગોટૂપિટૂ સૉટૂપિટૂ પણ કરતા હતા. તે સાથે અંગ્રેજોના વ્હાલા લાલ પાણીના સેવક હતા! તેથી દિવસે અને રાતે તેમની આંખો લાલચોળ રહેતી. ઘરમાં બેઠક વગેરે ગૃહો અંગ્રેજી ઘાટને મળતાં હતાં. ગાદી તકીઆને તેમણે છેડો ફાડી આપ્યો હતો અને તેને ઠેકાણે જ્યાં ત્યાં ટેબલ ખુરસી પેસી ગયાં હતાં! હવેલીનો બહારનો દેખાવ પણ અંગ્રેજી ઢબ પ્રમાણે હોવાથી જોનાર ઉપર તેની સજ્જડ છાપ બેસતી.

ક્રોધાગ્નિના ઍન્જીન સ્વરૂપ આપણા કેશવરામ શુકલજીએ એજ હવેલીમાં જમણે હાથે આવેલા ઓરડામાં પ્રવેશ કર્યો. ત્યાં કૃષ્ણશંકર એક ખુરસી પર બેઠા હતા. મ્હોઢામાં ચિરૂટ હતી તેમાંથી ધુમાડો નિકળી આસપાસ વિખરાઇ જતો હતો. બબ્બાના બ્હારમાં હોવાથી આંખો લાલ લાલ જણાતી

હતી. માથે ઉંચી ટોપી, શરીરે કડકડતું ખમીસ, સોનાનાં બટનવાળું, તેના ઉપર કાળું જાકીટ, ઘડીઆળ ન્હાસી ના જાય તે માટે તેને કાને બાંધેલો સોનાનો અછોડો જાકીટનાં બન્ને ગજવામાં આડો લટકતો હતો! કાનમાં કિમતિ મોતીની કડી લટકતી હતી. તેમનું શરીર સહજ ગૌર હતું. દેખાવ ભપકાબંધ જણાતો પણ સુંદરતાની અદેખાઈ કરીને શીતળાદેવીએ ન્હાનપણથીજ તેમના મુખ ઉપર થોડાંક કાળાં ચાઠાં પાડી દીધાં હતાં!

શુક્લજીએ કૃષ્ણશંકરની પાસે એક ખુરસી પર બેઠક લીધી. કૃષ્ણશંકર તેમના યજમાન થતા હતા, તેથી તેમને જોતાંજ "પધારો શુક્લજી મહારાજ" કહીને આવકાર દીધો. આજે તેમની મુખાકૃતિ ભયંકર—ઘોડાના તોબરા જેવી—વિચિત્ર—ક્રોધ ભરેલી જણાતી હોવાથી કૃષ્ણશંકરે કંઈ પણ પૂછવાનું સાહસ કર્યું નહિ. તેણે ચિરૂટમાંથી ધુમાડા કહાડવાનુંજ કામ કર્યું અને ત્યાં બેઠેલા મેહેતા અને ખેડુતો સાથે વાતે વળગ્યો. આજે સ્હવારથી સૂર્યનારાયણની અવકૃપા હોવાથી શરદી બહુ પડતી હતી તેથી કૃષ્ણશંકરે શરીરમાં ગરમી લાવવાની દવા જરા વધારે ન્હડાવી હતી! તેમ છતાં શુક્લજીની નાડ પારખવાનું તેમનામાં જ્ઞાન રહ્યું હતું. જ્યાં મધ હોય ત્યાં માખીઓ બણબણે! કૃષ્ણશંકર પાસે બેચાર હાજી હા કરનારા મિત્રો હમેશાં બેસીજ રહેતા. આજે પણ બેઠા હતા. તેમાંના એક મગનલાલે કહ્યું: "શુક્લજી મહારાજ, શરીર તો ઠીક છે ને?"

એક બીજા હાજીહા કરનાર મોતીલાલે તેમનાપર દયા લાવી કહ્યું: "આજે શુક્લજીની તબીઅત સારી જણાતી નથી. શરદીનો દિવસ છે. ગરમી થાય એવી કંઇ દવા આપવી જોઇએ."

શુક્લજીએ વારાફરતી તે બન્નેના મ્હો સ્હામુ જોઈ સહાનુભૂતિ દર્શાવી પરંતુ એક શબ્દ પણ બોલ્યા નહિ! બે હોઠ બીડેલાજ રહેવા દીધા.

છેવટે કૃષ્ણશંકરે પૂછ્યું: "મહારાજ! તબીયત કેમ છે?"

બસ, આટલું સાંભળતાં જ જાણે વરસાદે મુસલધાર વરસવા માંડયું. શુક્લજીએ આંખો પ્હોળી કરી અતિશય ગંભીર સ્વરે કહ્યું: "બધ ચૂક્યું હવે! તબીયતનું શું પૂછો છો? વેદ રસાતળે જવા બેઠા છે! શાસ્ત્રો પા-

ણીમાં બોળવાં પડશે. બ્રાહ્મણોને શહેર છોડી ન્હાસી જવાનો વખત આવ્યો છે! ઘોર કળજુગ! ઘોર કળજુગ! શિવ! શિવ!" એમ કહી નાકનું ટેરવું ચઢાવવા લાગ્યા.

કૃષ્ણશંકરે પણ ગંભીર, અજાયબ થઇ પૂછ્યું: "છે શું, મહારાજ છે શું?"

શુકલજી: "કહું છું, બધું કહું છું. પણ પ્રથમ એક પ્રતિજ્ઞા કરો, કે તમારાજ પૂર્વજોએ શહેરના અને દેશવિદેશના બ્રાહ્મણોના ધર્મનું રક્ષણ કરવા માટે અનેક યત્ન કર્યા છે. હજારો રૂપિયા ખર્ચી નાંખ્યા છે. પ્રાણ જતાં સુધી બ્હીધા નથી. બ્રાહ્મણોના બ્રાહ્મણત્વનું રક્ષણ કર્યું છે. કેટલાકને જમીનોનાં દાન દીધાં છે. કેટલાકના પુત્રોને જનોઇ દઈ આપ્યાં છે. કેટલાકને કન્યાદાન દઈ આપ્યાં છે. કેટલાકને ઘર મંડાવી આપ્યાં છે. કેટલાકને વિદ્યાદાન અપાવ્યાં છે. વૈદિક ક્રિયાકાણ્ડ સારી રીતે થાય તેને માટે પાણીના રેલા પેઠે પૈસા ખર્ચી નાંખ્યા છે. આ ઘરને બારણે કેટલાંએ બ્રાહ્મણ ભોજન થયાં છે. કેટલાંએ યજ્ઞકર્મ થયાં છે. પ્રતિજ્ઞા કરો કે: એ બધું લોપ ના થાય તે માટે તમે પણ યત્ન કરશો. તમે ધારશો તો બધું થશે. જેના હાથમાં પૈસા છે તે આકાશના ચંદ્રને મુઠ્ઠીમાં લઇ શકે છે!"

મગનલાલે હામાં હા ભેળવી. તેણે કહ્યું: "સત્ય છે મહારાજ. પાઠકજી ધારે તો પૃથ્વીને ડોલાવી નાંખે. ઇન્દ્ર, ચન્દ્ર હાજર થાય." એટલું કહી મ્હો ફેરવી મોતીલાલના સ્હામુ જોઇ જરાક આંખનો મિચકારો કર્યો.

કૃષ્ણશંકરે ચિરૂટપર ઠરેલી રાખોડીનો થર ખંખેરતાં કહ્યું: "કહો તો ખરા મહારાજ શું છે તે? બ્રાહ્મણ થઇને બ્રાહ્મણના ધર્મનું રક્ષણ કરવું એમાં નવાઇ શી? એતો અમારો ધર્મજ છે."

મગનલાલે ડોકું ધુણાવી ટાપસી પુરી: "હા મહારાજ. એમાં ખોટું શું છે? પાઠકજી જેવા ધાર્મિક કલિ કાલમાં અન્ય કોણ છે? અરે આખું શહેર શોધી વળો તો આવા દાનેશ્વરી, દયાળુ, બ્રાહ્મણનું પાલનપોષણ કરનાર, વેદધર્મનું રક્ષણ કરનાર કોણ છે? બાર મહિનામાં કેટલાંએ પર્વ આ ઘરમાં થાય છે? કેટલાંએ બ્રાહ્મણભોજન થાય છે? બીજા કોણ કરે એવા છે?"

શુકલજીએ મ્હો બગાડી કહ્યું: "જુવો, પેલા જ્ઞાનાનંદ મુનસફનાં

આચરણથી વેદ રસાતળે જવા બેઠા છે! બ્રાહ્મણદેવોને શહેર છોડી જવું પડશે.”

કૃષ્ણશંકરે મ્હોટેથી ખડખડાટ હસીને કહ્યું: “ઓહોહોહો! મહારાજ! જ્ઞાનાનંદ જેવો એક નજીવો માણસ વેદને રસાતળે શું પહોંચાડવાનો હતો! તે બ્રાહ્મણોને શું નહસાડવાનો હતો! અસંભવિત! તદ્દન અસંભવિત! એવા સેંકડો જ્ઞાનાનંદ હોય તોપણ શું થયું? તે ગરીબ—બિ—ચા—રો—!” કૃષ્ણશંકરના હસવા સાથે બધાએ ખડખડ હાસ્ય કર્યું. મગનલાલે તે સ્વરમાં સ્વર ભેળવી કહ્યું: “ખરેખર, તે ગરીબજ! તે નજીવોજ છે. તેની ગણત્રી શી? કૃપણ, પાજી, બેવકુફ—!”

શુકલજીએ કૃષ્ણશંકરના મુખ સ્હામુ આંખો સ્થાપીને કહ્યું: “પાઠકજી! મશ્કરીનો આ વખત નથી. આ મ્હોંડેથી કોઈ દિવસ અસત્ય બોલાયું નથી. જ્ઞાતિમાં મોટી ઉથલપાથલ થવાનો સમય આવી પહોંચ્યો છે! “નિષ્કામ ધર્મ” નું નામ દઈ દાન, ધર્મનો માર્ગ બંધ કરવા તે તૈયાર થયો છે. શાસ્ત્રના આધારો બતાવીને ખ્રીસ્તિ ધર્મ ચલાવવા તેણે કમર કસી છે. વાતવાતમાં ગીતા, સ્મૃતિ, ઉપનિષદ્ વગેરે ધર્મશાસ્ત્રના શ્લોકો બોલી બીજાની જીભ બંધ કરી દે છે. મુન્સફી કરી છે એટલે કાયદો તો તેના ઘરનોજ થઈ પડયો છે. તેના ઘરની છોકરીઓ સુદ્ધાં એવી ખુબીથી વાત કરે છે કે જાણે મ્હોટી પંડિતાણી! કાયદાબાજ! તેને ન્યાત બહાર મુકયા વગર બ્રાહ્મણોનું બ્રાહ્મણત્વ જળવાશે નહિ! ધીમે ધીમે બધાજ બ્રાહ્મણો વટલી જશે!”

કૃષ્ણશંકર: “ગીતા એ શું હિંદુનો ધર્મ ગ્રન્થ નથી?”

શુકલજી: “ધર્મ ગ્રન્થ ખરો પરંતુ વેદ મ્હોટો કે ગીતા મ્હોટી? જે ગ્રન્થ વેદથી વિરૂદ્ધ તે બ્રાહ્મણો—હિંદુઓ—માટે અગ્રાહ્ય સમજવો.”

કૃષ્ણશંકર: “ગીતા વેદથી વિરૂદ્ધ ઉપદેશ કયારે આપે છે? વેદાદિ શાસ્ત્રનો સાર એજ ગીતા છે. તેમ છતાં તમારી ઇચ્છા એજ અમારી ઇચ્છા. જ્ઞાનાનંદને ન્યાત બહાર મુકવા માટે તેનો શો વાંક કહાડવો?

શુકલજી: “તેનો કાંઈ વાંક નથી? તે વેદ વિધિ માનતો નથી. બ્રાહ્મણ દેવતા પર તે શ્રદ્ધા રાખતો નથી. નીચ જાતિને પણ બ્રાહ્મણના

જેટલુંજ માન આપે છે! બે કન્યાઓને ખ્રીસ્તિઓની પેઠે વિદ્યાભ્યાસ કરાવ્યો છે! તે બન્ને ઘરડી ડોસીઓ થવા આવી તોપણ હજુ તેને પરણાવતો નથી! હજુ પણ તેના વાંક શોધવા છે? તેના અપરાધની સીમા રહી છે? ઈશ્વરનું બે ચાર વખત નામ દેનાર ગમે તે જાતિના હાથનું તે અન્નજળ ગ્રહણ કરે છે! તે જાતિભેદ માનતો નથી!"

કૃષ્ણશંકરે ધીમેથી ઉત્તર દીધો: "જ્ઞાનાનંદ કહે છે કે હું પ્રત્યેક કામ શાસ્ત્રની આજ્ઞા પ્રમાણેજ કરૂં છું. શાસ્ત્ર વિરૂદ્ધ કોઈ કામ કરતોજ નથી."

મગનલાલ: "તે તો તે ઉઘાડુંજ કહેછેની? કયાં ચોરી–છુપીથી કહે છે? હજારો મનુષ્યના મ્હોં આગળજ કહે છે. અમે પણ સાંભળ્યું છે."

શુકલજીએ કૃષ્ણશંકરને ઉત્તર દેતાં કહ્યું: "શાસ્ત્ર? તમે એ બધી શાસ્ત્રની વાતો સાંભળો છો શું કરવા ભાઇ! શાસ્ત્ર એ કાંઇ વૃક્ષ ઉપર પાકે છે? અમારી રહામું તો શાસ્ત્રનું નામ પણ એનાથી દેવાતું નથી! ગમે તેમ કહો પણ તે અંદરખાનેથી તદ્દન ખ્રીસ્તિ થઇ ગયો છે. અરે! ખ્રીસ્તિઓ તો સારા કે ઇશ્વરને માને છે, અને એતો ઈશ્વરને સુદ્ધાં ઘોળી પિએ છે!"

કૃષ્ણશંકર: "હું એ સંબંધી બરોબર વિચાર કરીને ન્યાય કરીશ."

મગનલાલ: "ન્યાય તો કરવોજ પડશે. તમે ન્યાય નહિં કરો તો બીજાું કોણ કરશે? ન્યાય કરે એવા શહેરમાં રહ્યા છે પણ કોણ? આપણી જ્ઞાતિમાં તો શું પણ ચોર્યાશી ન્યાતના બ્રાહ્મણોમાં પણ ન્યાય માટે કેટલીક વખત મ્હોટી પંચાતી પડે છે! કેટલીક વખત શરમાશરમીથી કામ લેવાય છે. કેટલીક વખત ન્યાયનો અન્યાય અને અન્યાયનો ન્યાય થઇ જાય છે! આગેવાનોમાં બે ચાર ભલા અને ન્યાયી છે ત્યારે તેમને પણ બ્રહ્મ કલેશ ડામો કરવાની ઇચ્છા થાય એ સ્વાભાવિકજ છે! બીજા બ્રાહ્મણોમાં ન્યાય એટલે પક્ષપાત! એક બીજા પર રસ કેળવવો એજ! પછી ભલે કોઈ સત્યવાદી હરિશ્ચંદ્રમાં ખપવાનો ડૉળ કરતા હોય! મ્હોટા ભાઈ! ખરા ન્યાયી, વિચારવાનજ તમે છો. શુકલજીનું મન પ્રસન્ન થાય, બ્રાહ્મણ ધર્મ સચવાય, તેવો વિચાર કરો. તેવો ન્યાય કરો."

શુકલજી કૃષ્ણશંકરના સ્હામુજ બિલાડીની પેઠે એકી નજરે જોઇ રહ્યા હતા. તેમણે કહ્યુઃ "શો વિચાર કરવો છે? શો ન્યાય છણવો છે? ગમે તે વિચાર કરો, અને ગમે તે ન્યાય કરો. એ બગભગતને ન્યાત બહાર નહિં મૂકો તો હું તમારે બારણે આત્મહત્યા કરીશ. સમજ્યા? શવ! શિવ! સત્યાનાશ વળવા બેઠું! ધર્મ રસાતળે પહોંચવા આવ્યો ત્યાંસુધી હજુ વિચાર અને ન્યાય કરવાનો રહ્યો! ન્યાય થતાં થતાં કેટલાએ મરણ શરણ થયા! હવે તમે વળી કેવો ન્યાય કરવાના છો! ધર્મનો નાશ થવા બેઠો છે! ઘોર કળિયુગ! એવા ખ્રીસ્તિ જેવાનો સ્પર્શ કરીને અમે પણ પાપી થઈ ગયા છીએ! શિવ! શિવ!"

કૃષ્ણશંકરઃ "મહારાજ, ગભરાશો નહિં. ગુરૂ પૂર્ણિમાને દિવસે આપણે ઘેર બપોરે બ્રહ્મભોજન થશે અને જ્ઞાતિબંધુઓ ભેગા થશે, તે દિવસે ઘણા મનુષ્યો આવશે અને શહેરના અન્ય સદ્‍ગૃહસ્થો પણ પાન સોપારીએ આવશે. તમે પણ પધારજો. જ્ઞાનાનંદ પણ આવશે. તેમની સાથે આપણે વાદવિવાદ ચલાવીશું. તેઓ જે કાંઈ કરે છે તે શાસ્ત્ર વિરૂદ્ધ છે કે નહિં તે પણ પૂછીશું. તેમના ઉત્તર તમે સાંભળજો. સર્વ જ્ઞાતિબંધુઓ અને સભાજનો સાંભળશે. અમે પણ સાંભળીશું. તેમનું કાર્ય જો શાસ્ત્ર વિરૂદ્ધ જણાશે તો તેમને તરતજ જ્ઞાતિ બહાર મૂકીશું. કેમ, શો અભિપ્રાય છે મગન કાકા?"

મગનલાલે જરાક આગળ આવી ડોકું ધુણાવી, ઉંચે સ્વરે કહ્યું: "શાબાસ છે ભાઈ. ત્હમારી બુદ્ધિને ધન્ય છે. એમજ થવું જોઇએ. એનુંજ નામ ન્યાય. તેમ ન હોય તો તમારો આટલો બધો યશ, આટલી બધી કીર્તિ અને આટલી બધી પ્રશંસા થાય ખરી કે? તમે ધારો તો બધાને ગળે નખ દઇ પ્રાણ કહાડી નાખો! પરન્તુ તમે તો ન્યાયનેજ ચ્હાનાર છો. સત્યની મૂર્તિ છો. હરિશ્ચંદ્રનો અવતાર છો."

શુકલજી મહારાજનું એકતરફી હુકમનામું નહિ થવાથી ઉતરેલે ચ્હેરે બોલ્યાઃ "ઠીક, ત્યારે તેમજ થવા દો."

પંચમ પરિચ્છેદ.

શાસ્ત્ર અને સમાજ.

આજે કૃષ્ણશંકરને ઘેર ગુરૂ પૂર્ણિમાનો ઉત્સવ છે. આજે પ્રાતઃકાળથીજ બ્રાહ્મણોની આવ જા થઇ રહી છે. આજે જે બ્રાહ્મણ આવે છે તેને પાટલે બેસાડી પૂજન કરી એક રૂપિયો દક્ષિણા, એક શેર પેંડાનું પડીકું અને એક સારૂં ધોતિયું અપાય છે. આજે તેમના ઘરમાંથી નિકળતા પ્રત્યેક બ્રાહ્મણના કપાળમાં કેશરનું લેપન, ગળામાં પુષ્પની માળા, હાથમાં ધોતીઉં અને મિઠાઇનું પડીકું જણાય છે.

મધ્યાહ્નને સમયે વ્યાસપૂજા થઇ. બ્રહ્મભોજન થયું. જ્ઞાતિભોજનને થોડીવાર હતી. અન્ય બ્રાહ્મણોને દાન, દક્ષિણા અપાઇ. આજે તેમને ઘેર યાચવા આવનાર પ્રત્યેક ભિક્ષુકને કંઇક પણ અન્નધન મળતું. સત્ય કહેવું પડશે, ધર્મને માટે કહો કે પછી કીર્તિને માટે કહો, ગમે તે કહો પણ કૃષ્ણશંકરને ઘેર જેવાં અન્નવસ્ત્રનાં દાન અપાતાં હતાં તેવાં ભ્રગુપૂરના અન્ય બ્રાહ્મણને ત્યાં ભાગ્યેજ અપાતાં હશે. જ્ઞાતિ બંધુઓને પણ સારી પેઠે મિષ્ટાન્ન મળતાં, વળી ઘણાખરાને ઉધાર જોઇતા પૈસા પણ ત્યાંથી મળતા. તેથી જ્ઞાતિજનોનો મ્હોટો ભાગ કૃષ્ણશંકરનેજ દેખી રહ્યો હતો ! કહો કે તેમના દબાયલા હતા ! તે જે કંઈ કહે તે સ્વર્ગમાંથી ઉતરેલા સત્ય જેવું ઠરતું. તેમના વિરૂદ્ધ અભિપ્રાય આપવા માટે એચાર કુટુંબો સિવાય અન્ય કોઇની હિમ્મત ચાલતી નહિ. એવાં બે ચાર કુટુંબો તે ખીચડીમાં મિઠા સમાનજ !

સમય વિશેષ થયો નહોતો. શરદ્‌ના તડકાથી રસાયલા મધ્યાહ્નનો સમય હતો. વિશાળ આકાશમાંથી પડતા સૂર્યના પ્રકાશે, હવેલીની છાયાને ઘસીને ધોઈ નાખી હતી. વર્ષાદથી ભિંજાયલી હવેલીના શરીરમાંથી શરદ્‌નો તડકો, એક પ્રકારની મધુર સુગંધ ખેંચી લઈ પવનના ખોળામાં ઢાળી દેતો હતો. પવનદેવતા, તે મધુર સુગંધને લઈ, ઘેરેઘેર વહેંચી આપતા હતા.

અત્યારે ત્યાં જેમ જ્ઞાતિલા બ્રાહ્મણોની ઠઠ જામી હતી, તેમ શહેરના કેટલાક સદ્ગૃહસ્થો, મિત્રો, શુભેચ્છકો, પણ સ્હામી બાજુએ પધાર્યા હતા. પ્રવેશદ્વારથી ડાબી બાજુએ એક વિશાળ સ્થાનમાં જાજમો, ગાદી, તકીયા બિછાવી દીધા હતા. મ્હોટા ચાંદીના થાળમાં સોનેરી વરખ ચોંટાડેલાં પાન, સુગંધી મસાલાદાર સોપારી, એલચી, લવિંગ વગેરે મૂક્યાં હતાં. ચાંદીની ગુલાબદાનીઓમાં ઉંચી જાતનું ગુલાબજળ ભર્યું હતું, અને ચાંદીની ન્હાની ન્હાની અત્તરદાનીઓમાં ઉંચી જાતનાં અત્તર ભર્યાં હતાં. સ્હામેના સ્થાનમાં થોડી વાર પછી જ્ઞાતિના બ્રાહ્મણો જમવા બેસવાના છે. આ તરફ અનેક સદ્ગૃહસ્થો આવે છે તેને કૃષ્ણશંકરના દિલોજાન મિત્રો, મગનલાલ, છગનલાલ, મોતીલાલ, છોટાલાલ, જમનાશંકર, પ્રાણશંકર, ધીરજલાલ વગેરે "પધારો સાહેબ, અહિં બિરાજો રાજાધિરાજ." વગેરે નવાં નવાં વિશેષણોથી માન આપી ગાદી તકીઆ બતાવે છે. જ્ઞાતિ બંધુઓ અબોટીયાં પહેરી આવે છે અને તે એકતરફ બેઠા છે. કેટલાક વસ્ત્રો પહેરી આવ્યા છે તે જમવાની વાર હોવાથી ગાદીપર બેઠા છે. નવાં વસ્ત્ર પહેરી આવેલા શેઠીઆઓ ધીર ગતિએ, ગંભીર મુખડે, સ્મિત હસતા ગાદીપર જઇ ધામેથી તકીએ અઠેલે છે. પાન સોપારી અપાય છે. અત્તર ગુલાબ છંટાય છે. એક તરફ વેદ મંત્રની ધૂન ચાલી રહી છે. બીજી તરફ રસિકડા જુવાનિયા માટે સારંગી તબલાના નાદ સાથે નાટકનાં સંગિતો પણ ગવાય છે.

કૃષ્ણશંકરને ઘેર આનંદ ઉત્સવ થઈ રહ્યો છે. આ સમયે જ્ઞાનાનંદ શર્મા ત્યાં ભોજન માટે આવી પહોંચ્યા. તેઓનું હૃષ્ટ પુષ્ટ ઉંચુ તેજસ્વી ભવ્ય શરીર, જાંગ સુધી લાંબા હાથ, પહોળાં રાતાં નેત્ર, વિશાળ લલાટ, લાંબા ખભા, લાંબી જાડી જાંગ, અને પ્રશાંત મૂર્તિ જોઇ સર્વેએ તેમને નમસ્કાર કર્યા. કૃષ્ણશંકરે પણ તેમને દ્વારમાં પેસતાં જોયા કે તરતજ હાથમાંની ચિરૂટ સંતાડી દીધી—ફેંકી દીધી અને ઉતાવળે ઉઠીને તેમની સ્હામું જઇ આદરસત્કાર કર્યો. બન્ને એક ગાદીતકીએ પાસે પાસે બેઠા. કૃષ્ણશંકરે કુશળ સમાચાર પૂછ્યા. તેણે "ભોજનની હવે બહુ વાર નથી" એમ પણ જણાવ્યું. જ્ઞાનાનંદે મૃદુ હાસ્ય ભરિત મુખે મધુર વચનો કહી ઉત્તર દીધો

અને "જમવાની ઉતાવળ નથી" એમ પણ જણાવ્યું. ત્યાર પછી તે આસપાસ બેઠેલા અન્ય સદ્‌ગૃહસ્થો સાથે વાતચિત કરવામાં રોકાયા.

બધા વાતચિતમાં રોકાયા હતા ત્યારે શુકલજી મહારાજ વેગળે એક તકીએ અઢેલી ભૂખ્યા વ્યાઘ્રની પેઠે તીક્ષ્ણ દ્રષ્ટિ વડે જ્ઞાનાનંદ તરફ વારંવાર જોયા કરતા હતા! વચમાં વચમાં કૃષ્ણશંકર તરફ તથા તેમણે જે અન્ય જ્ઞાતિજનોને જ્ઞાનાનંદના વિરૂદ્ધ ઉશ્કેરી તૈયાર કર્યા હતા તેમના તરફ પણ જોતા હતા. તેઓ મનમાંજ વિચાર કરતા હતા કેઃ "જ્ઞાનાનંદની વિષ ભરેલી મીઠી વાતોમાં અને મૃદુહાસ્યરૂપી જાદુ વિદ્યામાં વખતે આ સર્વ બેટા ઠંડાગાર થઈ જઇ એને ન્યાત બહાર મૂકવાનું ભૂલી ના જાય! ઓ ભોળા શંકર! ઓ જગદંબા મા! તમેજ બ્રાહ્મણોનો આધાર છો! તમેજ તેમનું રક્ષણ કરજો! તમેજ તેમની વ્હારે ધાજો!"

ઘણો સમય વ્યતીત થયો છતાં મૂળ વાત નિકળી નહિ. જ્ઞાતિજનો અને અન્યજનો વાતોમાં ગુંથાયા હતા, એ જોઇ શુકલજી મહારાજ ધૈર્ય ધારણ કરી શક્યા નહિ. પાસે બેઠેલા જોશીના શરીરમાં આંગળી ઘોચી! કારણ? મૂળ વાત ઉપાડવાનું. જોશીજી મહારાજ પણ પૂર્વ પુરૂષોથી કુલીન ગણાતા હતા. ન્યાતની પટેલાઇમાં તેમનો પણ નંબર ચોથો ગણાતો હતો. એ અભિમાનથી હમેશાં ફુલ્યા સમાતા નહોતા. તેમની ધારણા હતી કેઃ "મ્હારૂં કહેવું અમાન્ય કરે એવો કોણ છે? જોઉં તો ખરો બેટાજીને! જ્ઞાતિનાં નર, નારી, બાળકોને એક બૂમ પાડતાં થરથરાવી નાખું છું! મ્હારો એ રૉફ કંઇ જેવો તેવો છે?" સર્વમાં તેમનું કંઇક સન્માન થતું એતો સત્ય વાતજ હતી. હમણાં તેમણે એક બે વખત આમતેમ જોયા પછી શુકલજીની ભંભેરણી—ઉશ્કેરણી—શિખવણી પ્રમાણે બોલવા માંડ્યુંઃ "સજ્જન ગૃહસ્થો! આ સ્થળે આપણા જ્ઞાતિબંધુઓ, વિદ્વાન બ્રાહ્મણો, ઉપરાંત શહેરના ગૃહસ્થો પણ બિરાજ્યા છે. મ્હારે એક બાબત સર્વને નિવેદન કરવી છે. આપણી જ્ઞાતિના ઘણા બંધુઓ જ્ઞાનાનંદ શર્મા સાથે એક પંક્તિએ ભોજન કરવા ખુશી નથી."

એકાએક આવી કઠોર વાત સાંભળતાંજ કરૂણાશંકર આશ્ચર્ય પામ્યા,

અને કહ્યું: "ના, ના, તેમ નહિ. જ્ઞાનાનંદભાઈ! કદાચ આપની વર્તણુક અને શાસ્ત્ર સંબંધી અભિપ્રાય જાણીને અનેક મનુષ્યો અનેક વાતો કહે છે."

એ સાંભળી જ્ઞાનાનંદના મુખ ઉપર અપ્રસન્નતાનું કિંચિદ્ ચિહ્ન જણાયું નહિ. પ્રસન્નતાની નિત્ય લીલાભૂમિ સ્વરૂપ, તેમના હાસ્યવદન ઉપર જેવી પ્રસન્નતા હતી, જેવી હાસ્યની છટા હતી તેવીજ અવિચળ જણાતી હતી. તેમની મુર્તિમાં જેવી સૌમ્યતા, દર્શનપ્રિયતા, ધીરતા અને સ્થિરતા હતી તેવીજ રહી હતી. તેમણે મધુર સ્વરે ઉત્તર દીધો: "જો મ્હારો આચાર વ્યવહાર, અને મ્હારાં ક્રિયાકર્મ પાપસમ્પન્ન હોય, ધર્મશાસ્ત્ર વિરૂદ્ધ હોય તો મ્હને જ્ઞાતિ બહાર મૂકવો એજ યોગ્ય ગણાશે. મનુષ્યને ધર્મને માર્ગે ચલાવવા માટે અને પાપમાર્ગથી પાછો ખસેડવાને માટે જ્ઞાતિબંધન અવસ્ય હોવુંજ જોઇએ; પરંતુ મ્હારે જાણવું જોઇએ કે, મ્હને કયા કારણસર જ્ઞાતિ બહાર મૂકવામાં આવે છે? તે કારણ જણાય તો ભવિષ્યમાં હું સાવધાન થાઉં અને અન્ય જ્ઞાતિજનો પણ સાવધાન થઇ શકશે."

કૃષ્ણશંકરે શુકલજીના સ્હામું જોયું. શુકલજીએ જોશીના શરીરમાં આંગળી ખોસી. જોશીજીએ પ્રથમથી મેળવેલી કેળવણી પ્રમાણે ઉત્તર દીધો: "તમે બ્રાહ્મણ થઇને બ્રાહ્મણનો ધર્મ પાળતા નથી."

જ્ઞાનાનંદના હોઠ ઉપર મધુર હાસ્ય પ્રવાહ ફરકી મુખમાં સમાઈ ગયો. તેમણે કહ્યું: "સત્ય છે. જે મનુષ્ય સ્વધર્મનું પાલન ના કરે તે દણ્ડને પાત્ર છે. બ્રાહ્મણે બ્રાહ્મણનો ધર્મ પાલન કરવો જોઇએ. ક્ષત્રિયે ક્ષત્રિનો, વૈશ્યે વૈશ્યનો અને શુદ્રે શુદ્રનો ધર્મ પાળવો જોઇએ. વારૂં પણ બ્રાહ્મણોનો ધર્મ શો? તે મ્હને પ્રથમ કહો. તે નહિ કહો તો હું કયું કર્મ કરૂં છું અને કયું નથી કરતો તે શી રીતે આપને કહી શકીશ?"

જોશી: "અધ્યયન, અધ્યાપન, યજન, યાજન, દાન, પ્રતિગ્રહ."

જ્ઞાનાનંદે હાસ્ય કરી ઉત્તર દીધો: "આપ કહો છો તેજ બ્રાહ્મણ ધર્મ હશે તો તમારે પણ મ્હારી પંક્તિમાં આવવું પડશે! માત્ર શુકલજી મહારાજ એકલા ન્યાતમાં રહેશે અને અન્ય સર્વને ન્યાત બહાર રહેવું પડશે! તમે કુલીન છો, વિદ્વાન છો, છતાં તમે પણ પતિત ઠરશો. બતાવો, તમારે

યજમાન ક્યાં છે ? કોને ઘેર તમે યજ્ઞક્રિયા કરાવી છે? અરે ! તમે યજ્ઞકાર્યજ જાણતા નથી ! અધ્યયન અને અધ્યાપનનો અર્થ, વેદ ભણવા, ભણાવવા. તમે તે ક્યારે કરો છો ? તમે વેદનો એક શબ્દ પણ જાણતા નથી ! તમે એકે વિદ્યાર્થીને ભણાવતા નથી ! દાન પણ તમે શું કરો છો ? એટલે તમે પતિત ઠરો છો! કૃષ્ણશંકરભાઈ! તમે પોતે પણ યજમાનનું કાર્ય કરતા નથી. યજ્ઞ કરાવતા નથી, વેદ ભણ્યા નથી, અન્યને ભણાવતા નથી. પ્રતિગ્રહ પણ કરતા નથી. આટલા બધા બ્રાહ્મણો બેઠા છે. તેમને પૂછીશું તો ઉપર તમે કહ્યું તે પ્રમાણેનો ધર્મ કોઇ પાળતું હોય એમ સાબિત થશે નહિ. અરે જોશીજી મહારાજ ! એટલુંજ નહિ પણ હું તમને એક ન્હાના કર્મ સંબંધી પૂછુંછું તેનોજ ઉત્તર દેશો ? વેદ, શાસ્ત્રની વાત તો વેગળી રહી પણ પૂરેપૂરી સંધ્યા કરનારા કેટલા બ્રાહ્મણો છે તે આવે મ્હારી સ્હામુ ! તેમાં પ્રાણાયામ કરનાર કોણ છે મ્હારે તે જાણવું છે ! સંધ્યા જેવું એક કલ્યાણકારક કર્મ છે તેજ બ્રાહ્મણો બરાબર કરતા નથી ત્યાં પછી વેદ, શાસ્ત્રની શી વાતો કરો છો ? બ્રાહ્મણો પોતાનાં છોકરાંઓને માથે વાળ રાખતાં અને અંગ્રેજી ફૅશિનનાં વસ્ત્રો પહેરાવવા તૈયાર હોય છે પણ તેમને નીતિ-ધર્મ કે ધર્મશાસ્ત્રનું કિંચિદ્ પણ જ્ઞાન આપે છે ? આપણી જ્ઞાતિમાં પુત્ર પોતાના પિતાની સ્હામે બોલતાં ક્યારે અચકાય છે ? કેટલીક વખત તો પિતાની ધુળ કહાડી નાંખે છે ! તેજ પ્રમાણે પુત્રિ પોતાની માતાનાં છિદ્રો શોધે છે ! માતા, પિતા, સાસુ, સસરાની મર્યાદા રાખે છે કોણ ? ન્યાતમાં બાળલગ્ન કેટલાં થાય છે ? કેટલી વિધવાઓ યજમાનોને અને અન્ય જનોને ત્યાં રાંધવા ભટકે છે ! અને ભિક્ષાન્નદેહી કરતી ફરતી ફરે છે ! જે જ્ઞાતિઓ રજસ્વળા ધર્મ પાળતી નથી તેમને ત્યાં બ્રાહ્મણોની સ્ત્રી, કન્યા રાંધવા જાય, જમવા જાય, ધર્મ કે નીતિનું નામ પણ જાણે નહિ, ગમે તેનાં અન્ન વસ્ત્રનાં દાન લે, યજમાનોને ત્યાં કે પછી અન્ય જ્ઞાતિજનોને ત્યાં એક હલકા નોકર જેવાં કામો કરે તે બધા પવિત્ર અને હું સ્વધર્મનું પાલન નથી કરતો કેમ ? આટલા બધાને હું પ્રાર્થના કરૂં છું કે, તમે જે બ્રાહ્મણ ધર્મ કહ્યો તે કોણ પાળે છે તે આ સ્થળે સ્પષ્ટ કહેવાની કૃપા કરો.”

એ સાંભળી જોશી મહારાજ માથું ખંજવાળવા લાગ્યા, અને શુકલજી મહારાજના સ્હામું વારંવાર જોવા લાગ્યા! શુકલજી મહારાજ એક ચપટો તપખીર નાકના પ્હોળા બાકામાં નાંખી બીજો ચપટો તૈયાર રાખી, નાક લુછતા લુછતા જરાક આગળ આવ્યા. સર્વ શ્રોતાજનો શાંતચિત્તે, ધર્મ-વ્યાખ્યા સાંભળવા આતુર થઇ રહ્યા.

શુકલજી: "વાદવિવાદ કરવાનો સમય નથી. મૂળ વાત શું છે તે તમે જાણો છો જ્ઞાનાનંદ? તમને લોકો "ખ્રીસ્તિ" કહે છે. ખ્રીસ્તિ સાથે બ્રાહ્મણો ભોજન કરી શકે નહિ."

જ્ઞાનાનંદ: "ખ્રીસ્તિ કોને કહેવો તે જાણો છો મહારાજ? જેઓ બુટ, પાટલુન, કોટ પહેરીને આહાર કરે, જે દેવદેવીઓની મૂર્તિને માને નહિ. જેઓ હિંદુશાસ્ત્ર પ્રમાણે વર્ત્તે નહિ. ખ્રીસ્તિઓ એ પ્રમાણે કરે છે. પરંતુ તે સાથે મ્હારે એક બાબતનું સ્પષ્ટીકરણ કરવું પડશે. એ સંપ્રદાયના મૂળ પ્રચારક મહાત્મા જીસસ ક્રાઇસ્ટ માટે મ્હને અપૂર્વ માન છે. તેઓ દયા, ક્ષમા, શાંતિ અને પ્રેમની સાક્ષાત્ મૂર્તિ હતા. તેઓ પ્રાણીમાત્રમાં ઇશ્વરનું દર્શન કરતા હતા. તેઓએ જગતની મોહ માયાથી વિરક્ત રહેવાનોજ ઉપદેશ કર્યો છે. આપણા શાસ્ત્રોની પેઠે તેમણે પણ અહિંસા, મોહ, લોભ, ક્રોધ, આદિથી વેગળે રહેવાનોજ ઉપદેશ કર્યો છે. તેમના મનથી ગૃહ અને અરણ્ય, ચન્દન અને વિષ્ઠા, અગ્નિ અને જળ, દુધ અને દૂર્ગંધમય જળ, એ સર્વ સમાન હતું. સ્વર્ગ અને મૃત્યુમાં, જીવન અને મરણમાં, તેમને ભેદ ભાવ નહોતો. એટલે તેઓ એક ખરેખરા મહાત્મા હતા અથવા બીજા શબ્દોમાં તેમનામાં ઇશ્વરનો વિશેષ અંશ હતો એમ કહેવુંજ પડશે. આજે તેમનો શિષ્ય સમ્પ્રદાય ગમે તેમ વર્તતો હોય તેની સાથે અમને કશું લાગતું વળગતું નથી. ગમે તે હો પણ હું ખ્રીસ્તિ નથી. હું ખ્રીસ્તિઓની પેઠે વર્તતો નથી. હું તો આ વિશાળ જગતનાં અસંખ્ય પ્રાણીઓમાં એક કીટાનુકીટ છું. હું તો રંક છું. હું તો સર્વ પ્રાણી માત્રનો દાસાનુદાસ છું. ઇશ્વરને ઘેર મ્હારી મુનસફી, મ્હારૂં દ્રવ્ય, મ્હારી હવેલી, કે મ્હારા ગાડી ઘોડા કશું સાથે આવવાનું નથી. ત્યાં તો માત્ર, પાપ, પુણ્ય, દયા, ધર્મ એજ સાથે

આવવાનું છે એ હું સારી પેઠે જાણું છું. શુકલજી મહારાજ, આપ પુનઃ વિચાર કરી જૂવો. આપની કંઈ ભૂલ તો નથી થતી ?"

શુકલજીઃ "ભૂલ કેવી ? તમારી બધી વર્તણુંક ખ્રીસ્તિ જેવી છે."

જ્ઞાનાનંદઃ "કાંઇક ઉદાહરણ બતાવશો ?"

શુકલજી જરાક વિચારમાં પડી ગયા. કૃષ્ણશંકરે હસી દીધું. કેટલાક કેળવણી પામેલા યુવકોએ શુકલજીને નામે હુરીઓ બોલાવ્યો. જ્ઞાનાનંદે તેમને વાર્યા.

શુકલજીઃ "તમે જાતિભેદ માનતા નથી."

જ્ઞાનાનંદઃ "હું જ્ઞાતિભેદ નથી માનતો એ તમે શી રીતે જાણ્યું ?"

શુકલજીઃ "બ્રાહ્મણ અને ઢેડને તમે સમાન આદરસત્કાર આપો છો. તમે કોઇ પૂણ્યપર્વણીને દિવસે બ્રાહ્મણભોજન કરાવતા નથી. તમે તો માત્ર ગરીબ, આંધળાં, લુલાં, પાંગળાંને ભેગાં કરી તેમને મિષ્ટાન્ન જમાડો છો. બળેવ, દિવાળી, દશેરા જેવા સારા દિવસોપર અમને બેચાર પૈસા આપો છો અને અનાથાશ્રમોનાં તથા સનાતન ધર્મનાં ગુરૂકુળોમાં અને હુન્નર ઉદ્યોગ-નાં ખાતાંઓમાં સારી રકમો મોકલાવો છો. તમે શુદ્ર પાસેથી પણ શાસ્ત્ર સાંભળો છો."

જ્ઞાનાનંદઃ "મહારાજ, તે માટે મ્હને અપરાધી શા માટે ઠેરવો છો ? એ માટે તો તમારાં શાસ્ત્રોજ અપરાધી છે. શાસ્ત્રમાંજ કહ્યું છે કેઃ "પાત્રને દાન કરવું. દીન દરિદ્રીની સેવા કરવી. ભૂખ્યાને અન્ન અને તરસ્યાને જળ આપવું. પાત્રને દાન કરતી વખતે જાતિભેદ ન રાખવો એતો શાસ્ત્રની આજ્ઞા છે. તમે રોજ મિષ્ટાન્નો ઉડાવો અને તમારે બારણે આવેલું ભિખારી ટુકડા રોટલા માટે ટળવળે, તેને ખાવાનું ન મળે એ શું ? આપણાં શાસ્ત્રોજ કહે છે કે "**खल्विदं ब्रह्म**" જગત્ એ બ્રહ્મમય–ઇશ્વરમય છે. **समं सर्वेषु भूतेषु तिष्ठंतं परमेश्वरम्** । સર્વ જીવોમાં પરમેશ્વર એક સરખો રહેલો છે ઇશ્વરને સઘળે એક સરખી રીતે રહેલો જે જૂએ છે તે ઉંચાંમાં ઉંચી ગતિને પામે છે. પરમાત્મા કહે છે કે **अहमात्मा गुडाकेश सर्व भूताशयस्थितः । अहमादिश्च मध्यंच भूतानामन्त एव च** ।" સઘળા

જીવોમાં જે આત્મા છે તે હું છું. સઘળા જીવોનું મૂળ, મધ્યભાગ અને અન્ત હું છું." વળી શાસ્ત્રમાં વર્ણ વ્યવસ્થા છે એ હું માનું છું અને તે પ્રમાણે હું વર્તુ છું. જો તેમ ના હોય તો હું વૈશ્ય, ક્ષત્રિ કે શુદ્રની જ્ઞાતિમાં તેમજ ઢેડ, ભંગી કે મુસલમાનોને ત્યાં કેમ જમવા જતો નથી? તેમની સાથે બેટી વ્યવહાર કેમ રાખતો નથી? અલબત, વર્ણ વ્યવસ્થા માનવીજ જોઇએ; પણ જ્યાં દાન કરવાનું છે ત્યાં જાતિભેદ માનવાનું કયું શાસ્ત્ર કહે છે? દુઃખી દરિદ્રી મનુષ્યો ગમે તે જાતિનાં હોય તોપણ તેને યથાશક્તિ દાન આપવુંજ જોઇએ. વારૂ હું તમને પૂછુંછું કે બ્રાહ્મણે ક્ષત્રિની પૂજા કરવાનું કયા શાસ્ત્રમાં લખ્યું છે?"

શુકલજીએ આજે જરા બે લોટા વધારે ભાંગ ચઢાવી હતી. બે ચલમ ગાંજો વધારે ફુંકયો હતો. તેથી ગુસ્સે થઇ કહ્યું: "તમે તે કેવા માણસ છો? કયો સાળો ક્ષત્રિયની પૂજા કરે છે? સાબિત કરી આપો તો એક હજાર રૂપિયા દંડ આપવા તૈયાર છું. કોણ બેટો ખોટી સાક્ષી પૂરે એમ છે! જોઉંતો ખરો! કાલે સવારે તેને કૉર્ટમાં ઘસડી ઝાંઝરાં પહેરાવી દઉં સમજ્યા? બસ સાબિત કરો. ત્યાંસુધી અહિંથી કોઇ ઉઠી શકશે નહિ. તેને શ્રી શંકરની આજ્ઞા છે. ઘોર કળિયુગ! હડહડતું જુઠું! જુવો મોટા મુનસફ સાહેબ થયા છે તે! સરકારની નોકરીમાં પણ આવાજ ખોટા ઇનસાફ કર્યા છે કે? હડહડતુ જુઠુંજ બોલ્યા છો કે? જ્ઞાનાનંદ! આવોજ તમારો ધર્મ કે? ઓ ભગવાન! હવે કયાં ન્હાસી જવું? આવા જુઠ્ઠા બ્રાહ્મણોની વસ્તીમાં રહેવું એ શું જીવતાં જીવત નર્કમાં પડયા રહેવા જેવું નથી? ઓ ભગવાન, હવે તો તુંજ સહાય થા! હવે તો તુંજ બ્રાહ્મણોની લાજ, આબરૂ, અને ધર્મ રાખ!"

શુક્લજી બોલતાં બોલતાં ખુબ તપી ગયા અને સભામાં ઉભા થઇ હાથના અનેક પ્રકારના ચાળા કરવા લાગ્યા અને લાંબા હાથ કરી કરીને જ્ઞાનાનંદની પાસે જઈ પ્રશ્નો પૂછવા લાગ્યા. આ સમયે સભામાં તેમના નામની હુરરરે પોકરાઇ રહી. કોઇ સીસોટી વગાડવા લાગ્યા, કોઇ તાળીઓ પાડવા લાગ્યા અને કોઈ તો શુક્લજી ઉપર કાંકરાં પણ ફેંકવા લાગ્યા.

કૃષ્ણશંકર અને જ્ઞાનાનંદે સર્વને શાંત પાડયા.

કૃષ્ણશંકરે કહ્યું: "જ્ઞાનાનંદજી! બ્રાહ્મણે ક્ષત્રિયની પૂજા કરવાનો આરોપ તમારે સાબિત કરવો પડશે. એતો શુકલજીને માથે કલંક રોપાયું!"

"ઘણી ખુશીથી કૃષ્ણશંકર ભાઈ." જ્ઞાનાનંદે ઠંડે કલેજે ઉત્તર દીધો અને શુકલજીને કહ્યું: "મહારાજ, ભૂદેવ, શાંત થાઓ. પહેલી નજરે જણાતો અપરાધ ક્ષમા કરો. કહો, તમે ક્ષત્રિયની પૂજા કરો છો? તમે સેવા કરતી વખતે સર્વને એક સરખા ગણો છો?"

શુકલજી વળી પાછા તપી જઈ ઉભા થઈ ગયા અને લાંબા હાથ કરી ઉત્તર દીધો: "નહિ કદી નહિ. જ્ઞાનાનંદ! તું મ્હારાપર એ ખોટો આરોપ મૂકે છે પણ યાદ રાખજે કે હવે હું તને છોડનાર નથી. એ આરોપ તું સાબિત નહિ કરે તો તું બ્રાહ્મણ નહિ. ત્હારી સાતે પેઢી નર્કમાં જાય. કાલે સવારે ત્હનેજ કૉર્ટમાં ઘસડીશ. શિવ! શિવ! હવે કયાં જવું? કયાં રહેવું? ઓ શંકર દાદા! મ્હારી વ્હારે આવોરે! અલ્યા સભામાં કોઇ છે કે બધાજ મરી ગયા? આ જુઠ્ઠાને કેમ કોઈ કંઈ કહેતા નથી? તમને બધાને એની શરમ પડી ગઇ કે શું? એ તો હસતાં હાડ ભાંગશે હસતાં! એ તો મીઠી કોઇ છે મીઠી કોઇ!"

જ્ઞાનાનંદે સ્મિત હાસ્ય કરી વચમાંજ કહ્યું: "મહારાજ! સાંભળો, જરા શાંત ચિત્તે સાંભળો. તમે શિવરાત્રિનું વ્રત કરો છો!"

શુકલજી: "અમે બ્રાહ્મણ છીએ, આસ્તિક છીએ. તમારા જેવા વટલેલા નથી. તમારા જેવા નાસ્તિક નથી. બારે માસનાં તમામ વ્રત, ઉપવાસ કરીએ છીએ."

જ્ઞાનાનંદ: "રામનવમીનું વ્રત કરો છો?"

શુકલજી: "એક વખત કહ્યું તે કેમ કાન બહેરા થયા છે? બારે માસનાં તમામ વ્રત કરૂં છું. આખો દિવસ ઉપવાસ, ફરાળ, દુધ કે ચ્હા સુદ્ધાં નહિ સમજ્યા મુનસફ સાહેબ. અરે, પાન સોપારી કે તંબાકુ સુદ્ધાં નહિ. એકલી આ તપખીર સુંઘું છું."

તપખીરની ડાબલી બતાવી ગુસ્સામાંજ ઉત્તર દીધો.

જ્ઞાનાનંદ: "અને જન્માષ્ટમી ?"

શુકલજી હવે વધારે ચિડાયા. તેમણે કહ્યું: "જોયો હવે ત્હને મ્હોટો કાયદાબાજ છે તે? ચીપી ચીપીને જાણે કૉર્ટમાં સવાલ પૂછતો હોય તેમ! જાણે જબાનીજ લેતો હોય તેમ? જન્માષ્ટમી તો ખરી પણ વરાહ જયંતિ, નૃસિંહ જયંતિ, કુર્મજયંતિ, મત્સ્યજયંતિ જેવાં ન્હાનાં વ્રતો સુદ્ધાં કરૂં છું."

જ્ઞાનાનંદે કહ્યું: "સર્વ સભાજનોને મ્હારી વિજ્ઞપ્તિ છે કે તેમણે શુકલજી મહારાજના સર્વ શબ્દો બરોબર યાદ રાખવા. વારૂ, મહારાજ! જન્માષ્ટમીને દિવસે કોની પૂજા થાય છે?"

શુકલજીએ હાથના ચાળા કરી કહ્યું: "વાહ, વાહ. એટલાએ અમે તો અજાણ્યાજ કેમ? મ્હોટા વિદ્વાનનાં પૂછડાં! કોની તે વળી શ્રી કૃષ્ણ ભગવાનની."

જ્ઞાનાનંદ: "અને તે સાથે બીજા કોની?"

શુકલજી: "દેવકી, વસુદેવ, નન્દ, યશોદા, દક્ષ, ગર્ગ વગેરેની."

જ્ઞાનાનંદ: કેમ, મહારાજ? એ બધાંની પૂજા કરવાનું શું પ્રયોજન?"

શુકલજી પાછા તપી ગયા અને આંખોના ડોળા પહોળા કરી બોલ્યા: "કૉર્ટમાં આવીજ મુનસફી કરી કે? આટલીએ બુદ્ધિ નથી બળી? સરકારના પૈસા મફતનાજ ખાધા કે? સરકાર બિચારો મહિને પૅાસ ભરીને પગાર આપતો હતો તે વખતે તેને આવી ખબર નહિ હોય! નહિ તો તમને સુંકું નાળિયેરજ પકડાવત! શ્રી કૃષ્ણ ભગવાન, પૂર્ણ પુરૂષોત્તમ, સાક્ષાત પરમાત્મા હતા. તેમની પૂજા કરવાનું શું પ્રયોજન પૂછો છો? હું તો શું પણ મ્હારી ઇકોતેર પેઢીએ પૂજા કરી છે. મ્હારે કહેવું પડશે કે તમે હજુ ભાગવત પણ ભણ્યા નથી. શિવ! શિવ! શ્રીકૃષ્ણ જે સાક્ષાત્ ભગવાનનો અવતાર છે તેમની પૂજા કરવાનું શું પ્રયોજન પૂછો છો! ધન્ય છે તમારી બુદ્ધિને!"

શુકલજીએ ભાંગગાંજો પીધાં હતાં. જ્ઞાનાનંદે નહિ. તેઓ તો શાંત ચિત્તેજ પૂછવા લાગ્યા: "હા, મહારાજ એ તો હું પણ જાણું છું. વારૂ, શ્રી કૃષ્ણ કઇ જ્ઞાતિના હતા?"

શુક્લજી: “ ક્ષત્રિયકુળના. ”

જ્ઞાનાનંદ: “મહારાજ ! તમે બ્રાહ્મણ થઇને શ્રી કૃષ્ણ જેવા ક્ષત્રિય કુળમાં જન્મેલા એક ક્ષત્રિયની પૂજા કરો એ શું કહેવાય ? તે ઇશ્વિર હતા. એમ જો કહેશો તો તમારેજ મ્હોંડે તમારો ઇન્સાફ થઇ જશે કે ગમે તે જાતિમાં જન્મ્યો હોય તોપણ પાત્રની પૂજા અને પાત્રને દાન, પાત્રનું ભજન અને પાત્રનું યજન કરવું જોઇએ. તમારા કહેવા પ્રમાણે તો તેમના પંચભૂતના શરીર સાથે આપણે શું કામ ? આપણે તો આત્મા સાથે સંબંધ. આત્મા માત્ર બ્રહ્મ. આત્મા માત્ર પરમાત્મા; અને તેમાં પણ જ્યાં દીન, દરિદ્ર, દુઃખી મનુષ્યોની સેવા કરવી, તેમને અન્ન, વસ્ત્ર, વિદ્યા આદિનું દાન કરવું તેમાં જાતિભેદ સાચવીને કામ થતું નથી ? કોઇક પ્રસંગે આપણે ઢેડનો સ્પર્શ કરી, સ્નાન કરી શુદ્ધ થતા નથી ? તેમ અસ્પર્શ્ય જાતિનો સ્પર્શ કરવાની અગત્યજ હોય ત્યાં પછી સ્નાન કરી શુદ્ધ થઇએ તો શું ખોટું ? તેમાં શો અધર્મ ? બારણે ભિક્ષા માગવા આવેલા કંગાલને કટકો રોટલો અપાય નહિ અને શ્રાદ્ધને દિવસે ચાર સ્થળે જમીને તસતસતા પેટવાળા બ્રાહ્મણને ઘરમાં ભોજન આપવું ! એ ખરૂં દાન કે ? પોતાના સન્તાનને કિમતિ વસ્ત્ર પહેરાવીએ અને રસ્તામાં બેઠેલા ભિક્ષુકના સન્તાનો ટાઢમાં ઉઘાડાં થરથરે છતાં આપણે તેને જૂનું ફાટેલું વસ્ત્ર પણ ન આપીએ એ ક્યા પ્રકારનું બ્રાહ્મણત્વ ? આપણાં આર્ય શાસ્ત્રોમાં દાનનો મહિમા વર્ણવ્યો છે તે પ્રમાણે પાત્રનેજ દાન આપવું જોઇએ; અને પાત્રનીજ પૂજા કરવી જોઇએ છે. સારા ગુણવાળો મનુષ્ય જગતમાં પૂજાય છે. શ્રી કૃષ્ણ ભગવાન સાક્ષાત્ ઇશ્વિરાવતાર હતા. તે ક્ષત્રિયને ઘેર જન્મ્યા અને કંસ જેવા પાપી અસુરનો વધ કર્યો અને પ્રજાને સુખ શાંતિ આપી તેથી તેમની સર્વત્ર પૂજા થાય છે. વારૂ, પરંતુ દેવકી, વસુદેવ વગેરે તો પરમાત્માના અવતાર નહોતા. તે મનુષ્ય તો ક્ષત્રિય હતા. તેમની પૂજા શામાટે કરો છો ? વળી નન્દ અને યશોદાજી તો ક્ષત્રિય પણ નથી. તેઓ તો વૈશ્ય–ગોપ જાતિ છે. તમે બ્રાહ્મણ થઇને શામાટે તેમની પૂજા કરો છો ? એ ઉપરાંત બીજો પ્રશ્ન છે. શ્રીરામચન્દ્ર, કૌશલ્યા અને દશરથ, વાનર જાતિના હનુમાનજી, રાક્ષસ જાતિના

વિભીષણ, ચણ્ડાલ જાતિના ગુહક. એ બધાંની શા માટે પૂજા કરો છો? એનો ઉત્તર એજ છે કે બ્રાહ્મણો—હિંદુઓ—સમસ્ત વિશ્વને શ્રી ભગવાનની મૂર્તિજ સમજે છે. બ્રાહ્મણો તો તૃણથી તે મેરૂપર્યંત સર્વના ઉપાસકો છે. પુષ્પ, ફળ, પત્ર વગેરે સર્વ પવિત્ર—સર્વને ઇશ્વરનું રૂપજ માને છે. જળ એક છે. માત્ર આધાર જૂદા જૂદા છે. એ સિવાય બીજું શું? સાગરનું જળ, નદીનું જળ, સરોવરનું જળ, ખાડીનું જળ, ખાબોચીઆનું જળ, નાળાનું જળ, લોટાનું જળ અને અંજલિનું જળ; એ સર્વ જળ વસ્તુતઃ એકજ છે. માત્ર આધાર ભેદને લીધે અને અવસ્થા ભેદને લીધે નામ અને ક્રિયામાં ભેદ છે. તે માટેજ બધા પ્રકારના જળને મૂર્તિરૂપ ભગવાનની સેવા પૂજા કરવાના અથવા રસોઇ બનાવવાના અને પીવાના ઉપયોગમાં લેવાતું નથી. કોઈ જળ પીવાના, કોઈ જળ રાંધવાના, કોઇ જળ વસ્ત્ર ધોવાના અને કોઈ જળ વાસણો માંજવાના એમ જૂદા જૂદા ઉપયોગમાં લઇ શકાય છે તેજ પ્રમાણે સંસારનાં સમસ્ત મનુષ્યોનું પણ સમજવું. સર્વ મનુષ્યો તે વિરાટ્ ચૈતન્ય ભગવાન સ્વરૂપ છે. પંચભૂતના શરીરના આધારભેદને લીધે ક્રિયાભેદ થયા છે. કોઇ પવિત્ર ગણાય છે. કોઇ અપવિત્ર ગણાય છે. આ પવિત્ર, દુર્ગંધિમય જળ જેમ યંત્રમાં નાખવાથી પવિત્ર નિર્મળ, અને સ્વચ્છ થઇ મનુષ્યોની તૃષાનું નિવારણ કરે છે.* તેજ પ્રમાણે અપવિત્ર જણાતાં મનુષ્ય પણ જ્ઞાન અને ભક્તિને યોગે પવિત્ર થઈ જીવ—જગતની કામ—પિપાસાનું નિવારણ કરવા સમર્થ થાય છે. મહારાજ! હું કે તમે શુદ્ધ બ્રાહ્મણ ક્યાં છીયે? માત્ર બ્રાહ્મણના ક્ષીણ ચિહ્ન સ્વરૂપ ખભાપર જનોઇ નાખી છે એટલુંજ બાકી આપણામાં બ્રાહ્મણનાં લક્ષણ ક્યાં છે? બ્રાહ્મણો ભાંગ ગાંજો ફુંકીને, દ્વેષ ક્લેશ કરીને, ગાળો ભાંડીને, એક બીજાને જ્ઞાતિ બહાર મૂકીને, પક્ષપાત, વિશ્વાસઘાત, ચોરી, લુચ્ચાઇ કરીને જીવન વ્યતીત કરતા હશે કેમ? બ્રહ્મ જાણનાર બ્રાહ્મણ કહેવાય છે તે ખોટું કેમ? અને બ્રહ્મ રૂપે

---

* સ્ટીમરમાં દરિયાઈ પ્રવાસ કરનારા મનુષ્યોને ખબર હશે કે દરિયાનું ખારૂં જળ સ્ટીમરમાં રાખેલા એક યંત્રમાં લેવાઇ તેમાંથી ખારાશ નીકળી જઈ મીઠું જળ બની પ્રવાસીઓના પીવાના ઉપયોગમાં આવે છે. એ બતાવી આપે છે કે જેને આપણે નાલાયક માનીએ છીએ તે ક્રિયાભેદે લાયક બને છે. લેખક.

વિરાજતા વિરાટ્ વિશ્વના જીવાત્માઓ પ્રત્યે દ્વેષ કરવો, તેનો તિરસ્કાર કરવો, પાત્રને દાન ન કરવું એજ યોગ્ય કેમ? ધર્મશાસ્ત્ર પ્રણેતા ગૌતમે પોતાની સંહિતામાં શું કહ્યું છે તે સાંભળો:—

अग्निहोत्र व्रतपरान् स्वाध्याय निरतान् शुचीन् ।
उपवास रतान् दान्तांस्तान् देवा ब्राह्मणान् विदुः ॥
न जाति पुज्यते राजन् गुणाः कल्याणकारकाः ।
चण्डालमपि व्रतस्थं तं देवा ब्राह्मणं विदुः ॥

"જેઓ અગ્નિહોત્ર વ્રતધારી, સ્વાધ્યાયમાં નિરત, પવિત્ર, ઉપવાસ કરનાર, વિનયશીલ છે, તેમનેજ દેવતાઓ બ્રાહ્મણ તરીકે ઓળખે છે. હે રાજન્! જાતિ માત્ર પૂજ્ય નથી. ગુણ એજ કલ્યાણકારક છે. ગુણવડેજ નીચ જાતિમાં જન્મેલાં મનુષ્યો પણ ઇશ્વિર પેઠે પૂજાય છે. ચણ્ડાલ પણ જો વ્રતધારી થાય તો દેવતાઓ તેને બ્રાહ્મણ જાણે છે."

क्षान्तं दान्तं जितक्रोधं जितात्मानं जितेन्द्रिय ।
तमेव ब्राह्मणं मन्ये शेषाः शूद्रा इति स्मृताः ॥

"ક્ષમાવાન, વિનયશીલ, ક્રોધને જીતનાર, અને જિતાત્મા, જિતેન્દ્રિય-નેજ બ્રાહ્મણ કહેવો. એ સિવાય અન્ય શૂદ્ર."

મહાભારતમાં લખ્યું છે કે: "ત્યાગ કરવા લાયક, કુક્રિયામાં આસક્ત રહેનાર, દામ્ભિક, (પાપી, ઇશ્વરભક્તિ શૂન્ય, કામ, ક્રોધ આદિ દુર્ગુણવાળો,) બ્રાહ્મણ વિદ્વાન હોય તો પણ તે શૂદ્ર જેવો છે; અને જે શૂદ્ર, સત્ય, દયા, અને ધર્મમાં હમેશાં પ્રેમ રાખતો હોય તેને બ્રાહ્મણ કહેવો જોઇએ. કારણ કે આચાર વ્યવહાર વડેજ બ્રાહ્મણ થઈ શકાય છે.+

કહો શુકલજી મહારાજ, હવે બ્રાહ્મણ કોને કહેવો? દાન કોને કરવું? કોને ભોજન કરાવવું? કોને વસ્ત્ર દાન કરવું? કોનું પૂજન અર્ચન કરવું? ભૂતમાત્રમાં જે બ્રહ્મનાં દર્શન કરે છે, જગતના જીવ માત્ર ઉપર જેને પરમ પ્રેમ છે, ક્ષમા, સ્વાધાય, ઇન્દ્રિય જય, એ જેનું અંગભૂષણ છે, તેજ બ્રાહ્મણ કહી શકાશે. એવા બ્રાહ્મણના ચરણ ધોઈ તે જળનું પાન કરવાથી જીવ

+ મહાભારત. વનપર્વ. માર્કંડેય સમસાધ્યાય.

કૃતાર્થ થાય છે. અંધ, આતુર, દરિદ્ર, વૃદ્ધ, અન્ન વગર દુઃખી થતા હોય, વસ્ત્ર વગર નગ્ન ફરતા હોય, તેમનું પાલન, પોષણ કરવાથીજ ભગવાન સંતુષ્ટ થાય છે. બ્રાહ્મણનો પણ એજ ધર્મ છે. વિશ્વના જીવોના હિતનો વિચાર કરવો અને જ્ઞાનનો વિકાસ કરવાનો યત્ન કરવો એજ બ્રાહ્મણનો ધર્મ છે. બ્રાહ્મણ એતો કલ્પતરૂ અને ચિન્તામણિ સ્વરૂપ છે. પૂર્વકાળના બ્રાહ્મણો પાસે જનાર ક્લેશતાપથી તપેલા યજમાનોનું સર્વ પ્રકારે મંગળ થતું અને આજના બ્રાહ્મણો માત્ર ગજવું, ઝોળી અને હાથનો ખોબો ભરવામાંજ કુશળ છે! એ સિવાય બીજું શું છે મહારાજ! વિદ્યા, વિનય અને સંતોષ વગરના બ્રાહ્મણને બ્રાહ્મણ કોણ કહી શકશે? મહારાજ! આવું સ્પષ્ટ કહેવા માટે ક્ષમા કરજો. હું તો પ્રાણી માત્રને ઇશ્વરનું રૂપ સમજું છું. સર્વને મ્હારા દણ્ડવત્ નમસ્કાર હો. મ્હને કોઇ પર ક્રોધ, દ્વેષ નથી. જેનામાં જેટલું જ્ઞાન તેટલું તે બોલે, વર્તે, તેનું દુઃખ શું? તેમ છતાં જેનામાં જે નથી, તેનો ડૉળ કરે ત્યારે બે બોલ સત્ય લાગે તે કહેવા એજ મ્હારો ધર્મ. દયાળુ પ્રભુ! ક્ષમા કરજો.”

આ બધું સાંભળીને સર્વ શ્રોતાજનોના મુખમાંથી જ્ઞાનાનંદને માટે ધન્યવાદના શબ્દો નિકળ્યા. કૃષ્ણશંકરે પણ ધન્ય છે, ધન્ય છે, કહી તેમને બે હાથ જોડયા. લાંબા તાડ જેવા જોશીજી ઑથે રહીનેજ કાચિંડા જેવી ડોક વારંવાર ઉંચી નીચી કરવા લાગ્યા; પરંતુ તેમનાથી પુનઃ પ્રશ્નોત્તર થયા નહિ. શુકલજીનાં રાતાંચોળ નેત્રોમાંથી જાણે ક્રોધની જ્વાળા નિકળતી હોય તેમ જણાવા લાગ્યું. તેમણે કહ્યુંઃ “શિવ! શિવ! કાયદો ભણ્યા કે બસ થઇ ચૂક્યું! આર્ય શાસ્ત્રને પણ કાયદા પ્રમાણે ચલાવનાર અને તેના કાયદા પ્રમાણે અર્થ કરનાર તમારા જેવા કેટલા મુનસફ દુનિયામાં હશે? તમારી બધી વાતો નાસ્તિકતા ભરેલી છે; વારૂ, તમે તમારી બે કન્યાઓને મ્હોટી ઝાડ જેવી કેમ કરી છે? જાણે મડમોજ જોઇ લેવી! આટલું બધું સંસ્કૃત શા માટે ભણાવ્યું છે? એ શું શાસ્ત્ર સંમત છે? આપણી જ્ઞાતિની ઘણીએ સ્ત્રીઓ વૃદ્ધ થઇ છે તેમને એક અક્ષર પણ આવડતો નથી છતાં પોતાનો ઘરસંસાર કેવી નમ્રતાથી, કુશળતાથી ચલાવે છે?”

જ્ઞાનાનંદે મૃદુહાસ્ય કરીને કહ્યું: "શુકલજી મહારાજ! એક દોષ તમે બરાબર સાબિત કરતા નથી તે પહેલાં બીજી વાત! ઠીક છે. હું કન્યાઓને સંસ્કૃત શિખવું તે શું શાસ્ત્રથી વિરૂદ્ધ છે? તમે ગાર્ગી, મૈત્રેયી, સુલભા, લીલાવતી, ખના, વગેરે વિદુષી રમણી રત્નોનાં નામ સાંભળ્યાં છે? તેમનાં જીવન ચરિત્રો વાંચ્યાં છે? એ બધી રમણીઓ અભણ નિરક્ષર હતી કે? સીતા, દમયન્તી, સાવિત્રી, શકુન્તલા, સત્યભામા, દ્રૌપદી, એ સર્વ વિદ્યા વિશારદ હતી તેની તમને ખબર છે મહારાજ? સાચી વાત એ છે કે મુસલમાનોનું રાજ્ય થયું તે સમયે હિંદુઓ કન્યાને બાલ્યાવસ્થામાંજ પરણાવી દેતા હતા; કારણકે કેટલાક મુસલમાન રાજાઓ હિંદુઓની કન્યાને પરણ્યા હતા. એ અંધકારનો જમાનો શું હજુ સુધી બેસી રહ્યો છે? કન્યાને ન્હાનપણથી પરણાવવાનું નઠારૂં પરિણામ ઉંદર જેવી ઠીંગણી અને અકકલહીન સન્તતિમાં આવ્યું છે, છતાં બ્રાહ્મણો પોતે જાગૃત થઇને પ્રજાવર્ગને જાગૃત નહિ કરે તો તેનાં પરિણામ સમસ્ત સમાજને મહાન નુકશાન કરશે સમજ્યા મહારાજ! બાળલગ્નનું દુષ્ટ પરિણામ અનેક પ્રકારની હાનિઓ કરે છે તે સર્વ જાણે છે છતાં હજુ તમારી આંખ ઉઘડતી નથી! દશ બાર વર્ષની કન્યાને પરણાવી કે તરતજ તેને સાસરે લઇ જઇને અથવા મોકલી દઇને ગૃહસ્થાશ્રમમાં નાખવામાં આવે છે! અને એક બે વર્ષમાં તો તે બાલબચ્ચાંવાળી થાય છે! અપકવ અવયવવાળી, જ્ઞાનહીન નારીઓને ગર્ભનું શી રીતે પોષણ કરવું, ગર્ભમાંની સંતતિને કયા પ્રકારે ઇચ્છાનુસાર ઉત્તમ નર–નારી બનાવવી; એ સર્વનું ક્યાં જ્ઞાન હોય છે? મૂળમાં તે કન્યાજ બિચારી અભણ કે ટુંકા જ્ઞાનવાળી હોય છે ત્યાં પછી તે ગર્ભને કે જન્મ્યા પછી બાળકને શું જ્ઞાન આપે? તેના પિતાની ક્ષુદ્ર બુદ્ધિને લીધે તેજ અને શારીરિક વ્યાધિથી કિંવા અજ્ઞાનરૂપી વ્યાધિથી ગ્રસ્ત થયેલી હોય છે ત્યાં પછી તે સંતતિને શું શિક્ષણ આપે? કેટલેક સ્થળે માતાપિતા સમજુ હોય છતાં જ્ઞાતિના રિવાજ પ્રમાણે કન્યાને દશ બાર વર્ષે પરણાવે છે, પણ બીજવર જમાઇરાજ એવા અક્કલના હોંશિયાર હોય છે કે પરણ્યા કે તુરતજ બિચારી અપકવ અવયવવાળી, અજ્ઞાન બાળાને ગૃહિણી બનાવવા ઘેર તેડી

જાય છે! અને પછી સર્વનાશનું પૂછવુંજ શું? એવાં ઉદાહરણો ભલભલા બી. એ. અને એમ. એ. થયેલા ગ્રેજ્યુએટોમાં જોવામાં આવે છે ત્યાં પછી સાધારણ ભણેલાની તો વાતજ શી? શુકલજી મહારાજ! હું તો એટલુંજ સમજું છું કે કન્યાને વિદ્યાદાન અને ગૃહસ્થાશ્રમ ચલાવવા જેવું શ્રેષ્ઠ જ્ઞાન આપીનેજ ત્હેને પરણાવવી; કિંવા વહેલી પરણાવી હોય તો પણ ત્યાર પછીજ સાસરે મોકલવી. જ્ઞાન ન હોય તો ઉન્નતિની આશાજ નથી. જે અંગ્રેજ જાતિ વિશ્વના મ્હોટા ભાગ ઉપર રાજ્ય ચલાવી રહી છે તેઓ પ્રથમ પુત્ર-કન્યાને બ્રહ્મચર્ય પળાવી, સારી પેઠે વિદ્યાદાન આપ્યા પછીજ ગૃહસ્થાશ્રમમાં જોડે છે. ત્યારે તેઓનાં શરીર અને જ્ઞાન કેવાં ઉચ્ચ પ્રતિનાં છે તે સર્વ જાણે છે. મ્હારૂં કહેવું એ છે કે સંસ્કૃત જે આપણા પૂર્વજોની માતૃ ભાષા છે તેનું બને તેટલું જ્ઞાન આપણી કન્યાઓને આપવુંજ જોઇએ; તોજ તેઓ બુદ્ધિમાન થાય અને પોતાની સન્તતિને પણ ત્યારેજ બુદ્ધિમાન બનાવી શકે. સંસ્કૃત જેવી ઉત્તમ ભાષામાં જે આદર્શ ગ્રન્થો છે તે આપણાં પુત્ર-કન્યાઓએ ભણવાજ જોઇએ. તોજ વ્હેલે મોડે એક દિવસ આપણે આપણા સભ્ય, વિદ્વાન, જ્ઞાની પૂર્વજો જેવા ઉચ્ચ આદર્શ થઈ શકીશું. રમણી એ વિશ્વજનનીનો અંશ છે. વિશ્વ નિવાસી જીવો તેનાં સન્તાન છે. ઉન્નત જ્ઞાન વગર સ્વધર્મ પાલન કરવાના તેમના પવિત્ર મહાકાર્યમાં વિઘ્ન ઉત્પન્ન થાય. તેમને નિરક્ષર, અજ્ઞાન, પશુ જેવી રાખવાથીજ આપણે આજે ક્લેશ દ્વેષના કિચડમાં પડયા છીએ. એજ કારણથી આપણને વિશ્વનું-જ્ઞાતિનું કલ્યાણ કરવાનાં કામ સુઝતાં નથી પણ માત્ર પરસ્પર લડવું અને ન્યાત બહાર મુકવાનુંજ સૂજે છે! કન્યાઓને ઉચ્ચ પ્રતિની વિદ્યા આપવી એ તો બ્રાહ્મણનું મુખ્ય કર્ત્તવ્ય છે.”

શુકલજી: “હજુ સુધી તેમનાં લગ્ન કેમ કર્યા નથી? શાસ્ત્રમાં લખ્યું છે કે: **दशमे कन्यका प्राप्ता*** ।—”

જ્ઞાનાનંદે વચમાંજ કહ્યું: “એવા શ્લોકોનો અર્થ બુદ્ધિપૂર્વક સમજવો

* આઠમે વર્ષે ગૌરી, નવમે રોહિણી, દશમે કન્યા અને ત્યાર પછી રજસ્વળા. ગૌરી કન્યાનું દાન કરવામાં મ્હોટું ફળ ગણાય છે.

જોઇએ. એ વચનો સંહિતાકારનાં છે ખરાં પરંતુ એ સંબંધમાં મનુમહારાજે શું કહ્યું છે તે પણ તમે જાણતાજ હશો. જે સ્થળે અન્ય સ્મૃતિયો સાથે મનુસ્મૃતિને વિરોધ ભાવ હોય તે સ્થળે મનુસ્મૃતિનેજ પ્રમાણ ગ્રન્થ ગણવામાં આવે છે.+ મનુ મહારાજે કહ્યું છે કેઃ ત્રિશ વર્ષના યુવકે બાર વર્ષની, ઇચ્છાનુસાર કન્યાને પત્નિરૂપે ગ્રહણ કરવી.× કેમ શુકલજી મહારાજ! તમારા દશ વર્ષને બદલે મનુજી બાર વર્ષ બતાવે છે તેનું કારણ? બાર વર્ષે કન્યાકાળ જતો રહે છે કેમ? સાંભળો, મનુજી કહે છે કેઃ "સર્વાંગ સુંદર અને કુલ, શીલમાં ઉભય વર મળે તો કન્યા વિવાહ યોગ્ય ના હોય તોપણ તેનું દાન કરવું, અને ઋતુમતી થયા પછી કન્યા પતિને ઘેર રહેશે. પરંતુ નિર્ગુણ—અપાત્રને કન્યાદાન કરવું નહિ.§ મહાનિર્વાણ તંત્રમાં પણ કહ્યું છે કેઃ "કન્યાને સુશિક્ષિતા કરીને પછીજ ધન રત્નસહિત, પણ્ડિત વરને દાન કરવી.*" મહારાજ! જેટલાં શાસ્ત્ર જોઇશું તેમાં કન્યાને વિદ્યા ભણાવવી જોઇએ એવુંજ લખેલું મળી આવશે. કન્યાનો વિવાહ કરવા સંબંધી વય વિષે તો આપણાં શાસ્ત્રોમાં પરસ્પર વિરૂદ્ધ વિચાર બતાવ્યા છે છતાં મનુસ્મૃતિને પ્રમાણભૂત ગણીનેજ હું વર્તુંછું. મ્હારી કન્યાઓ નિત્ય આનંદ ઉત્સાહમાં ઉછરે છે તેથી હૃદય પુષ્ટ અને શરીરે ભરેલી હોવાથી વય મ્હોટું જણાય એ સ્વાભાવિક છે પરંતુ મ્હેં જે કર્યું છે તે યોગ્યજ છે. શાસ્ત્રથી કિંવા જ્ઞાતિથી વિરૂદ્ધ કશું કર્યું નથી."

કૃષ્ણશંકરે શુકલજીના મુખ સ્હામું જોયું. શુકલજી તો એકજ હઠ

\+ वेदार्थोपनिबन्धृत्वात् प्राधान्यं हि मनोःस्मृतिः ॥

× त्रिंशद्वर्षोद्वहेत् कन्यां हृद्यां द्वादश वार्षिकीम्। म. सं. अ. ९ श्लो.९४

§ उत्कृष्टायाभिरुपाय वराय सदृशाय च ।
अप्राप्तामपि तां तस्मै कन्यां दद्याद् यथाविधि ।
काममामरणात् तिष्ठेत् गृहे कन्यर्तुमत्यपि ॥
न चैवैनां प्रयच्छेत् तु गुणहीनाय कर्हिचित्। म. सं. अ. ९. श्लो. ८९.

* कन्याप्येवं पालनीया शिक्षणीयाति यत्नतः ।
देया वराय विदुषे धनरत्न समन्विताम् ॥ महानिर्वाणतन्त्र.

લઇ બેઠા હતા. તેમણે કહ્યું: “તમે ગમે તે કહો, તમારાં સર્વ કાર્ય જ્ઞાતિથી વિરૂદ્ધજ છે. તેથી તમારી સાથે પંક્તિભોજન અમે લઇ શકીશું નહિ. આજથી તમારો વ્યવહાર બંધ.”

જોશી, ભટ, પંડયા, પાઠક, વ્યાસ વગેરે શુકલજીના મળતીઆએએ શુકલજીની આજ્ઞા શિરોમાન્ય કરી. તેમણે કહ્યું: “સત્ય છે! સત્ય છે! આજથી જ્ઞાનાનંદ સાથેનો આપણો વ્યવહાર બંધ. ઠરાવ કરો કે એ માણસ હિંદુ ધર્મ શાસ્ત્રને અને દેવ દેવીઓને માનતા નથી તેથી તેમની સાથેનો જ્ઞાત વ્યવહાર બંધ.”

આ સમયે કેટલાક વિદ્વાન, નિષ્પક્ષપાતી યુવકો ત્યાં ઉભા હતા. તેમણે મ્હોટેથી કહ્યું: “તમારો ઠરાવ પક્ષપાતી છે. તમે દ્વેષને લીધેજ જ્ઞાનાનંદ જેવા વિદ્વાન જ્ઞાતિ બંધુને ન્યાત બહાર મૂકો છો. અમારે તે કબુલ નથી. તે જમશે નહિ તો અમે પણ ચાલ્યા જઇશું. શુકલજી દોઢ મણ ભાંગ ગાંજો ઢીંચીને આવ્યા છે એટલે તેમને બોલવાનું ભાન નથી. કૃષ્ણશંકરભાઇ વગેરે પણ તેમની સ્હેમાં તણાઇ જાય છે એ તદ્દન ગેરવ્યાજબી થાય છે.”

જ્ઞાનાનંદે યુવકોને શાંત પાડતાં કહ્યું: “ભાઇઓ! તહમે શા માટે તકરાર કરો છો? શાંત થાઓ. સર્વ પ્રાણી માત્ર ભૂલનાં દાસ છે. આપણા જ્ઞાતિબંધુઓ પોતાની એ ભૂલ સમજી શકશે, તે વખતે તેમને જણાશે કે મ્હારૂં કોઇ પણ કાર્ય કલંકિત નથી. હમણાં તમે જો ધાંધલ કરશો તો જ્ઞાતિભોજન સમયે તોફાન થશે. પરસ્પર ગૃહ કલેશ જાગશે. જ્ઞાતિનું હિત ચ્હાતા હો તો શાંત થાઓ. તમે સર્વ ખુશીથી જમવા બેસો. હું એકલોજ જ્ઞાતિ બહાર રહીશ.”

કૃષ્ણશંકર બહુ દિલગીર થયા. પોતાને ઘેરથી એક વિદ્વાન જ્ઞાતિબંધુ જમ્યા વગર પાછા ઘેર જાય એ જાણી તેમને ઘણું દુઃખ થયું, પરંતુ શું કરે? શુકલજીની એ આંખની શરમ છંડાય તેમ નહોતું! તેમણે આત્મહત્યા કરવાની ધમકી આપી હતી. તેથી તે ચૂપજ બેસી રહ્યા. જ્ઞાનાનંદ જમ્યા વગરજ પાછા ઘેર ગયા. તે આવ્યા ત્યારે તેમનું મુખ હસતું હતું. ગયા ત્યારે પણ તેવા હસતે મુખે ઘેર ગયા.

ષષ્ટ પરિચ્છેદ.

વેદ અને ગીતા.

શરદની અષ્ટમીનો ચન્દ્ર પૂર્વાકાશથી થોડે ઉંચે ચ્હડયો છે. ચન્દ્રની ચાંદનીએ જગત ઉપર રૂપેરી રસ ઢાળી દીધો છે. સર્વત્ર શીતળતા પ્રસરી રહી છે. નવરાત્રિના દિવસો હોવાથી શહેરમાં સ્થળે સ્થળે યુવતિ સુંદરિઓના મધુર કણ્ઠમાંથી ગરબા ગવાઇ રહ્યા છે. તે સાંભળવા લોકોની ઠઠ જામી રહી છે. દેવીઓનાં મંદિરોમાં હાંડી ઝુમર ઝનઝનાટ કરી રહ્યાં છે. દિવાળી નજીક આવેલી હોવાથી—લોકોના ઘર ધોળાઇ તૈયાર થયેલાં હોવાથી—જ્યાં ત્યાં સુશોભિત જણાય છે. આખા વર્ષનું દરિદ્ર જાણે આ વખતેજ કાઢી નાંખ્યું હોય તેમ લોકોએ જૂના પુરાણાં ઘરને પણ રંગ રોગાન કરી દીધાં છે! આજે જગત ઉપર આનંદ છવાઇ રહ્યો છે. ઘરોમાં, રસ્તાપર, અને ખેતરોમાં પણ આનંદ આનંદ જણાય છે. આજે ગરીબ અને શ્રીમંત સર્વ એક સરખા આનંદમાં છે.

આજે મા જગદમ્બાનાં સર્વ દેવળોમાં અષ્ટમીનો હોમ થઇ ગયો છે. અનેક ભક્ત લોકો હોમનાં દર્શન કરી પુલકિત હૃદયે મંદિરમાં દેવીનાં દર્શન કર્યાં છે. ત્યાં મા જગત્ જનનીનાં દર્શન કરી અનેક પ્રકારના વર માગ્યા છે.

વિશ્વવ્યાપિની મા અંબિકેનાં દર્શન કરવા જ્ઞાનાનંદ, તેમનાં પત્નિ અને તેમની બે કન્યાઓ પણ ગયાં હતાં. જ્ઞાનાનંદનું કુટુંબ માતાજીનાં દર્શન કરી ઘેર આવ્યા પછી જમી પરવારી દિવાનખાનામાં વાતચિત કરતું બેઠું છે. આવો વાચક! આપણે પણ તેમની વાતચિત સાંભળીએ.

જ્ઞાનાનંદની પત્નિએ પૂછ્યું: "વૈશાખ જેઠની પ્રચણ્ડ મેઘ ગર્જના સાંભળી જેમ પ્રાણ આકુળ—વ્યાકુળ થઇ ઉઠે છે તેજ પ્રમાણે માતાને પાડા—બકરાનું બળિદાન આપવાની વાત સાંભળી મ્હારા પ્રાણ કમ્પી ઉઠયા છે.

ગરિબ, નિર્દોષ બિચારા બકરાનો ભોગ! પ્રભુ ! પ્રભુ !"

જ્ઞાનાનંદે હસીને ઉત્તર આપ્યો: "કેમ ? જગતમાં નિત્ય અનેક રોગથી અનેક બકરાં અને પાડાના પ્રાણ જાય છે. તેનાથી તમારા પ્રાણ કમ્પી ઉઠતા નથી અને માતાને બળિદાનમાં બકરા—પાડા આપવાની વાત સાંભળી પ્રાણ કમ્પી ઉઠે છે તેનું કારણ શું ? જગતમાં હજારો જન્મે છે. હજારો મરે છે."

પત્નિ: "શા માટે એમ થાય છે તે હું જાણુતી નથી. બાલ્યાવસ્થામાં પિતાની સાથે એક વખત રાત્રે એક દેવીના દેવળમાં ગઇ હતી. પાછલી રાતનો સમય થયો. તે વખતે એકાએક ટકોરખાનાં અને સરણાઇના કર્ણ મધુર નાદ સંભળાયા. મ્હારા પિતા ચુસ્તદેવી ભક્ત હતા. તે જાગતા હતા. હું તો દસ વાગતામાંજ તેમની પાસેજ નિદ્રાવશ થઇ ગઇ હતી. બીજા સેંકડો મનુષ્યો ત્યાં આમતેમ ફરતા હતા. ટકોરખાનાં વાગતાં હું જાગૃત થઇ. મ્હારા પિતાને પૂછતાં જણાયું કે દેવળ સ્કામે બાંધેલા બકરાનો ભોગ અપાશે. થોડી વારમાં તેનો પૂજારી હાથમાં તરવાર લઇને આવ્યો. ત્યાર પછી જે કરૂણ દેખાવ જોયો તેની છબી હજુ પણ મ્હારા હ્રદયમાંથી ભૂસાતી નથી ! એ વાતને આજે ત્રીશ વર્ષ થઇ ગયાં છે, છતાં જ્યારે નવરાત્રિની આઠેમ આવે છે ત્યારે મ્હારા પ્રાણ થરથર કમ્પી ઉઠે છે ! તે દિવસની બકરાની ચીચીઆરીઓ, તેનું ડોકુ કપાયા પછી ધડનો ફડફડાટ ! ઓ બાપરે ! ઓ વિશ્વજનની ! ક્ષમા કર ! ત્હારા રાજ્યમાં અન્ય ભક્ષની શી ખોટ છે કે તું આવા નિર્દોષ પ્રાણીઓનો ભોગ લઇ તૃપ્ત થાય છે ? મા, જગદંબા ! તું કહે તો હું ત્હને એ બકરા જેટલું મિષ્ટાન્ન ધરાવું પણ આવા ભોગની ક્ષમા કર ! આ ભોગથી તું જેટલી તૃપ્ત થતી હશે તેના કરતાં તો જીભનો સ્વાદ પુરો પાડનારા, માંસાહારી ભક્તો બહુ તૃપ્ત થતા હશે ! ઓ મ્હારી મા ! કૃપા કર ! દયા કર ! આ ભોગ લેવાની ત્હારા ભક્તોને ના કહે ! મા ! આવા કર્મથીજ ખરો ધર્મ થતો હશે ?" એમ કહી શરીર કમ્પાવી નેત્રમાંથી આંસુ લુછી નાંખ્યાં.

જ્ઞાનાનંદે સ્મિત હાસ્ય કરી કહ્યું: "સ્ત્રીઓને એવી વાતમાં બહુ શોક થાય એ સ્વાભાવિક છે. પુરૂષોથી પણ એ કમકમાટ ભરેલો દેખાવ જોઇ શકાય નહિં પણ જેઓ ધર્મનો ખરો અર્થ સમજતા નથી, શાસ્ત્રના ઉંડા

રહસ્યને જાણવાની જેમણે તસ્દી લીધી નથી, તેમની દષ્ટિએ કશી લાગણી થતી નથી ! એ કાર્યને ધર્મનું કાર્ય કહેવામાં આવે છે, પણ ધર્મ શબ્દનો અર્થ બહુ વિશાળ છે. ખરો ધર્મ એવાં બલિદાનમાં નથી, અને જ્ઞાનિયોને જપ–યજ્ઞમાં પણ નથી. આત્મા માત્ર બ્રહ્મ છે અને એ બ્રહ્મને જાણવો એજ ખરો ધર્મ છે. બલિદાન આપવાથી રાજસિક શક્તિની વૃદ્ધિ થાય છે. જેઓ દેવીના ઉપાસક છે, જેઓ તરવારના બળ વડે સમાજ અને ધર્મનું રક્ષણ કરવા ચ્હાય છે તેઓને એવા બલિદાનથી એક પ્રકારનું ઝનુન ચ્હડયું રહે છે. તેમની વૃત્તિમાં, શકિતમાં, અને કાર્યમાં રાજસૂ ભાવ રમ્યા કરે છે. એવાં બલિદાનથી આત્મ–મુક્તિ નથી. એવા બલિદાન, મનને અનેક વાસનાઓનાં બંધન તરફ પ્રેરે છે. તેમને મુક્તિ મળતી નથી. એ જગતની માતા છે. તે પોતેજ અનેક જીવરૂપી સન્તાનને જન્મ આપે છે. માતા મહા દયાળુ હોય છે. માતા પોતાના સન્તાનનો ભોગ લેવા કદી રાજી હોયજ નહિ ! તે તો હમેશાં પોતાના સન્તાનો તરફથી અર્પણ થતાં ફળ, પુષ્પથી રાજી થઇ જાય છે ! બકરાં, પાડાનાં બલિદાન એ રાજસિક તામસિક શક્તિ–ઉપાસકોએ ઠરાવ્યાં છે. તંત્ર શાસ્ત્રમાં તેવું જોવામાં આવે છે, પણ એ કરતાં જો શુદ્ધ સાત્વિક ઉપાસના કરવામાં આવે અર્થાત્ ફળ, મેવા જેવાં સત્વગુણી ભોગ આપવામાં આવે તો તે જગન્માતા બહુજ પ્રસન્ન થાય. ઘણા દેવી ઉપાસકોએ સત્વગુણથી માતાની ઉપાસના કરી તેમને પ્રસન્ન કર્યાં છે. ગુજરાતમાં મહાન *દેવીભક્ત શ્રીવલ્લભધોળાનું નામ તમે સાંભળ્યું છે ? તેઓને શ્રી બહુચરામાતા પ્રસન્ન હતાં. અરે, માતાજી તેમની સાથે સાક્ષાત વાતચિત કરતાં હતાં. બંગાળામાં સ્વામી વિવે-

---

* દેવીભક્ત શ્રીવલ્લભધોળા જ્ઞાતે ભટ મેવાડા બ્રાહ્મણ હતા. તેમનો જન્મ અમદાવાદમાં ઈ. સ. ૧૬૯૯ માં થયો હતો, અને ૧૧૫ વર્ષ પર્યંત શરીર ધારણ કર્યું હતું. ગાયકવાડી તાબે મ્હોટી બહુચરાજીમાં તેમનું સ્થાપિત દેવી–સ્થાન હજી વિદ્યમાન છે. ત્યાં હજારો ભકતો દર્શને જાય છે. અમદાવાદમાં નવા પરામાં અને માણેકચોકમાં પણ તેવાંજ સ્થાનો છે. તેમના વંશજ રા. રા. અંબાલાલ લલ્લુભાઈ ભટ્ટ સાહેબ, આજે પણ દેવી ભકતોમાં આચાર્ય તરીકે પૂજાય છે. શ્રીવલ્લભધોળાનું વિસ્તૃત જીવનચરિત્ર પ્રકટ કરવામાં આવે તો દેવી ભકતો ઉપર ઉપકાર થવા સાથે સાહિત્યમાં એક ગ્રન્થરત્નની વૃદ્ધિ થાય. લેખક.

કાનંદના ગુરૂ શ્રીરામકૃષ્ણ પરમહંસનું નામ સાંભળ્યું છે? તેઓ કાલી માતાના ઉપાસક હતા. શુદ્ધ સત્વગુણી હતા. સત્વગુણ ધારણ કરીનેજ તેમણે માતાની ઉપાસના કરી હતી. કાલીમાતા તેમને પ્રસન્ન થયાં હતાં અને માતાજી તેમની સાથે પણ સાક્ષાત્ વાતચિત કરતાં હતાં. એ બન્ને ભક્તોની ઉપાસના સાત્વિક હતી. તેમણે કદીપણ મદ્યપાન કર્યું નથી. તેમણે કદી પણ માતાજીને બકરાં-પાડાનાં બલિદાન આપ્યાં નથી. એ બે મહાપુરૂષોના જેવા કોઇ પણ દેવીભક્ત થયા નથી અને થશે કે કેમ તેપણ એક પ્રશ્નજ છે! ભલે દેવીના મંદિરમાં જનારા સેંકડો મનુષ્યો પોતાને દેવી ભક્ત કહેવડાવો અને ભલે મદ્યમાંસના સ્વાદ માટે મનુષ્યો બકરાં પાડાનો વધ કરી પોતાની જીભનો સ્વાદ પૂરો કરે! તેથીજ કંઇ જગદમ્બાને બલિદાન આપેલું કિંવા માતાજીની ઉપાસના કરેલી કહેવાશે નહિ! માતાજીને નામે પંચ મકારના ખોટા અર્થ ઉઠાવી મદ્યમાંસાદિ અભક્ષ્ય, અપેય પદાર્થોનું સેવન કરવું એ તેવા દેવી ભક્તોને જીવતાં જીવત નરકસ્થળમાં લઇ જવા જેવું છે! માતા કોઇ દિવસ પોતાનાં સન્તાનનો ભોગ લેવા ખુશી હોયજ નહિ!"

પતિઃ "ત્યારે એ ભયંકર રિવાજ બંધ શા માટે થતો નથી? જ્ઞાતિમાં બીજા નઠારા રિવાજ બંધ કરાવવા સર્વે જનો પ્રયત્ન કરે છે પણ આવા દુષ્ટ રિવાજ બંધ કરાવવા કેમ કોઇ યત્ન કરતું નથી? હમણાં ક્ષત્રિયો નથી કે જેથી તેમને તરવારના બળવડે શત્રુઓ સ્હામું યુદ્ધ કરવું પડે! અને તેથી તેમને આવાં બલિદાનો આપી શરીરમાં ઝનુન ચ્હડાવવું પડે! ખરો ક્ષત્રિય બચ્ચો હોય તેને બલિદાન આપીને ઝનુન ખરિદવાનું હોય કે? ધર્મનો નાશ થતો જોતાંજ તેના રૂ. વેરૂ. વામાં ઝનુન ચ્હડીજ જાય. તે કંઇ નિર્દોષ બિચારાં બકરાં, પાડાં મારીને વીર પુરૂષ ગણાતો નથી! તે તો રણક્ષેત્રમાં શત્રુઓનાં મસ્તક છેદીનેજ વીર ગણાય છે. શ્રીકૃષ્ણ અને શ્રીરામચંદ્રજી ક્ષત્રિય હતા. તેમણે અનેક અસુરોનો કચ્ચરઘાણ કરી નાખ્યો છે છતાં તેમણે તો કોઇ દેવીને બકરાં, પાડાનાં બલિદાન આપ્યાં નથી! તેમણે દશરાને દિવસે પણ તેવું કમકમાટ ઉપજાવે એવું કૃત્ય કરેલું હોય એવું જણાતું નથી. ભાગવત, રામાયણ, મહાભારત આદિ ગ્રન્થોમાંથી તેવું ક્યાં

પ્રમાણ મળતું નથી. નવરા બેઠાં નખ્ખોદ વાળે એવા જીભના ચટકાખોર લોકોને આ શું સુઝતું હશે! બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય કે શૂદ્ર, ગમે તે જાતિના હોય પણ તે દેવીને ભોગ અપાયલા બકરા પાડાના શરીરમાંથી પ્રસાદી ગ્રહણ કરે છે! એ શું કહેવાય? એવા માણસોને જીવતા રાક્ષસ કહેવા જોઇએ કે નહિ? એ ભયંકર રિવાજ તો તદ્દન બંધજ કરવો જોઇએ."

જ્ઞાનાનંદ: "હા, તેમ થઇ શકે એમ છે. એ પવિત્ર કાર્યને માટે ગુજરાતના કેટલાક સુપુત્રો બહુ પરિશ્રમ કરી રહ્યા છે, અને તેમના પ્રયાસને લીધે હિંદુસ્થાનના ઘણા દેશી રાજાઓએ પોતાના રાજ્યમાંથી દેવીને અપાતો બકરા, પાડાનો ભોગ બંધ કર્યો છે.* હજુ કેટલાંક દેવી-મંદિરોમાં ભોગ અપાય છે. તે બંધ પાડવા માટે તેમના યત્ન ચાલેજ છે. એ પવિત્ર કાર્ય માટે એક બીજી યોજના સ્વયંસેવકોની થવી જોઇએ. જે જે ગામ શહેરોમાં દેવીને બકરાં, પાડાનો ભોગ અપાતો હોય તે શહેરના હિંદુ અમલદારોએ અને શહેરના પ્રતિષ્ઠિત ગૃહસ્થોએ મંદિરના પૂજારીઓને એ સંબંધી સમજણ આપવી જોઇએ અને શાસ્ત્રના આધારો બતાવી એવો ભોગ આપવાથી માતાના અપરાધી થવાય છે એમ તેમના મનમાં ઠસાવવું જોઇએ. એ ઉપરાંત શાસ્ત્ર આધારે એ ભોગથી પાપ થાય છે એવી સમજણ આપનારાં પુસ્તકો મફત ફેલાવવાં જોઇએ અને ભોગ અપાવવાના દિવસો પહેલાં એ વિષય ઉપર ઘણાં ભાષણો અપાવવાં જોઇએ. તેમ થવાથી દેવીને ભોગ આપનારા ભલા હૃદયના પૂજારીઓ સત્ય વાત જાણી શકશે અને મહાદેવીની સાત્વિક ઉપાસના કરી ભટ્ટજી શ્રી વલ્લભધોળાની પેઠે તથા શ્રી રામકૃષ્ણ પરમહંસની પેઠે મા જગદમ્બાને પ્રસન્ન કરી સાક્ષાત્કાર કરી શકશે. સત્ય વાત તમે જાણો છો દેવી? આ જગત્ માતાનીજ મૂર્તિ

* દેવી-સ્થાનોમાં અપાતા બકરાં-પાડાના ભોગ માટે જીવ દયા જ્ઞાન પ્રસારક મંડળી (મુંબઇ) તરફથી પરોપકારી સજ્જન ગૃહસ્થ શ્રીયુત લાભશંકર લક્ષ્મીશંકર તથા શ્રીયુત છગનલાલ પરમાનંદદાસ નાણાવટી અતિશય પ્રયાસ કરી રહ્યા છે. એઓશ્રીના કાર્યમાં પ્રત્યેક સજ્જનોએ બનતી મદદ આપવી જોઇએ.

લેખક.

છે. માતા એટલે મહાપ્રકૃતિ. આ જગતમાં પુરૂષો સિવાયનું જે કાંઇ જણાય છે તે સર્વ તેજ અમ્બા છે. માર્કન્ડેય ચણ્ડીમાં લખ્યું છે કેઃ—

आधारभूता जगतस्त्वमेका महीस्वरूपेण यतःस्थितासि ।
अपां स्वरूपस्थितया त्वयैत दाप्याय्यते कृत्स्नमलंघ्यवीर्ये ॥

"તમે અલંધ્ય વીર્યે, મહીરૂપે અવસ્થાન કરો છો, તેથી માત્ર તમેજ જગતના આધાર સ્વરૂપ છો. તમેજ જળરૂપે અવસ્થિત છો તેથી તમેજ એક માત્ર જગત્‌નું પોષણ કરો છો.

त्वं वैष्णवीशक्तिरनन्तर्वार्या, विश्वस्य बीजं परमासि माया ।
संमोहितं देवि समस्तमेतत्, त्वं वै प्रसन्ना भुवि मुक्तिहेतुः ॥

"હે દેવી! તમે અપાર મહિમાવાળાં, વૈષ્ણવી શક્તિ છો. તેમજ સંસારમાં આ સમસ્ત વિશ્વને મુગ્ધ કરી રહ્યાં છો તેથી તમેજ સમસ્ત જગત્‌નું મૂળ કારણ મહામાયા છો. તમે પ્રસન્ન થશો તો નિશ્ચય સંસારનાં બંધનોમાંથી મુક્ત થવાશે." આ ઉપરથી જોઇ શકાશે કે દુર્ગાદેવી, કાળી, મહાલક્ષ્મી, અંબા વગેરે દેવીઓ કોણ છે? અને તેમની ઉપાસનાનું કારણ શું? જગત્ એ તે દેવીનીજ મૂર્તિ છે. તે દેવી જગતરૂપેજ વિરાજે છે. જે જગતમાંથી મુક્ત થવા ચ્હાતો હોય, જેને વારંવાર થતા જન્મ મરણથી મુક્ત થવું હોય, જેને પ્રકૃતિના હાથમાંથી છુટકારો મેળવવો હોય તેણે તે મહાદેવીને પ્રથમ બરોબર જાણવી જોઇએ. તેના રૂપનું, તેના ગુણનું બરોબર જ્ઞાન મેળવવું જોઇએ, અને ત્યાર પછી તે મહાદેવીને પ્રસન્ન કરી તેની સાથે સાક્ષાત્કાર થાય એ રીતે પૂજા—અર્ચના કરવી જોઇએ. એ માતાના સન્તાનરૂપ જગતનાં ફળ, જગતનાં પુષ્પ, જગતનાં પશુ, જગતનાં પક્ષી અને જગતનાં મનુષ્ય માત્રની પૂજા કરવી જોઇએ; અર્થાત્ જગન્માતાનાં સર્વ સન્તાનોની પૂજા કરવી જોઇએ—સેવા કરવી જોઇએ. આ જગદમ્બાના સ્વરૂપને જાણ્યાથી—સાત્વિક ભાવપૂર્વક તેની પૂજા સેવા કર્યાથી—તે કૃપા કરીને આપણને આત્મદર્શન કરાવે છે. આત્મદર્શન થયા પછી સાધકને કોઇ પ્રકારનાં બન્ધન રહેતાં નથી. તેને જગતની માયા સતાવતી નથી. તેને સર્વ જગત્ દેવીમય ભાસે છે. તેથી તે સર્વ પ્રાણી માત્રને પોતાના આત્મા

જોવાજ જૂવે છે. એ સમયે આત્મા મુક્ત થાય છે."

કમલિનીએ કહ્યું: "પિતાજી ! તમારી સત્યવતીને બરોબર સમજાવો. અષ્ટમીને દિવસે આપણે દર્શન કરવા ગયાં તે વખતે બહુ ભીડ હતી. તેથી માતાજીનાં સર્વાંગ દર્શન નહિ થવાથી તે ક્ષણે ક્ષણે જીવ બાળ્યા કરે છે."

મૃદુ હસીને, સત્યવતી સ્હામુ શાંત દ્રષ્ટિ નાંખતાં જ્ઞાનાનંદે કહ્યું: "સત્ય છે કે બ્હેન ?"

સત્યવતી જરાક શરમાતી, સંકોચાતી મૃદુ સ્વરે બોલી: "પિતાજી, ત્યાં બહુ ભીડ હોવાથી માતાજીનું મુખ અને બીજા થોડા ભાગનુંજ મ્હને દર્શન થયું. સિંહવાહિની માતાનાં ચરણ પર્યંત દર્શન થયાં નહિ તેથી જરા–"

ક્રોધે ભરાયલી સિંહણની પેઠે મુખ ઉંચું કરી કમલિનીએ કહ્યું: "આપણને અસંતોષ શા માટે ? માજીનું મુખ જણાયું તે શું ઓછું છે ? તેની કેટલી બધી કૃપા કે આપણને તેમનાં દર્શન થયાં, અને આપણે ભક્તિ ભરેલે હૃદયે તેમનાં સ્તોત્ર બોલી આપણા હૃદયને પવિત્ર કર્યું ! તેમ છતાં હજુ અસંતોષ ? વળી જો, આ જગત્ સર્વ તે વિશ્વેશ્વરીની મૂર્તિ છે. તેનાં આપણે અંતઃકરણપૂર્વક દર્શન, સેવા, પૂજા કરીએ છીએ. પછી આપણને દુઃખ કેવું ? અસંતોષ કેવો ?"

સત્યવતી: "જો જગતની સેવા કરવાથીજ સંતોષ મનાતો હોય તો પછી લોકો દેવ–દેવીની પૂજા કરે શા માટે? યજ્ઞ–યાગ કરે શા માટે ?"

કમલિની: "બ્હેન ! મનુષ્યે હમેશાં ક, ખ, ગોખવાના નથી હોતા. તેમને ધીમે ધીમે આગળ અભ્યાસ કરવાનો હોય છે. બે વર્ષ ઉપર ક, ખ, ગોખનારાં બાળકો આજે ત્રીજી ચોથી ચોપડી ભણતાં હોય છે. તેજ પ્રમાણે ભક્તિનું પણ સમજવું. ભટજી શ્રી વલ્લભધોળાનું જીવનચરિત્ર મ્હેં સાંભળ્યું છે, શ્રી રામકૃષ્ણ પરમહંસનું જીવનચરિત્ર મ્હેં વાંચ્યું છે. તેમાંથી બહુ શીખવાનું મળે એમ છે. એ ઉપરાંત મ્હેં બીજા પણ દેવ–દેવીના ઉપાસકોનાં જીવન-ચરિત્રો વાંચ્યાં છે. દેવી ઉપાસક શ્રી વલ્લભ ધોળા પ્રથમ માતાનાં દર્શન કરવા જતા હતા. ત્યાં પૂજાઅર્ચના કરતા હતા. પરંતુ કાળાંતરે જ્યારે માતાજી તેમના ઉપર પ્રસન્ન થયાં ત્યારે પછી તેમને માતાજીના મંદિરમાં જવાની ખાસ જરૂર નહોતી.

તે જ્યાં બેઠા હોય ત્યાં માતાજી તેમના હૃદયમાંજ નિવાસ કરતાં. જેમ નેત્ર, જીભ આદિ ઇન્દ્રિયો શરીરથી વેગળે જતી નથી તેમ મહાદેવી તેમના શરીરથી વેગળે નહોતાં. એટલે વિશુદ્ધ ભક્તિ કરનાર મનુષ્યથી ઇશ્વિર—દેવ—દેવી વેગળાંનથી. તેમના આત્મામાંજ છે, અને તેથીજ તે સર્વ આત્મામાં પોતાના ઉપાસ્ય દેવ, દેવીને જ જૂવે છે, અને તેમની પૂજા કરે છે. મ્હોટા મ્હોટા યોગીઓ હિમાચલની ગુફામાં આત્મદર્શન માટે તપશ્ચર્યા કરે છે. તે ક્યાં દેવ, દેવીના દર્શન પૂજન કરવા જાય છે? હા, તેઓ પણ એક કાળે દેવ, દેવીનાં દર્શન પૂજન વગર અન્ન જળ લેતા નહોતા પરંતુ ધીમે ધીમે તેમને આત્મજ્ઞાન થયું અને કર્મબંધન ઓછાં થયાં તેમ તેમ આત્મમુક્ત થવા એકાંતમાં તપશ્ચર્યા કરવા લાગ્યા. કેટલાંક વર્ષો પર મનુષ્યોને જ્ઞાન મેળવવાનાં વિશેષ સાધનો નહોતાં. હવે તે છાપખાનાની સગવડ થવાથી અનેક સદ્ગ્રન્થો છપાયા છે. જ્ઞાનપિપાસુ લોકો જ્ઞાનામૃત મેળવી પ્રભુ ભક્તિમાં આગળ વધ્યા છે. ઇશ્વિરની ભક્તિ કરવામાં ટોપલો ભરીને પુષ્પ ચઢાવીએ તો પણ પ્રભુ રાજી થાય છે અને માત્ર એક પુષ્પ ચઢાવીએ તો પણ તે કૃપાળુ દેવ દયા કરે છે. બ્હેન! એક સમય મનુષ્યોએ અનેક યજ્ઞ કર્યા હતા તેને પરિણામેજ હમણાં ઉન્નતિ થઇ છે. તે ઉન્નતિના સમયમાં ભગવાન શ્રીકૃષ્ણે પૂર્ણાવતાર ગ્રહણ કરી એક મહાન અમૃતમય ધર્મ સંસ્થાપન કરી ગયા છે. જીવ માત્રમાં સમાન ભાવ, સર્વનું સમદર્શન, સર્વ ભૂતે આત્મજ્ઞાન, એજ એક ખરો ધર્મ છે. ત્યાર પછી ભગવાન આદ્ય શંકરાચાર્ય. તેમણે વિશ્વવ્યાપિ ધર્મ પ્રસાર્યો છે. જીવ માત્ર શિવરૂપ કલ્યાણવાચક છે. તેજ શિવની પૂજા કરવાથી અર્થાત્ મૂર્તિની પૂજા અને જગત્ માત્રના જીવની સેવા કર્યાથી મનુષ્ય માત્રનું કલ્યાણ થાય છે. પરંતુ બ્હેન! આપણે સ્ત્રી જાતિ. આપણને એટલો બધો વિચાર કરવાની શક્તિ નથી. આપણું જ્ઞાન ક્ષુદ્ર, બુદ્ધિ ક્ષુદ્ર, કર્મક્ષેત્ર સાંકડું. પુરૂષો, સ્ત્રી જાતિની અનેક પ્રકારની નિંદા કરી તેમને ભણાવતાજ નથી! તેમને અનેક પ્રકારનું જ્ઞાન આપતા નથી! તેમને જગતના કલ્યાણનાં કાર્યોમાં પ્રેરતાજ નથી! તેમને નિરક્ષર રાખી, દાસીની પેઠે ઘરના છેટ્ઠા ખુણામાં પડી સડવા દે છે! જો સ્ત્રીઓને ઉચ્ચવિદ્યા ભણાવવામાં આવે, તેમને જગતની અનેક પ્રવૃત્તિઓનું

જ્ઞાનદાન મળે અને તેમને સેવાધર્મથી થતાં ફળ સંબંધી સમજુત આપવામાં આવે તો જગતનું કેટલું કલ્યાણ થાય? કેટલો આનંદ પ્રસરે? આપણા હૃદયમાં સંચિત કરેલો માતૃસ્નેહ ધીમે ધીમે જગતના જીવો ઉપર અભિષિક્ત કરી કૃતાર્થ થઇએ."

સત્યવતીઃ "જેણે કદી સરોવર દીઠું ન હોય તેને સાગરનું જ્ઞાન શી રીતે થાય? કુવાના દેડકાને નદીની શી ખબર? જેણે એક ક્ષુદ્ર કુટુંબની સેવા કરી ન હોય તે વિરાટ્ જગતની સેવા કરે શી રીતે?"

કમલિનીઃ "વારૂ, સતી કહે જોઇએ ત્હને શી ઇચ્છા છે.?"

સત્યવતીઃ "મ્હને એવી ઇચ્છા થાય છે કે હું દેવ દેવીની મૂર્તિની પૂજા કરૂં. તેમને નિત્ય માખણ સાકરનો ભોગ ધરાવું. તેમને પુષ્પ ચંદન ચઢાવું. તેમને પ્રસન્ન કરવા અને તેમનાં સાક્ષાત દર્શન કરવા એક ચિત્તે ધ્યાન–જપ કરૂં."

કમલિનીઃ "પિતાજી, એ સંબંધી આપનો શો અભિપ્રાય છે?"

જ્ઞાનાનંદઃ "એ ખોટું નથી બ્હેન. પુષ્પચંદન ચઢાવવા માટે જે મનુષ્યોને સમસ્ત જગત્માંથી ભગવાનના ચરણ શોધ્યાં જડતાં નથી તેમને મૂર્તિની પૂજા કરવી જોઇએ છે. ભગવાન તો સર્વત્ર વ્યાપક છે. પંચતત્ત્વથી બનેલી પૃથ્વીનાં પાંચ તત્વોમાં તે ભગવાન ઓતપ્રોત–સુક્ષ્મરૂપે વ્યાપી રહ્યા છે તેથી પંચતત્ત્વોથી બનેલી પ્રત્યેક વસ્તુમાં પણ તે સૂક્ષ્મરૂપે વિરાજી રહ્યા છે માટે પંચતત્વની બનેલી પ્રત્યેક વસ્તુની અથવા ગમે તે એક વસ્તુની મૂર્તિ બનાવી પૂજા કરવામાં આવે તો તે ભગવાન માની લે છે એવું મ્હારૂં માનવું છે. મૂર્તિ પૂજા હદમાં રહીને, વિવેકબુદ્ધિવડે, કરવામાં આવે તો તેથી મનુષ્યો ધીમે ધીમે આગળ વધવાના અધિકારી થાય છે અને અન્તે વિરાટ ભગવાનને ઓળખી ઉચ્ચ પદારૂઢ થાય છે. ભગવાન સર્વત્ર વ્યાપક છે."

આ સમયે કોઇએ જોરથી બારણાં ખખડાવ્યાં. બહાર કેટલાંક મનુષ્યો ભેગાં થઇ કોલાહલ મચાવવા લાગ્યાં. જ્ઞાનાનંદના પત્નીએ જમના દાસીને મોકલી ખબર કઢાવી. તેણે પાછાં આવી કહ્યુંઃ "ઝાડેશ્વરથી આઠ

દશ ગરીબ સ્ત્રીઓ, બાળકો લઇને મુક્તેશ્વરી માતાના મંદિરમાં દર્શન કરવા આવી છે. ત્યાં મહોત્સવ છે અને બ્રહ્મભોજન થાય છે."

પત્નીઃ "ત્યારે આપણે બારણે શા માટે?"

દાસીઃ "ગરિબ માણસો ઘેરથી સવારનાં નિકળ્યાં હતાં. ઝાડેશ્વર ત્રણેક ગાઉ છેટે છે. છોકરાં ભૂખ્યાં થયાં ત્યારે રડવા લાગ્યાં મંદિરમાંથી માતાનો પ્રસાદ મળશે એમ ધારી ત્યાં બેઠાં હતાં."

પત્નીઃ "ત્યાર પછી?"

દાસીઃ "ખાવાનું માગતાં તો તેમને બોચી પકડી ધક્કો મારી કાઢી મૂક્યાં!"

કમલિનીએ વિસ્મય પામી પૂછ્યું: "કેમ?"

દાસીઃ "બ્રહ્મ ભોજન થયા વિના ખાવાનું માગ્યું તેથી! છોકરાંનું કામ. રડારોળ કરી મૂકી. તેથીજ હાંકી કહાડયાં."

કમલિનીઃ "જ્યારે દીનહીન કંગાલોના પેટની ક્ષુધા નિવારણ ના કરી શકાય ત્યારે દીનબંધુ, મહાદયાળુ માતાજીનો ઉત્સવ કર્યો શા માટે? માતાજીનું પૂજન કરી હોમ યજ્ઞ કર્યો, બ્રહ્મભોજન કરાવ્યું અને માતાજીનાં ગરિબ સન્તાન તો ટળવળતાં રહ્યાં! જા, તેમાંના એક જણને બોલાવ જોઉં."

દાસીઃ "શા માટે બ્હેન? હું તેમને ધમકાવીને કાઢી આવી છું. હજુ અભાગિણીઓ ગઇ હોય એમ જણાતું નથી એવાં તો ઘણાંએ ભિખારી આવે! એ તો ઘેરે ઘેર ભટકે છે! કોઇ મુઠ્ઠી રાખોડી પણ આપતું નથી! તેથીજ અહિં આવી ભાટડાવેડા કરવા લાગ્યાં છે."

કમલિનીને તેમની દયા આવી. સ્હવારનાં ભૂખ્યાં? હરિ હરિ. તેણે દાસીને ક "જા જમના. તેમને બેસવાનું કહે. હું હમણાંજ તેમને ખાવાનું આપું છું."

દાસીઃ "કોણ ખાવાનું આપશે? રસોઇ કરનાર મહારાજ તો ક્યારનોએ આપણને જમાડી, તેનાં બાલબચ્ચાં લઇ માતાએ દર્શન કરવા ગયો છે."

કમલિનીઃ "કેમ? અમે દશબાર માણસની રસોઇ કરી શકીશું નહિ? ચાલ સતી, આપણે રાંધવા પેસીએ."

જ્ઞાનાનંદ શાંતચિત્તે તેમની સર્વ વાતચિત સાંભળતા હતા. તેમણે પ્રસન્ન મુખે પૂછ્યુંઃ "કમલિની, તું રસોઇ કરી શકશે?"

કમલિનીઃ "હા પિતાજી, સપાટાબંધ ખિચડી શાક તૈયાર કરી દઇશ. જમના, જા, ચુલો સળગાવ. પાણીનું આધરણ મૂક. પેલું મ્હોટું તપેલું લેજે. પિતાજી થોડાક પૈસા આપો. જમના બજારમાંથી થોડાક મમરા ચણા લાવીને હમણાં ગરિબોના છોકરાંને વ્હેંચી આપશે. તેમને પાણી પીવાનો આધાર થશે. સ્હવારનાં ભૂખ્યાં. બહુ ભૂખ્યાં થયાં હશે. પ્રભુનાં સન્તાન. આપણા બન્ધુ. હરિ! હરિ!"

સત્યવતીઃ "કમુની તો બધાં કામમાંજ ગાંડાઇ! મધરાત્રે કોણ આટલું બધું રાંધશે? આટલું બધું લશ્કર કોણ જમાડે? તેથીજ મંદિરવાળાઓએ કાઢી મૂક્યાં હશે."

કમલિનીઃ "તું પિતાજીને નવરાત્રિનો ઉત્સવ કરવાનું કહેતી હતી કે? નવ દિવસ માતાજીનું પૂજન અર્ચન થાત અને આજે મહાપૂજા, હોમ થાત, ને બ્રાહ્મણ ભોજન થાત તો આ મ્હોટું શરીર લઇને ચૂપ બેસી રહેત કે? કેટલું બધું કામ કરવું પડત તે ખબર છે?"

સત્યવતીઃ "તેમ હોત તો જૂદી વાત હતી."

કમલિનીઃ "કેમ વારૂં?"

સત્યવતીઃ "તે તો ધર્મનું કામ. માતાજીના ચરણમાં પુષ્પ ચંદન ચઢાવીએ તો સ્વર્ગ પ્રાપ્ત થાય."

કમલિનીઃ "એ શ્રીમંતોને માટે. ગરિબો માટે ગરિબોની સેવા એજ તે મહાદેવીની પૂજા. એજ તે જગદમ્બાની પૂજા. ત્હને ખબર છે કે સ્વધર્મ પાલન ના કરીએ તો નરક પ્રાપ્ત થાય."

એટલું કહીને કમલિનીએ અટ્ટહાસ્ય કર્યું. સત્યવતી તે હસવાનો અર્થ સમજી શકી નહિ. તે એવું સમજી કેઃ "એ કોઇ કોઇ વખત અર્થશૂન્ય હસવા જેવી ગાંડાઈ કરે છે. આજે પણ તેમજ."

સત્યવતીઃ "ભીખારીઓને રાંધીને જમાડવાં એ શું બ્રાહ્મણકન્યાનો ધર્મ?"

કમલિનીઃ "હા, સતી. બ્રાહ્મણકન્યાનો ધર્મ છે કે ક્ષુધાતુરને જમાડવાં.

બ્રાહ્મણોનો ધર્મ છે કે જીવની આત્મિક ક્ષુધા નિવારણ કરવી. આધ્યાત્મિક વ્યાધિની ચિકિત્સા કરવી, અને વિશ્વનું હિત કરવું. બ્રાહ્મણકન્યાનો ધર્મ છે કે બ્રાહ્મણનાં કાર્યોમાં સહાયતા કરવી, અન્નપૂર્ણારૂપે જીવ માત્રને અન્નદાન આપવું, અને માતૃરૂપે સ્નેહ ભરેલે હાથે, પીડિત જનોની સુશ્રૂષા કરવી. ઉઠ, ચાલ, રસોડામાં જઇએ."

સત્યવતી કંઇ પણ બોલી નહિ. તુરતજ તેની સાથે રસોડામાં ગઇ. જમના દાસી જ્ઞાનાનંદ પાસેથી થોડા પૈસા લઈ મમરા, ચણા લેવા બજારમાં ગઇ હતી.

કમલિની અને સત્યવતીએ કાછડા વાળી ટાંકામાંથી પાણી કાઢ્યું, ચૂલ્લામાં દેવતા સળગાવ્યો, વગેરે કામે હર્ષભેર વળગ્યાં. થોડીવારમાં ખિચડી અને શાક તૈયાર થયાં. બારણા આગળજ તેમને જમવા બેસાડી દીધાં. રાત્રિ ત્યાંજ સુઇ રહ્યાં. પ્રાતઃકાળમાં સર્વ ભિક્ષુકો આશિર્વાદ દેતાં દેતાં ઘેર ચાલ્યાં ગયાં.

સપ્તમ પરિચ્છેદ.

કર્મક્ષેત્ર.

આસો ગયો કારતક ગયો. એક બિંદુ પણ વર્ષાદ થયો નહિ. અનાજના છોડવા બધા સૂકાઇ ગયા. વર્ષાદ નહિ થવાથી ખેતરોમાં ખેડાણ થયું નહિ, તેથી શિયાળુ પાક ઉગ્યો નહિ.

શીતકાળ જેમ તેમ વીતિ ગયો; પરંતુ ચૈત્રના પ્રખર તાપની સાથેજ દેશમાં જળની સખ્ત તંગી પડી. જળાશયો સૂકાઇ ગયાં. અંતે પ્રજાને કાદવવાળાં, ગંધાતાં, જળ પીવાની ફરજ પડી. તેવું જળ પીવાથી શહેરમાં અને આસપાસનાં ગામોમાં કૉલેરાનો ભયંકર વ્યાધિ ચાલ્યો. મનુષ્યો મૃત્યુ માર્ગનાં પ્રવાસી થવા લાગ્યાં! કૉલેરાએ જ્યાં ત્યાં હાહાકાર મચાવી મૂક્યો.

અતિશય તાપ પડવાથી કૉલેરાની સાથેજ બાળકોમાં કાકા બળિયાનો ઉપદ્રવ થયો. મ્હોટાં અને બાળકોનાં મરણનું પ્રમાણ વધી પડયું. પ્રત્યેક ઘરમાં

વ્યાધિગ્રસ્ત મનુષ્યનાં સગાંવહાલાંનો રોદન ધ્વનિ સંભળાવા લાગ્યો. એ બે વ્યાધિ સાથે અન્નકષ્ટે મિત્રતા બાંધી ! વ્યાધિનું નિવારણ ઔષધથી થાય છે પણ અન્નકષ્ટ શી રીતે જાય ? ઔષધો વૃક્ષ પર પાકે છે પણ પૈસા ? તે કયે ઝાડેથી લાવવા ? વ્યાધિ થતાં આઠ દિવસ પથારીમાં પડીયે રહેવાય પણ અન્ન વગર કેટલા દિવસ પડી રહેવાય ? જળ નથી, અન્ન નથી, કૉલેરાનો ભયંકર હુમલો ચાલી રહ્યો છે. દેશ રસાતળ જવા બેઠો છે. કોઇ કોઇની ખબર લે તેમ નથી. કોઇ કોઇને પાણી પાય તેમ નથી. બધાંનેજ પોતાના જીવની પડી છે. વૃદ્ધો કહે છે કે આ સાલના જેવો કૉલેરા ભરૂચમાં કોઇ વર્ષે ચાલ્યો નથી ! લોકો ઢોરની પેઠે મરવા લાગ્યા. કોઇ અન્ન વગર મરે છે, કોઇ કૉલેરાથી જીવ ખુવે છે, કોઇ કાકા બળિયાથી જીવન ત્યાગ કરે છે. કોઇ મૅલેરિયા—તાવને લીધે હાડપિંજર થઇ રહ્યાં હતાં તે હમણાં મરણને શરણ થાય છે. લોકોનાં મરણ થવાથી દરેક ખડકી અને દરેક પોળ સ્મશાન જેવી જણાય છે !

દશ વાગ્યાનો સુમાર થયો છે. કમલિની અને સત્યવતી જમવા બેઠાં છે. એ સમયે બારણા આગળ કોઇનો કરૂણ રોદનધ્વનિ સંભળાયો. કમલિનીએ જમનાને કહ્યું: “ જો તો, કોણ રડે છે ? ”

જમનાએ મ્હોં કટાણું કરી ગુસ્સામાંજ કહ્યું: “ કોણ જાણે બાપા. તમે તમારી મેળે ખાતાં હોય તે ખાવની. તમારે આખા જગતની પંચાત તો ! કાજીજી સારા શહેરની ચિંતાથી દુબલા.”

કમલિની: “ જો, જો, જમના. બારણે કોઇ રડે છે. અરેરે ! રડવાનો સ્વર બહુ દયા ઉપજાવે છે—હૃદય ભેદે છે.”

જમના: “ વખતે જોડેના ઘર આગળ હશે.”

કમલિની: “ ના, ના. આપણા ઘર આગળજ સંભળાય છે. ગમે ત્યાં હોય, તું તપાસ કરી આવ.”

દાસી ગુસ્સામાં ને ગુસ્સામાં ચાલી ગઇ, અને સત્વર પાછી આવી કહેવા લાગી: “ કોઇ અભાગિયો ઘરડો ડોસો, બારણા આગળ પડ્યો પડ્યો રડે છે.”

કમલિની, તે વખતે પહેલોજ કોળિયો લઈ મ્હોંમાં મૂકવા જતી હતી. તેણે કોળિયો હાથમાંજ રહેવા દઇ પૂછ્યું: “કેમ તેને શું થયું છે ?”

જમના: “તેના પેટમાં લ્હાય લાગી છે તેથી આંખમાંથી આંસુ નિકળી પડે છે. આવા હડહડતા દુકાળમાં પેટની જ્વાળાથી કોણ બચે એમ છે ? ડોસો કહે છે કે બે દિવસથી અન્ન ખાધું નથી.”

એ સાંભળી, કમલિનીના કોમળ હૃદયમાં બહુ વ્યથા થઇ. તે પોતાની જમવાની થાળી ઉંચકી બહાર ચાલી ગઇ અને અન્ન વગર તરફડતા ક્ષુધાતુર ડોસાના લુગડામાં પોતાનું ખાવાનું મૂકી દઇ કહ્યું: “જા, ભાઈ. પેલા ખુણામાં બેસી ખાઇ લે, પછી પાણી આપું છું.”

ક્ષુધાતુર ડોસાએ આતુર નયને, અન્ન સામગ્રી તરફ જોઈ, દેવી સ્વરૂપ કમલિની સ્હામું જોયું. તેને આશીર્વાદના શબ્દો કહેતો કહેતો ડોસો વેગળે જઇ જમવા લાગ્યો. કમલિની થાળી લઈ ઘરમાં પેઠી કે તરતજ સત્યવતીએ મ્હોટો ઘાંટો કહાડી કહ્યું: “એ કઇ જાતનો છે ? એને પિરસીને ઘરમાં કેમ ચાલી આવે છે !”

કમલિનીએ મૃદુહાસ્ય કરી ધીમેથી ઉત્તર દીધો: “એ દરિદ્ર નારાયણ છે, નારાયણની જાતિનો છે. મ્હેં એને ઉંચેથી પિરસ્યું છે. એને હું અડકી નથી. તેમ છતાં લે.” એમ કહી થાળી માંજી નાખી. વસ્ત્ર સહિત સ્નાન કર્યું. રસોઇઆએ તેને ફરીથી પિરસ્યું. કમલિનીએ ભોજન કર્યું.

તે દિવસે સન્ધ્યા પછી આકાશ મણ્ડલ કાળાં વાદળાંથી છવાઇ રહ્યું હતું. ભયંકર કાળાં વાદળાં સ્થિર ભાવે ઉભાં હતાં. સર્વત્ર ગાઢ અંધકાર વ્યાપી રહ્યો હતો. આકાશમાં તારા દેખાતા નહતા. ચન્દ્ર પણ દેખાતો નહતો.

ઘરના મધ્ય ભાગમાં, એક ફાનસના દીપકનો પ્રકાશ થઇ રહ્યો હતો. પૃથ્વી ઉપર એક સુંવાળો કોમળ ગાલિચો બિછાવ્યો હતો. ગાલિચા ઉપર જ્યોત્સ્ના ભરેલાં, પ્રફુલ્લ ગુલાબનાં પુષ્પ પેઠે કમલિની અને સત્યવતી બેઠાં હતાં. મનોહર નેત્રોવડે દૃષ્ટિપાત કરી સત્યવતીએ પૂછ્યું: “આજે જશે કે? બહુ અંધારૂં છે.”

કમલિનીએ મૃદુહાસ્ય કર્યું. એ હાસ્યમાં જાણે જગત્‌નું સુખ અને જગતની

શાંતિ સમાયલાં હતાં. તેણે ઉત્તર દીધો: "શુભ જ્યોત્સ્ના જેવાં પુષ્પની સુગંધીવડે ઘ્રાણેન્દ્રિય પ્રફુલ્લ કરીએ, અને દુઃખીઓની સેવા કર્યા વગર ચાલે ખરૂં કે બ્હેન?"

સત્યવતી: "ના ચાલે તો ભલે. આજે તું જઈશ ના. રોગી શોધતા ફરવામાં ત્હને શું સુખ મળે છે તે તુંજ જાણે. રોગીના શરીરની ગંધ, પથારીની ગંધ, મળમૂત્રની ગંધ, કેમ સહન થાય! એ ઉપરાંત મરણ પામે તે ભયંકર દ્રષ્ય કેમ જોવાય? હું તો એવી ગંધાતી જગ્યામાં એક ક્ષણ પણ ઉભી રહી શકું નહિ. તું તો આખી રાત્રિના ઉજાગરા કરી, રોગીઓને શોધતી ફરે છે પણ યાદ રાખજે કે એક દિવસ તું પણ એ રોગે પટકાઈ પડશે. કૉલેરાનો દરદી ક્યાં છે? કાકા બળીયાનો દરદી ક્યાં છે? એવું પૂછતી શોધતી શોધતી ફરે છે પણ એ બધા ચેપી રોગ છે. તું કેવી પીડા વ્હોરી લઈશ, તે સમજી શકાતું નથી. બા પણ એક દિવસ ત્હારે માટે બબડતાં હતાં."

કમલિનીએ શાંત ચિત્તે ઉત્તર દીધો: "પિતાજી તે વખતે હતા?"

સત્યવતી: "હા"

કમલિની: "તેમણે શું કહ્યું?"

સત્યવતી: "તેમણે કહ્યું કે: એને અટકાવશો નહિ. એના કર્મક્ષેત્રમાંથી એને પાછી ખેંચી લેશો નહિ. તે ગમે તેમ બ્હેન, પણ આવા અંધકારમાં, હું ત્હને એ ભયંકર સ્થાનોમાં જવા દઈશ નહિ."

કમલિની: "એ નિરાધાર રોગીઓ છે. રાત્રે તેમની સેવા કરનાર કોઈ નથી. તેને દવા પાવી જોઇએ. તેને જળ અને ખાવાનું આપવું જોઇએ. મ્હારે જવુંજ પડશે."

સત્યવતી: "એ રોગી ક્યાં છે? તેમનાં નામ?"

કમલિની: "એક મલબારી દરવાજે: ભીલ નરેર કાળા અને એક... શુકલજી કેશવરામનાં પત્નિ."

સત્યવતી: "મલબારી દરવાજો શું પાસે છે? અંધારી રાત્રે એટલે વેગળે? વળી ભીલ જેવી જાતિને સ્પર્શ કરવો? તેની ઝુંપડીમાં જઇ તેની ગંધાતી પથારીને, તેના જળને અને તેના ખાવાનાને સ્પર્શ કરી રોગીની સવા-સુશ્રુષા કરે છે?"

કમલિનીઃ "હાસ્તો. અંધારી રાત્રે શો ભય છે? સતી બ્હેન! ભગવાનના રાજ્યમાં સર્વ સમાન છે. એક બ્રાહ્મણના શરીરમાં જે ભગવાનનો નિવાસ છે, તેજ એક ભીલના શરીરમાં, તેજ એક ઢેડના શરીરમાં અને તેજ એક મુસલમાનના શરીરમાં વસી રહ્યા છે. આર્યશાસ્ત્રનો જે ગ્રન્થ જોશે તેનાં પ્રત્યેક પૃષ્ઠમાં લખ્યું છે કેઃ "સર્વ પ્રાણી માત્રના હૃદય–પ્રદેશમાં ભગવાન નારાયણ, પરબ્રહ્મ વિરાજી રહ્યા છે. હું બ્રાહ્મણ કે ભીલ, ઢેડ કે મુસલમાનની સેવા કરતી નથી પણ તે સર્વને ભગવાનનાં રૂપ જાણીનેજ–તેમને સાક્ષાત્ ભગવાન જાણીનેજ તેમની સેવા કરૂં છું. હું ક્ષુદ્ર રમણી છું. મ્હને વિશ્વવ્યાપક વિશ્વનાથની મૂર્તિ મળતી નથી પણ જે સ્થળે અનન્ત-દેવ, ભગવાન રોગી રૂપે પડયા હોય છે ત્યાં તેમની–તે વિશ્વનાથની–સેવા કરવા જાઉં છું."

સત્યવતીઃ "ત્યારે તો જા–જા. પણ શુકલજીને ઘેર કેમ જાય છે? તેની સ્ત્રીને શો રોગ થયો છે?"

કમલિનીઃ "કૉલેરા. અરેરે! શુકલાણી બચે એમ લાગતું નથી. કોઇ સગુંવ્હાલું પાસે આવતું નથી. અરે! શુકલજી સુદ્ધાં વેગળાં ને વેગળાજ રહે છે! આંખો ઉંડી જતી રહી છે. આંખોની આસપાસ કાળું કુંડાળું જણાય છે. એવા રોગી બચતા નથી. મ્હને ખબર પણ મોડી મળી."

સત્યવતીઃ "તું ત્યાં જાય છે શું કરવા! શુકલજી તો આપણા પરમ શત્રુ છે. આપણને ન્યાતબહાર મૂકાવનાર તો એજ છે. આપણી કેટલીએ જૂઠી વાતો કરી નિંદા કરે છે!"

કમલિનીઃ "બ્હેન સતી! આપણે રમણી જાતિ. આપણે વળી શત્રુ–મિત્રનો ભેદ કેવો? આપણે વિશ્વજનની, જગદમ્બાનો અંશ છીએ. સર્વ જીવો પ્રત્યે માતૃ સ્નેહ રાખી રોગ વખતે સુશ્રુષા, શોક વખતે શાન્ત્વન, અને ક્ષુધા વખતે અન્નદાન કરવું એજ આપણો પરમ ધર્મ."

સત્યવતીઃ "સાંભળ્યું છે કે શુકલજી પાસે ઘણા પૈસા છે; છતાં કોઈ સારા દેશી વૈદ્યને બોલાવતા નથી–રોગ બતાવતા નથી."

કમલિનીઃ "પૈસા હોય છતાં છાતીએથી છુટતા ના હોય તો પછી

એ પૈસા શા કામના? ઘણાં એવાં માણસો હોય છે કે ઘરમાં પોતાનું ગમે તેવું વ્હાલું માંદું પડ્યું હોય છતાં એક પૈસો ગાંઠેથી છોડવાની વાત નહિ! પછી રોગ ખુબ વધી જાય ત્યારે જીવ બાળી બાળીને પૈસા ખર્ચે તે શા કામનું? રોગ બધા શરીરમાં વ્યાપી જાય ને રોગી છેવટે રામશરણ!"

સત્યવતીઃ "તું જઇને શું કરે છે?"

કમલિનીઃ "સુશ્રુષા કરૂં છું. એનો કરૂણચિત્કાર, કરૂણાજનક રડવું, જો તું જુવે તોજ ખબર પડે. ખાવા પીવાનું છોડી દઇને રોગીની સેવા માટે કાળજી રાખવી પડે છે."

સત્યવતીઃ "એમ કેમ? શુકલજીને તો બે ત્રણ પુત્રકન્યા છે. તે પોતે છે, તો પછી તેમનાથી સેવા કેમ થતી નથી?"

કમલિનીઃ "કૉલેરાને ચેપી રોગ જાણી તેઓ પોતેજ પત્નીની પાસે આવતા નથી. પુત્રકન્યાઓને પણ સ્પર્શ કરવા દેતા નથી. હું ગઈ ત્યારે બિચારી એક ખુણામાં ફાટેલી, ગંધાતી ગોદડી પર પડી હતી. પથારીની પાસેજ ઉલટી થઈ હતી. તેનાપર માંખો બબણતી હતી. મ્હેં જઇને તે બધું સાફ કર્યું. તેને દવા પાઇ ભગવાનનું નામ દઇ તેને શરીરે હાથ ફેરવ્યો, ત્યારે તે મ્હારો ઉપકાર માનવા લાગી. બધા ઘરનાં ઉપકાર માનવા લાગ્યાં, સ્તુતિ કરવા લાગ્યાં."

સત્યવતીઃ "કેવાં સ્વાર્થિ માણસો? શિવ. શિવ.

કમલિનીઃ "સતી, ત્હારે લગ્ન કરવું છે કે?"

સત્યવતીઃ "જમરાજા સાથે કે?"

કમલિનીઃ "ગાંડી, મૂર્ખી, સારો વર જોઇને."

સત્યવતીઃ "આપણે ન્યાતબહાર છીએ તેથી કોઈ વિવાહ કરે નહિ."

કમલિનીઃ "તેની ત્હારે શી પંચાત? ત્હારે પરણવું છે કે નહિ તેનો ઉત્તર દે."

સત્યવતીઃ "મ્હોટીનો થયા પ્હેલાં ન્હાનીનો વિવાહ કોઇ કરે નહિ. શાસ્ત્ર પ્રમાણે તેમાં દોષ આવે."

કમલિનીઃ "કેમ! મ્હારૂં તો લગ્ન થઇ ગયું છે."

સત્યવતીઃ " મનમાં ને મનમાંજ કે ? "

કમલિનીઃ " તેમાં દોષ શો ? "

સત્યવતીઃ " વર કોણ ? "

કમલિનીઃ " પૃથ્વીના સર્વ જીવો, વિશ્વરૂપી વિરાટ ભગવાન. "

સત્યવતીએ હસતાં હસતાંજ પૂછ્યુંઃ " નર નારી સુદ્ધાં ? "

કમલિનીઃ " બધાંજ. "

સત્યવતીઃ "બહુ સારૂં થયું. ત્યારે હવે મ્હારાં લગ્ન કોની સાથે થશે? હું ત્હારી શૉકય થવા માંગતી નથી. કદી પણ નહિ."

કમલિનીઃ "જે મ્હારા સ્વામી છે તેજ મ્હારાં સન્તાનો પણ છે. હું જેની પત્ની છું તેની હું માતા પણ છું. હું જેમની માતા છું તેમની હું બ્હેનપણી અને તેમની દાસી પણ છું."

સત્યવતીઃ " ખરેખર, તું ગાંડીજ છે. એક વખત ડહાપણની વાતો કહે છે અને બીજી વખત ગાંડપણની વાતો કરવા માંડી જાય છે. તેમાં સમજણ પણ પડતી નથી. સાંભળતાંયે હસવું આવે છે."

કમલિનીઃ "સતી ! હું તો ગાંડીજ છું. ખરેખરી ગાંડી ! હું શું કરૂં છું, શું બોલું છું, તે હું પોતેજ જાણી–સમજી શકતી નથી કહેવા જાઉં છું એક, ત્યારે કહી દેવાય છે બીજું. કરવા જાઉં છું એક, ત્યારે કરી દેવાય છે બીજું. મ્હેં જે કહ્યું તે વાસ્તવિક સારી વાત ના પણ કહેવાય; પરંતુ સતી ! આપણે જેનો અંશ છીએ, તે જગતજનની સાથે જીવ માત્રનો સંબંધ એવોજ છે.* જગતમાં, સર્વ જીવોમાં, તે જગતજનનીજ વ્યાપી રહી છે. શ્રી રામકૃષ્ણ પરમહંસ કહેતા હતા કેઃ " હું સર્વ જીવોમાં મ્હારી માની મૂર્તિ જોઉં છું. વેશ્યા સ્ત્રીઓમાં અને ગૃહસ્થની સ્ત્રીઓમાં પણ મ્હારી તેજ માતા જૂદે જૂદે ભાવે વિરાજી રહી છે, તેથી સર્વ નારી માત્ર મ્હારી માતા છે. જગતના જીવો મ્હારી માતાનાંજ જૂદાં જૂદાં રૂપ છે. " દેવીએ શ્રી મુખેજ કહ્યું છે કેઃ "જગતમાં હુંજ માતા રૂપે છું, હુંજ સ્ત્રીરૂપે છું. હુંજ દાસીરૂપે છું અને હુંજ સખીરૂપે છું. મ્હારા સિવાય અન્ય કશું છેજ નહિ." બ્હેન ! હું અને

---

* एकैवाहं जगत्यत्र द्वितीया का ममापराः । मार्कंडेय चण्डी.

તું પણ તેમનીજ વિભૂતિ છીએ. એ વાત જવા દો. ત્હારે લગ્ન કરવાં હોય તો વર શોધીએ. ઉમ્મર થઇ છે. વર શોધવાનો સમય થયો છે."

સત્યવતી: "અને ત્હારે તો હજુ વખત થયો નહિ હોય કેમ ? યૌવન રૂપી જળપ્રવાહ કિનારા ઉપર થઇને શહેર—નગર ડુબાવવા છુટયો છેને !

કમલિની: "મ્હેં મ્હારૂં શરીર વિશ્વેશ્વરને દાન કર્યું છે. જીવનપર્યંત વિશ્વેશ્વરની સેવા કરીશ. એક વખત દાન કરેલી વસ્તુ પાછી લેવાતી નથી. એક વખત સ્વિકારેલો માર્ગ ત્યાગ કરી શકાય નહિ. તેજ પતિ, તેજ બંધુ, તેજ સખા. બ્રહ્મચર્યનો અપાર મહિમા હું જાણું છું. હું તેનું સેવન કરી વિશ્વપતિની સેવા કરીશ. ભોગ તેટલા રોગ છે એ પણ હું જાણું છું. તેથી એ ભોગોનો ત્યાગ કરી માત્ર વિશ્વ—સેવામાંજ નિમગ્ન રહીશ. મ્હારા શરીર ઉપર હવે મ્હારો અધિકાર નથી. ત્હારે માટે વરની શોધ કરીશ."

સત્યવતી: "પિતાનું કામ તું કરશે ?"

કમલિની: "પિતાજી ત્હારે માટે શોધી લાવશે."

સત્યવતી ગુસ્સે થઇને બોલી: "જાણે તું તો પિતાજી સાથેજ આ બધી વાતો કરે છે કેમ? હું હવે ત્હારી પાસે બેસીશ નહિ."

પવન માર્ગે વહેતી પુષ્પની સુગંધ પેઠે સત્યવતી ત્યાંથી ચાલી ગઇ.

કમલિનીએ પોતાની ન્હાનકડી વિણા હાથમાં લઇ તાર મેળવ્યા. તેની સાથેજ, મધુર બંસીધ્વનિ જેવો પોતાનો મિષ્ટ કણ્ઠસ્વર મેળવી ગાવા માંડયું. સ્વરની લહરો પવનમાં મળી જઇ અનન્ત માર્ગમાં તરવા લાગી. કમલિનીએ ગાવાનું શરૂ કર્યું:—

ભૈરવી—હું તો પરણી ચુકી ઘનશ્યામ,
મેં અર્પણ કીધું તમામ.—હું તો.
જે મમ અંતર, સૌ દેહે, વ્યાપક ઠામો ઠામ— હું તો.
ગીતા ગાયે "જગરૂપ મ્હારૂં, જગરૂપ સકામ"— હું તો.
એ ઉપદેશજ વ્યાપ્યો રોમ રોમ, ધ્યાન એ આઠે જામ—હું તો.
કાયમનો વાક્યે, શીષેજ સોંપ્યું, તન મન પણ એ ધામ—હું તો.

વિશ્વરૂપે વિશ્વનાથ વિરાજે, સેવા કરીશ બીડી હામ— હું તો.
સર્વ જીવો મમ "જ્ઞાતિ બંધુ" સેવા એજ ધર્મ કામ— હું તો.
જીવ માત્ર મમરૂપ ગણું છું, સેવા કરીશ નિષ્કામ— હું તો.
અભેદ ભાવે કરીશ હું સેવા, જગ વ્હાલું વૈકુણ્ઠ ધામ—હું તો.
નહિ જાતિ, નહિ ધર્મ સેવામાં, રસનાએ એકજ નામ—હું તો.
નિર્ધનના ધન, નિર્બળના બળ, બળ, ધન દો ઘનસ્યામ—હું તો.

અષ્ટમ પરિચ્છેદ.

પ્રેમાનળ.

શુક્લજી ધનવાન હતા છતાં ઘર સાધારણ સ્થિતિનુંજ—એ માળનું રાખ્યું હતું. જગ્યા વિશાળ હતી, તેથી બીજી બે ન્હાની ઓરડીઓ પણ બાંધી દીધી હતી. તે પાકી બાંધેલી નહોતી. કાદવની ભીંતો અને ઉપર છાપરૂં. એક ઓરડીમાં દેવસેવા, એકમાં રસોડું. મુખ્ય ઘરના ઉપરના ભાગમાં શયનગૃહ અને નીચેના આગલા વિભાગમાં બેસવા ઉઠવાનું તથા પાછલા ઓરડામાં અનાજ, વાસણ ભરાતાં અને એક બે પેટી પટારા પણ નજરે પડતા હતા. તેમના ઘરની સ્હામુનું એક ઘર હમણાંજ તેમણે વેચાતું લીધું હતું. તેનો ઉપયોગ અગવડ સગવડે કરી લેતા. બધાં ઘર સ્વચ્છ, ઘરનું આંગણું પણ સ્વચ્છ. મુખ્ય ઘરના કમ્પાઉન્ડમાં એક બાજુ થોડી ખુલ્લી જમીન હોવાથી તેમાં થોડાંક પુષ્પ વૃક્ષ વાવ્યાં હતાં. એક ખુણે તુલસી વૃક્ષનું કુંડું પણ જણાતું હતું. તુલસીના કુંડા પાસે એક ન્હાની છાપરીમાં એક ગાય બાંધી હતી. ઘરમાં લીપવા ગુંપવા ગાયનું છાણ બહુ ઉપયોગી થઇ પડતું.

નવા ઘરમાં શુક્લજીએ હમણાં પોતાના ગ્રન્થોનાં પોટલાં ગોઠવ્યાં હતાં. જૂના થઇ, કોહી ફાટી ગયેલાં લુગડાં વડે બાંધેલા ગ્રન્થો બિચારા ભાગ્યેજ સૂર્યનારાયણના અજવાળાનાં દર્શન કરતા ! બે ચાર અગત્યના ગ્રન્થો શુક્લ-

જીની ગાદી પાસેજ પડી રહેતા. જેથી તેને પોટલે બંધાવવાનો કહો કે બે ઘડી આરામ લેવાનો સમયજ નહોતો. શુકલજીની ધર્મ પત્નીને કૉલેરા થયો ત્યારથી શુકલજી તે ઘરમાંથી સ્હામેના ઘરમાં ક્વચિદ્જ જતા! શુકલજીનાં પુત્રકન્યાઓને લઇને, તેમની પ્રૌઢા વિધવા ભગિની વિજળી નવા ઘરમાંજ શયન કરતી. ઉપલે માળે આગલા વિભાગમાં શુકલજી અને પાછલા વિભાગમાં તેમનાં પુત્ર કન્યા. વિધવા ભગિની સ્હવારમાં સ્હામેને ઘેર જઇ દેવસેવા કરી ગાયને ઘાસ નાંખી તરતજ નવા ઘરમાં ચાલી આવતી.

કૉલેરા ચેપી રોગ હોવાથી તે ઘરમાં કોઈ જતું નહિ. કોઇ શુકલજીની પત્ની દયાકોરને સ્પર્શ પણ કરતું નહિ. વિજળી સ્હવારમાં ત્યાં જતી તે વખતે દયાકોરને દવા વગેરે ન છુટકે આપી આવતી. તે પણ વેગળેથીજ! પાણીનો એક લોટો ને પવાલુ સ્હવારથી દયાની પથારી પાસેજ પડી રહેતું. પછી તેને તૃષા લાગે તે વખતે હાથે લઇને પીએ! અને ન પીએ તો જાય જહન્નમમાં! એક વિદ્યાર્થિનો છોકરો શુકલજીને ઘેર ભણવા આવતો ને તે ત્યાંજ જમતો. તે ગામમાંથી ભિક્ષા માંગી લાવી લોટ, દાળ, ચોખા જે મળતું તે શુકલજીને ઘેર ઠાલવતો. તેમ છતાં રોટલા માટે તો તેને ઓશિયાળો અવતારજ ભોગવવો પડતો! કોઇક વખત શુકલજીની પત્ની, પુત્ર કે વિજળી કોઈ વિદ્યાર્થિ માટે ફરીઆદ કરતાં તે વખતે શુકલજી તેના બરડા ઉપરની ધૂળ સારી પેઠે ખંખેરી નાખતા! એ છોકરાને હમણાં એક નવું કામ મળ્યું હતું. શુકલાણી માંદાં પડયાં ત્યારથી તેને રોજ ગંગનાથ મહાદેવનું ચરણામૃત લાવી દયાકોરને પાવું પડતું અને તેની પથારીમાં તથા આખા ઘરમાં તે ચરણામૃત છાંટવું પડતું. કોઈ કોઇ દિવસ તો તે છોકરો ગંગનાથ દાદાનું ચરણામૃત દયાકોરને આખે શરીરે છાંટી આપતો. શરીરે ચોપડવામાં હાથનો ઉપયોગ થાય એમ હતું અને વખતે કૉલેરાના જંતુઓ તેના હાથને વળગી પડે એવી ત્હેને બ્હીક હતી! તેથી તે વેગળેથીજ કામ કરી નાકે લુગડું દબાવી ચાલ્યો જતો! તેને આ બાબતનું શિક્ષણ આપનાર ત્હેના ગુરૂ શુકલજી હતા! પરંતુ જે દિવસથી કમલિનીએ શુકલાણીની સેવા કરવા માંડી ત્યારથી તે છોકરો દિવસમાં બે વખત આવી તેના

કામમાં થોડી ઘણી મદદ કરવા લાગે છે. કમલિનીએ ત્હેને સારી પેઠે બોધ આપ્યો હતો તેનું એ પરિણામ હતું.

રાત્રિના દશ વાગી ગયા છે. આકાશમાં વાદળાં ચ્હડી આવ્યાં છે. પ્રકૃતિ દેવી નિઃસ્તબ્ધ અને ગંભીર થઈ રહી છે. શુકલજીના જૂના ઘરમાં માટીના કોડીયામાં એક ઝાંખો દીવો કમ્પતો કમ્પતો ક્ષીણ ઉજાસ આપી રહ્યો છે. આખું ઘર શૂન્ય, ઉદાસ જણાતું હતું. રોગીની દ્રષ્ટિ શૂન્ય, ઉદાસ જણાતી હતી. કમલિની સ્થિર દ્રષ્ટિવડે રોગીની અવસ્થા તપાસતી હતી.

દુર્ગંધી ભરેલા, ઉન્હા નિશ્વાસવાળા શૂન્ય ઘરમાં કમલિની રોગીને ઓસિકે સ્તબ્ધ થઇ બેઠી હતી. આ વખતે તેનું અપૂર્વ રૂપ જણાતું હતું. તેની મૂર્તિ અપાર્થિવ જણાતી હતી. બે પદ્મપુષ્પ જેવાં નેત્રો રોગીના મુખ તરફ જોતાં હતાં. માથાના કાળા ભ્રમર જેવા લાંબા વાળમાંથી કેટલાક બરડે, કેટલાક ખભા ઉપર અને કેટલાક મુખ ઉપર પડયા હતા. ચમ્પક-વર્ણી દેહનું માધુર્ય, ક્ષીણ દીપક જ્યોતિને લીધે વિશેષ મધુર જણાતું હતું. પ્રફુલ્લ થયેલાં કમળ જેવાં તે મુખનો અનુપમ સૌંદર્ય–પ્રવાહ ઘરની ચારે દિશામાં રમતો ફરતો હતો. મૃદુ પવનના સ્પર્શથી કપાલ પર આવી પડેલા કેશગુચ્છ, કપાળ પર બાઝેલાં પરસેવાનાં બિંદુ સાથે ચોંટી ગયા હતા. કમલિની સ્થિર ભાવે બેઠી હતી. માત્ર વચમાં વચમાં એક વખત શીતળ, કોમળ હાથવડે રોગી દયાકોરના શરીરનો તાવ તપાસતી હતી.

ઘરનાં બારણાં સંપૂર્ણ ઉઘાડાં હતાં. તે બારણામાં અનેક વખત શુકલ-જી મહારાજ આવીને ઉભા હતા. તેમની દ્રષ્ટિ કમલિનીના પ્રફુલ્લિત કોમળ કમળ સમાન મુખ ઉપરજ પડતી હતી. તેમના મનમાં થતું કેઃ “આવું રૂપ દેવને દુર્લ્લભ! વેદમાં સ્વર્ગની વાતે લખી છે તે સ્વર્ગ ધારવા પ્રમાણે આ યુવતિના મુખ–માધુર્યમાંજ અવસ્થિત હોવું જોઇએ! આટલું બધું સૌંદર્ય, આટલું બધું સુખ, સ્વર્ગ સિવાય બીજે કયાં સંભવે? હું બ્રાહ્મણ છું, શાસ્ત્રજ્ઞ છું, આ સ્વર્ગનું સુખ ભોગવવાનું શું મ્હારા પ્રારબ્ધમાં નહિ હોય?”

કમલિનીએ આ સમયે રોગી દયાકોરના કપાળનો સ્પર્શ કર્યો. તેનું મુખ હમણાં અપ્રસન્ન જણાતું હતું. કારણ? તેણે શુકલજી મહારાજને

બોલાવવા મોકલ્યું હતું. તેથી તે તેમના આવવાની વાટ જોઈ બેઠી હતી. તેણે આંખ ઉંચી કરી બારણાં સ્હામુ જોયું તો ત્યાં શુકલજી ઉભા ઉભા ટગર ટગર તેનાજ મુખ સ્હામુ જોયા કરતા જણાયા. કમલિનીએ હસી દીધું. તે બોલીઃ “ શુકલજી, તમારી પત્ની મહાયાત્રા કરે છે. તે જન્મ પર્યંતને માટે તમારો ત્યાગ કરી જાય છે; અને તમે ટગર ટગર મ્હારા સ્હામુ જોયા કરો છો! બહુ આશ્ચર્ય! આવો, એક વખત તેના કાનમાં ભગવાનનું નામ સંભળાવો. કંઇ વાતચિત કરો. તે જાય છે. હવે સમય નથી.”

શુકલજીએ ગભરાતાં ગભરાતાં ઘરમાં પ્રવેશ કર્યો.

કમલિનીએ કહ્યુંઃ “તમારાં પત્નીનો અંતિમ સમય ઉપસ્થિત થયો છે.”

ભયથી થરથરતા, ચમકતા, આશ્ચર્ય પામતા શુકલજીએ કહ્યુંઃ “ તે તો હું પણ જાણી ગયો છું.”

કમલિનીઃ “તમે તેના પતિ છો. નારી—જન્મના દેવતા છો. એક વખત ત્હેની પાસે આવીને બેસો. તમારા ચરણની રજ તેના શરીરે ચોળો. તેને શાંતિના બે શબ્દ કહો.”

શુકલજી ત્રણ હાથ વેગળે ઉભા હતા. મ્હોડે લુગડાનો ડુચો દીધો હતો. તેમણે ઉત્તર દીધોઃ “તેમ બનશે નહિ. એને કૉલેરા થયો છે રોગ નઠારો છે. શાસ્ત્રના અભિપ્રાય પ્રમાણે પ્રાયશ્ચિત્ત કરવું પડે. હું તેને સ્પર્શ કરી શકીશ નહિ.”

કમલિની કંઈક બોલવા જતી હતી પરંતુ તેનાથી બોલાયું નહિ. દયાકોરે એક વખત ઉંડો નિઃશ્વાસ મૂક્યો. કમલિનીએ ઉતાવળે ઉભા થઇ થોડું ગંગાજળ તેના મુખમાં રેડયું પણ તે દયાકોરને ગળે ઉતર્યું નહિ. હોઠની બે બાજુએ થઇને બહાર નિકળી ગયું.

કમલિનીએ શુકલજીને પૂછયુંઃ “કેટલા વાગ્યા છે?”

શુકલજીઃ “સાડા બાર.”

કમલિનીઃ “આકાશમાં વાદળાં હતાં તે હજુ છે કે?”

શુકલજીઃ “ઘણાં વાદળાં છે. વિજળી તો ક્ષણે ક્ષણે ચમકી રહી છે. સત્વર વૃષ્ટિ થવાનો સંભવ છે.”

કમલિનીએ થોડો વખત વિચાર કર્યો ત્યાર પછી કહ્યું: "મ્હારૂં કાર્ય પરિપૂર્ણ થયું છે. હું જાઉં હવે?"

શુક્લજી ઉતરી ગયલે મુખે બોલ્યા: "મડદાને લઈ હું એકલો શી રીતે બેસી રહીશ. તમે થોડી વાર બેસો. હું મ્હારાં સગાંને બોલાવી લાવું."

કમલિનીએ હસતાં હસતાં કહ્યું: "મહારાજ, તમને ભૂતનો ઘણો ભય લાગે છે કેમ વારૂ? હું બેઠી છું. તમે દયાકોરના કાન પાસે જઈ પ્રભુનું નામ સંભળાવો. હજુ છેલ્લો શ્વાસ વહે છે. તદ્દન મુડદુ નથી."

શુક્લજીએ મ્હોડે લુગડાનો ડુચો દઇ વેગળેથીજ દયાના કાન પાસે "રામ, રામ, શ્રીરામ, શ્રીરામ." એવા શબ્દો કહ્યા. પતિના મુખમાંથી રામનું નામ સાંભળતી સાંભળતી દયાકોર સ્વર્ગે સિધાવી ગઇ. દાઢી ઉંચકાઇ. આંખો ફાટી ગઇ. છેલ્લું ડચકું ખાધું.

એ જોઈ શુક્લજીએ જાણી લીધું કે હવે તે ચાલી ગઇ છે. તેમણે મ્હોટેથી રડવા માંડયું. તેમનો ગગનભેદી અવાજ સાંભળી આડોસીપાડોસીઓ દોડી આવ્યાં. વગર તેડે ઘણાં ભેગાં થઇ ગયાં. શુક્લજીનો ભૂતનો ભય ચાલ્યો ગયો! કમલિની ઘેર ચાલી ગઇ.

દ્વિતીય ખણ્ડ.

बहूनां जन्मनामन्ते ज्ञानवान् मां प्रपद्यते ।
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ॥

પ્રથમ પરિચ્છેદ.

અશ્રુ.

પ્રભાતનો સમય છે. પૂર્વ દિશામાં સૂર્ય ભગવાન ઉદય થઇ ચૂક્યા છે. આકાશ કાળા વાદળા વગરનું સ્વચ્છ છે. જ્ઞાનાનંદના ઘર સ્હામુ રજત—સલિલા નર્મદા નદી છે. કલ્ કલ્ ધ્વનિ મર્મસ્થાનને સ્પર્શી કરે છે. પક્ષી વૃંદના કોમળ કણ્ઠસ્વરનું સુંદર સંમેલન, સૂર્યના કોમળ તડકાવડે ઉજ્વળ થઇ ખિલી રહેલા, યૌવન સ્વપ્નમાં મગ્ન થઇ રહેલા મધુર પુષ્પના ઝુમખા અને ઉંચાં માથા કરી ઉભેલાં લીલાં પલ્લવવાળાં વૃક્ષનાં ઝુંડ, અતિ મધુરતા, અતિ પવિત્રતા અને અતિ શાંતિ-શીતળતા પ્રસરાવતાં હતાં.

નર્મદાને કિનારેજ જ્ઞાનાનંદનું એ માળનું સુંદર ઘર હતું. ઘરના આંગણામાં ખુલ્લી જમીન હતી. ત્યાં ઉગેલાં સમાન વયનાં લીલાં દુર્વાદલ ઉપર રાત્રિએ પડેલાં ઝાકળ બિંદુ ઉપર પ્રાતઃ સમયે કોમળ સૂર્યનો તડકો પડવાથી જાણે પ્રકૃતિદેવીએ ઝીણાં ઝીણાં માણિક્યના કટકા લટકાવ્યા હોય તેવું મનોહર, અતિ સુંદર જણાતું હતું. ઘરના ઉપલા માળના એક ઓરડામાં એક મૃગચર્મ ઉપર બેસી કમલિની, એક ચિત્તે ગીતાજીનું અધ્યયન કરતી હતી. એક પાસે ધુપદાનીમાં સુગંધીદાર ધુપ પ્રજવળતો હોવાથી સમસ્ત ઘરમાં સાત્વિક સુગંધ ફેલાઇ રહેલો હતો. પુષ્પની સુગંધવાળો, પ્રાતઃસમયનો

મધુર મંદવાયુ ધીમે ધીમે વહન થઇ, કમલિનીએ પહેરેલા, દૂધના ફીણ જેવાં સફેદ સ્વચ્છ વસ્ત્રને અને કપાળ ઉપર આવી પડેલા વાંકડીયા વાળને હલાવી ક્રીડા કરતો હતો.

ઘરના ચોગાનમાં, એક બે ત્રણ કરતાં અનેક મનુષ્યો આવી ભેગાં થવા લાગ્યાં. તે સર્વના શરીર હાડપિંજર જેવાં હતાં. તેમના મુખ ઉતરી ગયેલાં ફિક્કાં અને નેત્ર ઉંડા પેસી ગયેલાં હતાં! તેમને જોતાંજ જણાતું કે તેમના શરીરમાં બળ નથી. શરીરપર સેંકડો સાંધાવાળાં, ફાટેલાં વસ્ત્ર હતાં.

જોતજોતામાં તડકો થયો. ધીમે ધીમે અનેક કંગાલ મનુષ્યોવડે ચોગાન ભરાઈ ગયું. કોઈ આવતાંજ બેસી ગયું છે. કોઇ લીલાં ઘાસપર શયન કરી કરૂણ સ્વરે મ્હોટેથી રડી રહ્યું છે. કોઈ આમતેમ ફરે છે. કોઇ બેઠાં બેઠાં અદ્રષ્ટ–ચિન્તામાં નિમગ્ન થઇ રહ્યાં છે. કોઇના ખોળામાં છોકરાં ભૂખે હાહાકાર કરી રહ્યાં છે! તેને સમજાવતાં તે કંગાલ મનુષ્ય પોતેજ અશ્રુપાત કરે છે. કોઇના ચાર પાંચ વર્ષનાં બાળક, અત્યાર સુધી ભૂખ તરસ વેઠી, આટલે વેગળે પગે ચાલવાથી બહુ થાક લાગતાં ચક્કર ખાઇ જમીન પર પટકાઇ પડે છે! એ જોઇ તેનાં હતભાગ્ય માતાપિતા છાનામાના નેત્રનાં આંસુ વડે પૃથ્વીની માટી પલાળી રહ્યાં છે. આ બધાં દુષ્કાળથી પીડાતાં હતાં. બધાં અન્ન વગર હાડપિંજર થઇ રહ્યાં હતાં!

બીજા માળના એક ઓરડામાં કમલિની ગીતા પાઠ કરતી હતી. તે એક વખત અર્જુન બનતી હતી, અને શાંત ચિત્તે શ્રીકૃષ્ણભગવાનના ઉપદેશામૃતનું પાન કરતી હતી. બીજી વખતે તે પોતેજ શ્રી કૃષ્ણ બની જતી, અને જાણે મનરૂપી અર્જુનને બોધ કરતી હોય તેમ ઉપદેશકનો ભાવ ભજવતી હતી. એક વખત અર્જુનરૂપે બોધ ગ્રહણ કરતી. બીજી વખત શ્રીકૃષ્ણ રૂપે બોધ દેતી. બોધ દેતી વખતે શ્રીકૃષ્ણના જેવા હાવ ભાવ કરતી, બોધ લેતી વખતે બે હાથ જોડી, દીનભાવે, નમ્રતાપૂર્વક, આતુર ચિત્તે, હૃદયનાં દ્વાર ઉઘાડી, બોધામૃત ગ્રહણ કરતી. તે ગીતાજીનું અધ્યયન કરતી હતી, પણ ઉપરટપકેથી નહિં. તેને માત્ર પોપટજીની પેઠે પાઠ કરી જવાનોજ નિયમ નહતો, પણ તેમાંના ઉપદેશ પ્રમાણે તે વર્તતી હતી. શ્રીકૃષ્ણ ભગવાનના

ઉપદેશ પ્રમાણે તેણે પોતાના મનને સંસ્કારી પવિત્ર–કર્યું હતું. શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહેલા વિષાદયોગ, સાંખ્યયોગ વગેરેના આધ્યાત્મિક અર્થ કરી પોતાના મનનેજ અર્જુન અને આત્માને શ્રીકૃષ્ણ ભગવાનરૂપ જાણી ગીતાજીનું શ્રવણ મનન કર્યું હતું. ઘણા નર નારીઓને માત્ર ગીતાજીના પાઠ વાંચી જવાના નિત્યનિયમ હોય છે અને તે પાઠ વાંચ્યા વિના અન્નજળ લેતાં નથી, પરંતુ એવાં અજ્ઞાન નર નારીઓ ગીતાજી વાંચવા છતાં તેમાંનો એક શબ્દ પણ સમજતાં નથી, તેમજ તે જ્ઞાન પ્રમાણે વર્તતાં નથી. માત્ર પોપટજી જેમ “અચરે અચરે રામ” બોલ્યા કરે છે પણ તેને તેના અર્થની ખબર નથી તેમ એવાં નર નારીઓ ગીતાજીનો પાઠ કરી જાય છે પણ તેના આધ્યાત્મિક અર્થ સમજતા નથી અને તે પ્રમાણે વર્તતાં નથી. ત્યારે તે જેવાં ને તેવાંજ રહી જાય છે! તેમને ગીતાજીનું ખરૂં જ્ઞાનજ થતું નથી. ઘણા વ્યાસ, શુક્લ, ગોર દેવતા અને કુલપુરોહિતો ગીતાજીની કથા વાંચે છે! પણ તે પોપટીયુંજ જ્ઞાન! જાતે પોપટજી! સાંભળનાર પણ પોપટજી! હમણાં અર્જુનના જેવા સાંભળનાર નથી, આતુર મુમુક્ષુ નથી, ત્યારે શ્રી કૃષ્ણ ભગવાન જેવા ઉપદેશક પણ નથી–મોક્ષ દેનાર નથી! જેમ માર્ગમાંથી રત્ન–માણિક્ય મળતાં નથી તેમ સંસારમાંથી ઝટ લઇને મોક્ષ દેનાર ગુરૂ પણ મળતા નથી. જેમ રત્ન–માણિક્ય મેળવવાને ઘણો પ્રયાસ કરવો પડે છે તેમ એવા સદ્દગુરૂ મેળવવાને પણ અતિ પ્રયાસ કરવો પડે છે. તેમ છતાં જવલ્લેજ મળે છે! એવા સદ્દગુરૂ મળે ત્યારેજ ગીતાજીના આધ્યાત્મિક અર્થ સમજાય છે. કમલિનીના સંબંધમાં તેમ નહોતું. તેને બાલ્યાવસ્થાથીજ તેના પિતાએ સંસ્કારી બનાવી હતી, તેને સંસ્કૃત જ્ઞાનદાન દીધું હતું. તેના હૃદયને ભક્તિમાર્ગે વાળી દીધું હતું. અનેક શાસ્ત્રનાં અધ્યયન કરાવી પરબ્રહ્મ પરમાત્માનું મહાત્મ્ય તેના ચિત્ત ઉપર ખરેખર ઠસાવ્યું હતું. જ્ઞાનાનંદ શ્રીકૃષ્ણ બન્યા હતા. કમલિની અર્જુન થઇ હતી. એ શ્રીકૃષ્ણે અર્જુનને એવો સચોટ બોધ આપ્યો હતો કે તે તેનાથી જીવનપર્યંત ભૂલાય તેમ નહતું. તેનેજ પ્રતાપે તે વિશ્વરૂપ વિરાટ્ ભગવાનની સેવા કરવા કટિબદ્ધ થઇ છે. અત્યારે તે ગીતાજી વાંચવામાં તલ્લીન થઈ ગઇ હતી. તેને બાહ્ય જગતનું ભાન નહોતું. તેને કાને સાંભળવાનું, નાકે સુંઘવાનું, જીભે સ્વાદ લેવાનું, નેત્રે જોવાનું,

ત્વચાએ સ્પર્શ જાણવાનું, અને મને ગતિ કરવાનું; એ સર્વ ઇન્દ્રિયોએ પોતાનાં કાર્ય આત્માને સમર્પણ કરી દીધાં હતાં. સર્વ ઇન્દ્રિયો અંતરમુખ થઇ ઉપદેશા-મૃતનું પાન કરતી હતી. ઘણી વાર સુધી તો તેનાં નેત્રો મિચાયાંજ રહેતાં. ગીતાજી ત્હેને મ્હોડે હોવાથી અંતરમાંજ પ્રશ્નોત્તર થયા કરતા. કૃષ્ણ અને અર્જુન બનતાં બનતાં છેવટે તે શ્રીકૃષ્ણરૂપજ થઇ રહેતી. તેને ધ્યાન સમાધિ થઈ જતી. તે પોતેજ પોતાને શ્રીકૃષ્ણ ભગવાન જાણતી, અને ઘણા પ્રહર સુધી પૂર્ણ આનંદ ભોગવતી.

બારણા બહાર દુકાળીયાંઓએ કોલાહલ મચાવી મૂકયો હતો. તે જમના દાસીથી સહન થયું નહિ. મનમાં ને મનમાં કાંઇક બડબડતી માળ ઉપર ગઇ અને કમલિની ધ્યાનમગ્ન થઈ બેઠી હતી ત્યાં જઇ કહેવા લાગી: "બેઠાં બેઠાં આંખો મીંચી હોડ ફફડાવાથી ચાલશે કેમ? નીચે જઇને પેલાઓનો કોપ સમાવો. જાઓ."

કમલિનીએ કંઈ પણ ઉત્તર દીધો નહિ. જમનાના શબ્દો તેના કાનમાં પ્રવેશ કરી શકયા નહોતા. તે અર્ધ મિચેલાં નેત્રોએ ધ્યાનાવસ્થ બેસી રહી હતી. સ્હામું ગીતાજી પુસ્તક ઉઘાડું પડયું હતું.

ઉત્તર નહિ મળવાથી જમનાનો મિજાજ હાથથી ગયો. તે વૃદ્ધ હતી. ઘણા દિવસથી આ ઘરમાં કામ કરતી હતી. તે બધાંને પી ગઇ હતી. મ્હોટા ઘાંટા પાડી કહ્યું: "તમાસો મચાવીને પછી ચોપડી લઇ બેઠાથી ચાલશે નહિ. એ તો કામ પૂરૂંજ કરવું પડશે. જરા બહાર જો તો ખરી."

તેના કાન ફાડી નાંખે એવા શબ્દોએ હવે કમલિનીના કાનમાં પ્રવેશ કર્યો, ના કરે તો જમના કયાં છોડે તેમ હતી! તેણે કમલિનીને ન્હાનપણથી ઉછેરી હતી તેથી હજુ તે તેને અજ્ઞાન બાળકજ સમજતી હતી. તેથીજ તેને આંખોના ડોળા કહાડી ધમકાવતી અને વખતે એ ખાટી મીઠી વાતો પણ કહેતી! કમુ તે સહન કરી જતી. તે મનમાંજ કહેતી: "ભગવાન, આ રૂપે પણ તમેજ જગતમાં વિચરી રહ્યા છો."

કમલિનીએ નેત્ર ઉઘાડયાં. પુસ્તક બંધ કરી કહ્યું: "કેમ શું છે? શો તમાસો કર્યો છે જમના?"

જમનાએ મ્હોં વાંકુ કરી, હાથના ચાળા પાડી કહ્યું: " શો તમાસો કર્યો છે જમના ? આંખે જોની. ભગવાને આંખો તો મ્હોટા કોડા જેવી આપી છે. "

કમલિનીએ ઝરૂખામાં જઈ જોયું, અને કહ્યું: "ઘણાં માણસો આવ્યાં છે જમના !"

જમના: " કેમ ના આવે ? તે દિવસે એક ડોસો આવ્યો'તો. મ્હેં ધણીએ ના કહી કે એને ખાવાનું આપશો નહિ. કાઢી મૂકો. દુકાળના દિવસોમાં એકને આપીશું તો દશ આવશે. દશને આપીશું તો વીશ આવશે. અરે ! સો જણાં આવશે. થયું છે પણ તેમજ. તે ગયા પછી બીજાં કેટલાંને સાથે લઇ આવ્યો છે ? કેટલાક દિવસથી તો જાણે આપણે ત્યાં સદાવ્રતજ બેઠું છે ! આપણે ઘેર આવવાથી લોકોને ખાવાનું મળે છે, તેથીજ લોકોએ વધારે વધારે આવવાનું શરૂ કર્યું છે ! "

કમલિની: " શું કરવું જમના મા ! આપણે મનુષ્ય થઇને મનુષ્યનું આટલું બધું દુઃખ જોઇ શકાય ખરૂં ? રોજ રોજ તો આપણે આપતાં નથી ? એક દિવસને અંતરે આપીએ છીએ."

જમના: "આજે શું કરવું ?"

કમલિની: "પિતાજી પાસે ગયાં'તાં તમે ?"

જમના: "તેમણે તો કેટલાક દિવસથી ઉત્તર દઇ દીધો છે."

કમલિની: " મ્હારી પાસે પણ હવે કાંઇ નથી. જાઓને એક વખત પુનઃ પિતાજી પાસે."

જમના: "આટલાં બધાં માણસો જોઇને શું હું ગયા વગર રહી હોઇશ ? તે તો કહે છે કે એ ગાંડીની ઇચ્છા હોય તેમ કરે. હું શું કરૂં હવે ?"

કમલિનીએ થોડી વાર વિચાર કર્યા પછી કહ્યું: " મ્હારા ઉપર એક ઉપકાર કરશો ? "

જમના: " શો ? "

કમલિની: " મ્હારે હાથે બે સોનાની બંગડી છે, તે લઇને આપણા પુરશોત્તમ ચોકસીની દુકાને જાઓ. હું રૂદ્રાક્ષની બેરખીથી ચલાવી લઇશ."

જમના: "પછી?"

કમલિની: "બંગડીઓ વેચી સત્વર પૈસા લઈ આવ."

જમના: "પછી?"

કમલિની: "એ પૈસાથી ચાલશે તેટલા દિવસ ચલાવીશ."

જમના: "ત્હારી બંગડીઓ વેચી આવું અને જ્ઞાનાનંદ ભાઇ મ્હારી ચામડી ઉતારી કહાડી મૂકે તે નફામાં! દુકાળના દહાડામાં કોને ઘેર જઇ પેટ ભરવું?"

કમલિની: "તમે ત્હમારા એક પેટની ચિંતા કરો છો અને મ્હારા સ્હામું કેટલાં ભૂખ્યાં પેટ આવી ઉભાં છે ત્હેની ત્હમને દયા નથી આવતી? મ્હારૂં કહ્યું નહિ માનો?"

જમના: "શી રીતે માનું? તમારી બંગડીઓ લઇ જાઉં પણ ચોકસી મ્હારાપર વિશ્વાસ કેમ રાખે? વખતે ચોરીની જાણુસો જાણી પોલીસના હાથમાં સોંપે ત્યારે? વખતે કહાડી મૂકે ત્યારે?"

કમલિની: "ત્યારે એક કામ કરો. હરિકૃષ્ણ કાકાને ઘેર જાઓ. હું ચીઠ્ઠી લખી આપું છું. બંગડીઓ ગિરવી મૂકી બસો રૂપિયા લઇ આવો."

જમના: "એ રસ્તો સરળ છે ખરો, પણ જ્ઞાનાનંદને પૂછ્યા સિવાય મ્હારાથી તેમ પણ થાય નહિ. પેટની ચિંતા નહિ પણ પીઠની ચિંતા તો ખરી! નોકરનો ધર્મ છે કે નીતિ અને ધર્મ પ્રમાણે વર્તવું જોઇએ. શેઠથી છાનું કોઇ કામ કરવું નહિ. એવું કામ કરીએ તો વિશ્વાસઘાત કહેવાય; પછી અનેક ઠેકાણે એવાંજ છાનાં કામ કરવાની ટેવ પડે જાય. કોઇ વિશ્વાસ રાખે નહિ. પેટ ભરવાનું મુસ્કિલ થઇ પડે. આ વાત ચારે દહાડે જ્યારે ત્યારે પણ ઉઘાડી પડયા વગર રહે ખરી ?"

કમલિની: "ત્યારે જાઓ, સત્વર પૂછી આવો. મ્હારૂં નામ દઇને પિતાજીને કહેજો કે: ફરીથી હું બંગડીઓ માગીશ નહિ. જેની દ્રષ્ટિ સ્હામું આટલાં બધાં ભૂખ્યાં દરિદ્ર–નારાયણ બેઠાં તરફડે છે તે સોનાની બંગડીઓ પહેરી શી રીતે ટગર ટગર જોયા કરે? ધિક્ છે એ સોનાની બંગડીઓ પહેરવામાં! ભગવાને દયા કરીને ધન આપ્યું છે, તે અન્ય ભૂખ્યાં જનોના

ઉપયોગ માટેજ ! પોતાનાં બાળબચ્ચાંને અને કુટુંબીજનોને પાળવાં એને સ્વાર્થ કહેવામાં આવે છે, પણ પારકાં ગરિબ-દરિદ્ર જનોને અન્ન આપવું એજ પરમાર્થ ! એ રૂપે પણ ભગવાન પોતેજ જગતમાં વિચરે છે, તેથીજ એમને દરિદ્ર-નારાયણ કહેવામાં આવે છે. જનના મા ! લાખો રૂપિયાના દાગીના હોય, લાખો રૂપિયા બેંકોમાં જમે પડયા હોય અને બારણે આવેલા દરિદ્ર જનોની ક્ષુધા તૃષા ના મટાડીએ તો લક્ષ્મી આપનાર પરમાત્મા કેમ સંતુષ્ટ થાય? મનુષ્ય ઉપર કૃપા કરીને પરમાત્મા જ્યારે લક્ષ્મી આપે ત્યારે દુઃખી દરિદ્રીઓને અન્ન વસ્ત્ર આપવાં એજ મનુષ્યનો ખરો ધર્મ છે. કીર્તિને માટે આપીએ તેમાં સ્વાર્થ છે. નિષ્કામ ભાવે આપવું એમાંજ પરમાર્થ છે. નિષ્કામ ભાવે ભક્તિ કરવી અને નિઃસ્વાર્થ ભાવે દાન કરવું એથીજ પરમાત્મા ખુશી થાય છે. પ્રત્યેક શાસ્ત્ર ગ્રન્થોમાં પણ એવુંજ જોવામાં આવશે કેઃ "પરમાત્માએ જગત્ રચ્યું છે. પ્રાણી માત્ર પરમાત્માના સન્તાન છે. પરસ્પર એક બીજાને આશ્રય આપવો જોઇએ." આપણે ઘરમાં મિષ્ટાન્ન ઉડાવીએ અને બારણે આવેલા ભિક્ષુકને કટકો રોટલો ના આપીએ તો પછી આપણા જેવા કઠોર હૈયાના, ઇશ્વરનો નિયમ ઉલ્લંઘન કરનાર, સ્વાર્થિ મનુષ્ય બીજાં કોણ ? રાજાના કાયદા પ્રમાણે નહિ વર્તનારને તાત્કાલિક કેદની શિક્ષા કે રૂપિયાનો દણ્ડ થાય છે ત્યારે પરમાત્માની આજ્ઞા-શાસ્ત્ર-પ્રમાણે નહિ વર્તનારને તે પિતા કેવી ભયંકર શિક્ષાઓ અને દણ્ડ કરશે તેની તમને ખબર છે? આટલાં બધાં ભૂખ્યાં-ગરિબ મનુષ્યોના હાહાકાર દંડે પેટે સાંભળ્યા કરીએ અને આપણે સોના મોતીના અલંકારો ધારણ કરીએ એ આપણો ધર્મજ નથી !

कृशाय कृतविद्याय वृत्तिक्षीणाय सीदते ।
अपहन्यात् क्षुधां यस्तु न तेन पुरुषः समः ॥* ५९-११.

"વિદ્વાન, ગરીબ, કૃશ ક્ષુધાતુરની ક્ષુધા મટાડે તેના સમાન અન્ય (ઉત્તમ) મનુષ્યો નથી. જેને ઘેર ગાડી ઘોડા કે અન્નદાનના ભંડાર ભર્યા છે તેને નિત્ય નિત્ય દાન આપીએ અને દુકાળ પિડિત જનોને, ભૂખ્યાં,

* મહાભારત—અનુશાસન પર્વ.

તરસ્યાંને કટકો રોટલો ના આપીએ તો એ દાનથી શું ફળ ? એવાં દાનથી કશું ફળજ નથી. એવું શાસ્ત્રજ કહે છે. વળી

शक्तः परजने दाता स्वजने दुःख जीविनि ।
मध्वापातो विषाश्वादः स धर्म प्रतिरुपकः ॥*

"ગરીબ, દુઃખી, આત્મીયને દાન નહિ કરતાં પારકાં મનુષ્યોને દાન કરવાથી તે દાનથી પુણ્ય થતું નથી." એવા પણ ઘણા કીર્તિદાન કરનારા છે કે પોતાના ગામ કે દેશમાં કોઇ ગરિબોનાં ઘર બળી ગયાં હોય કે કોઇ કુટુંબનો મુખ્ય પુરૂષ જળમાં ડુબી ગયો હોય તો તેને શોધીને દાન આપનારા—સહાય કરનારા પુરૂષો નથી પણ અમેરિકાની ટીટેનિક આગબોટ ડુબી ગઇ, તેમાં નિઃસહાય થયેલાને દાન કરવા નિકળશે! અથવા યુરોપમાં કોઇ સ્થળે જ્વાળામુખી પર્વત ફાટતાં ગામ કે શેહેરનો નાશ થયો હોય છે ત્યાંના નિરાધારોને મદદ કરશે પણ હિંદુસ્થાનમાં એવીજ રીતે નિરાધાર થઇ પડેલાને મદદ કરવા આગળ આવશે નહિ! જો કે ભૂત માત્ર ઉપર દયા રાખવી જોઇએ અને તેમને પણ મદદ કરવી જોઇએ, એ માટે મ્હારી ના નથી પણ પગ તળેનું બળતું ઓલવે નહિ અને પારકા ઘરનો અગ્નિ ઓલવવા જાય એ કયા પ્રકારની નીતિ ? કયા પ્રકારનો ધર્મ? સાંભળો મા ! દુકાળમાં દાન કરવા માટે મહર્ષિ અત્રિ શું કહે છે ?

दुर्भिक्षे चान्न दाताच......स्वर्गलोके महीपते।*

"જેઓ દુકાળના સમયમાં અન્નદાન કરે છે તે સ્વર્ગમાં પણ પૂજાય છે." અને

यस्तु दुर्भिक्षवेलायामन्नाद्यं न प्रयच्छति ।
म्रियमाणेषु सत्त्वेषु ब्रह्महा स तु गर्हितः ॥
तस्मान्न प्राति गृह्णीयान्न वै देयंच तस्य हि ।
अंकयित्वा स्वकाद्राष्ट्रात्तं राजा विप्रवासयेत् ॥ +

જે સમયે દુર્ભિક્ષના પ્રકોપને લીધે જીવો મરણ પામે, તે સમયે જેઓ

---

* મનુસ્મૃતિ ૧૧-૯.

+ [illegible] પુરાણ ૭-૨૬-૫૯-૬૦.

અન્ન વગેરેનાં દાન કરતા નથી તેઓ તિરસ્કારને પાત્ર છે. તેઓ બ્રહ્મઘાતી છે. એવા (કંજુસ) મનુષ્યો પાસેથી કંઇ લેવું નહિ, અને કંઈ આપવું નહિ. રાજાએ એવા (કૃપણ) મનુષ્યોને ચિહ્ન કરીને દેશમાંથી કહાડી મૂકવા." દાનનો મહિમા શ્રેષ્ઠ છે. રંતિદેવ નામના નિઃસહાય રાજાએ શુદ્ધ મન વડે (શ્રદ્ધા સહિત) જળદાન કર્યું હતું તે પુણ્યને લીધે તેને સ્વર્ગ પ્રાપ્ત થયું હતું.

રંતિદેવની પવિત્ર કથા શ્રીમદ્ભાગવતના નવમા સ્કંધમાં છે. રંતિદેવ બહુ તૃષાને લીધે મરણ પામવા જેવા થઈ ગયા હતા છતાં પોતાનું જળ એક અસ્પર્શ્ય ગણાતા મનુષ્યને આપતાં બોલ્યા કેઃ—

"न कामयेऽहं गतिमीश्वरात् पराम्
अष्टर्द्धि युक्ताम पुनर्भवं वा ।
आर्त्तिं प्रपद्येऽखिलदेह भाजाम्
अन्तःस्थितो येन भवन्त्ये दुःखाः ॥*

"હું ઈશ્વર પાસે અષ્ટસિદ્ધિ અથવા મોક્ષ ચ્હાતો નથી, પણ ભગવત્ પાસે મ્હારી એજ પ્રાર્થના છે કે સર્વ પ્રાણીઓનું દુઃખ હું ભોગવું. તેઓ કદી પણ દુઃખ ના પામે." પરદુઃખનો નાશ કરવા એક રાજા ઈશ્વર પાસે કેવી પ્રાર્થના કરે છે તે સાંભળો મા ! પૃથ્વીપર ઘણાએ રાજાઓ છે. તેમાંથી કયો રાજા આવી પ્રાર્થના કરે એમ છે ? અરે, સામાન્ય ગૃહસ્થાશ્રમી મનુષ્ય જ્યારે આવી પ્રાર્થના નથી કરતા અને એ પ્રમાણે વર્તતા નથી તો પછી અનેક પ્રકારના લોભ, મોહ, લાલચ ભરેલા રાજાઓ એવી પ્રાર્થના કરે ? ખરૂં જોતાં રાજાઓ એવી પ્રાર્થના કરશે ત્યારેજ સંસાર સ્વર્ગ રૂપ થઇ રહેશે, અને ત્યારેજ પાછાં સત્યુગનાં દર્શન થશે. આપણા શાસ્ત્રોમાં દાન કરવા માટે દીર્ઘદર્શી, જ્ઞાનિ ઋષિ મુનિઓએ બહુ ઉત્તમ વ્યવસ્થા કરી છે. તેમણે કંઇ એવું કહ્યું નથી કે ઘરમાંથી ગમે તેને દાન કરી દો. "ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાયજીને આટો !" એમ પણ કરવાનું કહ્યું નથી પણઃ—

---

* શ્રીમદ્ભાગવત. ૯–૨૧–૧૨.

कुटुम्बभक्तवसनाद्देयं यदतिरिच्यते ।
अन्यथा दीयते यद्धि न तद्दानं फलप्रदम् ॥+

" કુટુંબી જનોના અન્નવસ્ત્રની જોગવાઈ કરતાં જે વધે તેનાથી દાન કરવું. ગૃહસ્વામીના દાનકર્મને પરિણામે તેના કુટુંબી જનોને અન્નવસ્ત્રનું કષ્ટ થાય તો તેવા દાનથી પાપ થાય છે. પુણ્ય થતું નથી." માજી! સમજ્યાં દાનનો મહિમા? સમજ્યાં દાનની વ્યવસ્થા? આપણા આંગણામાં આટલાં બધાં દુકાળીયાં હાહાકાર કરે અને હું હાથે સોનાની બંગડીઓ પહેરવાનો શોખ કરૂં એ મ્હને યોગ્ય જણાતું નથી. કેમ સાચું કે ખોટું?"

જમના કમલિનીના મુખ સ્હામું જોઈ આભી બની ગઇ હતી. આજની ભણેલી છોકરીઓ ચડચડ ભાષણો કરે છે અને વાતવાતમાં સંસ્કૃત શ્લોકો બોલે છે એ જમનાએ કાને સાંભળ્યું હતું. આજે પ્રત્યક્ષ થયું. આ કુટુંબ સરસ્વતીનુંજ ઉપાસક હતું, છતાં તેની કેડ ઉપર અને હાથ ઉપર રમી ન્હાનેથી મ્હોટી થયેલી કમલિનીમાં આટલું બધું જ્ઞાન હશે તે જમના જાણતી નહોતી. આજે ત્હેનું ભાષણ સાંભળી સ્તબ્ધ થઇ ગઈ! તેણે ઉતર દીધોઃ "કમુ બા! હું ન્હોતી જાણતી કે ત્હારામાં આટલું બધુ જ્ઞાન છે? શાબાશ છે. તેં બહુ જ્ઞાન મેળવ્યું છે. બહુ અભ્યાસ કર્યો છે. આપણા શાસ્ત્રમાં દાનની વ્યવસ્થા બહુ ઉત્તમ રીતે કરી છે. હું ન્હાની હતી ત્યારથી—મ્હારા ઘરના રિવાજ પ્રમાણે—સવાર સાંજ એકેક મુઠ્ઠી અનાજ ચકલાંના કુંડામાં નાંખું છું. વખતે બે પૈસા બ્રાહ્મણને પણ આપું છું. ત્હારા કહેવામાં હું તો બરોબર સમજી પણ હવે જ્ઞાનાનંદ સમજે ત્યારે."

કમલિનીઃ " તમે જઇને વાત કરો. તરતજ સમજશે."

જમના ચાલી ગઈ. કમલિનીએ સોનાની બંગડીઓ કહાડી આસન પર મુકી. તેની જગ્યાએ ઝીણી રૂદ્રાક્ષની એક એક બેરખી હાથમાં પહેરી દીધી. ઝરૂખામાં જઇ આંગણામાં દ્રષ્ટિ નાંખી દુકાળીયાં તરફ જોવા લાગી.

ભુખ્યાં તરસ્યાં દુકાળીયાંઓએ ઝરૂખા તરફ જોતાં જણાયું કે ત્યાં છુટા વાળવાળી, ચમ્પકવર્ણી શ્વેતવસ્ત્ર ધારિણી, દેવીમૂર્તિ આવી ઉભી છે.

+ કુર્મ પુરાણ ૨-૨૬-૧૦.

પવનના મૃદુ મંદ પ્રવાહ-તરંગથી કપાળપર સરી આવેલી વાળની લટો ફરફરી રહી છે, જાણે જગન્માતા મહાદેવી પોતાનાં સન્તાનો તરફ પ્રેમદૃષ્ટિથી નિહાળી રહ્યાં છે. જે દુકાળીયાં પ્રથમ આવી ગયાં હતાં તે કમલિનીને ઓળખતાં હતાં, તેથી તેને જોતાંજ મ્હોટેથી બૂમો પાડી ઉઠયાં: "ભૂખે મરી જઇએ છીએ બા! ખાવાનું [illegible] બા!" જે લોકો ઓળખતા નહોતા તેમણે પણ સાથેજ બૂમો પાડી શોરબકોર મચાવી મૂકયો: "બહુ ભૂખ લાગી છે બા! હવે સહન થતું નથી બા!" બાળકોએ જાણ્યું કે કોઈ ખાવાનું લઈ આવ્યું છે તેથી તે પણ જેમ તેમ ટટાર થઇ બોલી ઉઠયાં: "ખાવાનું આપો બા! બહુ ભૂખ લાગી છે બા!"

એ કરૂણાજનક સ્વર ચારે દિશામાં પ્રસરી ગયો. કમલિનીના સુંદર નેત્રમાંથી દડ દડ અશ્રુધારા વહેવા લાગી. જાણે પોતાનાં સન્તાન દુ:ખી થતાં હોય તેટલું તેને દુઃખ થયું, તેનું હૃદય ચીરાઇ જવા લાગ્યું.

દ્વિતીય પરિચ્છેદ.

મેઘ.

જમનાએ પાછાં આવી કહ્યું: "કસુ બા! જ્ઞાનાનંદ બહુ ગુસ્સે થઇ બોલ્યા કે: એ તો ગાંડી થઇ ગઈ છે. ભલે, મ્હેં એને જે આપ્યું છે તે ઉપર મ્હારો કંઇ હક નથી. એની ઇચ્છામાં આવે તેવો ઉપયોગ કરે. ભવિષ્ય બહુ વિપત્તિજનક જણાય છે. હું હવે કેટલા દિવસ? ત્યાર પછી એનેજ અન્નનું કષ્ટ ભોગવવું પડશે."

કમલિનીએ બીજી તરફ લક્ષ આપ્યું નહિ. તેણે કહ્યું: "ત્યારે તમે જાઓ, રૂપિયા લઇ આવો."

જમનાએ પત્ર માગ્યો. કમલિનીએ પત્ર લખી આપ્યો અને બે બંગડીઓ પણ આપી. જમના તે લઇને ચાલી ગઈ.

કમલિનીએ મનમાંજ નારાયણનું સ્મરણ કરી કહ્યું: "હે પ્રભુ ! હે જગન્નાથ ! દરિદ્રની સેવા ગ્રહણ કરો. હરિકૃષ્ણની પત્નીને સદ્બુદ્ધિ આપજો ત્યાં જતાંજ જમનાને રૂપિયા આપી દે."

વળી પાછી તે ઓરડામાં જઇ ગીતાજી વાંચવા બેઠી. અર્ધા કલાકમાં તો જમનાએ આવી તેના સ્હામુ રૂપિયાની ઢગલી વાળી. કમલિનીને બહુ આનંદ થયો. તેમાંથી થોડા રૂપિયા પેટીમાં મુકી બાકીના મુઠ્ઠીમાં લઇ નીચે ઉતરી. જમના પણ સાથેજ હતી.

કમલિનીએ નીચે ઉતરી જમનાને અને નોકર ધનાને, બન્નેને બજારમાં મોકલ્યાં. બધાં દુકાળીઆંઓને બહુ ભૂખ લાગી હતી. બધાં હાહાકાર કરી રહ્યાં હતાં. રસોઈ કરતાં ઘણો સમય થાય એમ છે. હમણાં બધાંને કંઇ પણ આહાર આપવો જોઇએ. બજારમાંથી બટાટાનું શાક અને પુરી તૈયાર કરાવી મંગાવ્યાં. તે સાથે દહીં પણ મંગાવ્યું. તેમને પાણી પીવા માટે બજારમાંથી થોડાંક બટેરાં અને પત્રાળાં પણ મંગાવી લીધાં. આ સમયે ક્ષુધાથી પિડાતાં દુકાળીયાં વિશેષ કરૂણ ચિત્કાર કરી ગગન વિદીર્ણ કરવા લાગ્યાં હતાં.

કમલિની સર્વને શાન્ત્વન આપતી બારણામાં ઉભી હતી. તે જાણે મા જગદમ્બા, સ્હામુ ઉભેલાં સન્તાનોને ઉંચા હાથ કરી આશ્વાસન આપતી હોય તેમ જણાતું હતું. થોડી વારમાંજ જમના અને ધનો બટાટાનું શાક અને પુરીના ટોપલા, પત્રાળાં અને બટેરાં લઇ આવી પહોંચ્યાં.

દુકાળીઆંઓને હારબંધ બેસાડી દીધાં. ધનાએ સર્વને પત્રાળાં અને એક એક બટેરૂ આપ્યું. જમનાએ પુરી બટાટાનો ટોપલો લીધો. અન્નપૂર્ણાની મૂર્તિ સ્વરૂપ કમલિની સર્વને પીરસવા લાગી. એ જોઈ દુકાળીયાં બૂમ પાડવા લાગ્યાં: "મા ! ત્હમારો જય થાઓ. જય થાઓ." તેમનો આ સ્વર ચારે દિશામાં ગાજી રહ્યો. પવન દેવતાએ સ્તબ્ધ ચિત્તે તે સ્વર સાંભળ્યો. નદીએ કલ્કલ્ધ્વનિ સાથે એ સ્વર મેળવી આકાશના કાનમાં પહોંચાડવાનો યત્ન કર્યો. અને પક્ષીઓએ એ સ્વરના પ્રતિધ્વનિ કર્યા. એક પુરૂષ દિવાનખાનામાં બેઠો બેઠો એક દ્રષ્ટિએ એ દ્રષ્ય જોતો હતો. તેણે એ સ્વર સાંભળી

રડી દીધું. તે જ્ઞાનાનંદ હતા. કોઈ બે દિવસનાં અને કોઇ ત્રણ દિવસનાં ક્ષુધાતુર હતાં. કમલિનીએ સર્વને કહ્યું: "થોડું થોડું ખાધા પછી જળ પીજો. પેટ ઠસીને ભરશો નહિ." બધાંને પુરી, શાક, દહીં, પિરસાઈ રહ્યું. ત્યાર પછી ધનાએ સર્વને જળ આપ્યું. હારબંધ પત્રાળાં પડયાં હતાં. હારબંધ ક્ષુધાતુર નર, નારી, બાળક, યુવાન, યુવતિ, વૃદ્ધ, વૃદ્ધા, બેસી ગયાં હતાં. સર્વ "કમળા માઇની જય." એવો જયધ્વનિ કરતાં પ્રફુલ્લ ચિત્તે જમવા લાગ્યાં. ધનો દહીં લઇને અને જમના બટાટા લઇને ઉભી હતી. કમલિની હાથમાં પુરી લઇને તેમની વચમાં ઉભી હતી. તે જાણે મા અન્નપૂર્ણા સન્તાનોની વચમાં ઉભી રહી પ્રેમભાવથી સન્તાનને જમાડતી હોય તેમ જણાતું હતું. ક્ષુધાતુર જીવોનાં મુખ જોઈ કમલિનીનાં નેત્રમાંથી અશ્રુધારા ચાલતી હતી. આજે પોતાનાં ભૂખ્યાં સન્તાનને ભોજન જમાડી તેને આનંદ થયો હતો. એક વૃદ્ધાએ કમલિનીને કહ્યું: "બા, એક બે પુરી આપો બા. ત્રણ દિવસથી અન્ન દીઠું નથી.," કમલિનીએ અશ્રુ ભરેલે નેત્રે તેને બે પુરી આપી. એટલામાં બીજાં કેટલાંક નર, નારી, બાળકોએ કહ્યું: "બા, પુરી, દહીં આપો બા. બહુ ભૂખ લાગી છે. પુરી આપો બા." એક બાળક પુરી હાથમાં લઇ બહુ આનંદ કરતું હતું. તેણે કહ્યું: "પુરી આપો બા, ભૂખ લાગી છે બા."

કમલિનીએ બંસી જેવા મધુર મિષ્ટસ્વરે, માતાની પેઠે કરૂણ શબ્દે આશ્વાસન આપતાં કહ્યું: "હમણાં થોડું થોડું ખાઓ. બપોરે દાળ, ભાત મળશે. બહુ ભૂખ લાગી છે માટે વધારે ખાવું નહિ. થોડું થોડું ખાઓ. તેથી તમારાં શરીર સારાં રહેશે. દાળ, ભાત થતાંજ તમને બોલાવીશું."

સર્વ નર, નારી, બાળક, જયધ્વનિ કરી ઉઠયાં, અને કહ્યું: "બા, અમે તમારાં છોકરાં છીએ. અમે તમારા ચરણમાંજ રહીશું. અમારી ભૂખ બીજું કોણ મટાડે બા? બધે ફરી ફરીને થાકયાં પણ બધેથી ગાળોનો વરસાદ! તમે અમારા પર દયા નહિ કરો તો કોણ કરશે બા?"

કમલિનીએ તેમનાં કરૂણાજનક મુખ જોઇ રડી દીધું. તેણે ગદ્દગદ કણ્ઠે કહ્યું: "તમારી બા ભિખારિણી છે. તમે દરિદ્રનાં સન્તાન થાઓ છો.

પછી નિત્ય આહાર ક્યાંથી મળશે ?"

દિવાનખાનામાં બેઠાં બેઠાં જ્ઞાનાનંદ એકીટસે સર્વ દેખાવ જોઇ રહ્યા હતા. તેમણે કમલિનીના શબ્દો સાંભળ્યા. તેમના નેત્રમાંથી પણ આંસુની ધારાઓ ચાલી રહી. તેમના અંતઃકરણમાં પણ પ્રેમ ઉત્પન્ન થયો. સત્યવતી તેમની પાસે બેસી મહાભારત વાંચતી હતી.

દિવાનખાનાનું બારણું બંધ હતું તે એકાએક ઉઘડી ગયું. શુકલજી મહારાજે પ્રવેશ કર્યો. જ્ઞાનાનંદે તેમને નમસ્કાર કરી આવકાર આપ્યો.

તૃતિય પરિચ્છેદ.

વિદ્યુત.

શુકલજી મહારાજે કપાળમાં સુખડનું આડું ટીલું કર્યું છે. તેમાં ચોખા ચ્હોંડયા છે. માથે રાતી ચણોઠી જેવા રંગની ચકરી પાઘડી પહેરી છે. ડાબે ખભે એક પંચિયાનો કટકો નાંખ્યો છે. એક પંચિયું પહેર્યું છે. બગલમાં કોઇક ગ્રંથ વિંટાળેલો લુગડાનો ડુચો ખોસ્યો છે. શરીરે અંગરખો કે પગમાં જોડો હમેશ પહેરવાની તેમણે બાધા લીધી હોય એમ જણાય છે! કોઇક લગ્ન પ્રસંગે કિંવા સારા પર્વને દિવસે પણ ભાગ્યેજ પહેરતા! તેમ થવાથી પૈસા બચતા કે પછી તેમનું શરીરજ તેમને એમ કરવા ના કહેતું તે તો શુકલજી પોતેજ જાણે! રસ્તે ચાલવાની તેમની ગજ–ગમન કળા અને મ્હોઢામાં ભરેલો પાન તમાકુનો ડુચો ચાવવાની ખુબી, કોઇ ગમે તેટલી નકલ કરે તોપણ તે તેને આવડે તેમ નહોતું–તેમાં તે નિષ્ફળ ઉતરે એવી ખાત્રીજ હતી! તેમની વાત કરવાની કળાના બે ભેદ હતા. યજમાન સાથે વાતચિત કરતાં જે શબ્દો વાપરતા અને જે હાવભાવ કરતા તે અપૂર્વ, અદ્‌ભુત, અને છટાદારજ હતા. યજમાન સાથે વાત કરતાં જો આપણે શુકલજીને સાંભળ્યા હોય તો ખાલી

ઠોકીને કહેવું પડશે કે: પૃથ્વિમાં ગમે તેટલા શબ્દકોષ છપાયા હોય તો શું થયું પણ શુકલજીનું મુખ એ અલંકારિક શબ્દોનો જીવતો-જાગતો શબ્દકોષ છે! વળી નમ્રતાદર્શક પણ સ્વાર્થ સાધુ નેત્રનું હલનચલન, હાથના આંગળાની ઇશારતો, મુખની ગંભીરતા, ડોકાનું ડાબે જમણે પાસે ઢળી પડી હા, ના, કહેવી! અને પ્રસંગે પ્રસંગે બે હાથ જોડી "રાજાધિરાજ, કૃપાનિધિ, અન્નદાતા, અમારે તો તમેજ છો. અમે તો તમારી ગાયો છીએ. તમે અમારૂં સર્વસ્વ છો યજમાન રાજા. તમારા પરાપૂર્વથી ઉદારતા ચાલી આવે છે. તમે સાક્ષાત્ કરણ રાજાની મૂર્તિ છો!" વગેરે વગેરે શબ્દો બોલવાની તેમના જેવી કળા ભાગ્યેજ બીજા બ્રાહ્મણોમાં હશે! ઘણાં વર્ષ સુધી તેમની નકલ કર્યા પછી હમણાં કેટલાક જુવાનીઆ તેમના પેટંટ શબ્દોમાંથી થોડા થોડા બોલતાં શિખ્યા છે ખરા પરંતુ તેમ છતાં તેમને શુકલજીનો બહુ ભય લાગે છે કે વખતે તેઓ પોતાના "ખાસ પેટંટ શબ્દો" માટે કૉર્ટમાં ફરીઆદ માંડે!

આવા સર્વગુણ સમ્પન્ન શુકલજી મહારાજ સ્નાન સંધ્યાદિ કાયથી પરવારી, આજે પ્રાતઃસમયે જ્ઞાનાનંદને ઘેર-દિવાનખાનામાં-આવી એક પાટલા પર બેઠા છે. બારીનું બારણું ઉઘાડું હતું. તેમાંથી તેઓએ જોયું કે આંગણામાં ઘણાં દીન, હીન, કંગાલો ભોજન કરતાં બેઠાં છે. કમલિની તેમની વચમાં ફરતી ભોજન પીરસે છે. પ્રાતઃસમયનો કોમળ સૂર્ય, કમલિનીના મુખ પર પોતાનાં મંદ કિરણો નાંખી તેના કમળ સમાન સુંદર મુખની શોભા વધારી રહ્યો છે. સૂર્યના પ્રકાશને લીધે તેના કપાળ પર બાઝેલાં ઝીણાં પ્રસ્વેદ-બિંદુ જાણે હારબંધ મુક્તાફળ ગોઠવ્યાં હોય એમ જણાય છે. શુકલજી એક દ્રષ્ટિએ તે મનોહર રૂપ નિરખી રહ્યા છે. તેમણે જ્ઞાનાનંદને પૂછ્યું: "આટલાં બધાં દુકાળીઆંને આજે શા કારણથી જમાડો છો?"

જ્ઞાનાનંદે મધુરૂં હસતાં ઉત્તર દીધો: "હું જમાડતો નથી મહારાજ. મ્હારી ગાંડી પુત્રી જમાડે છે."

શુકલજી: "તમારી એ કન્યાનો સ્વભાવ અને ચરિત્ર કોઈ અદ્‌ભૂત પ્રકારનાંજ છે! તેથી લોકો અનેક પ્રકારની વાતો કરે છે."

જ્ઞાનાનંદે તેનો કંઇ ઉત્તર દીધો નહિ. સત્યવતીએ એક વખત તીક્ષ્ણ દ્રષ્ટિ વડે શુકલજી સ્હામું જોયું, પછી તરતજ પોતાના પુસ્તકમાં ચિત્ત પરોવ્યું.

શુકલજી: "વારૂ, તમારા મત પ્રમાણે આ બધાં દુઃખી કંગાલોને જમાડવાં એ શું ઉચિત છે?"

જ્ઞાનાનંદે મૃદુ હસતાં ઉત્તર દીધો: "વ્યક્તિગત અભિપ્રાયનું શું ફળ? હું કંઇ શાસ્ત્રજ્ઞ નથી. શાસ્ત્રમાં શું લખ્યું છે? તમે શાસ્ત્રજ્ઞ છો. દયા કરીને કહો."

શુકલજી જરા ફુલાયા. તેમણે પલાંઠી વાળી હતી. તેમાંથી જમણો પગ ઉંચો કરી હાથ લાંબો કરી કહ્યું: "શાસ્ત્રનો અભિપ્રાય સાંભળવા ચ્હાતા હો તો સાંભળો દુઃખીપર દયા કરવી નહિ."

"જ્ઞાનાનંદ: "કારણ? પ્રમાણ?"

શુકલજી: "જીવ માત્ર પોતાના કર્મ પ્રમાણે સુખ દુઃખ ભોગવે છે. સારાં નઠારાં કર્મનું ફળ આપનાર ભગવાન્ છે. જેણે પાપ કર્યાં છે તેને કષ્ટ આપે છે. તેનું દુઃખ કાપવાથી ભગવાન ગુસ્સે થાય છે."

સત્યવતીએ મહાભારતનાં પાનાં બંધ કરી દીધાં. વાદવિવાદ સાંભળવા લાગી. ઉત્તર સાંભળવાની ઇચ્છાથી તેણે પિતાના મુખ સ્હામુ જોયું.

જ્ઞાનાનંદે શાંત મુખે કહ્યું: "સુખ દુઃખ એ કર્મ પ્રમાણે મળે છે એ ખરૂં પરંતુ ભગવાન તેમાં લેપાતા નથી. ભગવાન તો સુખ, દુઃખ, કર્મ, અદ્રષ્ટ, આશય, વગેરેથી અતીતજ છે* દુઃખી દરિદ્રીઓ ઉપર દયા કરવા માટે તો તેમણે ગહન–ગંભીર સ્વરે ઉપદેશ દીધો છે. જે મનુષ્ય, પોતાના સુખ દુઃખના જેવાંજ પ્રાણી માત્રનાં સુખ દુઃખનું દર્શન કરે છે તેજ શ્રેષ્ઠયોગી કહેવાય છે." ×

શુકલજીએ ઓટીએથી છીંકણીની દાબડી કહાડી, બે નસકોરામાં બે ચપટી સુંઘી. આંગળાં ખંખેર્યાં. છીંકણીની ઝેણુ ઉડતાં પાસે બેઠેલાંને પણ

---

* क्लेशकर्म विपाकाशयैरपरामृष्टः पुरुषविशेष ईश्वरः ॥ પાતંજલ દર્શન.

× आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन ।
सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः ॥ श्रीमद्भगवतगीता,

એક બે છીંકો આવી. નાક લુછી શુક્લજીએ કહ્યું: "મા જગદમ્બા ! જેવી ત્હારી ઇચ્છા. શાસ્ત્ર અનન્ત. મત પણ અનેક. જેને ફાવે તેવા અર્થ કરે. જવાદો એ વાત. જે કામ માટે આવ્યો છું તે ધ્યાન દઇને સાંભળો. તમે બધી વાતો તરફ પુરતું ધ્યાન દેતા નથી."

જ્ઞાનાનંદ: "કહો મહારાજ, તમારી તરફ ધ્યાન ન આપ્યું હોય એવું કદી બન્યું છે ખરૂં ?"

શુક્લજી: "તમારી કન્યાઓ મ્હોટી થઇ ગઈ છે. વિવાહ કરશો ? શાસ્ત્રમાં કહ્યું છે કે—"

જ્ઞાનાનંદ વચમાંજ બોલ્યા: "મહારાજ, શાસ્ત્રનું નામ હવે દેશો નહિ. કન્યાઓનું વય થયું છે. વિવાહ કરવા છે. પણ તમેજ વિઘ્ન નાંખી બેઠા છો ને."

શુક્લજી આશ્ચર્ય પામી બોલ્યા: "મ્હેં ! શું વિઘ્ન નાંખ્યું છે ?"

જ્ઞાનાનંદે હસીને ઉત્તર દીધો: "તમેજ મ્હને ન્યાતબહાર મુકાવ્યો છે ને ! ન્યાત બહાર રહેલા મનુષ્યને ઘેર વિવાહ કોણ કરે ?"

સ્વાર્થી શુકલજીની અત્યારે તે ભયંકર મુખાકૃતિ નથી. અત્યારે તેમને ક્રોધ નથી. અત્યારે તો સ્વાર્થી મનુષ્યની મુખાકૃતિ હોય તેવું તેમનું મુખ જણાય છે. ક્રોધને બદલે પ્રેમ છે. જાણે કોઇ મહાન અપરાધીનો અપરાધ ક્ષમા કરનાર ન્યાયાધીશ અપરાધી પર ઉપકારનો વરસાદ વરસાવતો હોય તેવી ખુબીથી શુકલજીએ કહ્યું: "ઓહો ! ખરી વાત ! ખરી વાત ! હું તે વાત ભૂલી જઇશ. તમારો અપરાધ ક્ષમા કરીશ. હું પોતેજ તમારી કન્યાનું પાણિગ્રહણ કરી તમને ન્યાતમાં લઇશ. હું કેશવરામ શુકલ. વેદ, શાસ્ત્ર, શ્રુતિ, સ્મૃતિ, દર્શન, પુરાણ, તંત્ર આદિ તમામ શાસ્ત્રમાં કુશળ ! તમે મ્હારા શ્વસુર થાઓ પછી જોઉં છું કે તમને કોણ ન્યાતબહાર રાખે એમ છે ? તે બેટાઓને જોઈ લઇશ."

જ્ઞાનાનંદ: "કઇ યુક્તિથી મ્હારા અપરાધની ક્ષમા કરશો ? માત્ર તમારા સસરા થવાથીજ મ્હારા બધા અપરાધની ક્ષમા થશે ?"

શુકલજી: "તો પછી બીજું શું ? કોણ બેટાના ધડ પર દશ માથાં છે કે મ્હારા શ્વસુરને ન્યાતબહાર રાખે ? તેને જીવતાં કાચો ને કાચો ખાઇ જાઉં સમજ્યા !"

જ્ઞાનાનંદઃ "કાચો ખાવાની વાત જવા દો શુકલજી! બ્રાહ્મણોથી એવું કેમ થાય નહિ! એ તો અસુરોનાં કામ! તમારો સસરો જો મ્હારા જેવો અપરાધી હોય અને ન્યાતિબહાર હોય તો–દોષમુક્ત થઈ શકે છે ખરા ?"

શુકલજીઃ "કેમ દોષમુક્ત ના થાય? એનો બાપ થાય! તમે વિવાહ કરો. આ મહિનામાંજ, સારો દિવસ જોઇને વિવાહ કરી દો. વિવાહને દિવસેજ ન્યાત તમારે ત્યાં ભોજન લેશે."

જ્ઞાનાનંદે જરા રમુજ કરતાં પૂછ્યુંઃ "મ્હારૂં સૌભાગ્ય મહારાજ! બે કન્યા જોઇએ છે કે એક ?"

શુકલજી જરા ચિડાઇને બોલ્યાઃ "શું મ્હારી મશ્કરી કરો છો?"

જ્ઞાનાનંદઃ "ના, ના. તમારી સાથે મશ્કરીનો સંબંધ છે?"

અક્કલનાખાં સ્વાર્થી શુકલજીએ સાચું માની ઉત્તર દીધોઃ "તમારે ત્યાં બે કન્યાઓ છે. પ્રથમ મ્હોટી કન્યાનો વિવાહ થવો જોઇએ. તેજ મ્હને આપો. ત્યાર પછી ન્હાનીનું. તેને માટે આપણે કોઇ અન્ય પાત્ર શોધીશું. તે કામ મ્હારે માથે. આપણું છોકરૂં રોટલે, લુગડે દુઃખી ના થાય, પાંચ પૈસા ઘરમાં થાપણ હોય, રહેવાનું ઘર હોય, એટલું જોઇએ. ઘણે ઠેકાણે સસરાની ચિંતા મ્હોટા જમાઇને વ્હોરી લેવી પડે છે. સારા જમાઇ હોય તો બધુંયે થાય. હું મ્હારી ફરજ બજાવીશ. તમારે તેની ચિંતા કરવી નહિ. તમારા ઘરનાં એવાં બધાં કામકાજ હું ઉપાડી લઇશ."

જ્ઞાનાનંદે ઠંડે કલેજે ઉત્તર દીધોઃ "સાચું કહું શુકલજી મહારાજ! મ્હોટી કન્યા એક રીતે ગાંડી છે. તેનાં આચારવ્યવહાર, જ્ઞાતિબંધન, ધર્મ–અધર્મ વગેરે સર્વ વિચિત્ર છે! તે એવું ઘણુંખરૂં માનતી નથી. કોને સ્પર્શ થાય, કોને ના થાય, કોને ધર્મ, કોને અધર્મ કહેવો તે પણ તે જાણતી નથી! તે વ્રત, પર્વણી માનતી નથી! તે દેવ, દેવીના અર્થ જે કરે છે તે જો તમે સાંભળો તો અજાયબ થાઇ જાઓ! વનનાં પુષ્પો જેમ કોઇનું કહેવું સાંભળીને કોઇ કાર્ય કરતાં નથી, તે જેમ પોતાની મેળે ખિલી, પોતાની મેળેજ કરમાઇ જાય છે તે પ્રમાણે મ્હારી મ્હોટી કન્યાની વર્તણુક છે. તમે તે દહાડે તેના શબ્દો સાંભળ્યા છે. વારૂ, તેમ છતાં હું તેને પૂછી જોઇશ."

શુક્લજીએ જરાક વિચિત્ર મુખમુદ્રા કરી, નાકનું ટીચકું ફુલાવી બોલ્યા: "તેથીજ, તેથીજ તો તમને કહું છું કે તમે બધાં ખ્રીસ્તિ જેવાં છો. કન્યાએ તો પિતાની આજ્ઞા પાળવી જોઇએ. પિતાની ઇચ્છા હોય ત્યાં તેને પરણાવે. તમારો શો અભિપ્રાય છે?"

જ્ઞાનાનંદ: "હું તો કહી ચૂક્યો છું કે: તે અદ્‌ભૂત સ્વભાવની, અદ્‌ભૂત વર્તણુકની છોકરી છે."

શુક્લજી: "એ તો બધું જાણ્યું જ્ઞાનાનંદ! પરંતુ તમને ખબર છે કે હું માધવરામ શુક્લનો પુત્ર. મ્હારા પિતા કાશીએ જઈ શાસ્ત્ર ભણી આવ્યા હતા. આપણી જ્ઞાતિમાં અમારૂં ઘર કેવું કુલિન, કેવું સુખી છે તે તમે જાણો છો. હું જાતે આવીને તમારી કન્યાનું માગું કરૂં છું તેની તમને કશી કિંમતજ નથી! મ્હને ઉડાવો છો તે પણ હું જાણી ગયો છું. બી. એ. એલ. એલ. બી થયા, મુનસફ થયા, વૃદ્ધ થયા, તોપણ હજુ ઠંડી મશ્કરી કરવાનું ભૂલ્યા નહિ! લોકોને ઉડાઉ જવાબ દેવાનું ભૂલ્યા નહિ! મ્હને ઉડાવો છો પણ એ મહાપાતક કરો છો. એનું પ્રાયશ્ચિતજ નથી એ નક્કી સમજજો."

જ્ઞાનાનંદે તેમના ચ્હેરાપર થતા ફેરફાર તરફ જોયાંજ કર્યું. તેમના વાક્યોનો પ્રતિઉત્તર કે પ્રતિવાદ કર્યો નહિ. તે જાણતા હતા કે જેનો જે વાક્ય બોલવાનો ધંધો! જેનો જેવો સ્વભાવ! પ્રાણ ને પ્રકૃતિ મરણે જાય. મુનસફી કરી તે દરમ્યાન એવા ઘણા વાદી પ્રતિવાદીના વિચિત્ર શબ્દો સાંભળી તેમના કાનમાં આટણ પડી ગયાં હતાં! તેમણે ફક્ત મૃદુ હાસ્ય કર્યું. ગાંડાના વિચિત્ર શબ્દો સાંભળીને અને પાળેલાં પશુના હાવ-ભાવ જોઇને હસવું આવે તેવુંજ જ્ઞાનાનંદને હાસ્ય આવ્યું. એ ગંભીર હસવું જોઇને શુક્લજીને ઘણો ગુસ્સો ચ્હડયો. તેઓ ત્યાં એક ક્ષણ પણ બેઠા નહિ. તેજ ક્ષણે ઉઠીને ચાલતા થયા. જતાં જતાં બોલ્યા કે: "ઠીક છે જ્ઞાનાનંદ! હું માધવરામ શાસ્ત્રીનો પુત્ર કેશવરામ શુક્લ. મ્હારી સાથે પણ ચાલાકી! મ્હને પણ ઉડાઉ જવાબ!"

જ્ઞાનાનંદે તે શબ્દોને કાનમાં પ્રવેશ કરવા દીધો નહિ.

ચતુર્થ પરિચ્છેદ.

પ્રણયાંકુર.

શુકલજી ક્રોધ કરીને થરથરતે શરીરે, ધડકતે હૃદયે, જ્ઞાનાનંદના ઘરમાંથી ચાલ્યા ગયા. તે સમયે સત્યવતી દિવાનખાનામાંથી ઉઠી નીચે ઓટલે જઇ ઉભી.

તેણે જોયું કેઃ આંગણામાં અનેક દરિદ્રી, દુકાળીયાંની પંક્તિ બેસી ભોજન કરી ઉઠયાં છે. કેટલાંક ઓટલાની દક્ષિણ દિશામાં આરામ લે છે. કેટલાંક નદી ઉપર જઇ તરવા પડયાં છે. કેટલાંક રસ્તે ચાલવા લાગ્યાં છે. કેટલાંક બહાર ઓટલે જઈ વિશ્રાંતિ લે છે. ત્યાં તેની મ્હોટી બ્હેન નથી.

સત્યવતીએ જાણ્યું કેઃ કમલિની કદાચ ઘરમાં ગઇ હશે. તેણે ઘરમાં જઇ જોયું તો જણાયું કે કમલિની ભોંય પર સુતી છે. એક ઓસિકા પર માથું પડયું છે. તેને આખે શરીરે પરસેવો પરસેવો થઇ રહ્યો છે.

સત્યવતી કમલિની પાસે જઇ બેઠી. કૃષ્ણપક્ષની દ્વિતીયાને દિવસે, સન્ધ્યા સમયે જેમ પૂર્વાકાશમાં અંધકાર હોવા છતાં, ઉજ્વળતા જણાય છે, જાણે આ ચંદ્ર ઉગ્યો ! જાણે આ ચાંદની ખિલી. તેજ પ્રમાણે સત્યવતીના મુખમાંથી પણ જાણે હમણાંજ શબ્દો નિકળશે—જાણે હમણાંજ હસી દેશે ! પરંતુ તેણે હસવું દબાવી રાખ્યું હતું. કમલિનીએ તેનું મુખ જોઇ એ બધું કળી લીધું હતું. આગલે બે દાંતે હોઠ દબાવી, સત્યવતીના ખિલેલા સુંદર ગાલ ઉપર, ચમ્પકકલિકા જેવી આંગળીઓ વડે ધીમો—કોમળ—તમાચો મારી કમલિનીએ કહ્યુંઃ "કેમ હસવું દબાવે છે? ત્હારૂં લગ્ન થવાનું છે તેથી કે?"

હવે સત્યવતી હસવું દબાવી શકી નહિ. તેણે ખડખડાટ હસી દીધું. જાણે પૂર્ણિમાનો ચંદ્ર સોળે કળામાં ખિલી રહ્યો હોય તેમ તેનું ગૌર મુખ

પ્રફુલ્લિત થઇ રહ્યું. જાણે બીજનો ચંદ્ર આકાશમાં ઉદય પામ્યો. કમલિની પણ હસી. જાણે સુગંધિત વાયુમાં ચંદ્રનાં કિરણો મળી ગયાં. કમલિનીએ કહ્યું: "વર તો ઇચ્છાનુસાર છે ને?"

સત્યવતી ખૂબ હસી. હસતાં હસતાં પેટ દુઃખવા આવ્યું. તે આડી પડી ગઇ એટલું હસી. જળનો રોકાયલો પ્રવાહ છુટી ગયો. રોકાયલો જળ પ્રવાહ બન્ને કિનારા ડુબાવતો, ધસારાબંધ વહેવા લાગ્યો.

કમલિની: "મુર્ખી, આપણે સ્ત્રીજાતિ. આટલું બધું હસવું શું? ચાંદનીનું ચુંબન તો અંધારામાંજ મિષ્ટ લાગે. અગ્નિ સાથે શું કામ?"

સત્યવતી હજુ પણ હસતી હતી. તેનું હસવું થોભતું નહોતું. કમલિનીએ કહ્યું: "નક્કી, વિવાહના સમાચાર લાવી છે!"

સત્યવતીએ હસતાં હસતાં કહ્યું: "હા, તેમજ છે."

તેણે હસતાં હસતાં કમલિનીના હાથમાં તાળી પાડતાં કહ્યું: "બ્હેનને માટે વર જડયો છે. અહા! તેનું રૂપ? તેને જોતાંજ અંધારે અજવાળું થાય! તે નિષ્કામ ધર્મનું પાલન કરે છે! તેને ત્યાં ધનના ભંડાર છે! રોજ લાડવા, દુધપાક જેવાં મિષ્ટાન્ન મળે એમ છે! સુખની સીમા નથી!"

કમલિનીએ હસતાં હસતાં પૂછ્યું: "બ્હેનનો વર?"

સત્યવતી: "હા."

કમલિની: "તે કોણ?"

સત્યવતી: "શુકલજી મહારાજ પોતે—જાતે. હમણાંજ તેઓ પિતાજી પાસે આવી ત્હારી સાથે લગ્ન કરવાનું માગુ કરતા હતા. વળી આશા આપી ગયા છે કે ત્હારી સાથે લગ્ન થશે તો લગ્નને દિવસેજ આપણે ઘેર જ્ઞાતિના લોકો ભોજન કરવા આવશે."

કમલિની: "આટલી બધી કૃપા આપણા ઉપર શા માટે?"

સત્યવતી: "અગ્નિ પોતાનો ધર્મ ક્યાં ચૂકે છે? જળ વડે અગ્નિ ઓલવાય છે. તે જળમાં પણ અગ્નિ બળે છે. ત્હારા રૂપની અગ્નિએ, શુકલજી જેવા ઓથડના નિરસ પ્રાણમાં પણ અગ્નિની જ્વાળા પ્રકટાવી છે. તેની સ્ત્રીની માંદગી વખતે તું તેની સેવા કરવા ગઈ ત્યારથીજ શુકલજીના

હૃદયમાં ત્હારા રૂપનાં બાણુ વાગ્યાં હશે! ગમે તેમ હો, ગરીબ બ્રાહ્મણની પ્રાર્થના પૂર્ણ કર."

કમલિની: "હું જે પ્રાર્થના પૂરી નહિ કરી શકું તે મ્હારી પ્રિય બ્હેન કરી શકશે. એ કામ માટે હું ત્હારી કરૂણા-ભિક્ષા માગું છું."

સત્યવતી: "મ્હારામાં વિશ્વપ્રેમ નથી. સર્વત્ર સમાન જ્ઞાન પણ નથી. જેનું રૂપ જોઇને મ્હને ભય થાય છે તેની તુ સેવા કરે છે! હું એ કામ માટે તદ્દન નાલાયક છું. આહા! કેવું રૂપ! પ્રેતને માટે ભાત દુધના જે ઉતારા મૂકાય છે તેજ જાણે તે ખાતો હોયની! જાણે સાક્ષાત્ ભૂતજ! વારૂં બ્હેન, તું તો સુગંધ-દુર્ગંધ સૌ સમાન જૂવે છે ત્યારે શુકલજી જેવા અદ્ભૂત જીવ ઉપર પ્રેમ કરી શકશે?"

કમલિની: "કેમ નહિ? પુત્ર ગમે તેવો હોય પણ માતાના મનથી તે અતિ સુંદરજ હોય છે. એવા તો કેટલાએ કુરૂપ શુકલો જગતમાં વિચરે છે. રંગ રૂપ એ શું સતી? એ બધામાં હું ભેદ જોતી નથી. જે કારણને લીધે જીવ માત્ર ઉપર પ્રેમ રાખવાનો છે તે કારણના ગર્ભમાં રંગ રૂપનો ભેદ નથી. ત્યાં તો સર્વે સમાનજ છે. જેમ માતાને પોતાનાં સન્તાનમાં સુરૂપ કુરૂપનો ભેદ હોતો નથી તેમ."

સત્યવતી: "તું તો ખરેખરી ગાંડીજ છે. તે ત્હને પરણવા ચ્હાય છે, ત્યારે તું તેને કુરૂપ સન્તાન બનાવે છે!"

કમલિની: "એક વાત કહું તે સાંભળશે? ઉત્તર દેશે?"

સત્યવતી: "શી વાત?"

કમલિની: "ત્હારે પરણવું છે?"

સત્યવતી: "શુકલજીને?"

કમલિની: "ના, ના!"

સત્યવતી: "ત્યારે કોને?"

કમલિની: "લક્ષ્મીપ્રસાદને."

એ નામ સાંભળી સત્યવતીના મુખ ઉપર લાલ રંગ ખિલી નિકળ્યો. ગળુ રૂંધાઇ ગયું. તેણે કહ્યું: "વિલાયત જઇ આવ્યા તે?"

કમલિનીઃ "હા, હજુ અવિવાહિત છે."

સત્યવતીઃ "તે હું જાણું છું."

કમલિનીઃ "પ્રાયશ્ચિત્ત કરી જ્ઞાતિમાં ભળવા તૈયાર છે."

સત્યવતીઃ "તેમની ઇચ્છા ઘણીએ હોય પણ જ્ઞાતિ કબૂલ કરશે કેમ?"

કમલિનીઃ "શાસ્ત્રમાં સમુદ્ર ગમનનો નિષેધ તો છેજ. પણ પ્રાચીન આર્યો પૃથ્વીના જૂદા જૂદા વિભાગમાં વ્યાપારાર્થે પ્રવાસ કરતા હતા. આજે ભારતવર્ષની ઔદ્યોગિક સ્થિતિ એવી અધમ થઇ ગઇ છે કે તેને પ્રતાપે જે દેશમાં જ્ઞાન, વિજ્ઞાન હોય તે દેશમાં જઈ આર્યોના સુપુત્રોએ તે જ્ઞાન, વિજ્ઞાન શીખી આવવું જોઇએ, અને તે પોતાના દેશ–બંધુઓને શિખવવું જોઇએ. એક સમયે ભારતવર્ષ જગતનો ગુરૂ હતો. આજે તે સભ્ય જગતનો વિદ્યાર્થિ થઈ પડયો છે! એક સમયે અનેક પરદેશી લોકો ભારતવર્ષમાં વિદ્યા શીખવા આવતા! આજે ભારતવર્ષને પરદેશોમાં વિદ્યા શીખવા જવું પડે છે! એ સમયની બલિહારી! સોયથી તે મીલનાં બૉઇલરો સુધીનાં યન્ત્રો પરદેશમાં બને છે! આ દેશમાં હુન્નરનાં કારખાનાં ક્યાં છે? જે જોઇએ તે પરદેશથી આવે છે. સાબુ, મીણબત્તી, દિવાસળી, જેવી કેટલીક વસ્તુઓ આ દેશમાં બને છે ખરી પણ તે બધી બહુજ થોડી. હજારો–લાખો રૂપિયાનો માલ પરદેશથીજ આવે છે. વસ્ત્ર રંગવાના રંગ માટે જોઇશું તો આપણા શત્રુ જર્મની સિવાય કોઇ દેશમાં થતાજ નથી! આ થોડા આશ્ચર્યની વાત? જર્મનીથી રંગ આવતા બંધ થયા પછી ભારતવર્ષમાં રંગવાનાં ખાતાંઓની શી સ્થિતિ? અધમજ! બીજા વ્યાપારીઓ રંગ બનાવશે ત્યારે પણ એક વખત તો અટકી પડાય? બ્હેન! આ દેશની ઔદ્યોગિક અવનતીને લીધેજ આર્ય પ્રજા દુઃખ દારિદ્ર ભોગવે છે! શિવપ્રસાદ જાપાન, યુરોપ, અમેરિકા જઈ વિજ્ઞાનમાં બહુ હોંશિયાર થઇ આવ્યો છે. એવા યુવકને જ્ઞાતિ બંધુઓ સ્નેહપૂર્વક નહિ સ્વિકારે તો પછી કેટલાક ભંગી, ગાંજાખોર અને અફિણીયાઓ વડેજ જ્ઞાતિ પરિપૂર્ણ થઇ જશે! જ્ઞાતિમાં બધા વાતોના તડાકા મારનાર ગપ્પીદાસોજ વધી પડશે! દેશનો રડયો ખડયો ઉદ્યોગ પણ રસાતળે જશે!"

સત્યવતીઃ "અને તે બધા સુધરેલા થઇ જશે ત્યારે ?"

કમલિનીઃ "જે લોકો તેવા થઇ ગયા હોય અને આર્યધર્મ પ્રમાણે વર્તતા ન હોય તેને જ્ઞાતિમાં લેવા નહિ. જેઓ બુટ પાટલુન સાથે જમવા બેસતા હોય, જેઓ ઘરનાં વડીલોનું માન રાખે નહિ, જેઓને દેવ, બ્રાહ્મણ અને શાસ્ત્ર ઉપર શ્રદ્ધા હોય નહિ, જેઓ આર્યધર્મ નીતિને ભૂલ્યા હોય અને જેઓ કુટુંબ, જ્ઞાતિ અને દેશનું કલ્યાણ કરવાની ઇચ્છા ના રાખતા હોય તેમને જ્ઞાતિમાં ન લેવા, પરંતુ જે આર્યધર્મ પ્રમાણે વર્તતા હોય તેને શા માટે જ્ઞાતિમાં ન લેવાં ? આર્યશાસ્ત્ર પ્રમાણે પ્રાયશ્ચિત કરાવી તેમને જ્ઞાતિમાં લેવાજ જોઇએ. હાલનો સમય એવોજ છે."

સત્યવતીઃ "તું કંઈ ન્યાતની અધ્યયક્ષ નથી."

કમલિનીઃ "અધ્યક્ષ થવાની જરૂર શી ? અધ્યક્ષ થયા સિવાય અભિપ્રાય આપતાં કોણ રોકે એમ છે? હુંતો ધારૂં છું કે જ્ઞાતિ એ પણ એક જીવન્ત વસ્તુ છે અથવા શક્તિસમ્પન્ન પદાર્થ છે. તેને કોઈ શું કરી શકે? તેણે તો જે સારૂં જણાય—જેનાથી સર્વ જ્ઞાતિબંધુઓનું કલ્યાણ થતું હોય—તે પોતાની મેળેજ ગ્રહણ કરવું જોઇએ. જ્ઞાતિના કલ્યાણના માર્ગ પોતાની મેળેજ શોધવા જોઇએ. જડજ અથવા મેજીસ્ટ્રેટ પાસે જેમ વકીલો, મુખ્ત્યારો પોતાનાં ભાષણો બોલી જાય છે પણ તેમાંથી તેઓ પોતાની ઇચ્છાનુસાર તત્ત્વ ગ્રહણ કરે છે તેમ જ્ઞાતિના દરબારમાં પણ મનુષ્યો અનેક અભિપ્રાયો દર્શાવે, પરંતુ જ્ઞાતિએ તેમાંથી પોતાને આવશ્યક થઈ પડે અને ન્યાય, ધર્મ પ્રમાણે યોગ્ય જણાય તેટલાજ વિષય ગ્રહણ કરવા જોઇએ. લગ્ન, મરણ પ્રસંગે જ્ઞાતિજનોને કષ્ટદાયક થઇ પડે એવા રિવાજોને બંધ પાડવા જોઇએ. આર્ય પ્રજાએ લગ્ન, મરણ જેવા પ્રસંગોમાં ગુંથાઇ રહીને અતિ સમય વ્યતીત કર્યો છે અને ન્યાતો જમાડીને પુષ્કળ ખર્ચ નાંખ્યા છે ! હજુ પણ જો તેઓ સમજે તો સારૂં. ન્યાતવરા કરવાથી હું તદ્દન વિરૂદ્ધ નથી પણ યથાશક્તિ કરવા જોઇએ. દેવામાં ડૂબી જવાય એવા ન્યાતવરા બંધ થવા જોઇએ. લગ્ન પ્રસંગે આઠ આઠ ને દશ દશ દિવસ સુધી નોકરી ધંધાવાળા પુરૂષો લગ્ન મહાલવામાંજ રોકાઈ રહે ! સ્ત્રીઓને તો જાણે ઠીક કે બે ઘડી

આનંદ પણ પુરૂષોને? તેમના ઉદ્યોગની શી સ્થિતિ? તે બધામાં અડચણજ! ખર્ચ પણ ધમધોકાર, આંખ મીચીનેજ! લગ્ન ગયા પછી ઘરધણીઓની કમ્મર એવડી વળી જાય છે! મરણ પ્રસંગે પણ એમજ! મરણ થતાં દશ દહાડા સુધી સવારસાંજ સ્ત્રીઓ છાતીમાં ધડાધડ કુટી, રડીને શરીરમાં વ્યાધિ પેસાડી દે છે! ટાઢે પાણીએ ન્હાઇને નિગળતે લુગડે આખે રસ્તે રડતાં જવું! એટલે વખતની અને શરીરની તેમને કિંમતજ શી? એવાં સખ્ત રડવા કુટવામાં ઘણી સ્ત્રીઓ હમેશને માટે વ્યાધિગ્રસ્ત થઈ જાય છે! ઘણી સ્ત્રીઓની આંખનું તેજ જાય છે. મગજ ખાલી પડી જાય છે. છાતી નબળી પડી જાય છે. ગર્ભપાત થાય છે અને એવાજ અનેક વ્યાધિ થાય છે!

બ્હેન! જ્ઞાતિના આગેવાન ગણાતા પટેલ બહાદુરો બીજા સુધારા કરવા કટિબદ્ધ થાય છે પણ આવા દુષ્ટ ઘાતકી રિવાજ શા માટે બંધ કરતા નથી? શા માટે એ સુધારો કરતા નથી? બંગાલા, મહારાષ્ટ્ર, પંજાબ, મધ્યપ્રાંત વગેરે ઘણા દેશોમાં ગુજરાતની પેઠે સ્ત્રીઓની પલટણની પલટણ રડતી કુટતી, ધડાધડ છાતીમાં હાથ પછાડી લોહી કહાડતી નથી એવું મ્હેં પાકે પાયે સાંભળ્યું છે! કેટલીક જ્ઞાતિવાળા પુનર્લગ્ન કરાવવાને જીવતોડ મહેનત કરે છે અને તે માટે લાખો રૂપિયા ખર્ચી નાંખે છે પણ તેમને પુછીશું કે "તમે તમારી જ્ઞાતિનાં કેળવાયલા પુરૂષો હુન્નર ઉદ્યોગે વળગે તેવી કોઈ ઉદ્યોગશાળા ઉઘાડી છે?" તો તેજ વખતે તેમનાં મ્હોડાં લેવાઇ જશે! જ્ઞાતિમાં બી. એ., અને એમ. એ., થાય છે પછી કાંતો સ્કુલ-માસ્તર કે કાંતો કોઈ ઠેકાણે ૨૫–૫૦ ની નોકરી કરે છે પણ તેમને કોઇ હુન્નર ઉદ્યોગે વળગવાનું સૂઝે છે? બધાજ માસ્તર, ક્લાર્ક, વકીલ, ડાક્ટર કે એન્જીનિયર થવા તૈયાર પણ કોઇને દેશના રસાતળે ગયેલા ઉદ્યોગને સજીવન કરવાની ઇચ્છા થાય છે? તેમની ક્ષુદ્રબુદ્ધિ એટલે વેગળે પહોંચતીજ નથી. કેટલા બધા ગ્રેજ્યુએટો સ્કુલમાસ્તર છે! કેટલાં બધાં વકીલનાં ઠીકાં! કેટલા બધા ડાક્ટરનાં તાબુત? કેટલાં બધાં કલાર્કનાં કચરાપટ્ટી! બ્હેન! મ્હને તો એ બધાને જોઈ બહુ દયા આવે છે! ગ્રેજ્યુએટો પરદેશમાં જઈ નવા નવા હુન્નરો શીખી લાવે, વિજ્ઞાન શાસ્ત્રનો અભ્યાસ કરી આવે અને

આ દેશના ઉદ્યોગ તથા કૃષિને સજીવન કરે તો ભારતવર્ષમાં કાચું સોનું પાકે ! ભારતવર્ષ ઉપર પરમાત્માની સંપૂર્ણ કૃપા છે. આ દેશમાં પ્રત્યેક વસ્તુ ઉત્પન્ન થાય છે. પરદેશમાંથી કોઇ પણ વસ્તુ ના આવે તોયે ચાલે. આ દેશની કાચી વસ્તુઓ પરદેશોમાં જઈ ત્યાં પાકી બની પાછી આ દેશમાં આવે છે એટલે આ દેશનો ખેવડો મરો છે ! એક આને શેરના ઘઉં પરદેશ જઇ બાર આને શેરનાં બિસ્કીટ તૈયાર થઇ આવે છે ! ચાર પૈસે શેરની દીવેલી પરદેશ જઇ દોઢ રૂપિયે શેરનું "કેસ્ટર ઓઇલ" થઇને આ દેશમાં આવે છે ! દવાના ઉપયોગમાં આવતા અર્કની પણ એવીજ સ્થિતિ છે. ઘણી વસ્તુઓ પરદેશ જઇને ત્યાંથી તેના અર્ક બનીને આઠ–દશગણી કિંમતે હિંદુસ્થાનમાં વેચાય છે ! એવીજ બધી વસ્તુઓ હિંદુસ્થાનમાં બનતી હોય તો ? પુનર્લગ્નના હિમાયતીઓને પૂછીશું કે પુનર્લગ્નમાં જોડાનારી નવી ન્યાતને માટે તમે આવું કોઇ ઉદ્યોગનું ક્ષેત્ર શા માટે ઉત્પન્ન કરતા નથી ? તો તેનો તેઓ શું જવાબ આપશે ? અત્યારે તો ભારતવર્ષની સર્વ જ્ઞાતિના આગેવાનોએ બીજા સુધારાને પાછળ નાંખી પ્રથમ ઉદ્યોગને સજીવન કરવા મંડવું જોઇએ. ઉદ્યોગથી લક્ષ્મી પ્રાપ્ત થશે, અને સર્વ સમાજ સુખી થશે. આર્યપ્રજા ધનધાન્યથી સુખી થયા પછી ભલે બીજા સુધારા કર્યા કરે પણ પ્રથમ જેની અગત્ય છે તે તો તેમણે પાછળ નાખી મૂક્યું છે ! બ્હેન ! દેશના આગેવાનોનોજ દોષ ત્યાં પછી અન્યને શું કહેવું ? કેટલાક વેદનો પ્રચાર કરવાનો અને કેટલાક ગુરૂકુળ કહાડવાનો યત્ન કરી રહ્યા છે પણ તેમણે પોતાના બંધુઓને માટે કોઈ "ઉદ્યોગગૃહ" ઉઘાડયાં છે ? ઉદ્યોગે વળગ્યા વગર લક્ષ્મીનું સુખ કયાં ? લક્ષ્મીના સુખ વગર મનુષ્યની ચિત્તવૃત્તિ શાંત કયાં ? ચિત્તવૃત્તિની શાંતિ વગર ધર્મ કર્મ કયાં ? અને ધર્મ કર્મ વીર મનુષ્યની ઉત્પત્તિ કયાં ? એના વગર મનુષ્યરૂપે પશુઓનીજ ઉત્પત્તિ ! એમાં શક શો ? એવા પ્રચારકોએ પોતાના મંડળો માટે વિદ્યાલય સાથે "ઉદ્યોગ ગૃહો" પણ ઉઘાડવાં જોઇએ. અને હિંદુસ્થાનના ડૂબેલા ઉદ્યોગોને સજીવન કરવા જોઇએ તોજ વ્હેલે મોડે ભારતવર્ષ સુખનું મુખ જોશે. બ્હેન ! પરદેશોમાં જઇને અનેક પ્રકારના ઉદ્યોગ શીખી આવવા જોઇએ અને તેજ પોતાના દેશબંધુઓને શીખવી આર્ય પ્રજાનો ઉત્કર્ષ થાય તેવા યત્ન કરવા જોઇએ. વ્યક્તિગત

મતમતાંતરોનો ત્યાગ કરી સમષ્ટિનું કલ્યાણ થાય એવા ઉપાયો યોજવા જોઇએ. આગેવાનોમાં જેટલા ખિતાબના ભૂખ્યા હોય તેટલા ઉદ્યોગ પ્રિય હોવા જોઇએ. ગમે તે માર્ગે પણ ભારતવર્ષ ઉદ્યોગશીલ દેશ બની જાય તો પછી તેને ધન ધાન્યની તંગી પડશે નહિ. લાખો વિંઘા જમીન ખેડાયા વગરની પડી રહે છે પણ કોઈ કૃષી શાસ્ત્રી એવો વીરપુરૂષ નથી ઉત્પન્ન થતો કે તેને ખેડાણ કરવા લાયક બનાવે! યુરોપ, અમેરિકા અને જાપાનમાં એક ઇંચ પૃથ્વી પડતર રહેતી નથી ત્યારે હિંદુસ્થાનમાં લાખો વિંઘા પડતર! ઘણેખરે ઠેકાણે નદીની રેલો આવવાથી સેંકડો વિંઘા જમીન પડી રહી છે! કોઈ રેલનો પ્રવાહ રોકી શકતું નથી! જાણે આર્ય પ્રજામાં કોઈ બુદ્ધિશાળી પુરૂષોજ ન મળે! ગુજરાતમાં એક વિજ્ઞાન શાસ્ત્રી પ્રો. ગજ્જર સાહેબ પછી બીજો કોઇ તેવો વીરપુરૂષજ ન મળે! બ્હેન! પટેલોને જ્ઞાતિ બહાર મુકવાનોજ એક ઉદ્યોગ આવડે છે, જ્ઞાતિબંધુઓને ઝટપટ પ્રાયશ્ચિત કરાવતાં આવડે છે પણ તેઓ પોતાનો ધર્મ બજાવતા નથી એ મહાપાપનું પ્રાયશ્ચિત ક્યારે કરશે? દેશના આગેવાનો દેશના મંદ ઉદ્યોગોને સજીવન કરવા મંડતા નથી એ ભયંકર અપરાધનું પ્રાયશ્ચિત કંઈ જેવું તેવું છે? પરદેશ જનારને ઝટ ન્યાત બહાર મુકવા તૈયાર પણ ન્યાતમાં હુન્નરશાળા ઉઘાડવા તૈયાર છે ખરા? અનેક જ્ઞાતિબંધુઓ ગરિબાઇમાં રિબાય છે. અરે! ભૂખે મરે છે તેની તેમને જરા પણ ચિંતા છે ખરી કે? બ્હેન! દેશને માટે અને દશને માટે પર-દેશગમન કરવાની અને ત્યાં જઇ અનેક વિદ્યા શીખી આવવાની અગત્ય છે. જાપાને ચાલીશ વર્ષમાં પોતાની ઉન્નતિ કરી તેનું કારણ જાણે છે? તે દેશમાં પણ પરદેશગમનનો સખ્ત નિષેધ હતો. કોઇ પરદેશગમન કરતું તો તેનું જીવનજ નષ્ટ થઇ જતું, પરંતુ કેટલાક આગેવાનો દેશકાળનો વિચાર કરી ચુપ ચુપ પરદેશ ચાલ્યા ગયા. કોઇ સ્ટીમરમાં કોલસા પુરવા, કોઇ ખલાસી તરીકે દોરડાં ખેંચવા, કોઈ એન્જીનપર તેલ પુરવા, કોઇ સ્ટીમર સાફ કરવા, કોઈ પેસેન્જરોને ખાવાનું આપવા, એમ કોઈ કાંઇ ને કોઇ કાંઈ બ્હાને પરદેશ જતી સ્ટીમરો પર ચ્હડી બેઠા! તેઓને સ્ટીમરમાં બહુ કષ્ટ વેઠવું પડયું. બહુ અપમાન સહન કરવું પડયું તેમ છતાં તેઓ અગાઉથી કરી

રાખેલી ગોઠવણુ પ્રમાણે નક્કી કરેલા સ્થળોએ ઉતરી પડયા, અને ત્યાં કોઇ સમાજ, કોઇ ધર્મ, કોઇ વિજ્ઞાન, કોઈ વ્યાપાર, કોઇ ઉદ્યોગ, કોઈ કેળવણી, એમ પ્રત્યેકે પ્રત્યેક વિષયનું જ્ઞાન મેળવ્યું. ત્યાર પછી દેશમાં આવી તે તે પ્રકારના સુધારા કરી દીધા, અને અંતે જાપાનને સુધરેલા દેશોની પંક્તિમાં મૂકી દીધું. આજે જાપાન સભ્ય જગતમાં આદર્શ ગણાય છે. પછાત પડેલા અમેરિકા દેશની પણુ એવીજ સ્થિતિ હતી પણુ આજે તે વિજ્ઞાન જગતમાં શિરોમણી બન્યું છે. બ્હેન! જ્ઞાતિના આગેવાનો ન્યાત બહાર રહેનારાઓની સંખ્યા વધારવા જેટલી કાળજી રાખે છે તેટલી ન્યાતમાં વૃદ્ધિ કરવાની કાળજી રાખતા નથી. ન્યાતના ગૃહસ્થો ધન ધાન્યથી સુખી થાય એવી કાળજી રાખતા નથી. બ્હેન! જ્ઞાતિ અને દેશની વાત યાદ કરૂં છું ત્યારે મ્હારૂં શરીર કમ્પી ઉઠે છે! લોહી ઉકળી ઉઠે છે! અનેક મનુષ્યનું કલ્યાણુ થાય એવા વિજ્ઞાન—શાસ્ત્રીને ન્યાત બહાર મુકવા તૈયાર થવું એ શું જ્ઞાતિનું ભૂષણુ છે?”

એટલું કહેતાં કહેતાંમાં તો કમલિનીનું મુખ રાતું ચોળ થઇ ગયું. તેની નસોમાં રક્ત પ્રવાહ જોસથી વહેવા લાગ્યો. તેનાં નેત્રમાંથી જાણે અગ્નિની ચિણુગારીઓ ઉડતી હોય એમ જણાવા લાગ્યું. તે હાથની મુઠ્ઠી વાળી, દાંત પીસી, જુસ્સાબંધ વાત કરતી ત્યારે જાણે હાઇકૉર્ટમાં બિરાજેલા જડજ સાહેબ પાસે એક કુશળ બૅરિસ્ટર પોતાના અપરાધી અસીલને દોષ મુક્ત કરવા માટે આર્ગ્યુમેન્ટ કરતો હોય એમ જણાતું હતું.

સત્યવતીએ કહ્યું: “ત્હારે આખા ગામની શી ચિંતા? આપણે આપણી વાત કરવી! કયાંથી કયાં ઉતરી પડી? જાણે મ્હોટી પંડિતાણીસ્તો! વારૂ, લગ્ન કરવું એ શું ઉચિત છે?”

કમલિની જરા વાર થોભી. તેનો જુસો શાંત પડયો એટલે ઉત્તર દીધો: “ઉચિત નથી? ત્યારે પૃથ્વીના લોકો શા માટે પરણે છે?”

સત્યવતી: “જે ઉચિત છે તે તું કેમ કરતી નથી?”

કમલિની: “હું તો પરણી ચુકી છું.”

સત્યવતી: “કોની સાથે?”

કમલિની: "તેનું નામ જાણતી નથી. તેને કોઇ નારાયણ કહે છે, કોઇ ગૉડ કહે છે, કોઇ અલ્લા કહે છે. હું માત્ર એટલુંજ જાણું છું કે સમસ્ત જગત્ એ મ્હારૂં સાસરૂં છે. તેના પ્રત્યેક ઘર એ મ્હારૂં શયનગૃહ છે."

સત્યવતી: "એ તો સ્વપ્નનો બબડાટ! તેને લઈને કંઇ ગૃહસ્થાશ્રમ માંડી શકાય? એ તો કહેવામાંજ સારૂં લાગે."

કમલિની: "ત્યારે કહેવું એજ મ્હારૂં કર્મ. તું શિવપ્રસાદ સાથે પરણીને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર. સંસારી થઇને સુખ ભોગવ."

સત્યવતી: "તું જો પરણુશે નહિ તો હું નક્કી સમજીશ કે પરણુવામાં મ્હોટું પાપ છે."

કમલિની: "ના સતી, પરણુવામાં પાપ નથી. જો કે સ્ત્રીપુરૂષમાં તે એકજ પુરૂષનો નિવાસ છે, તથાપિ આધાર ભેદે—પ્રયોજન ભેદે—ઉભયનું મિલન આવસ્યક છે. તેથીજ મિલનને માટે જગત્માં સર્વત્ર આટલી બધી લાલસા—આટલી બધી વાસના જણાય છે. એ મિલનમાં પુરૂષ કોમળ થાય છે. રમણી પાર્થિવ ઇશ્વરની સેવા કરવાનો અધિકાર મેળવે છે. ક્ષુદ્રબુદ્ધિની રમણી અનન્ત ઇશ્વરને શોધી શકતી નથી તેથીજ તે પાર્થિવ ઇશ્વરને શોધી લે છે. તેમાં પૂર્ણરૂપે આત્મ સમર્પણ કરે છે. પતિ એજ રમણીનો નારાયણ છે. પતિની સેવા કરવાથી, પતિનાં આત્મીય—સ્વજનની સેવા કરવાથી, પતિનાં સંતાનનું લાલન પાલન કરવાથી અને પતિની આજ્ઞા પ્રમાણે વર્તવાથી રમણી નિષ્કામ કર્મ—નિષ્કામ ધર્મ શિક્ષા કરે છે. તે પણ સારૂંજ છે. તેથીજ પરણુવાની અગત્ય છે. એમાં ખોટું શું છે? એ પણ સારૂંજ છે."

સત્યવતી: "બ્હેન, તું મ્હારા કરતાં ફક્ત અઢી વર્ષ મ્હોટી છે, પરંતુ આટલું બધું ઉદાર જ્ઞાન, આટલા મહત્ પ્રાણ ક્યાંથી મેળવી શકી? શિક્ષણ તો બન્નેને સમાન મળ્યું છે."

કમલિની: "ના સતી. વાંચવા લખવામાં તો તું મ્હારા કરતાં આગળ વધી છે. ગુરૂદેવની કૃપાથીજ મ્હને ઉદાર જ્ઞાન મળ્યું છે."

સત્યવતી: "કયા ગુરૂ?"

કમલિની: "પ્રથમ આપણા પિતાજી."

સત્યવતીઃ "તેમણે તો મ્હને પણ શિક્ષણ આપ્યું છે."

કમલિનીઃ "મ્હારા એક બીજા પણ ગુરૂ છે."

સત્યવતીઃ "તે કોણ?"

કમલિનીઃ "તે શિવપ્રસાદ. તેઓ વેદાંતી છે. વિદ્વાન છે. તેમના ગુરૂને હું મ્હારા ગુરૂદેવ માનું છું. તેમના ગુરૂનું નામ શ્રી રામકૃષ્ણ પરમહંસ. તેઓ સ્વામી વિવેકાનંદ ગુરૂ હતા. વિવેકાનંદે ઠેઠ અમેરિકા પર્યંત જઈ પોતાના ભાષણોથી અનેક અંગ્રેજોના હૃદયમાં હિંદુ ધર્મની મહત્વતા સમજાવી હતી. શ્રી રામકૃષ્ણ પરમહંસનું બોધક જીવન, સરલ પણ દ્રષ્ટાંત સિદ્ધાંત ભરેલો સદ્બોધ, તેમના જીવનના ચમત્કારિક પ્રસંગો વગેરેનો મ્હેં સતત્ અભ્યાસ રાખ્યાથીજ મ્હારા જ્ઞાનમાં ઉદારતા આવી છે. પરમહંસજીએ બંગાળાના મ્હોટા મ્હોટા નાસ્તિકોને આસ્તિક બનાવ્યા છે. ભલભલા બગડેલાની શુદ્ધિ ઠેકાણે લાવ્યા છે. તેઓ યોગી હતા. તેમનું જીવન એવું ચમત્કારિક છે કે ગમે તેવો કઠોર હૃદયનો નાસ્તિક પણ ઇશ્વિરને માનતાં શીખે છે. તેમનાં કથામૃતમાં એવું સરલ વેદાંત છે કે ગમે તેવા થોડું ભણેલાને પણ સત્વર આત્મજ્ઞાન થાય છે. બ્હેન! ખરેખર, તેઓજ ગુરૂ થવાને લાયક છે. શિવપ્રસાદની ભલામણથી તેમનું જીવન અને બોધવચનો વાંચ્યાં ત્યારથીજ મ્હને ખરૂં જ્ઞાન થયું છે. તેમના ઉપદેશ વડેજ મ્હારૂં હૃદય ઉદાર થયું છે. હું તેમનું ધ્યાન ધરૂં છું. એકચિત્તે તેમનું સ્મરણ કરૂં છું ત્યારે હૃદયમાં તેમની મૂર્તિનાં દર્શન થાય છે. કોઈ વખત રામકૃષ્ણ, કોઈ વખત શિવપ્રસાદ બન્ને અદ્રષ્ય રીતે, હાસ્યભરેલે મુખે, મ્હારી સાથે વાતો કરે છે. કેટલીક વખત તો જાણે હું પોતેજ ધ્યાનમાં ને ધ્યાનમાં મ્હારા ગુરૂ રૂપ બની જાઉં છું. તે વખતે જાણે હું પોતેજ રામકૃષ્ણ પરમહંસ હોઉં, જાણે હું પોતેજ શિવપ્રસાદ હોઉં, એવું થઇ રહે છે. અદ્રષ્યભાવે તેઓ મને ઘણી વખત ઉપદેશ આપે છે, અને કાનમાં વિરાટ ભગવાનનો મહિમા ગાય છે! બ્હેન! તે વખતે હું તદાકાર થઇ જાઉં છું. હું ગીતાજીનો પણ પાઠ કરૂં છું. તે વખતે કોઈ દિવસ રામકૃષ્ણ પરમહંસ અને કોઇ વખત શિવપ્રસાદ શ્રી કૃષ્ણરૂપ બની જાય છે; અને હું અર્જુન રૂપ થઈ તેમનો બોધ શ્રવણ કરૂં છું. એ બોધને અંતે હું શ્રી કૃષ્ણરૂપ થઇ

જોઉં છું. તે વખતે સમસ્ત વિશ્વ મ્હને મ્હારારૂપ ભાસે છે. કોઈ વખત તો શિવપ્રસાદ જાણે મસ્તક નમાવી સાક્ષીરૂપ પાસેજ ઉભા હોય છે. તેમની મૂર્તિ પણ હું વારંવાર જોઉં છું. તેઓ પણ મ્હને વારંવાર ઉપદેશ આપે છે."

સત્યવતીએ પ્રસન્ન મુખે કહ્યું: "સાધુડી થઇ જા, સાધુડી."

કમલિની: "ઘરબાર છોડીને ભગવાં પહેરવાથી કંઇ સાધુ થવાતું નથી. ક્રોધ, લોભ અને મોહનો ત્યાગ કરે નહિ તે સાધુ નથી. એવાં મનુષ્યો તો ભગવાં લુગડાંને લજાવે છે! ભગવાં પહેર્યા વગર કંઇ વિરાટ્ ભગવાનની સેવા થતી નથી! મન સાધુ-પવિત્ર-જોઇએ, તેમ થવાથી બધું થઈ શકે છે."

સત્યવતી: "સ્વપ્નમાં ત્હારા ગુરૂ પરાણે દર્શન દે છે. જાગૃત થતાં ન્હાસી જાય છે!"

કમલિની: "એ કાંઇ ત્હારા લક્ષ્મીપ્રસાદ ન હોય. હું કાંઇ સત્યવતી નથી. સમજી?"

સત્યવતીએ હસીને ઉત્તર દીધું: "તેઓ આપણે ત્યાં આવવાના છે ને. પિતાજીએ આવવા પત્ર લખ્યો છે."

કમલિની: "જોજે, તેને પ્રેમજાળમાં ફસાવતી નહિ."

સત્યવતી: "તેં શિવપ્રસાદની છબી જોઇ છે?"

કમલિની: "હા, જોઇ છે."

સત્યવતી: "બહુ સુંદર."

કમલિની: "તેની સાથે ત્હારે શી સગાઈ છે?"

સત્યવતીએ હસીને પૂછ્યું: "તેમાંથી મ્હને ભાગ આપશે?"

કમલિની: "બ્હેન સતી, તેમનામાંથી સમસ્ત વિશ્વ ભાગ લેવા બેઠું છે. જેના વિશાળ જ્ઞાન-પ્રકાશથી કેટલાએ પાપી, કેટલાએ અધમ કૃતાર્થ થાય છે, કેટલાએ નાસ્તિક આસ્તિક થાય છે, કેટલાએ અવિશ્વાસુને વિશ્વાસ ઉત્પન્ન થાય છે. પછી તું શા માટે ભાગ નહિ લે? અવશ્ય ત્હને પણ મળશે."

પંચમ પરિચ્છેદ.

વિજ્ઞપ્તિ.

કૃષ્ણ પક્ષની ચતુર્દશી. આકાશ મેઘાચ્છન્ન. રાત્રિ એક પ્રહર વીતી ગઇ છે. સમસ્ત પૃથ્વી પર અંધકાર વ્યાપી ગયો છે. માર્ગ પર જન માનવનો પગરવ જણાતો નથી.

ઘોર અંધકારને ભેદીને કૃષ્ણશંકર પાઠકની હવેલીમાં ત્રણ મનુષ્યોએ પ્રવેશ કર્યો. ત્રણે સારાં મનુષ્યો જણાય છે. તેમાં એક શુકલજી, બીજા જોશીજી અને ત્રીજા પંડ્યાજી. ત્રણે જણે બ્રાહ્મણ, ક્ષત્રિય, અને વૈશ્ય પાસેથી ગોરપદાની સનન્દ મેળવી હતી. તેથી તેમનું બળ અપૂર્વ હતું. શેહેરમાં તેમનું કોઈ નામ દે એમ નહતું! ધારે તેમ કરે તેવા હતા! જ્ઞાતિમાં અગ્રેસર ગણાતા હતા.

કૃષ્ણશંકર દુકાનનું કામકાજ પરવારી શયનગૃહમાં જવાની તૈયારીમાં હતો. ત્રણે જણને આવેલા જોઇ કહ્યું: “કેમ, ખુશી તો છો ? આટલી રાત્રે ક્યાંથી ?”

શુક્લજી: “અંધારામાં કોણ આવે ભાઈ? એકાંતમાં વાત કરવી છે.”

કૃષ્ણશંકરે વિશેષ નહિ પૂછતાં તેમને લઇ, જોડેના એક એકાંત ઓરડામાં ગમન કર્યું. ત્યાં નરમ સેતરંજી પાથરી હતી. સુંદર લેમ્પમાંથી પ્રકાશ પડતો હતો. બધા સેતરંજી ઉપર બેઠા.

કૃષ્ણશંકરે પૂછ્યું: “કહો, શું કામ પડ્યું ?”

શુકલજી: “અમારી ત્રણ જણની એક વિજ્ઞપ્તિ સાંભળવીજ પડશે. ત્રણે જણને ખાતર.”

કૃષ્ણશંકર: “પ્રથમ વાત તો કહો.”

શુકલજી: “વાત બીજી શી હોય ? ધર્મ રસાતળે જાય છે. શાસ્ત્રનું અપમાન થાય છે. દેશમાંથી હિંદુ ધર્મનો નાશ થાય છે!”

કૃષ્ણુશંકર: "શું બન્યું એવું?"

શુકલજી: "પેલા નાસ્તિક જ્ઞાનાનંદનીજ વાત તો."

કૃષ્ણુશંકર: "વળી તે શું કરે છે? તે તો જ્ઞાતિ બહાર છે."

શુકલજી: "તેની બે કન્યાઓ ઘરડી ડોસી થવા આવી તથાપિ તેનો વિવાહ કરતો નથી."

કૃષ્ણુશંકર: "તેમાં આપણે શું? જે જ્ઞાતિ બહાર છે તે ઇચ્છાનુસાર વર્તે. આપણને તેની સાથે વાત કરવાનો પણ અધિકાર નથી."

શુકલજી: "તેની વર્તણુકથી દેશનું સત્યાનાશ નિકળી જશે. ઈન્દ્ર હવે વરસાદ વરસાવશે નહિ, પૃથ્વિ અન્ન ઉત્પન્ન કરશે નહિ, ગાય દૂધ દેશે નહિ! કૉલેરાએ અનેક મનુષ્યોનો કચ્ચરઘાણ કાઢી નાંખ્યો છે, દુકાળે અનેક મનુષ્યોનો ભોગ લીધો છે. એ બધું એના જેવા મહાન પાપીઓને લીધેજ! તમે જ્ઞાતિના આગેવાન છો, તમેજ અમારા રાજા, તમે ધાર્મિક, ધર્મનું રક્ષણ કરો."

કૃષ્ણુશંકર: "લગ્ન સંબંધી શાસ્ત્રમાં જૂદા જૂદા અભિપ્રાય જણાય છે. કેટલી વયે લગ્ન કરવાં એ નિશ્ચય નથી. ઘણે સ્થળે કુલિન બ્રાહ્મણોમાં એથી પણ મ્હોટી વયે લગ્ન થયાં છે. કેટલીક બ્રાહ્મણ કન્યાને જીવનપર્યંત કુમારિકા રહેલી પણ મ્હેં જોઇ છે!"

જોશીએ વચમાંજ કહ્યું: "તેવાં મનુષ્યો ખરાં કુલિન કહેવાશે નહિ. તેમની તો વાતજ જુદી."

કૃષ્ણુશંકર: "નહિ, નહિ. હું તે કબૂલ કરતો નથી. માત્ર નામના "કુલિન" થયા તેથી શું થયું? જેમનાં કર્મ સારાં, વ્યવહાર પવિત્ર, સ્વભાવ નમ્ર, આચાર સદ્ગુણી તેજ ખરો કુલિન. બાકી કેટલાક નઠારાં કર્મ કરનાર, ડગલે ડગલે જુઠ્ઠું બોલનાર, અસત્યપણે વર્તનાર, ચોર, વ્યભિચારી, અને વ્યસની બ્રાહ્મણો "કુલિન" હોવાનો દાવો કરે તો તે ધર્મથી વિરૂદ્ધજ છે. "કુલિન" જનોએ સ્વધર્મનું પાલન કરવું જોઇએ. દયા, દાન ને દીનતાને ભૂલવી જોઇએ નહિ. "કુલિન" કહેવાતા જ્ઞાતિજનોમાં કોણ સંધ્યા આહ્નિક કરે છે! કોણ ગાયત્રી કરે છે? કોણ પ્રાણાયામ કરે છે? કોણ

સ્વધર્મ પાળે છે? કોણ બ્રહ્મચર્ય પાળે છે? કોણ તપ કરે છે? કોણ બ્રાહ્મણના ખરા ગુણ ધરાવે છે? અરે! તેમના શરીરને જોતાં બ્રાહ્મણનું કોઇ ચિહ્ન પણ જણાતું નથી. તેમ છતાં "કુલિન" કહેવાય છે!"

કૃષ્ણશંકરના વડિલો માત્ર પૈસા મેળવ્યાથી જ્ઞાતિમાં અગ્રેસર ગણાતા હતા બાકી "કુલિન"માં તેમની ગણત્રી નહોતી, તેથી તેને ઘણી વાર લાગી આવતું. શુક્લજી કુલિન ગણાતા હતા. કૃષ્ણશંકરે કહેલા શબ્દોથી તેમને માનસિક વેદનાનો પાર ન રહ્યો પણ શું કરે? બોલે તો કાર્યમાં વિઘ્ન પડે! તેથી તેમણે કહ્યું: "એ બધી વાતો સાથે આપણે કામ નથી. યોગ્ય વય થતાં કન્યાનું લગ્ન ના થાય તો મહા પાતક લાગે છે. એ વાક્ય હિંદુ શાસ્ત્રમાં વારંવાર, પાને પાને લખાયું છે."

કૃષ્ણશંકર: "જે પાલન નહિ કરે તે પાપ ભોગવશે પણ તેને દણ્ડ કરવાની આપણને શી સત્તા છે? જો તેમ કરીએ તો બીજા કુલિનોને પણ દણ્ડ કરવો પડશે."

શુક્લજી: "અમારી ખાસ અરજ ઉપર તમારે ધ્યાન આપવુંજ પડશે. હું તમારો કુલ પુરોહિત છું. આ બે ભાઇઓ પણ જ્ઞાતિમાં કુલિન અને આગેવાનો છે. અમે આટલી અંધારી રાત્રે તમારે ઘેર આવ્યા છીએ તો અમારૂં માન રાખવું પડશે. પક્ષપાત તો ઇશ્વરને ઘેરથી ઉતરી આવ્યો છે. ઇશ્વર પણ તેની જેણે ભક્તિ કરી તેને સુખ; અને ભક્તિ નથી કરી તેને દુઃખ આપે છે. તમારે ત્યાં અમે ભક્તિ કરવાજ આવ્યા છીએ. અમારા ઉપર કૃપા કરો."

કૃષ્ણશંકર: "ઠીક, જે કહેવું હોય તે કહો."

શુક્લજી: "મ્હારૂં ઘણું અપમાન થયું છે."

કૃષ્ણશંકર: "કોણે કર્યું?"

શુક્લજી: "જ્ઞાનાનંદે."

કૃષ્ણશંકર: "શા માટે?"

શુક્લજી: "હું તેની મ્હોટી કન્યાના વિવાહ માટે પૂછવા ગયો હતો. તે સમયે ત્હેણે મ્હને અનેક તિરસ્કારના વચનો કહ્યાં છે."

કૃષ્ણુશંકર શુક્લજીનો મનોભાવ પ્રથમથીજ સમજ્યા હતા. તેણે ઉલટ-પાલટ તપાસ કરી બધો ખુલાસો મેળવવાનો યત્ન કર્યો. તેણે પૂછ્યું: "તે દિવસ તો તેને ન્યાત બહાર મૂકાવ્યો છે, પછી શા માટે તેને ઘેર કન્યાના વિવાહ સંબંધી પૂછવા ગયા? વર કયો છે?"

શુક્લજી જરાક ખંચાતાં ખંચાતાં બોલ્યા: "તમે તો મ્હારી સ્થિતિ જાણો છો. શુકલાણીના સ્વર્ગગમન પછી મ્હને ઘણી અડચણ પડે છે. એક ન્હાનું બાળક છે, તેની વિશેષ ચિંતા છે. મ્હોટાની ઓછી. વિધવા બ્હેનનો સ્વભાવ તો તમે જાણો છોને? અંગના માણસ વગર સુખ દુઃખની વાત કોને કહેવી? શરીર બગડે છે ત્યારે તો બસ કહેવાનીજ વાત નહિ! જ્ઞાનાનંદની મ્હોટી કન્યા ઉમ્મર લાયક છે. બુદ્ધિવાન છે. ઘરનું બધું કામ તરતજ ઉઠાવી લે એવી છે. કશી અડચણ પડે એમ નથી. તેથીજ વિચાર કરીને તેનું માગું કર્યું. કામ બને તો ઠીક, નહિ તો તમારા જેવા દશ જણને કહી તેને યોગ્ય શિક્ષા કરાવીશ."

કૃષ્ણુશંકર પાઠકે ગજવામાંથી એક લાંબી ચિરૂટ કહાડી મ્હોમાં મૂકી સળગાવી. જાણે ચામડાના એન્જીનમાંથીજ ધુમાડા નિકળવા લાગ્યા. એ ધુમાડાની સુગંધથી પાસે બેઠેલા જોશી અને ભટ્ટની પણ દાઢ સળકી! તેમને ચિરૂટનું મન થયું. તે ધારતા હતા કે કૃષ્ણુશંકર વખતે એક એક ચિરૂટનું તેમને દાન કરી અતિથિ સત્કાર કરશે. એ આશામાં થોડી વાર બેસી રહી તેમના મુખ સ્હામું ટગર ટગર જોયા કર્યું. એક બે વખત કૃષ્ણુશંકરનો હાથ ગજવા તરફ જતાં આશા પરિપકવ થતી! કૃષ્ણુશંકર ચિરૂટ આપે તે વખતે હા, ના, કરી જરા ભાવ ખાવાની ઇચ્છાથી બે ચાર વખત નજર ફેરવી આસપાસ જોવા લાગ્યા પરંતુ તેમની ઇચ્છા પરિપૂર્ણ થઇ નહિ. કૃષ્ણુશંકરે ગજવા તરફ હાથ લઇ જઇ માત્ર જરાક ખજવાળી પાછા ચિરૂટના ધુમાડા કહાડતાજ બેઠા! તે બન્ને તૃષાતુર નેત્રે જોતા મનમાંજ બબડવા લાગ્યા: "કેમ! આજે પાઠકજી આવા કંજુસ થઇ ગયા છે?"

કૃષ્ણુશંકરે ઘણી વાર સુધી ચિરૂટનો સ્વાદ લીધો. તે મનમાંજ કંઇક વિચાર કરતા હતા! ત્યાર પછી ચિરૂટનો એક મ્હોટો સડાકો ખેંચી

ઓરડામાં ધુમાડાના ગોટે ગોટ કહાડયા અને ઉધરસ ખાતાં ખાતાંજ કહ્યું: "ઠીક."

હાથમાંની ચિરૂટ પૃથ્વીપર મૂકી દીધી. જોશી અને ભટ્ટનો જીવ બિલાડી પેઠે તલપી રહ્યો હતો છતાં વિવેકહીન પાઠકને તેનું જ્ઞાન થયું નહિ. છેવટે ભટ્ટે જોશીને ચિરૂટ આપતાં કહ્યું: "લો, જોશીજી. જરાક પુંછડી કાપી નાંખો."

ચોરના ભાઇ ઘંટી ચોરે વિવેક કર્યો! પાઠકજી જોયાજ કરતા હતા. શુકલજી પોતાના સ્વાર્થમાં હોવાથી બીડી પીનારા માટે શાસ્ત્રાર્થ કરવા જેવી તેમનામાં શક્તિ નહતી! કહો કે શાસ્ત્ર–બાસ્ત્ર બધુંજ ભૂલ્યા હતા! જોશીજીએ દાંતવડે જરાક પૂંછડી કાપી ચિરૂટનો આસ્વાદ લેવા માંડયો. થોડી વારે તૃપ્ત થઇ તેમણે ચિરૂટનો ચાર્જ ભટ્ટને સોંપ્યો! તેમણે પણ તેની તેવીજ ઉત્તર ક્રિયા કરી ધુમાડાના ગોટે ગોટ કહાડવા માંડયા! જાણે ગંગાજળનું પાન કરી પવિત્ર થતા હોય તેટલી આતુરતાથી ચિરૂટને ચૂસવા લાગ્યા. જોશીજી હજુ પણ વચમાં વચમાં ભટ્ટની ચિરૂટ સ્હામું જુવે છે. વખતે બીજી વખત ધુમ્ર–યજ્ઞ કરવાનો વારો આવે તે આશામાં!

કૃષ્ણુશંકર તીક્ષ્ણ દ્રષ્ટિએ એ બન્નેના સ્હામું જોતા, અને તેમની દ્રષ્ટિ આવતાં નજર ચુકવી આડું જોઇ લેતા. જાણે શરીરની સર્વ ઇન્દ્રિયોને તદાકાર કરી શુકલજીના પ્રશ્ન ઉપર વિચાર કરતા હોય તેમ ગંભીર બન્યા છે. વિચારાન્તે તેમને જે ફળ મળ્યું તેને લઇને, નિસ્તબ્ધતા ભંગ કરી પાઠકજી બોલ્યા: "ખોટું શું થતું હતું? શુકલજી ઉચ્ચ વંશના, ઉચ્ચ ગોત્રના છે, છોકરાં છે, તેમાં અડચણ શી! એવાને તો ઘણાએ કન્યા આપે છે. વારૂ, જ્ઞાનાનંદે શું કહ્યું?"

શુકલજી: "તેમણે પ્રથમ તો ગંભીર ચિત્તે મ્હારી વાત સાંભળી. પછી મ્હને બનાવવા લાગ્યા. છેવટે કહ્યું કે: કન્યાની ઇચ્છાનુસાર લગ્ન થશે. મ્હારી કન્યા તો ગાંડી છે. પૂછી જોઇશ શું કહે છે તે. પછી વાત."

કૃષ્ણુશંકર: "એ છોકરી સંબંધી હું જે કાંઇ સાંભળું છું તે ઉપરથી એક રીતે ગાંડીજ કહી શકાશે. જ્ઞાની કુમારિકાઓ એની પેઠે રાત દિવસ, સર્વ જાતિનાં ઘરોમાં ભટકે ખરી? અને તેમનાં મળમૂત્ર ઉસેડે ખરી?"

જોશી: "એ તો મ્હોટી પંચાતીની વાત છે. બ્રાહ્મણ કહેતાં કહેતાં હવે લોકો તો કહેવા લાગ્યા છે કે: "બ્રાહ્મણ કન્યા ગમે તે જાતનાં લોકોને ઘેર મળમૂત્ર કહાડે છે!" શિવ! શિવ! આ વિપત્તિની શાંતિ હશે ખરી? ન્યાત જાત તો ગઇ છે! હવે બ્રાહ્મણ જાતને માથે કલંક ચ્હડવા બેઠું છે!"

કૃષ્ણશંકર: "વારૂં, ત્યારે હું એક વાર જ્ઞાનાનંદને પૂછી જોઉં?"

શુકલજી: "ના, ના, તેમ કરશો નહિ. અંતે અમારે માટે શું તમારે અપમાન સહન કરવું? કન્યા તેના કબજામાં ક્યારે છે? તે તો સ્વતંત્ર છે."

કૃષ્ણશંકર: "ત્યારે?"

શુકલજી: "બળપૂર્વક તેને પકડી લાવી લગ્ન કરી શકાય કે નહિ? અજ્ઞાન કન્યાને એ પ્રમાણે પાપમાર્ગમાંથી મુક્તિ મળશે. ધર્મશાસ્ત્રનું રક્ષણ થશે. તેના પિતા ઘણાજ ખુશી થશે. હરાયા ઢોરને બળાત્કારે પકડી ડબ્બામાં પૂરવું જોઇએ! શો અભિપ્રાય?

કૃષ્ણશંકરે હસતાં હસતાં ઉત્તર દીધો: "એ વાત ઉપર પણ મ્હેં વિચાર કરી જોયો છે. તેમ કરવાથી કંઈ પાપ નથી. તેમ થવાથી બિચારા જ્ઞાનાનંદ ઉપર તો આપણે ઉપકારજ કરીશું. જ્ઞાતિમાં પુનઃ પ્રવેશ કરી શકશે. કન્યાનું લગ્ન પણ થશે. એમ કરવા તમે ખુશી છો?"

શુકલજી: "હા, હા. શા માટે નહિ? ધર્મશાસ્ત્રનું રક્ષણ થાય, જ્ઞાનાનંદ જેવાનો આત્મા સંતોષ માને, એક કન્યા કુમાર્ગે જતી સન્માર્ગે ચઢે તો હું તેમ કરવા શા માટે ના પાડું? ભલે; ગમે તેમ થાય પણ તેમ કરવા ખુશી છું."

કૃષ્ણશંકરે જરા મશ્કરી કરતાં કહ્યું: "સાંભળ્યું છે કે કન્યા બહુ સુંદર છે. તમારાં ઉતરતાં પાણી થયાં છે! તેમ છતાં પણ હજી સૌંદર્ય ઉપર આટલી બધી પ્રીતિ કેમ શુકલજી?"

શુકલજી: "તમે ગમે તેમ કહો પણ અમે શાસ્ત્રજ્ઞ બ્રાહ્મણ. શાસ્ત્રનો બધાને ઉપદેશ કરીએ અને તે પ્રમાણે અમેજ પાળીએ નહિ તો પછી અમને માને કોણ? કોઇનો સંકટમાંથી ઉદ્ધાર થતો હોય, કોઇના આત્માને શાંતિ મળતી હોય તો પછી અમારૂં ગમે તેટલું નુકશાન થતું હોય તો તેની

અમને દરકાર નથી. વારૂ, તે સાથે એક બીજી વાત. મ્હારૂં ત્યાં અપમાન થયું છે. તમારા જેવા શ્રીમંતનો કુલ પુરોહિત. અપમાનિત થઇને જીવી શકીશ નહિ. તમારેજ બારણે બ્રહ્મહત્યા સમજજો."

ભટ્ટ: "આપ શ્રીમંત છો. પ્રબળ પ્રતાપી છો. જ્ઞાનાનંદ દિકરો સુનસઇ! કાયદા ભણેલો! અનેક અમલદારો અને સાહેબ, સુબા સાથે એને દોસ્તી! લાગવગ વાળો છે! માટેજ કહેવું પડે છે કે જે કરો તે બહુ વિચાર કરીને કરજો. પાછળથી પસ્તાવું ના પડે!"

એ સાંભળી શુક્લજી ચિડાઇ ગયા. મનમાંજ બોલ્યા: "આ વળી આવા અપશુકનના શબ્દો કયાંથી બોલે છે?" તેમણે કહ્યું: "ભટ્ટ! શું કહો છો? સૂર્યના પ્રકાશ આગળ આગિયાના શા ભાર? સાગર આગળ એક ઘડાનો શો હિસાબ? શેહેરમાં એવો કોઇ બે માથાનો નથી કે તે શ્રીમાન કૃષ્ણશંકર પાઠકજીના વિરૂદ્ધ એક ડગ ભરે!"

કૃષ્ણશંકર શુક્લજીની સ્તુાત સાંભળી ફુલાઈ ગયા. આગળ પાછળનો વિચાર કર્યા વગરજ ઉત્તર દીધો: "ભટ્ટ! એ સંબંધી તમારે ચિંતા કરવી નહિ. એ બધું જોઇ લેવાશે. એક અજ્ઞાન છોકરી નઠારે માર્ગે વળતી હોય તો તેને બળાત્કારે સન્માર્ગે વાળવીજ જોઇએ. તેના પિતાને ના ગાંઠતી હોય તો આપણે જ્ઞાતિ બંધુઓએ તેને ઠેકાણે લાવવીજ જોઇએ. ઠીક શુક્લજી, તમારી ઇચ્છાનુસારજ કામ કરીશું."

ભટ્ટે હાથમાંની ચિરૂટમાંથી એક બે દમ ખેંચી જોશીને આપી દીધી અને શુક્લજીના બરડા ઉપર થાપટ મારી હસતાં હસતાં કહ્યું: "ત્યારે અમે વરરાજાને શરીરે પીઠી ચોળીએ?"

કૃષ્ણશંકરે પણ હસતાંજ ઉત્તર દીધો: "હા, પણ જો જો. કોઈ જાણે નહિ. નહિ તો કાર્ય સિદ્ધ થશે નહિ."

ષષ્ઠ પરિચ્છેદ.

અનન્ત માર્ગે ગમન.

જે રાત્રે કૃષ્ણશંકરના ગુપ્ત ઓરડામાં ત્રણ જણ બેસી ઉપર પ્રમાણે સલાહમસલત કરતા હતા, તેજ રાત્રે જ્ઞાનાનંદના ઘરમાં શોકની છાયા પથરાઇ રહી હતી. ધ્રુવનો તારો આકાશમાંથી ખરી પડવાની શંકા કરીને પૃથ્વીના જીવો શોક, દુઃખ અને ભયચકિત થાય છે તેજ પ્રમાણે આજે જ્ઞાનાનંદની પત્ની, બે કન્યા અને દાસ દાસીની ભયભીત સ્થિતિ થઈ રહી છે! બહાર ગગનના છેડા સુધી અનન્ત અંધકાર છે. આકાશ વાદળાંની ફોજથી ઘેરાયલું છે. વચમાં કોઇક વખત વિજળીની ક્ષીણ રેખા ચમકે છે. વચમાં કોઈકિ વખત વાયુનો એક સપાટો વહી જાય છે. બાકી સર્વ નિસ્તબ્ધ! બીજા માળના વિશાળ દિવાનખાનામાં જ્ઞાનાનંદ રોગ–શય્યામાં સૂતા છે. ટેબલ પરથી ઉદાસ દીપક, સર્વત્ર ઝાંખો પ્રકાશ પાડે છે. શય્યા પાસે નેત્રમાં અશ્રુ સારતી તેમની સ્ત્રી અને કન્યાઓ બેઠી છે. દાસદાસીઓ આજ્ઞા પ્રમાણે ગુપચુપ કામ કર્યા કરે છે. બધાં શાંત બેઠાં છે. કોઇ એક શબ્દ પણ બોલતું નથી. સમસ્ત ઘર ઉદાસ, વિહ્વળ જણાય છે! સર્વત્ર ભવિષ્યમાં આવી પડનાર વિપદ્‌ની ભયંકર છાયા છવાઈ ગઇ છે!

જ્ઞાનાનંદને મુનસફની નોકરી કરતી વખત, દેશે દેશનાં પાણી પીવાં પડયાં હતાં. ઘણે વર્ષે પેન્શન લીધા પછી પોતાની જન્મભૂમિમાં નિવાસ કરવા આવ્યા ત્યારથી તેમને પાણી ફેર થયું હતું અને ત્યારથીજ પ્રકૃતિમાં કંઈકિ ફેરફાર થયો હતો. તેઓ આહાર વિહારમાં બહુ નિયમિત હતા છતાં તેમના શરીરમાં વ્યાધિ ભરાવા મંડયો હતો. વૈદ્યો કહેતા હતા કે એમને પાણી લાગ્યું છે. ઔષધો કરવાથી આરામ થતો અને વળી પાછો રોગ

ઉથલો ખાતો. આ વખતનો તેનો સખ્ત હુમલો, જ્ઞાનાનંદ જેવા જ્ઞાની પુરૂષનો જીવ લેવાજ બેઠો હતો! ઘણા વિદ્વાન વૈદ્ય, ડાક્ટર, હકીમોએ ઓષધોપચાર કર્યા, સ્થાન પરિવર્તન કર્યાં, હવાફેર, જળફેર કર્યા, પરંતુ રોગ શાન્ત પડયો નહિ. ઉલટો તે તો વૃદ્ધિજ પામ્યો. અંતે વૈદ્યોએ આશા છોડી. વૈદ્યનો એવો અભિપ્રાય જાણ્યા પછી સગાં વહાલાંની માનસિક સ્થિતિ જેવી થાય તેવીજ જ્ઞાનાનંદનાં પત્ની, કન્યા, અને દાસદાસીઓની થઇ હતી.

અનેક ક્ષણપર્યંત બધાં ગુપચુપ બેઠાં હતાં. જ્ઞાનાનંદને સહજ નિદ્રા આવી હતી. એકાએક નિદ્રા ભંગ થઈ. તેમણે પાસું બદલી સત્યવતીના સ્હામું જોયું. ક્ષીણ, ગંભીર અને શાંત સ્વરે પૂછયું: "રાત કેટલી ગઇ છે?"

રડી રડીને રાતાં કરેલાં બન્ને નેત્ર પિતાના મુખ ઉપર સ્થાપન કરી, જરા ખોંખારો ખાઇ, ખોખરે સ્વરે સત્યવતીએ ઉતાવળે ઉત્તર દીધો: "કેમ પિતાજી! હમણાંજ બાર વાગ્યા."

જ્ઞાનાનંદ: "તમે બધાંએ વાળુ કર્યું છે?"

બળાત્કારે શ્વાસ નિશ્વાસ મુકતાં, નેત્રમાં આંસુ લાવી સત્યવતીએ કહ્યું: "પિતાજી, પિતાજી, અમે શા સુખે વાળુ કરીએ? અમારૂં સર્વસ્વ જવા બેઠું છે. અમારા શિક્ષક, અમારા ગુરૂ, અમારા સ્નેહ સાગર, અમારા પૂજ્ય, શિરછત્ર પિતા, અમને છોડી જવા બેઠા છે. પિતાજી, અમારૂં શું થશે?"

જ્ઞાનાનંદના, રોગને લીધે ફિક્કા પડેલા ઓઠ ઉપર હાસ્ય ફરક્યું. તે હાસ્ય, શ્રાવણના મેઘાચ્છાદિત આકાશની ચાંદની જેવું જણાતું હતું. તેમણે પૂછયું: "કમલિની ક્યાં છે?"

કમલિની ઓસિકાની પાસે, પત્થરની મૂર્તિ પેઠે સ્થિર થઇ બેઠી હતી. તરતજ પિતા સ્હામું આવી બેઠી અને બોલી: "પિતાજી, આ રહી."

જ્ઞાનાનંદે ધીમે ધીમે કહ્યું: "મ્હારી સત્યવતી હજુ બાળક છે. બુદ્ધિમતી હોવા છતાં પણ હજુ અજ્ઞાન છે. સતી મ્હારી લાડકી છે. તું પણ બાળક છે છતાં સતી કરતાં બે અઢી વર્ષે મ્હોટી છે, અને જ્ઞાનમાં પ્રવીણ છે—પકવ છે. તું સતીને સમજાવતી નથી કેમ?"

આ વખતે કમલિનીના નેત્રમાંથી જળધારા પડવા લાગી, પણ તે

શાંત રીતે. વાયુના પ્રવાહવડે ગુલાબના પુષ્પ ઉપરથી જેમ વરસાદનાં બિંદુ શાંત રીતે સરી પડે છે તેમ તેના નેત્રમાંથી જળબિંદુ ખરૂ ખરૂ સરવા લાગ્યાં. રૂંધાયલે ગળે, ખોખરે અવાજે, કમલિનીએ કહ્યું: "પિતાજી, હું એને સમજાવી શકતી નથી. હૃદયની પાળ ભાંગી ગઇ છે. આશ્રયહીન વૃક્ષ પડવાની તૈયારીમાં છે. પિતાજી, પિતાજી, અમે શી રીતે રહી શકીશું ?"

ગંભીર સ્વરે જ્ઞાનાનંદે કહ્યું: "એટલા માટેજ શાસ્ત્રકારોએ **માયા દુરત્યયા** કહી છે. સમસ્ત વિશ્વને વિશ્વપતિનું ક્રીડા-સ્થળ જાણે છે તે કમલિની પણ આજે શોક, મોહ પામે છે ! કમલિની, બેટા. શોક કરશો નહિ. ભગવાનની આ વિનાશક-શક્તિ ભાવિ મંગળને માટેજ છે !"

કમલિની: "હું ક્ષુદ્ર, ક્ષુદ્ર રમણી, મંગળ અમંગળ શું સમજું પિતાજી ! અમારૂં હૃદય શૂન્ય કરી, શાંતિના સંસારમાં હમેશને માટે હાહાકાર કરી મૂકી આપ કદાચ—"

જ્ઞાનાનંદ: "હા, જાણી શક્યો છું કમુ ! પરંતુ મૃત્યુ એ શું અમંગળને માટે છે ? ત્હને અનેક દિવસ પર્યંત કહ્યું છે, અને મૃત્યુ શય્યામાં સૂઇને હમણાં પણ કહું છું કે: માનવ જીવન એ કાંઇ અસાર સ્વપ્ન નથી. સ્વધર્મનું પાલન કરવું એજ માનવ જીવનનો ઉદ્દેશ છે. સ્વધર્મ પાલન એટલે શું ? એટલે મનુષ્યત્વ. તેજ માનવના ભાગ્યમાં લખાયલું છે. સતી, બેટા, થોડું જળ આપ. બહુ તરસ. ગળું સુકાઇ જાય છે."

સત્યવતીએ ઉતાવળે પાણીનું પવાલુ પિતાના મુખ આગળ ધર્યું. જ્ઞાનાનંદે એકે શ્વાસે જળ પીધા પછી કહ્યું: "રોગમાં પણ આટલી બધી તરસ !"

કમલિનીએ તેમને કપાળે પોતાનો કોમળ હાથ ફેરવી કહ્યું: "પિતાજી, આપ વધારે બોલશો નહિ. વધારે બોલવાથી તરસ વધશે."

જ્ઞાનાનંદ ધીમે ધીમે બોલ્યા: "તરસ હવે વધશે નહિ. વધવાનો સમય પણ મળશે નહિ. તે માટે ચિંતા કરશો નહિ. જવા દે એ વાત. જે વાત કહેવાની છે તે કહેવા દે. મનુષ્યત્વ કોને કહેવું ? માયા અથવા પ્રકૃતિના બાહુબંધનમાંથી આત્મ-મુક્તિ મેળવવાનો ઉપાય તેજ સ્વધર્મ; ચિત્ત-શુદ્ધિનો જે ઉપાય તેજ સ્વધર્મ; દેહની પવિત્રતા અને યોગ્ય સમય પર્યંત

દેહના રક્ષણનો ઉપાય કરવો એજ સ્વધર્મ; આ સર્વનું એકત્ર પાલન કરવું તે સ્વધર્મ–પાલન કહેવાય છે. એ સ્વધર્મ પાલન, એજ મનુષ્યત્વ, એ મનુષ્યત્વની વૃદ્ધિ થવાથીજ મનુષ્યને સાચું સુખ મળે છે. સાચું સુખ મેળવવા માટે એ સિવાય અન્ય ઉપાય નથી. સર્વ માનવોના પ્રાણ એક મહાપ્રાણ સાથે સંધાયલા છે, તેથી એક મનુષ્ય અન્ય મનુષ્યથી ભિન્ન નથી. મનુષ્યોની ભેદભાવની કલ્પના પાયા વગરની છે–અજ્ઞાન મૂલક છે. સર્વમાં એક રક્ત, એક માંસ, એક પ્રાણ, અને એક આત્મા છે. જેમ જળાશયો જૂદાં જૂદાં છે પણ જળ એક છે તેજ પ્રમાણે મનુષ્યનાં શરીર જૂદાં જૂદાં છે પરંતુ વસ્તુતઃ આત્મા તો એકજ છે. તે એક વિશ્વાધારના મહાપ્રાણમાંથી સર્વ શરીરમાં પ્રાણનો સંચય થયો છે. તે એક ભગવાનજ સર્વના હૃદયમાં વિરાજે છે. તે ભગવાન એકજ છે, અને અદ્વિતીય–અદ્વૈત છે, તેથી સર્વ પ્રાણી માત્રનું સુખ એજ એક મનુષ્યનું સુખ હોવું જોઇએ. એક મનુષ્યે માત્ર પોતાનાજ સુખની કલ્પના કરવી એ અનુચિત છે. એક બિંદુ જળને જેના વડે સુખ પ્રાપ્ત થાય છે તેના વડેજ મહાસાગરને સુખ થાય છે. મહાસાગરનાં બિંદુ એટલે મનુષ્યો છે. સર્વ ભૂત–પ્રાણી–માત્રનું હિત કરવું એજ માનવ ધર્મ છે. મહાસાગરનું જળ સૂર્યના તાપવડે તપ્ત થઈ પરપોટા રૂપે ઉકળે છે! તાપ થતાં મહાસાગરનાં સર્વ બિંદુને તાપ–દુઃખ–સહન કરવું પડે છે. પ્રત્યેક જળબિંદુને દુઃખ થતાં મહાસાગરનેજ દુઃખ વેઠવું પડે છે. ચંદ્રની શિતળ ચાંદની પડતાં મહાસાગરના મહાપ્રાણ–પ્રત્યેક જળબિંદુ રૂપે–શિતળ થાય છે–આનંદ મગ્ન થઈ નાચે છે. સુખી થાય છે. તેજ પ્રમાણે એક અને અનેક જીવોનું સમજવું. સર્વનું હિત ના કરી શકાય તો આત્મહિત સાધી શકાય નહિ.”

“બ્હેન! કર્મફળ ઉપર આસક્તિ રાખ્યા વગર, નિષ્કામ ભાવે જગતનું હિત સાધવું એજ માનવ ધર્મ છે. એ ધર્મ પ્રકૃતિ ભેદને લીધે જૂદા જૂદા હોય છે. અગ્નિનો ધર્મ છે તે જળનો ધર્મ નથી. અગ્નિ, અન્ન પકવ કરી આપીને અને ટાઢનું નિવારણ કરીને જગત્ પ્રત્યે ફરજ બજાવવા રૂપ પોતાનો ધર્મ પાળે છે. જળ, ઠંડક કરી તૃષાતુરની તૃષાનું નિવારણ કરવા રૂપ પોતાનો ધર્મ પાળે છે. જળ અગ્નિનું કાર્ય કરવા જાય તો તે અન્યાયજ–તેમ કરવા

જાય તો પણ તે કામ કરી શકે એમ નથી. સ્વપ્રકૃતિ અનુસાર, લિપ્ત થયા વગરજ કર્મ કરવું એજ માનવનો મહાન ધર્મ છે. બ્રહ્મ એ સર્વભૂત માત્રમાં વસે છે. સર્વભૂત-માત્રનું હિતકાર્ય કરવું એનું નામજ બ્રહ્મને કર્મ સમર્પણ કરવું. એમ કરવાથી કર્મબીજનો ધ્વંસ થાય છે. એમ કરવાથીજ કર્મી જીવને અતિ આનંદ થાય છે અને મોક્ષ પ્રાપ્ત કરે છે. સાગરના સંગમ સ્થળે પહોંચવાના ત્રણ માર્ગ છે. એક જ્ઞાન વડે, બીજો કર્મ વડે અને ત્રીજો ભક્તિ વડે. એ ત્રણેમાં ભક્તિ-માર્ગ શ્રેષ્ઠ ગણાય છે. નિરાકાર-નિર્ગુણ બ્રહ્મ-ઇશ્વરનું ધ્યાન કરવું એના કરતાં સાકાર-સગુણ બ્રહ્મ-ઇશ્વરની આરાધના કરવાનું અતિ સહેલું છે. સર્વ દ્રવ્ય પદાર્થના મૂળમાં તે એકજ ઇશ્વરનો નિવાસ છે. તેથીજ ઇશ્વરને અખિલ વિશ્વવ્યાપક કહેવામાં આવે છે. ઇશ્વરનું અસ્તિત્વ માનનાર પ્રત્યેક એ વાત કબૂલજ કરશે. બ્હેન ! જે વાત કહેવાની હતી તે ભૂલી ગયો છું ! મ્હોટી ભૂલ થઇ જાય છે. ઓઃ ! છાતીમાં રૂંધણ થાય છે. જરા જુનું ઘી લઇને મસળી આપ તો.”

જ્ઞાનાનંદ શાંત થઇ રહ્યા. કમલિનીની માતા ઉતાવળે જુનું ઘી લાવી પાતના હૃદયપ્રદેશ ઉપર ધીમેથી મસળવા લાગી. તેમની સ્થિતિ શોચનીય જોઇને બધાં ગભરાઈ ઉઠયાં. કેટલીક વાર પછી ઉંડો નિઃશ્વાસ મૂકીને ક્ષીણ સ્વરે જ્ઞાનાનંદે કહ્યુંઃ “બ્હેન ! હવે વધારે સમય નથી. શરીરનો સમસ્ત વાયુ નાભિમાં આવી એકઠો થયો છે. વાત કરતાં બહુ કષ્ટ થાય છે.”

એ સાંભળી બધાંના હૃદયમાં દુઃખ થયું. નેત્રમાંથી આંસુ સરવા લાગ્યાં. જ્ઞાનાનંદે ધીમે ધીમે કહ્યુંઃ “ગભરાશો ના. મૃત્યુનાં દ્વાર રોકવાની કોઇનામાં શક્તિ નથી. મ્હોટા મ્હોટા રાજા મહારાજા ચાલ્યા ગયા, મ્હોટા મ્હોટા ઋષિ, મુની, તપસ્વીઓ ચાલ્યા ગયા, વ્હાલામાં વ્હાલા રાજકુંવરો ચાલ્યા ગયા તો પછી હું કોણ ? આવવું અને જવું એ તો સંસારનો વ્યાપાર પડયો છે. આવીને જીવન પર્યન્ત દુઃખ સુખ ભોગવવું એ જીવોનાજ હાથમાં છે. માતાના ગર્ભમાં બાળક હોય ત્યારથી તેને માતા સંસ્કારી બનાવે, સારા વિચાર, આચાર કરી બાળકને ગર્ભમાંજ સદ્જ્ઞાન આપે, અને જન્મ્યા પછીથી તેને સારું જ્ઞાનદાન દઇ સન્માર્ગે ચ્હડાવે તો તે જીવ જીવન પર્યંત સાત્વિક

સુખ મેળવી મરણાન્તે મોક્ષ પ્રાપ્ત કરે; પછી ત્હેને વારંવાર જન્મ મરણ રહેતું નથી. જન્મ મરણથી છુટવું એનુંજ નામ મોક્ષ અથવા મુક્તિ. બ્હેન! જીવાત્માઓ ધર્મમાં આસક્તિ રાખી જે કર્મો પોતાનાજ સ્વાર્થ માટે કરે છે તેમને જન્મ મરણનું બંધન કદી છુટતું નથી. તે તો વારંવાર અનેક રૂપે જન્મ લઇ સંસારમાં આવ જા કરે છે. જે જીવો લોભ, મોહ અને સ્વાર્થ રાખ્યા વગર કર્મો કરે છે એટલે જીવ માત્રના હિતનાંજ કાર્યો કરે છે તેને કર્મ—બંધન રહેતાં નથી. તે મોક્ષ—મુક્તિ પામે છે. ભગવાન તેને પોતાના રૂપમાં ભેળવી દે છે. બ્હેન! મ્હને બહુ આનંદ થાય છે કે: મ્હેં મ્હારા જીવનમાં પ્રમાણિકપણું અને સત્ય ધારણ કર્યું હતું. મ્હેં કોઇ પણ એવાં કર્મો કર્યા નથી કે જેથી અત્યારે મ્હને પશ્ચાતાપ થતો હોય. દુષ્કર્મ કરનારને મરણ સમયે અનેક પશ્ચાતાપ થાય છે. મ્હને અત્યારે બહુ આનંદ થાય છે. ઓ:"

એટલું કહી જ્ઞાનાનંદ પાછા શાંત થયા. થોડી વારે વ્યાધિગ્રસ્ત નેત્રની તીક્ષ્ણ દ્રષ્ટિ સ્હામુની ભીંત ઉપર પડી, અને કહ્યું: "કમલિની! બ્હેન! પેલી છબી લાવ તો."

કમલિની સત્વર છબી લઇ આવી. જ્ઞાનાનંદે લથડતે સ્વરે પૂછ્યું: "એ કોની છબી છે?"

કમલિનીએ નેત્રનાં આંસુ લૂછતાં કહ્યું: "શંકર પાર્વતિની."

જ્ઞાનાનંદ: "તે શા ઉપર બેઠાં છે!"

કમલિની: "એક બળદ ઉપર."

જ્ઞાનાનંદ ક્ષીણ સ્વરે બોલ્યા: "શંકર એ મહાકાલ, મહામૃત્યુ. બળદ ઉપર સ્વાર થયા છે. તેમના ડાબા પગ ઉપર વિશ્વજનની બિરાજ્યાં છે. સંસ્કૃત પુરાણની રહસ્યમય ભાષામાં ચતુષ્પાદ ધર્મની વ્યાખ્યા બળદ રૂપે કરી છે. પૂર્ણ ચતુષ્પાદ ધર્મ ઉપર મહાકાલ બિરાજ્યા છે, અને તેમના ખોળામાં તેમની શક્તિ અથવા પ્રકૃતિ બેઠાં છે. એ છબીનો અર્થ એવો છે કે: "જીવન એ મરણના ખોળામાં બેઠું છે અર્થાત્ મરણના રાજ્યમાંજ જીવનની અંતર રચના રચાય છે—મરણના ગર્ભમાંજ જીવનનો માર્ગ છે. એ

તત્વ, બળદ્રુપી અટલ સાર્વજનિક સત્ય ઉપર રચાયલું છે. ધાતુ–ગ્રંથનો વિનાશ થાય છે, આત્માની જીવન–શક્તિ ખુટી જાય છે ત્યારે તે મહાકાળના ખોળામાં બિરાજે છે. તે સમયે ગર્ભોત્પત્તિ થાય છે એટલે મરણનો જરા પણ ભય નથી ! શોક નથી ! કોણે કોને માટે શોક કરવો ! જગત્માં અનેક આવ્યાં, અનેક ગયાં. ઓઃ ! ”

કમલિનીએ પિતાજીને માથે હાથ મુકી પૂછ્યું: “પિતાજી ! પિતાજી ! શું થાય છે ?” આ સમયે જ્ઞાનાનંદનાં નેત્ર વિકસિત થઇ ગયાં, મુખ ઉપર એક પ્રકારનું તેજ ચળકી રહ્યું. તેમનાં નેત્રોથી વિજળીની ઝીણી રેખા જેવો પ્રકાશ નિકળી બારીમાં થઇને આકાશ માર્ગ તરફ ચાલ્યો ગયો. ઝીણી રેખા હોવા છતાં દિવાનખાનામાં દિવ્ય પ્રકાશ પડી રહ્યો. સત્યવતી અને તેની માતા રડી ઉઠયાં. કમલિનીએ ગળગળે કણ્ઠે બે હાથ જોડી, આકાશ તરફ જોઇ ગાયું:—

हरे मुरारे मधुकैट भारे,
गोपाल गोविंद मुकुन्द शौरे
यज्ञेश नारायण कृष्ण विष्णो,
निराश्रयं मां जगदीश रक्ष ॥

જીવનપર્યંત જ્ઞાનમાં આનંદ માનનાર, પત્ની અને કન્યાઓને ઉચ્ચ પ્રતિનું જ્ઞાનદાન દેનાર, ગૃહસ્થાશ્રમી મહાત્મા જ્ઞાનાનંદ સંસાર છોડી અમર ધામમાં ચાલ્યા ગયા ! જગત્માં નિષ્કામ કર્મ કરી તે ભગવત ચરણમાં અર્પણ કરનાર જ્ઞાનયોગી પ્રભુના ચરણમાં ચાલ્યા ગયા ! આ સમયે આકાશમાં મંદ વાયુ વ્હેવા લાગ્યો. જ્ઞાનાનંદના મૃતક શરીરમાંથી નન્દનવનના પારિજાત–પુષ્પ જેવી મધુર સૌગંધ પ્રસરી રહી. આકાશમાં સર્વ ઠેકાણે હરિધ્વનિ થઇ રહી. જ્ઞાનાનંદનો પવિત્ર આત્મા વિશ્વાધાર ભગવાનને ભેટવા આકાશ માર્ગ તરફ પ્રયાણ કરી ગયો.

સપ્તમ પરિચ્છેદ.

અત્યાચાર.

જ્ઞાનાનંદનું કુટુંબ અતિ શોકમાં, અતિ ક્લેશમાં, દિવસો નિર્ગમન કરતું હતું. યોગ્ય સમયે ગયાજીમાં તેમનું શ્રાદ્ધ પણ થયું, કારણકે શહેરમાં તેઓ જ્ઞાતિ બહાર હતા. અન્ય પુરોહિતો પણ પેલા જન્મોજન્મના કન્ટ્રાક્ટર શુક્લજીના બંદોબસ્તને લીધે આવી શક્યા નહોતા ! જ્ઞાતિ ભોજન કે અન્ય બ્રાહ્મણ-ભોજન પણ થઈ શકે એમ નહોતું. તેથી શેહેરનાં સર્વ દરિદ્રીઓને ભોજન કરાવી, દરિદ્રીઓના બંધુ જ્ઞાનાનંદના મુક્ત આત્માને સંતોષાનંદ આપવામાં આવ્યો.

ત્યાર પછી ત્રણ માસ વહી ગયા છે. જ્ઞાનાનંદે સન્માર્ગે આચરણ કરી પુષ્કળ દ્રવ્ય એકઠું કર્યું હતું તે બધું એક સુપ્રસિદ્ધ સરાફને ત્યાં વ્યાજે મુક્યું હતું. એ વ્યાજમાંથી તેમની પત્નિ અને કન્યાઓનું સારી પેઠે ઉદર-પોષણ થતું હતું.

એક વાત કહેવાની ભૂલ થઇ છે. કમલિનીએ પોતાના હાથની સોનાની બંગડીઓ ગિરવી મુકી જે દિવસે દરિદ્રીઓને ભોજન કરાવ્યું હતું, તે બંગડીઓ જ્ઞાનાનંદે બીજેજ દિવસે રૂપિયા આપી છોડાવી મંગાવી હતી. તે દિવસે જ્ઞાનાનંદે એ સંબંધી જમના દાસીને મ્હોડે જે અભિપ્રાય આપ્યો હતો તે માત્ર મ્હોડેનોજ હતો ! માત્ર કમલિનીનું હૃદય પોતાનું કાર્ય જાણી શકે એટલા માટેજ તેમણે એવા શબ્દો કહ્યા હતા. કમલિની પાસેના રૂપયા ખર્ચાઇ ગયા પછી પણ એક માસ પર્યંત દરિદ્રીઓની સેવા કરવા તેને જ્ઞાનાનંદે પ્રફુલ્લ ચિત્તે રૂપિયા આપ્યા કર્યા હતા. એ કાર્યમાં લગભગ બે એક હજાર રૂપિયા ખર્ચાયા હતા. ભાદ્ર માસમાં ધાન્ય પુષ્કળ ઉત્પન્ન થતાંજ દુષ્કાળનું દુઃખ મટી ગયું હતું.

કમણું દેશમાંથી દુકાળ અને કૉલેરા નાશ પામ્યો હતો. દેશનાં નર, નારી, બાળક સુખપૂર્વક દિવસો નિર્ગમન કરે છે. એક વખત ભૂખનાં દુઃખથી પિડાતાં મનુષ્યનાં મુખ ઉપર આજે હાસ્યની છટા જણાય છે.

માગશર મહિનાનું છેલ્લું અઠવાડિયું ચાલે છે. હેમન્ત ઋતુનો અવસાનકાળ છે. તે દિવસે અતિશય ટાઢ પડતી હતી. એક પ્રહર રાત્રિ વીતી છે. એ સમયે જ્ઞાનાનંદના બારણા આગળ એક મનુષ્યે આવી કહ્યું: "ઘરમાં કોણ છે ?"

ભોંયતળીયેના એક ઓરડામાં એક મ્હોટી પાટ ઉપર કમલિની, સત્યવતી અને તેની માતા બેઠાં હતાં. સત્યવતી મહાભારત વાંચતી હતી. કમલિની અને તેની માતા સાંભળતાં હતાં.

કમલિનીએ ઉત્તર દીધો: "કોણ છે એ ?"

બારણે ઉભેલા મનુષ્યે કહ્યું: "બારણાં ઉઘાડો. અગત્યનું કામ છે."

કમલિની: "શું કામ છે તે કહો. ઘરમાં કોઈ પુરૂષ નથી."

બહારના મનુષ્યે કહ્યું: "તમારૂંજ કામ છે. પુરૂષની જરૂર નથી. બહુ જરૂર છે. રૂબરૂમાં કહી શકાશે."

કમલિનીએ દાસીને આજ્ઞા કરી. તેણે બારણાં ઉઘાડયાં. બારણું ઉઘડતાંજ બાર જુવાન પુરૂષોએ ઘરમાં પ્રવેશ કર્યો. હાથમાં મજબૂત જાડી લાકડીઓ હતી. સૌથી આગળ જોરાવરસિંહ હતો.

જોરાવરસિંહ પુરભૈયો હતો પણ ગુજરાતમાં આવ્યા પછી બ્રાહ્મણના જેવાં વસ્ત્રો ધારણ કરવાથી તેને કોઇ પુરભૈયા તરીકે ઓળખતા નહિ. તે કૃષ્ણશંકરના ઘરમાં મેનેજર હતો. તે શરીરે હૃષ્ટપુષ્ટ હતો. સારાં, નઠારાં કામમાં તેની પ્રથમ જરૂર પડતી! જ્ઞાનાનંદના કુટુંબને પણ તે ઓળખતો.

મજબૂત દંડા સાથે બાર મનુષ્યોએ ઘર પ્રવેશ કરેલો જોઇ નોકર, દાસીઓને ભય લાગ્યો. તેઓ અનાજની કોઠીઓ પાછળ સંતાઇ ગયા. કમલિનીની માતા વાયુથી કમ્પતી લતિકા પેઠે થર થર કમ્પવા લાગી. સત્યવતીએ હિમ્મત રાખી કહ્યું: "શા માટે અહિં આવ્યા છો? જોરાવર, આ ધાંધલ શું ?"

જોરાવરે એક જુવાનને કંઇ ઇશારત કરી એટલે તેણે સત્યવતીની માતાને પકડી તેને મોઢે રૂમાલ બાંધી દીધો. બીજો સત્યવતીની પાસેજ ઉભો. વખતે તે કાંઇ પણ ગડબડ મચાવે તો તરત તેને પકડી તેનું મુખ બાંધી શકાય. બે માણસો કમલિનીની આસપાસ જઇ ઉભા રહ્યા, કે જેથી ઇશારત થતાંજ તેઓ કમલિનીનું મુખ બંધ કરી શકે.

જોરાવરસિંહે ઉત્તર દીધોઃ " બાંધલ શેનું ? તમારી બ્હેનનું લગ્ન છે."

સત્યવતી આશ્ચર્ય પામી બોલીઃ " મ્હારી બ્હેનનાં લગ્ન ? કોની સાથે ?"

જોરાવરસિંહઃ " શુકલજી કેશવરામ સાથે. "

સત્યવતીઃ " ક્યારે ? "

જોરાવરસિંહઃ " આજે. "

સત્યવતીઃ " એ શું કહો છો ? કોણે નક્કી કર્યાં ? "

જોરાવરસિંહઃ " જ્ઞાતિના આગેવાન કૃષ્ણશંકર પાઠકે. અમે વહુને લેવા આવ્યા છીએ. "

સત્યવતીના સર્વાંગમાં ક્રોધ વ્યાપી રહ્યો. તેણે કહ્યુંઃ " હું બધું સમજી છું, પણ યાદ રાખજો કે આ અંગ્રેજ સરકારનું ન્યાયી રાજ્ય છે. જોર-જુલમ કરનારાઓને માટે ન્યાયની કોર્ટો તૈયાર છે. આ રાજ્યમાં સર્વ શાંતિથી રહી શકે છે. પોતપોતાનો ધર્મ પાળી શકે છે. સ્વાર્થાંધ મનુષ્યો જુલમ કરે છે તેને સખ્ત કેદની શિક્ષા થાય છે. એ તમે જાણો છો ને ? છાનામાના ચાલ્યા જાઓ. "

જોરાવરે સ્મિત હાસ્ય કરી કહ્યુંઃ " બ્હેન ! કૃષ્ણશંકર પાઠક જેવો વગવાળો શહેરમાં બીજો કોણ છે ? ઘણાખરા અમલદારો તેના ઉપકારમાં છે. ન્યાયની કોર્ટો એ તો એમનું મોસાળ છે. મોસાળ જમવાનું અને મા પિરસનાર ! એ બધું તો પહેલેથીજ નક્કી કરી રાખ્યું છે. એમને કોઇ પૂછે તેમ નથી. હઠ કરશો નહિ. કમલિનીને અમારી સાથે વિદાય કરો. અમે ખોટી થઇએ છીએ. "

સત્યવતીઃ "તમને ખબર છે કે રાજાનો પણ એક મહાન રાજા જગદીશ્વર ભગવાન છે. તે કોઇનો પણ પક્ષપાત ન રાખે એવો, અને રાય રંક સર્વેનો એક સરખો ન્યાય કરે એવો છે તેને તમે ઓળખો છો ? અમે અસહાય—"

જોરાવરસિંહઃ “ તે ભગવાનેજ અમને આજ્ઞા કરી છે કે એક ખ્રિસ્તી થઇ જતી, વટલી જતી બ્રાહ્મણ કન્યાનો ધર્મ બચાવવો. આટલી મ્હોટી વય થવા છતાં લગ્ન નહિ થવાથી તે ભગવાનેજ અમને એનું લગ્ન કરવાની બુદ્ધિ આપી છે. માધીયા, લખીયા, શું જૂવો છો ? તમારૂં કામ કરો.”

આવી આજ્ઞા થતાંજ એક જણે પિસ્તોલ અને બીજાએ તરવાર ક્હાડી સત્યવતી અને તેની માતાના સ્હામું ધરી રાખી. માધીયા, લખીયા, અને બીજા ચાર જણે કમલિનીને મ્હોડે લુગડાનો ડૂચો દઇ ખભે ઉપાડી ચાલવા માંડ્યું. કમલિનીને તેમના ખભાપરજ મૂર્છા—ધ્યાન સમાધિ—થઇ ગઈ! સત્યવતી છાતી ફાટ રડવા લાગી. સત્યવતીની માતાને મૂર્છા આવવાથી તે પૃથ્વીપર ધડાક દઇને પડી ગઇ ! કમલિનીને લઇ ગયા પછી અર્ધે કલાકે પિસ્તોલ અને તરવાર વાળો તેને સખ્ત ધમકી આપી ઉતાવળે ચાલ્યા ગયા.

દાસી જમના અનાજની કોઠીઓની વચલી ફાટમાંથી બધું જોતી હતી. જ્યારે પિસ્તોલ અને ચમકતી તરવાર જોઈ ત્યારે તો તે ત્યાં ને ત્યાંજ આંખે હાથ દઈ થર થર કમ્પતી આડી પડી ભોંય ભેગી થઈ ગઇ હતી ! પેલા દંડાધારી માણસો કમલિનીને ઉપાડી લઇ ગયા ત્યાર પછી કેટલીક વારે બહાર નિકળી મ્હોટેથી રડતી કકળતી બારણે ગઇ.

અષ્ટમ પરિચ્છેદ.

હોમાનલ !

કૃષ્ણશંકર પાઠકની ધર્મશાળા પાસેજ હતી. તેમાં ઉપલે માળે આજે ત્રણ ચાર દીપક બળી રહ્યા છે. ચાર પાંચ મનુષ્યો પણ બેઠા છે. કૃષ્ણશંકર પાઠક પણ ત્યાંજ હતા. શુકલજી મહારાજ ત્યાં હોય એમાં તો નવાઇજ શી ? ધર્મશાળાના નિચલા વિભાગમાં ઢોલ, સરણાઇ અને વાજાંવાળા ગુપચુપ બેઠા હતા. વાડીના બારણામાં ત્રીશ ચાળીશ માણસ જાડા દંડા લઇ જાણે મુંગા હોય તેમ ગુપચુપ પહેરો ભરતા હતા.

એકાએક બધા આનંદધ્વનિ કરી ઉઠયા. જે ચાર પાંચ મનુષ્યો મૂર્છિતા કમલિનીને ઉપાડી લાવ્યા હતા તેઓએ તેને માળ ઉપર લઈ જઇ સભાસદોની સ્હામુ પડેલી એક ગાદીપર સુવાડી દીધી. કૃષ્ણશંકર પાઠકની આજ્ઞાથી લગ્નનાં વાજીંત્ર વાગવા લાગ્યાં.

વાજીંત્રની મહાન ગર્જના સાંભળી કમલિનીની મૂર્છા ભંગ થઇ. તેણે નેત્ર ઉઘાડી આસપાસ જોયું ત્યારે તેને પોતાની સ્થિતિનું જ્ઞાન થયું. પાઠકજીની વાડી, સભાસદોની હાજરી, લગ્નની તૈયારી, આ સર્વે જોઇ તેનાં નેત્રમાંથી અશ્રુપાત થવા લાગ્યો. તેનાં શરીરગાત્ર શીતળ થઇ ગયાં! તેણે મનમાંજ પ્રાર્થના કરવા માંડીઃ "હે ભગવાન! રક્ષણ કર. તું સર્વનો જન્મ દાતા, પિતા અને રક્ષણ કર્ત્તા છે. તું ભીડભંજન, દીનબંધુ છે. તું લજ્જા આબરૂ નહિ રાખે તો કોણ રાખશે પ્રભુ?"

શુકલજીના મિત્રમંડળમાંથી જોશીએ કહ્યું: "કન્યાને જ્ઞાન થયું છે. ઉતાવળ કરો. પધરાવો, પધરાવો ઝટ. લગ્નઘડી વહી જાય છે. ગોર મહારાજ! તમે મંત્ર ભણો. વાજાવાળાઓ! તમે વગાડવા મંડો. શુકલજી! તમે વરને પાટલે બેસો. ભટ! તમે કન્યાના પિતા થઇ કન્યાદાન દો. ચાલો—ચા—લો!"

એક બળવાન પુરૂષે કમલિનીને ઉંચકી શુકલજીની પાસેના પાટલા પર ડાબી બાજુએ બેસાડી દીધી. ગોર મહારાજ મંત્રોચ્ચાર કરવા લાગ્યા. શુકલજી ક્યારના કમલિનીના સુંદર મુખ તરફ જોઇ ઝટ આડું જોઇ લેતા હતા કે રખે તેમને કોઈ જોઇ લે! તે તો એક ધર્મનું કામ કરવા તૈયાર થયા હતા તેમાં રખે કોઇ તેમના પર "સુંદરતાના દાસ" થવાનું કલંક રોપે! તેમના મનમાં હમણાં સ્વર્ગ સુખનો આભાસ થઇ રહ્યો હતો! કમલિની નેત્રમાં અશ્રુ સહિત જગદીશ્વરને પ્રાર્થના કરી રહી હતી.

એ સમયે જ્ઞાનાનંદનો એક પ્રૌઢ વયના પાડોશી રામપ્રસાદ ત્યાં આવી પહોંચ્યા. શેહેરમાં તે ઠાવકામાં ગણાતા હતા. તેમની કંઇક આબરૂ પણ હતી.

રામપ્રસાદે, કૃષ્ણશંકરની પાસે જઇ નમ્ર સ્વરે કહ્યું: "પાઠકજી! આ શું કરો છો? તમે તો મ્હોટા જમીનદાર, સરદાર છો. શેહેરમાં અનેકના

માતાપિતા જેવા છો. જ્ઞાતિમાં આગેવાન છો. તમારા વડિલોએ ધર્મદાન કરી કેટલી પ્રશંસા મેળવી છે? તમે આવા અત્યાચાર કરી આબરૂ પર પાણી ફેરવવા બેઠા છો! તમેજ જ્યારે આવું કામ કરશો તો પછી જગતમાં રહેશે શું? તમે રક્ષક થઇ ભક્ષકનું કામ કરો છો એ સારૂં નથી!"

કૃષ્ણશંકરે ભ્રમરો ચઢાવી, ક્રોધે ભરાઇ કહ્યું: "પાંડે ભૈયા? તમે કેવા ગદ્ધા છો? મ્હારી આજ્ઞાનું અપમાન? એક વખત કહ્યું છે કે મ્હારી રજા વિના કોઇને પણ અહિં આવવા દેવો નહિ! આ શું?"

ભૈયાએ હાથમાંની તમાકુની ચપટી ઉતાવળે હોઠમાં મુકી દઇ, બે હાથ જોડી, થરથરતે સ્વરે કહ્યું: "કા કહેં સાહબ, એ લોક બોલા કી હમ લગનકી સામુગરી લે કે જાત હૈં!" એમ કહી રામપ્રસાદ સ્હામું ડોળા ઘુરકાવવા લાગ્યો.

જોશીએ આંખો તતડાવી કહ્યું: "લોકો કેવા જુઠ્ઠા થઇ ગયા છે! જૂઠું બોલતાં કંઇ શરમ પણ આવે છે? જાઓ જાઓ મ્હારા ભઇ! તમારે કંઇ કામ ધંધો છે કે નહિ? તમારે પારકી પંચાત શી? ગોર મહારાજ! ઉતાવળે મંત્ર ભણો. શુકલજી, તમે બધું જાણો તો છો. ઉતાવળ કરોની ભલા માણુસ! ટાઢા પત્થર જેવા તો!"

રામપ્રસાદે વિનિત ભાવેજ કહ્યું: "પાઠકજી, અબળાની ભ્હારે ચ્હડો. એના પર દયા લાવો. તમે બ્રાહ્મણ છો. બ્રાહ્મણ કન્યાના ધર્મનું રક્ષણ કરો. એની માતા અને ભગિનીના રડવા કકળવાથી કઠણ પત્થરો પણ પિગળી જાય છે! તમે તો મનુષ્ય છો, મનુષ્ય થઇને મનુષ્ય ઉપર આટલો બધો અત્યાચાર શા માટે કરો છો?"

પાઠકજીએ ભયંકર સ્વર ગર્જના કરીને ઉત્તર દીધો: "રામપ્રસાદ! એમાં તમે શું સમજો? આમાં અત્યાચાર શો છે? હું હિંદુ છું. હિંદુ ધર્મનું રક્ષણ કરૂં છું. આટલી મ્હોટી બૈરીને પરણાવ્યા વગર રાખવી એ હિંદુ ધર્મથી વિરૂદ્ધજ કહેવાય."

રામપ્રસાદ: "પણ તેમાં તમારે શું? તમે તો તેમને ન્યાત બહાર મુક્યાં છે. એ હિંદુ રહે કે પછી વટલી જાય. એ જોવાનો તમને અધિકાર નથી. તેનાં માતા ભગિની બધું જોયા કરશે."

આટલી વાર સુધી શુકલજી મહારાજ આચમનનો મંત્ર ભણુતા હતા અને લોકોને બતાવવાને માટે કન્યા સાથે હસ્તમેળાપ થવા પહેલાંજ હોમમાં ઘી હોમી અગ્નિ સળગાવી દીધો હતો. ચૉરીમાં ઘી પડવાથી અગ્નિ ભડભડાટ બળી વાડીની છતને આલિંગન કરવા જતો હતો. કમલિનીનો કમ્પાયમાન થતો ચૈતન્યહીન હાથ, શુકલજીના પત્થર જેવા કઠિન હાથ ઉપર મુકાયો હતો. એક જાડી લઠ્ઠ જેવી સ્ત્રીએ કમલિનીને પાછળથી સખ્ત રીતે પકડી રાખી હતી. કમલિનીનાં નેત્રમાંથી પડતી અશ્રુધારાને વિરામ નહતો.

કૃષ્ણુશંકરે ગુસ્સે થઇ રામપ્રસાદ દેસાઇને કહ્યું: "તમને કોણે ડહાપણુ કરવા બોલાવ્યા છે? દેસાઇ! તમે કોની સાથે વાત કરો છો તેની તમને ખબર છે કે?"

રામપ્રસાદ: "મ્હને કોઇએ આમંત્રણુ કર્યું નથી. હું મ્હારી મેળેજ આવ્યો છું. કોની સાથે વાત કરૂં છું તે પણુ હું જાણું છું. તમે એક અત્યાચારી, અસુર–બળ–ધારક સરદાર, જમીનદાર અને બ્રાહ્મણુ જ્ઞાતિના આગેવાન સાથે! યાદ રાખજો પાઠકજી! આ બળાત્કારનું ફળ અવસ્ય ભોગવવું પડશે. ભગવાનના રાજ્યમાં કોઈ પણુ કર્મ નિષ્ફળ જતું નથી. શરીરધારી રાજાઓને ત્યાં રાય રંકનો ન્યાય એક સરખો થતો નથી, તેમને શ્રીમંતોની શરમ પડે છે, તેઓ સાચાનું જૂઠું ને જૂઠાનું સાચુ કરે છે પણુ યાદ રાખજો કે તે પરમાત્માને ત્યાં સાચો ન્યાય છે. કર્મનું ફળ ભોગવ્યા સિવાય તમારો છુટકો નથી!"

સત્યાનાશની પાટી! કૃષ્ણુશંકર પાઠક સ્હામું આવા શબ્દો! ક્રોધને લીધે કૃષ્ણુશંકરનું શરીર થરથર કમ્પવા લાગ્યું. એકદમ ઉભા થઇ જઈ આજ્ઞા કરી! "ભૈયા! આ બેવકુફને ધક્કા મારી એકદમ બહાર કાઢી મૂકો."

ભૈયાજીએ દોડતા આવી રામપ્રસાદ દેસાઇનું ગળું પકડી ધક્કા મારતો મારતો નીચે લઈ ગયો, અને વાડી બ્હાર ક્હાડી મૂક્યો. બહાર કાઢયા પછી ભૈયાએ આંખો કહાડી પવનમાં લાકડી ઘુમાવી કહ્યું: "સુસુરકા લડકા! હમકોં ગાલી દેવાયા! ક્યા તૌર બહિનકા લગન હોતા રહા ઇયા તેરી માંકા! સુસુર, કા મરને કોં આયા?"

જોતજોતામાં વાડી બહાર ઘણાં મનુષ્યોનું ટોળું ભેગું મળ્યું અને તેમની બુમોના અવાજ સંભળાવા લાગ્યા. વાડીના બારણા આગળ ઉભેલા દંડાધારી મનુષ્યો સાથે અન્ય મનુષ્યોને યુદ્ધ થતું હોય તેમ લાકડીએ લાકડીઓ અથડાવાના અવાજ સંભળાયા! સેંકડો મનુષ્યોએ બળપૂર્વક વાડીમાં પ્રવેશ કરવા યત્ન કર્યો. ચોબાજી, પાંડેજી, વગેરે ભૈયાઓ; જમાલખાં, કમાલખાં, વગેરે ખાંસાહેબો; માધીયા, લખીયા, વિઠલા, બાપુડા, જેવા અન્ય મનુષ્યો લાકડીઓ ચલાવવા મંડયા હતા. સ્હામું આવેલાં મનુષ્યોના હાથ ખાલી નહોતા. તેમના હાથમાં પણ મ્હોટી મ્હોટી મજબૂત લાકડીઓ હતી. તેમણે પણ તેનો ઉપયોગ કર્યો. બન્ને ટોળી વચ્ચે ભયંકર યુદ્ધ જામ્યું.

નવમ પરિચ્છેદ.

ભયંકર યુદ્ધ.

બહુશંકર અત્યાર સુધી મદમસ્તજ હતો. અભિમાનના પૂતળાને કાને બહારનો કોલાહલ સંભળાયોજ ન હોય તેમ તેની દરકારજ કરી નહોતી. અંતે બહારનો કોલાહલ જ્યારે વાડીના દરવાજામાં આવી પહોંચ્યો અને બન્ને પક્ષ વચ્ચે લાકડીનું યુદ્ધ જામ્યું ત્યારેજ તેની આંખ ઉઘડી. ફડાફડ લાકડીના ફટકા પડતા હતા. ધડાધડ લાત મુક્કીના ધમાકા થતા હતા. તડાતડ તમાચાના અવાજ સંભળાતા હતા. કોઈ “ઓ બાપરે! મર ગયારે!” એમ બોલતા સંભળાતા હતા. તે પરથી જાણે પોતાનાજ પક્ષની હાર થતી હોય અને છેક દરવાજામાં બહારનાં મનુષ્યો ભરાઇ ગયાં હોય એવું અનુમાન થતું હતું!

આવી સ્થિતિ જોઇ પાઠકજીના ટાંટીયા થરથરવા લાગ્યા, અને ગભરાવા લાગ્યા. જોશી, ભટ, ગોર વગેરે લગ્ન કમીટીના મેમ્બરોનાં શરીર પણ કમ્પવા લાગ્યાં. શુકલજીએ ભયચકિત થઈ ગયા. જાણે ખોળીયામાં પ્રાણ જ ન હોય તેમ સજ્જડ થઇ ગયા! થોડી ક્ષણ ભોગવેલું સ્વર્ગ સ્થાન જાણે

નર્ક સ્થાન હોય તેમ તેમને જણાવા લાગ્યું. તેમનો હર્ષ ઉડી ગયો. મુખ ઉપર વિષાદની કાળી છાયા પથરાઈ ગઇ. એક શબ્દ પણ બોલવાની હિમ્મત રહી નહિ.

જોશીએ કહ્યું: "વાત વધી પડેલી જણાય છે. ગોર! ઝટ કરોને હવે! જોયા તમારા મંતર બંતર! લાવોને પાર હવે!"

ગોરે આજે ખુબ ભાંગ પીધી હતી. તેમણે કેફની ધુનમાંજ કહ્યું: "લગ્ન કરાવવાં છે કે નાતરૂં? આ તે બ્રાહ્મણનાં લગ્ન છે કે શૂદ્રનાં? ઉતાવળ તો થાય તેટલી કરૂં છું, એ તે કાંઇ લાડુ ખાવાનું કામ છે?"

આમ ટાકાટચ ચાલતી હતી એટલામાં નીચે યુદ્ધની માત્રા વધી પડી. બહાર ઉશ્કેરાઈ આવેલાં, ક્રોધે ભરાયલાં મનુષ્યોએ, વાડીના દ્વારમાં ઉભેલા ભૈયા, ખાં સાહેબ વગેરેનો સંપૂર્ણ પરાજય કરી વાડીમાં પ્રવેશ કર્યો. કોઇનું માથું ફુટયું! કોઇની કમ્મર ભાંગી ગઇ! કોઇના દાંત પડી ગયા, કોઇની આંખ કાણી થઇ! કોઇ બહાર ન્હાસી ગયા. કોઈ વાડીને ખુણે જઇ ભરાયા. કોઇ વાડીમાં ખોદેલા ચુલામાં સંતાઇ ગયા! અને કોઇ તો ઉશ્કેરાયલા લોકોની તરફેણમાં થઇ જઇ ઉલટા તેમની તરફથી કમલિનીની દયા લાવી પાઠકજી, પંડયા, જોશી વગેરેને ગાળો દેવા લાગ્યા અને લાકડી લઇ મારવા ધાયા!

બહારનાં મનુષ્યો વાડીને માળે ચઢી ગયાં. કૃષ્ણશંકર ભયથી કમ્પતા કમ્પતા સહજ હિમ્મત રાખી બોલ્યા: "તમારામાંના ઘણાને મ્હેં ઓળખ્યા છે. તમે બધાએ મ્હારા રોટલા ખાધા છે. હું શરાફ છું. મ્હારા મકાનમાં તમે બળપૂર્વક પ્રવેશ કર્યો શા માટે? કાલે સ્હવારે મ્હારૂં કામ પડશે. હું તમને બધાને જોઇ લઇશ."

સેંકડો કણ્ઠમાંથી ઉશ્કેરણી ભર્યો અવાજ નિકળ્યો: "તું શરાફ નથી પણ પિશાચ છે? તું જમીનદાર નથી પણ રાક્ષસ છે. તું બ્રાહ્મણ નથી પણ ઢેડ છે. બતાવ, કમલિની ક્યાં છે? બતાવ, ઝટ. નહિ તો ત્હારા પ્રાણ જશે. કૉલેરામાં એ દેવીએ અમારે ઘેર આવી સેવા ચાકરી બજાવી છે. દુકાળમાં એણે હજારો મનુષ્યને અન્નદાન દીધું છે. એ દેવી છે. એ અમારી

માતા તુલ્ય છે. એનું અપમાન ! એને ત્રાસ ! એને દુઃખ ! ધિક્કાર છે તમારા બ્રાહ્મણપણાને ! જેના હૃદયમાં દયા નથી, સત્ય નથી, ન્યાય નથી, ધર્મ નથી, વિશ્વપ્રેમ નથી, તેને બ્રાહ્મણ કોણ કહે ! તે ઢેડથી પણ ભૂંડાજ કહેવાય ! બતાવ, અમારી દેવી માતાને બતાવ ! ક્યાં છે તે માતા ? મારો ! મારો ! એ પાપીઓને મારો ! બસ મારો !"

પાળ ભાંગ્યા પછી જેમ પ્રબળ જળ પ્રવાહ વહે તેમ અનેક મનુષ્યો હાહાકાર કરતાં લગ્ન મંડપ આગળ પહોંચ્યાં. કૃષ્ણશંકરના પ્રાણ ઉડી ગયા હતા. તેણે એક ઓરડામાં પેશી જઇ બારણાં બંધ કરી દીધાં. વાડીએ અત્યારે કુરૂક્ષેત્રની રણભૂમિનું ભયંકર સ્વરૂપ ધારણ કર્યું હતું ! જાણે પાંડવ કૌરવ વચ્ચે યુદ્ધ જામ્યું હોય અને તેમાં કૌરવોનો પરાજય થઇ પાંડવો દ્રૌપદીનો ઉદ્ધાર કરતા હોય તેમ જણાતું હતું ! અત્યારે તો દ્રૌપદીની વ્હારે શ્રીકૃષ્ણ ભગવાન ધાયા હોય તેમ પરગજુ રામપ્રસાદ દેસાઇએ નિઃસ્વાર્થે શ્રીકૃષ્ણનું કાર્ય સાર્યું હતું.

સર્વ મનુષ્યોમાંથી એક મનુષ્યે તીરવેગે જઇ મૂર્છિત, ધ્યાનાવસ્થ, કમલિનીનો હાથ ઝાલી તેને ધીમેથી ઉભી કરી. થોડી વારે તેને ચૈતન્ય આવ્યું ત્યારેજ ત્હેણે જાણ્યું કેઃ "શ્રીકૃષ્ણ ભગવાન વ્હારે આવ્યા ખરા !" વાડી બહાર ગાડી ઉભી રાખી હતી તેમાં કમલિનીને બેસાડી તેને ઘેર લઈ ગયા. અન્ય મનુષ્યોએ લાકડીના ફટકા મારી લગ્નમંડપ ભાંગી નાંખ્યો, અને લગ્નનો સામાન વિખેરી નાંખ્યો ! એક જણે શુકલજીની કમ્મરમાં બે સપાટા ખેંચી કહાડ્યા અને કહ્યુંઃ "તુંજ અમારી માતાનો વર થયો'તો કે ? ત્હારૂં ડાચુંજ કહે છે !" એ સાંભળી બીજા એક જણે શુકલજીના પગમાં અને એક ત્રીજાએ તેમના બરડાપર બે બે સપાટા ખેંચી કહાડ્યા ! શુકલજી પૃથ્વીપર ઉંધા પડી રડતા રડતા મરણ પામેલાં માતા પિતાને ઘણે દિવસે યાદ કરવા લાગ્યાં ! અરે ! બૈરી પરણવાની લાલચમાં ચૈતન્યહીન થઈ ગયા ! બે જણે જોશીની અને એક જણે ભટની ખબર લીધી ! તેમની કમ્મર પણ બેવડી વળી ગઈ હતી. ગોર મહારાજે તો પ્રથમથીજ એક ભીંત સાથે દબાઇ બે હાથ જોડી બ્રાહ્મણ કળા લડાવી હતી. તેમણે

તો બધાંને ઉપર ચ્હડી આવતાં જોઇનેજ આંખોનાં ભવાં ચડાવી, શુકલજી, જોશી વગેરેને ઠપકો દેવાનું શરૂ કર્યું હતું ! અને આવેલા મનુષ્યોને પણ કહ્યું: "રાજાધિરાજ ! હું તો ઘણોએ નારાજ હતો પણ આ બધાંની બ્હીકે ન છુટકે આવવું પડયું !" સ્હામા પક્ષનાં મનુષ્યોએ તેમના નમ્રતા ભરેલા શબ્દો સાચા માની તેમને જવા દીધા. ગોર બ્હીતા બ્હીતા, પાછળ જોતા જોતા, ધીમેથી દાદરો ઉતરી જીવ લઈ ઘેર ચાલ્યા ગયા ! ઘેર જઈ ભયભીત મુખે ગોરાણીને એકજ વાક્યમાં સ્હમજાવ્યું: "ત્હારા ચુડા ચાંલ્લાને લીધેજ આજે તો જીવતો આવ્યો. ચુપચુપ સુઈ જા. સુઈ જા !"

કેટલાક જુવાનીઆઓ કૃષ્ણશંકરને કેદ પકડવા અને જોશી, ભટ, શુકલ વગેરે કુલાંગારોને પકડી તેમને સખ્ત માર મારવા અને પોલીસના હાથમાં સોંપવા તૈયાર થઈ ગયા હતા પરંતુ પાછળ ઉભેલા કોઇ પ્રૌઢ વયના પુરૂષે તેમને અટકાવી કહ્યું: "પાપીઓને તેમના કર્મનું ફળ મળી ગયું છે. હવે બસ થયું. આટલેથી સમજશે તોજ બહુ છે. ધારેલું કામ થયું છે. પાછા ફરો."

એ પ્રૌઢ વયના પુરૂપ તે રામપ્રસાદ દેસાઇજ હતા. દેસાઇનું કથન સાંભળતાંજ સર્વ મનુષ્યો પાછાં ફર્યાં.

કમલિનીને બળાત્કારે ઉંચકી ગયાની વાત, તેની દાસી જમનાએ ખડકીને એક ખુણે રહેતા જ્ઞાનાનંદના પરમ સ્નેહિ મિત્ર, રામપ્રસાદ દેસાઇને કહી સંભળાવી. તરતજ તેઓ ઘરબહાર નિકળ્યા. તેમણે જોયું કે જ્ઞાનાનંદની પત્નિ અને સત્યવતી છાતીફાટ રડે છે, ત્યારે તેમના હૃદયમાં વિશેષ લાગણી થઇ. તે જાણતા હતા કે શહેરના ઘણા ગૃહસ્થો અને સાધારણ સ્થિતિનાં મનુષ્યો કમલિનીને સાક્ષાત્ દેવીસ્વરૂપ માનતા હતા. શેહેરની ધર્મશાળાઓમાં પડી રહેતા, બાવા, સાધુ, અને ગરિબ મનુષ્યો ઉપર પણ કમલિનીનો ઉપકાર થતો હોવાથી તે પણ તેમને સારી પેઠે ઓળખતાં અને માન આપતાં હતાં. રામપ્રસાદે ઘરમાંથી બહાર નિકળી ધોરી રસ્તા ઉપર આવી કમલિનીને બળાત્કારે ઉપાડી જવાની વાત ફેલાવી. આ સમાચાર તીર વેગે શેહેરમાં પ્રસરી ગયા. એક અબળા ઉપર જુલ્મ થતો સાંભળી

શેહેરના કેટલાક જુવાનીઆ અને કેટલાક ગૃહસ્થો ઉપરાંત ધર્મશાળામાંથી સાધુ સન્યાસીઓ લાકડી લઇ કમલિનીનો ઉદ્ધાર કરવા માટે ધાઇ આવ્યા. સમસ્ત શહેરમાં હાહાકાર થઈ રહ્યો. બાળકથી વૃદ્ધ પર્યંત સર્વના મુખ-માંથી શોકોદ્‌ગાર નિકળવા લાગ્યા. જ્ઞાનાનંદની પત્ની તથા સત્યવતીની આસપાસ લોકોનું એક મ્હોટું ટોળું ભરાઇ ગયું, અને તેમને ઉપરા છાપરી સવાલો પૂછવા લાગ્યા. કમલિનીનું નામ સાંભળી તેના હજારો ભક્તો ઉશ્કે-રાઇ ગયા હતા. રામપ્રસાદે પ્રથમ સદ્‌ભાવ બતાવી પાઠકજીને સમજાવવાનો યત્ન કર્યો પરંતુ માન્યું નહિ. ત્યારે આગેવાન થઇ તેમની વાડી પર તેમણે હુમલો કર્યો. એ લશ્કરમાં વિદ્વાન અને મૂર્ખ, જ્ઞાની અને અજ્ઞાની, સર્વ હતા. તેમાં મૂર્ખ મનુષ્યો બહુ ઉશ્કેરાઇ ગયાં હતાં. તેમને મુખેથી એકજ વાક્ય સંભળાતું હતું. "શું અમારી દેવીનું અપમાન!" "શું અમારી માતાનું અપમાન?"

એ મહા યુદ્ધમાં કૃષ્ણશંકરને એક બે સપાટા પડયા હતા પણ આબરૂ જવાની બ્હીકે તેમણે કોઇને વાત કરી નહિ. તેમના ભૈયા જોરાવરસિંહને તથા શુક્લજીને સખ્ત માર પડયો હતો. તે બન્નેને હોસ્પીટલમાં મોકલવામાં આવ્યા. બીજાઓને સખ્ત માર પડેલો હતો પણ તેઓ તો સવેળા ધરભેગા થઈ ગયા હતા. પોલીસમાં પકડાઇ જવાની ધાસ્તીને લીધે તેમજ લોકોમાં તિરસ્કાર પામવાની બ્હીકે તેમણે એ યુદ્ધના લીસ્ટમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું હતું! તેઓ તો બીજે દિવસે ઉલટા પાઠકજી અને શુક્લજીને ગાળો દેતા જણાતા હતા!

દશમ પરિચ્છેદ.

પ્રેમ-વિલાસ.

પ્રભાતમાં રવિનાં રક્તકિરણો પૃથ્વી ઉપરથી લોપ થવાની તૈયારીમાં હતાં અને તેની જગ્યાએ, રૂપેરી, તેજસ્વી પ્રકાશ પ્રસરવા માંડયો હતો. પૃથ્વીના જીવોના શરીરમાં નવું ચૈતન્ય પ્રકટયું હતું. સૌ પોતપોતાને કામે વળગ્યા હતા. શહેરમાં જ્યાં ત્યાં મનુષ્યોનાં ટોળાં એકજ વાત કરતાં સંભળાતાં હતાં. પોલિસ સબઈન્સ્પેક્ટર, ઇન્સ્પેક્ટર, પોલિસના ગોરા સાહેબ, અને ઘણા કોન્સ્ટેબલો, રાતના ચોકીવાળા, અને નાયકો એકઠા મળ્યા હતા.

કૃષ્ણશંકર પાઠકે રાત્રેજ પોતાનું રક્ષણ કરવા માટે પોલિસમાં કહાવી પ્રાર્થના કરી ચૂક્યા હતા; એટલુંજ નહિ પણ ઘણાં મનુષ્યો અસ્ત્રશસ્ત્ર લઇને વગર રજાએ તેમની વાડીમાં પેઠા અને તેમના કેટલાક નોકરોને ઘાયલ કરી, એકનું ખુન કરી, તેમનો માલ ચોરી જઇ લુંટ કરી ગયા તે માટે રાતેજ ફોજદાર પાસે ફરીઆદ નોંધાવી દીધી હતી! પોલિસનાં કેટલાંક મનુષ્યો રાત્રેજ વાડીમાં આવ્યાં હતાં અને અન્ય અમલદારો પ્રભાત પહેલાં ત્યાં આવી હાજર થયા હતા, અને તપાસ શરૂ કરી દીધી હતી.

કૃષ્ણશંકર પાઠક અને ભૈયો, જોરાવરસિંહ, માધીયો, લખીયો, વગેરે જેઓ ઉઠવાને શક્તિવાન થયા હતા તેઓ તપાસને સ્થળે આવ્યા હતા અને બે નેત્રવડે જેને જુવે છે તેને અપરાધી તરીકે ઓળખાવે છે! પોલિસ પણ અપરાધીઓને તરતજ હાથકડી પહેરાવી દે છે! આ પ્રમાણે ૧૦૦-૧૫૦ મનુષ્યો કેદી થયા-પછી કૃષ્ણશંકરની ઇચ્છા પ્રમાણે પોલિસ સાહેબે જાણ્યું કેઃ હજી ઘણાં મનુષ્યો બાકી રહ્યાં છે ત્યારે તેઓ ક્રોધે ભરાયા અને તેમના

સ્હામું આડી નજરે જોઈ કહ્યું: "એટલા બધા કેદીઓ માટે કેદખાનામાં જગ્યા ક્યાં છે?"

કૃષ્ણુશંકરે થોડો નિઃશ્વાસ નાંખી દુઃખિત સ્વરે કહ્યું: "ત્યારે શું થશે હવે?"

પોલિસ સાહેબ: "ખાસ જેટલા ગુન્હેગારો હોય તેનેજ ઓળખો. તેને અમે પકડી લઈ જઇશું. નિર્દોષ માણસોને પકડાવવાથી શું પરિણામ આવશે તે જાણો છો? જે આવે છે તેને ગુન્હેગાર તરીકે ઓળખાવો છો.! એમ થવાથી તો કોઇ સ્હામા પક્ષ માટે સાક્ષી પુરવા પણ કોઇ આવી શકે નહિ. ખરા ગુન્હેગાર છટકી જવા ના જોઇએ એજ અમારૂં કર્તવ્ય. અન્ય ગુન્હેગારોને કેસ ચાલતાં પણ પકડી શકાશે."

સાહેબની કરડી આંખો જોઇ કૃષ્ણુશંકર પાઠકનું હૃદય થરથર કમ્પવા લાગ્યું. મ્હોડું જરા ફિકું પડી ગયું તેમ છતાં તેનું મન કહેવા લાગ્યું: કે "બચ્ચા! કેમ બ્હીયે છે? એ શું ઇશ્વર છે? ગજવામાં પૈસા કયાં ઓછા છે? પૈસા શું કરી શકતા નથી? પૈસાએ તો ઋષિ મુનિયો અને ઇન્દ્ર ચન્દ્રને ચળાયમાન કર્યાં છે! હિમ્મત રાખ."

મનની શિખામણ અને હિમ્મતથી પાઠકજીએ એક ખોંખારો ખાઇ, જરા તાજા થઇ કહ્યું: "હા સાહેબ, હું પણ તેવુંજ જોવા માગું છું. નિર્દોષને શિક્ષા થાય એ અમારો બ્રાહ્મણનો ધર્મ નથી. આપ કહો છો તેને હું મળતો થાઉં છું. મુખ્ય અપરાધીઓનેજ હમણાં લઈ ચાલો. બાકીનાને પછીથી જોઈ લેવાશે."

એમ કહી તેમણે માત્ર ૪૦-૫૦ મનુષ્યોનેજ પકડાવ્યાં. બાકીનાને હાથે બાંધેલાં દોરડાં અને હાથકડીઓ કઢાવી નાંખી. બિચારા જોવા આવેલા સેંકડો નિર્દોષ મનુષ્યો બંધન છુટતાંજ ઉંડો નિઃશ્વાસ નાંખી નામ, ઠામ નોંધાવી ઘેર પલાયન કરી ગયા! ૪૦-૫૦ મનુષ્યોમાં રામપ્રસાદ દેસાઈ પણ કેદી થઇ પોલિસ સાથે ગયા હતા.

આ બધા કામકાજથી પરવારી પોલિસ ચાલી ગઈ તે વખતે ઘડીઆળમાં દશ ટકોરા ઠોકાયા હતા.

કમલિની તેજ રાત્રે ઘેર પહોંચી ગઇ હતી. ત્યાં તે સ્વસ્થ-ચિત્ત નહોતી. કૃષ્ણશંકરનો સ્વભાવ તે જાણતી હતી. સ્હામા પક્ષ તરફની વાત સાંભળવા એક કાને થઇ રહી હતી. નિરાપરાધી મનુષ્યોને પોલિસ કોઇ રીતે સતાવે છે કે નહિ તે સમાચાર સાંભળવાને સ્તબ્ધ ચિત્તે વાટ જોયા કરતી હતી. પ્રબળ પ્રતાપશાળી પોલિસનાં મનુષ્યો કદાચ નિર્દોષ મનુષ્યો પર અત્યાચાર કરે તો શો ઉપાય કરવો, એજ તેના ક્ષુદ્ર હૃદયમાં વારંવાર પ્રશ્ન ઉત્પન્ન થતો હતો, પરંતુ તેથી તે જરા પણ ચલાયમાન થઇ નહિ. તે વિચારતી હતી કેઃ "હું ક્ષુદ્ર છું. હું શું કરીશ? જે મહાન છે, જે સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરે છે, જે પ્રાણી માત્રમાં રમી રહ્યો છે તેજ સર્વ કરશે. તેનેજ સર્વ ચિંતા છે." થોડી વાર પછી સમાચાર મળ્યા કેઃ "પોલિસે કશો અત્યાચાર કર્યો નથી. માત્ર કૃષ્ણશંકરે જેને ગુન્હેગાર તરીકે ઓળખાવ્યા છે તેમાંથીજ કેટલાકને કેદ પકડ્યા છેઃ પોલિસે પોતાનું કર્તવ્ય કર્યું છે."

કમલિની મનમાંજ વિચાર કરવા લાગીઃ "શા માટે આમ થયું? હું ક્ષુદ્ર, તુચ્છ રમણી. મ્હારે લીધે એક મનુષ્ય મરણ પામ્યું! ઘણાં મનુષ્યોને ઘા વાગ્યા! ઘણાં મનુષ્યો કેદમાં ગયાં! શું એ મ્હારો દોષ? પરંતુ હું કોણ? એમાં મ્હારૂં શું છે? જે ભગવાન મ્હને કાષ્ટની પુતળી પેઠે નચાવી રહ્યા છે, તેનીજ આ બધી લીલા છે! વારૂં, ત્યારે શું એ કામમાં મ્હારે કશી જવાબદારી નહિ? જો જવાબદારી ના હોય તો અદૃષ્ટ સંચય ક્યાંથી થાય છે? જે કર્મ તેજ પુરૂષાર્થ. પુરૂષાર્થરૂપી દુધ જાડું થવાથી અદૃષ્ટરૂપી ક્ષીર જન્મે છે. ત્યારે હવે?" એ હવેનું નિરાકરણ થયું નહિ. અનેક ચિંતા અને વિચારો કર્યા પછી નિશ્ચય થયો કેઃ "જો એક વખત શિવપ્રસાદને મળી શકાય તો એ બધાનો નિવેડો આવી જાય. તેઓ હમણાં ક્યાં હશે? તેઓ અહિં આવે કેમ? તેને ને અમારે સંબંધ શો? પિતાજી જીવતા હતા ત્યારે આવવાનું કહેતા હતા. હવે કોને માટે આવે?"

ત્યાર પછી કમલિનીના અંતઃકરણમાં શુકલજીનાં સન્તાનોનો વિચાર

થયો ! ન્હાના બાળકની ચિન્તામાં તેના નેત્રમાંથી આંસુની ધારા પડવા લાગી. તેના મનમાં વિચાર થયો કે: " માતૃહીન ન્હાનું બાળક અને અન્ય સન્તાનો પિતા પાસે ઉછરતાં હતાં. મ્હારા જેવી અભાગિનીને લીધે તેમનું તે સુખ પણ કદાચ નષ્ટ થશે ! શુકલજીનું મરણ થાય તો તેમની શી વ્હલે ? કોણ તેમના ક્ષુધા તૃષાતુર મુખ તરફ જોશે ? તેઓ કોની સ્નેહ મમતા ભરેલી મિઠડી દ્રષ્ટિ તળે ઉછરશે ? "

થોડી વાર વિચારો કર્યા પછી તેના મનમાં એવું થયું કે: " હું એને ઘેર જઇને તેમનાં નયન અશ્રુ લુછી આવું તો કેમ ? " વળી વિચાર થયો કે: " ત્યાં જાઉં તો સત્યવતી મ્હારી ધૂળ કહાડી નાંખે ! પ્રથમજ તેણે મ્હને સૂચના આપી હતી. તે તરફ ધ્યાન નહિ આપવાથીજ આટલું તોફાન થઇ ગયું ! તેણે કહ્યું હતું કે: ત્હારૂં આવું મનોહર રૂપ લઇને રસ્તામાં ફરવાથી નક્કી તોફાન થશે ! થયું પણ તેમજ. પરંતુ સ્રીનું રૂપ જોઇને મનુષ્ય ઉન્મત શા માટે થતો હશે ? એક નિશ્વાસ નાંખી પાછો ખેંચતાં જેટલો સમય લાગે છે તેટલો સમય રૂપ બગડી જતાં લાગતો નથી ! રૂપ ક્યાં છે ? રૂપ તો સર્વ જગતમાં પ્રસરેલું જ છે. પછી મનુષ્યો કાચ જોતાંજ તેને કાંચન માની લઈ શા માટે આટલી બધી ખેંચાખેંચ કરતા હશે ! હા, એ તો મહામાયાની વિચિત્ર પ્રપંચ જાળ. એનું જ નામ માયાની રમત ! "

ત્યાર પછી વિચાર થયો કે: " જેઓ કેદમાં ગયા છે તેમાંના ઘણા ગરીબ મનુષ્યો છે. અરજદાર કૃષ્ણશંકર ધનવાન છે. " લાગવગવાળો સરદાર છે ! તેના પંજામાંથી શી રીતે ગરીબોનો છુટકો થાય ? "

કમલિનીએ ઘણી વાર સુધી અનેક વિચારો કર્યા. વિચારો કરવા છતાં તેને કોઇ માર્ગ જડયો નહિ. સ્વાભાવિક ગૌરમુખ લાલ થઇ ઉઠયું. કપાળ ઉપર પરસેવાનાં બિંદુ બાઝી ગયાં. અન્તે ઉંડો નિઃશ્વાસ નાંખી મનમાંજ બોલી: " હું શા માટે ચિન્તા અને વિચાર કરૂં છું ? ધાર્યું તો ધણીનું થશે ! જેણે આ કાર્ય કર્યું છે તે વિચાર ધણીએ કરશે. તે મ્હને જે દિશામાં દોરી જશે તે દિશામાં હું ગમન કરીશ. હું તો તે વિશ્વનાથની કળની

પૂતળી ! તે કળની દોરી ખેંચશે તેમ વર્તન કરીશ. રમણી જાતિ વળી શો વિચાર કરી શકે ? સ્વામીના સંસારમાં તેની ઇચ્છાનુસાર સેવા કરવી જોઇએ. હું તેમ કરીશ."

આ સમયે તેના મુખ અને નેત્ર ઉપર પ્રસન્નતાએ દર્શન દીધાં. તેની મૂર્તિ આનંદ પ્રફુલ્લ જણાઇ.

એકાદશ પરિચ્છેદ.

પ્રતિજ્ઞા.

રવિવારના નવેક વાગ્યા છે. કૃષ્ણશંકર પાઠકની હવેલીમાં પ્રવેશ કરતાંજ ડાબી બાજૂએ એક કચેરીગૃહ છે. તેમાં કૃષ્ણશંકર, તેમના આસામીઓ, ખેડુતો, કારકુનો અને બે ચાર હાજી હા કરનારા મિત્રો બેઠા છે.

કૃષ્ણશંકરના મુખ મણ્ડલ ઉપર ક્રોધની ભયંકર કાલિમા સ્પષ્ટ રીતે જણાઇ આવે છે. બધા શાંત, ગંભીર અને નિશ્ચલ બેઠા છે. કોઇના મુખમાંથી એક પણ શબ્દ નિકળતો નથી.

આ મનુષ્યોમાંના ઘણાખરા ખેડુતોને કૃષ્ણશંકરે રૂપિયા ધીર્યા હતા. તેમાંના એક આસામી માધવદાસે થોડી વાર પછી નિઃસ્તબ્ધતાનો ભંગ કરી કહ્યું: "પાઠકજી સાહેબ ! માબાપ ! અમે તો તમારી ગરીબ પ્રજા ! તમે અમારા સરદાર ! અમારા માબાપ ! આ કામમાં અમને ના નાંખો તો બહુ સારૂં. તમારૂં કલ્યાણ થશે સાહેબ."

કૃષ્ણશંકરે ડોળા ધુરકાવી લાલ આંખો કરી માધવદાસ સ્હામું જોઇ કહ્યું: "અમે માબાપ શેના ? તમારા સરદાર શેના ? જ્યારે પાછા તમારા માબાપ થઇએ અને જ્યારે પાછા તમારા સરદાર થઇએ ત્યારે અમારી વાત સાંભળજો. હમણાં તો તમારી જેવી ઇચ્છા હોય તેમ વરતો. પરંતુ સાંભળ માધવ, મ્હારી પ્રતિજ્ઞા સાંભળ. મ્હેં પ્રતિજ્ઞા કરી છે કે જેઓએ મ્હારી

વાડીમાં બળપૂર્વક પેસી જઇ મ્હારી આબરૂ લીધી છે અને મ્હારા કુળ-પુરોહિત—શાસ્ત્રજ્ઞ શુક્લજીને માર મારી, મ્હારા સ્થાનમાં બ્રહ્મ—રક્ત છાંટયું છે, તેમજ મ્હારૂં અપમાન કરી મ્હને માર માર્યો છે તેમને તો મ્હારૂં સર્વસ્વ જતાં પણ સખ્ત શિક્ષા કરાવીશ! મ્હારા ઘર પર એક ઈંટ રહેશે ત્યાં સુધી તેમને હું છોડીશ નહિ! તમને હુ પૈસા ધીરૂં છું. તમારામાંના કેટલાકની મ્હેં ખરેખરી આબરૂ રાખી છે. કેટલાકના જીવ બચાવ્યા છે. તમે બધા મ્હારા ઉપકારમાં છો. મ્હારા કાર્યમાં સહાયતા કરવાની આશાથીજ તમને બોલાવ્યા હતા. તેથીજ તમારી પ્રાર્થના કરી છે; પણ તમે મ્હારૂં કહ્યું માનતા નથી. ભલે, તમારી ઇચ્છા! ના માનો તો ચાલ્યા જાઓ. પરંતુ ધ્યાનમાં રાખજો કે તમને બધાને બહુ સહન કરવું પડશે! ઘેરે ઘેર આગ લગાડીશ. ખેડુતોનાં ગામ બાળી દઇશ. એકે એક પાઇ માટે દાવા કરી પૈસા તરતજ વસુલ કરીશ. કેદમાં નંખાવીશ. ઘરબાર તારાજ કરીશ. તમારાં વાસણકુસણ હરાજ કરાવી તમને કટકા રોટલા માટે ભીખ માંગતા કરીશ! મ્હારા પૈસા વડે તમે પાંચ પૈસા કમાઓ, લાલચોળ થઇને ફરો, અને મ્હારૂં કામ હોય તે વખત સહાયતા ના કરો તો પછી તમે શા ઉપયોગના? ખોટુંએ બોલવું પડે! એમાં શું થયું? તમે ક્યા સત્યવાદી હરિશ્ચંદ્રના બેટા થઇ ગયા?"

માધવદાસઃ "તમે અમારા માબાપ! જે ધારો તે કરી શકો."

કૃષ્ણશંકર ગુસ્સે થઇ ખુરસીપરથી અરધો ઉંચો થઇ બોલ્યોઃ "બસ-કર હવે. જાણ્યું ત્હારૂં ડહાપણ! કાંતો મ્હારૂં કહેવું કબૂલ કર, નહિ તો આ રસ્તો. કાલે તો કેસની મુદ્દત છે."

માધવદાસ ઝાડેશ્વરનો રહીશ હતો. ત્યાંના ખેડુતોમાં આગેવાન હતો. બીજા ખેડુતો આવ્યા હતા તેમાં એ પણ હતો. તેણે કહ્યુંઃ "કોની કોની સાક્ષી મુકાવવી છે?"

કૃષ્ણશંકર હવે જરાક શાંત પડયો. તેણે જાણ્યું કેઃ "ગાડું વ્હીલે પડે એમ લાગે છે ખરૂં." "તેથીજ ધીમેથી ઉત્તર દીધોઃ "તું, કુબેરદા, ઓતમદા, પરભુદા અને શંકરગીર. એ સિવાય બીજાની પણ છે. નામ મ્હોડે યાદ નથી. ડાયરીમાં જોઇને કહીશ."

માધવદાસ નીચું જોઇ બોલ્યો: "જ્યારે તમારી જમીન ખેડીએ છીએ અને તમારાં ઘરોમાં રહી સ્ત્રી પુત્રનું પાલન કરીએ છીએ ત્યારે તમારી વાત સાંભળ્યા વિના છુટકો ક્યાં ? ના સાંભળીને રહેવું ક્યાં ? અમે તો ગરીબ, કંગાલ, અમારી બ્હલે શી થાય માબાપ !"

કૃષ્ણશંકર તેના તરફ કરૂણા ભરેલી દ્રષ્ટિ ફેંકતાં બોલ્યા: "હાં. એમ સીધો થા. સંસારમાં રહેનારને માત્ર "ધર્મ ધર્મ" કરે કેમ પાલવે ? તેમ કંઈ બને ? ધર્મ, અધર્મ, સાચ, જુઠ, બધુંજ કરવું પડે. જેવો સમય."

માધવ: "અમારે શું કહેવું પડશે ?"

કૃષ્ણશંકર: "બધાંને કાંઇ એકજ પ્રકારનું કહેવાનું છે ? જુદું જુદું બોલવું પડશે. તે બધું કાલે વકીલને ઘેર જઇશું ત્યારે નક્કી કરી લેવાશે. મુદ્દો એવો આવશે કે એ બધા કેટલાક દિવસથી મ્હારી હવેલી ઉપર લૂંટ કરવાનો વિચાર કરતા હતા. કોઇએ કહેવું કે: "મ્હેં રામપ્રસાદ દેસાઇને એમાંના કેટલાક મનુષ્યો સહિત, મોડી રાતે મ્હારી હવેલીની આસપાસ ફરતા જોયા હતા." કોઇએ કહેવું કે: "રામપ્રસાદ અને હરિગીર સાધુ રોજ ધર્મશાળામાં એજ વાતો કરતા હતા. મ્હેં ધર્મશાળાની સ્હામું ઉગેલા ઝાડપરથી સાંભળ્યું હતું." કોઇએ કહેવું કે: "રામપ્રસાદ, છોટાલાલ, હરિલાલ, કુબેરદાસ અને રહેમાનખાં એક દિવસ સાંજે નર્મદાને કિનારે, મ્હારૂં ઘર લૂંટવાની અને મ્હને મારવાનીજ વાતો કરતા મ્હેં સાંભળ્યા હતા." આ પ્રમાણે કોઇએ કાંઈ ને કોઇએ કાંઇ, એમ જુદી જુદી રીતે કહેવું પડશે. એક બે જણે તો એમ કહેવું પડશે કે: "તે દિવસે અમે પાઠકજીના ઘરમાંજ હતા. અમે તેઓને ઘરેણાં, વસ્ત્રો લૂંટી જતાં અમારી નજરે જોયા છે."

માધવદાસે બીજા ખેડુતોના સ્હામું જોયું. તે બધા માધવદાસના સ્હામું જોવા લાગ્યા. બીજા મનુષ્યો પણ માધવદાસના સ્હામું જોવા લાગ્યા. થોડી વાર વિચાર કર્યા પછી ઉતરેલે ચ્હેરે માધવે કહ્યું: "સાહેબ, અમે ખેડુત ! જુઠી વાતો અમારા મનમાં ઘણીખરી રહેતી નથી, એજ વિચાર થયા કરે છે. કોરટના વકીલો, જડજ અને બાલિસ્ટર અમને ચીપીચીપીને પુછપરછ કરે તે વખત ઘણું ખરૂં ભૂલી જવાય. હું તો સાચી વાત કહું."

કૃષ્ણશંકરઃ "હું તમારી એ ચાલાકી સાંભળવા નથી માંગતો. જે શિખવું તે નહિ બોલો અને આડુંઅવળું બોલવાથી તોહમતદારોને મદદ કરવા જેવું થશે તો યાદ રાખજો બચ્ચાજી! તમને જીવતાં જીવત નરકમાં મોકલી દઇશ, પછી તમે ખેડુત હો કે રાજા હો સમજ્યા!"

ખેડુતો તથા અન્ય મનુષ્યો નિરૂત્તર થયાં. તે મનમાંજ વિમાસવા લાગ્યાં કે: "હવે શું કરવું?" એક તરફ કોર્ટ, વકીલ, જડજ, બારિસ્ટર અને બીજી તરફ પોતાનો રક્ષક, પાલક, પોષક કૃષ્ણશંકર! બન્નેનો ચિતાર તેમના નેત્રની બે બાજુએ તાદ્રશ્ય થયો. "બન્ને ભયંકર! બાપરે! એ તે કેમ થાય? કોરટનાં કામ! જુઠી સાક્ષી પુરવાની વાત સાબિત થતાં સાત વર્ષની કેદ! સાક્ષી પુરવા ન જઇએ તો રાક્ષસ કૃષ્ણશંકર ઘરમાંથી કહાડી મૂકે! બચ્ચાં છોકરાં ભૂખે મરી જાય! હે ભગવાન! હવે શું કરવું?" આવા અનેક વિચાર કર્યા પછી માધવદાસે એક ઉંડો નિઃશ્વાસ નાંખી કહ્યુંઃ "સાહેબ, આપ જેમ કહેશો તેમ કબૂલ. તમે જેમ શિખવશો તેમ કોરટમાં કહીશું."

માધવદાસે જ્યારે એ વાક્ય કહ્યું ત્યારેજ તેમનો છુટકો થયો. કૃષ્ણ-શંકરને હમણાં બીજો કશો ધંધોવ્યાપાર નહોતો. રાતદિવસ પોતાના કેસનીજ ચિંતા. તેમણે કેસના પુરાવા ભેગા કરવામાંજ મન પ્રાણ સમર્પણ કર્યું હતું. અન્ય કાર્ય પ્રત્યે ધ્યાન આપવાનો સમય પણ નહોતો. "શી રીતે બધાને કેદખાનામાં મોકલી શકાય? શી રીતે તે રાતે થયલા અપમાનનો બદલો વાળી શકાય? શી રીતે કેસમાં જીતી શકાય? શી રીતે મ્હારો પ્રબળ પ્રતાપ, માન, ગૌરવ સાચવી શહેરમાં, ન્યાતમાં, આબરૂ સચવાય અને બધાંને મ્હારી બ્હીક લાગે?" એમાંજ તેમનું મન પરોવાયલું હતું!

ઠરાવને દિવસે મેજીસ્ટ્રેટની કોર્ટમાં કેસ નિકળ્યો. કૃષ્ણશંકરે અનેક સાક્ષીઓની જુબાની લેવડાવી. સાક્ષીઓએ પ્રતિજ્ઞા લઇ કહ્યું: "કૃષ્ણશંકર પાઠકની વાડીમાં તેમના કુલ પુરોહિત કેશવરામ જોશીનાં લગ્ન થતાં હતાં તે સમયે લૂંટારાઓની એક ટોળીએ વાડીમાં પ્રવેશ કરી ઘણા રૂપિયા, અને ઘરેણાં લૂંટી ગયા છે. લૂંટ થતી વખતે એક મનુષ્યનું મરણ થયું છે અને બીજાં કેટલાંક ઘાયલ થયાં છે. તેમણે સર્વને ગાળો દીધી છે. તેઓ લૂંટ કરવા માટે ઘણા દિવસથી ગોઠવણ કરી રહ્યા હતા. વગેરે."

જે મનુષ્યો કેદ પકડાયાં હતાં તેમાંના ઘણાખરા દરિદ્ર હતા. રામપ્રસાદ દેસાઈને પોલીસે જામીન પર છોડયો હતો. તે સાધારણ સ્થિતિનો હતો. તેણે કેદ પકડાયલા મનુષ્યો માટે એક મુખ્ત્યાર કર્યો હતો પણ કૃષ્ણશંકરના હાઈ કૉર્ટ વકીલની ચતુરાઇ—ચાલાકી આગળ તે ક્ષુદ્ર પ્રાણી ટકી શક્યું નહિ ! મેજીસ્ટ્રેટે ગુન્હેગારો પર લૂંટ કરવાનો, ધાડ પાડવાનો, ખુન કરવાનો, અને એવાજ બીજા એક બે અપરાધ મુકી સેસન્સ કમિટ કર્યા.

દ્વાદશ પરિચ્છેદ.

વિભૂતિ.

યથા સમયે કમલિનીને એ સમાચાર મળ્યા. તેથી તે બહુ ચિન્તાતુર થઇ ! આટલાં બધાં મનુષ્યો તેને લીધે કેદમાં ચાલ્યાં ! તેમનો ઉદ્ધાર કરવા માટે શું કોઈ નથી ? પોલિસ તેમની વિરૂદ્ધ, સરદાર બહાદુર કૃષ્ણશંકર પાઠક કમ્મર કસીને તેમના વિરૂદ્ધ, કેટલાક ખેડુતો અને આડોસીપાડોસીઓ કૃષ્ણશંકરની સહેમાં તણાઇ જઇ તેમના વિરૂદ્ધ ! ત્યારે પછી તેમનો ઉદ્ધાર કરશે કોણ ? તેમનો બચાવ શી રીતે થાય ? હે ભગવાન ! તમે ક્યાં છો ? તમે તો જગન્નાથ, તમારાં કર્ણ અને ચક્ષુ જગતની પ્રત્યેક વસ્તુ પ્રત્યે છે. ત્યારે તમે તેમના ઉદ્ધાર માટે કેમ આવતા નથી ? દુઃખી દરિદ્રીઓની સ્હાય કેમ કરતા નથી ? તમે તો વિપદ્ ભંજન ! સત્યના બેલી ! ઓ ભગવાન ! ઓ દીનબંધુ ! તમારૂં કાર્ય તમે સંભાળો ! ”

કમલિનીએ પરમાત્માને ઘણી બૂમો પાડી. તેમની આગળ ઘણું રડી. ઘણા કાલાવાલા કરી અપરાધીઓની સહાયતા કરવા પ્રાર્થના કરી. પરંતુ શરીરે કાળા ભગવાન હમેશાં કાળાજ ! તેમણે કમલિનીના શબ્દો કાને સાંભળ્યા નહિ. તેને ઉત્તર પણ દીધો નહિ ! તેથી કમલિનીને તેમના ઉપર

બહુ ક્રોધ વ્હડયો. ક્રોધ વ્હડયો તો ખરો પણ તે પાસે નહિ હોવાથી તેમને શિક્ષા કરવા સમર્થ થઈ નહિ !

દશ દિવસ પછી સેસન્સ કૉર્ટ ભરાઇ છે. આજે કેદીઓનો કેસ ચાલશે.

કેસને દિવસે પ્રાતઃકાળમાંજ કમલિની ઉઠીને ક્યાંક ચાલી ગઇ હતી. ઘરનાં મનુષ્યોને તેની ખબર પડી નહિ, પરંતુ આ કાર્યમાં તે પૈસાની ખુંવારી ના કરે તેની એની માતા અને ભગિનીએ સાવચેતી રાખી હતી, કારણ કે હવે પૈસા ખર્ચાઇ જાય તો તેમને આપે કોણ ? પોષણ શી રીતે થાય ? એ ધનવડે જીવન વ્યતીત કરવાનું છે. તેથીજ કમલિની ખાલી હાથે ઘર બ્હાર નિકળી હતી.

ફાગણ માસ ચાલતો હતો. બપોરના બે વાગ્યા છે. આળસુ પ્રકૃતિનું હૃદય ભેદીને પ્રેમનો નિઃશ્વાસ, વાયુનો ઉચ્છ્વાસ ધીમે ધીમે વહેતો હતો. કોર્ટની બહાર પ્રચંડ શાખાપત્ર ફેલાવી રહેલાં વૃક્ષો ઉપર બેઠેલાં પક્ષીઓ મધુરસ્વરે પ્રેમ ગાથા ગાઇ કોણ જાણે કોની વાર્તા જગતને કાને સંભળાવતાં હતાં. ચારે દિશામાં લેણદાર દેણદારોનાં ટોળાં ઉતરેલે ચ્હેરે આમતેમ ફરતાં જણાતાં હતાં. વૃક્ષ નીચે એક તરફ ચ્હાની, એક તરફ પાનની અને એક તરફ ખાવાનું વેચનારની દુકાનો હતી. એક તરપ વકીલ બૅરિસ્ટરોના ગાડી ઘોડા ઉભા હતા. કેટલાક વકીલના ગુમાસ્તાઓ હાથમાં કેસનાં કાગળીઆં લઈ પોતાના અસીલો સાથે વાતો કરતા, મફતનાં ચ્હા પાણી પી, પાનપટ્ટી ચાવતા અને કેટલાક ખાવાવાળાની દુકાનમાંથી અસીલોને પૈસે મિષ્ટાન્ન ઉડાવતા, પારકે પૈસે પરમાનંદ કરતા બેઠા હતા ! “વર મરો કે કન્યા મરો પણ ગૅારનું તરભાણું ભરો.” એવો વિચાર કરતા કેટલાક જુવાનિયા વકીલો રૅાફમાં ને રૅાપમાંજ હાથમાં સપડાયલા શિકારને સમજાવતા હતા ! કેટલાક અજાણ્યા પ્રતિવાદીઓ વકીલના ગુમાસ્તાઓને મળી વકીલ કરવાની ભાંજગડ કરતા હતા. ગુમાસ્તાઓ પણ તેમને જીતવાની આશા બતાવી, ધીના કુલ્લામાં હાથ મુકાવી, પૈસા કઢાવી લેતા હતા ! અને વકીલાતનામાપર સહી કરાવી તેમનાં કાંડા કાપી લેતા હતા !

કચેરીઓમાં સિપાહીઓ, કારકુનો અને વકીલોની ધમાલ ચાલી રહી

હતી. કચેરીથી થોડે વેગળે એક વૃક્ષ નીચે કમલિની આવીને બેઠી છે. હજુ સુધી તેના પેટમાં ચાંગળુ જળ પણ પડયું નથી. સ્નાન કર્યું નહોતું, તેમ છતાં તેનું મુખ સુકાયું નહોતું. શરીર થાક્યું નહોતું. જાણે ઉલટું તેના સૌંદર્યમાં વૃદ્ધિજ થઈ હોય એમ જણાતું હતું. અલંકાર વગરેનો સૂર્ય, ઝાંખી મુક્તામાળા વડે વિશેષ સુંદર, મનોહર, જણાય છે.

કમલિની બહુ સુંદર રીતે બેઠી હતી. વૃક્ષના મૂળમાં થોડી ઉંચી જગ્યા પર બેસી, ડાબો પગ લાંબો કરી, જમણો પગ કિંચિત ખેંચી આગળ રાખ્યો હતો. હૃષ્ટપુષ્ટ કમળ સમાન ડાબો હાથ, થોડો વાંકો વાળી, પેટના ડાબા ભાગ ઉપર મૂક્યો હતો. જમણી ઝાંઘ ઉપર થઇ ઉંચા વળેલા જમણા હાથે, રાહુ-ગ્રસ્ત પૂર્ણિમાના ચંદ્ર જેવા મુખને ટેકવી રાખ્યું હતું. માથાના લાંબા કાળા ચળકતા વાળ ત્રિવેણીની પેઠે ત્રણ વિભાગ થઈ ત્રણ દિશામાં વિખરાઈ પડયા હતા. કેટલાક પીઠ પર વિખરાઇ પડયા છે અને કેટલાક બે બાહુ ઉલ્લંઘન કરી છાતી ઉપર ઝુલતા, મંદ વાયુ આવતાં મૃદુ મૃદુ ઉડી રહ્યા છે. તેના ચરણની આસપાસ, સ્હામું અને પાછળ, સરકારની કાળજીથી રોપાયલાં ન્હાનાં મ્હોટાં, દેશી વિદેશી પુષ્પના છોડવા, વસન્તની ભેટ સ્વરૂપ નવીન પત્ર, નવીન શાખા અને નવીન પુષ્પ લઇને ઉભા હતા. ફાગણ માસનાં મૃદુ સૂર્ય–કિરણ, કમલિનીના સર્વાંગે રસાઇ ગયાં છે. જાણે નીલ જળમાં તરતી નવીન નલિની, વાદળાં વગરના સૂર્ય તેજથી, ચારે દિશામાં સ્વસૌંદર્યની સંપૂર્ણ પ્રભા, વિકસાવી રહી છે.

કમલિની જે સ્થળે બેઠી હતી તે સ્થળેથી સ્હામેની એક ઉઘાડી બારીમાંથી, જડજ સાહેબની કચેરીના મધ્ય ભાગ પર્યંત દ્રષ્ટિ પહોંચતી હતી. પ્રથમ કચેરીમાં એક કેસ ચાલતો હતો. તેમાં વાદી, પ્રતિવાદી મ્હોટા શ્રીમંતો હતા. બન્ને પક્ષ તરફથી વકીલ બારિસ્ટરોની હાર ઉભી હતી. અપ-રાધી તરફથી મુંબઇના પ્રખ્યાત વકીલ મિ. છગનલાલ નરસીલાલ કાનુગા બી. એ., એલ. એલ. બી. આવ્યા હતા. કેસ બહુ ગુંચવાડા ભરેલો હતો. એક મુદ્દાના સાક્ષીની ગેરહાજરીને લીધે તે દિવસે કેસ મુલતવી રહ્યો. જડજ સાહેબે અન્ય કેસ ચલાવવાની આજ્ઞા કરી. કૃષ્ણશંકરની વાડીમાં થયેલી

લૂંટનો કેસ શરૂ થયો. પહેલાના કેસમાં રોકાયલા વકીલ બૅરિસ્ટરો કોર્ટમાંથી ચાલ્યા ગયા.

રહેમાનખાં, છોટાલાલ, હરિલાલ, કુબેરદાસ, કમલભારતી, શંકરગીર, વગેરેને હાથકડી, દોરડાં સાથે કેદખાનામાંથી બહાર કાઢી કમલિની બેઠી હતી ત્યાં થઇને જડજ સાહેબની કચેરીમાં લઇ ગયા. આટલા બધા લૂંટારાઓને લઇ જતી વખતે ખાંધે સંગીનવાળા પોલિસ પહેરેગીરોની જરૂર પડી હતી ! કેદીઓનાં વસ્ત્ર મલિન, મુખ મલિન, પોલિસ પહેરેગારોનું છાતી કહાડીને ચાલવું, કૉર્ટનો ભયંકર દેખાવ, એ ત્રણે દેખાવ કમલિનીના હૃદયક્ષેત્ર ઉપર ઉદય થવાથી તે બહુ શોકાતુર બની ગઇ !

તેનું હૃદય કમ્પાયમાન થઇ બોલવા લાગ્યું: “ દીનબંધુ, અનાથનાથ ભગવાન, ત્હમે ક્યાં છો ? જે અપરાધી છે તેને દણ્ડ થવો જોઇએ એ સત્ય, પરંતુ આ બિચારા પરોપકારી પુરૂષો, એક અસહાય રમણીનો ઉદ્ધાર કરવા ગયા તેના ઉપર મિથ્યા આરોપ ! એ નિર્દોષ મનુષ્યોને આટલું બધું દુઃખ ! કૃષ્ણશંકર પાસે અતુલ ધન સમ્પત્તિ છે ! તેણે મેજીસ્ટ્રેટ કૉર્ટમાં ઘણા જુઠ્ઠા સાક્ષીઓ આપ્યા છે. સેસન્સ કૉર્ટમાં પણ તેમજ કરશે. અનેક સુશિક્ષિત, વિદ્વાન વકીલ બૅરિસ્ટરોએ બિચારા નિરાપરાધી જીવોને કાયદાની પ્રપંચ જાળમાં લેવાનો યત્ન કર્યો છે, ચીપી ચીપીને આમ તેમ બહુ પૂછ્યું છે. અહિં પણ તેમજ કરશે ! બિચારા ધન હીન, વગવસીલા વગરના, એમનો કોણ વકીલ થાય ? હરિ ! હરિ ! એમના તરફથી વકીલ કરવાની મ્હારામાં પણ શક્તિ નથી ! પ્રભુ ? જેનામાં શક્તિ નથી, જેનામાં ગતિ નથી, જે માર્ગના ભિખારી છે, જે કરૂણાપાત્ર છે, તેનું તમે દયામય, તમે જગન્નાથ, શું રક્ષણ નહિ કરો પ્રભુ ?” કમલિનીએ બહુ કષ્ટે, બહુ પ્રેમભક્તિ પૂર્ણ પ્રાણે, બહુ ઉછળતે હૃદયે, સહજ ઉંચે મુખે, આકાશ તરફ જોઇ, પોતાના હૃદયની વ્યથા, તે સર્વ દુઃખ વિનાશક ભગવાનને કહી સંભળાવી.

શ્રીયુત કાનુગા અમદાવાદના બ્રહ્મ ક્ષત્રિય જ્ઞાતિના છે, પણ મુંબઇમાં ફોજદારી કૉર્ટોમાં વકીલાત કરે છે. તેઓ પ્રમાણિક, બુદ્ધિમાન, કુશળ કાયદાબાજ અને કેસ ચલાવવામાં બહુ ચપળ છે. ઘણું ખરૂં તેઓ તોહોમ્મતદારો

તરફથીજ વકીલ થાય છે અને તેમાં મ્હોટે ભાગે તેમને યશ મળે છે. ઘણા નિર્દોષ અપરાધીઓ અપરાધ-મુક્ત થઈ તેમને આશર્વાદ આપે છે. પોતાની પાસે સલાહ લેવા આવનાર ગૃહસ્થોને ઉંડો વિચાર કરી, ઘણી સારી સલાહ આપે છે, અને તેઓ કેસનું જે ભવિષ્ય કહે છે તેજ ઘણું ખરૂં સત્ય ઠરે છે. તેઓ પોતાની ફીના લોભી નથી. ફી સાધારણજ લે છે. ફીની કાળજી કરતાં હાથમાં લીધેલો કેસ બારીકાઇથી ચલાવી પોતાના અસીલને ઈન્સાફ મળે તે માટે ચીવટથી કામ કરે છે. તેઓ સાક્ષીઓની ઉલટપાલટ તપાસ (cross examination) લેવામાં બહુ ઉંડા ઉતરી પ્રશ્નો પૂછતા હોવાથી સત્ય પ્રકટ થઈ જતું. વળી તેમની વકૃત્વ શક્તિમાં એવી ખુબી હતી કે કેસની એક પણ બાબતનું સ્પષ્ટીકરણ કર્યા વિના રહેતા નહિ, અને તેથીજ તે શબ્દે શબ્દ મેજીસ્ટ્રેટ કે જડજ સાહેબના લક્ષમાં આવતું. મુદ્દાના પૉઈન્ટ ઈન્સાફ કરનાર અધિકારીના મન ઉપર ઠસાવી દેતા, અને મુદ્દાના શબ્દોજ બોલતા.

તેમની એ કીર્તિ, એ નિર્લોભિતા, એ ચપળતા, અને એ કાયદાનું ઉંડુ જ્ઞાન, જાણી ભરૂચના એક ગૃહસ્થે તેમને પોતાના કેસ માટે બોલાવ્યા હતા, પણ કેસ મુલ્તવી રહેલો હોવાથી તેઓ ગાડીમાં બેસી, કમલિની બેઠી હતી તે રસ્તે થઇને જતા હતા. તેમણે એકાએક ગાડી થોભાવવાની આજ્ઞા કરી, અને તરતજ તેમાંથી ઉતરી પેલા વૃક્ષ તળે બેઠેલી પવિત્ર, ઉદાસિની, કમલિની પાસે ગયા. આ સમયે તેમના મનમાં પવિત્ર દ્રૌપદીની પ્રભુ પ્રાર્થના કરતી છબીનું ભાન થયું. હિંદુ ધર્મના એક સુપુત્રનું હૃદય પિગળી ગયું. મનમાં વિચાર થયો: "આવું સુંદર રૂપ, આવી પવિત્ર મૂર્તિ લઇને એક ઉદાસિની અબળા કોર્ટ સ્હામુ, નિરાશ્રયા વૃક્ષલતા પેઠે એકલી શા માટે બેઠી છે? એના મુખ ઉપર આટલી બધી ચિન્તા શા માટે જણાય છે? નક્કી એ કાંઇ ભયંકર આફતમાં આવી પડેલી હોવી જોઇએ. નક્કી એ નિરાધાર હોવી જોઇએ." તેમણે કમલિનીની પાસે જઈ પૂછ્યું: "તમે કોણ છો બ્હેન? શી ચિન્તામાં નિમગ્ન છો? તમારૂં દુઃખ કહો. મ્હારાથી બનતી મદદ કરીશ બ્હેન!"

અનેક મનુષ્યો અત્યાર સુધી કમલિનીની કરૂણ મૂર્તિ તરફ જોતાં હતાં પરંતુ કોઇ તેની પાસે જતાં નહિ. શ્રીયુત કાનુગાને તેની પાસે ઉભેલા જોઇને બે ચાર મનુષ્યો ત્યાં આગળ જઇ પહોંચ્યા. બે ત્રણ વકીલો પણ ત્યાં જઇ ઉભા.

એકાએક એક અપરિચિત વકીલને પોતાની સ્હામુ ઉભેલા જોઇ કમલિની જરાક ખંચાઇ પરંતુ તે ભયને ઓળખતી નહોતી! ક્ષણ વારમાં આત્મસંયમ કરી મધુર પણ ગંભીર, કરૂણ, મૃદુ, અને ઉશ્કેરાયલે શબ્દે બોલી: "ભાઈ, હું બહુ દુઃખી છું."

તેના એ કરૂણ શબ્દોએ દયાળુ વકીલ સાહેબના હૃદયમાં પ્રવેશ કર્યો. તેમના હૃદયમાં બહુ ઉંડી લાગણી થઇ. તેમણે કહ્યું: "ત્હારી મૂર્તિ નિષ્પાપ છે, ત્હારો સ્વર નિષ્પાપ છે, ત્હારા જેવી પવિત્ર રમણીને શું દુઃખ છે? કહે બ્હેન!"

કમલિની જે પ્રમાણે બેઠી હતી તેજ પ્રમાણે બેઠી બેઠી ઉત્તર દેવા લાગી: "ભાઇ, હમણાં જે કેદીઓને જડજ સાહેબ પાસે લઇ ગયા, એ બધા નિર્દોષ છે."

મિ. કાનુગા: "નિર્દોષ હશે તો જડજ સાહેબ તેમને છોડી દેશે. જડજ અંગ્રેજ હોય કે હિંદુ હોય, પારસી હોય કે મુસલમાન હોય તેઓ નિર્દોષને શિક્ષા ન થાય તે માટે બહુ કાળજીથી કેસ ચલાવે છે."

કમલિની: "પણ ભાઇ, સ્હામા પક્ષમાં અરજદાર કૃષ્ણશંકર પાઠક મ્હોટા ધનવાન અને વગવસીલાવાળા ગૃહસ્થ છે. તેમણે મેજીસ્ટ્રેટને ત્યાં ખોટા સાક્ષીઓ હાજર કર્યા હતા, તેથીજ આ બધાને અહિં મોકલ્યા છે. જડજ સાહેબ શી રીતે સમજી શકશે કે એ બધા નિર્દોષ છે! સાક્ષીઓને લીધે તો કેસમાં જય પરાજય થાય છે."

મિ. કાનુગા: "વકીલો ઉલટ તપાસમાં સત્ય મિથ્યા જડજ સાહેબના ધ્યાનપર લાવી શકશે."

કમલિની: "પણ ભાઇ! એ બધા બહુ ગરીબ છે. તેમનો કોઇ વકીલજ નથી! મ્હારા જેવી એક અભાગિની ઉપર અત્યાચાર કરનાર કૃષ્ણ-

શંકર પાઠક જેવાના હાથમાંથી મ્હારો ઉદ્ધાર કરવા આવનાર એ સર્વે નિર્દોષ મનુષ્યો, કૃષ્ણશંકરના ક્રોધના ભોગ થઇ પડયા છે! અને બિચારા નિર્દોષ, પરોપકારી પુરૂષો, આજે લાંબી મુદતનું કેદખાનું ભોગવવા જાય છે!"

મિ. કાનુગાએ એક વખત પાછળ ફરી જડજ સાહેબની કચેરી સ્હામું જોયું. ત્યાર પછી ગજવામાંથી કાગળ પેન્સીલ કહાડી કમલિનીને કહ્યું: "બ્હેન! ટુંકામાં આખા કેસની વિગત મ્હને કહી સંભળાવ."

કમલિનીએ ટુંકામાં આખા કેસની વિગત કહી સંભળાવી. મિ. કાનુગાએ તે બધું કાગળ ઉપર ટપકાવી લીધું, અને તરતજ કૉર્ટમાં ચાલ્યા ગયા. એ ત્રણ વકીલો તેમની પાછળ ગયા.

દોઢેક કલાક પછી એક અજાણ્યા મનુષ્યે આવીને કમલિનીને કહ્યું: "વકીલ સાહેબ, અને ભરૂચના સુપ્રસિદ્ધ વકીલ રા. સા. અંબાશંકર ઉત્તમરામ મલજી તથા મિ. મણીલાલ કુરણારામ અપરાધીઓ તરફથી ઉભા રહ્યા છે. કેસ ચાલી રહ્યો છે. ઉલટપાલટ તપાસમાં કૃષ્ણશંકરના સાક્ષીઓ તુટી જવા લાગ્યા છે! કેસનું રૂપ જોતાં જણાય છે કે તોહોમ્મતદારો બધા છુટી જશે."

એ સાંભળી કમલિની સ્થિર ચિત્તે દીનબંધુ ભગવાનની પ્રાર્થના કરવા લાગી. ગદ્દગદ્દ કણ્ઠે મનમાંજ બોલી: "ભક્તને આધિન ભગવાન કૃપાનિધિ! ત્હારી અદ્દભૂત કળા! તુંજ અનાથનો નાથ!"

એ સમયે કમલિનીની પાસે એક સ્ત્રીએ આવી, રૂમાલ ઢાંકેલી એક થાળી આપી. તેમાં કેટલાંક ફળ, કેટલાક પેંડા અને એક વાટકો દુધ હતું. સ્ત્રીએ કહ્યું: "લો, ફરાળ કરો બ્હેન."

કમલિનીએ થાળી તરફ દ્રષ્ટિ કરી પૂછયું: "તમે કોણ છો બ્હેન?"

સ્ત્રીએ પાછળ આંગળાં બતાવી કહ્યું: "આ સ્હામેનું ઘર સેસન્સ જડજ સાહેબ મિ. મ્હેતાનું છે. તેમનાં પત્ની બહુ દયાળુ અને ધર્મનિષ્ઠ છે. જુવો, પેલાં બારીમાં ઉભાં છે. તેમણે તમને ઘણી વારથી જોયાં છે. તમારા મુખ ઉપરથી તમને વિપદ્દગ્રસ્ત અને ભૂખ્યાં જાણી આ ફળાહાર મોકલ્યો છે. અમે બ્રાહ્મણ છીએ. ચાલો, પેલા એકાંત ઓટલાપર જઇ

આહાર કરો. પ્રભુ સૌ સારૂં કરશે.”

કમલિની ઓટલાપર ગઇ, અને થાળીમાંથી માત્ર દુધ પીધું. તે ઉપર જળ પીધું. તૃષાને લીધે તેની છાતી ફાટી જતી હતી. તે પાછી આવી પોતાને સ્થાને વૃક્ષ નીચે બેઠી. જેલની ઘડીઆળમાં પાંચ ટકોરા ઠોકાયા. સૂર્ય ઉંચા મકાનોની પાછળ જઈ પશ્ચિમ આકાશ તરફ ઢળી જવા લાગ્યો. એટલામાં રામપ્રસાદ દેસાઈ, છોટાલાલ, હરિલાલ, રહેમાનખાં વગેરે હસ્તે મુખે કૉર્ટમાંથી બ્હાર નિકળ્યા. સાક્ષીઓની જુબાની પરસ્પર વિરૂદ્ધ ગયેલી હોવાથી જુરીના ગૃહસ્થોએ આરોપીઓને નિર્દોષ જણાવ્યા. જડજ સાહેબે પણ જુરીના અભિપ્રાયને મળતા થઇ આરોપીઓને નિર્દોષ જણાવી છોડી મુકવાની આજ્ઞા ફરમાવી. વકીલ બૅરિસ્ટર વગેરે સર્વે ગાડીઓમાં બેસી પોત-પોતાને નિવાસ સ્થાને ચાલ્યા ગયા. કૉર્ટ બંધ થઇ.

અપરાધીઓને મુક્તિ મળી એ જાણી કમલિનીને જે આનંદ થયો તેના કરતાં વિશેષ આનંદ તો તેને ભગવાનની કૃપાવારિથી થયો. તેને વિશ્વાસ હતો કે: “આ કાર્ય ભગવાનનું છે.” હવે તે ત્યાં ક્ષણ પણ થોભી નહિ. એક ગલીમાં થઇને સત્વર ચાલી ગઇ.

પાંચ વાગી ગયા હતા. નર્મદાનાં જળ ઉપર થઇને ઠંડો વાયુ આળસુ ગતિયે સર્વે દિશામાં વહેતો હતો. કમલિની નદીના કિનારે કોટ ઉપર થઇને જતી હતી. તેના મનમાં આ સમયે એક અપૂર્વ તોફાન ચાલી રહ્યું હતું. તે આ વખતે કરૂણામય ભગવાનની કરૂણાવારિથી ભિંજાઇ, તેની કરૂણા-નોજ વિચાર કરતી કરતી ચાલતી હતી. તે વિચારતી હતી કે: “કરૂણાના સાગર વગર આટલી બધી કરૂણા ક્યાંથી? દીન મનુષ્યોના ઉદ્ધારને માટે કોના હૃદયમાં આટલી બધી વ્યથા થઈ હશે? કોણે વકીલ સાહેબને મોકલ્યા હશે?” આ સમયે નદીમાં તરતી એક હોડીપર બેઠેલો એક વૃદ્ધ માછી હાથમાં તંબુરો લઇને ગાતો હતો:—

“રામ રતન ધન પાયો, મૈયા મેંતો, રામ રતન ધન પાયો,
સત સંગત સદ્ગુરૂકી કૃપાસેં (૨) ભાગ્ય બડો બની આયો.” મૈયા.

તૃતીય ખણ્ડ.

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न कांक्षति।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम्॥ अ-१८-५४.

"બ્રહ્મ થઇને પોતાના આત્મામાંજ રાજી રહે છે અને કોઇ વાતનો શોક કરતો નથી, અથવા કોઇ ચીજની ઇચ્છા કરતો નથી અને સઘળા જીવોના ઉપર એક સરખી નજરથી જુવે છે, એ માણસ મ્હારી ઉંચામાં ઉંચી ભક્તિને પામે છે."

* * * * *

પ્રથમ પરિચ્છેદ.

અદ્વૈતવાદ.

વસન્ત પોતાની આળસ–મદિરા અને ઉન્માદ–કલ્પના ગ્રીષ્મના ખોળામાં સોંપી દઇને, અનેક દિવસ થયા અન્તર્ધ્યાન થયો છે.

ગ્રીષ્મ, તે ભાવ વડે અને તે રસવડે પોતાના દેહનું બંધારણ બાંધી, સાથે તેજપુંજનો સંચય કરી, સ્થુલ જગતમાં પોતાનું ગૌરવ સ્થાપવા યત્ન કરતો હતો, પરંતુ કેટલા દિવસ? તેજ ગળી પ્રવાહી થઇ ધ્વંશને માર્ગે ચાલ્યું ગયું. માત્ર સૂક્ષ્મબીજ રાખી ગયું. તેજ બીજમાં, તેજ પ્રવાહી સુક્ષ્મ તેજવીર્યમાં, વર્ષાએ જળધારા રૂપે પુનઃ હાસ્યભરિત મુખે જગતમાં જન્મ લીધો. પ્રત્યેક દિશામાં તેનું પ્રાધાન્ય પ્રસરી રહ્યું.

સન્ધ્યા થવાને હવે અધિક વિલંબ નથી. આષાઢનું એક કાળું વાદળું ધીમે ધીમે, અતિ સાવધાનપણે જ્ઞાનાનંદના ઘરના છજા ઉપર આવી પહોંચ્યું. ઉંચે ઉડતાં પક્ષીવૃંદ વાદળની છેક પાસે ફરતાં જણાતાં હતાં. વિશાળ

આંગણાનાં ન્હાના બગિચામાં રાતા રંગના જાસુદનાં પુષ્પ ખીલી સંધ્યાની શોભામાં વૃદ્ધિ કરતાં હતાં.

ગઈ વસન્ત ઋતુમાં શિવપ્રસાદ એક વખત ભ્રગુપૂર આવી કમલિનીનાં દર્શન કરી ગયો હતો. તે સમયે પરસ્પર બહુ વાતો થઇ હતી. આજે ત્રણ દિવસથી તે પુનઃ આવ્યો છે.

શિવપ્રસાદ મુંબઇમાં રહે છે. "આર્યન કૉલેજ"માં શિક્ષક છે. તેમણે શ્રી રામકૃષ્ણ પરમહંસ સંબંધી પુસ્તકોના ગુર્જર અનુવાદ તેમજ ગીતાજીના વિસ્તૃત અર્થ સાથેનો ગ્રંથ બહાર પાડી ગુર્જર પ્રજામાં નવો ઉત્સાહ અને નવા વિચાર ફેલાવ્યા હતા. તે પોતે સુશીલ, ધાર્મિક અને ભગવાનની સાધના કરવામાં ઘણો આગળ વધ્યો હતો. યોગના ગ્રન્થો વાંચી યોગમાર્ગે વધ્યો હતો. તેણે નિશ્ચય કર્યો હતો કેઃ "આત્મદર્શન ના થાય ત્યાંસુધી મનુષ્યજીવન નિરર્થક છે. વિષયોમાંથી મોહ ઓછો થયા વિના સત્વગુણી થવાતું નથી, અને સત્વગુણી થયા વિના આત્મદર્શન થતું નથી. તેથી તે એવી ક્રિયાઓ કરતો હતો કે જેથી તેને આત્મદર્શન થાય. તે બહુ સત્વગુણી, નમ્ર, સુશીલ, અને વિદ્વાન હતો.

કમલિની અને શિવપ્રસાદ એક ઓરડામાં બેઠાં બેઠાં વાતો કરતાં હતાં. તેમની વાતોનો અંત નહોતો—વિરામ કે વિશ્રામ પણ નહોતો. કવચિદ્ હસતાં હતાં. કવચિદ્ વિચાર કરતાં હતાં. કવચિદ્ વાદવિવાદ પર ઉતરી પડતાં. બધી વાતો અમે સાંભળી નથી—સમજી શક્યા પણ નથી. સર્વ સમયે, સર્વ વિષયો સમજવાની શક્તિ પણ સર્વમાં સમાન હોતી નથી. જે સમયનું વર્ણન કર્યું છે તે સમયે જે વાતચિત થતી હતી તેનીજ અમે કાળજી રાખી છે. તેજ અત્રે કહેવામાં આવશે.

કમલિનીએ કહ્યુંઃ "તમારી બધી વાતો હું સમજી શકતી નથી. બહુ ગહન માર્મિક વિષય."

શિવપ્રસાદે મૃદુ હાસ્ય કરી કહ્યુંઃ "બહુ ગહન—માર્મિક—શું કહ્યું ?"

કમલિનીઃ "માત્ર તમેજ નહિ પણ આર્ય શાસ્ત્રકારો પણ એ દોષથી મુક્ત નથી. તમે અનેક વિષયો અતિશય વિસ્તૃત ભાવે સમજાવવાનો યત્ન

કરો છો. એક વખત જે કહો છો તેજ બીજી વખત વિપરીત ભાવે કહો છો."

શિવપ્રસાદ: "ત્યારે શું હું પણ આર્ય શાસ્ત્રકારોમાંનો એક ગણાઇ ગયો કે? એક હાથી એક સાપના ઉપર થઇને ચાલ્યો ગયો. તેથી તેનું શરીર છુંદાઇ ગયું. સાપ મરણ તોલ જેવો થઇ તરફડતો હતો. એ સમયે એક દેડકાએ પૂછ્યું: "તમને શું થયું છે?" કરૂણ સ્વરે સાપે કહ્યું: "ભાઇ એક હાથીએ બળના અહંકારમાં મસ્ત થઇને મ્હારા ઉપર પગ મૂકયો તેથી મ્હારી આ દુર્દશા થઇ છે." એ સાંભળી દેડકાએ હસતાં હસતાંજ ઉત્તર દીધો: "અમે ચાર પગાં જાનવરો બધાંજ એવાં!" હાથી ચોપગો અને દેડકોયે ચોપગો! હું પણ એ પ્રમાણે શાસ્ત્રકારોના ટોળામાંજ!"

કમલિની: "તમારામાં એજ એક મુખ્ય ગુણ છે કે તમને કોઇ વાતમાં બાંધી શકે નહિ. જવા દો એ વાત. હું એમ કહેતી હતી કે તમે એક વખત કહો છો કે "જગત્ એ કાંઇ નથી. માત્ર માયા જાળ છે. સર્વત્ર કેવળ એક બ્રહ્મજ છે. વળી કહો છો કે આપણે જીવો છીએ. ઇશ્વરની ઉપાસના કરવી એ આપણું કર્તવ્ય છે. જ્યારે સર્વત્ર કેવળ બ્રહ્મજ છે ત્યારે તો જે હું છું તેજ તમે છો. ઇશ્વર પણ તેજ છે અને બ્રહ્મ પણ તેજ છે. ત્યારે પછી કોણે કોની ઉપાસના કરવી? ઉપાસનાનું પ્રયોજન પણ શું?"

શિવપ્રસાદ: "તમારી પાસે પેલું શું છે?"

કમલિની: "પાણી પીધું તે લોટો."

શિવપ્રસાદ: "એમાં જળ છે કે?"

કમલિની: "ના, પીવું છે? લાવી આપું?"

શિવપ્રસાદ: "ના, જળ નથી ત્યારે એમાં શું છે?"

કમલિની: "કાંઇ નથી. શૂન્ય છે."

શિવપ્રસાદ: "શૂન્ય કોને કહે?"

કમલિની: "કંઈ ના હોય તેને!"

શિવપ્રસાદ: "લોટો ભાંગી નાંખીએ તો શું રહે?"

કમલિની: "કેટલાક દિવસ પિત્તળનો ભંગાર રહે. પછી છેવટે માટીમાં મળી જાય."

શિવપ્રસાદઃ " ત્યારે પછી લોટો ના રહે કની ? "

કમલિનીઃ " ના. "

શિવપ્રસાદઃ " એજ પ્રમાણે જગતમાં જે કંઇ દ્રવ્ય પદાર્થો છે તે અંતે શૂન્યમાં ચાલ્યા જશે. તમે પણ જશો. હું પણ જઇશ. એ બધાનો નાશ થશે. એ બધું " નહિ " માં ભળી જશે. તમારૂં આ સુંદર મુખ એ નાશ પામશે, અને આ મ્હારૂં ક્ષુદ્ર મુખ તે પણ નાશ પામશે. ત્યાર પછી કાલાન્તરે પૃથ્વી પણ નાશ પામશે. ચન્દ્ર, સૂર્ય, ગ્રહ, તારા, દેવ, દેવતા, સર્વ નાશ પામશે. અસુર, ઋષિ, તપસ્વી, બધાંજ જશે. જે જશે તે શું જગતમાં નથી ? હમણાં છે પણ બીજી ક્ષણે નહિ રહે. હમણાં છે. કાલાન્તરે નાશ પામશે. "

કમલિનીઃ " એ દ્રષ્ટાંત સિદ્ધાંત સાથે મ્હારી વાતને શો સંબંધ છે ?"

શિવપ્રસાદઃ " તેજ કહું છું સાંભળો. એ પ્રમાણે જે વાસ્તવિક રીતે નથી તેને આપણે " છે " કહીએ છીએ. જે રહેશે નહિ, તે " રહેશે " એમ માનીએ છીએ. એ ભ્રાંતિનું ખરૂં નામ શું તે જાણે છે ? "

કમલિનીઃ " માયા અથવા અવિદ્યા ધારૂં છું. "

શિવપ્રસાદઃ " હા, પણ માયા અને અવિદ્યામાં કંઇક ભેદ છે. "

કમલિનીઃ " તે હું સમજી શકતી નથી. "

શિવપ્રસાદઃ " આનન્દ સ્વરૂપ બ્રહ્મની જગત્ રચવાની ઇચ્છા થઇ હતી. તેની ઇચ્છા પણ કઠીન. તે ઇચ્છા એજ સત્વ, રજઃ, અને તમોગુણની સૂક્ષ્માવસ્થા. એ સૂક્ષ્માવસ્થાનેજ શાસ્ત્રીય ભાષામાં મૂલા પ્રકૃતિ કહેવામાં આવે છે. એ પ્રકૃતિના બે પ્રકાર છે. એક માયા અને બીજો અવિદ્યા. "

કમલિનીઃ " કેમ, એક પ્રકૃતિના બે પ્રકાર શા માટે ? "

શિવપ્રસાદઃ " એક બાજુ અને બીજી બાજુ, અથવા એક દેહમાં જેમ એક તરફ છાતી છે અને બીજી તરફ પીઠ—બરડો છે તેમ સત્વગુણની નિર્મળતાને લીધે પ્રથમ પ્રકારનું નામ માયા અને સત્વગુણની મલિનતાને લીધે દ્વિતીય પ્રકારનું નામ અવિદ્યા કહેવાય છે. આમાં સમજણ પડીને ? "

કમલિનીઃ " કેમ નહિ ? "

શિવપ્રસાદ: "બધા કહે છે અને શાસ્ત્ર પણ કહે છે કે: આ જગત્‌નું અસ્તિત્વ નથી. જગત્ મિથ્યા શી રીતે?"

કમલિની: "હું તમને તેજ પુછું છું."

શિવપ્રસાદ: "પરંતુ એનો અર્થ શો? સાંભળ. એનો અર્થ એ છે કે: જગતનું સ્વતંત્ર રીતે અસ્તિત્વ નથી. મ્હારા ત્હારા અને અન્ય સર્વના મનના સંબંધથી એનું અસ્તિત્વ કેવળ પરતંત્ર છે. આપણે પંચેન્દ્રિય દ્વારા આ જગત્ પ્રત્યક્ષ જોઇએ છીએ; પરંતુ આપણને એક અધિક ઇન્દ્રિય હોત તો તે વડે આપણે કંઇક નવુંજ જોઈ શકત, અને તેથી પણ અધિક ઇન્દ્રિય હોત તો એજ જગત્ કંઈક જૂદેજ રૂપે જણાત. તેથી જગત્‌ની કંઈ પણ સત્તા નથી—એનામાં અપરિવર્તનીય, અચલ અને અનન્ત સત્તા નથી, પરંતુ એને અસ્તિત્વ શૂન્ય કહી શકાશે નહિ; કારણ જગત્‌માં વર્તમાનપણું છે, અને એની સાથે મિશ્રિત થઇનેજ આપણને કાર્ય કરવું પડશે. એ સત્ અને અસત્‌નું મિશ્રણ છે. સત્ એ બ્રહ્મ અને અસત્ એ માયા. આપણે કાલ-પ્રવાહમાં વહન થઇએ છીએ, નિત્ય પરિવર્તન થઇએ છીએ. આપણને નિવૃત્તિ નથી, વિરામ નથી. આપણી એ વિરામહીન જીવન—ગતિ પણ સત્—અસત્ રૂપ વિરૂદ્ધ ભાવનું સંમિશ્રણ છે. આપણે ધારીએ છીએ કે: મનુષ્ય જિજ્ઞાસુ થાય કે તુર્તજ એને સમગ્ર જ્ઞાન પ્રાપ્ત થશે પરંતુ એ કાર્યમાં થોડેક વેગળે જતાંજ જાણે કોઈ તેને પાછું ખેંચી પકડે છે! એ પાછું ખેંચનાર કોણ? એજ માયા. વળી સમગ્ર સંસાર મૃત્યુના મુખમાં જાય છે—સર્વ મરણ પામે છે. આપણી ઉન્નતિ, વૃથા આડંબર પૂર્ણ કામકાજ, સમાજ—સંસ્કાર, વિલાસિતા, ઐશ્વર્ય, જ્ઞાન, એ સર્વની ગતિ મૃત્યુમાંજ પરિપૂર્ણ થાય છે, એજ સર્વસ્વ, એજ નિશ્ચિંત. નગરો, શહેરો બંધાય છે, વસે છે અને પાછાં વિનાશ પામે છે. સામ્રાજ્યનું ઉત્થાન અને પતન થાય છે. ગૃહ વગેરે ભાંગી ટૂટી ચૂર્ણ વિચૂર્ણ થાય છે અને તે સુંદર ઘર ધૂળ રૂપે થઇ, વાયુના પ્રવાહમાં આમતેમ ખસકાઇ અન્ય ગૃહમાં ઢગલો થઇ જાય છે.—ગમે ત્યાં જઈ પડે છે. આ પ્રમાણે અનાદિ કાળથી ચાલ્યું આવે છે. એ સર્વની ગતિ શી? મૃત્યુ એજ સર્વની છેલ્લી ગતિ. મૃત્યુ એજ જીવનની ગતિ, સૌંદર્યની પણ એજ ગતિ,

ઐશ્વર્યની પણ એજ ગતિ, શક્તિની પણ એજ ગતિ, એટલુંજ નહિ પણ ધર્મની પણ એજ ગતિ. સાધુ અને પાપી મરે છે, રાજા અને ભિક્ષુક પણ મરે છે. સર્વે મૃત્યુને પ્રાપ્ત થાય છે તેમ છતાં મનુષ્યને જીવન પ્રત્યે વિષમ મમતા રહે છે. શા માટે આપણે જીવન પ્રત્યે મમતા રાખીએ છીએ ? શા માટે એ મમતા ત્યાગી શકતા નથી ? તે આપણે જાણતા નથી. પણ એનુંજ નામ માયા.

એ માયામાં જે ચૈતન્ય પ્રતિબિંબિત થઇ રહ્યું છે તેજ ચૈતન્ય માયાને વશીભૂત કરી સર્વજ્ઞ અથવા ઇશ્વરને નામે પ્રસિદ્ધ થાય છે.

કમલિનીઃ "અને પછી અવિદ્યા ?"

શિવપ્રસાદઃ "અનિત્ય, અપવિત્ર, દુઃખકર અને આત્માથી ભિન્ન પદાર્થમાં નિત્ય, પવિત્ર, સુખકર અને આત્મા જાણવાનો ભ્રમ થાય તેને અવિદ્યા કહે છે. તાત્પર્ય એ છે કેઃ જે જેનું ખરૂં સ્વરૂપ નથી તેમાં તેનું જ્ઞાન થવું એનું નામ અવિદ્યા. જે અનિત્ય છે તેને આપણે નિત્ય—અમર-જાણીએ, જે અપવિત્ર છે તેને પવિત્ર જાણીએ, જે દુઃખકર છે તેને સુખકર જાણીએ, એનુંજ નામ અવિદ્યા. એ અવિદ્યા જીવોના અનર્થનું બીજ છે. અવિદ્યા વડેજ જીવોનું સત્યાનાશ વળી જાય છે. અવિદ્યાને લીધેજ તેઓ કલ્યાણ-માર્ગે ચ્હડતા નથી. વધારે સ્પષ્ટ ભાષામાં કહેવું પડશે કે જે ખરી રીતે જોતાં અનિત્ય છે તેને આપણે અમર જાણી પ્રેમ કરીએ છીએ. જે ખરી રીતે જોતાં અસુંદર છે તેને આપણે સુંદર જાણીએ છીએ. સ્ત્રી દેહ એ ખરી રીતે જોતાં અસુંદર છે, પરંતુ તેને અમે સૌંદર્યનું પાત્ર સ્હમજીએ છીએ. પુરૂષો પણ ખરી જોતાં અસુંદર છે તેને સ્ત્રીઓ સૌંદર્યનો નમુનો સ્હમજે છે. એજ પ્રમાણે જે ખરી રીતે જોતાં દુઃખકારક છે તેને આપણે સુખકર જાણીએ છીએ. વિવિધ પ્રકારના વિષય—ભોગ ભોગવવા એ ખરી રીતે જોતાં દુઃખકર છે, અને તેનો ઘણાને અનુભવ થયો હશે, પરંતુ તેને મનુષ્યો અતિશય સુખકર માને છે અને તે સુખ પ્રાપ્ત કરવા માટે આકુળ-વ્યાકુળ થઇ જાય છે ! જે આત્મા નથી અને "અમારૂં" નથી તેનેજ આપણે "હું" અને "મ્હારૂં" જાણી મુગ્ધ થઈ જઇએ છીએ. શરીર એ

"હું" નથી અને "મ્હારૂં" પણ નથી તેમ છતાં તેમાં "હું" અને "મ્હારૂં" વગેરેનું ભાન કરીએ છીએ. એવાં અનેક ઉદાહરણો આપી શકાય એમ છે. એ પ્રકારની વિપરીત બુદ્ધિનું નામ અવિદ્યા કહેવાય છે. જીવાત્મા, દેહ ગ્રહણ કરે છે તે સાથેજ એ અવિદ્યાને વશ થાય છે, અને અવિદ્યાગ્રસ્ત થઈ વાસના—કામના વડે જકડાઇ જાય છે. અવિદ્યામાં પ્રતિબિંબિત થઈ રહેલું જે ચૈતન્ય તે અવિદ્યાને વશ થવાથી જીવને નામે ઓળખાય છે."

કમલિનીએ મુમુક્ષુ ભાવે પ્રશ્ન કર્યો: "ત્યારે તો દેવતા પણ જીવ છે, મનુષ્ય પણ જીવ છે. ગાય, ઘોડા, માખી, મચ્છર સર્વ જીવો છે, ત્યારે તેનામાં ભિન્નતા કેમ? તમે જીવ છો અને હું પણ જીવ છું તેમ છતાં તમારી વાત સાંભળવાને માટે તમારી પાસે મ્હો વિકાસીને બેઠી છું. શા માટે? તમને વધારે જ્ઞાન અને મ્હને ઓછું શા માટે?"

શિવપ્રસાદે આનંદ પ્રફુલ્લિત મુખે કહ્યું: "અવિદ્યાના બે પ્રકાર છે. એક નિર્મળતા અને બીજો મલિનતા. એ ભેદ પ્રમાણે દેવ, મનુષ્ય, ગાય, અશ્વ, વગેરે જીવ પણ અનેક પ્રકારના થાય છે. પૂર્વોક્ત અવિદ્યાને કારણ—શરીર કહે છે. અને કારણ—શરીરાભિમાની જીવને પ્રાજ્ઞ કહેવામાં આવે છે. એ પ્રાજ્ઞ વગેરેના ભોગને માટે તમઃ પ્રધાન પ્રકૃતિમાંથી, ઇશ્વરની ઇચ્છાનુસાર પ્રથમ આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી નામક પંચભૂત—પંચતત્વની ઉત્પત્તિ થાય છે. એ પંચભૂતના પ્રત્યેક પંચ સત્વ ગુણાંશમાંથી અનુક્રમે કાન વગેરે પંચ જ્ઞાનેન્દ્રિય ઉત્પન્ન થાય છે અર્થાત્ આકાશના સત્વગુણમાંથી શ્રોત્રેન્દ્રિય (કાન), વાયુના સત્વગુણમાંથી ત્વગિન્દ્રિય (ત્વચા), તેજના સત્વ-ગુણમાંથી ચક્ષુરિન્દ્રિય (નેત્ર), જળના સત્વગુણમાંથી જિહ્વેન્દ્રિય (જીભ), અને પૃથ્વીના સત્વગુણમાંથી ઘ્રાણેન્દ્રિય (નાક) ઉત્પન્ન થાય છે, અને સમુદય પંચભૂતનાં સત્વગુણોમાંથી અંતઃકરણ ઉત્પન્ન થાય છે. એ અંતઃકરણ વૃત્તિ ભેદને લીધે બે પ્રકારનું હોય છે. એક મન અને બીજું બુદ્ધિ. અંતઃકરણની સંશયાત્મક વૃત્તિ તે મન અને નિશ્ચયાત્મક વૃત્તિ તે બુદ્ધિ કહેવાય છે. પૂર્વોક્ત પંચભૂતના પ્રત્યેક પંચ રજોગુણાંશમાંથી અનુક્રમે વાક્ય વગેરે પંચ કર્મેન્દ્રિય ઉત્પન્ન થઇ છે. અર્થાત્ આકાશના રજોગુણમાંથી વાક્ય—ઇન્દ્રિય, વાયુના

રજોગુણમાંથી હસ્ત-ઇન્દ્રિય, તેજના રજોગુણમાંથી પદ-ઇન્દ્રિય, જળના રજોગુણમાંથી ગુદા-ઇન્દ્રિય, અને પૃથ્વીના રજોગુણમાંથી ઉપસ્થ-ઇન્દ્રિય ઉત્પન્ન થાય છે.

સર્વે પંચભૂતની રજોગુણ સમષ્ટિમાંથી પ્રાણ ઉત્પન્ન થાય છે, એ પ્રાણ વૃત્તિના ભેદ વડે પાંચ પ્રકારના હોય છે. તેનાં નામઃ-પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન. નાસિકામાં રહેતા વાયુનું નામ પ્રાણ, ગુદામાં રહેતા વાયુનું નામ અપાન, ઉદરમાં રહેતા વાયુનું નામ સમાન, કણ્ઠમાં રહેતા વાયુનું નામ ઉદાન, અને સર્વે શરીરમાં વ્યાપી રહેલા વાયુનું નામ વ્યાન કહેવાય છે.*

પંચ જ્ઞાનેન્દ્રિય, પંચ કર્મેન્દ્રિય, પંચ પ્રાણ, મન, અને બુદ્ધિ, એ સત્તર અવયવની સમષ્ટિનું નામ સૂક્ષ્મ શરીર. એને લિંગ શરીર પણ કહેવામાં આવે છે.

મલિન-સત્વ-પ્રધાન અવિદ્યામાં રહેલું જે પ્રાજ્ઞ, તેને એ લિંગ શરીરમાં, અભિમાનને લીધે "પાત્ર" શબ્દ વડે ઓળખવામાં આવે છે અને વિશુદ્ધ-સત્વ-પ્રધાન માયામાં રહેલો જે ઈશ્વર, તેને એ લિંગ શરીરમાં, અભિમાનને લીધે "હિરણ્ય-ગર્ભ" શબ્દ વડે ઓળખવામાં આવે છે. એમાં પાત્ર અને હિરણ્ય ગર્ભ, એ બન્ને લિંગ શરીરાભિમાની રૂપે સમાન હોવા છતાં એ ઉભયની વિભિન્નતા એ કેઃ વ્યષ્ટિ-લિંગ-શરીરાભિમાનીનું નામ "પાત્ર" અને સમષ્ટિ-લિંગ શરીરાભિમાનીને "હિરણ્ય-ગર્ભ" કહેવામાં આવે છે. હિરણ્ય ગર્ભ એ લિંગ શરીરોપાધિ વિશિષ્ટ સમુદય "પાત્ર" રૂપી જીવો સાથેનો પોતાનો અભેદભાવ જાણે છે તેથીજ તેને સમષ્ટિ અને એ જ્ઞાનરહિત હોવાના કારણથીજ સર્વ પાત્ર વ્યષ્ટિને નામે ઓળખાય છે.

હવે સ્થૂળ શરીર સંબંધી સાંભળ. પૂર્વે કહેલા પ્રાજ્ઞ વગેરેના ભોગને માટે ભોગવવા લાયક અન્નપાનાદિ અને ભોગનાં સ્થાન જરાયુજ, અણ્ડજ, સ્વેદજ અને ઉદ્ભિજ્જ, એ ચાર પ્રકારના શરીરની ઉત્પત્તિના વિધાનને માટે ઇશ્વરે આકાશ વગેરે સર્વે પંચભૂતનાં પ્રત્યેક ભૂતને પંચ-પંચાત્મક બનાવ્યાં છે.

* પાંચ ઉપવાયુ પણ છે. તેનાં નામઃ-નાગ, કુર્મ, કૃકર, દેવદત્ત અને ધનંજય.

કમલિનીએ પ્રશ્ન કર્યો: "એ પંચ–પંચાત્મકનેજ પંચીકરણ કહે છે?"

શિવપ્રસાદ: "હા."

કમલિની: "પંચીકરણની અવસ્થા મ્હને કહી સંભળાવો."

શિવપ્રસાદ: "કહું છું પણ તે સાંભળવાથી બરોબર સમજાશે નહિ. ત્યાગી મનુષ્યોને માટે એક સમય એવો આવે છે કે તે સમયે એક મહાપુરૂષ આવીને દેહમાંના સમસ્ત પંચ–પંચાત્મક પદાર્થને પૃથક પૃથક સ્પષ્ટ બતાવીને સમજાવી દે છે. યોગ સાધના દ્વારા એ અવસ્થા આવે છે. શાસ્ત્રની રીતે પંચીકરણનો અર્થ એ થાય છે કે: "આકાશ વગેરે પ્રત્યેક પંચભૂતને પ્રથમ બબ્બે અંશે વિભક્ત કર્યા પછી તે બે અંશના એક એક અંશના ચાર ચાર વિભાગ કરવા અને તેમાંનો અર્ધો અર્ધો અંશ છોડી દઇને અન્ય ચાર ભૂતના પ્રથમના અર્ધ અર્ધ અંશ સાથે તે ચારે અંશના એક એક અંશનો યોગ કરવાથી પ્રત્યેક ભૂત, પાંચ પાંચની સંખ્યામાં થઇ જશે. એનું નામ પંચીકરણ."

કમલિની: "હવે જે કહેતા હતા તે કહો."

શિવપ્રસાદ: "એજ પંચીકૃત પંચભૂતમાંથી બ્રહ્માણ્ડ, એ બ્રહ્માણ્ડમાંથી ભૂલોક વગેરે પાતાલ પર્યંત ચૌદ–ભૂવન અને સર્વ ભોગ્ય પદાર્થ, અને તેના ભોગને લાયકના સર્વ શરીર ઉત્પન્ન થયાં. એ શરીરને સ્થૂલ શરીર કહે છે. સ્થૂલ શરીરની સમષ્ટિમાં વ્યાપી રહેલા હિરણ્ય–ગર્ભ, અભિમાનને લીધે વૈશ્વાનર અથવા વિરાટ્ શબ્દે ઓળખાય છે અને વ્યષ્ટિમાં વ્યાપી રહેલા સર્વ પાત્રને તેના અભિમાનને લીધે દેવ, મનુષ્ય, ગાય, અશ્વ વગેરે રૂપ વિશ્વ કહેવાય છે.

અનાત્મદર્શી અને તત્વજ્ઞાનહીન દેવ, મનુષ્ય, વગેરે સર્વ જીવો, સાંસારિક સુખ દુઃખ ભોગને માટે સારાં નરસાં કર્મો કરવામાં પ્રવૃત્ત થાય છે અને પુનઃ કર્મ કરવાથી તેનું ફળ, સુખ દુઃખ વગેરેનો ભોગ કરે છે. એ પ્રમાણે જીવો જન્મ–મરણ રૂપી સંસારમાં પુનઃ પુનઃ જન્મ લઇને–જેમ નદીના પ્રવાહી–કુણ્ડાળામાં પડેલા કીડા એક કુંડાળામાંથી અન્ય કુંડાળામાં તણાઇ જાય છે અને કોઇ પ્રકારે કિનારો મેળવી સુખ પ્રાપ્ત કરવા સમર્થ થતા

નથી, તે પ્રમાણે તેઓ—જીવાત્માઓ—પણ કોઇ પણ રીતે અતિશય સુખ પ્રાપ્ત કરવા સમર્થ થતા નથી.

મ્હેં અત્યાર સુધી જે કાંઇ કહ્યું તે ઉપરથી તું સમજી શકી છે કે ત્હારા પ્રશ્નનો ઉત્તર એમાંજ સમાઇ જાય છે. અદ્વૈતવાદ અને દ્વૈતવાદ એ બન્નેનું મૂળ એકજ વાત છે. બ્રહ્મ એક છે, માયા પ્રતિબિંબિત થઇને બહુ રૂપે જણાય છે."

દ્વિતીય પરિચ્છેદ.

એક અને બહુ.

કમલિનીએ થોડી વાર વિચાર કર્યા પછી કહ્યું: "તમારી વાત મ્હોઢે કરવાથી પણ્ડિત થઇ શકાય ખરૂં! હજુ હૃદયમાં બરોબર ઠસ્યું નહિ."

શિવપ્રસાદ: "હૃદયમાં ઠસાવવાનો એક ઉપાય છે. જે બહાર છે તેજ અંતરમાં છે. જે વેગળે છે તેજ નિકટ છે. જરા યત્ન કર. જ્ઞાન કોને થાય છે?"

કમલિની: "સમજી નહિ."

શિવપ્રસાદ આપણે ખાઇએ છીએ, પહેરીએ છીએ, જોઇએ છીએ, સાંભળીએ છીએ, સ્પર્શ કરીએ છીએ, હસીએ છીએ, અને રડીએ છીએ. એ બધું જ્ઞાન કોને થાય છે?"

કમલિની: "કદાચ એમ કહીએ કે તે તે ઇન્દ્રિયોને તો કેમ?"

શિવપ્રસાદ: "ના તેમ કહી શકાય નહિ. આ ઘડીઆળ ટક્ટક્ શબ્દ કર્યાંજ જાય છે, એને જરા પણ વિશ્રામ નથી. આપણને કાન છે, છતાં પણ ઘણી વખત એનો શબ્દ સાંભળતાં નથી તેનું કારણ શું?"

કમલિની: "વાતો કરવામાં આપણે રોકાયલા હોવાથી."

શિવપ્રસાદ: "તેથીજ કહેવું પડશે કે શ્રવણેન્દ્રિય સાંભળતી નથી. સાંભળે છે અન્ય એક જણુ."

કમલિની: "તે મન તો નહિ? મન તો અન્ય દિશામાં રોકાયલું હતું."

શિવપ્રસાદ: "હા, પ્રથમ તો વિષયો સાથે કર્ણ આદિ યન્ત્રનો સંયોગ થાય છે. કર્ણ આદિ, અન્ય ઇન્દ્રિયો પાસે તે સમાચાર મોકલી આપે છે. ઇન્દ્રિયો તે મન અને નિશ્ચયાત્મિકા બુદ્ધિ પાસે લઇ જાય છે ત્યારે દેહમાંનો પુરૂષ અથવા આત્મા તે સમાચાર ગ્રહણ કરે છે. ત્યાર પછી આત્મા તેને જે પગથિયેથી તે સમાચાર આવ્યા હોય છે તે પગથિયે થઇને પાછા જવાની આજ્ઞા કરે છે. એ પ્રમાણે વિષયો ગ્રહણ કરવામાં આવે છે. આત્મા સિવાય શરીરમાંના અન્ય સર્વ અવયવો જડ છે. તેમ છતાં પણ મન એ ચક્ષુ આદિ બાહ્ય યંત્રો કરતાં અતિ સૂક્ષ્મ ભૂત વડે નિર્માણ થયું છે. મન જે ભૂતો વડે રચાયું છે તે ક્રમશઃ વિશેષ સ્થૂલ થવાથી તન્માત્રાની ઉત્પત્તિ થાય છે. તે તેથી પણ વિશેષ સ્થૂલ થવાથી દ્રષ્યમાન ભૂતોની ઉત્પત્તિ થાય છે. હવે સમજાયું હશે કે આપણે જે જોઇએ છીએ, સાંભળીએ છીએ, અને કરીએ છીએ તેના દ્રષ્ટા—જોનાર અથવા ગ્રહણ કરનાર તો આત્મા છે. કેમ સમજાયું?"

કમલિની: "હા, તેમજ."

શિવપ્રસાદ: "તે આત્મા પ્રથમ જેમ બહુ થયા હતા તેજ પ્રમાણે હમણાં પણ બહુ થાય છે. જ્યારે જગત્‌નું અસ્તિત્વ હોય છે ત્યારે તે બહુ થઇનેજ ક્રીડા કરે છે પરંતુ પ્રત્યેક જીવના કર્મ અથવા સંસ્કારને લીધેજ બહુત્વ હોય છે. કર્મ અને સંસ્કારને લીધેજ જીવના જન્મ મરણ—આવાગમન થાય છે. ત્હેં સ્વપ્ન જોયું છે?"

કમલિની: "તે વળી કોણે નહિ જોયું હોય?"

શિવપ્રસાદ: "સ્વપ્ન એ શું?"

કમલિની: "મિથ્યા—માત્ર મનનો વિચાર—પ્રવાહ. વખતે એક બે ખરાં પણ પડે છે."

શિવપ્રસાદ: "સ્વપ્ન જેમ મિથ્યા છે તેમ આ જગત્ પણ મિથ્યાજ છે. સ્વપ્ન એ જેમ માત્ર મનુષ્યનાં કર્મ અને વિચારનો પ્રવાહ છે તેજ પ્રમાણે મનુષ્યનું જીવન, સુખ દુઃખ વગેરે પણ મનુષ્યનાં કર્મ અને વિચારનો પ્રવાહ

જ છે. મનુષ્ય જે કર્મ કરે છે, જે વિચાર કરે છે, અને જે કલ્પનાઓ કરે છે તેની સૂક્ષ્માવસ્થા અથવા વિકાશ સ્વપ્નમાં પ્રતિફલિત થાય છે; તેજ પ્રમાણે મનુષ્ય જે કર્મ કરે છે, જે વિચાર કરે છે અને જે કલ્પના કરે છે તેની સૂક્ષ્માવસ્થા, અદ્રષ્ટ રચીને મનુષ્યને જન્મોજન્મ લઇ ફરતી ફરે છે. જે કર્મ કરવામાં આવે છે, જે વિચાર કરવામાં આવે છે, જે કલ્પના કરવામાં આવે છે અને જે આશા બાંધવામાં આવે છે તેની ચિત્ત ઉપર રેખા પડે છે. એનુંજ નામ સંસ્કાર. સ્વપ્નમાં પણ એજ સ્થૂલ મૂર્તિ ધારણ કરે છે. જીવના જીવન મરણમાં પણ તેજ અદ્રષ્ટ રૂપે થઈ સ્થૂળ મૂર્તિ ધારણ કરે છે. આત્મા સ્વપ્નમાં બહુ—અનેક થાય છે. ત્હેં કદાચ સ્વપ્નમાં વાઘ દીઠો હશે. વાઘ ત્હને ખાવા ધાયો હશે, ત્હેં ન્હાસવાનો અને આત્મરક્ષણ કરવાનો યત્ન કર્યો હશે, પરંતુ તેમ કરી શકી નહિ હોય, પણ એક અન્ય મનુષ્યે આવી ત્હારૂં રક્ષણ કર્યું હશે. સ્વપ્નમાં કેટલાએ સન્મિત્રો આવીને હિતકાર્ય કરે છે, કેટલાએ દુષ્ટ મિત્રો આવીને દુઃખ દઇ રડાવી ચાલ્યા જાય છે, કેટલુંએ દ્રવ્ય મળે છે, અથવા દ્રવ્ય વિના અતિ કષ્ટ ભોગવવું પડે છે, અને કેટલાંએ બજાર ભરાયલાં જોવામાં આવે છે, એ બધું શું છે? એ બધામાં એક આત્મા બહુરૂપે થાય છે. વાસ્તવિક રીતે જોતાં એ સર્વે અન્ય કશું નથી પણ આત્માજ એ બધું થાય છે. જો એમ કહીએ કે એ બધું કંઇ નથી અને શાસ્ત્ર પણ કહે છે કે તમારૂં જગત પણ એ પ્રમાણે કશુંજ નથી, જો કહીએ કે જગતમાં કંઇક છે ખરૂં, અને હમણાંનું—જાગ્રતનું—કામકાજ ઉદાહરણ રૂપે બતાવવામાં આવે, તો પછી સ્વપ્નમાં જણાતું પણ કંઇક બતાવી શકાશે. સ્વપ્નમાં થયેલા અશ્રુપાત વડે ઓસિકું પલળેલું જોવામાં આવે છે. સ્વપ્નમાં અનેક સ્થૂલ કાર્યો થયાં છે કે જે સ્વપ્ન મટયા પછી નજરે જણાયાં છે. એક મનુષ્ય અન્ય એક મનુષ્યને સ્પર્શ કરે છે, ઉપભોગ કરે છે, તેનાં ચિહ્ન પણ સ્વપ્ન પછી જાગ્રત થતાં જોવામાં આવે છે. સ્વપ્નનું સુખ, સ્વપ્નનું મિલન, અથવા સ્વપ્નનું કષ્ટ, સ્વપ્નનું દારિદ્ર અને સ્વપ્નનો વિરહ, જેમ જાગ્રત થતાં અલોપ થઇ જાય છે તેમજ આ દ્રશ્યમાન જગતનું સુખ દુઃખ, જીવન મરણ, હસવું રડવું, પોતાનું પારકું વગેરે આત્મજ્ઞાન પ્રાપ્ત થયા પછી અલોપ

થઇ જાય છે. તે સમયે આપણે જે ઉપાદાન-વસ્તુઓ-માંથી આ સર્વ વિધવિધ પ્રકારના જીવોની ઉત્પત્તિ થઇ છે તે જાણી શકીએ છીએ, અને તેમ થવાથી આપણે ખરા સુખના તરંગોમાં તરીએ છીએ. જડ અને ચૈતન્ય એ સર્વને સમજી શકીએ છીએ, અને એટલું પણ સમજી શકીએ છીએ કેઃ "હુંજ આ જગતમાં વ્યાપ્ત થઈ રહ્યો છું. વળી આપણને એવું પણ જ્ઞાન થાય છે કેઃ "તે-ઇશ્વર-છે. હું તેને આધિન છું. હું અને તે જૂદા નથી. તેના સુખમાંજ મ્હારૂં સુખ છે."

કમલિનીએ કહ્યું: "બહુ કઠિન વિષય છે. સહજ રીતે સમજી શકાય તેમ નથી. એના કરતાં તો "તે આપણો બંધુ" છે. આપણે તે "બંધુ"નાં છીએ. જગતમાં તે બંધુજ ભિન્ન ભિન્ન રૂપે વ્યાપી રહ્યો છે. એ સિવાય જગતમાં અન્ય કશુંજ નથી." એવું કહીને આનંદમાં ગદ્દગદ્દ થઈ જવું એજ સારૂં છે."

શિવપ્રસાદઃ "એવો આનંદ થાય તો તેજ મુક્તિનું દ્વાર સમજવું."

કમલિની: "એવું મ્હોઢેથી કહી શકાય છે ખરૂં પણ કાર્યમાં એ આનંદનો લાભ લેવાનું કઠિન જણાય છે. તમારા અભિપ્રાય પ્રમાણે એ આનન્દ મેળવવાનો સરલ ઉપાય શો?"

શિવપ્રસાદઃ "પ્રથમ તત્વવિચાર દ્વારા આત્માને જાણવો અને પછી માયાનો ત્યાગ કરવો."

કમલિનીઃ "માયાનો ત્યાગ કરવો એ શું સહજ છે? મ્હોડે આવ્યું તે બોલી ગયા!"

શિવપ્રસાદઃ "ત્યાગ કરવો એ સહેલું નથી પરંતુ યત્ન દ્વારા તેમ કરવું જોઇએ-યોગી થવું જોઇએ."

કમલિનીઃ "યોગી થવામાં કઈ કઇ વસ્તુની જરૂર પડે છે?"

શિવપ્રસાદે હસતાં હસતાં ઉત્તર દીધોઃ "ચલમ, તમાકુ, ગાંજો, ભાંગ, અફીણ વગેરે."

કમલિનીઃ "તમારા જેવા ત્યાગી પુરૂષોને પણ બીડી પીવાની ઇચ્છા થઇ કે શું?"

શિવપ્રસાદઃ "ના, ના. હું તમાકુનું વ્યસન રાખતોજ નથી. ચાલ, આપણે નીચે જઇએ. સન્ધ્યા સમય થયો છે. ઘણો વખત થયો, સત્યવતીને દીઠી નથી."

કમલિનીઃ "સત્યવતી સત્યવતી કહેતાં તો જીભમાંથી રસ ગળી પડે છે! સત્યવતી બહુ સુંદર છે ખરૂં ?"

શિવપ્રસાદઃ "હા, તે બહુ સુંદર છે. સુંદર છે એટલુંજ નહિ પણ મ્હારા જીવનનો આદર્શ, એક મહતિ પ્રતિભા, જાણે તેના દેહમાં, તેના નેત્રોમાં અને મુખ ઉપર સર્વદા રમત રમી રહી છે."

કમલિનીઃ "અને તેથીજ ઇચ્છાપૂર્વક, તેના હૃદય સાથે હૃદય બંધન બાંધી અને તેના મુખ સ્હામું મુખ રાખી નિરંતર તે પ્રતિભામાં તમારી પ્રતિભાનો સંયોગ કરો."

શિવપ્રસાદઃ "પ્રતિભા એ સર્વદા પૂજ્ય છે. સન્ધ્યા થઇ ગઇ."

કમલિનીઃ "આવો મ્હોટો દિવસ જાણે ટુંકો થઇ ચાલ્યો ગયો. અન્ય દિવસે દિવસ જતો નથી, જમ્યા પછી તો આખો દિવસ જાણે પ્રતિજ્ઞા કરી લાંબો થઇ બેઠો હોય છે! અને આજે તો જાણે હાથતાળી આપીને સત્વર ચાલ્યો ગયો!"

શિવપ્રસાદઃ "કેમ ચાલ્યો ગયો?"

કમલિનીઃ "સુખમાં સમય વીત્યો તેથી."

શિવપ્રસાદઃ "વાસ્તવિક રીતે જોતાં તેમજ છે. જે સ્થળે જે પ્રમાણમાં સુખ તે સ્થળે તે પ્રમાણમાં સમય ક્ષુદ્ર થઇ પડે છે. કાળ એ પણ માયાતીત નથી અર્થાત્ કાલ એ માયિક જગતમાંજ ગણાય છે! બ્રહ્મને માટે એ કાલ કલંક રૂપ નથી. એક મચ્છર જન્મ પામીને કેટલી ક્ષણ જીવતો રહે છે? કદાચ ચાર પાંચ દિવસ. એ ચાર પાંચ દિવસજ તેનું સમસ્ત જીવન—તેને મનથી લાંબા સમય જેવા મનાય છે. જીવ જેટલો પાપી, જેટલો મલિનતાવાળો, જેનામાં હિંસા, દ્વેષ, કુટિલતા, જેટલાં વિશેષ હોય છે તેટલોજ તે અલ્પ જીવે છે. એ અલ્પજીવન તેના મનથી બહુ દીર્ઘ માનવામાં આવે છે. એક ક્ષણને તે અનેક માને છે. આપણા ત્રણ દિવસ તે

મચ્છરના કદાચ દશ યુગ જેવાજ. આપણો એક માસ તે પિતૃલોકનો એક દિવસ છે. આપણું એક વર્ષ તે દેવલોકનો એક રાતદિવસ. એ પ્રમાણે ગણતાં શેષ તત્વ પર ઉતરતાં કાલ શેષ રહેશે નહિ. કાલનો અંશ પણ જણાશે નહિ. કારણ કે તે સ્થાને નિત્ય સુખ વિરાજે છે. સુખનો સમય અતિ સત્વર વિતી જાય છે તેનું કારણ પણ એજ. એક જુની વાર્તા છે. સાંભળઃ—એક દિવસ નારદ ઋષિ એક વન—માર્ગે ચાલ્યા જતા હતા. માર્ગમાં એક યોગી મળ્યા તેમણે ઘણા લાંબા વખતથી ભગવાનનું ધ્યાન ધરી શરીર સુકવી નાંખ્યું હતું. કેટલા બધા ટાઢ, તડકા, સહન કરીને, શરીરને સખ્ત કષ્ટ આપીને ઉપાસના કરતા હતા. તેમના દેહ ઉપર સાપના રાફડા અને વૃક્ષની લતા પત્રો ઉગી નિકળ્યાં હતાં. નારદને જોઈ ઋષિએ કહ્યું: "મહારાજ, કયાં જાઓ છો?" નારદે કહ્યું: "વૈકુણ્ઠમાં." યોગીએ કહ્યું: "ભગવાનને પૂછજો કેઃ "હજી કેટલા દિવસ પછી મ્હારી મુક્તિ થશે?" થોડે વેગળે ગયા પછી એક અન્ય યોગી સાથે નારદજીનો મેળાપ થયો. તે સદા આનંદ મગ્ન રહેતા હતા. આહાર, વસ્ત્ર માટે તેમનો કોઈ નિયમજ નહોતો. હાસ્ય ભરિત મુખે, પ્રેમ ભરેલે હૃદયે ભગવાનમાં નિમગ્ન રહેતા હતા. નારદને વૈકુણ્ઠ જતા જોઈ તેમણે કહ્યું: "હું કેટલા દિવસ પછી મુક્તિ પામીશ તે ભગવાનને પૂછતા આવજો." "બહુ સારૂં." કહીને નારદજી ચાલ્યા ગયા.

નારદજી વૈકુણ્ઠથી જ્યારે પાછા ફર્યા ત્યારે પહેલા ઋષિને મળ્યા. તેણે પુછ્યું: "ભગવાને શો ઉત્તર દીધો? હું કેટલા દિવસ પછી મુક્તિ પામીશ?" નારદજીએ ઉત્તર દીધોઃ "ભગવાને કહ્યું છે કે બીજા ચાર જન્મ થશે પછી મુક્તિ મળશે." એ સાંભળી ઋષિજી રડવા, કકળવા લાગ્યા અને નિરાશ થઈ બોલ્યાઃ "હરિ! હરિ! હજુ પણ બીજા ચાર જન્મ? હાય! હાય! આટલું બધું કષ્ટ વેઠીને શરીર સુકવી નાંખ્યું તોપણ બીજા ચાર જન્મ? ઓ ભગવાન! હજુ પણ આટલું બધું કષ્ટ સહન કરવું પડશે?" નારદજી ત્યાંથી ચાલ્યા ગયા. થોડે વેગળે જતાં બીજા આનંદી યોગીને મળ્યા. તેમણે પૂછ્યું: "મહારાજ ભગવાન પાસેથી શો ઉત્તર લાવ્યા છો? મ્હારી મુક્તિ માટે શું કહ્યું છે?" નારદજીએ ઉત્તર દીધોઃ "આ બાવળના વૃક્ષ ઉપર

જેટલાં પાંદડાં છે તેટલા જન્મ થશે ત્યાર પછી તમારી મુક્તિ થશે." એ સાંભળતાંજ યોગીજી અતિ આનંદમાં આવી જઇ નૃત્ય કરવા લાગ્યા, અને બોલ્યાઃ "ધન્ય છે પ્રભુ! મુક્તિ હવે મ્હારી મુઠ્ઠીમાંજ છે. એટલા જન્મ જતાં વાર શી?" અર્થાત્ તે હમેશાં ચિદ્દ્ઘન રસમાં નિત્યાનંદ માનતો હતો. તે પોતેજ આનંદ સ્વરૂપ થઈ રહ્યો હતો તેથીજ તેને એટલો બધો સમય પણ અતિ અલ્પ જણાયો. કાલ માત્ર બહાર છે. બ્રહ્મભાવ સમજાયા પછી તે કાલ વ્યાપતો નથી. બ્રહ્મ સાથે એકીભૂત થયા પછી તો અવિચ્છિન્ન સુખજ જણાય છે."

કમલિનીએ હાસ્ય કરતાં કહ્યું: "તમારૂં સુખ તમેજ ભોગવો. આટલી બધી લમણા ઝીક કરી મ્હારૂં ભમેલું માથું વધારે ભમાવી દેશો નહિ. એવો કંઈ સહેલો ઉપાય હોય તો કહો કે જેથી પ્રભુ મળે."

શિવપ્રસાદે પણ હસતાં હસતાંજ કહ્યું: "વાહ! વાહ! આ બધી લમણા ઝીક કેમ? ત્યારે હવે પ્રભુ મળે એવો તદ્દન સહેલો ઉપાય ગળે ફાંસો દેવો અથવા વિષ ખાવું એજ!" શાસ્ત્ર કહે છે કેઃ "પાપનો ત્યાગ કરીને સાંસારિક સુખમાંથી સર્વદા દોષનું શોધન કરવું. અને આત્મજ્ઞાન મેળવવા માટે ઉત્સુક થઇ પોતાના ગૃહમાંથી સત્વર બહાર ચાલ્યા જવું. સર્વદા સાધુ-ઓની સંગતિ કરવી. ભગવાન ઉપર દ્રઢ ભક્તિ રાખવી. હમેશાં શમ, દમ, ઉપરતિ, અને તિતિક્ષા વગેરે પાળવાં અર્થાત્ એ સર્વ ગુણો ધારણ કરવા. સકામ કર્મોનો ત્યાગ કરવો. વિદ્વાન પુરૂષો જેવાં આચરણ રાખવાં. પર-બ્રહ્મનો વિચાર કરવો, અને વેદાન્ત વાક્ય શ્રવણ કરવાં. નકામા તર્ક કરવા નહિ. શ્રુતિનાં વાક્યો પ્રમાણે તર્ક કરી શોધન કરવું. "**अहं ब्रह्मास्मि**" "હું બ્રહ્મસ્વરૂપ છું." એવી ભાવના કરવી. સર્વદા અહંકારનો ત્યાગ કરી આ દેહમાંથી અહંભાવનાનો ત્યાગ કરવો. અર્થાત્ હું એજ દેહ છું અને દેહ એ મ્હારો છે વગેરે અહંકારી ભાવના તદ્દન છોડી દેવી. જ્ઞાનિઓની પેઠે વર્તવું. દરરોજ અનાયાસે જે આવી મળે તે વસ્તુ વડે ક્ષુધા રૂપી વ્યાધિની શાંતિ કરવી. સ્વાદિષ્ટ અન્નની આકાંક્ષા કરવી નહિ. દૈવ બળે જે મળે તેમાં સંતુષ્ટ રહેવું. ટાઢ, તડકો વગેરે સહન કરવો. કદી પણ નકામા

શબ્દો બોલવા નહિ. હમેશાં જગતને મિથ્યા જાણી ઉદાસીન રહેવું, અને જીવાત્મા પ્રત્યે દયા રાખવી. નિર્જન સ્થાનમાં સુખેથી રહેવું. પરબ્રહ્મમાં ચિત્તની સમાધિ કરવી—પરબ્રહ્મમાંજ ચિત્તનો લય કરવો. સર્વત્ર પૂર્ણ આત્માની સત્તા અવલોકન કરીને સર્વ જગત તેના દ્વારા વ્યાપ્ત થયું છે એવુંજ જોવું. પૂર્વ સંચિત કર્મનો ક્ષય કરવાનો યત્ન કરવો, અને જ્ઞાનના બળવડે ભાવિ કર્મ આસક્તિનો ત્યાગ કરવો."

કમલિનીએ આ બધું ધ્યાનપૂર્વક સાંભળ્યું, પરંતુ સાંભળી રહ્યા પછી અતિ ઉદાસીન ભાવે કહ્યું: "તે તો જેમ ઇચ્છા હોય તેમ કરજો. તમાકુ ઉપર તમને ઘણા વખતથી આસક્તિ થઈ છે તેની નિવૃત્તિ માટે નીચે જઇએ ચાલો."

શિવપ્રસાદ: "હા, કોઇ એક પ્રકારની આસક્તિને માટેજ નીચે જવું છે. ચાલો."

બન્ને જણુ નીચે જવા માટે ઉઠી બહાર નિકળ્યાં. બીજા એક ઓરડામાં થઇને જતાં હતાં. કમલિની સાથેજ હતી. તેણે એકાએક શિવપ્રસાદનો હાથ પકડી દબાવ્યો અને ભીંતે ટાંગેલી એક રાધાકૃષ્ણની મનોહર છબી બતાવી કહ્યું: "જગતમાં આના કરતાં વિશેષ સુંદર બીજું કશું છે?"

શિવપ્રસાદે અનેક ક્ષણ પર્યંત તે યુગલ મૂર્તિ સ્હામું જોયા કર્યું. થોડી વારે કહ્યું: "ના એજ બ્રહ્મ અને પ્રકૃતિ. અતિ સુંદર."

કમલિની: "આ પ્રમાણે થઇ શકાય નહિ!"

શિવપ્રસાદ: "કેમ નહિ?"

કમલિની: "ચાલો ચાલો. સન્ધ્યા સમય થઇ ગયો જણાય છે. સત્યવતી કોણ જાણે કેટલોએ બબડાટ કરશે."

બન્ને નીચે ઉતરી પડયાં.

તૃતીય પરિચ્છેદ.

અનુમાન

કમલિનીએ કહ્યું હતું તેમજ બન્યું. સત્યવતી કમલિની સાથે ખુબ લડવા લાગી. સત્યવતીએ કહ્યું કે "મધ્યાહ્નના સમયથી તે છેક સન્ધ્યા સુધી શિવપ્રસાદ સાથે એકાંતમાં શા માટે વાતોના ગપાટા માર્યા? ત્હારો તો બકવામાંજ દિવસ વ્યતીત થાય છે, પણ બીજા કોઇને ખાવું પીવું હોય કે નહિ? શિવપ્રસાદે બપોરનું એક બિંદુ જળ પણ પીધું નથી. ક્યારનીએ સન્ધ્યા વિતી ગઇ છે. હજુ પણ તેમણે કશું ખાધું નથી. માત્ર તેમને શબ્દોથીજ સંતુષ્ટ રાખવા છે કે? એ તરફ પણ લક્ષ્ય રાખવું જોઇએ."

કમલિનીએ તેનો આરોપ યોગ્ય જાણ્યો નહિ. તેણે કહ્યું: "મ્હેં કંઇ ત્હેમને બાંધી રાખ્યા નહોતા. એમને ભૂખ લાગે તે વખતે આવીને જમી શકે એમ હતું. ત્હારે જરૂર હતી તો એમને બોલાવી લેવા હતા."

સત્યવતી તેના ખુલાસાથી સંતુષ્ટ થઇ નહિ. તે ઉતાવળે જઇને એક વાટકીમાં ઉકાળેલું દુધ, થોડીક પુરી, અને કેટલાંક ફળમૂળનો થાળ લાવી. શિવપ્રસાદે કંઈ પણ બોલ્યા વિના જમવા માંડયું.

નોકરે પાન સોપારી વગેરેની રકાબી મૂકી.

એક ન્હાની ગાદી પાથરી હતી. તેના ઉપર શિવપ્રસાદ અને કમલિની, બન્ને પાસે પાસે બેઠાં હતાં. સ્હામુ થોડે વેગળે સેતરંજી ઉપર સત્યવતી અને તેની એક બ્હેનપણી બેઠાં હતાં. તેઓ એક ઉજ્વળ દીપકની તીવ્ર જ્યોતિ પ્રકટાવી તેનું રૂપ જોવા અને પોતાનું રૂપ બતાવવા આતુર થઈ રહ્યાં હતાં.

જમનાદાસીની એક સાત વર્ષની કન્યા, જમનાની સાથેજ તે ઘરમાં રહેતી–ઉછરતી હતી. તે દાસીની કન્યા છે એવું ઘરમાં કોઇ જાણતાં નહિ. તેને બધાં પોતાની બ્હેન ગણી અતિ પ્રેમપૂર્વક તેનું લાલન પાલન કરતાં. કન્યા પણ ઘરનાં બધાં સાથે હળી ગઇ હતી. કમલિની અને સત્યવતી સાથે હરતી ફરતી.

શિવપ્રસાદના સ્હામું ન્હાની બાસ્ટી પર પાન, સોપારી, એલચી, લવિંગ, વગેરે સુંદર ભાવે ગોઠવેલી રકાબી મૂકેલી હતી. તેમાંનું બધું શિવપ્રસાદને માટેજ હતું. એકાએક જમનાની કન્યા કોણ જાણે ક્યાંથી ત્યાં આવી પહોંચી અને આતુર નેત્રે રકાબીમાં મુકેલી વસ્તુઓ સ્હામું જોવા લાગી. કદાચ તેના મનમાં વેદાન્તિક મિમાંસા થવા લાગી હોય કે: "જગત્માં સર્વત્ર જ્યારે એક બ્રહ્મજ છે, અને તે સિવાય અન્ય કશુંજ નથી, ત્યારે રકાબીમાંથી હું ખાઉં અને શિવભાઇ ખાય તે બન્ને એક સરખુંજ છે. હું અને તે બ્રહ્મમયજ છીએ. મ્હારા ખાવાથી તેમને તૃપ્તિ થશે." જમનાની કન્યાએ વિલંબ કર્યો નહિ. રકાબીમાંથી પાનસોપારી લીધાં. એ જોઈ કમલિનીએ તેને ધમકાવી કહ્યું: "એમાંથી લઇશ નહિ."

થોડે વેગળે બેઠેલી સત્યવતીએ હાસ્ય કરી બ્હેનપણીના મુખ સ્હામું જોઈ મૃદુસ્વરે કહ્યું: "એ તો મ્હેં તમારે માટેજ ગોઠવ્યું છે."

કમલિનીએ તે શબ્દો કાને સાંભળ્યા નહિ. શિવપ્રસાદે સાંભળ્યા.

થોડી વાર બીજી વાતો ચાલ્યા પછી સત્યવતીએ કહ્યું: "મ્હારી આ બ્હેનપણી રાધાબાઈ તમારી પાસે કંઇક સાંભળવા આવી છે. એ દેવપ્રસાદભાઈનાં પુત્રી છે. દેવપ્રસાદ અમદાવાદમાં ડાક્ટર છે. એ "બ્રહ્મસમાજી" છે. "બ્રહ્મસમાજી" નું નામ સાંભળી, બીજાઓની પેઠે તમે પણ આડે દોરાઇ જશો નહિ."

શિવપ્રસાદ મૃદુ હસીને બોલ્યાઃ "ના, ના. તેમ બનશે નહિ. મ્હારું કાર્ય હું કરીશ. એમનો પ્રશ્ન સાંભળવાની ઇચ્છા છે."

સત્યવતીઃ "એમની ઇચ્છા છે કેઃ જાતિ ભેદ માનવો જોઇએ કે કેમ?"

શિવપ્રસાદઃ "જેઓ સાચાં "બ્રહ્મ" છે તેને વળી જાતિભેદ કેવો?

પરંતુ આપણે માયિક જગતનાં મનુષ્યો છીએ. આપણે જાતિ ભેદ માનવોજ જોઇએ. એજ નિશ્ચય. સત્યવતી ! જાતિ એ શું છે ? એ માત્ર પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા સત્વ, રજ, અને તમ નામક ત્રણ ગુણના ભિન્ન ભિન્ન ભેદજ છે. એ ગુણ જ્યારે સત્ય કહીએ ત્યારે જાતિ ભેદ એ પણ સત્યજ કહેવાશે, પરંતુ જીવ જ્યારે એ ગુણથી પર–બહાર–જાય, પ્રકૃતિની પર–બહાર–જાય અને માયાની પ્રપંચ–જાળનું તેને જ્ઞાન થાય અર્થાત્ મનુષ્ય જ્યારે ખરો "બ્રહ્મ" રૂપ થાય, ત્યારે જાતિ, દેશ અને કાળનો ભેદ મટી જાય છે. મનુષ્ય જ્યારે સમજી શકે છે કેઃ જગત એ અન્ય કશું નથી–જગત એ તે પોતેજ છે. હું, તું, તે, પેલો, કીટ, પતંગ, સુખ, દુઃખ, ટાઢ, તડકો, એ વસ્તુનું જે જ્ઞાન હતું તે માત્ર સ્વપ્ન–દર્શન સિવાય બીજું કશુંજ નહિ, અને આત્મા સિવાય અન્ય કશું છેજ નહિ, એવું જ્યારે જ્ઞાન થાય ત્યારે પછી જાતિ ભેદ કેવો ? "બ્રહ્મ" ને જાણ્યા પછી જાતિભેદ રહેતો જ નથી. "બ્રહ્મ સમાજી" કહેવાવું એ એક વાત છે અને "બ્રહ્મ" ને જાણવો એ જુદી વાત છે. એવો યત્નજ કરે છે કોણ ? કોઇકિજ વિરલા !"

સત્યવતીઃ "ત્યારે આપણે જાતિભેદ માનવો જોઇએ ખરૂં ને ?

શિવપ્રસાદઃ "હા. અવશ્ય જાતિભેદ માનવોજ જોઇએ. ઉત્કૃષ્ટ જાતિના ચોખાનો ભાત તમને મુખપ્રિય–સ્વાદિષ્ટ લાગે છે અને હલકી જાતના ચોખાનો ભાત જમતાં અરૂચિ કેમ થાય છે ? સારી જાતની મીઠી કેરી ખાતાં આનંદ થાય છે અને હલકી જાતની ખાટી કે તુરી કેરી ખાતાં મ્હોડું કટાણું કેમ કરો છો ? બન્ને જાતિનું મૂળ, ખાતર, અને પ્રકૃતિ એકજ હોય છે ત્યારે પછી આપણે એવો ભેદ શા માટે રાખવો ? નરકના ટોપલા ઉપાડનાર ઢેડને જોતાંજ તમે નાકે રૂમાલ દઈ તેનાથી દોઢ ગાઉ દૂર જતા રહો છો અને કપાળમાં ટીલાં કરી, સ્વચ્છ વસ્ત્રો પહેરેલા બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્યની પાસે જઇ નમસ્કાર કરો છો. ગાયને જોતાંજ તેના તરફ મમતા બતાવો છો અને ભૂંડને જોતાંજ તેનાથી વેગળા રહેવા ચ્હાઓ છો ! અત્તરની સુગંધનો અનુભવ થતાંજ તેને રૂમાલમાં છાંટો છો અને ઘાસલેટને નજરે જોતાંજ તેને પંક્તિ બહાર મૂકો છો એનું કારણ ? જાતિભેદને નહિ માન-

નારા મહાપુરૂષોને પૂછીશું તો એનો શો ઉત્તર આપશે ? ઉત્તર એજ કે: એ પ્રત્યેકના ગુણ–ધર્મ જૂદા છે. તેથીજ ઉપર કહ્યું છે કે: ગુણથી બહાર –પર–જઈ શકીએ ત્યારે જાતિભેદ માનવો નહિ, પણ જેટલા દિવસ ગુણ–ધર્મની મર્યાદામાં રહીએ ત્યાં સુધી ગુણને માનવો પડશે. અર્થાત્ ગુણના પૂજારી રૂપે જાતિભેદને માનવો પડશે."

સત્યવતીએ પોતાની પાસે બેઠેલી દેવપ્રસાદ ડાક્ટરની પુત્રી રાધા સ્હામું જોયું. એમ જોવાનો ઉદ્દેશ્ય એ હતો કે: "શિવપ્રસાદને કંઇ પ્રશ્ન કરવો હોય તો કર ! મ્હારી વિદ્યા તો ખૂટી પડી !" સત્યવતી જાતિભેદને માનતી હતી.

રાધાએ ધીમે મંજુલ શબ્દે શરમાતાં શરમાતાં પૂછ્યું: "માત્ર ભારતવર્ષમાંજ જાતિભેદનો રિવાજ છે. અન્ય સુધરેલા દેશોમાં નથી. એ ઉપરથી શું એમ સમજવું કે જાતિભેદનો રિવાજ મનુષ્યે પ્રચલિત કર્યો છે ?"

શિવપ્રસાદે સ્મિત હાસ્ય કરીને કહ્યું: "દેવી ! ત્હમારો પ્રશ્ન બહુ કલ્યાણકારી છે. આર્ય યુવતિઓ આવા પ્રશ્નો પૂછી નવું નવું જાણે એ બહુજ મંગળમય છે. તમારા પ્રશ્નનો એજ ઉત્તર છે કે: હિંદુશાસ્ત્રના અભિપ્રાય પ્રમાણે એ પ્રથા શાસ્ત્રદ્વારા ભગવાનેજ રચી છે. મનુષ્યે નહિ."

રાધાએ જરાક હિમ્મત રાખી શરમ ધીમે ધીમે છોડતાં પૂછ્યું: "ત્યારે શું પ્રત્યેક દેશને માટે ભગવાન જૂદા જૂદા છે ?"

શિવપ્રસાદે સ્મિત હાસ્ય કરી ઉત્તર દીધો: "મંગલમયી, આર્ય મહિલા, અન્ય ધર્મીઓ એવું ધારી શકે પણ હિંદુઓ તેમ કહી શકે નહિ. ખ્રિસ્તીઓ કહે છે કે: "જેઓ ઇસુ ખ્રિસ્તનું ભજન નહિ કરે, ઇસુ ખ્રિસ્તના ઉપદેશ પ્રમાણે ધર્માચરણ નહિ કરે, તે અનન્તકાલ પર્યંત નરકમાં સડયા કરશે. મુસલમાનોના અભિપ્રાય પ્રમાણે: જેઓ હ. મહમ્મદ સાહેબનાં વચનો પ્રમાણે ખુદાતાલાની ઉપાસના નહિ કરે તેઓને કાફર કહેવા જોઇએ. તેમનો આત્મા અનન્તકાલ પર્યંત, અનન્ત અંધકારમાં પડી રહેશે. એ પ્રમાણે જૂદા જૂદા ધર્મપંથવાળાઓ જૂદો જૂદો અભિપ્રાય દર્શાવે છે, પણ હિંદુઓ તો કહે છે કે: "તે સાકારરૂપે રામ પણ ખરો, રહેમાન પણ ખરો, ખ્રિસ્ત

પણ ખરો, હ. મહમ્મદ પણ ખરા, જરથુસ્ત પણ ખરા, અને નિરાકાર રૂપે? નિરાકાર રૂપે કહીશું તો તે રામ પણ નથી, રહેમાન પણ નથી, ખ્રિસ્ત પણ નથી, કૃષ્ણ પણ નથી, હ. મહમ્મદ પણ નથી, અને જરથુસ્ત પણ નથી. તે નામ રૂપથી અતીત છે, નિરંજન, નિરાકાર છે. તે કલાહીન, સીમાહીન, નામહીન, ગુણહીન, રૂપહીન, તે અનન્ત છે, કેવલ આનન્દમય છે. તેનામાંથીજ માયા ઉત્પન્ન થઈ છે, અવિદ્યા ઉત્પન્ન થઈ છે, ગુણ ઉત્પન્ન થયો છે, દેવતા ઉત્પન્ન થયા છે, અસુર ઉત્પન્ન થયા છે, મનુષ્ય, પશુ, પક્ષી, કીટ, પતંગ, તૃણ, લતા, વૃક્ષ, વગેરે સર્વ દ્રષ્ય પદાર્થો ઉત્પન્ન થયા છે. એ અવિદ્યા, એ માયાથી મુક્ત થવું જોઇએ. તોજ અમે મૂળમાં જે સત્ય હતા તેજ કેવલ—આનંદ—સ્વરૂપ થઈશું. ખરો આનંદ તો આત્માનંદ કહેવાય છે. આત્માનાં દર્શન થાય, તોજ ઈશ્વર—તત્ત્વ સમજાયું કહેવાશે. માયા એ પણ મુક્તિને માટેજ છે. આપણી નજીકનો આત્મા, આત્મમાયામાં અવતાર લઈ, આપણામાં આપણી પેઠેજ ધર્મમત સંસ્થાપન કરે છે. આપણે તે મત પ્રમાણે કર્મ કરી અગ્રેસર થઇએ છીએ."

રાધાઃ "બરોબર સમજાયું નહિ."

શિવપ્રસાદઃ "ધારો કે મ્હારે ચાર પુત્ર છે. તેમના ઉપર મ્હારો સમાન સ્નેહ, સમાન મમતા અને સમાન લાગણી થાય છે,"

રાધાઃ "એતો થાયજ."

શિવપ્રસાદઃ "ધારો કે જાણે એ ચારેને વિદ્યાભ્યાસ કરવા માટે વિદ્યાલયમાં મોકલ્યા છે. વિદ્યાલયના અધ્યક્ષે એ ચારેની પરીક્ષા કરીને તેમની શિક્ષાને અનુસાર કોઇને પહેલા ધોરણમાં, કોઇને બીજા ધોરણમાં, કોઇને ત્રીજા ધોરણમાં અને કોઇને ચોથા ધોરણમાં પ્રવેશ કરાવ્યો, અને તેમને લાયકના શિક્ષકને સ્વાધીન કરીને તે તે ધોરણને લાયકના ગ્રન્થોનું અધ્યયન કરાવવાની વ્યવસ્થા કરી. એમાં, હું તેમનો પિતા હોવાથી મ્હારો કિંવા વિદ્યાલયના અધ્યક્ષનો કાંઈ પણ દોષ થયો કે?"

રાધાઃ "ના, તેમ બને કેમ? જે જેને લાયક હોય તેને તે શ્રેણીમાં રાખવોજ પડે."

શિવપ્રસાદઃ "એજ પ્રમાણે આપણા સગુણ ઇશ્વર જગન્નાથ, દેશે-દેશમાં સર્વ મનુષ્યના, સર્વ જીવોનાં, સર્વ પદાર્થોનાં હૃદય દેશમાં નિવાસ કરીને, તેમના શ્રેણી વિભાગ કરી, તેમની લાયકાત પ્રમાણે તેમનામાં ધર્મા-મૃતની ધારા રેડે છે. જે ઇશ્વરે કૃષ્ણ રૂપે હિંદુઓને, જીવ માત્ર પ્રત્યે પરમ પ્રેમનો ઉપદેશ દીધો છે, તેજ ઇશ્વરે, ક્રાઇસ્ટ રૂપે ખ્રિસ્તીઓને, તેમને ઉપ-યોગી થઇ પડે એવો ધર્મ શિખવ્યો છે. તેજ ઇશ્વિરે હ. મહમ્મદ રૂપે જન્મ લઈ મુસલમાન સમાજને ઉપયોગી થઇ પડે એવો ધર્મ પ્રચાર કર્યો છે. તે ઇશ્વિર એક છે તેમ છતાં જે સ્થળે, જે સમાજમાં, જે સમયે જે પ્રકારના ધર્મનું પ્રયોજન જણાયું તે સ્થળે, તે સમાજમાં, તે સમયે ઉત્પન્ન થઈ ધર્મનું સંસ્થાપન કર્યું."*

રાધાઃ "જ્યારે તે ઇશ્વિર એક છે ત્યારે ખાદ્યાદિ ભેદને લીધે અને સમાજ ભેદને લીધે આટલો બધો ભેદ શા માટે? હિંદુ, મુસલમાનને અથવા ખ્રિસ્તીને અડકતાં બ્હીયે છે શા માટે?"

શિવપ્રસાદઃ "જે મનુષ્ય જેવા ધર્મનો અને કર્મનો અધિકારી, જેવા દેશનો નિવાસી હોય તેને માટે તેવા ખાદ્યની વ્યવસ્થા થઇ છે. જે તપસ્યા કરે, જે યુદ્ધ કરે, જે નોકરી કરે, જે વિદ્યાધ્યયન કરે, જે કૃષિ કાર્ય કરે અને જે મહેનત મજુરી કરે, તે સર્વને શું એકજ જાતનો આહાર જોઇએ છે? શીત, ગ્રીષ્મ, વસન્ત, વર્ષા, આદિ ઋતુઓમાં પણ શું એકજ જાતનો આહાર હોય છે? ધારો કે મ્હારા ચાર પુત્રોનાં શરીર નિત્ય નિરોગી રાખવા, તેમની ઉપર દેખરેખ રાખવા માટે મ્હેં ચાર ચિકિત્સક રાખ્યા છે. તેઓ ચારે પુત્રોનાં સ્નાન, આહાર, નિદ્રા, વ્યાયામ, વગેરે સર્વ કાર્યો પ્રત્યે દ્રષ્ટિ રાખે છે. જે દિવસ મ્હારા એકાદ પુત્રને જ્વર આવે છે તે દિવસે તેને ચિકિત્સક તે પુત્રને અન્નનો આહાર કરવા દેતો નથી. માત્ર થોડું

---

* यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थान मधर्म्मस्य तदात्मानं सृजाम्यहम् ॥

"હે ભારત! જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે અને અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે ત્યારે હું શરીર ધારણ કરૂં છું." શ્રીમદ્ ભગવદ્ગીતા અ. ૪. શ્લો. ૭.

દુધ અથવા સાબુચોખાની કાંજી પાય છે. બીજાનું શરીર ભારે ભારે રહેતું હોવાથી તેનો ચિકિત્સક તેને દહિં ખાવા દેતો નથી. ત્રીજાને અમ્લપિત્ત થવાથી તેને કાચું ઘી ખાવા દીધું નહિ અને એકને પિત્તપ્રકોપ થવાથી તેને કાંદા ખાવાની વ્યવસ્થા કરી. એમાં ચિકિત્સકનો શો દોષ? એમાં ચિકિત્સકનો પક્ષપાત નહિ કહેવાય. ઉલટું એને દયા અને સુંદર વ્યવસ્થા કહેવી પડશે. આપણો એક અને અદ્વિતીય આત્મા, જે સમાજમાં ધર્મની ગ્લાનિ સમજે છે—પ્રયોજન જાણે છે, તે સમયે તે સ્થળે અવતાર રૂપે દર્શન દે છે. તેથીજ હિંદુઓ, ખ્રિસ્તીઓને કિંવા મુસલમાનોને ખેંચી તાણીને—જોર જુલમથી કિંવા પ્રપંચ લુચ્ચાઇથી હિંદુ કરવા ચાહતા નથી. કિંવા હિંદુઓને તેમના ટોળામાં જવા દેતા નથી. હિંદુઓ જાણે છે કે: એક અને સર્વ ભૂત માત્રના ઇશ્વરે, જેમનો જેવો અધિકાર તેમને તેવા ધર્મમાં રહેવા માટે—તેવા ધાર્મિક બનાવવા માટે—તે સ્થળે, તે રૂપે ઉત્પન્ન થઇને, તેવુંજ ધર્મ શિક્ષણ આપવાનો માર્ગ ઉઘાડયો છે, અન્યને માટે તે વિધર્મજ કહેવાશે. હિંદુને માટે મુસલમાનનો કિંવા મુસલમાનને માટે ખ્રિસ્તીનો ધર્મ એ વિધર્મ—પરધર્મ—જ કહેવાશે, અને જે પરધર્મ છે તેમાં કદી પણ આત્મમુક્તિ થવાનો સંભવ નથી. હિંદુઓ જાણે છે કે: "સ્વધર્મમાં રહીને મરવું સારૂં છે. પારકો ધર્મ ભયંકર છે."*

રાધા: "મ્હેં તો આપને પૂછ્યું હતું કે: "ભારતવર્ષ સિવાય અન્ય દેશોમાં જાતિભેદની વ્યવસ્થા કેમ નથી?"

શિવપ્રસાદ: "હું પણ એજ પ્રશ્નનો ઉત્તર આપતો હતો. ભારતવર્ષમાં ષડ્ઋતુ દર્શન દે છે. ભારતવર્ષ, એ પર્વત, સરોવર, નદીઓ, અને બહુ દેશમાં વ્હેંચાઇ ગયેલો હોવાથી તેનાં સ્વાસ્થ્ય, વાયુ વગેરે જૂદા પ્રકારનાં

---

* श्रेयान् स्वधर्मो विगुणः परधर्मात् स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥

"પારકો ધર્મ આચરવા કરતાં પોતાનો ધર્મ ઓછા ગુણવાળો જણાય તો પણ તે વધારે કલ્યાણકારક છે. સ્વધર્મમાં રહીને મરવું સારૂં છે. પરંતુ પારકો ધર્મ તો એથી પણ વધારે ભયંકર છે." શ્રીમદ્ ભગવદ્ગીતા. અ. ૩. શ્લો. ૩૫.

છે. આપણા દેશમાં એક માનવ સમાજમાં, બહુ પ્રકારના ગુણ પૂર્ણ રીતે જણાય છે. એકજ જાતિના પશુ સમાજમાં વિવિધ જાતિની ઉત્પત્તિ થાય છે. એકજ જાતિનાં ઉદ્‌ભિજ્જમાંથી બહુ પ્રકારનાં ઉદ્‌ભિજ્જ થવાનો સંભવ છે, તેથીજ ભારતવર્ષમાં જાતિભેદ માટે આટલી બધી કઠોરતા જણાય છે. વળી ભારતવર્ષનો મનુષ્યસમાજ, ધર્મ અને સમાજ સંસ્કાર માટે, સમગ્ર જગત્ કરતાં ઘણા દિવસનો પુરાતન છે. તેથીજ ભારતવર્ષમાં, અન્ય દેશો કરતાં, બહુ પૂર્વે, સર્વ સુધારાની વ્યવસ્થા થઇ ગઇ છે, અને તેમાં અન્ય ડહાપણ કરનારાઓ માટે હવે અવકાશજ નથી. જાતિભેદ એ તો સર્વ –સુધરેલા–દેશોમાં અને સર્વ સમાજમાં છે, જો કે હિંદુ જ્ઞાતિઓની પેઠે સખ્ત બંધન જેવો નથી. ત્યારે તેઓનો સમાજ પણ હિંદુઓની પેઠે સખ્ત બંધનવાળો અથવા પુરાતન નથી."

રાધાઃ "અનેક વિદ્વાનોને વિશ્વાસ છે કેઃ જાતિભેદને લીધેજ હિંદુ જાતિનું અનિષ્ટ થયું છે અને થશે."

શિવપ્રસાદઃ "ના દેવી, તેમનું એ ધારવું ભૂલભરેલું છે. ભારતવર્ષમાં જો જાતિભેદ ના હોત તો હિંદુનું નામનિશાન ક્યારનુંએ લુપ્ત થઇ ગયું હોત. કેટલાએ રાષ્ટ્ર વિપ્લવ, કેટલાએ પ્રકૃતિ વિપ્લવ, અને કેટલાએ ધર્મવિપ્લવ થઇ ગયા છતાં તે સર્વ સહન કરીને, હજુ પણ હિંદુજાતિ વિદ્યમાન રહી છે, તેનું કારણ એજ જાતિભેદ છે. તેથી કહેવુંજ પડશે કેઃ જાતિભેદ ભારતવર્ષમાં અખણ્ડ રહી ચિર પ્રતિષ્ઠિત રહે એજ પ્રભુ પ્રાર્થના. તેમ છતાં ખરા બ્રહ્મસમાજી–ખરા બ્રાહ્મણો–ની જૂદી વાત! તેમને માટે જાતિભેદ નથી અને સ્ત્રી, પુરૂષનો ભેદ પણ નથી. વસ્તુ ભેદ પણ નથી અને જીવજંતુનો ભેદ પણ નથી. તેમને મનથી તો સર્વ બ્રહ્મમય. સર્વ એકાકાર."

રાધાઃ "અન્ય જાતિવાળાઓ, હિંદુજાતિને મૂર્તિપૂજક કહીને તેમની મશ્કરી કરે છે–હસે છે."

શિવપ્રસાદઃ "હા, હું તે જાણુંછું. એનો ઉત્તર એજ છે કેઃ જે મનુષ્યને જે વિષયના તત્વનું જ્ઞાન નથી, જેના હૃદયમાં ઉચ્ચ વિચાર કરવાની લાયકાત નથી–શક્તિ નથી, તેના સમ્મુખ કોઇ વિપરીત વિષય આવી રહ-

હતાં તે તેની મશ્કરી—હાસ્ય—કરે, એ હ્હેના ક્ષુદ્ર મસ્તિષ્કમાંથી જન્મ પામેલા ફળસ્વરૂપજ છે! જેણે આર્ય શાસ્ત્રોનું નિયમ પ્રમાણે અધ્યયન કર્યું છે, આર્યોની ઉપાસના પદ્ધતિમાં જેઓ નિમગ્ન થયા છે, જેઓને યોગ સાધનાથી થતા ફળનું જ્ઞાન છે અને જેના આચાર્યો યોગ વિદ્યામાં કુશળ છે તેઓજ જાણી શકે છે. કેઃ હિંદુઓ માત્ર એકલાજ મૂર્તિપૂજક નથી પણ હિંદુઓની મશ્કરી કરનારા મૂર્તિભંજક મનુષ્યોજ ખરી રીતે તો મૂર્તિ પૂજક છે.”

રાધાઃ “આપનું કહેવું હું સારી પેઠે સમજી શકી નહિ.”

શિવપ્રસાદઃ “અનેક જાતિના ધર્મશાસ્ત્રોમાં એવું લખ્યું છે કેઃ તેમના ઇશ્વર, પ્રલય કાલ સમયે, માનવ આત્માઓને લઇને એક ન્યાયાસન ઉપર બિરાજશે. તે દરબારમાં વકીલ, મુખત્યારો પણ હાજર રહેશે. આત્માઓ નિયમ પ્રમાણે પોતાના કૃત કર્મનું વર્ણનપત્ર—અરજી—આપીને ન્યાય પ્રાર્થના કરશે. ઇશ્વર સૌનો ન્યાય કરશે. વકીલ, મુખ્ત્યારો ઇશ્વરને વર્ણન—પત્રોના સાર સમજાવશે. બધાની પ્રાર્થના સાંભળ્યા પછી ઇશ્વરની ઇચ્છા પ્રમાણે આજ્ઞા અપાશે, અને આત્માઓને કાં તો અનન્તકાળને માટે સ્વર્ગમાં કિંવા નરકમાં નાંખવામાં આવશે. સ્વર્ગ અથવા નરકના દૂતો તેમને પુણ્યનું ઇનામ કિંવા પાપનો દણ્ડ આપશે. શું આ વ્યવસ્થાને ઘોર મૂર્તિપૂજા કિંવા એ ધાર્મિક સંપ્રદાયને મૂર્તિપૂજક ના કહેવો જોઇએ? આવી મૂર્તિની ધારણા, મૂર્તિનું ન્યાયાસન, અને મૂર્તિના આચાર ન્યાય શું વિજ્ઞાન પ્રમાણે યોગ્ય છે?”

રાધાઃ “હિંદુઓ, પત્થર માટી અને લાકડાંના દેવ બનાવી તેની પૂજા કરે છે તેથીજ તેને મૂર્તિપૂજક કહે છે.”

શિવપ્રસાદઃ “હિંદુઓ જાણે છે કેઃ નિચલા વર્ગના સાધકો માટે નિચલી પંક્તિની આરાધના થાય એજ તેમનું કર્તવ્ય છે. તેથીજ દેવ દેવીની આરાધનાની રચના થઈ છે. પુત્રની કામનાવાળા મનુષ્યો સુષ્ટિદેવીની આરાધના કરે છે, રોગી મનુષ્ય સૂર્યોપાસના કરે છે, માયા બંધનમાંથી મુક્ત થવાની ઇચ્છાવાળાં મનુષ્યો મહામાયાની આરાધના કરે છે, શક્તિની ઇચ્છાવાળા મનુષ્ય શક્તિની સાધના કરે છે, પરંતુ તેઓ જાણે છે કે એ ઉપાસના—આરાધનાથી મુક્તિ પ્રાપ્ત થતી નથી!—જીવનું જન્મમરણ છૂટતું નથી.

મૂર્તિની પૂજા એકલીજ મોક્ષપ્રદ નથી, એ પણ હિંદુઓ જાણે છે. હિંદુશાસ્ત્ર મેધગર્જના કરીને કહે છે કે: "મનઃ કલ્પિત મૂર્તિ મોક્ષ સાધિની નથી.* તે સાધકના હિતાર્થે બ્રહ્મના એક અંશની અર્થાત્ સ્થૂળ ભાવે આરાધના થાય છે. એ માર્ગે થઇને સાધક, ક્રમે ક્રમે અગ્રેસર થઈ શકે છે. અને અંતે જન્મ મરણથી છુટાય એવી ઉપાસના કરી શકે છે. જેઓ મૂર્તિનાં દોષ જુવે છે, તેઓનાં શાસ્ત્રમાં પણ કોઇક નદીઓની, કોઇ સ્થળોની, કોઇ ગ્રહ નક્ષત્રની, અથવા કોઇ દિવસની, ઉપાસના આરાધનાનું વિશેષ ફળ વર્ણવવામાં આવ્યું છે, પરંતુ હિંદુઓ એ વિષયમાં અન્ય સર્વ કરતાં વિશેષ આગળ વધ્યા છે—ઉન્નતિ પામ્યા છે, તેથીજ તેમને એ વિષયમાં અધિક જ્ઞાન થયું છે."

રાધાઃ "આપના મત પ્રમાણે એવું કરવું એ કર્તવ્ય ખરૂં ?"

શિવપ્રસાદઃ "આજકાલ ક્રમવિવર્તનવાદ એ વિજ્ઞાનનું એક મુખ્ય અંગ થઇ પડયું છે એટલે તે દ્વારા પણ જાણી શકાય છે કે: આત્મિક ઉન્નતિ ક્રમે ક્રમે કરવી જોઇએ, પરંતુ ઉન્નત આત્માને માટે પછીથી એ સર્વની—મૂર્તિ પૂજા વગેરેની—અગત્ય નથી. જે જીવ હૃદયનું સર્વસ્વ, સર્વદા તે પરમાત્માના ચરણકમળમાં અર્પણ કરી શકે છે, તેવા ઉન્નત જીવોને એટલી બધી ભાંજગડનું પ્રયોજન નથી. તેઓ એવી ખટપટમાં પડતા પણ નથી. હિમાલય આદિ ગિરિ ગુહામાં બેસી, આહાર તૃષાની ચિંતા નહિ રાખનાર, સાધકો, મહાત્માઓ, યોગીઓ કયા પ્રકારની મૂર્તિ પૂજા કરે છે ? સંસારમાં રહીને તેમણે મૂર્તિ પૂજા કરી કરીને જ—ક્રમે ક્રમે તત્વજ્ઞાન પ્રાપ્ત કર્યું હોય છે અથવા કેટલાકને ગુરૂ કૃપાથી, સત્વગુણ પ્રધાન પ્રકૃતિ હોવાથી, થોડી મૂર્તિ પૂજા કર્યાથી પણ સત્વર ઇશ્વર સંબંધી જ્ઞાન થઈ જાય છે, અને તેવા યોગીઓ એકાંતમાં ઇશ્વરોપાસના કરી મુક્તિની—જન્મમરણથી રહિત—થવાની પ્રાર્થના કરી રહ્યા હોય છે. જેના દ્વાર આગળ સાગરની છોળો ઉછળતી હોય તેને નદી, નાળાંની કિંવા નેહેર કે ખાડીની શી અગત્ય છે ?"

---

* मनसा कल्पिता मूर्ति नृणांचेत मोक्षसाधिनी ।
स्वप्नलब्धेन राज्येण राजाणो मानवस्तदा ॥ મહાનિર્વાણ તન્ત્ર

ત્યાર પછી બીજી કેટલીક વાતો થઇ, પ્રશ્નોત્તર થયા. રાત વિશેષ થઈ હતી. સત્યવતીના ઘરની જોડેજ રાધાબાઇનું ઘર હતું. તે શિવપ્રસાદને પ્રણામ કરી ઘેર ચાલી ગઇ. સભા બરખાસ્ત થઇ. વાળું તૈયાર કરવાનો ઉદ્યોગ શરૂ થયો.

સત્યવતીએ શિવપ્રસાદને કહ્યું: "તમે કાલે સ્હવારની ગાડીમાં જવા ચ્હાઓ છો, પણ બે ત્રણ દિવસ રહો તો ઘણો આનંદ થાય."

શિવપ્રસાદ: "ના, ના, પુનઃ આવીશ."

સત્યવતી: "કેટલા બધા દિવસ થયા આવવાનું કહેતા હતા ? હવે ક્યારે આવશો તે નક્કી શું ? એ તો ઉડાવવાનીજ વાત !"

શિવપ્રસાદ: "ના, ના, જરૂર આવીશ. ખાત્રી રાખજો."

આ સમયે રસોઇયાએ જમવાનું તૈયાર કરી શિવપ્રસાદને જમવા તેડ્યા. તેઓ જમવા બેઠા. સત્યવતી તેમની પાસે બેઠી અને કહેવા લાગી: "આ ભજીયું ખાઓ. આ શાક ખાવો." વગેરે ખાવાનો આગ્રહ કરી તેને અકળાવી નાંખવા લાગી. શિવપ્રસાદના હૃદયની વાત તો અમે જાણતા નથી પણ જો કોઇ અન્ય યુવક હોય તો તેને માટે, સ્વર્ગીય અપ્સરા–રૂપવતીની પાસે બેસી, મર્ત્ય લોકનાં શાક ભજીયાંનો સ્વાદ લેવાનું બહુ કઠિન થઇ પડત ! મંદ વાયુની લહરો વડે હાલતા, નવીન નલિનીનાં પત્ર–સંપૂટ જેવા અધરોષ્ટમાંથી નિકળતું વાક્–સુધા છોડીને, દુધ, પુરી, ભજીયાંમાં તેનું ચિત્ત ચોંટત નહિ કિંવા વિણામાંથી નિસરતા સુમધુર શબ્દામૃતને છોડીને, અપક્વ ભોજન પર પ્રેમ ઉત્પન્ન થાત નહિ એમજ અમે ધારીએ છીએ ! શિવપ્રસાદને આહાર કરતાં એવું વિઘ્ન નડયું કે નહિ તે અમે કહી શકતા નથી. એ પ્રેમ–રસનું પૃથક્કરણ કરવું આ લેખકને માટે હવે અસાધ્ય છે. કારણ, હવે તે વય નથી ! હવે તે સમય નથી !

આ તરફ સત્યવતી અને શિવપ્રસાદનું પ્રેમ–યુદ્ધ ચાલતું હતું ત્યારે બીજી તરફ રસોડામાં રસોઇયા બ્રાહ્મણ અને જમનાદાસી વચ્ચે ભયંકર વાક્–યુદ્ધ ઘણા વખતથી ચાલી રહ્યું હતું. એ સાંભળી સત્યવતીએ ગુસ્સે થઈ કમલિનીને કહ્યું કે: "જરા રસોડામાં જોઈ આવ તો ખરી. એ બન્ને શા માટે લડી મરે છે?"

કમલિનીએ તે શબ્દો સાંભળ્યા નહિ. આ વખત તેનું મન કંઈ જૂદાજ વિચારમાં ગુંથાયું હતું. સત્યવતીએ તેના સ્હામું જોઇ પૂછ્યું: "શા વિચારમાં ગુંથાઇ છે!"

આ વખતે કમલિનીએ સાંભળ્યું. પ્રાતઃ સમયે ખિલેલું કમલ પુષ્પ કમ્પી ઉઠ્યું. રાતા કમલ જેવા સહજ કમ્પતા, બન્ને ઓઠ ઉપર સ્મિત હાસ્યની રેખા જણાઈ. તેણે કહ્યું: "કાલે એમના ગયા પછી જાણે સુનુ સુનુ લાગશે."

"ત્હને? જગતમાં ત્હને કોઇ વસ્તુ વગર સુનું લાગે છે? ત્હને કઈ વસ્તુની ખોટ પડે છે? એ તો ત્હારે મોઢે આજે નવાઇનું સાંભળ્યું!" સત્યવતીએ પોતાનું ઋષિ મુનિનાં મન હરે એવું અતિશય સુંદર મુખ હલાવીને, સુંદર ગ્રીવા જરાક મરોડીને, રક્ત ઓઠ જરા કમ્પાવીને, અને કાળાં ભ્રમર જેવાં નેત્રો જરા વિશાળ કરીને, વિસ્મય સૂચક સ્વરે કહ્યું. કમલિનીએ ઉત્તર દીધો: "પ્રાણુમાં સારી પેઠે તપાસ કરી જોતાં જણાયું કે: એમના જવાથી નિશ્ચય મ્હોટી ખોટ જણાશે."

સત્યવતીએ એક વખત તીક્ષ્ણ દ્રષ્ટિએ શિવપ્રસાદના સુંદર મુખ તરફ જોયું. શિવપ્રસાદે, બન્નેની વાતો સાંભળી મૃદુ હાસ્ય કરી દુધનો વાટકો ઓઠે વળગાડયો.

આજે આટલે સુધીજ. બીજે દિવસે પ્રણામ, આશિર્વાદ, પુનરાગમન, પ્રાર્થના, આગમનની આશા આપવી વગેરે સાથે પ્રભાતના મૃદુ, મધુર, પવનની લહરીઓ વચ્ચે થઇને શિવપ્રસાદ સ્ટેશન તરફ ચાલ્યા ગયા.

રેલ્વે ટ્રેનમાં શિવપ્રસાદને ભ્રગુપૂરના એક સદ્‌ગૃહસ્થની મુલાકાત થઇ. શિવપ્રસાદ જાણતા હતા કે એ ગૃહસ્થ ઉપર સ્વર્ગસ્થ જ્ઞાનાનંદ શર્મ્માએ મ્હોટો ઉપકાર કર્યો હતો. અને તેથીજ તેઓ તેને ઓળખતા હતા. બન્ને વચ્ચે ઘણી વાતચિત થઈ. પરંતુ વચમાંજ એક એવી વાત થઇ કે જેથી શિવપ્રસાદના મન ઉપર કંઇક વિશેષ પ્રમાણુમાં અંધકાર ફેલાયો. વાતચિત કરતાં શિવપ્રસાદે તે ગૃહસ્થને પૂછ્યું કે: "જ્ઞાનાનંદ શર્મ્માએ આપના ઉપર મ્હોટો ઉપકાર કર્યો છે. તમે તેમના ઉપકાર તળે છો. તે સમયે હું તમને હમેશાં તેમને ઘેર આવ જા કરતા જોતો હતો. આ વખતે મ્હેં તમને તેમને

ઘેર બિલ્કુલ દીઠા નહિ તેનું કારણ ? તમારા જેવા સજ્જન ગૃહસ્થોએ તો તેમનાં વિધવા પત્ની અને પિતા વગરની બાળક કન્યાઓની સંભાળ લેવી જોઇએ."

તે ગૃહસ્થે ગુસ્સે થઇ કહ્યું: "એમ શી રીતે બને ? બન્ને છોકરીઓનો સ્વભાવ બહુજ નઠારો થઇ ગયો છે. બજારની વેશ્યાઓ કરતાં પણ તેઓ સારાં નથી, તો પછી કયો ગૃહસ્થ તેમની સાથે સંબંધ રાખે ?"

બાજુમાં એક બીજો ગૃહસ્થ બેઠો હતો તેણે વચમાંજ પૂછયું: "જ્ઞાનાનંદની કન્યાઓ સંબંધી વાત થાય છે ખરૂં ?"

પ્રથમ ગૃહસ્થે ઉત્તર દીધો: "હા."

બીજો: "જવા દો એમનાં નામ ! એમનું નામ દેવામાં પણ મહા પાપ છે ! સ્ત્રીઓને સ્વતંત્રતા આપવાનું જે પરિણામ થાય છે તેજ એને ઘેર થયું છે !" એટલું કહીને તેણે પોતાના હાથમાંની બીડીનો દમ ખેંચી બધો ધુમાડો શિવપ્રસાદના મુખ તરફ છોડી દીધો ! પ્રભાતના બાલ–સૂર્યનો રૂપેરી પ્રકાશ શરીરે ધારણ કરી રેલ્વે ટ્રેન સપાટાબંધ આગળ ધસવા લાગી.

ચતુર્થ પરિચ્છેદ.

પત્ર.

કેટલાક દિવસ વીત્યા પછી શિવપ્રસાદને કમલિનીનો એક પત્ર મળ્યો. તે નીચે પ્રમાણે:—

"પ્રિય, આત્મવત્"

અત્રેથી ગયા પછી કંઇ સમાચાર નથી. કદાચ આપ અમને ભૂલી ગયા હશો, પરંતુ ભૂલશો નહિ. આપના ઉપર સ્નેહ છે. પત્રદ્વારા કુશળ સમાચાર લખી આનંદ આપશો. કેટલા દિવસ પછી આવશો ? દર્શનને માટે જીવાત્મા બહુ તલપી રહ્યો છે.

આપની ચિર સેવિકા—**કમલિની.**

શિવપ્રસાદે હાથમાંનો પત્ર ત્રણ ચાર વખત વાંચ્યો. ત્યાર પછી કંઇક વિચાર કરવા લાગ્યા. ઘણી વાર સુધી વિચાર કર્યો. અંતે પત્રનો ઉત્તર લખી પોષ્ટમાં મોકલી દીધો. ઉત્તર નીચે પ્રમાણેઃ—

"પ્રિય કમલિની,

હું તમને બધાંને ભૂલ્યો નથી. જીવન પર્યંત ભૂલી શકીશ પણ નહિ. પત્ર લખવાથી કદાચ તમે ગુસ્સે થાઓ એ ભયથી લખતો નથી. બીજું પણ કારણઃ તમને જોઇને, તમારા પ્રાણનો પરિચય મળ્યાથી, તમારા પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થયો છે. એવું આ જીવનમાં પૂર્વે કદી પણ થયું નહોતું. કદાચ, પ્રેમના આવેગમાં કંઇને બદલે કંઈ લખી બેસાય એ ભયથી કશું લખતો નથી. તમને ભૂલી જવું એ મ્હારી શક્તિની બહાર છે. સમય મળતાં તમારા બધાંનાં દર્શન કરી જઇશ."

સ્નેહાશીર્વાદક. **શિવપ્રસાદ.**

આ વાતને ત્રણ ચારેક દિવસ થયા હશે એટલામાં શિવપ્રસાદને કમલિનીનો પ્રાતઉત્તર મળ્યો. તેમાં લખ્યું હતું કેઃ—

"પ્રિય, આત્મબંધુ,

આપનો કૃપા પત્ર મળ્યો. બહુ આનંદ થયો. તમે અમારા ઉપર શા માટે પ્રેમ રાખો? અમે તમારા પ્રેમને યોગ્ય નથી. જો કે હું તો તમારા ઉપર પ્રેમ રાખું છું. તે પ્રેમ કોના જેવો તે તમને શબ્દદ્વારા કિંવા પત્રદ્વારા સમજાવી શકતી નથી. બગિચામાં એકાદ ગુલાબનું ફુલ ખિલે છે, તેની સુગંધીથી—તેની સુંદરતાથી—જેમ તેના ઉપર પ્રેમ રાખવાની ઇચ્છા થાય, તે જેમ પોતાની મેળેજ મનુષ્યના પ્રાણ હરણ કરી લે છે, પ્રાણ આપવાની ઇચ્છા ના હોય છતાં તે પોતાની સુગંધીથી અન્યના પ્રાણ આકર્ષી લેછે, તે આકર્ષણમાં જેવો પ્રેમ હોય છે, તેજ પ્રમાણે હું તમને ચ્હાઉં છું. તમે કયારે આવશો? કદાચ નાયે આવો. આટલા બધા દિવસ વીત્યા તોયે આવ્યા તો નહિ? ધાર્યું હોત તો ના આવી શકત? પરંતુ તમે ના આવ્યા તેથી અમે ગુસ્સે થયાં નથી. ગુસ્સે થઇશું પણ નહિ. માત્ર તમારા પ્રેમનો સપાટો જોઇને જરા હાસ્ય આવે છે! ઉડાવશો ના—જુઠ્ઠો વાયદો કરી આશા આપશો ના."

આપની ચરણ—સેવિકા. **કમલિની.**

પત્ર વાંચીને શિવપ્રસાદને કંઇક હસવું આવ્યું. તે દિવસે પત્રનો ઉત્તર લખી શકાયો નહિ. ત્રણ ચાર દિવસ પછી ઉત્તર લખી પોષ્ટ કર્યો. યોગ્ય સમયે કમલિનીને ઉત્તર મળ્યો. કમલિની વાંચવા લાગીઃ—

"પ્રિય કમલિની,

તમારો પત્ર પ્રાપ્ત થયો. તમારો પત્ર મળતાં કેટલો આનંદ થાય છે તે વર્ણવી શકતો નથી. શા માટે આનંદ થાય છે તે પણ કહી શકતો નથી. તો પણ એટલું જાણું છું કે તમારા પત્રનાં શાહીનાં પ્રત્યેક બિંદુ કંઇક આનંદથી રસેલાં છે. તે શબ્દો, તે અક્ષરો, તે શાહીનાં બિંદુ, જાણે બોલવાની ઇચ્છા હોવા છતાં બોલી શકતાં નથી. રે! તેને વાચા થતી નથી! કેટલાએ જન્મ—જન્માંતરની સ્મૃતિ—જડિત કથાઓ સ્પષ્ટ વાંચી શકાતી નથી. તેથીજ પ્રત્યેક લીટી, પ્રત્યેક શબ્દ, પ્રત્યેક અક્ષર, પ્રત્યેક શાહીનાં બિંદુ પુનઃ પુનઃ અધ્યયન કરૂં છું, અપૂર્વ સુખ અને અલૌકિક આનંદ, શોધવા માટે તો જીવાત્માઓની દોડા દોડી છે! તે પ્રાપ્ત કરવા માટેજ જીવઉન્મત્ત બને છે. હું જાણી શકતો નથી કે, મ્હારી એ ઉન્માદ —કલ્પના—એ સુખનું શોધન—એ અનુભવનો અગ્નિ—ઉસ્કેરણ, જીવનનો સાથી થશે કે નહિ! કોણ કહી શકશે કે એની નિવૃત્તિ ક્યાં છે?"

તમે લખ્યું છે કેઃ "મ્હને બહુ વ્હાલા છો—મ્હારા પર બહુ પ્રેમ રાખો છો." એ મધુર સંજીવન—અમૃતના—એ જીવન વ્યાપી ઉષ્ણ શેરડીના કટકાના—આસ્વાદથી તૃપ્ત થયો. એને ઉષ્ણ શેરડીનો કટકો શા માટે કહ્યો તે જાણો છો? એ મધુર છે કિંતુ તપેલો—ઉન્હો—છે. મુખમાં મુકી શકાયે નહિ અને ફેંકી દેવાયે નહિ!

તમે પ્રભુભક્ત ધ્રુવની વાત સાંભળી છે? બે બિંદુ ઝાકળનાં ગળી જઇને એક થાય છે તેમ,—વિજળીની બે રેખાઓ એકઠી થઈ એક થઇ જાય છે તેમ,—તેણે પિતૃશક્તિ અને માતૃશક્તિ વડે માનવ શરીર ધારણ કર્યું હતું છતાં જ્યારે દિવ્ય પ્રેમ અને માનવી પ્રેમનો ભેદ જાણ્યો તેજ વખતે તેનું હૃદય દિવ્ય પ્રેમમય થઇ ગયું. તેના હૃદયમાંથી માનવી—પ્રેમ નષ્ટ થઈ ગયો—નિર્મૂળ થઇ ગયો, અને તે સ્થળે પ્રભુ—પ્રેમ સ્થપાઈ ગયો, તે એટલે સુધી

કે શરીરના પ્રત્યેક રૂંવે રૂંવે પ્રભુ–પ્રેમ વ્યાપી ગયો. અને પ્રભુનો સાક્ષાત્કાર કરવા તપસ્યા કરવા ચાલ્યા ગયા. ત્યાં પ્રભુનો સાક્ષાત્કાર થયો. તેના અતિ તપેલા હૃદયમાં, સંસાર–કંટકથી કંટકિત થયેલા પ્રાણમાં, પ્રભુપ્રેમની શીતળતા વ્યાપી ગઈ. એ શીતળતાના જુસ્સામાંજ બોલ્યા છે કે: "માતા! પ્રભુનાં એ ચરણને શીતળ જાણીનેજ તેમનું શરણ લીધું છે. તેમનું સાક્ષાત્ દર્શન એજ જીવનનું કર્તવ્ય." "પગમાં કેવી શીતળતા છે તે તમે જાણો છો? જયદેવ કવિના અમર–ગાનમાં પણ ગવાયું છે કે:—

"स्मर–गरल–खण्डनं मम शिरसि मण्डनं
देहि पाद पल्लव मुदारम् ।"

પાદપદ્મથી દાનવ–વિષ નષ્ટ થાય છે? હા, તેમ થાય છે. પરંતુ તેવાં પાદપદ્મ ભગવાન મેળવશે કે? મ્હારી આશા પરિપૂર્ણ થશે કે? તમે મ્હારાં થઇને મ્હારો ઉદ્ધાર કરશો કે? જો મ્હારા પર પ્રેમ રાખતાં હો તો મ્હને કહો કે: "હું તમારી થઇશ."

તમારો, **શિવપ્રસાદ.**

પંચમ પરિચ્છેદ.

પરિચય.

રાત્રિ બે પ્રહર વ્યતીત થઇ છે. કર્પૂર જેવી શ્વેત જ્યોત્સ્નાનાં કિરણ વડે પ્રકૃતિદેવી સૌંદર્યમતી થઈ રહી છે. મૃદુ વાયુ પ્રવાહથી પુષ્પની સુગંધ પ્રત્યેક દિશામાં પ્રસરી રહી છે. સર્વત્ર શાંતતા છવાઇ રહી છે. માત્ર તમરાં પોતાનાં દર આગળ મ્હો રાખી ઝીણો સ્વર કરી શાંતતાનો ભંગ કરવાનો યત્ન કરે છે.

કમલિની હજુ પણ જાગ્રત છે. બારી આગળ બેઠી બેઠી આકાશ સ્હામું જોતી કંઇક વિચાર કરે છે. તેનું મુખ શોકાંકિત છે. બે નેત્રો વિકસી રહ્યાં છે. વસન્ત ઋતુનું નીલ આકાશ જળના ભારથી જાણે ફુલી

ઉઠ્યું છે—જાણે આકાશના શરીરમાં સ્થળે સ્થળે સોજા ચ્હડ્યા છે!

કમલિની વિચારો કરતાં કરતાં થાકી ગઇ. ધનુષમાંથી છુટેલાં બાણુની પેઠે ત્યાંથી ઉઠી શય્યામાં સૂઇ ગઇ. ઉંડો નિશ્વાસ નાંખી, ઓશિકામાં મુખ સંતાડી અતિ મૃદુ સ્વરે બોલીઃ "શિવપ્રસાદ! શું તમે પણુ યથાર્થ તેવાજ છો? હું તમને અતિ પવિત્ર—ઉત્તમ જાણું છું. તમે એટલા બધા પવિત્ર—ઉત્તમ—હોવા છતાં પણુ ગીધ જેવા? આટલા બધા પવિત્ર થયા છતાં પણુ તમારૂં મન ગીધ પેઠે, ઓગળેલા માંસના કટકા ઉપર આકર્ષાયું? ના, ના, શિવપ્રસાદ, તમે સત્ છો, તમે પવિત્ર છો, તમે મહાન છો, તમે ઉત્તમ છો. હું જેમ પુષ્પ ઉપર, પક્ષી ઉપર, બાળકના કોમળ મુખના હાસ્ય ઉપર પ્રેમ રાખું છું, જેમ એ બધાંને વ્હાલું છું, તેમ તમારા ઉપર પ્રેમ રાખીશ. તેમ તમને વ્હાલીશ. તેમ છતાં પણુ શું તમે મ્હારા પ્રાણુને વ્યથા કરશો? શું અજ્ઞાનની પેઠે વર્તશો?"

કમલિનીએ આવા અનેક વિચારો કર્યા પછી ઉઠીને બેઠી થઇ. કાગળ, ખડીઓ કલમ લઇ શિવપ્રસાદના પત્રનો ઉત્તર લખી પોસ્ટમાં મોકલવા તૈયાર કર્યો. પત્રમાં લખ્યું હતું કેઃ—

"પ્રિય, આત્મવત્ બંધુ!

આપનો પત્ર વાંચીને હૃદયમાં બહુ વ્યથા થઇ. તમે શું માગ્યું છે? મ્હારા પ્રાણુ? તે તો મળશે નહિ. લેશો શી રીતે? તે તો અન્યને આપી દીધા છે. તમે શું આપીને એ લેવાને મ્હને લલચાવો છો? શું રૂપ આપીને એવી ભૂલથાપ ખવાડવી છે? સાંભળો, એ તો મ્હારા સ્વામી—પતિ—વિશ્વેશ્વરને સમર્પણુ થઇ ગયા છે. જે રૂપ રૂપનો ભંડાર છે. જેના રૂપમાંથી કિંચિદ્ રૂપ રેખા જગતનાં માનવીઓમાં જણાય છે. જેના રૂપ વડે જગત્ છવાઇ ગયું છે, જેનું રૂપ કદી વૃદ્ધ થતું નથી. જેનું રૂપ નિત્ય નિત્ય અનુપમ જણાય છે, તે રૂપેશ્વરને આ પ્રાણુ સમર્પણુ થઇ ગયા છે. એ સંબંધી હવે કોઇ ભૂલાવો ખવાડી શકે એમ નથી. ત્યારે તમે કયા મ્હને તમારા ગુણુ આપીને ભૂલથાપમાં નાંખવા ચ્હાઓ છો? તમારા ગુણુ વડે મ્હને બાંધી લેવા ઇચ્છો છો? સાંભળો, તમારામાં એવા શા ગુણુ છે? જેના ત્રિગુણુ

વડે સમસ્ત વિશ્વ મુગ્ધ થઈ રહ્યું છે, જેના ગુણુ ઉપર મોહ પામીને ઋષિ મુનિયોએ અનેક ગ્રન્થો લખ્યા છે, જેના અપાર ગુણનું વર્ણન થઇ શકે એમ નથી, જેના ગુણનો કિંચિદ્ અંશ મ્હોટા મ્હોટા યોગીઓમાંજ માત્ર જણાય છે; તે અપાર ગુણનિધિને, તે ગુણેશ્વરને, આ પ્રાણુ સમર્પણુ થઇ ગયા છે, એનાથી વિશેષ ગુણ કોનામાં છે? એ સંબંધી હું ભૂલાવામાં પડું એમ નથી. ત્યારે શું તમે મ્હને તમારી વિદ્યા ઉપર મોહ પમાડી "તમારી" કરવા ચ્હાઓ છો? સાંભળો ત્યારે. મ્હારા પતિના એવા ગુણ છે કે જેથી તેમના ચરણુ આગળ સર્વ મહા વિદ્યાઓ નિરન્તર દાસી રૂપે મસ્તક નમાવે છે. જેમનાં કૃપાકટાક્ષથી પૃથ્વીના માનવીઓમાં વિદ્યાનો કંઇક અંશ જણાય છે, એમની વિદ્યાને લીધેજ સકળ વિશ્વની રચના થઇ છે, એ વિદ્યામાંની એક પણુ વિદ્યા તમે જાણો છો? જો જાણતા હો તો એકાદ ચંદ્ર, સૂર્ય બનાવો જોઉં! એકાદ નદી ઉત્પન્ન કરો જોઉં! પવનને ક્ષણવાર થોભાવો જોઉં! એકાદ નવું વૃક્ષ ઉત્પન્ન કરો જોઉં! અથવા એકાદ રંગબેરંગી પાંખવાળું પતંગીઉં ઉત્પન્ન કરો જોઉં! એમાંનું કંઇ પણુ તમારાથી થાય એમ છે? એ મહાન્ વિદ્યાનિધિએ પોતાની અપાર વિદ્યા વડે જે કંઈ રચ્યું છે તેના કરતાં કોઇ એક નવીન વસ્તુની રચના તમારાથી થાય એમ છે? નહિજ. ત્યારે પછી એવા વિદ્યા–સાગરનો ત્યાગ કરી તમારા જેવા વિદ્યાના એક બિંદુ ઉપર હું શા માટે મોહ પામું? કાંચનનો ત્યાગ કરી કાચને શા માટે પ્રાપ્ત કરૂં? કહો જોઉં, તમે મ્હારા પતિની મહાવિદ્યાને જીતી શકો એમ છો? એમના જેવી મહાવિદ્યા ત્રૈલોકમાં અન્યત્ર નથી. ત્યારે એટલું પણુ નક્કી કે હું એ સંબંધી ભૂલથાપ ખાઉં એમ પણુ નથી. ત્યારે શું તમારી ભાષા ઉપર મ્હને લોભાવવા ચ્હાઓ છો? જરા સાંભળો. વાગ્દેવી સાક્ષાત્ મ્હારા પતિના ચરણુ તળાસે છે અને તેમ કરીને પોતાને કૃતાર્થ જાણે છે. જેની વાણી સાંભળવાને મહાન ભક્તો એકાગ્ર ચિત્તે, અનેક કષ્ટ સહન કરતા તપસ્યા કરી રહ્યા છે, જેની મધુર વાણીના પ્રત્યેક શબ્દમાંથી અમૃત ઝરે છે, અને જેને માટે સ્વર્ગલોકના દેવતાઓ નિત્ય એકચિત્ત થઈ બેઠા છે, તેના જેવી વાગ્દેવી છે તમારામાં? તેનો એક અંશ પણુ તમારામાં છે? એવો

વાગેશ્વર જેનો પતિ છે તે શું મર્ત્ય લોકનાં માનવીઓની ક્ષુદ્ર ભાષાથી ભૂલ કરે? ત્યારે શું પતિ-પ્રેમ આપીને મ્હને લલચાવવા ચ્હાઓ છો? શું પ્રાણ આપીને પ્રાણ લેવાની ઇચ્છા રાખી છે? ત્યારે સાંભળો. મ્હારા પતિ વિશ્વ-પ્રાણ છે. અણુ, પરમાણુથી તે સમસ્ત વિશ્વમાં તેણેજ પોતાના પ્રાણમાંથી અંશ પ્રેર્યો છે. તેથીજ વિશ્વ જીવે છે. જો તે એક શ્વાસ ખેંચે તો સમસ્ત વિશ્વ પ્રાણહીન થઈ જાય! જો તમારામાં પ્રાણ આપવાની શક્તિ હોય તો એક મૃતક શરીરમાં પ્રાણ-શક્તિ પ્રેરી તેને જીવતો કરો, ત્યારે હું જાણીશ કે તમે પ્રાણ આપવાનું શિખ્યા છો? જેનામાં પ્રાણ છે તેને પ્રાણ આપવાનું કહેવું એ તો માત્ર આસક્ત, માસુકના ઢોંગ, લુચ્ચાઇ, ઠગાઇ, અને વિશ્વાસઘાત છે. ભોળા હૃદયને ભરમાવવાનુંજ છે. ખરો પ્રાણ આપનાર, જીવ ઓતારનાર, જીવન અર્પનાર તો તે મહાન દયાળુ, મહાન પ્રાણાગાર, મ્હારા પતિજ છે, મ્હારા પ્રાણેશ્વર-સચ્ચિદાનંદ-પરમાત્માજ છે. બાકી શરીર ધારણ કરનાર કોઇ પણ મનુષ્ય પ્રાણ-દાતા નથી, એ નક્કી સમજજો. તે પતિના કરતાં જો તમે મ્હને કંઇ વિશેષ આપી શકો તો હું તમારી દાસી થવા તૈયાર છું. શિવપ્રસાદ! જેની પ્રાણ-શક્તિમાંથી ઋષિ મુનિયો પ્રાણધારા મેળવી અમર જીવન પ્રાપ્ત કરે છે, તે પ્રાણેશ્વરની હું શી સ્તુતિ કરૂં? જેની પ્રાણ જ્યોતિ કદી પણ ક્ષીણ થતી નથી, જેની પ્રાણ શક્તિ કદી પણ વૃદ્ધ થતી નથી, તે પ્રાણેશ્વર-પ્રાણજીવન, પ્રાણનાથ જોડે મ્હેં લગ્ન કર્યું છે. તેને મ્હેં મ્હારા ક્ષુદ્ર પ્રાણ આપી દીધા છે. તેની કૃપા વડેજ હું જીવું છું. તેના સિવાય કોઇ અન્યને હું શી રીતે પ્રાણ આપું? જેના હોય તેને અપાય એ તો તમે વિશ્વ વિદ્યાલયના શિષ્ય સારી પેઠે સમજી શકશો? તમે જો એ આશા રાખી હોય તો તેનો ત્યાગ કરજો. મ્હારાથી દૂર થજો, વેગળે ચાલ્યા જજો, વૃથા યત્ન કરશો નહિ. દીપક ઉપર પતંગ પેઠે-અજ્ઞાન પેઠે-બળી મરશો નહિ. મ્હારા ઉપર માયાવી પ્રેમની દ્રષ્ટિએ જોશો નહિ. જો મ્હારી ઇચ્છાજ હોય તો હું તમારી માતા થઇશ, મ્હારા હૃદયમાં તમને સન્તાન રૂપ સ્થાન આપીશ. માત્ર એટલુંજ મ્હારા હાથમાં છે. કારણ તે તમારા પિતા, હું તમારી માતા. વારૂ પણ કહો તો ખરા કે તમે ક્યારે આવશો? હું તમને અતિશય ચ્હાઉં છું. તમારા ઉપર અતિશય પ્રેમ

રાખું છું. એ પ્રેમને કોની ઉપમા આપું? ઉપમા આપવા જતાં તેનું સૌંદર્ય નષ્ટ થઇ જાય. મ્હને કષ્ટ આપશો નહિ.

તમારી ચરણ સેવિકા, **કમલિની.**

યથા સમયે પત્ર શિવપ્રસાદને પ્રાપ્ત થયો. તે દિવસે આકાશમાં સર્વે વાદળ જળથી ભરેલાં હતાં. પ્રાતઃકાલથી મંદ મંદ વૃષ્ટિ પડતી હતી. વરસાદથી ઘેરાયલા મધ્યાહ્ન સમયે, પત્ર વાંચતાં શિવપ્રસાદના નેત્રમાંથી આંસુની ધારાઓ પડવા લાગી. તેજ ક્ષણે ઉતાવળે પત્રનો ઉત્તર લખી પોષ્ટ કર્યો. પત્રમાં લખ્યું હતું કેઃ—

"દિવ્ય પ્રેમની મૂર્તિ, પ્રિય માતા કમલિની!

તમે આવાં મહત્, આવાં પવિત્ર છો અને તમે આટલે બધે દરજ્જે ભગવાનને આત્મ સમર્પણ કર્યું છે એ જાણી, આનન્દમાં પ્રફુલ્લ થઇ, પ્રેમપૂર્ણ હૃદયે તમને આશિર્વાદ આપું છું કે તમે એ દ્રઢતા, એ પવિત્રતા, અને એ પરમ રમણીયતામાંથી કદી પણ ચલાયમાન થશો નહિ.

મહાદેવી! મ્હને વિશેષ આનન્દ તો એથી થાય છે કે તમે મ્હારા પર પ્રેમ રાખો છો—તમે મ્હને ચ્હાઓ છો. તમે લખ્યું છે કેઃ "એ પ્રેમ કોના જેવો છે તે શોધતાં જડતું નથી." ધન્ય છે મ્હારી સાધનાને કે, તમારા પહાડના જેવા કઠિન અને પુષ્પના જેવા કોમળ હૃદયમાંથી, ગૌમુખીમાંથી નિઃસરતા ગંગાજળની પેઠે, અમર—સ્વર્ગીય—પ્રેમ, મ્હારા હૃદયની આપગ્રસ્ત ઇન્દ્રિયો રૂપી સન્તાનોનો ઉદ્ધાર કરવા ત્વરિત ગતિએ આવે છે. તમારો પ્રેમ નિઃસ્વાર્થ, નિર્મળ, નિર્લોભી, લાલસા—વાસના રહિત છે છતાં પણ તે પ્રેમ મહાનજ છે. મ્હને ન્હાનું બાળક જાણીને, અજ્ઞાન ગાંડો જાણીને, તમે મ્હને બહુ કહ્યું છે, કેટલી બધી ગાળો દીધી છે, તેમ છતાં પણ તમે મ્હારા પર સ્નેહ રાખો છો. હું જાણી શક્યો છું કેઃ એ નહિ ચાખેલા, દેવપુરીના દૈવી જીવના પ્રેમ માટે ઉપમા નથી, તેની તુલના થઇ શકે એમ નથી. પૃથ્વીનાં સમસ્ત તીર્થક્ષેત્રમાં સંચિત થયેલા પુણ્યના ઢગલા કરતાં પણ તમારો એ પ્રેમ અતિ પવિત્ર છે. એ પ્રેમ આગળ અજીત શત્રુઓ પણ શિથિલ થઇ જાય, પ્રાણ પ્રફુલ્લિત થઇ નાચી ઉઠે, નેત્રમાં આનંદના અશ્રુ ઉછળી આવે. એ પ્રેમની વેદી નીચે ઘુંટણીયે પડી કહેવું પડશે કેઃ "હે મા! જો મ્હારો અપરાધ

ગ્રહણ કરશો તો હું કેટલી ક્ષણ જીવી શકીશ? મ્હારૂં બુદ્ધિ બળ સર્વ આપ જાણો છો. મ્હારી પ્રસન્ન વદના, ઉદાર જનની! અજ્ઞાનનો દોષ ક્ષમા કરો. તમે માત્ર મ્હારી એકલાનીજ માતા નહિ પણ સમસ્ત વિશ્વની માતા છો. જગત્ પિતા તમારા સ્વામી છે છતાં પણ તમને આશિર્વાદ આપું છું.

ચિર આશિર્વાદક, **શિવપ્રસાદ.**

પત્ર પોષ્ટમાં મોકલી શિવપ્રસાદ વિચાર પ્રવાહમાં તણાયા. "હાય જગત્! ત્હારામાં આટલી બધી વિચિત્રતા કેમ? તે દિવસે આગગાડીમાં પેલા બે ગૃહસ્થોએ, સ્વતંત્ર રીતે, નિશ્ચિંત ચિત્તે, આ બન્ને પવિત્ર હૃદયની રમણીઓની અતિશય નિન્દા કરી તેમાં તેમનો શો સ્વાર્થ હતો? મ્હને સારી પેઠે યાદ છે કે તેમાંનો એક ગૃહસ્થ, જ્ઞાનાનંદજીની સહાયતાને લીધે જીવન પર્યંત તેમના ગુણમાં—ઉપકારમાં છે, અને જનસમાજ પણ તે સારી પેઠે જાણે છે. માત્ર થોડી સ્વતંત્રતાને લીધે, માત્ર પરોપકાર વૃત્તિથી જનસમાજમાં ભેળાવાને લીધેજ, એવું પરિણામ આવ્યું છે. હાય! માનવ તમ જેના નામ ઉપર કલંક ચઢાવો છો, જેને એક ક્ષણમાં નરકનો કીટ કહીને ઓળખાવો છો, તેના સંબંધી બરોબર તપાસ કરતા નથી, તેના સંબંધી બરોબર જાણતા નથી, અને વગર વિચાર્યેજ જેમ તેમ બોલી બેસો છો! એકે કહ્યું કે બીજાએ તેને લંબાવ્યુંજ! પરંતુ તમે વિચાર કરતા નથી કે જેને માટે તમે નિન્દાજનક શબ્દો કહ્યા તેનાથી એક મનુષ્યની જીવન-ભૂમિ પર એક મ્હોટો ડાઘ પડી ગયો! કોઇ મનુષ્ય, તમારૂં સત્ય કલંક કહે તો તમને તુર્તજ ક્રોધાગ્નિ વ્યાપે છે પણ અન્યને માટે સત્ય કે મિથ્યા શું છે તેની તપાસ કર્યા વગરજ ગમે તેવી નિન્દા ફેલાવવા તૈયાર! ગમે તેમ હો, પણ શાસ્ત્રે તો તમારાં એ કાર્યને રૌરવ—નરકનું કારણજ કહ્યું છે!"

ત્યાર પછી શિવપ્રસાદે આનંદના અશ્રુપૂર્ણ નેત્રે, ગદ્ગદ્ કણ્ઠે કહ્યું: "કમલિની, જનનિ, જગન્માતા, મ્હને ક્ષમા કરજો. તમારા શહેરના એ કહેવાતા નામધારી ગૃહસ્થોના શબ્દો સાંભળી હું ભૂલાવામાં પડયો હતો. તેથીજ તમને આટલું કષ્ટ આપ્યું છે. તેથીજ તમને એવી માંગણી કરી છે, નહિ તો તમને અને સમસ્ત વિશ્વની રમણીને મ્હારી માતા સમજું છું.

શિવપ્રસાદે ઉપરોક્ત શબ્દોમાંનો ભાવાર્થ પત્રમાં લખ્યો નહતો.

ષષ્ઠ પરિચ્છેદ.

કર્મક્ષેત્ર.

શિવપ્રસાદનો પત્ર મળ્યાથી કમલિનીએ શો નિશ્ચય કર્યો કિંવા શો ઉત્તર લખ્યો તે અમે જાણુતા નથી પણુ તે સમયે એક બનાવ બન્યો હતો તેનું વર્ણુન આ સ્થળે લખવામાં આવે છે.

તે સમયે સત્યવતીના લગ્નની વાતચિત ચાલતી હતી. વિલાયત જઈ આવેલા બૅરિસ્ટર લક્ષ્મીપ્રસાદ સાથે સત્યવતીનો વિવાહ નક્કી થયો હતો. પ્રથમ સત્યવતીની માતાએ વિરૂદ્ધતા બતાવી હતી પરંતુ કમલિનીએ કહ્યું: "લક્ષ્મીપ્રસાદે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે પ્રાયશ્ચિત કર્યું છે. વિલાયતમાં પણુ હિંદુ ધર્મ પાળ્યો છે. સતચરિત્રવાન, આસ્તિક યુવક છે. સ્નાન, સન્ધ્યા, તર્પણુ આદિ બ્રાહ્મણુનું નિત્ય કર્મ કરે છે. હિંદુના સનાતન આચાર વિચાર પ્રમાણે વર્તે છે. તેમની સાથે લગ્ન કરવામાં કશી ચિંતા નથી."

માતા: "એ કારણુથી સમસ્ત બ્રાહ્મણો આપણુને ન્યાતબહાર મૂકશે તો ?"

કમલિની: "આજના બ્રાહ્મણો ન્યાય અને ધર્મને વ્હાતા હોય તો પછી ભારતવર્ષની આ સ્થિતિ થાય ? બહારથી ટીલાં, ટપકાં કરી ઢોંગ બતાવવા, મ્હોટી મ્હોટી ધાર્મિક વાતો કરવી અને અંદરથી તપાસતાં તેમની ભયંકર લીલાઓ જણાય છે. તેમનાં કાળાં કૃત્યો જોઇએ તો એવીજ ઇચ્છા થાય કે આવા બ્રાહ્મણોને નિર્દોષોનાં ગળાં કાપનાર કસાઇઓજ કહેવા જોઇએ ! ઘણા તો મૂર્ખનાજ ભંડાર ! ઘણા સ્વાર્થી ! ઘણા માત્ર ધન હરણુ કરનાર ! ઘણા માત્ર આડંબર વધારનાર ! ઘણા માત્ર પૂજા કરાવવામાંજ મ્હોટાઈ માનનાર ! સાચો બ્રાહ્મણુ તો નરમ માખણુ જેવો, અહંકાર શૂન્ય, વિદ્વાન, કામ, ક્રોધ, લોભ, મોહાદિથી શૂન્ય, તદ્દન નિરાભિમાની, દ્વેષ હીન, પક્ષપાત રહિત, ચાર વેદ, છ દર્શન, અઢાર પૂરાણુ, શ્રુતિ, સ્મૃતિ, ઉપનિષદ

આદિ તેને મુખ પાઠ. માતાજી, કયાં છે તે બ્રાહ્મણો ? બ્રાહ્મણોની સભા ભરી એકાદ વેદના મંત્રનો અર્થ પૂછ્યો હોય—અરે! સામાન્ય રીતે એકાદ સંસ્કૃત શ્લોકનો અર્થ પૂછ્યો હોય તો મ્હોટા મ્હોટા પટેલીયામાં ગણાતા ભૂદેવ પણ ચોટી ખંજવાળતા જણાશે! ક્રોધ, દ્વેષ વગેરે લક્ષણમાંજ પૂરા! વિદ્યાને નામે મિંડુ! જુવોની આપણનેજ! આપણા જ્ઞાતિ–પટેલોએ વગર કારણે, વગર વિચારે ન્યાત બહાર કર્યા છે! એ કેવો ન્યાય? એ તે કેવા બ્રાહ્મણો! હવે વધારે શા શિક્ષા કરશે?"

માતાઃ "હા, હું પણ જાણું છું કે બ્રાહ્મણો બગડ્યા છે. તેમના બગડવાથી ભારતવર્ષ બગડયો છે. હવે એમને સુધારવાનું કામ પ્રભુના હાથમાં! બાકી કોઇને ગાંઠે તેવા નથી! કાંતો સમસ્ત બ્રાહ્મણ જ્ઞાતિજનો એવોજ ઠરાવ કરે કે બ્રાહ્મણ માત્રે સંસ્કૃત ભણવુંજ જોઇએ. તોજ ભવિષ્યમાં તેઓ સુધરે! હશે. હજુ પણ મ્હને આશા છે કે આપણા જ્ઞાતિજનો પોતાની ભૂલ એક દિવસ સમજી શકશે અને ત્યારે આપણને જ્ઞાતિમાં લેશે."

કમલિનીઃ "ત્યારે તો એવી આશા પણ રાખવી જોઈએ કે જ્ઞાતિ જનો, વિલાયત જઇ આવેલા મનુષ્યોને પણ એક દિવસ જ્ઞાતિમાં લેશે. વિલાયત જઇ આવવાથી થતા ફાયદામાં મુખ્ય આ દેશના નાશ પામેલા હુન્નર ઉદ્યોગને સજીવન કરવાની અગત્ય પણ તેઓ સમજશે એટલે બધું શાંત પડશે. વિલાયત જઇને જેઓ માત્ર "સાહેબ લોક" થઈ જાય છે, તેને ભલે ન્યાત બહાર રહેવા દે. તેનો પક્ષ લેવા હું મ્હાગતી નથી."

માતાએ ઘણા વિચારો કર્યા પછી લગ્ન કરવાની સમ્મતિ આપી.

સમ્મતિ તો આપી પણ તેમનો જ્ઞાતિ વ્યવહાર બંધ છે, ગોર દેવતા પણ તેમને ત્યાં આવતા નથી. આવા લગ્નમાં અનેક વિઘ્ન. તેથીજ તેઓ મુંબઈ ગયાં અને શુભ દિવસ, શુભ મુહૂર્ત જોઈ લક્ષ્મીપ્રસાદ સાથે સત્યવતીનાં લગ્ન કર્યાં. સત્યવતીએ પોતાની ઇચ્છા પ્રમાણે પતિ મેળવ્યો તેથી તે પોતાને પરમ સુખી માનવા લાગી.

લગ્ન થયા પછી ત્રણ માસ પર્યંત બધાં મુંબઇજ રહ્યાં. લક્ષ્મીપ્રસાદને પિતામાતા નહતાં, તેથી તેણે ભ્રગુપુરમાં નિવાસ કર્યો. જ્ઞાનાનંદને પુત્રાદિ ન

હોવાથી તે તેમનાજ વિશાળ ઘરમાં રહેવા લાગ્યો. મુંબઇમાં પણ તેમનો બંગલો હોવાથી ઘણો ખરો વખત ત્યાં પણ રહેતા, અને હાઇકૉર્ટમાં બારિસ્ટરી કરતા. હાઇકૉર્ટમાં રજા પડતાંજ તે ભૃગુપૂર આવતા.

વિલાયત ગમન કરી આવેલા યુવક લક્ષ્મીપ્રસાદ સાથે સત્યવતીનું લગ્ન થવાથી ભૃગુપૂર, સૂર્યપૂર, અમદાવાદ, વડોદરા, નડીઆદ, મુંબઈ વગેરે સ્થળે ગડબડાધ્યાય ચાલ્યો! જ્યાં ત્યાં એજ વાત, પરંતુ અંતે બ્રાહ્મણોમાં બે પક્ષ બંધાયા. નવો પક્ષ કહેતો કેઃ "વિદ્યા ઉપાર્જન કરવા અથવા દેશનાં કલ્યાણ-કારક કામો માટે વિલાયત જનાર, સમુદ્ર યાત્રા કરનારને, જ્ઞાતિ બહાર કરી શકાશે નહિ." જુનો પક્ષ—વૃદ્ધો કહેતા કેઃ "ના, ના, કલિકાલમાં સમુદ્ર યાત્રાનો નિષેધજ છે. જે વિલાયત જશે તે ધર્મભ્રષ્ટ થશે. જ્ઞાતિ બહાર રહેશે." ઉભયપક્ષના અભિપ્રાય પ્રમાણે ઉભયપક્ષ વર્તવા લાગ્યો. મ્હોટા મ્હોટા આચાર્યો અને શાસ્ત્રી પુરાણીઓ શાસ્ત્રાર્થ કરવા લાગ્યા પરંતુ કોઇ એક પક્ષે બીજા પક્ષને સર્વાંશે હરાવ્યો હોય એવું હજુ સાંભળ્યું નથી. હજુ તેની મિમાંસા થઇ નથી. જે પક્ષે લગ્ન કર્યું તે પક્ષવાળાઓએ કોઇ દિવસ કોઇ પક્ષ પાસે એ સંબંધી ન્યાય માગ્યો નથી—તેમણે ન્યાયની દરકાર પણ કરી નથી. ન્યાય છણવાનું ધોરણ તેઓ જાણતા હતા તેથી.

સત્યવતીનાં લગ્ન થયાથી કમલિનીને બહુ આનંદ થયો હતો. એક દિવસ બે ભગિનીઓ વાતો કરતી હતી. સત્યવતીએ કહ્યુંઃ "મ્હને ગૃહસ્થા-શ્રમના બંધનમાં નાંખી. હવે તું શું કરશે?"

કમલિનીઃ "હું? હું જે કરતી આવી છું તેજ કરીશ."

સત્યવતીઃ "ગાંડાઇ?"

કમલિનીઃ "જે ગાંડી છે તે ગાંડાઇ સિવાય બીજું શું કરે? ગીતાજીનું વાક્ય યાદ નથી? જે મનુષ્ય જે ગુણ લઇને જન્મ્યું છે તેણે તે કર્મ કરીને ગુણનો ક્ષય કરવો જોઇએ."

સત્યવતીઃ "એમાં હું બરોબર સમજી નહિ."

કમલિનીઃ "ગીતાજીમાં અર્જુને શ્રી ભગવાનને કહ્યું કેઃ "હું યુદ્ધ કરીશ નહિ. યુદ્ધમાં આ બધા આત્મીય, સ્વજનનો વધ કરવાથી કંઇ સારૂં ફળ

મળશે નહિ, તેથી હું તો વનમાં જઇશ."

સત્યવતીઃ "ત્યાર પછી ?"

કમલિનીઃ "ત્યાર પછી તું તો જાણુતીજ નથી ખરૂં કે? ત્યાર પછી શ્રી કૃષ્ણે કહ્યું: "તું ક્ષત્રિય છે. યુદ્ધ કરવો એજ ત્હારો ધર્મ. યુદ્ધ કરવા માટે જ ત્હારો જન્મ છે. યુદ્ધ કરીનેજ ત્હારાં સંચિત કર્મોનો—ગુણુનો—ક્ષય કરવોજ જોઇએ—નહિ તો જન્મમરણથી છુટાશે નહિ."

સત્યવતીઃ "જરા સાંભળ—"

કમલિનીઃ "સતીનું માથું !"

સત્યવતીઃ "માથું હોય કે ગમે તે, પણુ ત્હારા કહેવામાં સમજ પડતી નથી."

કમલિનીઃ "હવે પડશે પણુ નહિ."

સત્યવતીઃ "કેમ ?"

કમલિનીઃ "ત્હને શી રીતે સમજણુ પડે તે તુંજ કહે."

સત્યવતીઃ "તું કહે છે તે ગુણુ અથવા ધર્મ શું તે હું સમજી શકતી નથી. જીવાત્મા, એક ચોક્કસ કર્મ કરવા જન્મ ગ્રહણુ કરે છે ખરૂં ?"

કમલિનીઃ "હા, તેમ ના હોય તો જાતિભેદ પ્રથા શા માટે? બ્રાહ્મણુ સત્વગુણુમાં જન્મ ગ્રહણુ કરે છે અર્થાત્ વિશ્વનું હિત કરવા માટે જ બ્રાહ્મણુનો જન્મ છે. ક્ષત્રિય રજોગુણુમાં જન્મ ગ્રહણુ કરે છે અર્થાત્ વિશ્વનું શાસન અને પાલન કરવા, માટેજ ક્ષત્રિયનો જન્મ છે. વણિક અથવા વૈશ્ય, કૃષિ અને વાણિજ્ય વગેરે દ્વારા ધનનો વ્યવહાર ચાલે તે માટે જન્મ લે છે. એ ત્રણે જાતિના કાર્યમાં સહાયતા, અનુકૂળતા કરે તે માટે શૂદ્ર મનુષ્યોનો જન્મ છે. સાધારણુ રીતે એજ નિયમ છે. એ સિવાય પ્રત્યેક મનુષ્યોને માટે કર્મવિભાગ છે. તે કર્મદ્વારા બ્રાહ્મણુ શૂદ્ર થાય છે અને શૂદ્ર બ્રાહ્મણુ થાય છે. તું કદાચ એ બધી વાતોને, પોથીમાંના રિંગણા જાણીને ઉડાવી દેશે પરંતુ અવિશ્વાસનું કારણુ નથી. એકાદ ગોળાને હડસેલી દે. તું તેને જેટલી શક્તિથી ઠેલશે તેટલે વેગળે સુધી તે જશે. જેવા ગુણુ અથવા જેટલી શક્તિથી જીવાત્મા જન્મ ગ્રહણુ કરે છે તેવાંજ તે કાર્ય કરશે."

સત્યવતીઃ "ત્યારે શું તું કેવળ ઉદ્દેશહીન, વ્યર્થ કર્મનાં અનુષ્ઠાનમાંજ જીવન વ્યતીત કરશે ?"

કમલિનીઃ "હા, કદાચ તેજ મ્હારી જીવન-ગ્રન્થીનું મંત્ર-બંધન હશે. વારૂ, પણ મ્હારી એક વાત સાંભળશે ?"

સત્યવતીઃ "શી વાત ?"

કમલિનીઃ "સાંભળે તો કહું."

સત્યવતીઃ "મ્હેં ક્યારે ત્હારી વાત સાંભળી નથી ? શા માટે આવો પ્રશ્ન કરીને લજ્જા પમાડે છે બ્હેન ?"

કમલિનીઃ "વાત મ્હોટી છે."

સત્યવતીઃ "ઝટ કહે."

કમલિનીઃ "મ્હને થોડાક રૂપિયા જોઇએ છે."

સત્યવતીઃ "રૂપિયાને શું કરશે ?"

કમલિનીઃ "મ્હને જરૂર છે."

સત્યવતીઃ "કેટલા રૂપિયા ?"

કમલિનીઃ "પાંચ સાત હજાર."

સત્યવતીઃ "એટલા બધા રૂપિયાનું હમણાં શું કામ છે ?"

કમલિનીઃ "કામ તો બહુ મ્હોટું છે. ત્હેં નથી સાંભળ્યું કે ભ્રગુપુર અને ઝાડેશ્વરના ઘણા ખરા મનુષ્યો કૃષ્ણશંકર પાઠકના ક્રોધવહ્નિમાં બળી ભસ્મ થાય છે ! કેટલાક ગરીબ માણસો તેમને ત્યાં નોકરી કરે છે. કેટલાક ખેતી કરે છે. તેઓએ કચેરીમાં ખોટી સાક્ષી પૂરી નહિ તેથી કૃષ્ણશંકરે તેમને પોતાના ઘરમાંથી હાંકી કહાડયા છે ! તેમની જમીન લઈ લીધી છે ! તેમની પાસેના પૈસા વસુલ કરવા કૉર્ટમાં દાવા માંડી તેમનાં વાસણકુસણ પણ હસ્તગત કર્યાં છે. કેટલાકને કેદખાને નાંખ્યા છે. તેમનાં બાલબચ્ચાં રખડી ગયાં છે. કેટલાકને બીજે નોકરી રહેવા દેતા નથી. તેમની પાસે પૈસા નથી, માણસો નથી. ગરીબોનો કરૂણાજનક હાહાકાર સાંભળી છાતી ફાટી જાય છે ! તેમના પર દયા આવે છે. મ્હોટા લોકનાં કાળાં કૃત્યો જોઈ આશ્ચર્ય થાય છે ! ત્હારી પાસેથી રૂપિયા લઇને તેમને કંઇક સહાય કરવાની ઇચ્છા છે."

સત્યવતીએ પોતાનાં નેત્રો તેના મુખ ઉપર સ્થાપન કરી અનેક ક્ષણ પર્યંત જોયા કર્યું. થોડી વારે કહ્યું: "પિતાજીએ વિલમાં ત્હારા નામ ઉપર પંદર હજાર રૂપિયા લખ્યા છે. તેમાંથી સાત આઠ હજાર રૂપિયા તો ત્હેં આ પ્રમાણેજ ઉડાવી દીધા! બાકી રહ્યા છે તે પણ એજ પ્રમાણે ઉડાવી વા છે?"

કમલિનીએ હસીને ઉત્તર દીધો: "મ્હારે રૂપિયાનું શું કામ છે? એક પેટ સિવાય બીજું શું છે?"

સત્યવતી: "રૂપિયા નહિ હોય તો તે પણ શી રીતે ભરાશે?"

કમલિની: "કેમ? તું ખાવાનું નહિ આપે?"

સત્યવતી: "કદાચ ના આપું તો?"

કમલિની: "તો શું વળી? મ્હારા પતિના સંસારમાં શી ખોટ છે? આ જગતમાં શું નથી? નદીમાં જળ ભર્યું છે, વૃક્ષો પર ફળ ઝૂલી રહ્યાં છે, બગિચાઓમાં પુષ્પના ઝૂમખા ખિલી રહ્યા છે, પછી ખાવાપીવાની ચિંતા શી બ્હેન?"

સત્યવતી: "અને કંઇ રોગ થયો તો?"

કમલિની: "મ્હારો વૈદ્યનાથ, વૈદ્યપતિ, સર્વ વૈદ્યોનો મહાવૈદ્ય, મ્હારા રોગનું ઔષધ કરશે. તમારા ડાકટર સાહેબો જે રોગ જોઈને ચમકી જાય છે, સમસ્ત વૈદ્યક શાસ્ત્રો શોધી વળવા છતાં તેઓ તે રોગ પારખી શકતા નથી અને દવા જડતી નથી તે રોગ વખતે મ્હારા વૈદ્યનાથજ સહાયતા કરશે. રાખે કૃષ્ણ મારે કોણ? મારે કૃષ્ણ રાખે કોણ?"

સત્યવતી: "મ્હારી એક વાત સાંભળશે?"

કમલિની: "શું કહે છે?"

સત્યવતી: "ગાંડપણ છોડી દે."

કમલિની: "વળી પાછી એજ વાત કે? ગાંડો માણસ ગાંડાઇ છોડી શકતો નથી."

સત્યવતી: "લોકો ત્હારી નિન્દા કરે છે. તું સ્ત્રી છે. ભરજુવાનીમાં છે. ત્હારા રૂપથી દશે દિશામાં અજવાળું થાય છે. તું ગૃહસ્થના ઘરની કન્યા, હલકાં માણસોને ઘેરે ઘેર ફરે, તેના વકીલ, બૅરિસ્ટરો સાથે પત્રવ્યવહાર

રાખે, તેના ટોળાં લઇને આમતેમ ફરે તેથી શેહેરના–દેશના–લોકો ત્હારી ઘણી નિન્દા કરે છે.”

કમલિનીએ એ વાતનો કશો ઉત્તર દીધો નહિ. તેણે હસતાં હસતાં ગળામાંથી સ્વર કહાડયોઃ—

“જગ સેવા એ પ્રભુ સેવા છે, કામ સદા એ કરવું,
કલંક શિર પર ચઢે તથાપિ, ડગ નવ પાછું ભરવું;
ડરવું નહિ મર્ણાતે—આ—આ—તરવું ભવસાગરથી અંતે.”

સત્યવતીએ ક્રોધભરેલે સ્વરે કહ્યું: “જોઇ જોઇ ત્હારી હવે પ્રભુસેવા મ્હોટી! પ્રભુ તે કોઈ બીજાનોયે હશે કે નહિ? ઘરમાં બેઠાં બેઠાં ધર્મ નથી થતો?”

કમલિની: “ના બ્હેન. ઘરમાં બેઠાં મ્હોડે મ્હોડેથીજ માત્ર પ્રભુસેવા થતી નથી. જગત્પતિ તો જગત્માં સર્વત્ર વિરાજી રહ્યો છે. પ્રત્યેક જીવમાં મ્હારા ભગવાન બિરાજે છે. એ સર્વ જીવોની સેવા કર્યા સિવાય તેમની સેવા થતી નથી.”

સત્યવતી: “સારી વાત! ત્યારે શુકલજીમાં ભગવાન નથી? તેની સાથે લગ્ન કેમ કર્યું નહિ? પાઠકજીમાં ભગવાન નથી? તેની સાથે તકરાર શામાટે કરે છે?”

કમલિની: “હરિ! હરિ! હજી પણ પ્રશ્નો પર પ્રશ્નો કર્યા જાય છે? હું તો વિશ્વનાથ ભગવાન સાથે પરણી ચુકી છું, પછી હું શુકલજી સાથે શા માટે લગ્ન કરૂં? વિશ્વના જીવો મ્હારાં સન્તાન છે. પ્રસંગ આવતાં શુકલજીની સેવા કરી છે અને હજુ પણ કરીશ. પાઠકજી સાથે તકરાર ક્યાં છે? મ્હોટો પુત્ર ન્હાના પુત્રને વગર કારણે માર મારે ત્યારે તેની માતા મ્હોટા પુત્રને ધમકી આપી અટકાવે નહિ?”

સત્યવતી: “ત્હને પગે લાગી પ્રાર્થના કરૂં છું કેઃ તું એ કામ છોડી દે. તદ્દન છોડી દે. ઘરમાં બેસીને સાધન ભજન કર. આવું કરીને લોકોને હસાવ નહિ.”

કમલિનીએ હસી દીધું. સત્યવતીને ઉત્તર આપ્યો નહિ.

સપ્તમ પરિચ્છેદ.

અજ્ઞાન કોણ?

એ સમયે લક્ષ્મીપ્રસાદ ત્યાં આવી પહોંચ્યા.

સત્યવતીને એક પુત્ર રત્ન પ્રાપ્ત થયું હતું. પ્રથમ પુત્ર થતાં કુળાચાર પ્રમાણે નવરાત્રિમાં માતા વાવવાં જોઇએ અને નવ દિવસ રાતે ગરબા ગવડાવી બહુ આનંદ કરવો જોઇએ. સત્યવતીએ આ સંબંધી લક્ષ્મીપ્રસાદને જણાવ્યું હતું તેથી તે દિવાળીની રજામાં હાઇ-કૉર્ટ બંધ થાય તે પહેલાંજ ભ્રગુપૂર આવી પહોંચ્યો છે. સત્યવતીના આગ્રહ-થી માતાજી વાવવાની અને રાતે ગરબા ગવડાવવાની ધામધૂમ કરવાની તેમણે સમ્મતી આપી છે. ખૂબ ધામધુમથી મહોત્સવ કરવાની તૈયારી થઈ રહી છે. એ કાર્યને હજુ ત્રણ ચાર દિવસની ઢીલ છે.

લક્ષ્મીપ્રસાદને ત્યાં આવી પહોંચેલા જોઇ સત્યવતી નિશ્ચિંત થઈ એક ઉંડો શ્વાસ મૂક્યો. તે પોતાની બ્હેનને સમજાવી કોઇ પણ પ્રકારે વશ કરી શકતી નહોતી. આ વિકટ સમયે એક મદદગાર આવી પહોંચવાથી તેને આશ્વાસન મળ્યું. જે ગાદી ઉપર તે બેઠી હતી ત્યાંથી જરાક ખસી જઇને મદદગાર મિત્રને પોતાની પાસેજ બેસવાનું સ્થાન—માન—આપ્યું, અને આતુર નેત્રે તેમના સ્હામું જોઇ બોલી: “તમે જરા બ્હેનને સમજાવો તો બહુ સારૂ થાય.”

લક્ષ્મીપ્રસાદે સ્મિત હાસ્ય કરી, તેની પાસે બેસતાં ઉત્તર દીધો “ત્હારી અજ્ઞાન બ્હેનને શું સમજાવું?”

સત્યવતી પણ સ્મિત હાસ્ય કરી બોલી: “મશ્કરીની વાત નથી, મ્હારી બ્હેન અજ્ઞાન છે એ સત્ય. ગાંડાની પેઠે કંગાલોના ટોળાં ઉભાં કરી, ખેડુતો

અને ગરીબોની તરફેણ કરી, પાઠકજી જેવા શ્રીમંત, વગવસીલાવાળા ગૃહસ્થ જોડે કોર્ટમાં લડવું એ શું સારૂં કહેવાય! લોકો કેવી વાતો કરે છે તેની ખબર છે?"

તાપને લીધે કોમળ જણાતું આકાશ જાણે વાદળાવાળું ગંભીર જણાયું. લક્ષ્મીપ્રસાદનું સ્મિત હાસ્ય–મુખ ગંભીર જણાયું. તેમણે પત્નીને ટેકો આપતાં કહ્યું: "સત્ય છે. બ્હેન, હવે તમે એવાં કંગાલ કે ખેડુતો સાથે ભળી શકશો નહિ:"

કમલિનીએ પોતાની ટેવ પ્રમાણે મૃદુ હસતાં હસતાં પૂછ્યું: "કેમ?"

લક્ષ્મીપ્રસાદ: "એ તહમારો ધર્મ નથી."

કમલિનીએ ઉત્સુક થઇ પૂછ્યું: "મ્હને સમજણ પડી નહિ."

લક્ષ્મીપ્રસાદ: "તમે સ્ત્રી છો. તમારે શા માટે પુરૂષનાં કાર્ય કરવાં જોઇએ? દેશનું રક્ષણ અથવા પ્રજાનું કષ્ટ નિવારણ કરવું એ પુરૂષોનાં કામ છે." બૅરિસ્ટર સાહેબે આર્ગ્યુમેન્ટ ચલાવવાનું શરૂ કર્યું.

કમલિની બૅરિસ્ટરનીયે બૅરિસ્ટર હતી. તેણે જગદીશ્વરના અદ્રષ્ય કાયદાના ગ્રન્થોનો અભ્યાસ કર્યો હતો. તેણે જગદીશ્વરની કૉર્ટમાંથી બૅરિસ્ટરી કરવાની–સેવિકા બનવાની–સનદ મેળવી તે વખતે લુચ્ચા ચોરોની વકીલાત કરવા માટે જૂઠી પ્રતિજ્ઞા લીધી નહોતી. તેણે ચોરને ચોર તરીકે જાણવા છતાં તેને શાહુકાર બનાવી મેજીસ્ટ્રેટ કે જડજને ઠગવા માટે વકીલાતનો ઝબ્બો પહેર્યો નહોતો! લેણદારે શેકડા રૂપિયા ગણી આપી ખાતુ પડાવેલું હોય છતાં તેણે રૂપિયા આપ્યાજ નથી અને ખાતું ખોટું છે કિંવા અક્ષર મ્હારા જેવા છે પણ મ્હારા નથી એવું હડહડતું જૂઠું પોતાના અસીલ તરફથી ઇશ્વર રૂપી સબજડજ સાહેબને કહેવા માટે જગત્ રૂપી કોર્ટમાં હાજરી આપી નથી. તેણે પ્રાણી માત્રની દ્રષ્ટિયે જણાતું "સત્ય" કહેવા માટેજ વકીલ નહિ, પણ "સેવિકા"નું વિશેષણ ધારણ કર્યું હતું. તેણે અસત્ય ભળેલું સત્ય કહી જગતજનોને ઠગવા માટે ભગવાં વસ્ત્રો પહેરી પોતાને સાધુડી–સન્યાસની–કહેવડાવવાનું અને લોકોમાં રૉફ બેસાડવાનું પસંદ કર્યું નહોતું પણ તેણે તો નિત્ય પહેરાતાં સફેદ વસ્ત્રો ધારણ કરીનેજ–વિનયપૂર્વક–પ્રાણી માત્રની સેવા

કરવાની અભિલાષા રાખી હતી. તેણે બૅરિસ્ટર સાહેબના મુખ ઉપર સ્થિર નેત્રો રાખી સ્મિતહાસ્ય કરીને કહ્યું: "જેના પિતા વિદેશમાં હોય તેની માતાએ બાળકોના રક્ષણને માટે પોતાની નિર્બળ પાંખો વિસ્તારવી નહિ ? આખા શહેરમાં એવું કોણ દયાળુ છે કે કૃષ્ણશંકર પાઠક જેવા ધનવાળા અને વગવાળા શ્રીમંત પણ રાક્ષસની સ્હામે થઈ, તેના ક્રુર પંજામાંથી ગરીબ મનુષ્યો–ખેડુતો–દરિદ્રીઓ–ને છોડાવે ! તે બિચારાઓએ અનેક મનુષ્યોને ઘેર જઇ કરૂણ આંસુડાં ખેરવ્યાં છે પરંતુ કોઇએ તેમના પર દયા કરી નથી ! કોઇએ તેમને જોઈ સહાનુભૂતિ દર્શાવી એક બિંદુ અશ્રુપાત કર્યો નથી ! કોઇએ તેમને મદદ કરી નથી."

લક્ષ્મીપ્રસાદ: "જે સાહસ કોઇ પુરૂષ કરી શકતો નથી, તે તમે સ્ત્રી જાતિ થઇને શી રીતે કરશો ? કૃષ્ણશંકરે પ્રતિજ્ઞા લીધી છે કે: તેના ઘરની એક પણ ઇંટ રહેશે અને તેમના શરીરમાં એક બિંદુ લોહીનું રહેશે ત્યાં સુધી તે પોતાના વિરૂદ્ધ થયેલા, ખેડુત અને અન્ય ગરીબોને છોડશે નહિ."

કમલિનીએ આશ્ચર્ય થઇ ઉત્તર દીધો: "ખોટું ના લગાડશો લક્ષ્મીપ્રસાદ ! તમે સુશિક્ષિત, વિદ્વાન, બુદ્ધિમાન છો, તે સાથે ઉત્તમ પ્રકારના મનુષ્ય છો. એક મનુષ્યે અન્ય મનુષ્યને આશ્રય આપવો અને તેને દુઃખમાંથી મુક્ત કરવા બનતો યત્ન કરવો એજ તેની ફરજ છે. એજ તેને માટે ઇશ્વરી સંદેશો છે. એ કાર્યને માટેજ મનુષ્યો નિર્માણ થયાં છે. એક પશુ કે પક્ષીને જો અન્ય પશુ કે પક્ષી મારે છે કિંવા દુઃખ આપે છે તો બીજા પશુ કે પક્ષીઓ તેવા નિર્બળને સહાયતા કરે છે તો પછી આપણે તો મનુષ્ય છીએ. ઇશ્વરે આપણને જ્ઞાન, ધન, બળ ઈત્યાદિ આપ્યું છે. આપણે આપણા બાન્ધુઓ માટે યત્ન કરવોજ જોઇએ. બધાંજ જ્યારે તમારા જેવા શબ્દો કહે ત્યારે પછી તેમને કોણ મદદ કરે ? દુઃખમાં આવી પડેલા મનુષ્યને બધાજ ધક્કો મારી કાઢી મુકે ત્યારે તે બિચારાની શી ગતિ ? કટકો રોટલો માંગવા આવેલા ભિક્ષુકને બધાંજ કહે કે: "આગળ જા, આગળ જા." ત્યારે પછી તેને કટકો રોટલો આપે કોણ ? તેને તો જીવન પર્યંત ભૂખેજ મરવું કેમ ? ધારો કે એક શ્રીમંત ગૃહસ્થ માર્ગમાં જાય છે. એકાએક વરસાદ પડયો, તેની

પાસે છત્રી નથી. અન્ય ગૃહસ્થો પાસે છત્રીઓ હોવાથી તેમણે છત્રી ઉઘાડી. પેલા ગૃહસ્થે અન્ય ગૃહસ્થોની છત્રીમાં આશ્રય લઈ વરસાદનાં દુઃખથી બચવા યત્ન કર્યો, પણ બધાજ છત્રીવાળા ગૃહસ્થો તેમને પોતાની છત્રીમાં ન આવવા દે તો પેલા ગૃહસ્થની શી વલે? તેણે પલળી મરવું પડે. અનાથ, ગરીબ, દુઃખી, દરિદ્રી, અને આફત—અકસ્માતમાં ફસાઇ પડેલાં મનુષ્યોની પણ એવીજ સ્થિતિ સમજવી. તમે ઇશ્વરની માયા—લીલાને કલ્પી શકો છો? આજે રાજા છે તેજ કાલે રંક થઇ જાય છે. આજે શ્રીમંત હોય છે તે કાલે કંગાલ ભીખારી થઇ જાય છે, અને ભીખારી હોય છે તે કાલે શ્રીમંત થઇ જાય છે. એવાં ઘણાં ઉદાહરણો જગતમાંથી મળી આવે છે. હવે વિચાર કરો કે એક ભિક્ષુકે એક શ્રીમંત પાસે જઇ ભિક્ષા માગતાં તેણે તેને ભિક્ષા ન આપી, પણ ઇશ્વરની લીલાથી તેજ શ્રીમંત ભિક્ષુક થઇ ગયો અને ભિક્ષુક શ્રીમંત થઇ ગયો. પેલોજ શ્રીમંત—ભિક્ષુક પેલા ભિક્ષુક—શ્રીમંત પાસે ભિક્ષા માંગવા આવ્યો, તે વખતે તેના અંતઃકરણની કેવી સ્થિતિ હોય છે? તે વખતે તેના હૃદયમાં કેવા વિચારો ઉત્પન્ન થાય છે? ભિક્ષુક—શ્રીમંત એમ નક્કી જાણી શકે છે કે હું પણ એક વખત આવીજ સ્થિતિમાં હતો, એને ભિક્ષા આપવાથી મ્હારે ત્યાં ખુટી ન જાત છતાં મ્હેં એને ભિક્ષા આપી નથી! બૅરિસ્ટર સાહેબ! ભિક્ષુકોનાં હૃદય વાંચવાની વિદ્યા શિખવાનું હજી તમે બાકી રાખ્યું છે. તમે એ વિદ્યા પણ શિખો, તોજ તમને ગરીબજનોના હૃદયની વ્યથાનું ભાન થશે. આપણે પોતેજ એ દુઃખીઓની જગ્યાએ હોઇએ તો આપણને કેવું કષ્ટ થાય? તેનો જરા વિચાર તો કરો! પેટમાં ચુંક આવતાં આપણે ડાક્ટરને પૈસા આપવા છતાં કેટલા બધા કાલાવાલા કરીએ છીએ અને કેટલા બધા ત્હેના ઓશિયાળા થઇએ છીએ? દુઃખી દરિદ્રીઓને માટે પણ એમજ સમજવું. આપણે ગૃહસ્થો તેમના વૈદ્યજ છીએ. આપણે તેમને તેમના રોગની દવા આપવીજ જોઇએ, તોજ આપણે મનુષ્ય, તોજ આપણે આપણો ધર્મ બજાવ્યો કહેવાશે. તમે સુધરેલા, અંગ્રેજી ભણેલા મ્હોડે મ્હોડે "બ્રધર-હુડ" "બ્રધરહુડ" અને "બંધુ મંડળ" "બંધુમંડળ" કરો છો પણ તમારા "બંધુઓ" માટે તમે કેટલી કાળજી રાખી છે? તમારા "બંધુ-

ઓને" તમે કેટલી મદદ કરી છે? તમારા "બંધુઓ"માં કેટલા નોકરીની ગુલામગીરીમાં પડ્યા છે? અને કેટલા સ્વતંત્ર હુન્નર ઉદ્યોગે વળગી પોતાનું-દેશનું હિત કરે છે? મ્હોટાં મ્હોટાં ભાષણો કરવાં, ડહાપણ બતાવવું અને જીભડીનો સ્વાદ પુરો પાડવા, ચ્હા પાણી કે મિષ્ટાન્ન ભોજન કરવાં એજ શિખ્યા છો કે બીજું કંઇ? "બ્રધરહુડ" અને "બંધુમંડળ" ના રિપૉર્ટોમાં એવું કોઇ પણ સ્થળે જણાતું નથી કે: "અમારા "ભાઇઓને" હુન્નર-ઉદ્યોગે વળગાડવા માટે અમે આટલો પ્રયાસ કર્યો." તમે તેમ બતાવી શકશો? ભલે તમે સંકુચિત દ્રષ્ટિથી મંડળો સ્થાપો પણ તેમનુંયે કલ્યાણ કરવા માટે તમે શું કર્યું છે? છાતીએ હાથ મુકી, ઇશ્વિરને યાદ કરી, તમે ખુલાસો કરો. એવાં મંડળોમાં મ્હોટા મ્હોટા જડજ અને બૅરિસ્ટરો ઉપરાંત ઘણાયે કેળવાયલા ગ્રહસ્થો સભાસદ થયા છે પણ તેમણે શું ઉકાળ્યું છે? હું ખાત્રીથી કહું છું કે તેમણે પોતાના આત્માનેજ ઠગ્યો છે! તેમણે પોતાનો આત્મઘાત કર્યો છે! તેમણે પોતાના "ભાઇઓ" પ્રત્યે જે ફરજ બજાવવી જોઇએ તે બજાવી નથી! તેમણે પોતાના "બંધુઓ"ને હુન્નર-ઉદ્યોગે વળગાડવા માટે કોઇ સંસ્થા ઉઘાડી નથી! તેમજ તેમને વિદ્યાદાન આપવા માટે જોઇએ તેટલું કર્યું નથી! બી. એ. અને એમ. એ. થયા એટલે એવી રીતે એક પ્રકારની સુધરેલી ઠગાઇ કરી એજ કે બીજું? બૅરિસ્ટર સાહેબ! એમ કંઇ તમારા તેજમાં જગત્ અંજાય એવું નથી. જગત્ એવા બગ-ભગતોને, ઉજળા ઠગોને, સારી પેઠે ઓળખે છે! ભલેને એવા લોકો ભવ્ય મેળાવડા કરે, લાંબાં લાંબાં ભાષણો કરે, અને પૈસાની પાયમાલી કરે! તેથી કંઈ સમાજમાં સાર્વજનિક રીતે, સચોટ અસર થવાની નથી. સમાજમાં "વિદ્યાલયો" અને "ઉદ્યોગ ગૃહો" ઉઘાડો. ઘણાં ઉદ્યોગ ગૃહો ઉઘાડવાથી ભારતવર્ષની પ્રજાની દરિદ્રતા નાશ પામશે. ટાંકણીથી એન્જીન સુધીની વસ્તુ માટે પરદેશ તરફ મ્હોં વિકાસી બેસી રહેવું પડે છે, તેમ ન થવું જોઇએ. પ્રત્યેક ઉદ્યોગો ભારતવર્ષમાં ખિલવવા જોઇએ, અને તેને માટે તમારા "બ્રધરહુડે" અને "બંધુમંડળો"એ સતત પ્રયાસ કરવો જોઇએ. લુખ્ખો પ્રયાસ નહિ પણ સ્વાર્થનો ભોગ આપીને, આત્મભોગ આપીને, તન, મન અને ધનથી મહેનત કરવી જોઇએ;

તોજ ખરૂં કર્તવ્ય ગણાશે, નહિ તો પાછળ નિંદા થાય છે તે સાંભળ્યાજ કરો. ગધેડાને ડફણું મારતાં તે ધૂળ ઉઠી ગઈ જાણે છે તેમ તમેયે જાણ્યા કરો, અને આત્મઘાત કરો! પરમેશ્વરને છેતર્યાજ કરો! દેશબંધુઓને દરિદ્રતામાં સબડવા દો, બીજું શું ? ભાઈ! હું મ્હારા જીવન પર્યંત જેટલું બનશે તેટલું કરીશ. ભગવાન તમને સર્વને અને પાઠકજીને સદ્બુદ્ધિ આપે. ગરીબોનાં દુઃખ જોઈ મ્હારૂં હૃદય બહુ દુઃખી થાય છે. તેમના અશ્રુપાતથી મ્હારા લોહીનું પાણી થઇ જાય છે! તેથીજ હું તેમનાં ચક્ષુનું જળ લુછવાનો યત્ન કરૂં છું. શું થશે અને શું નહિ તે હું જાણુતી નથી. અંતર્યામિ જેવી પ્રેરણા કરે છે તે પ્રમાણે વર્તું છું. એ બિચારાં જેનાં સન્તાન છે, તેની દ્રષ્ટિ તેમના ઉપર અવશ્ય પડશે. તે દીનાનાથ છે. તે જગતપિતા છે. તેજ પોતાનાં સન્તાનની સંભાળ લેશે.”

બૅરિસ્ટર સાહેબ હાઇકૅાર્ટમાં જડજ સાહેબ આગળ ઘણીએ કટ્કટ્ કરતા હતા, ઘણીએ આડી અવળી દલીલો કરતા હતા પણ અહિં તેમનું વિશેષ ચાલ્યું નહિ. અહિં તો કમલિનીનું મુદ્દાસર ભાષણ સાંભળી દંગ થઇ ગયા. કારણ ? કારણ એજ કે તેના શબ્દે શબ્દ સત્ય હતા. તે શબ્દોમાં નવીનજ શિખામણ ભરી હતી. તેમને હિંદનાં કે વિલાયતનાં વિશ્વ વિદ્યાલયોમાં એવી શિખામણ મળી નહોતી. તેમને આજે કંઈક નવોજ પાઠ શિખવાનો મળ્યો હતો. તેમણે મનમાં ને મનમાંજ કમલિનીના કહેવા સાથે “બ્રધર-હુડ” અને “બંધુમંડળ”ના કાર્યને સરખાવી જોયું. તેના કામને જમે ઉધાર કરી જોયું. સરવાળા બાદબાકી પણ કરી જોઇ. જમે પાસે મ્હોટું મીંડું પડેલું જણાયું! અને નફા નુકસાનનું સરવાયું કાઢતાં અધર્મ, દંભ અને આત્મ-ઘાત મ્હોટે અક્ષરે જણાયા! ગમે તેમ પણ તે વિદ્વાન હતા, એટલે “સત્ય” જાણતાં તેમને વિલંબ લાગ્યો નહિ. એવાં મંડળોના કાર્ય અને સભાસદોનો દંભ જાણી તેમને હૃદયમાં સખ્ત લાગણી થઇ, તેમના પર ગુસ્સો પણ થયો અને એવાં મંડળોમાં ખાસ કરીને હાજરી આપી, તેમની આંખ ઉઘાડવાનો દ્દઢ નિશ્ચય કરી લીધો. આ બધી ક્રિયા તેમના મનમાં ચાલતી હતી. તેથી કમલિનીને ઉત્તર દેવા માટે વખત મળ્યો નહિ. સત્યવતીએ વચમાંજ લક્ષ્મી-

પ્રસાદને કહ્યું: “ એનાં સાતેક હજાર રૂપિયા આપણી પાસે છે. તેજ એ માંગે છે. ”

લક્ષ્મીપ્રસાદ વિચાર નિદ્રામાંથી એકાએક જાગ્રત થયો. તેણે ઉત્તર દીધો: “ તે રૂપિયા લઇનેજ પેલા ભુખડી બારસોને મદદ કરવી છે કે ? ”

કમલિની: “હા.”

લક્ષ્મીપ્રસાદ: “અન્તે તમારી શી સ્થિતિ થશે ?”

કમલિની: “ તેની તમારે ચિન્તા કરવી નહિ. મ્હને રૂપિયા આપી મ્હારો આશીર્વાદ લો. ”

લક્ષ્મીપ્રસાદ: “ તમારા રૂપિયાનું તમારી ઇચ્છામાં આવે તેમ કરવા શક્તિમાન છો, પરંતુ પરિણામનો વિચાર કરીને કોઇ પણ કામ કરવું એજ બુદ્ધિમાનોને માટે ઉચિત છે. ”

કમલિનીએ તે વાત કાને ધરી નહિ. તેના અતિશય આગ્રહથી સત્યવતીએ તુર્તજ બૅંકનો ચૅક ફાડી આપ્યો. કમલિનીનું મુખ અતિ પ્રફુલ્લ થયું.

અષ્ટમ પરિચ્છેદ.

દેશની અવસ્થા.

કમલિનીએ બૅંકમાં ચૅક મોકલી રૂપિયા મંગાવી લીધા. ભૃગુપૂર અને તેની આસપાસના ખેડુતોએ, કૃષ્ણશંકરના અત્યાચારથી અતિશય દુઃખી થવાથી, એક સંપ કરી ભાગ–ગણોતના રૂપિયા આપવાનું બંધ કર્યું હતું. કૃષ્ણશંકરે પણ રાક્ષસી મૂર્તિ ધારણ કરી રૂપિયા વસુલ કરવા કોર્ટમાં ફરિયાદો કરતા હતા. કમલિનીએ એક વિશ્વાસુ મનુષ્યને કૃષ્ણશંકર પાસે મોકલી અનેક વિનય પ્રાર્થના કરી અને ગરીબ ખેડુતો તથા દરિદ્ર આશ્રિતો ઉપર કરૂણા કરવા સ્તુતિ કરી. બહુ આગ્રહ કર્યો.

કૃષ્ણશંકરે તેજ મનુષ્ય સાથે કમલિનીને કહાવ્યું કે: “ કોર્ટમાં લડતાં

મ્હને ઘણો ખર્ચ થયો છે. જો ખેડુતો વગેરે મ્હને તે રૂપિયા આપે તો હું તેમને મુક્ત કરી શકીશ. ખર્ચ થયેલા દશહજાર રૂપિયા જોઇએ."

આ વાત ખેડુત વગેરેને કાને નાંખતાં તેમણે કમલિનીને કહ્યું: "મા! દશ પૈસાનું ઠેકાણું નથી ત્યાં દશ હજાર રૂપિયાની વાત! ગાય, ભેંસ અને બળદ તથા ખાવાનું અનાજ વેચીને પણ અમે કૉર્ટમાં લડતા આવીએ છીએ. હવે તો માર્ગમાં ફરતા ભિક્ષુક જેવા થઇ ગયા છીએ. મરણ એજ અમારાં અદ્રષ્ટમાં લખાયું છે. મરીશું ત્યારેજ છુટીશું."

કમલિનીએ ઉપાય શોધવા માંડયો. છેવટે તેની પાસે જે કાંઈ હતું તે સમસ્ત ઉઠાવી લાવી. તેની પાસે સાત હજાર ચારસો રૂપિયા હતા. કમલિનીએ એ રૂપિયા કૃષ્ણશંકરને ત્યાં મોકલી દીધા, અને કહાવ્યું કે: "હવે તેમની પાસે બીજું કશું નથી. આટલા રૂપિયા લઇનેજ દયા કરો. તમે તેમનાં માબાપ છો. તમે રક્ષણ નહિ કરો તો કોણ કરશે?"

કૃષ્ણશંકરે રૂપિયા લઈ લીધા અને અહંકારમાંજ ડોકું ધુણાવ્યું. જાણે તેની પ્રાર્થનાને સહાનુભૂતિ દર્શાવતા હોય તેવો દેખાવ કર્યો. પરંતુ અત્યાચારનો પ્રવાહ પ્રથમ વહેતો હતો તેમજ વહેવા લાગ્યો. ખેડુતો ઉપર અને ગરીબ આશ્રિતજનો ઉપર જોરજૂલમ થતો હતો તેમજ થવા લાગ્યો. કમલિનીએ કૃષ્ણશંકર પાસે મનુષ્ય મોકલી કહાવ્યું કે: "રૂપિયા લઈ સમાધાન કર્યા પછી આ શું?" મનુષ્યે પાછા આવી કહ્યું: "દશ હજાર રૂપિયામાં હજી બાકી છે તેટલા પૂરા નહિ કરો ત્યાં સુધી એમજ ચાલવાનું."

કમલિનીએ કહાવ્યું કે: "હવે બીજા રૂપિયા આપી શકાય તેમ નથી. જો એટલા રૂપિયાથી તમે શાંત થાઓ તેમ ના હોય તો મ્હેં આપેલા રૂપિયા મ્હને પાછા મોકલો." કૃષ્ણશંકરે આ વાત સાંભળી ખડખડાટ હસીને કહ્યું: "લ્હેણા પૈસા, એક વખત શાહુકારોની પેટીમાં પડ્યા પછી પાછા બહાર નિકળે ખરા કે?"

કમલિની એ સમાચાર સાંભળી દિલગીર થઈ. મનમાંજ વિચાર્યું "હરિ! હરિ! આટલા બધા રૂપિયા કોઇના ઉપયોગમાં નહિ આવતાં કૃષ્ણશંકરની પેટીમાં ચાલ્યા ગયા! એ રૂપિયા હોત તો નિરાશ્રય, અન્ન વગર ટળ-

વળતાં ઘણા દુઃખીઓનાં દુઃખ વિમોચન કરી શકાત–અનેક ઉપકાર થાત.”

થોડો વખત વિચાર કર્યા પછી કમલિનીનું ઉદાસ મુખ એકાએક પ્રફુલ્લ થઇ ઉઠયું. તેના ચિત્તની સ્થિતિ બદલાઈ. તેણે સ્મિત હાસ્ય કરી કહ્યું: “શેની ચિન્તા? રૂપિયાની? તે ચિન્તા મ્હારે શા માટે કરવી? અન્ન વગર, અને આશ્રય વગર ભૂખે મરતાં, રખડતાં નિરાધાર મનુષ્યો માટે? તેમને માટે હું શા માટે ચિન્તા કરૂં? જીવ માતાના ગર્ભમાં હોય છે તે વખતે, તેના જન્મતાં પહેલાંજ, માતૃસ્તનમાં જે દુધ ઉત્પન્ન કરે છે તેજ તે નિરાધાર, દુઃખીઓનાં દુઃખની ચિન્તા કરશે, તેજ તેનો ઉપાય કરશે.”

ત્યાર પછી કમલિની, એક મલિન ચાદર ઓઢી ધીમે ધીમે ઘર બહાર નિકળી ગઇ. કૃષ્ણશંકરના ક્રોધાગ્નિમાં સપડાયલા શહેરના કેટલાંક ગરીબ મનુષ્યો કરતાં નજીકના ગામડાના ખેડુતની ત્હેને વિશેષ કાળજી હતી, કારણ કે તે બિચારા ઉપર કૃષ્ણશંકર બહુ જુલ્મ ગુજારતો હતો.

નવમ પરિચ્છેદ.

ગામડાને માર્ગે.

હજી વિશેષ સમય થયો નહતો. પ્રચણ્ડ ઉષ્ણતા પ્રસારતાં સૂર્યકિરણો શીતળ થવા લાગ્યાં હતાં. પૃથ્વી પરની માટી ઉપરનો તાપ ઓછો થયો હતો. કમલિનીએ શહેર બહાર જઇ ગામડાનો રસ્તો લીધો હતો. ત્રણેક માઇલ વેગળે આવેલા સુદામાપુર નામક ન્હાના ગામડામાં જઇ પહોંચી. ગામ શહેરની નજીકમાંજ હતું છતાં ધન અને સમ્પત્તિમાં અતિ કંગાલ હતું. જ્યાં ત્યાં આંબા, આંબલી, બાવળ, લીમડા અને થોરનાં ઝાડ દ્રષ્ટિયે જણાતાં હતાં. ઉંચાં વૃક્ષની ઘટામાં સર્વત્ર અંધકાર ફેલાયો હતો. ગામમાં છો, ઈંટનું એકે ઘર નથી. જ્યાં ત્યાં જણાતાં કાદવની ભીંતોવાળાં ઘરથી એ ગામની વ્યવસ્થાનું દિગ્દર્શન થતું હતું.

ગામડાના રસ્તાઓ પણ ઘણાખરા દુરસ્ત કરાવવામાં આવતા નથી.

ઢોરોની ખરીઓ વડે અને ગાડાનાં પૈડાં વડે પડેલા ખાડા–ટેકરા માટે ક્યા લોકલબૉર્ડ કમિશ્નરને ચિંતા હોય? એ માર્ગ ગામડાના લોકોને ગમે તેટલો વિકટ, અડચણ કર્ત્તા થઇ પડયો હોય છે છતાં લોકલ બૉર્ડ ખાતું તેને માટે આંખઆડા કાન કરતુંજ હોય છે! દુર્ભાગ્ય બિચારાં એ ગામડાનાં! તેમના ભાગ્યમાં શહેર જેવી શોભા અને સગવડ લખાયલીજ નહિ ત્યાં પછી બૉર્ડના કમિશનરો પણ શું કરે? માર્ગની બે બાજુએ વૃક્ષપત્રોથી છવાયલાં ખેડુતોનાં કંગાલ ઝુંપડાં! ઝુંપડાંની આસપાસ ઢોરોના મળમૂત્રના ઢગલા! નિર્મળ જળની તો ત્યાં હમેશાંજ ખોટ! એક બે દુર્ગંધી જળવાળાં તલાવડાં જણાતાં હતાં. તેમાં પણ જળપર લીલ બાઝી ગયેલી અને જંતુઓ પડી ગયેલા હતા. કિનારાપર ઉગેલાં વૃક્ષનાં પાદડાં પડી સડી ગયેલાં હોવાથી એ જળમાંથી મગતરાં જેવાં સૂક્ષ્મ જંતુઓ હમેશાં ઉડયા કરતાં હતાં. ગામડાની ગરીબ પ્રજાને એવું મલિન ગંદુ જળ પીવું પડતું! ખરેખર, તેઓ બિચારાંજ હતા! અનાથજ હતા! શહેરની પેઠે તેમની સુખશાંતિ માટે કાળજી રાખે એવી મ્યુનિસિપાલીટી નહોતી! શાહુકારો પણ નહોતા!

ગામડાને એક છેડે આવેલા આંબાવાડીયામાં કેટલાક ગાયો ચરાવનાર ગોવાળીયા ગાયોને ચરતી મુકી, આંબા નીચે હિંચકા ખાતા હતા. ગોવાળીયાઓ અન્યકાર્યમાં રોકાયા હોવાથી ગાયો પણ સ્વચ્છંદીપણે આમતેમ વિચરતી હતી. કોઇ ખાડાઓમાં ઉતરી લીલાં તૃણ ચરતી હતી ત્યારે કોઇ ઉંચું મુખ કરી, વૃક્ષની નીચી નમેલી ડાળીઓ પરથી સુખે કુમળાં પત્ર–પુષ્પનું ભોજન કરતી હતી. કોઇ વૃક્ષ નીચે ઉભી રહી નિશ્ચિંત જીવે પોતાનાં પ્રિય બાળકને સ્તનપાન કરાવતી હતી ત્યારે કોઇ લીલા છોડવા ઉખેડી નેત્રો મીંચી ભચડ ભચડ ચાવતી હતી, વળી કોઇ પૃથ્વીપર બેસી ચાવેલા પલ્લવને વાગોળતી હતી. ન્હાનાં વાછરડાં કોઇ આનંદમાં આવી જઇ આમતેમ દોડતાં ફરતાં હતાં ત્યારે કોઇ બે સ્હામસ્હામાં ભેટી લડાવતાં હતાં. ગરીબ ખેડુતોની પત્ની અને કન્યાઓનાં ટોળેટોળાં, માત્ર એક એક મેલું વસ્ત્ર પહેરી, તળાવમાંથી પાણીનાં બેહેડાં ભરી ઘેર જતી જોવામાં આવે છે. કોઈ સ્થળે કાળા રંગનાં બાળક–બાળકીઓ ઉઘાડે શરીરે આમતેમ રમતાં

કુદતાં જણાય છે. કમલિની શાંતચિત્તે, ધીમી ચાલે, ગામડાંનો માર્ગ કાપતી જાય છે.

તેણે માર્ગમાં કોઇ સાથે વાતચિત કરી નહિ. તેણે ફરીને કોઇના સ્હામું જોયું પણ નહિ. તે નીચી નજરે, એકજ ઢબે ચાલી જતી હતી. થોડેક વેગળે ગયા પછી થોરની વાડ વડે ઘેરાયલા એક વિશાળ ઘરમાં તેણે પ્રવેશ કર્યો. ઘરમાં પેસતાં ડાબી બાજુએ કોહોડની ઓરડી હતી. ત્યાં બેઠી બેઠી એક વૃદ્ધ ડોસી કંઇ કામ કરતી હતી. ડોસીને ઘણાં વર્ષ થયાં છે. તેની સર્વ બહિરિન્દ્રિયો પેન્શનની અરજી કરી નિશ્ચિંત થઇ બેઠી હતી ! કમલિનીએ તેને બૂમ પાડી કહ્યું : " ઓ ડોસીમા, શું કરો છો ? "

ડોસીના કાનોએ પેન્શન લીધેલું હોવાથી તેમણે કમલિનીના શબ્દો સાંભળવાની તસ્દી લીધી નહિ ! કમલિનીએ તેને પુનઃ બોલાવી તોપણ ઉત્તર મળ્યો નહિ. છેવટે કમલિનીએ પાછળથી ડોસીના ધોળા વાળ ખેંચ્યા. ડોસીએ તુરત પાછું ફરીને જોયું, અને કહ્યું: "આવી છે કે ? કેમ તેમને બોલાવું ?"

કમલિની પણ ત્યાંજ બેઠી. એક વાંસની ખુંટીને અઢેલી પગ લાંબા કર્યા. રાતા કમળ જેવા બે પગ, એક બીજા ઉપર ચઢાવીને બેઠેલી હોવાથી જાણે સાક્ષાત્ મહાલક્ષ્મીનું કમળાસન હોય એવું જણાતું હતું. કમલિનીને બહુ થાક લાગ્યો હતો. થાકને લીધે તેના રાતા મુખ ઉપર પરસેવાનાં ટીપાં બાઝયાં હતાં. માથાના કાળા ભ્રમર જેવા વાળની એક બે લટ કપાળ પર આવી પરસેવામાં પલળી ગઇ હતી. કમલિનીએ ઉત્તર દીધો: " હા, બોલાવો. "

ડોસીએ તે શબ્દો બરોબર સાંભળ્યા નહિ તેમ છતાં તેના હોઠ ફફડવાથી અને ઇસારતથી સમજી ગઈ. પોતાના હાથમાંનું કામ પડતું મૂકી તે તુરતજ ત્યાંથી ચાલી ગઇ.

થોડી વાર પછી કમલિનીએ નગારાનો પ્રચણ્ડ ધ્વનિ સાંભળ્યો. તે ઉપરથી જણાયું કે: ડોસીએ તેના આવવાના સમાચાર આપ્યા છે અને તે જાણીને કોઇ ખેડુત, અન્ય સર્વ ખેડુતોને એકઠા થવા માટે નગારાનો ધ્વનિ કરે છે.

કૃષ્ણશંકર સાથે ખેડુતોને તકરાર ઉભી થઇ ત્યારે કૃષ્ણશંકરે તેમને કચડી નાંખવાના ઉપાયો લેવા માંડયા હતા. એ સમયે ગરીબ, આશ્રયહીન ખેડુતોને પોતાનો બચાવ કરવા માટે શારીરિક શક્તિનો ઉપયોગ કરવો પડયો હતો. તેમણે નિયમ કર્યો હતો કે: "કોઇ પણ કારણને લીધે સર્વને એકઠા કરવાની અગત્ય હોય તે સમયે આ નગારૂં વગાડવામાં આવશે. એનો ધ્વનિ સાંભળી સર્વેએ ચૉરામાં ભેગા થવું જોઇએ."

નગારાનો ધ્વનિ સાંભળી થોડીવારમાંજ ઘણા લોકો ભેગા થઇ ગયા.

જેણે નગારૂં વગાડયું હતું તેણે સર્વને કમલિનીના આવવાના સમાચાર કહી સંભળાવ્યા. તે સમયે જેઓ આગેવાન હતા તેમણે અન્ય સર્વને જવાની રજા આપી અને પોતે કમલિની જે ઘરમાં બેઠી હતી ત્યાં ગયા. એની સંખ્યા પચાશેક હશે.

તેમણે વેગળેથી જોયું કે: ખેડુતોની કુલ-લક્ષ્મી દેવી, ડાબા પગ ઉપર જમણો પગ ચઢાવી રાતા કમળ જેવા બે પગ પૃથ્વી પર મુકી, તેમને અભય વરદાન આપવા સ્થિર થઇને બેઠી છે. તેઓએ તે સ્થળે આવી ભક્તિપૂર્વક, પૃથ્વી પર લાંબા દણ્ડવત્ પ્રણામ કર્યા અને ગદ્‌ગદ્ કણ્ઠે કહ્યું: "માતા! સન્તાનોનું રક્ષણ કરવા માટે તમને આટલું બધું કષ્ટ! અમે કેવાં હત-ભાગ્ય સન્તાન તમારાં કે તમને આટલું બધું કષ્ટ આપીએ છીએ!"

કમલિનીએ એ વાતનો ઉત્તર દીધો નહિ. માત્ર મૃદુ હાસ્ય કર્યું.

જેઓ આવ્યા હતા તે આંગણામાં હારબંધ બેસી ગયા. ડોસીએ તેમનું સન્માન કરવા માટે, પોતાના આધાર સ્વરૂપ એક ફાટલી સાદડી બહાર કાઢી પણ એટલાં બધાં માણસોને તે પહોંચી વળે શી રીતે? તેમણે ડોસીનો ઉપકાર માન્યો. સાદડી પાછી વાળી. સાદડીને પણ પેન્શન મળ્યું તેથી તે પોતાનું જીર્ણદેહ લઇ એક ખૂણે પડી રહી!

કમલિનીએ કહ્યું: "તમારે માટે મ્હારૂં મન બહુ ચંચળ થયું હતું તેથીજ તમને મળવા આવી."

જેઓ આવ્યા હતા તેમાં હિંદુ અને મુસલમાન બધાજ હતા. જમિ-યતખાંએ કહ્યું: "માતા! અમારી દુર્દશાની હદ નથી! અમારી આબરૂ

ઇજ્જત નષ્ટ કરવા માટે ગામમાં જમીનદારના મહેતા સિપાહીઓ હાથમાં કડીઆળી ડાંગો લઇને ફરતાજ ફરે છે!"

કમલિની: "છેવટે કૃષ્ણશંકરે આ રસ્તોજ લીધો ?"

જમિયતખાં: "હા, મા! તેમણે આજ્ઞા કરી છે કે ખેડુતોની વહુ દિકરી પકડી લાવી તેમની આબરૂ લેવી! જે ખેડુત હાથમાં આવે તેને પકડીને મારતાં મારતાં અહિં લાવવો."

કમલિની: "ત્યાર પછી ?"

જમિયતખાં: "હજુ સુધી તેમ કરી શક્યા નથી રણ અમે બહુ સાવચેતીથી કામ કરીએ છીએ. ગમે તેમ પણ અમે દરિદ્ર. ખેતી કરનાર. અમે ગરીબ કંગાલ, અમારી શક્તિ કેટલી? હવે તો ખુદાતાલા મરણ આપે તો બહુ સારૂં. હવે સહન થતું નથી મા! કોરટમાં ફરીઆદો કરી કરીને તેણે અમારૂં સત્યાનાશ કહાડી નાંખ્યું છે. અમને માર્ગમાં રખડતા ભિખારી જેવા કરી દીધા છે. ગમે તેમ મહેનત મજુરી કરીને એક મુઠ્ઠી અનાજ મળે તેમ કરીએ છીએ. હમેશાં સાવચેત રહેવું પડે છે."

કમલિની: "તમે આ બધી વાત પોલિસને કહી છે ?"

જમિયતખાં: "ચુકીએ ખરા કે ?"

કમલિની: "પોલિસોએ શું કહ્યું ?"

જમિયતખાં: "અમારા સાક્ષી પુરાવા ક્યાંથી હોય કે તે ફરિયાદ સાંભળે? કદાચ ત્યાં પણ કૃષ્ણશંકરની લાગવગ પહોંચી ગઇ હોય એમ જણાય છે."

કમલિની આશ્ચર્ય પામી વિચાર કરવા લાગી. થોડી વાર પછી કહ્યું: "તમે બધા ભેગા મળીને એક દિવસ કૃષ્ણશંકર પાઠકને ઘેર જાઓ."

જમિયતખાં વિસ્મય પામી બોલ્યો: "કેમ મા? શા માટે ?"

કમલિની: "તમે ખેડુત છો, તે જમીનદાર છે. તમે દીનહીન ગરીબ કંગાલ છો, તે ધનકુબેર છે. તેના ચરણમાં માથુ નમાવી કૃપા ભિક્ષા માગો."

જમિયતખાં: "તેમ પણ કરી ચૂક્યા."

કમલિની: "પરિણામ ?

જમિયતખાં: "તેણે જે ઉત્તર દીધો તે સાંભળશો તો કાનમાં આંગ-

ણીઓ ઘાલવી પડશે ! મ્હને એવું થયું કે જાણે તેનું માથુજ તોડી નાંખું !"

કમલિની: "તેણે શું કહ્યું ?"

જમિયતખાં: "હું મ્હોડેથી કહી શકું એમ નથી."

કમલિની: "વિપત્તિને સમયે પુત્ર માતાને ગમે તેવી વાતો પણ કહી શકે છે. જે હોય તે કહો."

જમિયતખાં: "કહેતાં ઘણું પાપ લાગે."

કમલિની: "તેમ હોય તો પણ કહો."

જમિયતખાં: "તેણે કહ્યું કે, "તમારી માતા, તમારૂં રક્ષણ કરનાર કમલિનીને પકડી લાવી, મ્હારા સમ્મુખ તેનું અપમાન કરી ચાલ્યો જશે ?"

કમલિની: "પછી ?"

જમિયતખાં: "જે જે મનુષ્યોએ મ્હારી વાડીમાં પ્રવેશ કરી મ્હને અને મ્હારા પુરોહિત શુકલજીને માર્યા છે તેઓનું ઘણું અપમાન કરી ગામમાંથી કાઢી મુકવા જોઇએ. તેમજ ભગુપુરના જે જે મનુષ્યોએ એ કામમાં મદદ કરી છે તેમને હેરાન હેરાન કરી મુકવા જોઇએ. તેમને ઘેર આગ લગાડવી જોઇએ. તેમના ઘરમાં ચોરી કરવી જોઇએ. આવાં બધાં કામોમાં તેમને અમે મદદ કરીએ તોજ તે અમારો પીછો છોડે."

કમલિની: "એ સિવાય બીજું કાંઈ ?"

જમિયતખાં: "હા."

કમલિની: "તે શું ?"

જમિયતખાં: "જેટલી ફરિયાદો માંડવી પડી છે તેનો બધો ખરચ આપવો."

કમલિની: "તમારે તેની સાથે છેલ્લી વાતચિત ક્યારે થઇ ?"

જમિયતખાં: "આજે બપોરે."

કમલિની: "ખર્ચને માટે કેટલા રૂપિયા માગે છે ?"

જમિયતખાં: "વીશ હજાર."

કમલિની: "અગાઉ દશ હજાર માંગ્યા હતા ને ?"

જમિયતખાં: "હવે તેમાં વધારો થયો છે. અમારી સ્થિતિ કંઇક

સારી જોઇને દશ હજારનો વધારો કર્યો છે. તમારી સલાહની જરૂર છે. અમે એક કામ કરવા ધારીએ છીએ."

કમલિની: "તે શું ?"

જમિયતખાં: "અમારૂં મરણ તો નિશ્ચયજ છે. અમારા શાહુકારની લાકડીથી મરવાના હોઇશું તો મરીશું કે કાં તો પેટના ભૂખે મરવાના હોઇશું તો મરીશું, ત્યારે પછી બદલો લેતાં મરવું એજ સારૂં છે. અમે અમારૂં વેર વાળવા ધારીએ છીએ."

કમલિની: "શું કરવા ધારો છો ?"

જમિયતખાં "બાળબચ્ચાંને બીજે ગામ મોકલી દઇએ અને બધા એકસંપ કરી પાઠકજીની હવેલી લુંટી લઇએ અને તેમને તથા શુક્લજીને પરલોકમાં પહોંચાડી દઇએ. તેમના ઘરાંને આગ લગાડીએ. તે પછી જે નશીબમાં લખ્યું હોય તે થાય."

કમલિનીએ આશ્ચર્ય પામી જરા ઉતરેલે મુખે કહ્યું: "છટ્ છટ્ ! એવું કામ કદી પણ કરશો નહિ. ધર્મશાસ્ત્રમાં જે જે કામો કરવાની ના લખી છે તે કરવામાં મહા પાપ છે. અત્યાચાર કરવો એ પાપ નહિ તો બીજું શું ? હિંદુએ પોતાનાં પવિત્ર ધર્મ શાસ્ત્રની અને મુસલમાનોએ પોતાના પવિત્ર કુરાન શરિફની આજ્ઞાઓ પ્રમાણે વર્તવું જોઇએ. તેનાથી વિરૂદ્ધ વર્તવામાં મહા પાપ છે, અને પાપનું ફળ મનુષ્ય માત્રને વહેલે મોડે ભોગવ્યા વગર છુટકોજ નથી. પાપ કરવાથી ભગવાનની કૃપા મળતી નથી. એક જણે આપણે ત્યાં ચોરી કરી હોય તો આપણે પણ તેને ઘેર ચોરી કરી બદલો લેવો–વૈર વાળવું–એનું નામ ન્યાય નથી. શાસ્ત્ર એવી આજ્ઞા આપતું નથી. કોઇએ ગાળ દીધી હોય તો તેને પાછી ગાળ દેવાથી આપણી નીચતાજ જણાય. કુતરૂં આપણને કરડે છે તેને જો આપણે પાછા કરડીએ તો કુતરામાં અને મનુષ્યમાં શો ફેર ? એવી રીતે કદી પણ વેર લેવું નહિ. ભગવાન જગતમાં સર્વત્ર વિરાજી રહ્યા છે. અણુ અણુમાં ભગવાનનો નિવાસ છે. જગતમાં ભગવાન વગર કોઈ સ્થળ નથી. તેજ સર્વનો ન્યાય કરે છે. માયાવી જીવો માયાને–મોહને–વશ થઈ જે કંઈ કર્મ કરે છે તેનો તે સાક્ષી-

ભૂત છે, અને વ્હેલે મોડે તેનોજ તેને બદલો મળે છે ભગવાન ઉપર વિશ્વાસ રાખી સર્વ દુઃખો સહન કરો. ભગવાન તમને સ્હાય થશે."

જમિયતખાંઃ "બધું સહન થાય માતા, પણ પેટમાં ભૂખનું દુઃખ કેમ સહન થાય? એ અગ્નિ શી રીતે ઓલવાય? ઘરમાં ન્હાનાં ન્હાનાં છોકરાં, ખાધાપિધા વગર સુકાઈ ચાલ્યાં મા !"

કમલિનીઃ "ખેતરમાં અનાજ પાકવાને કેટલી વાર છે હજી ?"

જમિયતખાંઃ "અધિક વિલમ્બ નથી. પરંતુ શું તે અમને મળશે ? રબીનો પાક થયો તેમાંથી અમને એક મુઠ્ઠી પણ અનાજ મળ્યું છે કે ? હુકમનામાને જોરે પાઠકજી તમામ ઘસડી ગયા ! સાંભળ્યું છે કેઃ આ વખતનું બધું અનાજ, ટાંચ મારીને કાપી લઈ જવાના છે. રાક્ષસને જરા પણ દયા હોય ખરી મા ?"

કમલિનીએ ઉદાસ ચ્હેરે ઉંડો નિશ્વાસ નાખ્યો.

દશમ પરિચ્છેદ.

આવેગ.

ઘણો વખત વહી ગયો, પણ કમલિની કંઈ બોલી નહિ. જરા ઉંચાં નેત્ર કરી એક દ્રષ્ટિયે આકાશ સ્હામું જોઇ તે કંઇક વિચાર કરવા લાગી.

આંસુ ભરેલે વ્યાકુળ નેત્રે જમિયતખાંએ કમલિની સ્હામુ જોયાં કર્યું. તેને કમલિનીના સ્થિર અને ઉદાસ નેત્રમાં એક ઉજવળ પ્રકાશ સ્ફુરતો જણાયો. એ પ્રકાશની તુલનામાં, સૂર્યનાં કિરણુ વડે પ્રકાશતો–ઝગઝગતો હીરો પણ તેને તુચ્છ જણાયો. કમલિની એકી ટસે આકાશ તરફ જોયાજ કરતી હતી. તેનું હૃદય આકાશની પેઠે ઉજવળ થઇ રહ્યું હતું. તેમાં વાદળાંનો લેશ પણ અંધકાર નહોતો. અનેક ક્ષણ વીત્યા પછી તેના મુખે સમ્પૂર્ણ પ્રફુલ્લતા ધારણ કરી. તેણે કહ્યુંઃ "શ્રી ભગવાન તમારૂં કષ્ટ નિવારણ કરશે.

તમને દુઃખ પડે તો પણ પાપ—માર્ગે જશો નહિ. પાપ કર્મ કરશો નહિ. સર્વદા પુણ્યનોજ જય છે."

જમિયતખાં: "એ વાક્ય ઉપર હવે વિશ્વાસ રહેતો નથી મા. કૃષ્ણુશંકર પાઠક ઘણુંએ પાપ કરે છે પણ તેને તેનો બદલો કશોયે મળતો નથી. તેને તેના પાપ—કર્મનો કશોયે દણ્ડ મળતો નથી."

કમલિની: "શ્રી ભગવાન તેને શાંતિ આપે. એક દિવસ તેની મતિ ફરશે. એક દિવસ તેનામાં જ્ઞાનનો ઉદય થશે, અને એક દિવસ તેને પોતાના પાપનો પશ્ચાતાપ થશે એ નક્કીજ."

જમિયતખાં: "ગમે તેમ કહો માતા, પણ એટો પાપીનો સરદાર છે! અમે મુસલમાન, એ હિંદુ જમીનદાર અમારા ઉપરજ જુલ્મ કરે છે એમ નથી. તે પોતાના સ્વજાતિ હિંદુઓ ઉપર પણ અત્યાચાર કરે છે, તેથી હિંદુઓનો ભગવાન એના ઉપર ગુસ્સો કરશે નહિ ?"

કમલિનીએ ખડખડાટ હસી દીધું. તેણે કહ્યું: "હિંદુ થઇને હિંદુના ઉપર અત્યાચાર કરે તો તેથી હિંદુનો ભગવાન ગુસ્સે થાય અને મુસલમાન ઉપર અત્યાચાર કરવાથી ગુસ્સે ના થાય એ ખરૂં કે? ગુસ્સે થાય તો મુસલમાનના ભગવાન ગુસ્સે થાય, અને ગુસ્સે થવા છતાં પણ હિંદુના ઉપર ગુસ્સો કાઢવાનો તેમને અધિકાર નથી ખરૂં ભાઇ? એમ બનતું હશે ખરૂં ?"

આ સાંભળી જમિયતખાંએ નીચુ મ્હોં કર્યું. જાણે તે શરમાઈ ગયો. તેણે કહ્યું: "તેમ ન હોય તો બીજું શું મા? શું હિંદુ મુસલમાનનો ભગવાન એકજ છે કે?"

કમલિની: "હા ભાઈ. જીવ માત્રનો ભગવાન એકજ છે. પદાર્થ માત્રનો ભગવાન એકજ છે. સર્વ ભૂત માત્રમાં એકજ ભગવાન છે. જળ જેમ વસ્તુતઃ એકજ છે પણ જેમ ખાબોચીયાંનું જળ, સરોવરનું જળ, નદીનું જળ, અને સાગરનું જળ જૂદાં જૂદાં જણાય છે પણ ખરી રીતે જોતાં તે બધાં એકજ જળ છે, તેજ પ્રમાણે ભગવાન પણ સર્વના એક જ છે. માત્ર નામ ભેદ વડે, કાર્ય ભેદ વડે, અને રૂપ ભેદ વડે તે જૂદાં જૂદાં વિશે-

ષણો અને આખ્યાઓ પામ્યા છે. મૂળમાં તે એક અને અદ્વિતીય છે. જે ભગવાનના હિંદુઓ છે તેજ ભગવાનના મુસલમાનો છે. જૈન અને બુદ્ધો જેના છે તેનાજ ખ્રીસ્તિઓ છે. અધિકાર ભેદને લીધે અને અવસ્થા ભેદને લીધે, પ્રત્યેક સમ્પ્રદાયના મનુષ્યો તેમનું જૂદા જૂદા રૂપે ધ્યાન ધરે છે, ભગવાન પણ જૂદા જૂદા સમ્પ્રદાયને માટે જૂદે જૂદે રૂપે જન્મ ગ્રહણ કરે છે. હવે સમજણ પડી હશે ભાઇ. બધાંનો ભગવાન એકજ છે. જૂદો નથી. જવા દો એ વાત. હવે કહો. તમે શું કરવા ચ્હાઓ છો ?"

જમિયતખાંઃ "અમારા ઉપર અતિશય અત્યાચાર થાય છે તેનું શું કરવું ? અમને કોઇ ઉપાય સૂજતો નથી. પોલિસને ખબર આપવા છતાં પણ તે અમારી વાત સાંભળતા નથી. કારણ અમે ગરીબ. અમારો વગવસીલો કિંવા સાક્ષી પુરાવા ક્યાં ?"

કમલિનીઃ "હું એક વખત પોલિસ સાહેબને તમારી વાત નિવેદન કરવા ચ્હાઉં છું."

જમિયતખાંઃ "તમે સ્ત્રી થઇને કેટલું કરશો મા ? તમારાથી ત્યાં જવાય કે ?"

કમલિનીઃ "જેટલું થશે તેટલું કરીશ. સ્ત્રી તેમાં શું થયું ? સત્ય વાત કહેવામાં શરમ શી ? સત્યનો બેલી ભગવાન."

એ સમયે એક ખેડુતની સ્ત્રી રડતી રડતી દોડતી ત્યાં આવી પહોંચી. તેની સ્થિતિ જોઇ બધા ચકિત, ચમકિત અને ક્રોધિત થયાં. માધવદાસે પૂછ્યુંઃ "તમને શું થયું છે ?"

તે સ્ત્રીએ છાતી કુટી, કરૂણ સ્વરે વિલાપ કરી ગગન કમ્પાવતાં કહ્યુંઃ "મ્હારૂં સર્વનાશ થયું !"

ચાર પાંચ જણ ગુસ્સે ભરાઈ ઝટ ઉભાં થઈ ગયાં અને જરા વાંકા વળી પુનઃ તેને પૂછ્યુંઃ "કોણે ? બ્હેન ! કોણે ?"

ખેડુતની સ્ત્રીએ રડતાં રડતાંજ કહ્યુંઃ "તેજ, પેલો પાપી રે ! પાપી !"

માધવદાસઃ "કોણ ? કોણ ? ઝટ કહી દેની."

ખેડુતની સ્ત્રીઃ "અરે પેલો જમીનદાર પાઠક ! પેલો અભાગિયો ! તેણે

મ્હારૂં બધું લુંટી લીધું રે! હવે શું થશે રે!"

માધવદાસ: "તેણે શું કર્યું તે તો કહે."

ખેડુતની સ્ત્રી: "ત્રિશેક જમદુત જેવા સિપાહીઓએ મ્હારા ઘરમાં પેસી જઈ મ્હારી દિકરીને અને સાત વરસના દિકરાને પકડી બાંધી લઈ ગયા છે રે!"

એમ કહેતાં કહેતાં તે છાતી કુટવા લાગી. તેનો કરૂણ હાહાકાર સાંભળી દશે દિશાઓ કમ્પી ઉઠી. ત્યાં ઉભેલા સર્વ મનુષ્યના હૃદયમાં દયા અને ગુસ્સો ઉત્પન્ન થયાં. તેઓ ત્યાંથી ઘેર જઇ લાકડીઓ, ધારીયાં વગેરે ગ્રામ્ય હથિયારો લઈ એકઠા થયા, અને અતિ ઉત્તેજિત થઈ સર્વે જમીનદારના મકાન તરફ વળ્યા. એક જણે નગારૂં વગાડયું. નગારાનો અવાજ સાંભળી બીજા અનેક ખેડુતોએ આવી, હાથમાં મ્હોટા મ્હોટા વાંસના દણ્ડા ગ્રહણ કરી દોડતા દોડતા પ્રથમના ટોળામાં ભળી ગયા. કેટલાક જુવાન છોકરાએ હાથમાં લાકડીઓ લઇ ગામડાનું રક્ષણ કરવા માંડયું.

કમલિનીના હૃદયમાં વિશેષ ચિન્તા ઉત્પન્ન થઇ. તેનું મુખ ઉદાસ થઈ ગયું, પરંતુ શું કરે? તે ત્યાંજ બેસી રહી.

થોડા વખત પછી તે બધા પાછા આવ્યા. કમલિનીએ શાંતપણે પૂછ્યું: "શું થયું ભાઇ?"

માધવદાસ અતિ ઉદાસ મુખે બોલ્યો: "શું થાય મા! જેઓ લાકડી ધારીયાં લઇને આવ્યા હતા તેમની પાછળ અમે ઘણે વેગળે સુધી ગયા તો પણ પકડાયા નહિ. રસ્તામાં એક ટોળું અમારો વેગ રોકવા બેઠું હતું તેની સાથે ન્હાનું સરખું યુદ્ધ થયું. છેવટે તેમણે બંદુક ફોડવા માંડી. તેથીજ અમે પાછા ફર્યા. પ્રજા બળવાખોર થઇ છે એવું બ્હાનું કહાડી, આત્મરક્ષાનું નામ દઇને, જમીનદારે ત્રણ ચાર બંદુકનો પરવાનો મેળવ્યો છે. બંદુક આગળ અમારૂં જોર કેટલું મા? કોણ જાણે તે ડોસાને કપાળમાં કેટલુંએ વાગ્યું હશે?"

કમલિની ઉઠીને ઉભી થઈ. કેટલાક ખેડુતો એકે અવાજે બોલી ઉઠયા: "મા, મા, હવે અમારી શી ગતિ? હવે શું કરવું મા?"

કમલિનીએ મિઠડે અવાજે કહ્યું: "ઉપાય તે ઇશ્વર જાણે! તે દયામય વિકાળ સિંહના ડાચામાંથી હરણનાં બાળક બચાવે છે. તેને બોલાવો ભાઈ! તે સદા જાગ્રતજ છે. હું પણ જાઉં છું. એક વાર તેની પાસે જઈ ખૂબ રડીશ. તે આટલો બધો બ્હેરો કેમ થયો છે? જો તે નહિ સાંભળે તો હું આજે તેની સાથે રિસાઈશ. મ્હારા રિસાવાથી તેને શું દુઃખ નહિ થાય? તે તો પ્રાણેશ્વર છે! તે તો જગત્પિતા છે! સન્તાનનું રડવું સાંભળી આંસુ લુછવા તુર્તજ આવશે."

ત્યાર પછી શરીરે ધોળું વસ્ત્ર ઓઢી લઈ ગામડાનો માર્ગ કાપતી કમલિની, ત્યાંથી સત્વર ચાલી ગઈ. ગામડાનાં બધાં મનુષ્યો કમલિનીને ઓળખતાં હતાં. પ્રસંગોપાત તેનું મગજ ઠેકાણે રહેતું નહિ, એમ પણ તેઓ જાણતા હતા. વળી કોઈક કોઈક વખત તે ગમે તેવો લવારો કરે છે એ પણ તેઓથી અજાણ્યું નહોતું. આજે પણ તેમણે એવુંજ ધાર્યું. ઘણી વખત તેને જતાં રોકવામાં આવતી પરંતુ જવા માટે તેનું મન છુટતું ત્યારે તેને કોઈ રોકી શકતું નહિ.

કમલિની ચાલી જાય છે. હમણાં તેનું હૃદય ભગવાન પ્રત્યે ક્રોધે ભરાયું છે. પતિવ્રતા કામિની પતિ ઉપર રિસાઇ છે. પત્નીનાં સન્તાન તે પતિનાંજ હોવા છતાં તે સન્તાનોની અરજ નહિ સાંભળવાથી પતિને ઠપકો દેવા જાય છે. તે મનમાં ને મનમાંજ બોલી: "જાગો, જાગો, નાથ! પ્રાણેશ્વર થઇને પ્રાણ દુઃખવો છો! પિતા થઇને સન્તાનનું આટલું બધું કષ્ટ જોયા કરો છો! હું સ્ત્રી છું. તેમની માતા છું. માતાનું કેટલું બળ કે તે સન્તાનોનું કષ્ટ દૂર કરે! આવો. હવે વિલંબ કરશો નહિ. પ્રાણનાથ! મ્હને તમારી પાસે બોલાવી લો. શા માટે હું એમનું કષ્ટ જોઉં? તમે જાણો ને તમારા સન્તાન જાણે! હૃદયેશ્વર! હૃદયનાથ! ઓ—હૃ—દય—નાથ! અહા! આ બંસરી સંભળાય. એ તો તમારૂં હાસ્ય જણાય છે. એ તો તમારાં રૂપનાં કિરણ પ્રકાશી ઉઠયાં જણાય છે. પ્રાણનાથ! આવો. પ્રભુ આવો. મ્હારા પ્રાણમાં આવો. મ્હારા પ્રિયતમ, રૂપેશ્વર, દિવ્ય કાંતિવાન પતિદેવ! આવો."

આ સમયે એક પ્રહર રાત વીતી હતી. પંચમીનો અપૂર્ણ—ગોળાકાર

ચંદ્રદેવ ગગનમાં ઉદય પામ્યો. ચન્દ્રને વિંટળાઈ વળેલા અગણિત તારાઓ, વાદળાં વગરના સ્વચ્છ આકાશમાં આગિયા-પતંગિયા પેઠે ચમકતા હતા. ગામડાંનો માર્ગ જનશૂન્ય હતો. ચારે દિશામાં પ્રફુલ્લ થયલાં વન-કુસુમની સૌગંધ લઈ, પવનદેવ દશે દિશામાં વ્હેંચી પરોપકાર કરી રહ્યા હતા. ગામની ભાગોળે આવેલા એક મઠમાં આરતિનો ઘંટાનાદ બંધ પડયો, અને કેટલાંક મનુષ્યો મધુર કણ્ઠે પુષ્પાંજલિ ગાઇ રહ્યાં હતાં:—

*અપાર તેજે ગુરૂ સૂર્ય રાજે, પ્રતાપ યોગે મન-દોષ દાઝે;
નડે ન જેથી અતિ દુષ્ટ કામ, મહાપ્રતાપી ગુરૂને પ્રણામ. ૧

સદૈવ શોભે ગુરૂચંદ્ર આપ, પ્રકાશ જેનો સુજને અમાપ;
સુશિષ્ય પદ્મો તણું પ્રેમ ધામ, મહાપ્રતાપી ગુરૂને પ્રણામ. ૨

સુવાસવાળો મૃદુ બોધ જેનો, અપાર આનંદક સ્નેહ તેનો;
સદા કરે શિષ્ય હૃદે વિરામ, મહાપ્રતાપી ગુરૂને પ્રણામ. ૩

મહાપ્રતાપી ગુરૂ ઇંદ્રિ જાણું, સુશિષ્ય સર્વે સુરસંઘ માનું;
પવિત્ર જે આશ્રમ સ્વર્ગધામ, મહાપ્રતાપી ગુરૂને પ્રણામ. ૪

ગિરામૃતે પ્રેમ સદા ચખાડે, અપાર શંકા શ્રુતિથી નસાડે;
અમોઘ વિદ્યાતણું જે સુધામ, મહાપ્રતાપી ગુરૂને પ્રણામ. ૫

સરસ્વતીશ્રી રહ્યા એક રાજી, સુકીર્તિ જેની વખણાય ઝાઝી;
પરાક્રમે નિશ્ચલ શ્રેષ્ઠ હામ, મહાપ્રતાપી ગુરૂને પ્રણામ. ૬

વિશાળ વિજ્ઞાન જલે ભરેલ, સદા નિજાનંદ વિશે ઠરેલ;
મહાવ્રતે શત્રુ હણ્યા તમામ, મહાપ્રતાપી ગુરૂને પ્રણામ. ૭

કરે સુકર્મો પ્રભુ પ્રેમ માટે, સદૈવ ચાલે શ્રુતિસિદ્ધ વાટે;
કરે સદા વિષ્ણુપદે વિરામ, મહાપ્રતાપી ગુરૂને પ્રણામ. ૮

---

* ઉપેન્દ્રવજ્રા. રા. રા. અંબાશંકર શ્યામલ શુક્લ કૃત શ્રી હરિસ્નેહ સુધાસિંધુ.

એકાદશ પરિચ્છેદ.

ઉન્મુખ.

તળાવને કિનારે કૃષ્ણશંકર પાઠકનું સુંદર ઘર હતું. તળાવ અને ઘરનો સંબંધ રાખવા માટે બન્નેની વચમાં પગથિયાં ચણી લીધાં હતાં. કમલિની એકાએક તળાવને કિનારે આવી ઉપસ્થિત થઇ. એજ સમયે એક દાસી હાથમાં દીવો અને કેટલાંક વાસણ લઇને તળાવમાંથી ઘરમાં પ્રવેશ કરતી હતી. કમલિનીએ તેને પૂછ્યું: "કોણ છે રે ?"

રાતને વખતે, માનવશૂન્ય તળાવને કિનારે, એકાએક મનુષ્યનો કણ્ઠ સાંભળી દાસી ચમકી ઉઠી. દીવો ઉંચો ધરી જોઇ કહ્યું: " એ તો હું રામલક્ષ્મી. તમે કોણ છો ? "

કમલિની: "છાની રહે. મ્હારી ઓળખ આપું છું. પહેલાં મ્હારી એક વાત સાંભળ."

રામલક્ષ્મીએ ચકિત નેત્રે, ધડકતે હૃદયે, કમલિનીના મુખ સ્હામું જોયા કર્યું. તે તેને ઓળખતી નહોતી, તેમ છતાં અતિ સુંદર મુખચન્દ્ર જોઈ તેના તરફ જોયાં કરતી હતી.

કમલિનીએ કહ્યું: "ઘરમાં વાળુ પાણી થઇ ગયાં કે ?"

દાસી: " હાસ્તો ! અત્યાર સુધી વાળુ પાણી કેવાં ? પાઠકજીએ પણ વાળુ કરી લીધું. વાસણો અજવાળીને આ હું લઇ ચાલી."

કમલિની: "પાઠકજી હમણાં સુવાની તૈયારીમાં છે કે ?"

દાસી: "ના, વાળુ કરીને બહાર ગયા છે."

કમલિની: "રોજ વાળુ કરીને બહાર જાય છે કે ?"

દાસી: "ના, ના. આજે સિપાહીઓ બે તોફાની ખેડુતોને પકડી લાવ્યા છે. તેથી ગયા છે."

કમલિની: "ત્હારી શેઠાણીને મ્હારે મળવું છે."

દાસી: "તેમાં મ્હારૂં શું કામ પડયું ?"

કમલિની: "મ્હને તેમની પાસે લઇ જા."

દાસી: "તેમ નાહ બને બ્હેન. આટલી રાતે તેમના હુકમ વગર એક અજાણી જુવાન છોકરીને ઘરમાં લઈ જવી એ બનશે નહિ."

કમલિની: "હું તો સ્ત્રી જાતિ છું. પુરૂષ હોત તો ત્હારે વિચાર કરવો પડત."

દાસી: "ત્હમે ક્યાંના રહેવાસી છો ? કોઇ સારા માણસનાં ઘરનાં જણાઓ છો. તમારે તેમનું શું કામ છે ?"

કમલિની: "ચાલ તો ખરી ઘરમાં. ત્યાં બધું સાંભળજે."

દાસી કંઇક કહેવા જતી હતી. કમલિની વચમાંજ બોલી ઉઠી: "મ્હને સાથે નહિ લઇ જાય તો ત્હને ઠબકો મળશે."

દાસી: "શા માટે ઠબકો મળશે ?"

કમલિની: "જ્યારે મળશે ત્યારે ખબર પડશે."

દાસી: "લઇ જઇશ તોપણ ઠબકો મળશે અને નહિ લઈ જાઉં તોપણ ઠબકો મળશે ત્યારે પછી લઇ જવામાંજ સારૂં. ચાલો મ્હારી સાથે."

દાસી આગળ અને કમલિની તેની પાછળ પાછળ ચાલી. ઘરને પાછલે બારણે થઇને તેઓ ઘરમાં પેઠાં. માંજેલાં વાસણ એક ઠેકાણે મુકી દાસી કમલિનીને શેઠાણી પાસે લઈ ગઇ.

કમલિનીએ શરીર ઉપર ઝાંખુ વસ્ત્ર ઓઢયું હતું. માત્ર પૂર્ણિમાના ચંદ્ર જેવું મુખ, થોડુંક ઉઘાડું અને થોડુંક ઢાંકેલું હતું. તે જાણે ચંદ્રની આસપાસ જળ ભરેલું વાદળ વિંટાયું હોય તેવું જણાતું હતું.

પાઠક કૃષ્ણશંકરની પત્ની—શેઠાણી—તે જ્યોતિર્મુખ જોઇને, રંગની મધુરતા જોઇને, અને ચાલવાની ગતિ જોઇને ચમકી ઉઠયાં. તેમણે પૂછ્યું: "તમે કોણ છો ?"

ઘરમાં ઉજ્વળ દીપક પ્રજ્વળતો હતો. શેઠાણી મહાભારત વાંચતાં હતાં. કમલિનીના આગમનથી તેણે વાંચવું બંધ કરી તેના મુખ સ્હામું જોઇ પ્રશ્ન

કર્યો. તે વખતે બારણા બહાર મ્હોટો કરૂણાજનક સ્વર સંભળાયો. તે સ્વર બાળકના કણ્ઠમાંથી નિકળતો હતો.

કમલિનીએ ઉત્તર દીધો. શેઠાણીએ સતાર, સારંગી, વિણા, હારમોનિયમ અને પિયાનોમાંથી નિકળતા સ્વરો સાંભળ્યા છે પરંતુ આવો મિષ્ટ મધુર સ્વર તેમણે કદી પણ સાંભળ્યો નહિ હોય ! કમલિનીએ કહ્યું: "બા, મ્હારી ઓળખ તુચ્છ છે. બહાર આટલું બધું કોણ રડે છે ? કોઇ બાળકનો પ્રાણભેદક કરૂણ હાહાકાર સંભળાય છે. સાંભળો બા. તે કેવો છાતી ફાટ રડે છે ?"

શેઠાણીએ અનેક દુ:ખીની કરૂણાજનક કહાણીઓ સાંભળી છે, અનેક દરિદ્રીઓના પ્રાણની વ્યથા–કથા સાંભળી છે, અનેક પુત્ર–શોકમાં તડફડતી જનનીઓના હૃદયભેદક વિલાપ સાંભળ્યા છે પરંતુ આવો પ્રાણભેદક કરૂણ સ્વર કદી પણ સાંભળ્યો નહોતો. તેણે કહ્યું: "કોણ જાણે બ્હેન, લુચ્ચા ખેડુતોને પકડી લાવ્યા છે. તેમને કદાચ શિક્ષા કરતા હોય એમ જણાય છે."

કમલિનીએ કહ્યું: "તેમ છતાં પણ તમે બેસી કેમ રહ્યાં છો બા ? તમે રમણી, જગત્ જનનીની જાતિ. વળી તમે જમીનદાર. તમે તેનાં માતા-પિતા. તમારા સન્તાનનો પ્રાણભેદી કરૂણ ચીત્કાર સાંભળવા છતાં તમારા પ્રાણ હજી પણ સ્થિર કેમ રહ્યા છે ? માતા પોતાના સન્તાનને રડતું છાનું રાખવાના અનેક યત્નો કરે છે. તમે કેમ બેસી રહ્યાં છો ? જાઓ બા, જાઓ. સન્તાનનું કષ્ટ નિવારણ કરો. ગમે તેમ પણ તે તમારાં સન્તાન છે. ખેતી ખેડીને તમારા ધન ભાણ્ડાર ભરે છે. તાપ, ટાઢ અને વરસાદનાં સખ્ત દુ:ખો વેઠી તમારી નોકરી કરે છે. ખેડુતો અનેક કષ્ટ વેઠીને અન્ન પકવે છે. તેને તો તમારે જમીનદારોએ સુખી રાખવા જોઇએ. તેની ફરિયાદો પર પૂરતું ધ્યાન આપી તેમનું કલ્યાણ કરવું જોઇએ. તેને બદલે તેમને માર મારો અને તેમનું અપમાન કરો એ શું કહેવાય બા ? સન્તાન અસન્તોષી થાય તો પિતા તેને શિક્ષા કરે, પરંતુ માતા તે શિક્ષા જોયા કરે ખરી ? જુવો બા, તે બાળકનો પ્રાણભેદક રોદન–ચીત્કાર સંભળાય છે !"

પાઠક–પત્નીએ અનેક શાસ્ત્ર સાંભળ્યાં છે. ગુરૂ–પુરોહિતના ગળામાંથી નિકળતા મધુર મંત્રોચ્ચાર પણ સાંભળ્યા છે. વેદ પાઠના મોહક, ઉદાત્ત આદિ સ્વર અનેક વખત સાંભળી આનંદ પામ્યાં છે, અનેક વખત હરિ કીર્તનના મધુર ધ્વનિ અને હૃદયસ્પર્શી શાસ્ત્રોપદેશ સાંભળી અનેક વખત તેમને રોમાંચ અને અશ્રુપાત થયો છે. પરંતુ બાળકના રડવા જેવો કરૂણ, પ્રાણુની પણ ચામડી ભેદે એવો સ્વર તેમણે કદી પણ સાંભળ્યો નહોતો! આવો નસેનસમાં પ્રવેશ કરે એવો કરૂણ–ધ્વનિ તેમણે પૂર્વે કદી પણ સાંભળ્યો નહોતો!

પાઠક–પત્નીએ ગદ્‌ગદ્ કણ્ઠે ઉત્તર દીધો: "તમે કોણ છો બ્હેન?"

કમલિની: "ઓળખ પછી આપીશ. પ્રથમ સન્તાનનું રક્ષણ કરો બા! સાંભળો, સાંભળો, તે કેવું છાતીફાટ રૂદન કરે છે! અરેરે! એને કેવી સખ્ત વેદના થતી હશે! સાંભળો બા, તેના રડવા સાથે વળી એક બીજા મનુષ્યનો રડવાનો અવાજ પણ સંભળાય છે."

શેઠાણીએ દાસીને બોલાવી કહ્યું: "શેઠને એક વખત મ્હારી પાસે બોલાવી લાવ. તેમને કહે કે: ભારે સંકટ આવી પડયું છે. આવ્યા વગર ચાલશે નહિ. હમણાં ને હમણાંજ આવો."

દાસી તરતજ ગઈ. શેઠાણીનું ઘર, મ્હોટા ઘરની જોડે ઉત્તર દિશામાં હતું. દક્ષિણ દિશાની બારી ઉઘાડતાંજ મ્હોટા ઘરનું આંગણું સારી પેઠે જણાય તેમ હતું. ત્યાં કમલિનીની દ્રષ્ટિ પડતાંજ તેણે ઉતાવળે ઉઠી બારી ઉઘાડી નાંખી.

વિશાળ આંગણામાં ફાનસો બળતાં હતાં. અનેક મનુષ્યો, બે માણસને ઘેરીને ઉભાં હતાં. તે બન્નેના રડવાથી આકાશ કમ્પાયમાન થતું હતું. એ દેખાવ કેવો પ્રાણઘાતક, કેવો કરૂણાજનક! કમલિની શેઠાણીનો હાથ ઝાલી તેમને બારી પાસે લઈ ગઇ અને આંગણામાં થતો ક્રૂર દેખાવ બતાવ્યો.

આંગણામાં જે એક બાળક અને એક પુરૂષ પુષ્કળ રડતા હતા તે બન્ને પિતા પુત્ર હતા. તેમનેજ કૃષ્ણશંકરનાં માણસો પકડી લાવ્યાં છે. પિતા મ્હોટી વયનો અને પુત્ર સાત વર્ષનો છે. કૃષ્ણશંકર રાક્ષસરૂપ ધારણ કરી વેગળે ઉભા છે.

કૃષ્ણશંકરે વજ્ર—ગંભીર સ્વરે કહ્યું: "કેમ મકનદાસ ? મ્હારા વિરૂદ્ધ સાક્ષી પૂરશે ? મ્હારા નોકરોને હાંકી મૂકશે ? બીજાઓ સાથે સંપમાં જોડાશે ?"

મકનદાસ છાતીફાટ રૂદન કરતો, રૂંધાયેલે કણ્ઠે બોલ્યો: "ક્ષમા કરો બાપા ! મ્હેં અપરાધ કર્યો છે તેની મ્હને શિક્ષા કરો પણ મ્હારા દુધિયા-દાંતના નાનકડા બાળકે શો અપરાધ કર્યો ! એના કોમળ શરીર ઉપર મારશો નહિ ! મ્હારી છાતી ચિરાઇ જાય છે બાપા !"

કૃષ્ણશંકરે રૂદ્ર સ્વરે કહ્યું: "સિપાહી ! મારો હરામખોરના છોકરાને ! એની ચામડી ફાડી નાંખો ! હું પૂછું છું ત્હેનો ઉત્તર દેતો નથી ! મારો, એને ખૂબ મારો !"

એક સિપાહી હાથમાં નેતરની સોટી લઇને ઉભો હતો. કૃષ્ણશંકરની આજ્ઞા થતાંજ તેણે મકનદાસના કુમળા બાળકના શરીર ઉપર સોટીઓના પ્રહાર કર્યા. સોટી પડતાંજ બાળક ઉછળવા લાગ્યું, અને અતિશય રૂદન કરવા લાગ્યું. તેના શરીરની ચામડી એક જગાએથી ફાટી ગઇ અને તેમાંથી લોહીના રેલા ઉતરવા લાગ્યા. બાળકને થયેલા પ્રહાર જોઈ તેના પિતાને મૂર્છા આવી ગઇ. તે ધડાક દઇને પૃથ્વી પર પડી ગયો ! આ સમયે કમલિની-ના મુખમાંથી નિકળી ગયું: "હા ભગવાન્ ! પિતાની સમક્ષ પુત્રનું સત્યાનાશ ?" તેણે એક ઉંડો નિઃશ્વાસ નાંખ્યો. જાણે તે નિઃશ્વાસ દાવાનલ રૂપે સમસ્ત ઘરમાં ફરવા લાગ્યો.

એ સમયેજ દાસીએ જઇને કૃષ્ણશંકરને કહ્યું: "આપને સત્વર એક વખત શેઠાણી બોલાવે છે. ચાલો, ચાલો, મ્હોટી વિપત્તિ છે."

એ સાંભળતાંજ કૃષ્ણશંકર ત્વરિત પગલે ઘરમાં ગયો. દાસી પાછળ પાછળ જતી હતી. તેણે કહ્યું: "શેઠાણીના ઘરમાં જાઓ. ત્યાંજ મ્હોટી વિપત્તિ આવી પડી છે."

કૃષ્ણશંકર ઉતાવળે પગલે તે ઘરમાં ગયો. કમલિની એક ખંડમાં સંતાઈ ગઈ. કૃષ્ણશંકરે માળ ઉપર જઇ શેઠાણીને પૂછ્યું: "કેમ ? કેમ ? શું થયું છે ?"

શેઠાણીએ ગંભીર મુખે ઉત્તર દીધોઃ "મ્હારૂં કપાળ થયું છે, બીજું શું ?"

કૃષ્ણુશંકરઃ "પણ શું થયું તે તો કહે ?"

શેઠાણીઃ "આ કુમળા બાળકને, તેના પિતા સમ્મુખ પ્રહાર કરવાનું શું કારણ ?"

કૃષ્ણુશંકરઃ "એજ કે ?"

શેઠાણીઃ "એ શું કંઈ જેવી તેવી વાત છે ?"

કૃષ્ણુશંકરઃ "જમીનદારીના કામમાં એવું તો અનેક વખત કરવું પડે."

શેઠાણીઃ "કદાચ તમારા કરતાં કોઇ વધારે સત્તાવાન મનુષ્ય, તમારી દ્રષ્ટિ સ્હામે ત્હમારા બાળકને પ્રહાર કરે તો તમારા જીવને કેટલું કષ્ટ થાય ?"

કૃષ્ણુશંકરઃ "એ બધો વિચાર કરવાનો મ્હને હમણાં અવકાશ નથી. હમણાં હું રાક્ષસ બન્યો છું. રાક્ષસી શક્તિ વડે ગામનું સત્યાનાશ કહાડી નાંખીશ. સર્વને બાંધી લાવી તેમની જીવતાં ચામડી ઉતારી નાંખીશ ! અત્યાચારનો અગ્નિ સળગાવ્યો છે તેમાં સર્વને બાળી દઇશ, અને હું પણ બળી મરીશ."

શેઠાણીઃ "મૃત્યુ, ધર્મ, પાપ, પુણ્ય, સ્વર્ગ અને નરક, એ બધાંની ખબર છે ?"

કૃષ્ણુશંકરઃ "હા ડાહ્યાં ! અમે તે બધું જાણીએ છીએ સમજ્યાં. પણ હું તો જે કરતો હોઇશ તેજ કરીશ. આખા ગામમાં ત્રાસ ફેલાવ્યો છે. હજુ પણ ફેલાવીશ."

શેઠાણીઃ "કંઇ કારણ ?"

કૃષ્ણુશંકરઃ "મ્હારી સત્તાનું એમણે અપમાન કર્યું છે. મ્હને એમણે ત્રાસ આપ્યો છે."

ઉત્તેજિત પરંતુ મધુર, ગંભીર પરંતુ પ્રીતિપ્રદ સ્વરે કોઇએ કહ્યુંઃ "આપ ક્ષત્રિય નથી પણ બ્રાહ્મણ છો. ક્ષમા, દમ, તિતિક્ષા અને વિશ્વહિત એજ આપનો ધર્મ છે. "**स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावह।**" એ ભગવદ્ વાક્ય કેમ ભૂલી જાઓ છો ? ક્ષમા કરો. અજ્ઞાન ખેડુતો જાણીને.

દીન હીન ગરીબ કંગાલ જાણીને તેમને ક્ષમા કરો. તેમાંજ બ્રાહ્મણત્વ છે."

એ સ્વર તદ્દન અપરિચિત હોવાથી કૃષ્ણશંકરે ચમકિત અને વિસ્મિત થઇ પત્નીના મુખ સ્હામું જોઇ પૂછ્યું: "એ કોણ? કોઈ સ્ત્રીનો કણ્ઠ સ્વર જણાય છે પણ વાક્યો મહાપુરૂષના જેવાં છે! એ કોણ?"

પત્ની: "એક તદ્દન અજાણી યુવતિ."

કૃષ્ણશંકર: "બોલાવ ત્હેને. અહિં ક્યારની આવી છે?"

પત્ની: "થોડી વાર પહેલાં."

કૃષ્ણશંકર: "બોલાવ."

પાઠક–પત્ની તેને બોલાવવા ગયાં. તેને શોધી. દરેક ખણ્ડમાં શોધી વળવા છતાં તેનો પત્તો લાગ્યો નહિ. ક્યાંય તે મળી નહિ. કમલિનીએ ઉપલા શબ્દો કહ્યા કે તુર્તજ તે નીચે ઉતરી પડી હતી, અને દાસીની સાથે જે રસ્તે આવી હતી તે રસ્તે થઇને ઘર બહાર નિકળી ગઈ હતી.

પત્નીએ પાછાં આવી કહ્યું: "તે જડતી નથી. હું તો ધારૂં છું કે તે તમારી કુળ દેવી હશે. કદાચ તમારી ગૃહલક્ષ્મી હશે. તમારો અત્યાચાર તેનાથી સહન નહિ થવાથી તે તમને ઉપદેશ દેવા આવી હશે, અને ઉપદેશ દઇ અંતર્ધ્યાન થઈ હશે."

કૃષ્ણશંકર પણ જરા વિસ્મયમાં પડ્યા. તેમણે કહ્યું: "ના, ના, તેમ નહિ હોય. બધા શાહુકારો અને જમીનદારો ખેડુતો ઉપર ત્રાસ ગુજારે છે, તેમને વશ કરવા માટે સારી પેઠે પ્રહાર કરે છે, હું પણ તેમ કરીશ. અંગ્રેજોના શાંતિપૂર્ણ રાજ્યમાં એ જુલ્મ હમણાં ઓછો થઈ ગયો છે છતાં લક્ષ્મી ચાલી ગઈ નથી. કુળદેવી અપ્રસન્ન થઈ નથી. હા–હવે મ્હેં તેને ઓળખી."

પત્ની: "કોણ?"

કૃષ્ણશંકર: "આ કલેશ–તોફાનનું મૂળ છે તે."

પત્ની: "તે કોણ?"

કૃષ્ણશંકર: "જ્ઞાનાનંદની પેલી ગાંડી કન્યા."

પત્ની: "ઓહો! આટલું બધું રૂપ? આવું મિષ્ટ સંભાષણ? આટલી બધી દયા?"

કૃષ્ણશંકરઃ "તેમાં તો એની તુલના થઇ શકે એમ નથી."

પત્નીઃ "ત્યારે તો તેની વાત સાંભળો. દયા કરો. ખેડુતો સાથેનો ઝગડો પતાવી દો. સલાહસંપ કરો."

કૃષ્ણશંકરઃ "એમ કે ? મ્હારા મરણ પછી પુત્રને ઉપદેશ દેજે. મ્હારા જીવતાં તો કદી પણ તેમ થશે નહિ."

પત્નીઃ "કેમ વારૂ ?"

કૃષ્ણશંકરઃ "મ્હારાથી જેટલું બનશે તેટલું કરીશ અને ખેડુતોનું નખોદ કાઢી નાંખીશ. તેમનાં ઘરબાર લૂંટી લઇશ અને નવા ખેડુતો લાવી વસાવીશ, એજ મ્હારી પ્રતિજ્ઞા."

પત્નીઃ "તમને પગે લાગું છું. ગરીબ ખેડુતોને ક્ષમા કરો"

કૃષ્ણશંકરઃ "કદી પણ નહિ."

દ્વાદશ પરિચ્છેદ.

ગ્લાનિ ?

એટલામાંજ બારણામાં કોઇનાં પગલાં સંભળાયાં. દમ્પતિએ તે તરફ ચકિત દ્રષ્ટિયે જોયું.

શુકલજીને માટે સર્વનાં દ્વાર મોકળાંજ હતાં. શુકલજી કેશવરામની સ્વારી અત્રે આવી પહોંચી હતી.

કૃષ્ણશંકર પાઠકે વિસ્મય પામી પૂછ્યુંઃ "આપનું શરીર હવે બરાબર સારૂં થયું છે કે ?"

શુકલજીઃ "હા, રાજા. હવે પ્રકૃતિ સારી છે."

કૃષ્ણશંકરઃ "હૉસ્પીટલમાંથી ક્યારે ઘેર આવ્યા ?"

શુકલજીઃ "સન્ધ્યા પછી. ઘેર આવી સન્ધ્યા સ્નાન કરી આપનાં દર્શન કરવા સીધો અહિંજ ચાલ્યો આવું છું."

ત્યાર પછી પાઠક-પત્નીના સ્હામું જોઈ શુકલજીએ પૂછ્યું: "બ્હેન! બધાં સારાં તો છે?"

તેણે ગોર દેવતાના ચરણ સ્હામું માથું નમાવી ઉતરેલે મુખે કહ્યું: "મહારાજ, સારાં ક્યાંથી? ફરિયાદો, અત્યાચાર અને અનાચાર! શાંતિના સંસારમાં અશાંતિ થઇ ગઈ છે."

શુકલજી: "હા, ઇસ્પીટાલમાં હતો ત્યાંજ એ બધા સમાચાર સાંભળ્યા છે. પરંતુ ખેડુતો સાથે સલાહ સંપથી કામ લેવું એજ સારૂં."

કૃષ્ણશંકર ક્રોધ ભરેલે સ્વરે બોલ્યા: "મહારાજ, તમેજ અગ્નિ સળગાવ્યો છે ને! હવે પાછા તમેજ કહો છો કે સલાહ સંપથી કામ લેવું જોઇએ. એ તો યજમાન સાથે તમારી કઠોર શાસનનીતિજ છે. ખેડુતો મ્હને જે અપમાન કરે છે, તેઓ મ્હને જેવી ક્રૂર દ્રષ્ટિથી જૂવે છે, તે ઉપરથી તો તેમને અત્યાચારના અગ્નિથી બાળીને ભસ્મ કરવાજ જોઇએ! તેમ ના કરીએ તો અમારી જમીનોનું રક્ષણ શી રીતે થાય? એક ગામના ખેડુતોનો અત્યાચાર જોઇને દશ ગામના ખેડુતો સંપ કરી બેસે. મ્હને ત્રાહ્ય ત્રાહ્ય પોકરાવે! અંતે એવો વખત આવે કે મ્હારા લ્હેણા પૈસા પણ વસુલ કરવાનું મુશ્કિલ થઇ પડે! મ્હારા ખેડુતો અને મ્હારા આશ્રિતો મ્હારાજ કામમાં જૂઠી સાક્ષી ના પૂરે તો પછી એ મ્હને શા કામના?"

કૃષ્ણશંકરની સ્ત્રીએ કહ્યું: "મહારાજ, તમે અમારા કુળ ગોર છો, એમની વાત સાંભળશો નહિ. જેમાં અમારૂં હિત હોય, જેમાં અમારો ધર્મ સચવાય, તેવોજ ઉપદેશ આપો."

શુકલજી નાકમાં તપખીરનો ચપટો મુકી કંઇ બોલવા જતા હતા, એટલામાં કૃષ્ણશંકરે તેમને બોલતા અટકાવી કહ્યું: "મહારાજ, તમે જે કહેવાના છો તે બધું હું જાણું છું. તમે કહેશો કે: "માણસ ઉપર અત્યાચાર કરવાથી દેવતા ગુસ્સે થાય છે, ધર્મભ્રષ્ટ થવાય છે, લક્ષ્મી ભય પામી તે ઘરમાંથી ન્હાસી જાય છે." પરંતુ શુકલજી મહારાજ, આ અત્યાચાર કરવાનું મ્હને શિખવ્યું કોણે? તમેજ મ્હને આ બધું શિખવ્યું છે. તમે જો નિર્વિકારી, નિરાપરાધી, શાંત ચિત્તના જ્ઞાનાનંદને મ્હારે ઘેરથી તે

દિવસે અપમાન કરી ભૂખ્યા ક્હાડી મૂક્યા ન હોત તો આજે આટલો બધો અગ્નિ ફેલાત નહિ ! તમે કમલિનીના રૂપમાં મોહ પામી તેને રાક્ષસી યુક્તિ વડે પકડાવી મંગાવવાનું ન કર્યું હોત તો હું ધારૂં છું કે આટલું બધું સત્યાનાશ ન વળી જાત ! અત્યાચાર, અનાચારના અગ્નિ વડે મ્હારા ખેડુતો, મ્હારા દેવાદારો, મ્હારા આશ્રિતો, ગામ અને શેહેરના લોકો બળી ભસ્મ થાત નહિ. અશાંતિના અગ્નિમાં હું પણ બળી મરત નહિ અને પાપના અગ્નિમાં મ્હારાં સન્તાન સન્તતિ બળી ભસ્મ થાત નહિ ! મહારાજ, એ બધાંનું મૂળ તમેજ છો. હવે ત્હમે શી શિખામણ દેવા તૈયાર છો ?"

પાઠક પત્નીના નેત્રમાંથી દડ્દડ્ આંસુની ધારાઓ નિકળવા લાગી. કણ્ઠ રૂંધાઇ ગયો. કમ્પતે સ્વરે પૂછ્યું: "શું હવે તેનો ઉપાય નથી ?"

મ્હોટે સ્વરે ઉશ્કેરાઇ જઇને કૃષ્ણશંકરે ઉત્તર દીધો: "ના–"

ધીમા મધુર સ્વરે શુકલજીએ કહ્યું: "છે–છે."

આશામાં આવી જઇને પત્નીએ પૂછ્યું: "શો ઉપાય છે મહારાજ ? ક્હોને ત્યારે. અમારૂં તો સર્વસ્વ ગયું છે. તમે અમારા પુરોહિત. તમે રક્ષણ નહિ કરો તો કોણ કરશે ?"

કૃષ્ણશંકરે ક્રોધમાંજ ઉશ્કેરાઇ જઇ હસીને કહ્યું: "જે અગ્નિ સળગ્યો છે તે એક દિશા બાળીને ભસ્મ કર્યા વિના રહેશે કેમ ? કાં તો ખેડુતો અને આસામીઓ, કાંતો હું–તેમનો જમીનદાર."

કમ્પતે સ્વરે પાઠક પત્નીએ કહ્યું: "મહારાજ, તમે ધારશો તો બન્ને પક્ષને બચાવશો. તે છોકરીએ બહુ મીઠડા સ્વરે કહ્યું છે કે: "તમે ક્ષત્રિય નથી પણ બ્રાહ્મણ છો. ક્ષમા એજ આપનો ધર્મ છે માટે ક્ષમા કરો. તમે ક્ષમા કરશો તો બધાંનું રક્ષણ થશે."

કૃષ્ણશંકર કંઇક વિચારમાં પડયા. શુકલજીએ પૂછ્યું: "કઇ છોકરી બ્હેન ?"

પાઠક પત્ની: "હું તેને ઓળખતી નથી. એમણેજ કહ્યું કે જ્ઞાનાનંદની ગાંડી છોકરી કમલિની."

શુકલજી: "શું તે અહિં આવી હતી ?"

પાઠક પત્નીઃ "હા, મ્હેં તેને જોઈ છે. ઓળખી શકી નથી. એમણે પણ તેને દીઠી નથી પણ અટકળે ઓળખી છે."

શુકલજીઃ "હા બ્હેન, એમની અટકળ ખરી છે. તેજ કમલિની."

કૃષ્ણુશંકરે શુકલજી સ્હામુ તીવ્ર દ્રષ્ટિ નાંખી જોયું અને પૂછ્યુંઃ "શી રીતે ઓળખી ?"

શુકલજીઃ "રસ્તે આવતાં મ્હેં એને દીઠી છે. તે ચાલી જતી હતી. તેની ચાલ જાણે દેવબાળાના જેવી હતી. સર્વ દિશાઓ જાણે ચાંદનીથી રસાયલી હોય તેમ જ્યોતિપૂર્ણ. તેને જોતાંજ જાણે જગદ્ધાત્રિ ગામડાને માર્ગેથી પસાર થતી હોય તેમ જણાતું."

કૃષ્ણુશંકરઃ "તેનું સુંદર સ્વરૂપ તમારા હૃદયમાં ઘણું ખૂંચી રહ્યું છે કેમ મહારાજ ?"

આ સાંભળી પાઠક પત્નીએ નીચું મુખ કર્યું.

શુકલજી માથુ ખંજવાળતા બોલ્યાઃ "ના રે ના. જજમાન રાજા ! ગમે તેમ પણ તેનામાં સુંદરતા છે ખરી. તે સૌંદર્યમાં કંઇક એવી ખુબી છે કે તેવી બીજી બધી સ્ત્રીઓમાં નથી."

કૃષ્ણુશંકરઃ "હજી પણ તેના ઉપર પ્રેમ છે ખરો મહારાજ ! હોય તો કહી દો. હજી પણ તેને પકડાવી મંગાવીશ. હવે તો કોઈ ગુપ્ત સ્થાને લગ્ન કરીશું."

શુકલજી આંખો મીંચી તપખીરની ચપટી સુંઘતાં સુંઘતાં બોલ્યાઃ "લગ્ન કરવાનો ઉપાય નથી."

કૃષ્ણુશંકરઃ "કેમ ? અચાનક વિવેકનો ઉદય થયો ?"

શુકલજીઃ "વિવેકનો ઉદય નહિ. એક બનાવ બન્યો છે."

કૃષ્ણુશંકરઃ "તે વળી શું ?"

શુકલજીઃ "જે સમયે શરીર બહુ બગડયું હતું, શરીર ઉપર પ્રહારની વેદના થતી હતી. માથામાંથી લોહી નિકળ્યા કરતું હતું, ઇસ્પીટાલના ડાકટરોએ માથામાં ઓસડ ભરી પાટા બાંધ્યા હતા તેમ છતાં લોહી બંધ થતું નહોતું, ઓસડ પાઇને પણ ડૉકટરો શરીરની વેદના ઓછી કરી શકતા નહોતા તે સમયે એ બનાવ બન્યો છે."

કૃષ્ણુશંકરઃ "શું બન્યું વારૂ ?"

શુકલજી: "ઇસ્પીટલના ખાટલામાં પડયો પડયો હું દુઃખથી તડફડતો હતો. તે સમયે રાત્રિના દશેક વાગ્યા હશે નિદ્રા આવતી નહોતી. સંપૂર્ણ જ્ઞાન પણ નહોતું. એજ સમયે જાણે કમલિનીએ પ્રવેશ કર્યો, અને મ્હારે ઓસિકે બેસી તેનો કોમળ મંગલમય હાથ મ્હારા માથાના ઘા ઉપર અને સર્વ શરીરે થતી વેદના ઉપર ફેરવ્યો. મ્હેં પ્રફુલ્લ ચિત્તે પૂછ્યું: " કમલિની, તું મ્હને ચ્હાય છે કે? તું મ્હારા ઉપર પ્રેમ રાખે છે કે?" ત્યારે તેણે મધુર સ્વરે ઉત્તર દીધો: "હા, હું તમને ચ્હાઉં છું. હું તમારા પર પ્રેમ રાખું છું. ત્હમ મ્હારા પુત્ર છો. માતા પુત્ર ઉપર પ્રેમ કર્યાં સિવાય કેમ રહે?" આટલું બોલ્યા પછી એકાએક જાણે તેનું રૂપ બદલાઇ ગયું. તે જાણે સાક્ષાત્ અંબિકા દેવી હોય તેમ અપૂર્વ રૂપવંતી, અપૂર્વ જ્યોતિમતી જણાઇ. તેના મુખ ઉપર તેજ પુંજ જણાવા લાગ્યો. જાણે માતા પુત્રને કપાળે હાથ ફેરવતી હોય તેમ તેણે મ્હારે કપાળે હાથ ફેરવ્યો. મ્હને આશીર્વાદ દીધો. હું ભાન ભૂલી ગયો. મ્હેં આતુરતાથી કહ્યું: "ઓ માતા, મ્હને ક્ષમા કર!" અહા! તે રૂપ સાક્ષાત અંબિકા દેવીનુંજ! જગદમ્બાનુંજ! કણ્ઠ સ્વર કમલિનીનોજ. તેણે કહ્યું: "હું ત્હારી માતા છું, મ્હને માતા પેઠે ગણજે." એટલું કહ્યા પછી તે દેવી સ્વરૂપ ધીમે ધીમે ત્યાંથી અદ્રશ્ય થઇ ગયું. તેજ દિવસથી મ્હને સારૂં થવા માંડયું."

કૃષ્ણશંકરે મશ્કરીનું હાસ્ય કરી કહ્યું: "ગાંડાની ઇસ્પીતાલમાં મોકલવા પડશે કે શું મહારાજ! સ્વપ્નુ તો નહોતું આવ્યું? ગાંડાની પેઠે ત્હેને માતા કહી બેઠા! સાચું કહો મહારાજ, શું એ છોકરીને દેવતાના જેવી દૃષ્ટિ છે કે તેનો કંઇ અંશ છે?"

શુકલજી: "પાઠકજી! હું તો એમજ ધારૂં છું કે તેનામાં દેવીનો અંશ છે. અરે! સાક્ષાત જગદંબા છે. ખેડુતોનું તેજ રક્ષણ કરે છે. તમે તેમનું કંઇ પણ નુકસાન કરી શકશો નહિ એવી મ્હારી ખાત્રી છે."

કૃષ્ણશંકર: "નહિ કરી શકું તોપણ તેમને છોડીશ નહિ. કાં તો તેઓ મરશે કે કાં તો હું મરીશ, ત્યારેજ આ અગ્નિ શાંત થશે."

શુકલજી: "આપને મળવાજ આવ્યો હતો. રાત ઘણી ગઈ છે. હવે રજા."

કૃષ્ણશંકર: "ચાલો, હું પણ નીચેજ આવું છું."

ત્રયોદશ પરિચ્છેદ.

ક્રોધ.

કમલિની ઘરમાં કોઇને પણ કહ્યા વગરજ સ્હવારની બહાર ચાલી ગઇ હતી. તે રાતના બાર વાગ્યા સુધી ઘરમાં આવી નહોતી. એજ પ્રમાણે તે હમેશાં કર્યા કરતી હતી. એમ થવાથી સત્યવતી અને લક્ષ્મીપ્રસાદ બન્ને ધીમે ધીમે તેના ઉપર ગુસ્સે થઇ ઉઠ્યાં હતાં. તેમને કમલિનીની બહુ ચિંતા થતી હતી. આજે તે બન્ને કમલિનીની વાટ જોતાં બેઠાં હતાં, અને તેના સંબંધીજ વાતો કરી રહ્યાં હતાં એટલામાં કમલિની ઘરમાં આવી પહોંચી.

સત્યવતી ક્રોધે ભરાયલી સિંહણ પેઠે ગર્જના કરી બોલી: " શું તું હમેશાં આ પ્રમાણેજ કરીને દિવસો વ્યતીત કરશે ? "

કમલિની મધુરૂં હાસ્ય કરતી કરતી તેમની પાસે બેઠી. મૃદુ હાસ્ય કરતાં કરતાંજ ઉત્તર દીધો: " શું કરીને દિવસો વ્યતીત કરૂં છું ? "

વિશેષ ક્રોધે ભરાઇ સત્યવતીએ કહ્યું: " ના બ્હેન, આ હસવાની વાત નથી. ગૃહસ્થાશ્રમમાં રહેનારાંઓને એમ પરવડે નહિ."

કમલિની પ્રથમની પેઠેજ હાસ્ય કરતાં બોલી: " મ્હારો ગૃહસ્થાશ્રમ તો સમસ્ત જગતમાં છે. જગન્નાથ જેના પતિ છે, તેનો ગૃહસ્થાશ્રમ કાંઇ એકાદ ન્હાનકડા ઘરમાં, ક્ષુદ્ર હદમાં હોય ખરો ? "

લક્ષ્મી: હસતાં હસતાંજ પૂછ્યું: " પતિ તો બહુ સારો મળ્યો છે! હમણાં ક્યાંથી આવો છો ? "

કમલિનીએ પ્રાતઃ સમયથી અત્યાર સુધીની સર્વ બીના કહી સંભળાવી. ત્યાર પછી કહ્યું: " લક્ષ્મીપ્રસાદભાઈ, તમારામાં શક્તિ છે. તમે જો ધારો તો ગરીબ ખેડુતોનું રક્ષણ કરી શકશો. "

લક્ષ્મીઃ "શ્રીમંત જમીનદારની વિરૂદ્ધ હું શું કરી શકું?"

કમલિનીઃ "હરિ! હરિ! ભાઇ, તમારા જેવા સુશિક્ષિતને મુખે એ વાત શોભે નહિ. આ તો બ્રિટીશ રાજ્ય છે, ન્યાયી રાજ્ય છે, તમે કાયદા ભણ્યા છો, કાયદાના બળવડે ખેડુતોનું કલ્યાણ કરો."

લક્ષ્મીઃ "સાક્ષી પુરાવા ઉપરજ કાયદાનો આધાર છે."

કમલિનીઃ "પુરાવા નહોતા, મનુષ્યબળ નહોતું, અર્થબળ નહોતું, પરંતુ તમારા જેવા કાયદા ભણનાર એક વકીલે, ખેડુતોનું અને અન્ય ગરીબોનું આજે રક્ષણ કર્યું છે."

લક્ષ્મીઃ "તે તો બહાર ગામના રહેનાર, આપણે શહેરમાં રહેવું. તકરાર કરે કેમ પાલવે? કાલે સ્હવારે કોઇ કેસ હોય તો તે અમને આપે નહિ."

કમલિનીઃ "બહાર ગામના કરતાં શહેરના રહેનાર વકીલો કેસની હકીકત બહુ સત્વર સમજી શકે. વળી શ્રીમંતના તોરમાં દબાઇ જઇને ગરીબોના કેસ ના લેવા એનું નામ આત્મઘાત કે બીજું કંઈ? મનુષ્ય જન્મે છે તે ગરીબોનું કલ્યાણ કરવા કે શ્રીમંતોના તેજમાં અંજાઇ જઇ ગરીબોનું નખોદ વાળવા? આ કયા પ્રકારની નીતિ? કયા પ્રકારનો ધર્મ?"

લક્ષ્મીઃ "એ ખરૂં પણ સ્હામા મનુષ્યની અને આપણી શક્તિની તુલના તો કરવી જોઇએ? વકીલોને તો બધી તપાસ રાખવી પડે. કૃષ્ણશંકર પાઠક જોડે અમારાથી વિરૂદ્ધતા થાય નહિ."

કમલિનીઃ "પોતાના પેટને માટે–સ્વાર્થને માટે–ગરીબોનું સત્યાનાશ વળવા દેવું એજ તમારી શક્તિ? એજ તમારી તપાસ? કૃષ્ણશંકર આપણા ઉપર ક્યારનોએ ક્રોધે ભરાયો છે. તમે તેના વિરૂદ્ધ નહિ થાઓ તોપણ તે તમને કેસ આપશે નહિ. આપણું હિત કરશે નહિ."

લક્ષ્મીઃ "મ્હારે તેમની સાથે વાતચિત થઈ છે."

કમલિનીઃ "શી વાતચિત?"

લક્ષ્મીઃ "ઉત્સવને દિવસે તે આપણે ઘેર આવી ભોજન કરશે."

કમલિનીઃ "સમસ્ત જ્ઞાતિ સાથે?"

લક્ષ્મીઃ "હા."

કમલિનીઃ " તમે વિલાયત જઇ આવ્યા છો તેનું કેમ ? "

લક્ષ્મીઃ " જે શાસ્ત્રીઓએ મ્હને પ્રાયશ્ચિત કરાવ્યું છે તેના હસ્તાક્ષરનો તેમણે પુરાવો આપ્યો છે. હવે માત્ર જ્ઞાતિમાં એક હજાર રૂપિયા આપવા પડશે એટલે પત્યું."

કમલિનીઃ " બીજું કાંઇ ? "

લક્ષ્મીઃ " કૃષ્ણુશંકર પાઠકના પક્ષમાં રહી તેની ઇચ્છાનુસાર વર્તવું પડશે. તેમના કોઇ વિરોધીનો પક્ષ લઇને કેસ નહિ લેવાય. પાઠકજીનાં હાઇકૉર્ટનાં સર્વ કામ મ્હને મળશે. "

કમલિનીઃ "બહુ સારી વાત. બધુંજ તમારા સ્વાર્થનું કર્યું, પરંતુ ત્હમે જે દેશમાં જન્મ્યા, જે જાતિમાં જન્મ્યા, તેમનું શું કર્યું ? તમે જે જે કર્યું તે તો પશુઓ પણ કરી શકે ! તમે મનુષ્ય થઇને વિશેષ શું કર્યું ? તમે જે કર્યું તે અજ્ઞાન ભીલ–કોળી પણ કરી શકે ! તમે સાત સમુદ્ર, તેર નદીને પાર જઈ ભણી ગણીને આવ્યા પછી વિશેષ શું કર્યું ? તે દેશના લોકો કેવા દેશભક્ત છે, કેવા જાતિ પ્રિય છે, કેવા નિષ્પક્ષપાતી છે, કેવા ગુણને પૂજનારા છે, કેવા ઉદ્યમી છે ? આ બધામાંનું ત્હમે શું શિખ્યા ? દેશપ્રેમ કે જાતિ પ્રેમનો કિંચિદ્ અંશ તમારામાં આવ્યો નહિ ત્યારે પછી તમારા જીવનને એક પશુના જીવન કરતાં વિશેષ શા માટે સમજવું ? લક્ષ્મીપ્રસાદભાઇ ! વિલાયત જઈ આવનારા ઘણા વકીલ, બૅરિસ્ટરો તમારા જેવા સ્વાર્થી થઇ જાય છે તેથીજ ભારતવર્ષના ધર્મની અને હુનર ઉદ્યોગની અધોગતિ થઈ ગઇ છે ! જો તેઓ ત્યાં જઇને તે દેશનિવાસીઓનો દેશપ્રેમજ શીખી આવે તો એક વખત કાચું સોનું પકવતો આ દેશ પુનઃ તેવોજ થાય. તે દેશના વિદ્વાન આગેવાનો કેવા દેશના કલ્યાણને માટે મંડી પડ્યા છે ? તેમણે સ્વાર્થનો ભોગ આપીને દેશને ઉન્નતિને શિખરે ચ્હડાવી દીધો છે ! તેમણે દેશવિદેશમાં પ્રવાસ કરીને તે તે દેશના હુન્નર ઉદ્યોગોનું અવલોકન કરી તેના કરતાં શ્રેષ્ઠ હુન્નર ઉદ્યોગ પોતાના દેશમાં સ્થાપ્યા છે અને તેને લીધેજ લોહું પત્થર નિપજાવતો દેશ, ધન ધાન્યવડે સુખી થઇ બેઠો છે ! અને આપણું ભારતવર્ષ ? જ્યાં ધન ધાન્યની રેલછેલ ચાલી રહેતી ત્યાં

હજારો મનુષ્યો ઉદ્યમ વગર ! એક વખત જ્યાંના હુનર ઉદ્યોગોએ પૃથ્વીપર શ્રેષ્ઠતા મેળવી હતી તે દેશમાં હુન્નર ઉદ્યોગની પડતી! એમાં વાંક તમારા જેવા વિદ્વાન થઈ આવેલા પુરૂષોનોજ છે! તમારા જેવા વિદ્વાનો સ્વાર્થનો ભોગ આપી પરમાર્થના કાર્યમાં મંડી પડે તો ભારતવર્ષ થોડા સમયમાં સર્વ શ્રેષ્ઠ થઈ બેસે ! પણ જ્યાં સૌને પોતાના પેટનીજ પડી છે ત્યાં પરમાર્થ કોને સુઝે? હરિ! હરિ! લક્ષ્મીપ્રસાદભાઇ ! ખોટું ના લગાડશો ! જો આલોકમાં અને પરલોકમાં સુખ શાંતિ મેળવવી હોય તો દેશનું કલ્યાણ કરો. જાતિનું કલ્યાણ કરો. ગરીબ મનુષ્યોનું રક્ષણ કરો. તેમને પાયમાલ થતાં અટકાવો, અને તેમને અન્ન ધનની મદદ કરી આગળ વધારો, તોજ જગન્નાથ રાજી થશે. તેમાંજ ત્હમારૂં કલ્યાણ છે. તેમાંજ સર્વનું કલ્યાણ છે."

સત્યવતીએ હાથ અને હોઠ હલાવીને કહ્યું: "એમનો પતિ જગન્નાથ નથી. એમને તો મ્હારા જેવી ક્ષુદ્ર પત્નીને લઇ આ ક્ષુદ્ર ઘર માંડવું છે. સન્તાનોનાં લગ્ન—જનોઇ કરવાં છે. ગૃહસ્થાશ્રમમાં રહે તેને બધુંયે કરવું પડે."

કમલિનીએ તે બન્નેના સ્હામું એક એક વખત સ્થિર દ્રષ્ટિએ જોઇ ઉંડો નિઃશ્વાસ નાંખ્યો, અને પછી કહ્યું: "વારૂં, પરમાત્મા ત્હમને સદ્‌બુદ્ધિ આપો. બહુ રાત્રિ વીતી છે."

સત્યવતીઃ "ત્હેનું ત્હને ક્યાં ભાન છે?"

કમલિનીઃ "જાઓ સુઈ જાઓ."

સત્યવતીઃ "ત્હારા ઓરડામાં ખાવાનું ઢાંકયું છે, તે ખાઇ લેજે. ટાઢું ખૉળ જેવું થઇ ગયું હશે. ત્હારે ખાવા પીવાની ક્યાં ચિંતા છે?"

કમલિની ઉઠીને ચાલી ગઈ. સત્યવતી અને લક્ષ્મીપ્રસાદ શયનગૃહમાં ગયાં. કમલિનીને માટે થાળીમાં જમવાનું ઢાંકયું હતું તે તેમનું તેમજ પડી રહ્યું. તેને થાક લાગેલો હોવાથી તે પથારીમાં જઇ પડી. પેલા બાળકના કણ્ઠમાંથી નિકળતો કરૂણ ધ્વનિ હજી તેના હૃદયમાંથી ભૂલાતો નહોતો. તે સૂતાં સૂતાંજ વિચારવા લાગી કે: "શું એ અત્યાચારનો કોઇ રીતે બંદોબસ્ત થાય તેમ નથી? શું આ જગતમાં એવું કોઇ પણ નથી કે જે અત્યાચારીના પંજામાંથી ગરીબ મનુષ્યોનું રક્ષણ કરે? વિશ્વેશ્વર ! પ્રાણેશ્વર ! સર્વેશ્વર !

હજી કેટલી રડાવવી છે? શું આ દાસીને ભૂલી ગયા? આવો, બંધુ, પ્રાણસખા, પ્રિયતમ, એક વખત આવીને જોઇ જાઓ. તમારા એક બળવાન સન્તાનના હાથમાંની તરવાર વડે કેટલાં નિર્બળ સન્તાનનું સત્યાનાશ વળી જાય છે! પતિદેવ! તમે રક્ષણ નહિ કરો તો હવે તેમનું કોઇ નથી. પધારો પ્રભુ! તમે નહિ પધારો તો તેમને માટે અન્ય કોઇ ઉપાય નથી. શું આ પ્રાર્થના સાંભળશો નહિ? ત્યારે તમે દીનાનાથ શેના? દીનબંધુ શેના? તમને દીનબંધુ કોણ કહેશે? તમને મધુસુદન કોણ કહેશે? તમને મુરારી કોણ કહેશે? તમને ભીડભંજન કોણ કહેશે? તમને દુઃખહારક કોણ કહેશે? તમને ભક્તવત્સલ કોણ કહેશે નાથ?"

કમલિનીને તે રાત્રે પ્રથમ નિદ્રા આવી નહિ.

ચતુર્દશ પરિચ્છેદ.

કૃપિયા.

કમલિનીએ પરોઢીયે ઉઠી, ગીતામાંનો કર્મયોગ અધ્યાય સ્વરલય સાથે વાંચ્યો. ત્યાર પછી શ્રી ભગવાનનું સ્મરણ કરી સત્યવતી પાસે ગઇ. સત્યવતીએ પૂછ્યું: "આટલી બધી વ્હેલી કેમ ચાલી બ્હેન?"

કમલિનીનો એવો નિયમ હતો કેઃ અગત્યનું કામ ન હોય તો આઠ વાગતા પહેલાં પોતાના ઓરડામાંથી બહાર નીકળવું નહિ. કોઈ દિવસ ગીતા વાંચતી, કોઇ દિવસ અન્ય કોઇ ભાક્તનો ગ્રન્થ વાંચતી અથવા કોઇ દિવસ એમને એમ બેઠી બેઠી વિચારો કર્યા કરતી. સત્યવતીના પ્રશ્નનો ઉત્તર દીધોઃ "એક ગાડી મંગાવી આપ."

સત્યવતીઃ "એકાએક એ શોખ કેવો? તું તો પગે ચાલીનેજ આખા શહેરમાં રાતદિવસ ફરે છે ને?"

કમલિનીઃ "દરરોજ કંઇ ચિત્તવૃત્તિ એક સરખી હોય છે?"

સત્યવતીઃ "ક્યાં જવું છે ?"

કમલિનીઃ "એક કામ છે."

સત્યવતીઃ "ત્હારૂં કામ નહિ થાય."

કમલિનીઃ "ભલે નહિ થાય તો. ગાડી મંગાવી આપ."

સત્યવતી જાણતી હતી કે તેની બ્હેન શુકન અપશુકનને માનતી નહોતી. સત્યવતીના મુખમાંથી અપશુકનજનક શબ્દો નીકળ્યા હતા, તેને તે ગણકારે તેવી નહોતી. તેણે જે ધાર્યું હોય તે કર્યા વગર રહેતી નહોતી, તથા તેણે એક નોકરને ગાડી લાવવા મોકલ્યો.

થોડી વારમાં ગાડી આવી પહોંચી. કમલિનીએ ગાડીમાં બેસીને ગાડી વાળાને કહ્યું: "પોલિસ સુપ્રિન્ટેન્ડન્ટ સાહેબને બંગલે લઇ જા."

પોલિસ સુપ્રિન્ટેન્ડન્ટ સાહેબ અંગ્રેજ હતા. પ્રાતઃ સમયે પત્ની સહિત ચાહ પીતા હતા; એજ સમયે તેમના કમ્પાઉન્ડમાં થઇને ઓટલા આગળ ગાડી જઇ પહોંચી. કમલિનીએ બારણા પાસે બેઠેલા સિપાહીને બોલાવી કંઇક તેના હાથમાં મૂક્યું, એટલે સિપાહીએ તત્ક્ષણેજ સાહેબને સમાચાર આપ્યા કેઃ "કોઇ જુવાન સ્ત્રી આપને મળવા આવી છે."

સાહેબે તેને બંગલામાં લાવવાનું કહ્યું. સિપાહી કમલિનીને સાહેબ પાસે લઇ ગયો. કમલિની સાહેબને બે હાથ જોડી પ્રણામ કરી ઉભી રહી. સાહેબે કહ્યું: "તમે કોણ છો ? કોઇ ગૃહસ્થના ઘરની સ્ત્રી જણાઓ છો."

કમલિનીએ પોતાની ઓળખ આપી. સાહેબ જ્ઞાનાનંદ સબજડજને સારી પેઠે ઓળખતા હતા. સાહેબે તેને માન આપી ખુરસીપર બેસવાનું કહ્યું અને સ્મિત હાસ્ય કરીને આવવાનું કારણ પૂછ્યું. કમલિની બેઠી નહિ પણ તેણે ઉભાં ઉભાંજ કૃષ્ણશંકરનો અત્યાચાર, ખેડુતોનું દુઃખ, શહેરના બીજા સદ્ગૃહસ્થોને થતી કનડગત, દેણદારો ઉપર જુઠ્ઠી સાક્ષી પૂરવા કરેલું દબાણ અને જેમણે સાક્ષી નહિ પુરી તેને કૉર્ટમાં ઘસડી પૈસા વસુલ કરવા ઉપજાવેલો ત્રાસ, ગઈ રાત્રિયે કૃષ્ણશંકરે જે બાળકને નેતરની સોટી વડે માર માર્યો હતો તે વગેરે સર્વે એક પછી એક કહી સંભળાવ્યું. સાહેબે ધ્યાન દઇને સમસ્ત બનાવ સાંભળ્યા. તેઓ કંઇક વિચાર કરતા હતા એટલામાં મડમ સાહેબે પૂછ્યું: "તમે શો વિચાર કરો છો ?"

સાહેબે હસીને ઉત્તર દીધો: "જમીનદાર સરદાર કૃષ્ણશંકરની ખેડુત પ્રજાએ એક સંપ કરી જે હુમલા કર્યા છે તે હું જાણું છું પરંતુ ત્યાંના જમાદારે પોતાના પ્રત્યેક રિપૉર્ટમાં ખેડુતોનોજ અપરાધ બતાવ્યો છે. હમણાં તો હું તેનાથી બધું વિપરીતજ સાંભળું છું!"

મડમ સાહેબ જરા ગુસ્સે થઇ બોલ્યાં: "સરદાર પાસે પૈસા છે. ખેડુતો પાસે તે નથી તેથી તેઓ ઉપર અત્યાચાર થતો હશે. ગરીબ બીચારા ખેડુતોનું લોહી ચુસી લેવા છતાં જમીનદારો ત્હેને અનેક રીતે સતાવે છે એ કેવું આશ્ચર્ય! આ કામમાં બરોબર તપાસ થવી જોઇએ. શી રીતે કરશો કહો જોઉં."

સાહેબ: "હું જમાદારને અને સબઇન્સ્પેકટરને સખ્ત ભલામણ કરીશ."

મડમ: "તેથી કશું ફળ નથી."

સાહેબ: "ત્યારે શું કરવું તે તમેજ કહો."

મડમ: "તમે જાતે તપાસ કરો તોજ બરોબર તપાસ થશે."

સાહેબ: "મ્હને મિનિટનો વખત નથી."

મડમ: "કેમ?"

સાહેબ: "હમણાં એક ધાડના કેસની બારિકાઇથી મ્હારે જાતે તપાસ કરવી પડે છે તે પુરી થાય નહિ ત્યાં સુધી બીજી તપાસ થાય એમ નથી."

મડમ: "ત્યારે એક ગૃહસ્થની પુત્રી ત્હમારી પાસે આવી તેનું પ્રયોજન શું? આ બીચારી પરદુ:ખે દુ:ખી થયેલી જણાય છે. તેણે મનમાં મ્હોટી આશા બાંધેલી હોવી જોઇએ."

સાહેબે કમલિનીના મુખ સ્હામું દ્રષ્ટિ ફેરવી કહ્યું: "બ્હેન, બહુ દિલગીરી સાથે કહેવું પડે છે કે હમણાં મ્હારા હાથમાં એક મ્હોટો કેસ છે, તેનો અંત આવ્યા વગર અન્ય કેસમાં હાથ ઘલાય તેમ નથી. એવી સ્થિતિ વચ્ચે તમે મ્હને ક્ષમા કરશો. હું હમણાંજ ટેલેફોન કરી સબઇન્સ્પેકટરને અને ત્યાંના થાણાના જમાદારને બોલાવી કેસની બરોબર તપાસ કરવાનું કહું છું. તમારાથી બને તેટલે દરજ્જે તમે એ બન્નેની તપાસ ઉપર દેખરેખ રાખજો. જો તેઓ પક્ષપાત કરે તો તમે મ્હને તુર્ત ખબર કરજો.

તે વખતે હું અન્ય પ્રકારનો બંદોબસ્ત કરીશ. હમણાં તમે જાઓ."

કમલિનીને કંઇ આશ્વાસન મળ્યું. સાહેબ અને મડમને બે હાથ જોડી પ્રણામ કરી તે ત્યાંથી વિદાય થઇ. સાહેબે તુરતજ ટેલેફોન કરી સબઇન્સ્પેક્ટરને બોલાવ્યા તથા ઝાડેશ્વરના જમાદારને બોલાવવા માણસ મોકલ્યું.

થોડી વારમાં સબઇન્સ્પેકટર આવી પહોંચ્યા. તેને સાહેબે બધી હકીકત કહી સંભળાવી. ઇન્સ્પેકટરને આ કામની વિશેષ માહિતી નહિ હોવાથી તેણે તપાસ કરવાનું જણાવ્યું અને ચાર વાગે પુનઃ મળવાની ગોઠવણ રાખી.

ચાર વાગે સબઇન્સ્પેકટર અને જમાદાર સાહેબ પાસે આવી પહોંચ્યા. સાહેબે જમાદારને પૂછ્યું: "ગઈ કાલે રાત્રે સરદાર કૃષ્ણશંકર પાઠકે એક સાત વર્ષના બાળકને તથા તેના પિતાને પકડી કેદ કર્યાં હતા તથા તેમને પુષ્કળ માર માર્યો છે એ સંબંધી તમે કંઇ જાણો છો કે?"

જમાદારે નમ્રતાથી કહ્યું: "એ તદ્દન ખોટી ખબર આપને કોણે કહી? ગઈ કાલે રાતે ઘણા ખેડુતો સરદાર સાહેબની હવેલી લૂંટવા આવ્યા હતા, પણ માર્ગમાંજ તેમને અટકાવવાથી લૂંટારા પાછા ગયા, એટલીજ મ્હને ખબર મળી છે. એ વાત તો કોઇએ આપને કહી નહિ."

સાહેબ: "સાંભળવામાં આવ્યું છે કે, ખેડુતો તમને અરજ કરવા આવે છે ત્યારે તમે તે લખી લેતા નથી અને કાયદા પ્રમાણે તપાસ પણ કરતા નથી એ શું ખરૂં છે?"

જમાદાર: "એ વાત આપને કોણે કહી સાહેબ?"

સાહેબ: "જેણે કહ્યું છે તેણે સત્ય કહ્યું હોય એવું અનુમાન થાય છે. સત્ય ન્યાય આપવો અર્થાત ન્યાયની રીતે રાજકાર્યભાર ચલાવવો એજ અંગ્રેજ રાજત્વનો મૂળ મંત્ર છે. ગરીબ હોય કે શ્રીમંત હોય પણ તેને એક સરખો ન્યાય મળવોજ જોઇએ. અમારા રાજમાં અન્યાય મળે તો તેથી અસંતોષ ફેલાય. એવું જોવાને અમે ખુશી નથી. તેથીજ અમે અમારા રાજત્વના પ્રારંભથી બરોબર ન્યાય કરતા આવ્યા છીએ. તમને પણ અમારી સખ્ત ભલામણ છે કે અમારા ઉદ્દેશથી વિરૂદ્ધ વર્તન થાય નહિ, તેની સંભાળ રાખજો. કર્તવ્ય ચૂકશો તો પરિણામે તમનેજ પસ્તાવું પડશે. અમારા ઉપરી

અમલદારોની આજ્ઞા પ્રમાણે અમે વર્તીએ છીએ. તમારે પણ તેમ વર્તવું."

જમાદાર: "જી હા, સાહેબ."

સાહેબ: "સાંભળો. જ્ઞાનાનંદની મ્હોટી કન્યા કમલિની મ્હારી પાસે આવી હતી. તે એ કાર્ય ઉપર તીક્ષ્ણ દેખરેખ રાખશે. તે ન્યાય પ્રમાણે જે કાંઇ કરે તેમાં તેને અટકાવશો નહિ. લૂંટના કેસ માટે હમણાં હું પ્રવાસમાં જાઉં છું. ત્યાં એકાદ અઠવાડિયું થશે. એટલા વખતમાં બધી તપાસ કરો અને તમારી તપાસમાં જે કાંઇ નવા જુની જણાય તે સર્વ વિગત મ્હને જણાવજો. કમલિનીને પણ હમણાંજ હું પત્ર લખી ખબર આપું છું. તે પણ મ્હને સત્ય વિગત લખી જણાવશે."

"આપની આજ્ઞાનો બરાબર અમલ થશે સાહેબ." એટલું કહી જમાદાર અને ઇન્સ્પેકટર બન્ને ચાલ્યા ગયા. ઉઠતાં ઉઠતાં ઇન્સ્પેકટર સાહેબે પણ જમાદારને બે બોધક વાકયો કહી સાહેબને જરા ખુશી કરવાનો પ્રયત્ન કર્યો.

જમાદાર ઘોડેસ્વાર થઇને આવ્યો હતો. તે કચેરીમાં નહિ જતાં બહારો બહાર કૃષ્ણશંકર પાઠકની હવેલીએ પહોંચ્યો. આ સમયે કૃષ્ણશંકર હવેલીના નિચલા વિભાગમાં—કચેરી ગૃહમાં બેઠા હતા. અનેક આસામીઓ ત્યાં ભરાયા હતા. જમાદારે કૃષ્ણશંકરને કહ્યું: "કંઇક વાતચિત કરવી છે."

કૃષ્ણશંકર: "ખાનગી છે?"

જમાદાર: "હા, જી."

કૃષ્ણશંકર અને જમાદાર બન્ને એક ઓરડામાં ગયા. ખુરસી પર બેસી વાતો કરવા લાગ્યા. જમાદારે આશ્ચર્ય પામી, સહજ ચિંતાતુર મુખે કહ્યું: "મ્હોટી વિપદ્ આવી પડી છે."

કૃષ્ણશંકરે વિશેષ આશ્ચર્ય, વિશેષ ચિંતાતુર મુખે પૂછ્યું: "શું થયું સાહેબ? સત્વર કહો."

જમાદાર: "તમારા પક્ષમાં રહીને આટલા દિવસથી હું જે કાંઇ કરૂં છું તેને લીધે મ્હારી નોકરી જવા બેઠી છે! તમારૂં રક્ષણ થવું મુસ્કિલ છે. તમે પણ સપાટામાં આવી ચૂક્યા છો."

કૃષ્ણશંકરે ગભરાતાં પૂછ્યું: "એવું તે શું થયું સાહેબ?"

જમાદારઃ "પોલિસ સુપ્રિન્ટેન્ડન્ટ સાહેબને કાને તમામ વાત ગઇ છે. જો તમે બચાવ કરવા તૈયાર નહિ થાવ તો તમારા અને મ્હારા ધન–પ્રાણ જશે."

કૃષ્ણશંકરઃ "સાહેબને કોણે આ બધી વાત કહી ?"

જમાદારઃ "જ્ઞાનાનંદની પેલી ગાંડી છોકરીએ. સાહેબે તેને આપણા વિરૂદ્ધ નિમી છે. તે મ્હારી દરેક તપાસ ઉપર દેખરેખ રાખશે. સાહેબ સાત દિવસ બહાર ગામ તપાસમાં ગયા છે. સાત દિવસમાં બધી બાબતની તપાસ કરી રિપૉર્ટ કરવાનું સાહેબ મ્હને કહી ગયા છે, અને પેલી છોકરીને પણ એ સંબંધી સત્ય હકિકત લખી રાખવાનું કહ્યું છે. એ જે કાંઈ લખશે તેના ઉપર સાહેબનો વિશ્વાસ ચોંટશે. મ્હારા રિપૉર્ટની વિરૂદ્ધ જો તે કાંઈ લખશે તો સાહેબ જાતે આવીને તપાસ કરશે. હવે વિચારી જૂવો કે કેવી ભયંકર સ્થિતિ થઇ પડી છે !"

કૃષ્ણશંકરનું મ્હો સુકાઇ ગયું. મ્હો ઉપર ચિન્તાના કાળા શેરડા પડી ગયા ! પૈસાનો ગર્વ એકદમ ઉતરી ગયો ! જાણે ગરીબ, કંગાલ, ભીખારી બેઠો હોય તેવો જણાવા લાગ્યો. અનેક વિચારો કર્યા પછી એક ખોંખારો ખાધો અને જરાક ટટાર થઇને બોલ્યોઃ "ચિન્તા નહિ જમાદાર સાહેબ, બ્હીશો નહિ. હું એનો ઉપાય કરીશ."

જમાદારઃ "શો ઉપાય કરશો તમે ?"

કૃષ્ણશંકરઃ "કમલિનીનો પત્ર સાહેબને ના મળે અને સાહેબનો પત્ર કમલિનીને ના મળે એવી વ્યવસ્થા કરી શકીશ."

જમાદારઃ "બહુ સારી વાત, પણ ધ્યાનમાં રાખજો કે એ ગોટાળો ફુટશે તો વધારે ખરાબ થશો. એક જૂઠું કામ કરવા જતાં સો જૂઠાં પાટિયાં ગોઠવવાં પડે છે અને જ્યારે તે પાટિયાં ખસી જાય છે ત્યારે ગોઠવનારજ ચગદાઇ જાય છે ! એવા અમે સેંકડો કેસ જોયા છે. પોલિસની નોકરી કરતાં વાળ ધોળા થવા આવ્યા છે, અને અમે તો બધાંને એજ સલાહ આપીએ છીએ કે કદી જૂઠું કરવું નહિ. જૂઠું કરનારાઓ પહેલી

તકે વખતે કંઇક ફાવે છે પણ પાછળથી જૂઠાનું જૂઠાણું પકડાઇ ગયા વગર રહેતું નથી, અને તે વખતે જૂઠું ઉભું કરનારને બહુ ભારે પડી જાય છે. હમણાં તમે એવી વ્યવસ્થા કરશો પણ અઠવાડિયા પછી સાહેબ આવી પહોંચશે ત્યારે કમલિની રૂબરૂમાં તેમને બધી હકિકત કહેશે ત્યારે શું કરશો? તે તો જાણે અંગ્રેજોની છોકરી જેવી બુદ્ધિમાન, ચપળ અને વિદ્વાન છે. તે ગમે ત્યાં જતાં સંકોચાય એમ નથી. તેમ તે કોઇનો ભય રાખતી નથી."

કૃષ્ણશંકરઃ "તે વ્યવસ્થા પણ હું કરીશ. કમલિની ભૃગુપૂરમાંજ નહિ રહે પછી કાંઇ? એ માટે બહુજ સારી ગોઠવણ કરીશ."

જમાદારઃ "જો જો પાઠકજી! નખ્ખોદ કાઢશો નહિ! કાંઈ આડુ-અવળું કરશો તો ફાંસીએ ચ્હડશો. સાહેબે મ્હને ચેતવણી આપી છે કે એને કોઇ રીતે અડચણ થાય નહિ તેની તપાસ રાખજો."

કૃષ્ણશંકરઃ "ના, ના. યુક્તિપૂર્વક એ કામ પાર પાડીશ. એવી ખુબીથી એ કામ કરીશ કે જેથી કોઇનાં રૂંવાંને પણ ખબર પડશે નહિં કે શું થયું? પછી કાંઇ?"

જમાદારઃ "શેઠ! તમે પૈસાવાળા છો. પૈસો શું નથી કરી શકતો? તમે ધારો તો આકાશનો ચંદ્ર હથેળીમાં રમાડો. તમારા કામમાં પહેલાંથી પડવાનું કારણ પણ એજ કે તમે અમારી પાછળ પૈસા ખરચવામાં બાકી રાખશો નહિ. તમારા ઉપર તો બધો ભરોંસો છે શેઠ, પરંતુ સ્મરણ રાખજો કે મ્હારી નોકરી ન જાય. તમારો ધન–માલ ન જાય."

કૃષ્ણશંકર જરાક ફુલાયો. સ્તુતિથી કોણ નથી ફુલાતું? સ્તુતિથી મ્હોટા મ્હોટા દેવો ફુલાયા છે તો પછી કૃષ્ણશંકર જેવા સ્વાર્થી અહંકારીની શી વાત? પ્રથમ તેને ચિંતા થઈ હતી પરંતુ પછી જ્યારે લક્ષ્મી દેવીએ તેના મગજમાં ઠોકર મારી કહ્યું કેઃ "ગભરાયો કેમ? મ્હેં શું નથી કર્યું? મ્હેં મ્હોટા મ્હોટા પર્વત ઉથલાવી નાખ્યા છે તો આ ભારની શી વાત? દામ કરે કામ, લાંડી કરે સલામ. એ કહેવત કેમ ભૂલે છે. ઉઠ, ટટાર થા." તેજ ક્ષણે તેણે ખોંખારો કરી જમાદારને આશ્વાસન આપ્યું હતું. હમણાં તેને એક નવી યુક્તિ સુજી હતી.

કૃષ્ણશંકરે જમાદારને ઉત્તર દીધો: "ભય નહિ, હમણાંજ બધી વ્યવસ્થા કરૂં છું."

જમાદારે ઘણા કેસો જોયા હતા છતાં પૈસાને લોભે તે પણ જૂઠાણાના ઉંડાણમાં પડયો. તે આશામાં ને આશામાં ત્યાંથી ચાલ્યો ગયો. કૃષ્ણશંકરે તુર્તજ પોતાના ઘર સ્હામેની બ્રાન્ચ પોસ્ટઓફીસના પોસ્ટ માસ્તરને બોલાવવા મોકલ્યું. કૃષ્ણશંકર અને જ્ઞાનાનંદને ત્યાં ટપાલના કાગળો ત્યાંથીજ આવતા અને ત્યાંથીજ રવાના થતા.

કૃષ્ણશંકરના બોલાવવાથી પોસ્ટ માસ્તર આનંદ પામતા સત્વર ત્યાં જઇ પહોંચ્યા. તે જોઈ કૃષ્ણશંકરે તેને હસતે મુખે ખુરસી પર બેસવા કહ્યું. પાન સોપારી આપી તેમનો આદર સત્કાર કર્યા પછી કહ્યું: "મ્હારા ખેડુતો અને આશ્રતોની વિરૂદ્ધતાને લીધે હું ભારે વિપદમાં આવ્યો છું. આપ મ્હારૂં રક્ષણ કરો. જીવનપર્યંત ઉપકાર નહિ ભૂલું."

વીશ રૂપિયાનો પગારદાર બિચારો પોસ્ટ માસ્તર, અગણિત ધન સમ્પત્તિના માલિક, પ્રતાપી જમીનદાર સરદાર સાહેબના મુખમાંથી એકાએક આવા શબ્દો સાંભળી બહુ વિસ્મય પામ્યો અને ચમકી ઉઠયો. તેણે કહ્યું: "હું? આપનું રક્ષણ કરૂં? શી રીતે? જો બને એમ હોય તો પ્રાણ સમર્પણ કરવા તૈયાર છું સાહેબ!"

દશ દશ રૂપિયાની વીશ નોટો પોસ્ટ માસ્તર સાહેબના હાથમાં મૂકતાં કૃષ્ણશંકરે કહ્યું: "હમણાં આટલું સ્વિકારો. કામ થયા પછી આપને સારી પેઠે ખુશી કરીશ. જીવન પર્યંત ઉપકાર નહિ ભૂલું. ઉપકારનો બદલો વળશે તેટલો વાળીશ."

બિચારા પોસ્ટ માસ્તરે કોઇ દિવસ વીશ નોટો, પોસ્ટ ઑફિસની તિજોરી સિવાય, પોતાની જાણીને પોતાની પેટીમાં કદિ મૂકી નહોતી! વળી આવક કરતાં ખર્ચ વિશેષ હોવાથી પોસ્ટ ઑફિસના પૈસામાંથી થોડાક રૂપિયા ઘર કામમાં ખર્ચ્યા હતા. મ્હોટી પોસ્ટ ઑફિસમાં હિસાબ મોકલવામાં ગડબડાધ્યાય ચલાવ્યો હતો તેથી રાત દિવસ તેને શાંતિ નહોતી. "કઇ વખતે શું થશે? ઉપરી અમલદારોની તપાસમાં પકડાઇ જવાશે તો શી વ્હલે? આ રૂપિઆ

મળી જાય તો તે દેવું પતી જાય." વગેરે વિચારો મનમાં થતા હતા. લોલુપ દ્રષ્ટિએ નોટો સ્હામું જોતાં જોતાં માસ્તરે કહ્યું: "મ્હારે શું કરવાનું છે તે કહો. રૂપિયાની શી જરૂર છે? આપની કૃપા એજ મ્હારે લાખો રૂપિયા છે પાઠકજી."

કૃષ્ણશંકરે એવાં કામોમાં જીંદગી ગાળી હતી. તેણે પોષ્ટ માસ્તરની આંખો જોઇનેજ તેની ઇચ્છા જાણી લીધી હતી. ટુંકા પગારના નોકરોને કેમ વશ કરવા તે પણ તે જાણતો હતો. તેણે ભલભલા સાધુ જેવા નોકરોને લાંચ આપી લાંચ ખાવાના વ્યસની બનાવ્યા હતા. અને પોતાનાં કામ કાઢી લીધાં હતાં. ત્યાં પછી આ બિચારા જુજ પગારના નોકરની શી બિસાત? તે જાણતો હતો કે મનુષ્યના ગજવામાં રૂપિયા નાંખ્યા પછી તેને ઘેટું બનાવી શકાય છે અને તેની પાસેથી ધારેલું કામ લઇ શકાય છે. તેણે કહ્યું: "ના સાહેબ, એમ બને નહિ. પ્રથમ નોટો ગજવામાં મૂકો પછી કામ કહીશ."

પોષ્ટ માસ્તર: "પ્રથમ કામ તો કહો, પછી સૌ થઇ રહેશે."

કૃષ્ણશંકર: "ના, ના, એવું કશું કઠિન કામ નથી. તમે નોટો ગજવામાં મૂકો પછી કહું છું. પૈસા તો મનુષ્યને અતિ જરૂરની વસ્તુ છે. ધર્મ, અર્થ, કામ, બધુંજ પૈસાને આધીન છે. એ વસ્તુનો અનાદર કરશો નહિ, લો, લો, ઝટ ગજવામાં મુકો.એક વખત રિસાયલી લક્ષ્મી પાછી આવશે નહિ."

પોષ્ટ માસ્તરે કમ્પતે હાથે નોટો લઇ ગજવામાં મૂકી દીધી. ત્યાર પછી કૃષ્ણશંકર ખુરસી ખસેડી પોષ્ટ માસ્તરની પાસે જઇ બોલ્યા: "સાંભળો, જ્ઞાનાનંદને તો તમે ઓળખતા હશો."

પોષ્ટ માસ્તર: "નામ સાંભળ્યું છે. નજરે જોયા નથી. હું આવ્યો તે પહેલાંજ તેમનું મૃત્યુ થયું છે."

કૃષ્ણશંકર: "તેની મ્હોટી પુત્રીનું નામ કમલિની છે. કમલિનીને નામે જે કાગળ પત્ર આવે તે તેને નહિ આપતાં મ્હને પહોંચાડવો અને તે જે કાગળો બીજા કોઇને મોકલે તે પોષ્ટમાં નહિ મોકલતાં મ્હને પહોંચાડજો. એ કામને માટે તમને દર મહિને વીશ રૂપિયા પહોંચાડયા કરીશ."

પોષ્ટ માસ્તર જરા વિચાર કરી બોલ્યા: "રજીષ્ટર્ડ કાગળ પત્રો તમને આપી શકીશ નહિ."

કૃષ્ણશંકરઃ "ના, ના, તેમ બને નહિ. સાધારણ કાગળ પત્રોનીજ વાત થાય છે."

પોષ્ટ માસ્તરઃ "હા, તેમ કરી શકીશ."

કૃષ્ણશંકરઃ "તે પોલિસ સુપ્રિન્ટેન્ડન્ટ સાહેબને પત્ર લખશે, અને સાહેબ તેને પત્ર લખશે. તેનીજ મ્હને ખાસ જરૂર છે. તેને નામે જેટલા પત્રો આવે અને જેટલા પત્રો તે લખી રવાના કરે તે બધાનીજ મ્હને જરૂર છે. તે બધા મ્હને આપવા. ઘણીજ ગુપ્ત રીતે, ઘણીજ સાવચેતીથી કામ કરવું. તમારા સિપાહીઓ પણ જાણે નહિ."

પોષ્ટ માસ્તરઃ "તેમજ થશે, પરંતુ પોલિસ સુપ્રિન્ટેન્ડન્ટ સાહેબના પત્રો!"

કૃષ્ણશંકરઃ "એમાં ગભરાઓ છો શું? એ તો સાધારણ કાગળો! ક્યાંથી ક્યાં ગયા તેનો પત્તો શો? તેને માટે તમે કંઇ જવાબદાર નથી. ન કરે નારાયણ ને કંઇ તપાસ થાય તો તેને માટે તમને દણ્ડ થશે નહિ. વખતે નોકરી જશે એજ કે બીજું? ઓહો! મ્હોટી નોકરી ના દીઠી હોય તો! હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે મ્હારૂં કામ કરતાં જો તમારી નોકરી જશે તો તમને મ્હારા એકાદ ગામમાં નોકરી આપીશ. બસ. પછી કાંઇ?"

પોષ્ટ માસ્તરે પણ મનમાં વિચાર્યું કેઃ "માત્ર સાધારણ કાગળ પત્રોની વાત છે. તે લાવી આપવા એમાં શું? એમ થવાથી કેદખાનામાં જવું પડશે નહિ. હિસાબમાં રૂપિયા ઓછા છે. એકાએક ગોટાળો તે પકડાઇ જાય તો કેદખાનામાં જવું પડે." પોષ્ટ માસ્તરે "મ્હને આપનો વિશ્વાસ છે." કહી ઉઠી ચાલવા માંડયું.

પોષ્ટ માસ્તરના ગયા પછી લક્ષ્મી—મદમાં છકેલો, મદમસ્ત કૃષ્ણશંકર મનમાંજ હસ્યો! મનમાંજ બોલ્યોઃ "હે રૂપિયા! હે શયતાનનું સુદર્શન ચક્ર! તમે જેની પેટીમાં નથી તેનું કશું બળજ નથી! તમારા વડે જગતમાં ન થઇ શકે એવું એક પણ કાર્યજ નથી. તમે કુરૂપને રૂપવાન, અપ્રિયને પ્રિય, મૂર્ખને વિદ્વાન, અધર્મીને ધર્મપ્રાણ, અને અનીતિવાનને નીતિજ્ઞ કરો છો! તમને નમસ્કાર છે! તમે જેની પાસે નથી તે રૂપવાન, વિદ્વાન, ગુણવાન, નીતિવાન ગમે તેવો હોય પણ તેનું માનજ ક્યાં છે? "પૈસો મ્હારો પરમેશ્વર",

તે વાત તદ્દન સત્યજ. હે રૂપિયા ! હે લક્ષ્મી ! હે અસત્ય—સત્યકારક, હે વિશ્વ વિમોહક, હે જનમન આકર્ષક, હે સર્વસાધક રૈપ્યદેવ, ત્હમને અનેક નમસ્કાર હો ! હે દેવ ! ત્હમે મ્હને ભૂલશો નહિ. મ્હારા મરણ સમયે તમે મ્હારા હૃદયાકાશમાં પૂર્ણ રૂપે ઉદય પામજો. તેમ થવાથી બીજે જન્મે હું આપને નિશ્ચય મેળવી શકીશ.”

પંચદશ પરિચ્છેદ.

તીર્થ યાત્રા.

પ્રભુપૂરમાં સર્વત્ર નવરાત્રિનો ઉત્સવ ચાલે છે. સમસ્ત ગુજરાત જાણે હમણાં જાગ્રત થયું છે. પ્રાતઃ સમયે બ્રાહ્મણો સ્નાન કરી દેવી મંદિરોમાં અને કેટલાક યજમાનોના ત્યાં દેવી પૂજા કરાવવા જતા જણાય છે. દેવી મંદિર સમક્ષ ટકોરખાનાં અને સરણાઈના મધુર નાદ સંભળાય છે. ઘેર ઘેર આમ્ર પલ્લવનાં તોરણો બંધાઇ રહ્યાં છે. શહેરમાં આનંદ ઉત્સવ થઇ રહ્યો છે.

લક્ષ્મીપ્રસાદને ત્યાં પણ માતા વાવેલાં હોવાથી ઉત્સવ થતો હતો. વિશેષ સગાંવહાલાં માતાજીનાં દર્શને આવતાં હતાં. રાત્રે સુંદરી સ્ત્રીઓ મોડી રાત સુધી ગરબા ગાઇ સુંદર લ્હાણી મેળવી આનંદ પામતી હતી. કૃષ્ણશંકર પાઠકની કૃપા—દયાથી લક્ષ્મીપ્રસાદને ન્યાતમાં લીધો છે. આજે અષ્ટમીને દિવસે દેવીનિમિત્ત મ્હોટો હોમ હોવાથી લક્ષ્મીપ્રસાદને ત્યાં જ્ઞાતિ ભોજન થવાનું છે. સ્વજ્ઞાતિ ઉપરાંત અન્ય જ્ઞાતિજનોને પણ તેમણે ભોજનનું આમંત્રણ કર્યું છે. લક્ષ્મીપ્રસાદ એક મ્હોટી વાડીમાં ૩૦૦—૪૦૦ મનુષ્યોની રસોઈ તૈયાર કરાવતા હતા. બારણા બહાર ભવ્ય મંડપ બાંધ્યો છે. એક તરફ ગાદી તકીયા પાથરી દીધા છે. તેમાંજ એક તરફ હોમકુણ્ડ તૈયાર કર્યો છે. ત્યાં બ્રાહ્મણોએ પૂજાનો આરમ્ભ કર્યો છે. સત્યવતી સર્વ કાર્ય ઉપર દેખરેખ રાખે છે. કમલિની માત્ર મનુષ્યોની સેવા કરવામાંજ ગુંથાઈ ગઇ છે.

રૅસોઇયા રંધતાં રંધતાં જળ માગે છે, કમલિની દોડતી જઈ જળ આપી તેમની તૃષા નિવારે છે. કોઈ મસાલો ખાંડતાં હાથ છુંદી નાખે છે તેને હાથે કમલિની દવા ચોપડી પાટો બાંધી આપે છે. સગાંવહાલાંના છોકરા રડતાં જણાતાં કમલિની તેમને ખાવાનું આપી શાંત પાડે છે. ઘર બહાર કોઈ ભિક્ષુક આવી કટકો રોટલો માગે છે તેને કમલિની ખાવાનું આપી સંતોષ પમાડે છે.

સાંજના ચાર વાગ્યા છે. યજ્ઞકુણ્ડમાં દેવીને આહુતિ અપાઈ ગઇ છે. યજ્ઞનાં દર્શન કરવા જ્ઞાતિ પરજ્ઞાતિનાં અનેક સ્ત્રી પુરૂષો એકઠાં થયાં છે. લક્ષ્મીપ્રસાદ અને સત્યવતીએ સાથે સાથે બેસી દેવીનું પૂજન અર્ચન કર્યું છે અને સાથે ઉભાં રહીનેજ યજ્ઞ-કુણ્ડમાં નાળિયેર હોમ્યું છે. ન્હાનો પુત્ર સત્યવતીની કેડ ઉપર બેઠો બેઠો હસતે મુખે નાળિયેર પકડવા હાથ લંબાવે છે પણ ટુંકા હાથ હોવાથી નાળિયેર ખેંચી લેવાતું નથી. એ દેખાવ જોઇ અન્ય મનુષ્યો હસે છે. યજ્ઞનાં દર્શન કરી અનેક ભદ્રજનો મંડપમા બેઠા છે તેમાં કૃષ્ણશંકર પાઠક પણ લાલચોળ પાઘડી પ્હેરી, મુછના થોભિયાને વળ દેતા એક તકીએ અઢેલી બેઠા છે. મ્હોંમાં પાનસોપારીનો ડુચો ભર્યો છે, અને આસપાસના મનુષ્યો સાથે વાતોના ગપાટા હાંકે છે.

યજ્ઞનું કાર્ય સમાપ્ત થયું. ત્યાર પછી લક્ષ્મીપ્રસાદ અને સત્યવતી અન્ય કાર્યોમાં ગુંથાવાં. લક્ષ્મીપ્રસાદ પ્રથમ મંડપમાં ગયા. ત્યાં તેનાપર કરૂણા કરીને-દયા કરીને પધારેલા કૃષ્ણશંકર પાઠકની સ્હામું તેમણે બે હાથ જોડી હસતે મુખે કહ્યું: "બહુ કૃપા થઈ." કૃષ્ણશંકરે તેના સત્કાર્યની અને તેમની વિદ્વતાની સર્વના દેખતાં પ્રશંસા કરી. લક્ષ્મીપ્રસાદે મંડપમાં સર્વત્ર ફરી પધારેલા અન્ય સજ્જનોને પ્રણામ કર્યા. અંતે પાછા કૃષ્ણશંકરની પાસે આવી ઉભા એટલે કૃષ્ણશંકર ત્યાંથી ઉઠયા અને તેમનો હાથ ઝાલી એક એકાંત સ્થળમાં ગયા. ત્યાં બેઠા પછી ધીમે રહીને કહ્યું: "જૂવો લક્ષ્મીપ્રસાદ, તમારી નમ્રતા અને સૌજન્ય ઉપર મોહ પામી મ્હેં તમારે માટે ઘણું કર્યું છે. અનેક જ્ઞાતિ બંધુઓને કાલાવાલા કર્યા છે ત્યારે તેમણે તમારે ત્યાં આવવાનું કબુલ કર્યું છે પરંતુ કહેતાં જીભ ઉપડતી નથી! મ્હોટો ગોટાળો ઉભો થયો છે! હવે મ્હારાથી કશું બને તેમ નથી!"

લક્ષ્મીપ્રસાદ ચમકી ઉઠયા. ત્હેમનો ચ્હેરો ઉતરી ગયો. તે બોલ્યાઃ "તમે તો મ્હારા મુરબ્બી છો. તમેજ મ્હારા શિરછત્ર સ્વરૂપ છો. શું થયું છે તે સત્વર કહો. મ્હને ભય લાગે છે. જો જ્ઞાતિ બંધુઓ જમવાની ના કહેશે તો મ્હારી આબરૂ અને મ્હારા ખર્ચેલા પૈસાપર પાણી ફરી વળશે! નોતરાં કબુલ કર્યાં છે. ન્યાતના આગેવાનો શાકપાંદડે આવ્યા છે. જમવાની વખત થઇ છે. ઘણા જ્ઞાતિજનો અબોટિયાં પહેરી આવી ચૂકયા છે. એકાએક મ્હારો શો અપરાધ થયો?"

કૃષ્ણશંકરે ઠાવકે મુખે ઉત્તર દીધોઃ "ભય શો છે લક્ષ્મીપ્રસાદ? હું તમારા પક્ષમાં છું. મ્હારાથી બનતું કર્યા વગર રહીશ નહિ. વાત સાંભળો."

લક્ષ્મીપ્રસાદઃ "કહો પાઠકજી, તમારા ઉપર તો મ્હને સંપૂર્ણ વિશ્વાસ છે."

કૃષ્ણશંકરઃ "બધા જ્ઞાતિજનો એકજ વાંધો કહાડે છે અને તે વ્યાજબી પણ છે."

લક્ષ્મીપ્રસાદઃ "શો વાંધો?"

કૃષ્ણશંકરઃ "તમારી સાળી કમલિનીનો. તે તમારા ઘરમાં હશે ત્યાં સુધી તમારે બારણે કોઈ જમશે નહિ."

લક્ષ્મીપ્રસાદઃ "કેમ?"

કૃષ્ણશંકરઃ "તેની ચાલચલગત ઉપર બધાંને શંકા છે. તે મુસલમાનવાડમાં જાય છે. અંગ્રેજોને બંગલે આવ જા કરે છે. સર્વ તેના ચરિત્રમાં અનેક દોષ જૂવે છે. કોઈ કોઇ તો કહે છે કે તે મુસલમાનનું ભોજન કરે છે."

લક્ષ્મીપ્રસાદઃ "તદ્દન અસત્ય વાત: હું કહું છું કે તેના જેવું પુણ્યમય ચરિત્ર કોઇ પણ મનુષ્યનું નહિ હોય."

કૃષ્ણશંકરઃ "પણ લોકો તે ક્યાં માને છે?"

લક્ષ્મીપ્રસાદઃ "તેમાં આપણે શું કરીએ?"

કૃષ્ણશંકરઃ "હમણાં તો જે યોગ્ય લાગે તે કરવું જોઇએ. પછીની વાત પછી."

લક્ષ્મીપ્રસાદઃ "શું કરવું તે કહો."

કૃષ્ણુશંકરઃ "તેને આ ઘરમાંથી ક્હાડી મૂક્યા સિવાય કોઇ ભોજન કરશે નહિ."

લક્ષ્મીપ્રસાદઃ "આ ઘર તેના પિતાનું છે. મ્હારા પિતાનું નથી. મ્હારાં પત્ની અને તે બન્ને ઘરમાં સરખાં ભાગીદાર છે. મ્હારા કહેવાથી તે ઘર છોડીને જાય કેમ ?"

કૃષ્ણુશંકરઃ "યુક્તિપૂર્વક કામ કાઢી લેવું જોઇએ. થોડા દિવસને માટે તમારા મુંબઇના ઘરમાં મોકલી દો."

લક્ષ્મીપ્રસાદઃ "નવરાત્રિ પછી તેમ કરી શકીશ."

કૃષ્ણુશંકરઃ "હમણાંજ તેને મોકલવી જોઇએ. નહિ તો કોઇ તમારે ઘેર જમશે નહિ."

લક્ષ્મીપ્રસાદઃ "નોતરાં દીધાં તે વખતેજ આ બાબત મ્હને જણાવી હોત તો સારૂં થાત. પાછળથી આવું અધમ કૃત્ય કરવું ઉચિત નથી."

કૃષ્ણુશંકરઃ "એકાએક ગોટાળો ઉભો થયો છે."

લક્ષ્મીપ્રસાદ બૅરિસ્ટર હતો. ઘણા કેસોમાં ઘણાં મનુષ્યોને ધમકાવ્યા હતાં, પરંતુ અત્યારે તેનાં હાડકાં નરમ થઇ ગયાં. તેનું શરીર ધ્રુજવા લાગ્યું. તેના માથામાં ચક્કર આવ્યાં. માથે હાથ દઇ વિચારવા લાગ્યો.

કૃષ્ણુશંકરે કહ્યુંઃ "વિચાર કરવાનો સમય નથી. કશો ગડબડાટ થતાં પહેલાં અને કોઇ કાંઇ શબ્દોચ્ચાર કરે તે પહેલાં ત્હેને ઘરમાંથી ક્હાડવી જોઇએ."

લક્ષ્મીપ્રસાદઃ "ભયંકર નિષ્ઠુરતા ! જ્ઞાતિજનો દયા વગરના, વિચાર વગરના, ન્યાય વગરના, ધર્મ વગરના જણાય છે. આ વખતે આવી તકરાર કેવી ? પ્રથમથી કહેવું જોઇતુ હતું. મ્હારે ઘેર ઉત્સવ છે, હું તેને શી રીતે કહું કેઃ તુ ઘરમાંથી બહાર નિકળ. તેની બ્હેન પણ તેને શું મ્હોડું લઇને એવી વાત કહે ! તેમ બનશે નહિ. જાઓ, ન્યાત ન જમે. ન્યાતબહાર હતા તેમજ રહેવા અમે ખુશી છીએ."

કૃષ્ણુશંકર નાકે આંગળી દઈ બોલ્યાઃ "ચુપ રહો, ચુપ રહો. એવું બોલશો નહિ. જાઓ, તમારી પત્નીને સમજાવીને કહો. જ્ઞાતિ અને ધર્મના રક્ષણને માટે હાલતો એનો ત્યાગ કરવોજ પડશે. છુટકો નથી."

ઉતરેલે મુખે, ધીમે પગલે લક્ષ્મીપ્રસાદ ઓરડામાંથી બહાર ચાલ્યા ગયા.

આ સમયે સત્યવતી રસોડામાં જરૂરના કાર્યમાં રોકાઇ હતી. દાસી જઇને તેને બોલાવી લાવી. પતિનું ઉતરેલું મુખ જોઇ તેના પેટમાં ધ્રાસકો પડયો. ઉતાવળે પૂછ્યું: "કેમ! ત્હમને શું થાય છે? શરીર તો સારૂં છેને? આટલા બધા દિલગીર કેમ? કંઇ દવાબવા જોઇએ છે?"

લક્ષ્મીપ્રસાદ ઉભો હતો ત્યાંજ બેસી પડયો. એ જોઇ સત્યવતી વિશેષ ગભરાઈ ગઇ. તેનાં નેત્રમાં આંસુ ભરાઇ આવ્યાં. તેનું કાળજું ધડકવા લાગ્યું. તેણે પાસે મુખ લઈ જઈ પૂછ્યું: "તમને શું દુઃખ થાય છે? શૂળ-વિનાશક ચૂર્ણ લાવું? જ્વરાંકુશ લાવું? જુલાબની ગોળી લાવું? માથે ઘસવાનો મલમ લાવું? ઓ નવદુર્ગા મા! રક્ષણ કરો. કહોની, તમને શું થાય છે? કયાં દુઃખે છે?"

લક્ષ્મીપ્રસાદે ઉંડો નિઃશ્વાસ નાખી માથે દીધેલો હાથ છાતીએ દઇ કહ્યું: "શારીરિક કશું દુઃખ દર્દ નથી, પરંતુ મ્હારાથી સહન થતું નથી."

લક્ષ્મીપ્રસાદે પત્નીનાં નેત્રમાંથી નિકળતાં આંસુની ધારા જોઇ તેથી તે વિશેષ ખિન્ન થયા. તેમણે પત્નીને સમસ્ત હકિકત કહી. એ સાંભળતાંજ સત્યવતી એકદમ ચમકી ઉઠી. તેનાં રૂંવાડાં ઉભાં થઇ ગયાં. તેની છાતીમાં લોહી ધડકવા લાગ્યું. કપાળે પરસેવાના ઝીણાં બિંદુ બાઝયાં. સૂર્યનો પ્રચણ્ડ તાપ પડતાં જેમ પ્રાતઃકાળમાં ખિલેલાં પુષ્પ કરમાઇ જાય તેમ તેનું મુખ કરમાઇ ગયું. પતિના મુખ સ્હામું કરૂણ નેત્ર જોઇ પૂછ્યું: "શું થશે હવે?"

લક્ષ્મીપ્રસાદ ખોખરે અવાજે બોલ્યા: "ભલે, જ્ઞાતિજનો પાછા ઘેર જાય. નહિ જમે તો તેમની ઇચ્છા. ન્યાતબહાર હતા તેમજ રહીશું."

સત્યવતી ઉતરેલે મુખે બોલી: "ન્યાત તો બધી ભરાઇ ગઈ છે. આટલા બધા બ્રાહ્મણો જમ્યા વિના પાછા જશે! એમ કેમ બને? કાળજું બળીને ખાખ થશે."

લક્ષ્મીપ્રસાદ: "બીજો ઉપાયજ નથી."

સત્યવતી: "ઉપાયજ નથી?"

એ સમયે કમલિની હસતી હસતી ત્યાં આવી પહોંચી. કમલિનીને

જોઈ પતિ પત્ની બન્ને ચમક્યાં. જે પિંડા થોડી વેગળે હતી તે તેમની છેક નજીક આવી પહોંચી!

કમલિનીએ હસતાં હસતાંજ કહ્યું: "સતી! હું વૃન્દાવન જઈશ."

સત્યવતી નીચું મ્હોં કરી પૃથ્વી સ્હામું જોઈ રહી. સુકાયલા ઓઠ ઉપર પરાણે ક્ષીણ હાસ્ય રેખા ફરકાવી લક્ષ્મીપ્રસાદે કહ્યું: "હમણાંજ કે?"

કમલિની: "હા, આ ક્ષણેજ. ગાડી બોલાવી મંગાવો."

લક્ષ્મીપ્રસાદ: "કારણ શું?"

કમલિની: "મ્હારે સંસાર સાથે કશું પ્રયોજન નથી. ગામમાં શાન્તિ નથી તેથી વનમાં જઈશ. આ સ્થળે કેવળ અત્યાચાર અને ખોટો દંભજ છે. બ્રાહ્મણો હવે બ્રાહ્મણ રહ્યા નથી. ત્યારે તેની જ્ઞાતિના સંબંધમાં રહેવાની મ્હારે જરૂર શી? જે જ્ઞાતિના આગેવાનોના હૃદયમાં ન્યાય, ધર્મ અને દયા નથી તે જ્ઞાતિમાં ભલે તમે રહો. મ્હારે કોણ હસનાર કે રડનાર છે? હું શા માટે એ જ્ઞાતિના બંધનમાં રહી તમને દુઃખી કરૂં? આખું વિશ્વ એ મ્હારી જ્ઞાતિ છે, આખા વિશ્વનો ધર્મ એ મ્હારો ધર્મ છે. આખા વિશ્વની સેવા કરવી એજ મ્હારૂં કર્તવ્ય છે. આખા વિશ્વનાં બંધનોમાં હું બંધાઈ ચુકી છું. પછી એકના બંધનમાં શા માટે રહેવું? એક જ્ઞાતિના કાયદા પાળવાથી અનેક જ્ઞાતિઓની સેવા થાય નહિ. ત્યારે તે મ્હને પસંદ નથી. મ્હારે અનેક જનોની સેવા કરવી છે ત્યાં પછી એક જ્ઞાતિનું બંધન નિરર્થકજ છે. જ્યાં ત્યાં અસત્ય, અધર્મ, મિથ્યાડંબર! અંગ્રેજ જાતિને જગતના સર્વ મનુષ્યો સત્યવક્તા તરીકે ઓળખે છે, જે અંગ્રેજ જાતિમાં લૉર્ડ રિપન જેવા મહાપુરૂષોનો જન્મ થયો છે, તેજ અંગ્રેજ પોલિસ સુપ્રિન્ટેન્ડન્ટ સાહેબે મ્હને આશ્વાસન આપ્યું. ચાર પાંચ સખ્ત પત્રો લખ્યા પણ તેનો એકે ઉત્તરજ નથી! બસ, હવે શહેરનો ત્યાગ કરી જંગલમાંજ જવું ઉચિત ધારૂં છું. સ્ત્રીઓની ઉન્નતિ કરવાનું મ્હેં જે "સમાજ સેવિકા મંડળ" ઉપાડયું છે તે કામ જગદીશ્વરને સોંપ્યું."

દેવી કમલિની! તમારા પત્રોની શી વ્યવસ્થા થાય છે તેની તમને શી ખબર? તમને ખબર નથી કે જેના ચક્ર નીચે દીન પ્રજા કચડાય છે, તેનાજ

પ્રપંચ વડે તમે પણ પોલિસ સુપ્રિન્ટેન્ડન્ટ સાહેબના પત્રો મેળવી શકતાં નથી અને તેમને ત્હમારા પત્ર મળતા નથી. ત્હમારા પત્રો નહિ મળવાથી, સાહેબ, અમલદારોના રિપૉર્ટનેજ સત્ય માની લે છે !

લક્ષ્મીપ્રસાદ: "જો જવાની ઇચ્છા હોય તો નવરાત્રિ પછી જજો."

કમલિની હસતાં હસતાં બોલી: "તેમ થશે તો આટલાં બધાં મનુષ્યો તમારે ઘેર ભોજન લેશે નહિ. પાછાં ઘેર જતાં રહેશે."

લક્ષ્મીપ્રસાદ અને સત્યવતી નીચું મુખ કરી બેસી રહ્યાં. કમલિનીએ કહ્યું: "મ્હેં ધનાને મ્હોડેથી બધું સાંભળ્યું છે."

ધનો તેમનો નોકર હતો. જે સમયે કૃષ્ણશંકર અને લક્ષ્મીપ્રસાદ ઓરડામાં એકાંત બેસી વાતો કરતા હતા તે સમયે ધનો તેમને પાન સોપારીની તાસક આપવા ગયો હતો. તે સમયેજ તેણે થોડી ઘણી વાત સાંભળી હતી. બહાર નિકળ્યા પછી બારણા પાછળ સંતાઇને બધી વાત સાંભળી લીધા પછી તેણે તે બધું કમલિનીને કહ્યું હતું.

લક્ષ્મીપ્રસાદનું મલિન મુખ વિશેષ મ્લાન થયું. સત્યવતીએ રડી દીધું અને દોડી જઇને પોતાની બ્હેનને ગળે બાઝી પડી ને વિશેષ રડવા લાગી. તે બોલી: "બ્હેન, બ્હેન ! હું સર્વસ્વનો ત્યાગ કરી શકીશ પણ ત્હારો ત્યાગ કરી શકીશ નહિ. તું કયાં જશે ? નવરાત્રિનો ઉત્સવ બંધ રાખીશ, જ્ઞાતિ ભોજન બંધ રાખીશ, સર્વનો ત્યાગ કરીશ પરંતુ ત્હારો ત્યાગ કરીશ શકીશ નહિ."

આ સમયે કમલિનીના નેત્રમાંથી પણ પ્રેમનાં આંસુ વહેવા મંડયાં. તેણે કહ્યું: "બ્હેન ! હવે રડશો નહિ. રડાવશો નહિ. તમે સુખે સ્વચ્છંદે નિવાસ કરો. હું સ્વસુરને ઘેર જાઉં છું. સાંભળ્યું છે કે મ્હારા પતિદેવ શ્રી વૃંદાવન ધામ પરિત્યાગ કરીને અન્ય સ્થળે ગયા નથી. હું તે સ્થળે જઇશ અથવા જ્યાં હશે ત્યાં તેમને જઇ મળીશ."

સત્યવતી: "પણ માતા મ્હને શું કહેશે ?"

કમલિની: "આ બધી વાત માતાને કહેવાનું પ્રયોજન નથી. હું વૃંદાવન જાઉં છું તે પણ કહેશો નહિ."

ત્યાર પછી અનેક ક્ષણ પર્યંત બન્ને વચ્ચે વાદવિવાદ ચાલ્યો. અન્તે

કમલિનીએ શ્રી વૃંદાવન જવું એવુંજ નક્કી થયું. જવાનું પણ તેજ દિવસે કર્યું, કારણ કે, તે ના જાય તો બ્રાહ્મણ ભોજન થાય નહિ.

લક્ષ્મીપ્રસાદે કૃષ્ણશંકર પાસે જઈ તે દિવસ માટે એક દિવસની ભિક્ષા માગી. સન્ધ્યા પછી કમલિની ભ્રગુપૂર ત્યાગ કરી શ્રી વૃંદાવન ધામ જશે.

કૃષ્ણશંકરે લક્ષ્મીપ્રસાદને પ્રતિજ્ઞા વડે બાંધી લીધો. ત્યાર પછી સર્વ બ્રાહ્મણો ભોજન કરી ચાલ્યા ગયા.

તેજ દિવસે સન્ધ્યા વિત્યા પછી ઘરમાં સર્વેએ ભેગાં મળી ઇષ્ટદેવનું ભજન, પૂજન, આરતિ, પુષ્પાંજલિ વગેરે કર્યું. પછી માતા, ભગિની અને અનેક સંબંધી જનોને રડાવી કમલિની શ્રી વૃંદાવન ધામ ચાલી ગઈ.

ષોડશ પરિચ્છેદ.

વિયોગ.

શિવપ્રસાદને નવરાત્રિના ઉત્સવ સમયે ભ્રગુપૂર આવવાનું કમલિનીએ ઘણું ઘણું કરીને લખ્યું હતું. સત્યવતીએ વિશેષ આગ્રહ સાથે પત્ર લખ્યો હતો. લક્ષ્મીપ્રસાદે પણ નિમન્ત્રણ પત્ર લખ્યો હતો. અને નવરાત્રિના ઉત્સવ સમયે આવવા માટે આગ્રહપૂર્વક પ્રાર્થના કરી હતી. નવમીને દિવસે મધ્યાહ્નને સમયે શિવપ્રસાદ સત્યવતીને ઘેર આવી પહોંચ્યા. ઘેર મહોત્સવ થઇ રહ્યો છે. સુંદર ભવ્ય મંડપ બંધાયો છે. સગાંવહાલાં આવ જા કરે છે પરંતુ કમલિની નથી. ઘરમાં બેસવા છતાં શિવપ્રસાદને પ્રાણ વગરનું શરીર હોય તેમ કમલિની વગરનું ઘર શૂન્યકાર જણાયું ! કમલિનીએ તેને આવવા માટે કેટલો બધો આગ્રહ કર્યો હતો, કેટલીએ પ્રતિજ્ઞા દઇ લખ્યું હતું ત્યારે તે આવ્યા હતા પરંતુ તે કયાં ? શિવપ્રસાદના મનમાં તેની પૂર્ણ ખોટ જણાઇ.

સત્યવતીએ તેમની પાસે આવી સ્વાસ્થ્ય પૂછ્યું, પરંતુ તુર્તજ તેણે રડી દીધું અને સર્વ હકીકત કહી. શિવપ્રસાદે કહ્યું: “બ્હેન રડશો નહિ. જેમ થવું

જોઇએ તેમજ થયું છે. જેના અદૃષ્ટ તન્તુ જેને જે માર્ગે ખેંચે તેને તે માર્ગે જવુંજ પડશે. શોક કરવો વ્યર્થ છે."

નવમીની રાત્રિ આનંદમાં વ્યતીત થઇ. દશમીને દિવસે માતાજીનું ઉત્થાપન થયું. પ્રાતઃ સમયથી સુંદર વાજીંત્રના મધુર સ્વરથી ઘરનું આંગણું ગાજી રહ્યું. માતાજીને વિદાય કર્યા. સ્ત્રીઓ મધુર કણ્ઠે માતાજીના ગરબા ગાતી નર્મદા સુધી વળાવવા ગઇ. સાયંકાળ થતાં સર્વે પાછાં ફર્યાં.

રાત્રિ એક પ્રહર વીતિ છે. શરદની ચાંદની વડે સર્વત્ર મનોહર સુંદરતા પ્રસરી રહી છે. ચાંદનીએ આકાશ નીચેની વસ્તુઓપર મધુર રસ ઢાળ્યો છે છતાં સર્વત્ર શૂન્ય જણાય છે. શરદ્ રહી છે. પણ શરદ્‌ની અધિષ્ઠાત્રિ માતાજી ઘરમાંથી વિદાય થયાં તેથી જાણે ઘરમાંથી એક કલ્યાણકારક વૃદ્ધ જન ચાલ્યું ગયું હોય તેટલું શૂનું લાગે છે. જાણે માતાજીની સાથેજ બધો આનંદ ચાલ્યો ગયો હોય તેમ જણાય છે.

સત્યવતી, લક્ષ્મીપ્રસાદ, અને શિવપ્રસાદ ત્રણે દિવાનખાનામાં બેઠાં બેઠાં વાતો કરે છે. શિવપ્રસાદને ઉત્તર દેતાં લક્ષ્મીપ્રસાદે કહ્યું: "ના, ના. કાલે સ્હવારની ગાડીમાં જઇ શકાશે નહિ. બે ચાર દિવસ રહેવુંજ પડશે."

શિવઃ "મ્હારે કાલે જવુંજ પડશે."

લક્ષ્મીઃ "કેમ, એટલી બધી ઉતાવળ શી છે?"

સત્યવતીઃ "સાચી વાત તો એ છે કે મન ટકતું નથી. સારૂં લાગતું નથી. જેને માટે આવ્યા હતા તે નથી. જેણે આમંત્રણ કર્યું હતું તે ગયું છે. જે બાંધી રાખે એમ હતું તે ખસી ગયું છે."

શિવઃ "સત્ય વાત છે સત્યવતી બ્હેન. કમલિની વગરનું ઘર ખાલી હોય તેમ જણાય છે! છતાં એ કારણથી નહિ પણ અન્ય ખાસ અગત્યનું કામ છે."

સત્યવતીઃ "એક સલાહ પૂછવી છે."

શિવઃ "શી?"

સત્યવતીઃ "બ્હેનને માટે પ્રાણ બહુ કલ્પાંત કરે છે. તેને બોલાવવા મનુષ્ય મોકલું?"

શિવ: "જે મનુષ્યો તેને મૂકવા ગયાં છે તે પાછાં આવ્યાં કે?"

સત્યવતી: "ના, એક દાસી ગઇ છે, તે તેની સાથેજ રહેશે, અને હરિકૃષ્ણ કાકા ગયા છે તે પાછા આવશે."

હરિકૃષ્ણ કાકા જોડેની ખડકીમાં રહેતા હતા. જ્ઞાનાનંદના ઓળખીતા હતા. શિવપ્રસાદે તેને માટે વિશેષ પૂછપરછ કરી નહિ. હરિકૃષ્ણ કાકા ગમે તે હોય તેથી શું થયું ? તેણે કમલિનીનું હૃદય સારી પેઠે વાંચ્યું હતું, તેથી તેણે નિશ્ચય કર્યો હતો કે તે હૃદય અતિ પવિત્ર, અતિ સ્વચ્છ છે. તેમાં એક અણુ જેટલી પણ અપવિત્રતા પ્રવેશે તેમ નથી. તેમણે કહ્યું: "તેને પુનઃ ઘેર લાવ્યાથી જ્ઞાતિજનો વાંધો ઉઠાવશે ત્યારે ?"

સત્યવતી: "નક્કી વાંધો ઉઠાવશેજ."

શિવપ્રસાદ: "ત્યારે હવે જરૂર નથી. તેનું અદ્રષ્ટ તેને જે માર્ગે લઇ જાય છે તેમાં અટકાવ કરશો નહિ."

લક્ષ્મી: "એક પિતાની બે કન્યા. બન્નેને એક પ્રકારની શિક્ષા દિક્ષા મળી છે. ત્યારે પછી કમલિની આવી કેમ થઇ ?"

શિવ: "જેણે પૂર્વજન્મે જેવું ભાગ્ય પ્રાપ્ત કરેલું હોય તેવું તે થાય છે."

લક્ષ્મી: "કમલિનીના ભાગ્યનો વિચાર કરતાં કષ્ટ થાય છે."

શિવપ્રસાદે ઉચ્ચ હાસ્ય કર્યું અને કહ્યું: "તળાવમાંનું એક માંછલું જાળ કાપીને બહાર નિકળી જાય છે, અને એક આમતેમ વિચરતું જાળમાં સપડાય છે. કહો ત્યારે હવે કોનું ભાગ્ય સારૂં ?"

લક્ષ્મી: "જે જાળ કાપીને ચાલ્યું જાય છે તેનું."

શિવ: "ત્યારે પછી કમલિનીનું ભાગ્ય નઠારૂં શાથી ? તે પરાભક્તિને માર્ગે જાય છે, અને સત્યવતી કર્મને માર્ગે ચઢી છે. કેળવણી સારી છે. ધારૂં છું કે સત્યવતી એ માર્ગે સારી પેઠે ગમન કરશે."

લક્ષ્મી: "કર્મ માર્ગ સારો કે ભક્તિમાર્ગ ?"

શિવ: "ભક્તિ એ સાધન-માર્ગનો એક ઉપાય છે."

લક્ષ્મી: "કેમ ?"

શિવ: "ભક્તિ વિના લય-મોક્ષ-પામવાનો અન્ય ઉપાય નથી. ભક્તિ

વિના પોતાને ભૂલી જઈ ભગવાનનું સ્મરણ કરવાનો અન્ય માર્ગ નથી. પરાભક્તિ ઉત્પન્ન થયા વિના ભગવાનમાં લય પમાય શી રીતે ?"

લક્ષ્મીઃ "એમાં બરાબર સમજી શકાયું નહિ. મ્હેં તમારી લખેલી ગીતાનો સારી પેઠે અભ્યાસ કર્યો છે. તેનાથી સમજી શક્યો છું કે, કર્મ હો, જ્ઞાન હો કે ભક્તિ હો, ગમે તે એક માર્ગે વળવાથી મુક્તિ પ્રાપ્ત થાય છે."

શિવઃ "ગીતાજીના અર્થ, તમારા હૃદયમાં હજી પણ સારી પેઠે ઠસ્યા નથી. પુનઃ પુનઃ વાંચજો."

લક્ષ્મીઃ "એમ કેમ ? ગીતાજીમાં લખ્યું છે કેઃ કર્મ વડેજ માનવ મુક્તિ પ્રાપ્ત કરી શકે છે. જનક આદિ પુરૂષોએ કેવળ કર્મે કરીનેજ મુક્તિ પ્રાપ્ત કરી હતી"

શિવઃ "ના, જનક આદિ જનોએ કર્મ દ્વારા મુક્તિ પ્રાપ્ત કરી છે એવું લખ્યુંજ નથી. તેમણે સમ્પૂર્ણ સંસિદ્ધિ પ્રાપ્ત કરી હતી*. સંસિદ્ધિ એટલે બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું."

લક્ષ્મીઃ "ત્યારે પછી બાકીયે શું રહ્યું ?"

શિવઃ "જ્ઞાન થયું એટલે લય થયો—મુક્તિ મળી એમ નથી. સત્યવતી છે એવું દ્રઢ જ્ઞાન થવાથી સત્યવતીમાં તમારો લય થયો કહેવાશે નહિ. જ્યારે એનામાં અતિશય પ્રેમ ઉત્પન્ન થાય ત્યારેજ તમારૂં ચિત્ત અને સત્યવતીનું ચિત્ત એક થયું છે એમ કહેવાશે."

લક્ષ્મીઃ "ત્યારે શું જ્ઞાન થવાથી મુક્તિ થતી નથી ?"

શિવઃ "ના. કર્મ, જ્ઞાન આદિના સાધન વડે ભક્તિ ઉત્પન્ન થાય છે. અને ભક્તિ એજ મુક્તિ અપાવી શકે છે."

લક્ષ્મીઃ "યોગ આદિના સાધન વડે પણ ત્યારે તો મુક્તિ પ્રાપ્ત થાય નહિ ખરૂં ?"

શિવઃ "મુક્તિની ઇચ્છાવાળાએ તે સાધના કરવી જોઇએ. ના કરે તો આત્મદર્શન થાય શી રીતે ? મન એ સદા ચંચળ છે. તેને દ્રઢ ભાવે ભગવાનમાં અર્પણ કરી શકાતું નથી તેથીજ યોગ સાધન દ્વારા પ્રાણની

---

* कर्म्मणैव हि संसिद्धि मास्थिता जनकादयः । गीता.

વૃત્તિયોને પોતાના વશમાં લેવી જોઇએ. વૃત્તિયોને પ્રાણમાં વાળવાથી આત્મ-દર્શન થાય છે. અને આત્માનું દર્શન કરીએ ત્યારેજ પરાભક્તિનો ઉદય થાય છે."

લક્ષ્મીઃ "કમલિનીએ કેમ તેવું કશું કર્યું નથી?"

શિવઃ "કમલિની પ્રતિ દિવસ શું કરતી હતી તેની તમને શી ખબર છે? તેને જ્યારથી થોડું જ્ઞાન થયું ત્યારથીજ તેણે સંસારની દ્રષ્ય વસ્તુઓ ઉપરથી મોહ ઓછો કરી નાખ્યો છે. તેણે તેની ચિત્તવૃત્તિને પ્રાણમાં સમર્પણ કરી દીધી છે. તેને કોઈ ભોગ ભોગવવાની ઇચ્છાજ થઇ નથી. તેને માત્ર ભગવાનનાં દર્શન થાય એ ઇચ્છા હતી. ભગવાને તેના હૃદયમાં જગત્-વિરાટ-રૂપે દર્શન દીધાં છે. તેને આત્મદર્શન થયું છે. હવે તેના પ્રાણ માર્ગ શોધે છે."

લક્ષ્મીઃ "અમે તો તેને કોઈ દિવસ યોગ સાધન કરતાં જોઇ નથી. ઓરડી બંધ કરીને, નેત્રો મીંચીને માત્ર બેસી રહેતી હતી. ગીતા વાંચતી હતી. એમાં કયું સાધન, ભજન, અને યોગ થયો?"

શિવઃ "એમાંજ બધો યોગ છે. નેત્રો મીંચી, ચિત્તવૃત્તિને હૃદય પ્રદેશમાં લઇ જઇ નાભી પ્રદેશમાં લય કરવી એજ યોગ છે. મન પવિત્ર રાખવું અને તેને વિવિધ પ્રકારના વિષયો તરફથી ખેંચી લઈ ભગવાન તરફ લઈ જવું એજ મ્હોટામાં મ્હોટું સાધન ભજન છે. શાંત ચિત્તે ઇશ્વરોપાસના કરવી, એ કાંઇ જેવો તેવો યોગ છે? વળી એ કાંઈ એક જન્મનું કર્મ નથી. એ અનેક જન્મથી સાધના કરતી આવી છે. આ જન્મે તે પરિપકવ થઇ છે."

લક્ષ્મીઃ "તમે શી રીતે જાણ્યું કે કમલિની તે સાધનામાં પરિપકવ થઇ છે અને લય-મુક્તિ-પામવાને માર્ગે વળી છે."

શિવઃ "તમે ગીતા વાંચી છે. યાદ કરી જૂવો. ભગવાને શ્રીમુખે કહ્યું છે કેઃ "જે બ્રહ્મજ્ઞ છે, જેનું ચિત્ત સદા પ્રસન્ન રહે છે; જે કશાથી પણ શોક કરતો નથી, જેને કોઇ વસ્તુની આકાંક્ષા રહેતી નથી, સર્વભૂત માત્રમાં જેની સમાનદ્રષ્ટિ રહે છે, તેજ મનુષ્યને પરાભક્તિનો લાભ થાય છે. એ ભગવદ્ વાક્ય સાથે મેળવી જૂવો કે કમલિનીમાં એ બધાં લક્ષણો છે કે

નાહ ? હવે તેનામાં કાંઇ બાકી છે કે નહિ ? એ માર્ગ પસાર કરશે એટલે પરાભક્તિ અથવા શ્રી ભગવાનનો પ્રેમ પ્રાપ્ત કરશે. જીવની એ અવસ્થાને રસાનંદ અથવા જીવન્મુક્ત અવસ્થા કહે છે."

લક્ષ્મીઃ "ત્યારે તો સત્યવતી હજી ઘણી પાછળ છે ?"

શિવઃ "કર્મ કરો. તમે બન્ને મળ્યાં છો. એક મન અને એક પ્રાણ વડે દામ્પત્ય ધર્મની સાધના કરો. નિષ્કામ ભાવે કાર્ય કરો. કર્મમાંથી જ્ઞાન, અને જ્ઞાનમાંથી ભક્તિ જન્મશે. જગત્ કર્મક્ષેત્ર છે. પ્રત્યેક જીવોને કર્મનાં સ્થુળ સૂક્ષ્મ ફળ મળે છે. એક શિખામણ માનજો."

લક્ષ્મીઃ "આજ્ઞા કરો."

શિવઃ "ગૃહસ્થોએ પણ યોગનું સાધન કરવું જોઇએ. યોગસાધના કર્યા વગર ચિત્તવૃત્તિનો નિરોધ થઇ શકતો નથી, અને તેમ થવાથી પૂર્ણ જ્ઞાન થતું નથી. ઘણા એવું ધારે છે કેઃ "અમે ગૃહસ્થાશ્રમી છીએ. અમારાથી યોગ સાધના શી રીતે થાય ?" પણ એ ધારણા મનમાંથી કાઢી નાંખજો. યોગસાધના તો ગૃહસ્થાશ્રમી—ગૃહસ્થોએ પણ કરવી જોઇએ. ગૃહસ્થ એ કાંઇ ચિરકાલ પર્યંત ગૃહસ્થ રહેવાનો નથી. ગૃહસ્થને પણ એક દિવસ ઉદાસિન થવું પડશે. જ્યાં ૪૦ વર્ષ થયાં કે પછીથી ઇન્દ્રિયો શિથિલ થવા માંડશે. જગત ઉપરથી મોહ માયા ઓછી થતી જશે. સંસારનાં કર્મોમાં ચિત્ત ચોંટશે નહિ. ગૃહસ્થાશ્રમનાં સર્વ કામ ઉપર અપ્રીતિ ઉત્પન્ન થશે, અને તે ઉત્તરાવસ્થામાં એવુંજ થશે કેઃ "હવે તો ભગવાનનાં દર્શન થાય તો સારૂં કે જેથી જગતમાંથી છુટીએ." પણ ભાઇ ! ગૃહસ્થાશ્રમી જીવો, એટલા બધા અધમ થઇ ગયા છે કે જે સમયે સમજવું જોઇએ તે સમયે—તે વયે જુવાનીમાં—સમજતા નથી. તે સમયે મનને ઉન્મત્ત બનાવી શારીરિક અને માનસિક નિર્બળતા પ્રાપ્ત કરી લે છે, અને પછી વૃદ્ધાવસ્થામાં પશ્ચાત્તાપ કરે છે ! જુવાનીમાં યોગીજનોની પેઠે બ્રહ્મચર્ય પાળવું જોઇએ, અનેક પ્રકારનાં વિષય સુખ ભોગવવાની વૃત્તિને રોકવી જોઇએ અને હદમાં રહીને ગૃહસ્થાશ્રમ ધર્મ પાળવો જોઇએ. નિત્ય નિયમિત રીતે સ્નાન, સન્ધ્યા, ધ્યાન, જપ, તપ, ઉપાસના અને ઇશ્વરનું સ્મરણ કરવું જોઇએ. નિત્ય અતિથિ સત્કાર, દયા, પરોપકાર

આદિ મનને પવિત્ર કરે એવાં કર્મો કરવાં જોઇએ. કુટુંબમાં એક પુરૂષ એવો કર્મનિષ્ઠ હોય છે તો તેનું સમસ્ત કુટુંબ ધાર્મિક—કર્મનિષ્ઠ થાય છે, પણ જો કુટુંબમાં એકાદ નાસ્તિક ઉત્પન્ન થયો તો પછી બધાંજ નાસ્તિક, બધાંજ ધર્મ કર્મભ્રષ્ટ! તમને મ્હારી એજ ભલામણ છે કે તમારા અને તમારી ભવિષ્યની સન્તતિના કલ્યાણને માટે ગૃહસ્થાશ્રમને ઉચિત એવી યોગસાધના* કરવી. યોગસાધન નહિ કરો તો માયાનું બંધન કાપી શકાશે નહિ. માયાનું બંધન કપાયા વગર જીવ મુક્ત થતો નથી. મનુષ્ય ક્ષણે ક્ષણે જે કર્મો કરે છે તેની મન ઉપર છાપ પડે છે અને પછી તે કર્મનાં ફળ તેને ભોગવવાં પડે છે. યોગસાધના દ્વારા મન ઉપર સત્કર્મની છાપ પડે છે, તેથી સારાં ફળ ભોગવવાં પડે છે! તમારૂં મન પવિત્ર હશે તો તમારી ગૃહિણીનું મન પણ પવિત્ર થશે, અને તમારી સંતતિનું મન પણ પવિત્ર થશે, અને તેને પરિણામે સર્વ જીવો જીવન્મુક્ત જેવા—સુખી—થઇ જશે. પછી તેમને વારંવાર જન્મ મરણનું દુઃખ ભોગવવું પડશે નહિ. તમે પ્રતિદિન થોડી થોડી યોગસાધના કરતા રહો. સત્યવતીને પણ થોડું શિખવતા રહો. તેમાંજ તમારૂં અને તમારા વંશજોનું કલ્યાણ છે, એજ પરાભક્તિ પ્રાપ્ત કરાવશે. એજ મોક્ષનો માર્ગ છે."

સપ્તદશ પરિચ્છેદ

રૂપ અને રસ.

પ્રાતઃકાળ થતાંજ શિવપ્રસાદ, સત્યવતી અને લક્ષ્મીપ્રસાદની આજ્ઞા લઈ સ્ટેશન ઉપર જવા નિકળ્યા.

આજે એકાદશીનો પુણ્યમય દિવસ હતો. હજુ પણ પૂર્વમાં પ્રકાશ અને અંધકારનું દ્વંદ્વ યુદ્ધ ચાલતું હતું. જગત્ જાણે ધીમે ધીમે નવીન જીવન પ્રાપ્ત કરી જાગ્રત થતું હતું. ઝાંખા ભૂરા રંગનાં આકાશની વચમાં રાખોડી

* ગૃહસ્થાશ્રમીઓને માટે "યોગ શિક્ષા" નામનો એક અતિ ઉત્તમ ગ્રન્થ અમારા તરફથી તૈયાર થાય છે. ડા. રા. મ્હેતા.

રંગની નદી વહેતી હોય તેવો દેખાવ થઈ રહ્યો હતો. હજુ પણ દેવમંદિર આગળ ટકોરખાનાં અને સરણાઇના મધુર નાદ સંભળાતા હતા.

એક મનુષ્ય ઉતાવળે પગલે રસ્તામાં થઇને ચાલ્યો જતો હતો. શિવપ્રસાદે હેના સ્હામું જોયું પરંતુ તે તેને ઓળખી શકયો નહિ. તે પણ શિવપ્રસાદને ઓળખી શકયો નહિ. તેણે પૂછ્યું. "તમે કોણ છો ભાઇ ?"

શિવપ્રસાદે નમ્રતાપૂર્વક ઉત્તર દીધો. "મ્હારો પરિચય આપીશ પણ તમે મ્હને ઓળખી શકશો નહિ. હું આ શહેરનો રહેવાસી નથી. મુંબઇથી જ્ઞાનાનંદજીને ઘેર આવ્યો હતો. પુનઃ મુંબઇ જવા માટે સ્ટેશન ઉપર જાઉં છું. મ્હારૂં નામ શિવપ્રસાદ શર્મા."

પૂછનાર મનુષ્ય તે શુકલ કેશવરામ હતા. આજે એકાદશી હોવાથી પ્રાતઃ સમયે દશાશ્વમેધ ઉપર નર્મદા સ્નાન કરવા જતા હતા. સ્નાન કર્યા પછી કૃષ્ણશંકર પાઠકને ઘેર તેમને ચણ્ડી પાઠ કરવા જવાનું હતું. ત્યાં દરરોજ ચણ્ડીપાઠ થતો.

શિવપ્રસાદનું નામ સાંભળી શુકલજીએ કહ્યુઃ "જરાક ઉભા રહો ભાઇ. તમારી સાથે કંઇક વાતચિત કરવી છે."

શિવપ્રસાદે ગજવામાંથી ઘડીઆળ કાઢી જોયું તો જણાયું કે હજુ પણ ટ્રેનને સમય છે. ઘડીઆળ ગજવામાં મૂકતાં કહ્યુંઃ "તમે મ્હને ઓળખો છો? ઓળખીતાની પેઠે વાતચિત કરો છો તેથી પૂછુંછું. ક્ષમા કરજો."

શુકલજીઃ "ના, ના. હું તમને ઓળખતો નથી, પણ નામ સાંભળ્યું છે. તમે જ્ઞાની પુરૂષ છો એવું મ્હારા જાણવામાં આવ્યું છે."

શિવઃ "મ્હારૂં નામ ક્યાંથી જાણ્યું ?"

શુકલજીઃ "મ્હારૂં નામ કેશવરામ શુકલ. શહેરના ઘણા બ્રાહ્મણો, ક્ષત્રિયો મ્હારા યજમાન છે. હુંજ હિંદુઓનો આધ્યાત્મિક વૈદ્ય છું, પરંતુ મ્હારા આત્માને દારૂણ વ્યાધિ થયો છે! એ વ્યાધિનો વૈદ્ય નથી. અનેક મનુષ્યોને મુખેથી સાંભળ્યું છે કે તમે આત્મિક વ્યાધિના વૈદ્ય છો. એક પ્રશ્નનો ઉત્તર દેતા જાઓ."

શિવઃ "ક્ષમા કરો મહારાજ. હું તો આ જગતનાં સર્વ પ્રાણી માત્રથી

ક્ષુદ્ર છું. અલ્પજ્ઞ છું. તમે કહો છો તેવું મ્હારામાં કશું જ્ઞાન નથી. તમે શાસ્ત્રજ્ઞ પુરોહિત છો. બ્રહ્મદેવ છો. પૂજ્ય છો. તમને નમસ્કાર હો. જે પૂછવું હોય તે સુખેથી પૂછો. રસ્તામાં ઉભા રહીને વાત કરવાની છે. આપણુને બન્નેને સમય થોડો છે."

શુક્લજી: "વાત તો એવી કંઇએ નથી. પરંતુ શું કરવાથી મનુષ્યના પ્રાણુનો હાહાકાર નિવૃત્તિ પામે? શું કરવાથી મનુષ્યના ચિત્તને સખ્ત રીતે વિંટલાઇ વળેલી ક્ષુધાની શાંતિ થાય, તેજ કહેતા જાઓ પંડિતજી. માન, ધન, યશ, કીર્તિ, જેમ જેમ વિશેષ પ્રાપ્ત થાય છે, તેમ તેમ આશા વધે છે, દુઃખ વધે છે; જેટલું મળ્યું છે તેટલી જવાળા વધી છે. ન્હાની ઓરડી હતી તે વખતે તેની ભાંગેલી સ્થિતિ જોઇને અતિશય દુઃખ થતું હતું, ત્યાર પછી એ માળનું ઘર થતાં તેની ભાંગેલી સ્થિતિ જોઇને ચારગણું દુઃખ ઉત્પન્ન થાય છે. ધન, માન, જન, કીર્તિ, સર્વનું એજ પ્રમાણે. જેમ જેમ પ્રાપ્ત થાય તેમ તેમ દુઃખ વધે છે; ના પ્રાપ્ત થાય તોપણ હૃદયમાં બળતું બળે. એ બધી જવાળાઓ નિવૃત્તિ પામે એવો ઉપાય શો? તેજ ઉપદેશ દેતા જાઓ."

શિવ: "તમે શાસ્ત્રજ્ઞ છો. તમે જ્ઞાની છો. એ સંબંધી હું તમને શું કહી શકું? તમે ઘણાં શાસ્ત્રોનું અધ્યયન કર્યું છે."

શુક્લજી: "હા, હા, શાસ્ત્રમાં ઘણું વાંચ્યું છે, પરંતુ હવે સમજાય છે કે: માત્ર શાસ્ત્ર વાંચવાથી જ્ઞાન થતું નથી. જ્ઞાન તો માતાજીની કરૂણાથીજ થાય છે. આટલાં વર્ષ થયાં ચણ્ડીપાઠ કરૂં છું પણ કશું સમજી શક્યો નહિ. હમણાં દશ દિવસ થયાં માત્ર ફળાહાર કરીને કૃષ્ણુશંકર પાઠકને ઘેર માતાજીનાં ચરણ આગળ બેસી રોજના નવ નવ ચણ્ડીપાઠ કરતાં કરતાં જે કાંઇ સમજ્યો છું તેવું સમસ્ત જીવનમાં સમજ્યો નથી, તેવું સમસ્ત જીવનના અધ્યયનમાં સમજ્યો નથી, તેવું વ્યાખ્યાઓથી પણ સમજ્યો નથી, તેવું ગુરૂ ઉપદેશથી પણ સમજ્યો નથી."

શિવ: "એ થોડા દિવસના પાઠથી શું સમજ્યા?"

શુક્લજી: "જે સમજ્યો તે તમે સાંભળશો? આપણી માતા એ મહામાયા છે. આપણે તેનીજ માયા જાળમાં સપડાઇ આ કર્મભૂમિમાં આવ જા

કરીએ છીએ, અહંકારથી ફુલી જઇને જગતમાં વિચરીએ છીએ, પરંતુ આ કર્મભૂમિમાં મૃત્યુ એજ છેવટનું પરિણામ, તેથીજ મધુકૈટભ, મહિષાસુર, ચણ્ડ મુણ્ડ, રક્તબીજ, શુમ્ભ નિશુમ્ભ મરણ પામ્યા છે. પરિણામે મરણ હોવાથીજ એક લોકથી અન્ય લોકમાં વાસનાથી ઘેરાયલો લોભી ક્ષોભી આત્મા, અવિશ્રાંતપણે દોડાદોડી—આવાગમન કરી રહ્યો છે. તેને ભોગવવાની આશા, એજ મરણનું મોહક બંધન છે. જગતનાં સર્વ રૂપોમાં તેનુંજ રૂપ વ્યાપી રહ્યું છે. તેનોજ પ્રેમરસ વ્યાપી રહ્યો છે. આપણે પ્રેમરસને સમજી શકતા નથી, માત્ર રૂપમાં મદમસ્ત થઇએ છીએ. માતાને કામિની રૂપે પ્રાપ્ત કરવાની કામના કરીએ છીએ, તેથીજ મરીએ છીએ, તેથીજ મદમસ્ત થઇએ છીએ, તેથીજ જન્મોજન્મ ફેરા ખાઇએ છીએ."

શિવપ્રસાદ સ્થિર નેત્રે શુકલજીનાં મુખ સ્હામું જોઈ તેમની વાત સાંભળતા હતા. તેમનું બોલવું સમાપ્ત થતાં બોલ્યાઃ "હા, તેથીજ. પરંતુ વિચલિત થવાથી કશું વળશે નહિ. હજી પણ સમજવાનો યત્ન કરો. પૂર્ણ જ્ઞાન નહિ થાય ત્યાં સુધી પૂર્ણ ભક્તિનો ઉદય થશે નહિ."

શુકલજીઃ "શી રીતે સમજી શકું? શી રીતે સંપૂર્ણ જ્ઞાન થાય? કોણ ઉપદેશ આપે?"

શિવઃ "ઉપદેશ લેવાની જરૂરજ નથી. આકાંક્ષા જાગ્રત થતાં, હૃદય મંદિરમાંથી એની મેળે ઉત્તર મળશે. તમારા હૃદયમાં જે તત્વ ઉત્પન્ન થયું છે તે તમને કોઇએ શિખવ્યું નથી."

શુકલજીઃ "મ્હને એક જણે શિખવ્યું છે."

શિવઃ "કોણે?"

શુકલજીઃ "મ્હારી માતાએ."

શિવઃ "સમજી શક્યો નહિ."

શુકલજીઃ "જ્ઞાનાનંદજીની મ્હોટી કન્યા કમલિનીને તમે ઓળખતાજ હશો."

શિવઃ "હા, ઓળખું છું."

શુકલજીઃ "એજ કમલિની મ્હારી માતા છે."

શિવ: "તમે તો તેને પરણવા માટે બળાત્કારે ઉંચકી લઈ ગયા હતા ને ?"

શુકલજી: "હા, તેજ હું શુભ યોગ જાણું છું. કોઈ સારા ચોઘડીઆમાંજ મ્હને તેમનાં દર્શન થયાં છે. કમલિનીનું અપૂર્વ રૂપ જોઇનેજ હું મોહ પામ્યો હતો. હું તે રૂપ ભૂલી શકયો નહિ, તેથીજ પ્રપંચજાળ ફેલાવી તેની સાથે લગ્ન કરવા બેઠો હતો, પરંતુ લગ્ન થયાં નહિ. આબરૂ ગઈ, માથું ફૂટયું, લોહીનો પ્રવાહ વહ્યો, હાડકાં ભાંગ્યાં, ઇસ્પીતાલમાં પડયો, ત્યારે ત્યાં સ્વપ્નમાં કમાલની મ્હારે ઓસિકે મ્હારી માતા થઇને બેઠી અને મ્હારે શરીરે તેનો પવિત્ર હાથ ફેરવી આશિર્વાદ દઈ મ્હને સાજો કર્યો. તે સમયે મ્હેં એને "માતા" કહીને બોલાવી. હમણાં હું સમજી શકયો છું કે એ રૂપ ભોગ કરવા માટે નથી, એ તો બંધ બાંધવાની સોનાની સાંકળ છે. જેટલા દિવસ ભોગ કરવાની ઇચ્છાથી એના પ્રત્યે વિષય દ્રષ્ટિથી મ્હેં જોયું તેટલા દિવસ અતિશય દુઃખ ભોગવ્યું, અને પ્રતિક્ષણે કામજવાળાથી બળ્યો બળ્યો થયો હતો ! પરંતુ મ્હેં એ દેવીને જ્યારથી માતા કહીને બોલાવી છે, ત્યારથી મ્હારા જીવને અતિ આનંદ થાય છે. ત્યારથી શરીરની નસેનસમાં આનંદનો રક્તપ્રવાહ વહે છે. કોકિલ બોલતાં, વાયુ વહેતાં, ચંદ્ર હસતાં અને વૃક્ષ પલ્લવ હાલતાં, હું તેમાં તેજ માતાની મૂર્તિનાં દર્શન કરૂં છું. તે સમયે મનમાં એવું થાય છે કેઃ એ માતાની પાછળ—માતાના હૃદયમાં—પિતૃશક્તિ વિધમાનજ છે. કદાચ એ બધી મ્હારી ગાંડાના જેવી કલ્પનાયે હોય, કદાચ એ બધી મ્હારી અજ્ઞાની જેવી ધારણાયે હોય. કદાચ એ બધી મ્હારી ભ્રાંતિજનક—મૃગજળવત્ આશાયે હોય; પરંતુ તમને પૂછું છું કેઃ એમાં બિંદુમાત્ર પણ સત્ય છે ખરૂં ?"

શિવપ્રસાદઃ "ના, ના, મહારાજ. તમારી એ ધારણા કંઇ મિથ્યા કલ્પનાની સૃષ્ટિ નથી. આ દ્રસ્યમાન જગત છે તે ભગવાનનું રૂપ છે. તમે, હું, આ અને તે, ફળ, ફુલ, સરોવર, નદી, પશુ, પક્ષી, આદિ જેટલાં રૂપ આપણે જોઇ શકીએ છીએ તે સર્વ તે ભગવાનનુંજ રૂપ છે, એ તેનીજ વિકાસાવસ્થા છે, કારણ કે સર્વ એમાંથી ઉત્પન્ન થયાં છે, અને તેના આંતર-

માંજ આનંદ-રસ રહ્યો છે. રસ એ પિતૃ-શક્તિ અને રૂપ એ માતૃ-શક્તિ છે. રૂપને જ્યારે આપણે ભોગ્યરૂપે જોઇએ ત્યારે તે કામિની-પત્ની. કામિની-પત્ની રૂપે થઈ આપણને મોહ-માયામાં બાંધી રાખે છે. આપણી માતૃશક્તિ, આત્મ-વિસ્મૃત જીવને જેટલા પ્રકારના ભોગ છે તેટલા સર્વ ભોગ ધીમે ધીમે ભોગવાવે છે, જેટલા પ્રકારના વિષય-વિકાર છે તે સર્વ બતાવે છે. જનનીને રમણી-પત્ની ધારીને આપણે તેને ભોગવવાની આશાથી જન્મોજન્મ જન્મ મરણ પામીએ છીએ-મર્ત્યલોકમાં વારંવાર ભટકી મરીએ છીએ, પરંતુ તેમાં રસનો ઉપભોગ કરવા છતાં રસ ક્યાં છે તે જાણી શકતા નથી. જ્યારે ભોગની ઇચ્છા વિસર્જન કરીએ, જ્યારે સમજી શકીએ કે રૂપમયી મહા-માયા એમ સહજે પ્રાપ્ત થઈ શકે એમ નથી, તે તો વસંતની ચાંદની જેવી અતિ સૂક્ષ્મ છે, અતિ સબળ છે, કેટલાએ જન્મ પર્યંત તેની પાછળ પાછળ ફરીએ છીએ છતાં તેને પ્રાપ્ત કરવાની આપણામાં શક્તિ નથી, માત્ર મદ-મસ્ત થઈ કામવાસનાના ઉંડા કુવામાં પડ્યા છીએ. જ્યારે આવું જ્ઞાન થાય અને હૃદયના અંધકારમાં એવો જ્ઞાન-પ્રકાશ થાય ત્યારેજ રમણીને જનની જેવી-દેવી જેવી-જાણી શકાશે. ત્યારેજ રૂપનો લય થઈ રસ થશે. ત્યારેજ તેને સમસ્ત પદાર્થો વિદ્યુતની પેઠે પ્રકાશવાન જણાશે. ત્યારેજ સર્વ પદાર્થો તે જ્યોતિમાં જ્યોતિ સ્વરૂપ જણાશે. તમે શાસ્ત્રજ્ઞ છો. તમે તો જાણો છો કે સર્વ ગુણ જ્યારે પુરૂષોના કોઈ ઉપયોગમાં નથી આવતા ત્યારે તે વિપરીત રીતે લય પ્રાપ્ત થાય છે. અર્થાત્ ઇન્દ્રિયો બાહ્ય પદાર્થ પ્રત્યે પોતપોતાના ધર્મ બજાવે નહિ ત્યારે તે પાછા આંતરમાં સમાઈ જાય છે. જેમ સમુદ્રની લહેરો પાછી સમુદ્રમાં સમાય છે તેમ તે આંતરમાં લય પામે છે-એનેજ કૈવલ્ય અથવા ચિતશક્તિના સ્વરૂપની પ્રતિષ્ઠા કહી શકાય છે.* જે કામિની પુરૂષને રૂપે માયામાં બાંધી રાખતી હતી તેને માતૃ રૂપે ઓળખી શકવાથી તે કરૂણામયી જનની, જે માર્ગે આવી હતી તે માર્ગે પાછી ફરે છે. પાછી જઇને, આ જીવનના માર્ગનાં ચિહ્ન વગરની સર-

* पुरुषार्थ शून्यानां गुणानां प्रतिप्रसवः कैवल्यं स्वरूप प्रतिष्ठा वा चिति शक्तेरिति। पातंजल दर्शन.

ભૂમિમાં માર્ગ ભૂલેલા જીવને તેજ ખરો માર્ગ બતાવે છે, ત્યારેજ માતૃ–કરૂણાનું બળ પ્રાપ્ત કરી, સુખ દુઃખના મધ્યમાં થઇને, સારા નરસાના મધ્યમાં થઇને, અનન્ત નદી સ્વરૂપ જીવાત્માઓ, સિદ્ધિ અને આત્મ–સાક્ષાત્કારરૂપી સમુદ્રની દિશા તરફ વળે છે. તમે ચણ્ડીપાઠની વાત કહો છો, પણ ચણ્ડીપાઠમાંજ એ આધ્યાત્મિક રહસ્ય સુન્દર રીતે વર્ણવવામાં આવ્યું છે. દેવતાઓએ આદ્ય-શક્તિ મહામાયાની માતૃ રૂપે સ્તુતિ કરી કરીનેજ અમરત્વ પ્રાપ્ત કર્યું છે અને અસુરો, તેને પત્ની રૂપે–ભાર્યા રૂપે પ્રાપ્ત કરવાનો યત્ન કરવા જતાં વારંવાર નાશ પામ્યા છે, તે તમે વાંચ્યું છે કે નહિ?"

શુકલજી: "હા, પંડિતજી. બધું વાંચ્યું છે. અત્યારસુધી જ્ઞાન નહોતું. અત્યારસુધી આસુરી બુદ્ધિ–વૃત્તિ રહી હતી તેથીજ વારંવાર પછડાયો! બહુ ઠોકરો ખાધી! મનુષ્ય કામના–વાસનાના બંધ કાપી, ભોગાસક્તિના પરિત્યાગ કરી, શી રીતે એવા દૈવી વિચારો ગ્રહણ કરી શકે? મ્હને તેજ કહો. મ્હારો ક્ષુધા–તૃષાતુર આત્મા, રાત દિવસ તેજ શોધે છે."

શિવપ્રસાદ: "સખ્ત તાપ પડે છે ત્યારે પવનનું સેવન કરવાની ઇચ્છા થતાં, કોઇ સ્થળેથી પવન લાવી શકાતો નથી. માત્ર વાયુની રોકાયલી ગતિને ચલિત કરી આપવી પડે છે. ઘરનાં બારી બારણાં બંધ હોય તો જે બારણાંમાંથી પવન આવી શકે તેમ હોય તે બારીનું બારણું ઉઘાડી નાંખવું જોઇએ. એજ પ્રમાણે સર્વ મનુષ્યોમાં ઉન્નતિ અને અવનતિ પ્રાપ્ત કરવાની શક્તિ હોય છે. પૂર્ણ વિકાશ પામવો એજ પ્રત્યેક મનુષ્યને માટે નિર્માણ થયેલું છે અને પ્રત્યેક મનુષ્યનો એજ ધર્મ છે. માત્ર તે શક્તિ રોકાઇ રહેલી હોય છે તેને જ્ઞાનદ્વારા ચલિત કરવાથી ખરો માર્ગ જાણી શકાય છે. એ પ્રમાણે કરવાથીજ જીવા-ત્માની સ્વાભાવિક પૂર્ણતા પોતાના મહિમાવડે પ્રકાશિત થઇ જાય છે, ત્યારેજ મનુષ્ય, પોતાના આંતરમાં પૂર્વેથીજ રહેલી શક્તિને પ્રાપ્ત કરી શકે છે. એ પ્રતિબંધને દૂર કરવાથી અને જે રૂપમયી પ્રકૃતિને આપણે ભોગવવા લાયક જાણીને વિપરીત ગતિમાં લાવવાનો યત્ન કરીએ છીએ તેને–તે સ્ત્રી રૂપિણી મહામાયાને–જનની સ્વરૂપ જાણી તેની અપાર, અલૌકિક, સ્વાભાવિક ગતિની દિશા ફેરવવાથી જે મનુષ્ય મહાપાપી હશે તે પણ મહાન સાધુ સ્વરૂપે બદલાઇ જશે. લૂંટારાનો સરદાર એજ રીતે વાલ્મિકી ઋષિ થયો છે. હલકાં

કામ કરનાર ઘણા મનુષ્યો એ પ્રમાણે વર્તવાથીજ મ્હોટા મ્હોટા તપસ્વી-મહાત્માઓ થઈ ગયા છે."

શુકલજી કાંઇ બોલવા જતા હતા એટલામાં શિવપ્રસાદે ઘડીઆળમાં જોઈ કહ્યું: "નમસ્કાર શુકલજી મહારાજ. હવે વિલમ્બ કરવાથી ગાડી ઉપડી જાય એમ છે. આજે તો રજા લઉં છું."

શુકલજીએ સ્હામા નમસ્કાર કરી કહ્યું: "બહુ સારૂં ભાઇ."

શિવપ્રસાદ ચાલ્યા ગયા. શુકલજી ઉંડા વિચારો કરતા, નીચી નજરે નદીને કિનારે પહોંચ્યા. પ્રાતઃસમયે નર્મદાના સ્વચ્છ શીતળ જળ મંદ લહરો લઈ રહ્યાં હતાં. પૂર્વ પશ્ચિમમાંથી વાયુના મંદ તરંગ, સ્નાન કરવા આવનારના શરીરને શીતળ કરી દેતાં હતાં. નદીનાં જળ અને સ્હામા કિનારા ઉપર, સર્વત્ર ગાઢ ધુમ્મસ છવાઈ રહેલું હોવાથી, સર્વ એકાકાર થઇ રહ્યું હતું. તે એકાકારની સીમા નહોતી. એ દેખાવ જોઇ શુકલજીના મનમાં થતું હતું કે: "આ પ્રમાણેજ જીવન અને તેને પેલે પાર-આલોક અને પરલોક વચ્ચે-ગાઢ ધુમ્મસ છવાઇ રહ્યું છે. તે દેશના-પરલોકના-સમાચાર, શું કોઇ પક્ષીને મુખેથી પણ સાંભળી શકાશે નહિ? શું વાયુ પણ વહન કરી લાવશે નહિ?"

વિચાર કરતાં કરતાં શુકલજીએ સ્નાન કર્યું, પરંતુ પ્રાતઃ સન્ધ્યાનો મન્ત્ર પાઠ ભણવો ભૂલી ગયા, અને બોલવા લાગ્યાઃ "ઓ મા જગદમ્બા! ઓ મા નર્મદા ભવાની! ઓ મા મહાદેવી! મહાશક્તિ! મહાનારાયણી! હવે ઘરમાં કોઇ સંભાળનાર રહ્યું નથી હવે તો કેવળ ત્હારો ભરોસો છે મા! સારો નઠારો, ગમે તેવો પણ હું ત્હારો છું મા! ત્હારી દયા કૃપા વડેજ હું જીવું છું મા! માતા-પિતાનું મુખ અને સુખ દીઠું નથી મા! ન્હાનપણથીજ જગતની ઝુંસરીમાં જોડાઇ અનેક કષ્ટ વેઠું છું મા! છેવટે બૈરી પણ ચાલી ગઇ. હવે તો એક તુંજ જગત જનની, તુંજ વિશ્વવ્યાપિણી, તુંજ જગત ધારિણી, તુંજ તાપ કાપ સંહારિણી, વિશ્વમાતા તારે તોજ તરી શકાય એમ છે મા! મ્હને ત્હારોજ આસરો છે મા! તું નહિ તારે તો દીનદયાળીના નામે કલંક લાગશે મા! જય નર્મદાશંકરી! જય અમ્બિકે! શિવો.........મ્!" કહીને જળમાં ડુબકી મારી.

ચતુર્થ ખણ્ડ.

यावानर्थ उपादाने सर्वातः संप्लुतोदके।
तावान् सर्व्वेषु वेदेषु ब्राह्मणस्य विजानतः॥

પ્રથમ પરિચ્છેદ.

ઉદ્વેગ.*

કમલિની જે દિવસે પવિત્ર વૃન્દાવન ધામમાં પહોંચી તે દિવસે શરત્ પૂર્ણિમા હતી. કાશી, મથુરાં, આદિ તીર્થ સ્થળે ફરીને તે વૃન્દાવન ગઇ તેથી તેને માર્ગમાં કેટલાક દિવસ રોકાવું પડયું હતું.

વૃન્દાવન શ્રીકૃષ્ણ ભગવાનનું લીલા નિકેતન છે. પરાપ્રકૃતિના અલૌકિક સૌન્દર્ય વડે શોભાયમાન થઇ રહ્યું છે. પૂર્ણિમાની રજનીએ વિકસી રહેલી મનોહર રજત ચાંદની, વનભૂમિના અનંત લીલા શરીર ઉપર, તમાલ વૃક્ષની વાટિકાનાં લીલાં કુંજર જેવા પત્ર સમૂહ ઉપર અને યમુનાના ઝાંખાં વાદળી રંગના જળ ઉપર પડીને, કોઇ એક પુરાતન સ્મૃતિની ક્ષીણ રેખા જાગ્રત કરતી હતી. ધીર સમીર પુષ્પસૌગંધ વડે સુગંધિત થઇ, કોણ જાણે કોની ચરણ–રજને સ્પર્શ કરવા દિશા ભૂલી જઇને વહન થતો હતો. વૃક્ષો પર બેઠેલાં પક્ષીઓ મધુર સ્વરે હરિગુણ ગાતાં હતાં. વેગળે પ્રત્યેક વાટિકામાં હરિકીર્તન થતાં હતાં. ભગવદ્–પ્રેમઘેલી કમલિનીએ વિચાર્યું: "કદાચ આ સ્થળેજ

---

* उद्वेगो मनसः कल्पस्तत्र निःश्वासचापले।
स्तम्भ चिन्ताश्रुवैवर्ण्य स्वेदादय उदीरिता॥

મ્હારો કૃષ્ણપતિ હશે. કદાચ તેમનો સાક્ષાત્કાર સત્વર થશે, પરંતુ તેમને શોધવા પડશે. શ્યામ કુણ્ડ, રાધા કુણ્ડ, ગિરિ ગોવર્દ્ધન, યમુના તટ, બંસી વટ, નિકુંજ કાનનં, ગાયોનાં ટોળાં, ગૌશાળા, વગેરે સ્થાનોમાં તેમને શોધવા પડશે. મ્હારા પ્રિય પતિદેવ, મ્હારા આત્મબંધુ, મ્હારા પ્રાણેશ્વર, કદાચ મ્હારા આવવાના સમાચાર જાણી, અભિમાનવશ થઇ સંતાઇ પણ જાય! મ્હારા હૃદયનાથ બહુ અભિમાની છે. પ્રાણેશ્વર! હૃદય સખા! જગદ્દબંધુ! હું આવી છું. તમે ક્યાં છો નાથ? આ વિદેશ—વાટિકા તમારૂં નિત્ય ધામ છે. તેમાં એકવાર દર્શન દો.”

કોઇએ તેની પ્રાર્થનાનો ઉત્તર દીધો નહિ. માત્ર વાયુએ આવી બારીનાં બારણાં ડેલ્યાં અને ચાલ્યો ગયો. કમલિનીએ થોડાંક ફળનો આહાર કરી તે રાત્રિ વ્યતીત કરી.

આખી રાત ત્હેને બરાબર નિદ્રા આવી નહિ. જાણે તેનો જીવ કોઇને માટે ઉન્મત્ત થઇ રહ્યો હતો. “ઓ—આવ્યા, આ—આવ્યા, આ—દર્શન દીધાં—” મનમાં એવીજ કંઇક ગાંડી કલ્પના કરતી, એવોજ ઉત્સાહ રાખતી, પથારીમાં આળોટયા કરતી હતી. પ્રાતઃ સમય થતાં પહેલાં તેને સહજ નિદ્રા આવી. સ્વપ્નમાં તેણે જોયું કેઃ “શિવપ્રસાદ તેની પાસે બેઠા છે. તેમણે ભગવાં વસ્ત્ર ધારણ કર્યાં છે. ખભે ભગવી જનોઇ છે. હાથમાં દણ્ડ કમણ્ડલુ છે, મસ્તક મુંડાવેલું છે. તેમના શરીરના ગૌરવર્ણ ઉપર ઉજ્વળ જ્યોતિ રમતી હોય તેમ જણાય છે. શિવપ્રસાદ મધુર સ્વરે કહે છેઃ “હજુ બાકી છે. વિશ્વનાથની શોધ, વિશ્વને એક ખૂણે નથી. હું બ્રાહ્મણ છું. મ્હારી વાત સાંભળ. ભગવાનની મૂર્તિમાં અને તેના નામમાં કશો ભેદ નથી. બીજ અને વૃક્ષમાં ભેદ હોય છે ખરો? વૃક્ષ એ એજ અને બીજ એ પણ એજ. એ બન્નેમાં માત્ર રૂપાન્તર છે પણ ખરી રીતે જોતાં તો તે બન્ને એકજ છે. બીજ વિકાશ પામે છે ત્યારે વૃક્ષ થાય છે. તેમ તે ભગવાન વિકાશ પામે છે ત્યારે શરીર ધારણ કરે છે. જગત્ એ એવા વિકાસનુંજ પરિણામ છે. સુક્ષ્માવસ્થામાં નામ, સ્થૂલાવસ્થામાં શરીર—જગત. બીજમાંથી ઉત્પન્ન થયેલા વૃક્ષનું જેમ નામ બદલાતું નથી તેમ ભગવાનમાંથી ઉત્પન્ન થયેલા જગતનું

અન્ય નામ વિશુદ્ધ ભગવાનજ છે. તુ તેને શોધવા છતાં પ્રાપ્ત કરી શકતી નથી તેનું કારણ શું? આ—સાંભળ, પેલો આનન્દ ધ્વનિ, આ—સાંભળ પેલું હરિ-નામ. સાંભળ, ગુપ્ત બીજ પંચતત્વમાં ગવાય છે. પકડ, ત્હારો પ્રાણેશ્વર એ ધ્વનિમાંજ છે. એજ ધ્વનિ રૂપ વિશ્વવ્યાપક બીજમંત્રમાંથી વિશ્વના અણુ પરમાણુની મહત ઉત્પત્તિ થઇ છે. જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય પુનઃ તે ધ્વનિમાંજ થશે. પ્રેમનો પ્રબળ પ્રવાહ એજ ધ્વનિમાં વહે છે. હૃદય-માં એજ તત્વનો ગુપ્ત નિવાસ છે."

એટલામાં કમલિનીની નિદ્રા ભંગ થઇ, તે ઝટ ઉઠીને બેઠી થઇ. ગાંડીની પેઠે આસપાસ જોવા લાગી પણ ક્યાંય કોઇને દીઠું નહિ. ઘર જનશૂન્ય હતું. ઉષાનો પ્રકાશ, બારીનાં સહજ ઉઘાડાં બારણામાંથી ઘરમાં પ્રવેશ કરતો હતો. ખિલેલાં પુષ્પોની સૌગંધ લઇને પવન દેવે ઘર સુગંધિત કર્યું હતું. રાજમાર્ગે થઇને વૈષ્ણવો ખંજરી વગાડતા, ભૈરવી રાગણીમાં ભજન ગાતા ગાતા જતા હતાઃ—

"વૃન્દાવનમેં કુસુમ બગિચે,
ભ્રમરા હરિગુણ ગાઓ રે—વૃન્દા.
પાન કરો હરિ—રસ—મધુ પ્રેમે,
મુક્તિ કે મારગ જાઓ રે—વૃન્દા.
જ્યું જ્યું પાન કરોગે પ્યારે,
ત્યું ત્યું મસ્ત બનોગે રે—વૃન્દા.
રોમ રોમ શ્રી કૃષ્ણ પુકારે,
અમર ધામ પ્રતિ ધાવો રે—વૃન્દા.

કમલિનીના હૃદયમાં, આવા સંગિતથી વિશેષ તાન ચ્હડયું. તે તો ભક્તિ—મદિરા પીને મસ્તજ થઇ હતી. તેમાં આવા સંગિતથી વધારો થતો હતો. પ્રાતઃકાળ થયા પછી તે યમુના નદીમાં સ્નાન કરવા ગઈ. ત્યાં ઘણા લોકો સ્નાન કરતા હતા. કેટલા બધા સાધુ સન્યાસી, કેટલા બધા મહારાજ, વૈષ્ણવ, કેટલા બધા દીનહીન, કેટલા બધા ધનવાન્, કેટલી બધી સ્ત્રી, કેટલા બધા પુરૂષ. ઓહો! કોઇ સ્તુતિસ્તોત્ર ભણી રહ્યા છે. કોઈ હરિગુણ ગાન કરે છે.

કોઇ ગીતા વાંચે છે. કોઈ યુવક યુવતી નેત્રકટાક્ષબાણુ ફેંકી પરસ્પર એક બીજાને પ્રેમબંધનમાં બાંધવાનો યત્ન કરી રહ્યાં છે, પરંતુ કમલિની જેના ઉપર અપૂર્વ પ્રેમ રાખીને યમુનાપર ગઇ હતી તે પ્રેમીજન ક્યાં? તે બંસી બટતટપર કેલીકદમ્બ નીચે શ્રીકૃષ્ણ ભગવાન ક્યાં? ઝાકળ—બિંદુથી ભિંજાયલો અનિલ, સ્હામે પારથી જાણે રડતો રડતો બૂમ પાડી કહેવા લાગ્યોઃ "તે તો અહિં નથી!" એ સાંભળી કમલિની કિનારાપર બેસી પડી. તેની દાસી અને હરિકૃષ્ણ કાકા સાથે હતા. તેમણે કહ્યું: "આવ, સ્નાન કરીએ. બ્હેબાકળી જેવી જોયાં શું કરે છે?"

કમલિનીને સ્નાન કરવાની ઇચ્છા થતી નહોતી, તેમ છતાં સ્નાન કરવા ઉતરી. તેના મનમાં થવા લાગ્યું કેઃ "આ જળમાં એક સમયે મ્હારા પ્રાણેશ્વર સ્નાન કરતા હતા. તેજ કોમળ—સુંદર કાંતિધારી શરીર એક દિવસ, આ જળમાં ધોવાનું હતું. તેમના કોમળ, પવિત્ર શ્રીચરણ આ તટ ભૂમિપર થઇને ચાલ્યાં જતાં હતાં. પ્રભુ! તમે આજે ક્યાં છો? નાથ, શું એક વખત દર્શન નહિ દો?" આતુર નેત્રે આમ તેમ જોતી પ્રભુપ્રેમ વિરહિણી કમલિનીનાં નેત્રમાંથી દડ્દડ્ આંસુની ધારાઓ નિકળવા લાગી. થોડી વારે સ્નાન કરીને તે કિનારે ગઇ.

હરિકૃષ્ણકાકા તે પ્રભુપ્રેમની દિવાનીને સાથે લઇને, પ્રત્યેક મંદિરમાં રાધાકૃષ્ણની મૂર્તિનાં દર્શન કરવા લાગ્યા. કમલિનીને તે સારૂં લાગ્યું નહિ. કોઇ મંદિરમાં દર્શન કરતી અને કોઇ મંદિરનાં દ્વાર આગળજ ઉભી રહી પાછી વળતી! કમલિનીએ સમસ્ત મૂર્તિનાં દર્શન કર્યાં નહિ, પરંતુ ત્યાં ઉભેલા વૈષ્ણવ અને મહન્તોએ તેના મુખ—ચન્દ્ર સ્હામું ધારી ધારીને જોયું હતું. તેનું રૂપ પણ એવુંજ સુંદર હતું. સુંદરતાને જોઇને ભલભલા દાસ થઈ ગયા ત્યાં પછી ક્ષુદ્ર વૈષ્ણવ અ ક્ષુદ્ર મહન્ત મહારાજોની શી વિસાત? જેણે રમણી જાતિને પરાપ્રકૃતિ દેવીનાં સન્તાન રૂપે, માતૃરૂપે જોઈ તેની ઉપાસના કરી નથી, તેણે દિવ્યદ્રષ્ટિ મેળવી નથી, અને તેમ થયું નથી ત્યાં સુધી ગમે તેવો વૈષ્ણવ કે ગમે તેવા મહારાજ હોય તોપણ તે ચર્મ ચક્ષુવાળા સામાન્ય મનુષ્યજ કહેવાશે, અને તે રમણીને સામાન્ય રમણી ધારી તેના પ્રત્યે

સામાન્ય–આત્મિક દ્રષ્ટિથીજ જોશે, એમાં આશ્ચર્ય શું ? શરીરને અનેક પ્રકારની કઠોર તપસ્યા કરાવી, વિવિધ બાહ્ય વિષયોમાંથી મન–દ્રષ્ટિ ખેંચી લઇ દ્રષ્ટિને આંતરમાં વાળવામાં આવે તોજ દિવ્યદ્રષ્ટિ પ્રાપ્ત થાય છે. વિવિધ પ્રકારના વિષયો, રાજ–ભોગો–ભોગવનાર લાડી, ગાડી ને વાડીમાં મોજ–મઝા ઉડાવનાર ગમે તેવો વૈષ્ણવ હોય કે આચાર્ય હોય તોપણ તે રમણી માત્રને માતૃરૂપ–દેવીરૂપ–જાણી શકશે નહિં ! દિવ્ય દ્રષ્ટિ થવા માટે યોગિજન કથિત કઠોર તપસ્યા કરવી જોઇએ. રાજસ્, તામસ્ ને સત્વમાં સમાવી દેવા જોઇએ. શુદ્ધ–સત્વ થયા વિના દિવ્યતા પ્રાપ્ત થતી નથી તેથીજ શુદ્ધ સત્વ થવું જોઇએ. શુદ્ધ સાત્વિક થવાથી દિવ્યતા, પ્રભુતા, અલૌકિકતા, આપોઆપ આવી જાય છે, ત્યારેજ નર નારાયણનું સ્વરૂપ બની રહે છે. જગતના અણુ પરમાણુ અને પ્રાણી માત્રમાં તે આત્મસ્વરૂપ જૂવે છે. સર્વત્ર ઐક્યભાવ થાય છે. "હું" પણું મટી–મરી–જઇ "તે" પણું થાય છે ત્યારે ત્રિકાળજ્ઞાનિ થવાય છે. સ્વ પરનો ભેદ ભૂલી સર્વત્ર આત્મભાવ ઉત્પન્ન થાય છે.

વૃન્દાવનમાં યમુના તટે અને દેવમંદિરે વિચરતા, વિહાર કરતા, મુખથી ગાતા પણ નેત્રથી કટાક્ષ કરતા વૈષ્ણવો અને આચાર્યોમાં એવો દિવ્ય–માતૃ–ભાવ હોય એ અસંભવિતજ ! તેમાં વળી કમલિની જેવી કમળ સમાન કોમળ, નવયૌવના સુંદરી યુવતી અચાનક આવવાથી પુરૂષ અને સ્ત્રી માત્રનાં નેત્રો ત્હેના તરફ આકર્ષાયાં ! તે વિચારવા લાગ્યાં: "આવું અમૂલ્ય રૂપ કયાંથી આવ્યું !" સર્વ તેને જોઇ મુગ્ધ થયાં.

અનેક મંદિરમાં દેવ દર્શન કરીને કમલિની, હરિકૃષ્ણ કાકા અને દાસી ત્રણે મધ્યાહ્નને સમયે એક વાગે ઘેર આવી પહોંચ્યાં.

દ્વિતીય પરિચ્છેદ.

વ્યાકુળતા.*

હરિકૃષ્ણ કાકા પંદરેક દિવસ વૃન્દાવનમાં નિવાસ કરી ભ્રગુપૂર ચાલ્યા ગયા. જતી વખત કમલિનીને અનેક સદુપદેશ વચનો દાન કરવાનું તેઓ ભૂલ્યા નહોતા. એ સમયમાં કમલિનીને, સત્યવતી અને લક્ષ્મીપ્રસાદના કેટલાક પત્રો મળ્યા હતા, તેમાં તેને દેશમાં પાછું આવવાનું લખ્યું હતું. કમલિનીએ બધા પત્રોનો તેમને ઉત્તર લખ્યો નહોતો. એકનો ઉત્તર લખ્યો હતો તે પણ ઘણોજ ટુંકો. તેમાં લખ્યું હતું કે: "હવે મ્હને માયાના બંધનમાં બાંધવાનો યત્ન કરશો નહિ. દિકરીએ હમેશાં પિતાને ઘેર રહેવું યોગ્ય કહેવાય નહિ. તેણે સાસરેજ રહેવું જોઇએ. તમારી કમલિની સાસરે આવી છે. એક સમાચાર સાંભળો. તેનો પતિ વિદેશ હોય એમ જણાય છે. હજુ તેનાં દર્શન થયાં નથી."

કમલિની પાસે એક દાસી રહી હતી. ઘરમાં એ બે સિવાય અન્ય કોઈ નહોતું. એક ન્હાનું ઘર ભાડે લીધું હતું.

એ દિવસે રાસ પૂર્ણિમા હતી. હેમન્તની ઝાંખી ચાંદનીએ, શરદ્ પ્રફુલ્લિત કુસુમોની સૌગંધ લઇ, સમસ્ત વૃન્દાવન ઉપર પાથરી દીધી હતી. કોકિલ-કોકિલા, તમાલપત્રના કુંજમાં બેસી પંચમ સ્વર વડે ભૂતકાળની કોઇ સંયોગ-વાર્તા, પ્રેમગાથા, ગાતાં ગાતાં દિશા રૂપી વધુઓને આકુલ-વ્યાકુળ કરતાં હતાં. ચાંદનીના સ્નિગ્ધ શીતળ પ્રકાશમાં, ટોળાંબંધ પાસે પાસે બેઠેલાં પોપટ અને મેનાં, પ્રેમ-સમાધિમાં નિમગ્ન થયાં હતાં. પ્રત્યેક દેવમંદિરમાં

---

* વ્યાકુલતા-વૈયગ્ર્ય:—

वैयग्र्यं भाव गाम्भीर्य्यं विक्षोभा सहतोच्यते
अत्राविवेक निर्वद खेदासूयादयो मताः ॥

રાસક્રિડાનો ઉત્સવ હોવાથી મંદિર–દ્વાર આગળ મનોહર વાજીંત્રોના નાદ થઇ રહ્યા હતા. વ્રજના પ્રત્યેક માર્ગમાં હરિકીર્તનની ધૂન થઈ રહી હતી.

સન્ધ્યા સમય પછી કમલિની ઘરમાં બેસી ગીતાપાઠ કરતી હતી. હરિકીર્તનના ધ્વનિએ ત્હેના કર્ણમાં પ્રવેશ કર્યો. રાસોત્સવના વાજીંત્ર નાદ સાંભળતાંજ ત્હેનું હૃદય કમ્પાયમાન થઇ ઉઠયું. તેને યાદ આવ્યું કે: "આજે તો રાસ છે." તુર્તજ ઘરમાંથી બહાર નિકળી પડી.

ઘરમાંથી બહાર તો નિકળી પરંતુ જવું ક્યાં ? હરિપ્રેમ ઘેલી કમલિની વિચારવા લાગી: "ક્યાં જવાથી મ્હારા પ્રાણ–બંધુનો ભેટો થશે ? ક્યાં જવાથી મ્હારા પ્રાણેશ્વરને હું મળી શકીશ ? રાસ ક્યાં થતો હશે ? રાસ તો પ્રત્યેક મંદિરમાં છે ! ત્યાં જઇને શું જોવું ? માયાવી મનુષ્યને હાથે બનેલા રાધાકૃષ્ણને માયાવી મનુષ્યો વસ્ત્રાલંકાર પહેરાવી તેઓજ પૂજન અર્ચન કરે છે ! હરિ ! હરિ ! તેનાથી મ્હારૂં શું વળે ? જે જગતનો આત્મા છે, જે રાસ રસના વિહારી, રસિક શેખર છે, તે મધુર મુરલીધારી પ્રાણ–સખા ક્યાં ?"

કમલિનીએ ચારે દિશામાં દ્રષ્ટિ ફેરવી જોયું, પણ "તે પ્રાણેશ્વર ક્યાં ? આ તેજ વૃન્દાવન છે, આ તેજ નિકુંજવન છે. આ તેજ ભાણ્ડીવન છે, સર્વ છે, ત્યારે તે કેમ નથી ? ઓ પ્રાણેશ્વર ! ઓ પતિદેવ ! આવો ! આવો ! એક વખત આવીને મ્હારા વિરહતાપથી તપેલા પ્રાણને શીતળ કરો. એક વાર આવો નાથ."

પ્રાણમાંથી બૂમ પાડવા છતાં કોઇ આવ્યું નહિ. કોઇએ "આવું છું" કહ્યું નહિ. કમલિનીનું હૃદય ફાટી જવા લાગ્યું. તેણે શ્રીરામકૃષ્ણ પરમહંસના જીવનમાં વાંચેલા બનાવ વારંવાર યાદ આવ્યા. શ્રીરામકૃષ્ણને કૃષ્ણ ભગવાનનો આત્મ–સાક્ષાત્કાર થયો હતો, એમ પણ તેણે વાંચ્યું હતું તેથી તે મનમાંજ બોલી: "ત્યારે મ્હને કેમ તે મળે નહિ. ચારે દિશામાં જેનાં અનેક ચિહ્ન જોવામાં આવે છે, તેને પ્રાપ્ત કરી શકાય નહિ કેમ ? તેને પકડી શકાય નહિ કેમ?" કમલિની એવા વિચાર કરતી કરતી ધીમે ધીમે તન્મય થઈ ગઇ. તે બાહ્ય જ્ઞાન શૂન્ય થઈ ગઇ. તેની દશેન્દ્રિયો બાહ્ય વ્યાપાર બંધ કરી આંતર વ્યાપાર કરવા લાગી. સર્વે ઇન્દ્રિયો આત્માભિમુખે વળી ગઇ. સર્વેન્દ્રિયો આત્મદર્શનમાં લીન થઇ ગઇ. તે ક્વચિદ્ હસતી હતી. ક્વચિદ્ રડતી હતી. ક્વચિદ્ રસ્તામાં પડી જઇ આળોટતી હતી.

તે માર્ગે થઇને એક વૈષ્ણવ મંડળી હરિ કીર્તન કરતી કરતી જતી હતી. કેટલાક વૈષ્ણવોની દ્રષ્ટિ કમલિની ઉપર પડી. તે મંડળીનો જે આગેવાન મહન્ત હતો, અને જેના ગળામાં મોટી પુષ્પ–માળા શોભી રહી હતી, તેની દ્રષ્ટિ પણ તેના ઉપર પડી. તેણે પાસે ચાલતા એક ભક્તને પૂછ્યું: "શ્રીરાધાના જેવી મનોહર સુંદર આ યુવતી કોણ છે! એની તમને કશી ખબર છે કે?"

ભક્ત ઉત્તર દઇ શક્યો નહિ. માત્ર "ના" કહીને તે કમલિનીના સ્વર્ગીય અપ્સરા સમાન સુંદર મુખ તરફ જોઇ રહ્યો. મહન્તે ગુસ્સે થઇ ગંભીર સ્વરે કહ્યું: "કુંજમાં એક સ્ત્રી આવીને નિવાસ કરે છે તેની તમે તપાસજ રાખતા નથી? કદાચ એ રમણીને કૃષ્ણ–સાધનની આકાંક્ષા હશે, પરંતુ ગુરૂ નહિ મળવાથી એની મનોવાંચ્છના પૂર્ણ નહિ થતી હોય."

બાજુમાં ઉભેલા એક બીજા ભક્તે કહ્યું: "કેટલાક દિવસ ઉપર મ્હેં એને શ્રીમંદિરમાં દીઠી હતી. સાંભળ્યું છે કે ગુર્જર દેશમાંથી શ્રી ધામમાં સાધન માટેજ આવી છે, અને હવે આ સ્થાનમાંજ તે રહેવાની છે."

મહન્ત: "તેનું મુખ અને ધ્યાન જોતાં ઘણી ભક્તિ પ્રાપ્ત કરી હોય એવું ધારવામાં આવે છે. હમણાં માર્ગને કિનારે કેમ બેઠી છે."

ભક્ત: "કદાચ હરિકીર્તન ધ્વનિ સાંભળી ધ્યાનાવસ્થામાંજ સાધુઓનાં દર્શન કરવાની ઇચ્છાથી ઘર બહાર આવી હશે."

મહન્ત: "એના મનની વાંચ્છના પૂર્ણ કરીશ. એને દર્શન દઇશ."

ભક્ત: "હમણાંજ."

મહન્ત: "ના, કાલે."

ભક્તે બે હાથ જોડી ગદ્‌ગદ્‌ કણ્ઠે કહ્યું: "પ્રભુ! આપની દયાની સીમા નથી."

તેમનું ટોળું હરિકીર્તન કરતાં કરતાં ચાલ્યું ગયું. મહન્તના હૃદયમાં કમલિનીનું અપૂર્વ સુંદર રૂપ કોતરાઇ ગયું.

કમલિની તે વખત ઉઠીને બેઠી હતી. મહન્ત અને ભક્તો વચ્ચે થયેલી વાતચિત તેણે સાંભળી હતી, પરંતુ તે કપટીઓની વાતમાં સમાયલું ગુપ્ત રહસ્ય તે ભોળી, ભલી, સરળ, નિષ્કપટી, હરિ પ્રેમઘેલી અબળા સમજી શકી નહોતી. તેણે તે તરફ વિચાર પણ કર્યો નહોતો.

અનેક ક્ષણ પછી કમલિનીએ ઘરમાં પ્રવેશ કર્યો. ત્હેની અવસ્થા જોઇ દાસીને બહુ ચિન્તા થઇ. તેના વિચાર પ્રમાણે કમલિનીની અવસ્થા પ્રતિદિન શોચનીય થતી જાય છે! તેણે નિશ્ચય કર્યો હતો કે કમલિની ગાંડીજ થઇ ગઈ છે! કમલિનીમાં ગાંડીનાં જેવાં લક્ષણ સોળેસોળ આના જણાય છે! કમલિની ઉદાસ નયને આકાશ તરફ જોયાં કરે છે. કવચિદ્ મનમાંજ બકબકાટ કરે છે. કવચિદ્ હસે છે, કવચિદ્ હસતાં હસતાંજ નેત્રમાં આંસુ લાવી મૂકે છે. કવચિદ્ પૃથ્વી પર પડી જઇ આળોટે છે. કવચિદ્ જાણે કોઈ સાથે વાતો કરે છે. આહાર કરતી નથી. કવચિદ્ બાથમાં પકડી જકડીને થોડુંક જમાડવામાં આવે છે! વખતસર પેટ ભરીને ખાતી નથી, તેમ છતાં પણ શરીરનું લાવણ્ય ઓછું થયું નથી. દાસીને ખાત્રી હતી કેઃ "વાયુ રોગવાળા દરદીનાં એવાંજ લક્ષણ હોય છે!" તેના હૃદયમાં બહુ દયા ઉત્પન્ન થઇ! તે ધારતી હતી કે દેશ ત્યાગ કરીને, માતા ભગિની ત્યાગ કરીને, અહિં આવવાથી છોકરી ગાંડી બની ગઇ! તેનું ચિત્ત ભ્રામત થઇ ગયું! તેના હૃદયની ડાગળી ખસી ગઇ! તે મનમાં ને મનમાંજ કમલિનીને ઔષધ આપવાનો યત્ન કરતી હતી, પરંતુ તેની બ્હીકથી તે વાત તેને કહી શકતી નહોતી. પામર જીવ બિચારી દાસીને શી ખબર કે તેને એક મ્હોટો રોગ થયો છે! તેને તેના પતિદેવની વિરહ–વ્યથા થઇ છે!

તૃતીય પરિચ્છેદ.

મહન્તનો ઉપદેશ.

આ જે દિવસે કમલિની જે સમયે હરિદર્શનની ઇચ્છાવાળા પ્રેમાતુર હૃદયે, ઉદાસ આકાંક્ષિત થઇને ઘરમાં બેઠી બેઠી વિચાર કરતી હતી તેજ સમયે પરમકૃપાળુ મહન્તે આવી તેના ઘરને પવિત્ર કર્યું! વાંચકબંધુઓ એ વૈષ્ણવ–મહન્તને ભૂલ્યા નહિ હોય. ગઈ કાલેજ એક વૈષ્ણવ મણ્ડલીમાં હરિકીર્તન કરતાં જતાં અમે સર્વને

તેમનાં દર્શન કરાવ્યાં છે. મહન્તનું વય પિસ્તાલીશ વર્ષનું, શરીરનો રંગ ગૌર, દેહ સ્થૂલ, પેટની ફુંડ આગળ વધેલી, કણ્ઠમાં જાડા મણુકાની તુલસી-માળ, માથું મુડાવેલું, વચમાં થોડા વાળનો ગુચ્છ—ચોટલી, શરીર ઉપર એક પહેરણુ, તેની નીચે કાછડી ખોસ્યા વગર ભગવા રંગનું વસ્ત્ર વિંટાળેલું હતું. હરિ નામ છાપેલી લુગડાની એક ઝોળી ગળે બાંધી હતી. સર્વાંગે ગોપી-ચન્દનની છાપો મારી હતી. કપાળમાં લાંબુ તિલક કર્યું હતું. મહન્તજી વૃન્દા-વનના મહાન વૈષ્ણવ હતા. ભક્તિશાસ્ત્રમાં તેમનું અગાધ પાંણ્ડિત્ય કહેવાતું! વૈષ્ણવ સમ્પ્રદાયની સાધન—પદ્ધતિમાં પણ તેઓ વિશેષ આગળ વધેલા હતા! મહન્તજીનું અન્ય નામ હશે ખરૂં પરંતુ તેમના શિષ્ય વૃન્દ, અને ભક્તવૃન્દને જોઈ અન્ય સર્વ તેમને "પ્રભુ, મહન્તજી, આચાર્ય" કહેતા.

મહન્તજી મહારાજે ક્ષુદ્ર ઘરના ચૉકમાં પગ મૂકતાંજ "શ્રી કૃષ્ણ પ્રાણ-જીવન પ્રભુ" એવો મ્હોટેથી શબ્દોચ્ચાર કર્યો, અને તે સ્વર પૂરો થતાં પહેલાંજ બોલ્યાઃ "ઘરમાં કોણ છે?"

દાસીએ બારીએ ડોકું કહાડી જોતાં એક સાધુ જણાયો. દાસી પ્રથમ તો તેને જોઈને સંતોષ પામી નહિ, કારણ કે કમલિની જેવી સુંદરી યુવતી પાસે સાધુ પુરૂષ આવે એ અનુચિત સમજતી હતી; પરંતુ તે તેને કહાડી મુકે એમ પણ બને એવું નહોતું. દાસીએ ગંભીર સ્વરે પૂછ્યું: "કોને શોધો છો મહારાજ?"

મહન્તજી મહારાજે આશા રાખી હતી કે, તેમના શ્રીકૃષ્ણ જેવા કણ્ઠ સ્વરમાંથી નિકળતો બંસી—ધ્વનિ સાંભળી ગોપિકાની પેઠે પેલી યુવતી કમ-લિની દોડી આવી તેમના પગમાં આળોટી પડશે! પરંતુ આશા ભંગ થઇ! તે ચંદ્ર જેવી નિર્મળ રૂપ લાવણ્યવતી યુવતી આવે ક્યાંથી? મહારાજને તેના મુખ દર્શનની અપેક્ષા હતી ત્યાં તો એક સફેદ વાળવાળી, ચામડી પર કરચલી વળેલી, દાંત વગરની, કુરૂપ વૃદ્ધ ડોસીનાં દર્શન થયાં! મહારાજના આંતર ક્રોધનો પાર રહ્યો નહિ તેમ છતાં ધૈર્ય ધારણ કરી, વિકૃત મુખ કરી ચાળા પાડી બોલ્યાઃ "કોને શોધો છો? શું તું મ્હને ઓળખી શકી નહિ?"

દાસીએ ઉત્તર દીધોઃ "ઓ બાપરે! અમે શું આ દેશના રહેવાસી

છીએ કે તમને ઓળખી શકીએ? અહિં આવે ઘણું તો એકાદ મહિનો થયો હશે.”

મહારાજ અધિક ક્રોધે ભરાઈ બોલ્યા: “એક માસ? જે લોકો એક દિવસ વૃન્દાવનમાં આવે છે તેઓ મ્હને ઓળખે છે. હરે કૃષ્ણ! હરે કૃષ્ણ! કૃષ્ણ ત્હારી ઇચ્છા.”

દાસી: “કેમ વારૂ, તમે કૃષ્ણ વિષ્ણુમાંના કોઇ છો કે નહિ?”

મહારાજ: “જે ઓળખે છે તે તો જાણે છે. જવા દે એ વાત. પેલી છોકરી ક્યાં છે? તમારા ઘરમાં હતી ને? તેનામાં ભક્તિ છે. પ્રેમ છે. તેનેજ એકવાર દર્શન દેવા આવ્યો છું. તે કોણ છે? તમારી દિકરી છે કે?”

દાસીએ તેનાં નેત્ર અને મુખ ઉપર થતાં ચિહ્નો જોઇ કંઇક પરીક્ષા તો કરી લીધી. કંઇક બેદરકારીથી અને કંઇક તિરસ્કારથી કહ્યું: “ના ભાઇ, તે તો એક ગૃહસ્થની કન્યા છે. હું તો ગરીબ માણસ. મ્હારે એવી દિકરી હોત તો તેને આમ પડી રહેવા દેત કે?”

મહારાજ: “કેમ?”

દાસી: “કેમ તે હું શું જાણું ભાઇ! જાણે એનું ચિત્ત ભમી ગયું હોય તેમ થયું છે. ખાતી નથી, પીતી નથી. રાત દિવસ કોણ જાણે શુંયે બકબક કરે છે. કદી આકાશ તરફ, કદી વનજંગલ તરફ, અને કદી પૃથ્વી તરફ એકીટસે આતુર નેત્રે જોયા કરે છે. જોતાં જોતાં કદાચ રડી ઉઠે છે, કદાચ હસતાં હસતાં આડી પડી જાય છે. અરે! તે તો ગાંડી થઇ ગઇ છે ગાંડી!”

મહારાજ જરા ક્રોધે ભરાઇ બોલ્યા: “તું ગાંડી થઇ હશે તું. એ તો કંઇએ ગાંડી થઈ નથી. ત્હને શી સમજણ? એના હૃદયમાં હરિપ્રેમનું બાણ વાગ્યું છે. તે કોઈ કાઢનાર નથી. કોઇ બચાવનાર નથી. સુકાની વગર નૌકાની જેવી સ્થિતિ થાય તેવી એની થઇ છે. એજ કારણને લીધે તે ગાંડી જેવી જણાય છે. કૃષ્ણ બહુ દયાળુ છે. તેની જેવી ઇચ્છા! બધું સારૂં થઇ જશે. ચિન્તા કરશો નહિ.”

દાસી જરાક ખુશી થઇ. કમલિનીને સારૂં થાય, તેનો વાયુ રોગ મટી જાય તો તેમાં ખોટું શું? તેણે પૂછ્યું: “તમે તેને જોઇ છે મહારાજ?”

મહારાજ: "કાલેજ ફક્ત જોઇએ છે."

દાસી: "તેણે તમને આવવાનું કહ્યું છે કે ?"

મહારાજ: "મ્હોઢેથી કહ્યું નથી. મનથી બોલાવ્યો છે."

દાસી: "શી રીતે ? તાર કરીને ?"

મહારાજ: "ખરેખરી અજ્ઞાન છે. ખરેખરી બેવકુફ છે. એ બધાં આધ્યાત્મિક કામ તું શી રીતે સમજે ? કૃષ્ણ મહા દયાળુ. શ્રી વૃન્દાવન ધામનો બધો કાર્યભાર મ્હારે માથે છે. આ સ્થળે આવીને જે મનુષ્ય જે પ્રાર્થના કરે તેની તે ઇચ્છા મ્હારે પૂર્ણ કરવી પડે છે. જીવાત્માઓની પ્રાર્થના પરિપૂર્ણ કરવા માટેજ અમે શ્રી ભગવાનના દાસ તત્પર છીએ."

દાસી એટલું બધું સમજી નહિ. તે બધી માથાકુટજ જાણી. અંતે કંટાળીને ઓરડામાં બેઠેલી કમલિનીને બોલાવી લાવી. કમલિનીએ આવી બારીમાંથી જોયું. એ રૂપ જોઇ મહારાજ કમ્પી ઉઠયા. મહારાજે કહ્યું: "હું આવ્યો છું. હરે કૃષ્ણ ! હરે કૃષ્ણ ! હરે ગોપીજન વલ્લભ !"

કમલિનીએ વિસ્મય પામી મધુર સ્વરે પૂછયું: "તમે કોણ છો ?"

મહારાજ: "હરે કૃષ્ણ ! કૃષ્ણ દયાળુ ! હું તેમનો દાસાનુદાસ અધમ. તમારી ઉગ્રભક્તિ, અને તીવ્ર જિજ્ઞાસા જોઇને તમને ઉપદેશ દેવા આવ્યો છું. જીવને શ્રી કૃષ્ણ ભગવાનની પ્રાપ્ત થાય એવું કાર્ય અમેજ કરીએ છીએ."

કમલિનીએ આતુર નેત્રે પૂછયું: "કહોની મહારાજ ! તે કયાં છે ? શી રીતે તેમને મેળવી શકાય ?"

મહારાજ મ્હોટેથી ખડખડાટ હસવા લાગ્યા. ઉત્તર દીધો: "પ્રભુ તું દયાળુ ! આ વૃન્દાવન ધામ તેમનું નિત્ય–લીલા–ક્ષેત્ર છે. તે આ ધામ છોડી એક ડગલું પણ આગળ જતા નથી, પણ સાધના કરવી જોઇએ. સાધના વગર તે સાધનનું ધન, ચિંતામણિને પ્રાપ્ત કરી શકાય નહિ."

કમલિનીના બન્ને નેત્રમાં આંસુ આવ્યાં. બન્ને નેત્રમાંથી વરસાદની પેઠે જળધારા વહેતી હતી. કમલિનીએ કહ્યું: "પ્રાણ સમર્પણ કરતાં પણ તેમને મેળવી શકાશે નહિ ?"

મહારાજ: "સાધના કરતાં આવડે તોજ મેળવી શકાય. તે વિના નહિ."

કમલિની: "એવી સાધના મ્હને કોણ શિખવે?"

મહારાજે જાણ્યું કે જાળમાં માછલું સપડાશે ખરૂં. તેણે શાંત ચિત્તે ઉત્તર દીધો. "ગુરૂ જોઇએ. ગુરૂ ઉપદેશ વગર કોઈ કાર્યમાં સિદ્ધિ મળતી નથી. ગુરૂ ત્યજી ગોવિંદ ભજે, તે પાપી નરકમાં પડે."

કમલિની અધિરી થઇ પૂછવા લાગી: "હું તેવો ગુરૂ ક્યાં મેળવીશ?"

મહારાજ: "દયામય કૃષ્ણ ભગવાને તે માટેજ મ્હને મોકલ્યો છે. આ અધમનેજ વૃન્દાવન ધામમાં જીવોના ઉદ્ધાર માટે નીમ્યો છે. મ્હને બેસવાનું આસન આપો. બધી વાત કરીશ. બધો રસ્તો બતાવીશ. હરે કૃષ્ણ! હરે કૃષ્ણ!"

કમલિનીએ દાસીના મુખ સ્હામું જોયું. મહારાજ માળપર ચ્હડયા. દાસીએ એક કાંબળનું આસન લાવી આપ્યું. મહારાજ તે પર બેઠા. કમલિની ભીંતને અઢેલી ઘણે વેગળે બેઠી. મહારાજે સાધન પદ્ધતિનો ઉપદેશ દેવા માંડયો. કમલિની એક ચિત્તે શ્રવણ કરવા લાગી.

ચતુર્થ પરિચ્છેદ.

માધુર્ય–રસ.

મહારાજે બોલવાનું શરૂ કર્યું. "એકદમ ઉતાવળા થવાથી ભગવાન મેળવી શકાતો નથી. માત્ર નેત્રનાં આંસુ પાડવાથી તેની દયા થતી નથી. તેને પ્રાપ્ત કરવા માટે નિયમ પ્રમાણે સાધના કરવાની જરૂર છે."

કમલિની: "તે સાધન–પદ્ધતિનો કંઇક કંઇક ઉપદેશ કરો. શ્રીકૃષ્ણ ભગવાનને જે રીતે મેળવી શકાય તે રીત મ્હને બતાવો."

મહારાજ તેના રૂપ તરફ આતુર નેત્રે જોતાં બોલ્યા: "તેટલા માટે તો હું આવ્યો છું. ભગવાન તમારા ઉપર દયાળુ થયા છે. ઋતુરાજ વસન્ત આવવા પહેલાં તેનો મિત્ર સૌગંધિત વાયુ જેમ વહન થાય છે તેમ શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન થતાં પહેલાં મ્હારે આવવું પડયું છે."

કમલિની: "સાધન પદ્ધતિ કહો."

મહારાજ: "તમને લખતાં વાંચતાં આવડે છે?"

કમલિની: "હા, થોડું ઘણું જાણું છું."

મહારાજ: "શ્રીમદ્ ભગવદ્ગીતા કોઇ દિવસ વાંચી છે કે?"

કમલિની: "હા."

મહારાજ: "પરંતુ તેના અર્થ તો આધ્યાત્મિકતાની ઉંડી ગુહામાં છે."

કમલિની: "વર્તમાન સમયના વિદ્વાનોએ ગીતાની વ્યાખ્યાઓ કરી છે તે સમજવાનો મ્હેં યત્ન કર્યો છે."

મહારાજ: "વિદ્વાનોએ વ્યાખ્યા કરી છે તે! ઓ—હો—કંઇએ નહિ! એ તે કાંઇ સહેલું કામ છે. "**सहयज्ञाः प्रजाः सृष्ट्वा पुरोवाच प्रजापतिः ॥**" એ શ્લોકના અર્થ ગૂઢ, બહુજ ગૂઢ, અતિશય ગૂઢ છે. એમાંજ સાધન પદ્ધતિ સમાયલી છે."

કમલિની: "હું એ સમજી શકતી નથી."

મહારાજ: "સરળ વાક્યમાં અતિ ગુપ્ત ભાવે સાધન પદ્ધતિ સમાવી દીધી છે."

કમલિની કમ્પી ઉઠી. તેણે પૂછ્યું: "તેમાં શું છે?"

મહારાજ: "અતિ સરળ. જે જીવની સાથેજ જન્મ્યું છે તે."

કમલિનીએ વચમાંજ કહ્યું: "ના, ના, મહારાજ; એમ કેમ? "**सहयज्ञाः**" એ તો અંતસ્થ "**य**" છે. સાથેજ જન્મ્યું છે એવો અર્થ થતાં વર્ગીય "**ज**" થાત."

મહારાજે તીક્ષ્ણ દ્રષ્ટિયે એક વખત કમલિનીના મુખ તરફ જોયું અને કહ્યું: "એ શ્લોકનો અર્થ અન્ય સ્થળે વિશેષ સ્પષ્ટતાથી થયો છે. **सहजं कर्म्म कौन्तेय सदोष मपि न त्यजेत् । स्वभावनियतं कर्म्म कुर्व्वन्नाप्नोति किल्विषम् ॥** આનો એ રીતે અર્થ થતો નથી. સૂરદાસનું નામ સાંભળ્યું છે?"

કમલિની: "સાંભળ્યું છે અને તેનાં મધુર પદ પણ વાંચ્યાં છે."

મહારાજ: "એ સૂરદાસ ઉપર જ્યારે ભગવાનની કૃપા થઈ ત્યારે

ભગવદ્ કૃપાના બળથી તેમણે કહ્યું છે કે: "સરળ ભાવે ભગવાનની સાધના કરવી તોજ તે પ્રસન્ન પ્રસન્ન થાય છે. તોજ ત્હેનાં દર્શન થાય છે." સરળ ભાવે સાધના કર્યા વગર શ્રીકૃષ્ણ પ્રાપ્ત થઇ શકતા નથી. એક મનુષ્યથી સાધના થતી નથી. બે જણે મળવું જોઇએ. એક પુરૂષ, એક સ્ત્રી; એમ બે જોઇએ. એક શ્રીકૃષ્ણ, બીજી રાધા. એક પુરૂષ, એક પ્રકૃતિ. બે હાથ વગર તાળી પડે નહિ તેમ પુરૂષ અને પ્રકૃતિ વગર સાધન ભજન થતું નથી. શ્રીકૃષ્ણને રાધા, શંકરને પાર્વતી, વિષ્ણુને લક્ષ્મી. એ પ્રમાણે કોઈ અન્ય વૈષ્ણવ સાથે રહીને સાધના કરવી જોઇએ. માનુષી પ્રેમનો સ્વાદ ચાખ્યા વગર કોઇના હ્રદયમાં પ્રભુ પ્રેમ ઉપજતો નથી. પ્રેમ એ કોઇ બજારની વસ્તુ નથી કે વેચાતી લવાય. એ પ્રેમનો મંત્ર શિખવો જોઇએ. પ્રેમને ઓળખવો જોઇએ. પ્રેમીજનના સહવાસમાં રહી પ્રેમધર્મની દિક્ષા લેવી જોઇએ. બે જણે એક થવું જોઇએ. દ્વૈતમાંથી અદ્વૈત થવું જોઇએ. રાધા એકલાં રહ્યાં ત્યાં સુધી કૃષ્ણમય થયાં નહોતાં, પણ માતાપિતા, સગાં સંબંધી, પતિ સ્વસુર વગેરેને ત્યજી કૃષ્ણને આલિંગન કર્યું ત્યારેજ કૃષ્ણ ભગવાને તેના પર દયા કરી. ત્યારેજ તે કૃષ્ણમય થઇ ગઇ. પરકીય રસાસ્વાદ ન ચાખવામાં આવે તો તેના પર કૃષ્ણ ભગવાન કદી પણ ખુશી થતા નથી. પુનઃ કહું છું કે તમારે કોઇ વૈષ્ણવ સાથે રહી તેવું સાધન કરવું જોઇએ."

કમલિની તુર્તજ તેના મનનો ગુપ્ત—દુષ્ટ ભાવ સમજી ગઇ. દબાયેલી સર્પિણી પેઠે છંછેડાઈ ઉઠી ઉભી થઇ. તેણે ક્રોધ ભરેલે સ્વરે કહ્યું: "એવો ઉપદેશ મ્હને દેશો નહિ. હું વ્યભિચારિણી નથી. મ્હારા પ્રાણેશ્વર નંદલાલ, કૃષ્ણ—ભગવાન છે. હું તેનેજ પુરૂષ જાણું છું. તે માયાથી મુક્ત છે. એ સિવાયની સર્વ માયા—સર્વ પ્રકૃતિ. સાધના કરવાની જરૂર જણાશે તો તેની સાથેજ કરીશ. તેજ મ્હારા સોબતી થશે. તેજ મ્હારો પરમ વૈષ્ણવ થશે. તેજ મ્હને પ્રેમમંત્રની દિક્ષા આપશે. તેજ મ્હને દ્વૈતમાંથી અદ્વૈત બનાવશે. માનુષી પ્રેમ—વ્યભિચાર નરકમાં લઇ જનાર છે. દૈવી પ્રેમ મોક્ષ અપાવનાર છે. હું તે શ્રીકૃષ્ણ ભગવાન સાથેજ પરકીય રસાસ્વાદ ચાખીશ. તે પ્રેમસાગર છે. તેમાંજ ડુબી આનંદમગ્ન થઇશ."

મહારાજ ગંભીર મુખે હાસ્ય કરતા બોલ્યા: "સાંભળ, સાંભળ. ઉતાવળી થઇશ નહિ. પરકીય સાધના વગર કદી પણ તેની કૃપા થતી નથી. ભક્ત અને ભગવાન એકજ છે. વૈષ્ણવ અને કૃષ્ણ એકજ છે, તેથીજ વૈષ્ણવ-પુરૂષ સાથે રસાસ્વાદ ચાખવો જોઇએ. *

કમલિની: "તમારી મ્હોટી ભૂલ છે. ઉપપતિ-રાખેલો પુરૂષ-ના હોય તો સ્વપતિની કૃપા થતી નથી એ વાત તદ્દન અસત્ય, મહાપાપથી ભરેલી છે. કયા દેશમાં એવો રિવાજ છે કે એક પતિ હોય છતાં બીજો ઉપપતિ કરવો? મ્હેં તો કોઈ પણ દેશના લોકોને મુખેથી એવી વાત સાંભળી નથી! શાસ્ત્ર પણ કહે છે કે પતિવ્રતા સ્ત્રીએ એકજ પતિમાં મતિ રાખવી. એકથી વિશેષ પતિ કરે તે સ્ત્રીને વ્યભિચારિણી-પાપિણી-દુષ્ટા કહેવાય છે." તમારો ઉપદેશ, તમારી સાધનપદ્ધતિ તો શાસ્ત્ર અને સમાજથી તદ્દન વિરૂદ્ધ છે. તમે ઉપદેશ આપતા નથી પણ સ્ત્રીઓને વ્યભિચાર કરતાં શિખવો છો! તમે ભગવાનને મેળવવાનો માર્ગ બતાવતા નથી પણ નરક કુણ્ડમાં પડવાનો માર્ગ બતાવો છો!"

મહારાજ: "શ્રી વૃન્દાવન ધામના વૈષ્ણવ-સમાજમાં એવીજ સાધન પદ્ધતિ ચાલે છે. તમે એથી અજ્ઞાત છો એમ જણાય છે."

કમલિની: "તમારી બુદ્ધિ પ્રમાણે કદાચ હું અજ્ઞાત હોઇશ, પણ હું તે પદ્ધતિ પ્રમાણે પ્રાણાંત પર્યંત વર્તીશ નહિ."

મહારાજ: "આ ધામમાં રહેવાની ઇચ્છા હોય તો, કોઇ એક વૈષ્ણવ સાથે એ રસની સાધના કરવીજ પડશે."

---

* આ વાત તદ્દન સત્ય છે. વૃન્દાવનમાં પરકીયા રસાશ્રમમાં વૈષ્ણવ સાથે વ્યભિચાર કર્યા સિવાય, કોઇ પણ સ્ત્રી ત્યાં હમેશ માટે નિવાસ કરી શકતી નથી. કલકત્તાનિવાસી પરમ વૈષ્ણવ ડાક્ટર પ્રિયનાથ નન્દી મહાશયે કલકત્તાથી પ્રકટ થતા "આનંદ બજાર પત્રિકા" માં લખ્યું છે કે: "વૃન્દાવન પ્રવાસિની એક વૃદ્ધાએ એવું કર્મ કરવાનું સ્વિકાર્યું નહિ તેથી તેને વૃન્દાવનમાં રહેવા દીધી નહિ! હિંદુસમાજ-મુખ્ય કરીને વૈષ્ણવ સમાજને માટે એ અત્યંત કલંકની વાર્તા કહેવાય. એ મહાપાપ એવાં પવિત્ર ધામમાંથી સત્વર દૂર કરવાનો યત્ન કરવો એજ સર્વેનું કર્તવ્ય છે. લેખક.

કમલિનીઃ "એવી વ્યભિચારી પદ્ધતિ પ્રમાણે વર્તવુંજ પડશે એ કોનો ન્યાય? એ કેવું શાસ્ત્ર? હું કદી પણ તે પ્રમાણે કરીશ નહિ."

મહારાજઃ " નહિ તો આ ધામમાં રહેવાનું સ્થાન મળશે નહિ."

કમલિનીઃ "એવું કદી બની શકેજ નહિ. જે પાપ છે તે ચિર દિવસ અને સર્વ અવસ્થામાં પાપજ કહેવાશે. જે કર્મ કરવામાં પાપ છે તે કર્મ પ્રાણાંતે પણ ન કરવું એવી ધર્મશાસ્ત્રની આજ્ઞા છે. જેને ભગવાન મેળવવાની ઇચ્છા છે તેણે ઇન્દ્રિયોના બાહ્ય–વ્યાપાર સંકોચી આંતર–વ્યાપાર કરવા જોઇએ. દ્રષ્ય પદાર્થો પરથી આસક્તિ ઓછી કરી અદ્રષ્ય–અંતરયામી–પરમાત્માને પ્રાપ્ત કરવાનો યત્ન કરવો જોઇએ. જે જે ઋષિ મુનિયોએ ઇશ્વરનો સાક્ષાત્કાર કર્યો છે તેમણે જગતની દ્રષ્ય માયાનું બંધન છેદી ભેદીને, એકાંતમાં, શાંત ચિત્તે, પવિત્ર હૃદયે, નિર્વિકારીપણે પ્રભુ પ્રાર્થના કરી છે. ઇન્દ્રિયોના બાહ્ય ધર્મને આંતરમાં વાળી દીધો છે. ત્યારેજ તેમને પરમાત્મા પ્રાપ્ત થયા છે. ત્યારેજ સર્વ સિદ્ધિઓ હાથ જોડીને તેમની દાસી થઈ રહી છે. ત્યારેજ બાહ્ય જગતને તેમણે પોતાના શરીરમાં જોયું છે અને ત્યારેજ તેઓ ત્રિકાળજ્ઞાની સિદ્ધ પુરૂષ થઇ જન્મ મરણથી છૂટયા છે. જો તેમણે પરસ્ત્રી સાથે વ્યભિચાર કર્યો હોત તો આત્મબળ, મનોબળ ક્યાંથી મળત? વચનસિદ્ધિ જેવી સિદ્ધિઓ ક્યાંથી મળત? અને સાંસારી જનોનાં દુઃખતાપ કાપવાની તેમનામાં શક્તિ ક્યાંથી આવત? તેમની વાણીમાં અમૃતમય શાંતિ ક્યાંથી આવત? સાચા મહાપુરૂષોની પાસે એક ક્ષણ બેસતાં માયાના પાશમાં ફસાયલા, અનેક દુઃખ દરિદ્રથી ગભરાયલા મનુષ્યોને કેટલી બધી શાંતિ મળે છે? તેમના વચનામૃતની ધારા શ્રોતાના હૃદયમાં જતાંજ તેને કેવી શીતળતા મળે છે? મહારાજ! તમારો ઉપદેશ, તમારી સાધનપદ્ધતિ વૈષ્ણવીઓને માટે નહિ પણ બજારમાં બેસી વેશ્યાઓનો ધંધો ચલાવવા ઇચ્છતી હોય તેને માટે લાયક છે. ક્ષમા કરજો મહારાજ! હું મ્હારા પતિ સિવાય અન્યનો કદી પણ સ્પર્શ કરીશ નહિ. એજ મ્હારો દ્રઢ નિશ્ચય છે."

મહારાજઃ "તમારી ભૂલ છે. હજી ત્હમે બાળકજ છો. તમે વૈષ્ણવોને અને વૃન્દાવન નિવાસી સાધિકાઓને એ સંબંધી પૂછી તપાસ કરજો. આજે

તો હું જાઉં છું. હું આ સ્થળનો શ્રેષ્ઠ કુંજધારી છું. જો સાધનમાર્ગે જવું હોય તો તમે મ્હને તમારો પોતાનો બનાવજો."

કમલિની જરા હસતાં હસતાં બોલી: "મ્હારો પોતાનો પતિ તે રાધા-નાથ છે, તે શ્રીકૃષ્ણ ભગવાન છે. તે સિવાય અન્ય જનો સાથે મ્હારે કશી લેવાદેવા નથી–કશો સંબંધજ નથી."

મહારાજ કંઈક ખિન્ન ચિત્તે તે દિવસને માટે ચાલ્યા ગયા. કમલિ-નીના હૃદયમાં બહુ વ્યથા થઇ. તેના બન્ને નેત્રોમાંથી જળની ધારા પડવા લાગી. તે સાદડી પર પડી આલોટતી રડવા લાગી. તે બોલી: "ઓ અનાથ બંધુ! ઓ રાધાનાથ! ઓ પ્રાણનાથ! મ્હેં સાંભળ્યું હતું કે તમે નિત્ય વૃન્દાવન ધામમાં નિવાસ કરો છો, પરંતુ તે મિથ્યા જણાય છે. તમે તો આ વાન તરફ કિંચિદ્ પણ કૃપાદ્રષ્ટિ કરતા નથી. તમારી કૃપાદ્રષ્ટિ હોય તો આ પવિત્ર ધામમાં રહેતા જીવાત્માઓ આટલા બધા અધમ, આટલા બધા વ્યભિચારી, આટલા બધા નરકગામી, આટલા બધા પશુવત્ થઈ શકે તેમ? ઓ પ્રાણ વલ્લભ! ઓ પતિદેવ! એમના પર કૃપા કરો. એમના ચિત્તમાંથી અજ્ઞાન અંધકાર દૂર કરી જ્ઞાન જ્યોતિ પ્રકટાવો. એમને અધર્મને માર્ગે જતાં અટકાવીને સાચો ધર્મ–માર્ગ દર્શાવો, અને ત્હમારી આ અનાથિનીને તમારી પાસે બોલાવી લો. ઓ હૃદયનિધિ! ઓ દીનદયાળ! મ્હારે કોઇ નથી. દયા કરો. એકવાર આવો. એક વખત દર્શન દો."

તે સાદડી પર પડી પડી પોતાના પતિદેવને અનેક પ્રાર્થના કરવા લાગી. તેના નેત્રમાંથી અખંડ અશ્રુ પ્રવાહ વ્હેતો હતો. રડવામાં અને પ્રાર્થના કર-વામાં ઘણો સમય વીત્યો. ત્યાર પછી તે ઉઠીને બેઠી થઇ. તેનાં નેત્રો લાલ-ચોળ થઇ ગયાં હતાં. ઉઠીને શિવપ્રસાદને એક પત્ર લખ્યો. શિવપ્રસાદ ઉપર ત્હેને ઘણો ક્રોધ ચ્હડયો. પત્રમાં લખ્યું હતું કે:–

પ્રિય આત્મ બંધુ!

"તમારી માયાજાળ મ્હેં કાપી નાંખી છે. કમલિની બગુપૂર ત્યાગ કરીને વૃન્દાવનમાં આવી છે. સત્યવતીના પત્ર ઉપરથી તે સમાચાર તમે ક્યારનાએ જાણી ચૂકયા હશો. હવે તમને પત્ર લખી કંટાળો આપવાની ઇચ્છા નહોતી.

મ્હેં ધાર્યું હતું કે કૃષ્ણ ભગવાનની નિત્ય નિવાસ ભૂમિ શ્રીવૃન્દાવનમાં આવી ત્હેને પ્રાપ્ત કરીશ પરંતુ તે ક્યાં ? કેટલીએ રડી, કેટલીએ બૂમો પાડી, કેટલીએ પ્રાર્થના કરી, કેટલાએ કાલાવાલા કર્યા પરંતુ તે નિષ્ઠુર આવ્યા નહિ. દર્શન દીધાં નહિ. વાતચિત કરી નાહ. ધીમે ધીમે જાણ્યું કે તે આ ધામમાં નથી. તમે કહેશો કે ક્યાં જવાથી મ્હને તેમનાં દર્શન થશે ? હા, હા, તમને પૂછ્યું એ પણ વ્યર્થજ છે. તમે લાંચીયા છો. તમને તેણે અતિશય ભક્તિ આપી છે, અસીમ જ્ઞાન દીધું છે. તમને કર્મવીર કર્યા છે. તમે તેને ભૂતમાત્રમાં રમી રહેલો, દયાળુ, દીનનો હૃદયનિધિ, અને જગન્નાથ કહી વર્ણવ્યો છે. વારૂ, પણ તમે કહી શકશો કે જગતમાં આટલી બધી વિપરીતતા કેમ? ભ્રગુપૂરનાં સર્વ જનોનાં ચરિત્રનું અધ્યયન કર્યું, તેમાં જોયું કે, સર્વત્ર માત્ર દુર્બળ ઉપર બળવાનોનો અત્યાચાર, માત્ર તેજ–દ્વેષ, માત્ર નિંદા, માત્ર અહંકાર, માત્ર અજ્ઞાન, માત્ર અધર્મ, માત્ર દરિદ્રતા, માત્ર અશાન્તિનો અગ્નિ પ્રચણ્ડ જ્વાળારૂપી જિહ્વા લંબાવી રહ્યો છે ! ઘણાને ગ્રાસ કરી ગયો છે. ઘણાને ગ્રાસ કરવા ઇચ્છે છે ! અશાંતિના અગ્નિમાંથી નિકળી શાંતિની શીતળતામાં આવી વૃન્દાવન ધામમાં નિવાસ કર્યો. મનુષ્યના હાથમાંથી નિકળી દેવતાઓની છાયામાં આવી, ત્યારે અહિં પણ તેવાંજ મનુષ્યો! આ સ્થાનમાં પણ તેવોજ વ્યભિચાર, તેવોજ અનાચાર, તેવોજ અત્યાચાર! હરિ ! હરિ ! જગતમાં ત્યારે દેવતાઓનું સામ્રાજ્ય ક્યાં ? દેવતાઓની પવિત્ર દેવભૂમિ ક્યાં ? જ્યાં દયા, પવિત્રતા અને અનંત શાંતિ મળે તે ધામ ક્યાં ? જ્યાં માયાજાળનું બંધન હોય નહિ એવું પૂણ્યધામ ક્યાં ? દેવના દેવ, મ્હારા પતિદેવનું નિવાસ સ્થાન ક્યાં ? તમારે પગે લાગું છું. હવે મ્હારાથી સહન થતું નથી. જગતની આ પ્રપંચજાળ, આ લુચ્ચાઇ, આ સ્વાર્થ, આ દાનવી નૃત્ય, આ અહંકાર, આ ક્લેશ–દ્વેષ, આ મિથ્યાભિમાન, આ મદમત્સર, હવે સહન થતો નથી. ગૃહસ્થાશ્રમીએ તેવા ! ભગવાં વસ્ત્રધારી સાધુ પણ તેવા ! ઉપરથી ભગવાં, અંતરથી કાળાં ! ઉપરથી વિરાગ, અંતરથી વિભવ. ઉપરથી ત્યાગ, અંતરથી સર્વ સ્વિકાર ! ઉપરથી શાંતિ. અંતરથી ક્રોધાગ્નિ. ઉપરથી મિષ્ટ વચન, અંતરથી કડવું વિષ !

આ કળજુગી નાટક હવે જોઈ શકાતું નથી! જીવાત્મા કોઈ પણ રીતે માનતો નથી. એક ક્ષણ પણ રહેવાતું નથી. આપણે પ્રકૃતિના દાસ છીએ, પરંતુ વાસનાનો દાવાગ્નિ સળગાવી બેઠા છીએ. હૃદયગ્રન્થી છિન્ન ભિન્ન થઇ ગઇ છે. માયાનું બંધન કાપી નાંખ્યું છે. કહો હવે, શું કરૂં? ક્યાં જાઉં? મ્હારા સમ છે. સત્ય વાત લખજો. તમે ઘણાં શાસ્ત્રો વાંચ્યાં છે. તમે ઘણું જ્ઞાન મેળવ્યું છે. મ્હારા પતિ, પરમાત્મા, ક્યાં મળશે તે તમે બતાવી શકશો. હું તમારા પર અતિશય પ્રેમ રાખું છું. જો તમે મ્હારા પર પ્રેમ રાખતા હો તો પ્રેમીજન પેઠે સલાહ આપજો. મરણ પામવાથી તે મળતા હોય તો લખજો, હું મરણ પામીશ.”

તમારી ચિર–સેવિકા, **કમલિની.**

પત્ર પરબીડિયામાં બંધ કરી પોષ્ટમાં નાંખવાની વ્યવસ્થા કરી.

પંચમ પરિચ્છેદ.

માર્ગ

જેમ જેમ દિવસો જતા ગયા તેમ તેમ કમલિનીને, વૃન્દાવનમાં રહેવું કષ્ટકર જણાવા લાગ્યું. પતિવિરહમાં ઘેલી બનેલી યુવતી સાસરે ગયા પછી સાંભળે કે તેનો પ્રિય પતિ ત્યાં નથી અને ત્યાં હવે આવવાનો પણ નથી, તેમ છતાં તેમનું ઘર, તેમની વિલાસ વાટિકાઓ, અને તેમની ચરણરજ ત્યાં પડયાં રહ્યાં છે, તે જોઇને જેમ તેના હૃદયમાં પતિમિલનની આકાંક્ષા અધિક જન્મે છે, જેમ તે અસ્થિર ચંચળ–ચિત્ત થઇ જાય છે, અને તેનો વિરહ–વ્યાધિ જેમ અતિશય વધી પડે છે, જેમ સસરાનું ઘર તેને અતિ દુઃખનું કારણ થઇ પડે છે, તેજ પ્રમાણે કમલિનીની સ્થિતિ થઇ. પરકીય રસાશ્રમોમાં–કહો કે વ્યભિચારના અખાડાઓમાં જઇ ભજન કરવાનું તેણે સ્વીકાર્યું નહિ તેથી ત્યાંનો વૈષ્ણવ સમાજ

તેના ઉપર નાના પ્રકારનો અત્યાચાર—અનાચાર કરવા લાગ્યો. હવે તે ક્યાં જાય ? મનુષ્યોની વચમાં રહેવું તેને માટે દુઃખદાયક થઇ પડ્યું. તેના મનમાં એવોજ વિચાર ઉદ્દભવ્યો કે: “સમસ્ત જગત્ માયાના અગ્નિમાં બળી મરે છે! માનવ સમાજમાં પાપનો પ્રબળ પ્રવાહ, રાત—દિવસ, અખંડ ધારા રૂપે વહી રહ્યો છે! અહિં રહેવાથી તેમને પ્રાપ્ત કરી શકાશે નહિ. એ કારણને લીધેજ પ્રાચીન સમયના ઋષિ મુનિયો મનુષ્યોની વસ્તીનો ત્યાગ કરી જંગલમાં રહેતા હશે. મનુષ્યનો કણ્ઠ સ્વર સંભળાય તેટલે વેગળે તેમનો નિવાસ નહિ હોય. આ સ્થળે રહીને તેમનું પ્રિય કાર્ય કરી શકાય નહિ. એક પણ દીન હીનનાં નયન અશ્રુ લુછી શકાય નહિ. આ સ્થળે, એક ક્ષુદ્ર કીટને અન્ય ક્ષુદ્ર કીટ, ગળી જવા આવે તો તેનું રક્ષણ કરવાની મનુષ્યમાં સત્તા નથી—યોગ્યતા નથી. પ્રાણ તડપડે, મન રડે, તો પણ અનેક વિઘ્નના ધક્કા લાગી, યત્નોને વ્યર્થ કરી દે. આ સ્થળે રોગથી દુઃખી થતા એક મનુષ્યના હોઠ ઉપર હાસ્ય ફરકાવવાની મનુષ્યમાં શક્તિ નથી. ત્યારે પછી આ સ્થાનમાં—આવા પવિત્ર ગણાતા ધામમાં—ભગવાનની લીલા નિકેતન મનાતી નગરીમાં, શા માટે રહેવું જોઇએ ?”

એક દિવસ સન્ધ્યા સમય પછી કમલિની એકાંત સ્થાનમાં બેઠી બેઠી, આ પ્રમાણે નાના પ્રકારના વિચારોમાં ગુંથાઇ હતી. એટલામાં દાસીએ આવી તેના હાથમાં એક પત્ર મૂક્યો. શિરનામું જોતાંજ કમલિનીએ જાણી લીધું કે: તે શિવપ્રસાદનો પત્ર છે. ઉતાવળે પરબીડીયું ઉઘાડી પત્ર વાંચવા લાગી:—

“ દેવી કમલિની !

તમે મ્હારા કરતાં વિશેષ આગળ વધ્યાં છો. તમારી જે અવસ્થા થઇ છે તે જોતાં અનુમાન થાય છે કે હવે તમને તે વૈદિક—પ્રકાશ, તે પ્રાચીન—અનંત પ્રકાશ મેળવવામાં અધિક વિલમ્બ નથી. હવે તમારા પત્રનો ઉત્તર આપું છું. સંસારમાં કેવળ અત્યાચારજ છે. તે અત્યાચર, અવિચાર, અનાચારનું નિવારણ કરવાની તમારામાં શક્તિ નથી ? કોઇનામાં પણ શક્તિ નથી પરંતુ મનુષ્ય જ્યારે તે પ્રકાશની—દિશામાં દ્રષ્ટિપાત કરે છે—પોતાના સ્હામુંજ દ્રષ્ટિપાત કરે છે—જ્યારે મનુષ્યની સ્વતંત્રતા ચાલી જાય છે, બળ

જાય છે, આત્મ વિશ્વાસ જાય છે, જ્યારે મનુષ્યનું સર્વસ્વ જવાની તૈયારી થઇ રહેલી જણાય છે, જ્યારે આશા ભંગ થાય છે, જ્યારે મનુષ્યને પોતાના આત્મબળ ઉપર વિશ્વાસ રહેતો નથી, અને જીવન એક વિચૂર્ણ થયેલા ઢગલા જેવું બની જાય છે, ત્યારેજ તેને તે આલોકનાં કિરણોનું દર્શન થાય છે. એ આ લોકનાં કિરણોનું નામ ધર્મ.”

તમારા હૃદયમાં ધર્મ છે, પરંતુ સ્વતંત્રતાનો, આત્મબળનો જે અહંકાર હતો, જે “હું” પણું હતું, તે સંસારમાં જોઇ, જાણી અને અનુભવીને ટળ્યું છે. અહંભાવનો નાશ થવાથીજ, મનુષ્ય પોતાને, આત્માને ઓળખે છે. અહંભાવનો નાશ થાય છે ત્યારેજ સર્વ સંશય છિન્ન થઇ જાય છે.

તમે વૃન્દાવનમાં ગયાં છતાં તેને પ્રાપ્ત કરી શકયાં નથી! સર્વત્ર તેનાં ચિહ્ન જૂવો છો, સર્વત્ર તેનો વિકાશ જૂવો છો, તેને પ્રાપ્ત કરવા તમારૂં ચિત્ત દોડાદોડી કરી રહ્યું છે, છતાં તેને પ્રાપ્ત કરી શકતાં નથી! એવું ચાંચલ્ય તમારામાંજ જણાય છે. તમારા હૃદય–દેશમાં રહેલો ભગવાનજ તમને તેની શોધ કરવા–મેળવવા આકુલ વ્યાકુલ કરી રહ્યો છે. અહિં, તહિં, મંદિરમાં, સ્વર્ગમાં, મર્ત્યમાં, અને અનેક સ્થાને, અનેક ઉપાયો કરાવી શોધાવ્યા પછી અંતે આપણે જે સ્થળેથી આરંભ કર્યો છે અર્થાત્ આપણા આત્મામાંજ, ગોળાકાર ફરી ફરીને પાછા આવીએ છીએ, ત્યારેજ જોઇ શકીએ છીએ કેઃ જેની પ્રાપ્તિ કરવા માટે આપણે સર્વ પૃથ્વી ઉપર શોધ કરતા હતા, જેને મેળવવા માટે મંદિરે મંદિરે ભટકી કરૂણ વદને, આંસુ ભરેલે નેત્રે પ્રાર્થના કરતા હતા, જેને આપણે અતિ વેગળે આકાશના વાદળાંની પાછળ સંતાઇ રહેલો, નિરાકાર, નિરંજન, ગુપ્ત, જાણતાં હતાં તે આપણી અતિશય પાસે છે. તેજ આપણો પ્રાણ છે, તેજ આપણો દેહ છે, તેજ આપણો આત્મા છે, તેજ આપણે છીએ, આપણેજ તે છીએ, એજ તમારૂં સ્વરૂપ છે, તમે પવિત્ર સ્વરૂપજ છો. તમારે પૂર્ણ સ્વરૂપ થવું પડશે નહિ. તમે પૂર્ણ સ્વરૂપજ છો. સમુદય પ્રકૃતિએ પડદાની પેઠે પોતાના આંતરમાં રહેલા સત્યને ઢાંકી રાખ્યું છે. પરાભક્તિનો ઉદય થતાં તમે તેમાં જેમ જેમ લય પામશો તેમ તેમ ધીમે ધીમે તે આવરણને છિન્ન કરી શકશો, અને

અન્તે પ્રકૃતિના પડદામાં રહેલું શુદ્ધ સ્વરૂપ, અનન્તદેવ તમારામાંજ પ્રકટ થશે. પરાભક્તિના બળથી તેમાં લય પામશો તેના પ્રમાણમાં પ્રકૃતિના અંતરમાં રહેલો પ્રકાશ, સ્વાભાવિક રીતેજ, ધીમે ધીમે અધિક પ્રમાણમાં પ્રકટી નિકળશે, કારણ કે તેનો ધર્મ, એવી રીતે પ્રકટ થવાનોજ છે. એ પ્રકાશ માયાના આવરણમાં ઢંકાઇ રહે છે તેથીજ તેને આપણે જોઇ શકતા નથી. જો તે જાણી શકાય એવો હોત તો તેના સ્વભાવનો લોપજ થઈ જાત. તેથીજ તે નિત્ય જ્ઞાની છે. જ્ઞાન તો અસીમ છે. કોઇ વસ્તુનું જ્ઞાન પ્રાપ્ત કરવું હોય ત્યારે તેનું જ્ઞેય વસ્તુરૂપે–વિષયરૂપે–ધ્યાન ધરવું જોઇએ–તેના ઉપર વિચાર કરવો જોઇએ. તે તો સકલ વસ્તુના જ્ઞાતા સ્વરૂપ છે. સર્વ વિષયના વિષયી સ્વરૂપ છે. આ વિશ્વ–બ્રહ્માંડના સાક્ષિ સ્વરૂપ છે, તમારા આત્મા સ્વરૂપ છે. જ્ઞાન તો એક નીચલી સ્થિતિ છે. માત્ર અવનત–અવસ્થા છે. જ્ઞાનદ્વારા તે પરમાત્માને જાણવાનું બની શકે એમ નથી! **માત્ર પરાભક્તિદ્વારા તેનામાં લય પામી જાઓ ત્યારેજ તેને જાણી શકશો, ત્યારેજ તેને પ્રાપ્ત કરી શકશો.**

તે માર્ગે જવા માટે **માર્ગ પ્રદર્શક દીપક** ત્હમારા સ્હામુંજ છે. વિશ્વની આદિ તપસ્યા, બ્રહ્મનું આદિ શાસ્ત્ર વેદ કહે છે કેઃ આત્માનાં દર્શન થવાથી હૃદયની ગ્રન્થિનો ભેદ થશે. સર્વ સંશયો છિન્ન થશે, અને સમસ્ત કર્મનો ક્ષય થશે.*

કમલિની ત્હમે કહેશો કેઃ "એ તો હું સમજું છું. એ તો બધાંજ જાણે છે. પરંતુ તે–ભગવાન ક્યાં મળે? તેનાં દર્શન શી રીતે થાય? તેજ વાત મ્હેં તમને પૂછી છે. સર્વત્ર અંધકાર જણાય છે. માર્ગ ક્યાં? તે અનન્ત માર્ગ ક્યાં? તે અમર ધામ જવાનો માર્ગ ક્યાં? તે સચ્ચિદાનંદ સ્વરૂપ રાજરાજેશ્વરના આનંદ ધામમાં જવાનો માર્ગ ક્યાં? હું તમારા ઉપર બહુ પ્રેમ રાખું છું. **તે અંધારે માર્ગે જવાનો દીપક આપો.**"

પરંતુ કમલિની, ત્હમારા એ કહેવાનો ઉત્તર સાંભળજોઃ—

---

* भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्व्वे संशयाः ।
क्षीयन्ते चास्य कर्म्माणि दृष्टे एवात्मनीश्वरे ॥ श्रुतिः ॥

शृण्वन्तु विश्वे अमृतस्य पुत्राः ।
आ ये धामानि दिव्यानि तस्थुः ॥ *

"હે દિવ્યધામ નિવાસી અમૃતના પુત્રો! સાંભળો, મ્હેં (તે) માર્ગ પ્રાપ્ત કર્યો છે. જે અંધકારથી અતીત છે, તેનાં દર્શન કર્યાથી અંધકારની બહાર જવાનો માર્ગ જાણી શકાય છે.

દેવી કમલિની! **તે માર્ગનો દીપક પરાભક્તિજ છે.** પરાભક્તિજ એ માર્ગે જતાં પ્રકાશ પાડશે અને **તેનાં દર્શન કરાવી દેશે.**

सर्व धर्म्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वां सर्व्व पापेभ्यो मोक्षयिष्यामि माशुचः ॥

પરંતુ મહાદયાળુ ભગવાન બીજી ક્ષણેજ અર્જુનને સાવચેત કરવા માટે બોલ્યા કેઃ—

इदन्ते नातपस्काय नाभक्ताय कदाचन ।
ना चाशुश्रूषवे वाच्यं न च मां योऽभ्यसुयति ॥

એથી વિશેષ લખવાનું કશું નથી. આથી તમે સારી પેઠે સમજી શકશો. તમારા પ્રશ્નનો ઉત્તર ઉપર મળી ગયો છે, '**પરાભક્તિ**ને માર્ગે વળ્યા સિવાય ભગવાનને મળી શકાતું નથી' ઘણા સાધુઓ, ઘણા આચાર્યો, ઘણા પુરોહિતો, ભગવાનનાં દર્શન કરાવી આપવાનો કૉન્ટ્રાકટ લઇ બેઠા છે પણ **પરાભક્તિ** પ્રાપ્ત કર્યા સિવાયના આચાર્યો આચાર્યજ નથી. તેમણે ઇશ્વર મેળવ્યા નથી—શિષ્યોને તે મેળવી આપશે પણ નહિ! તમે બુદ્ધિમાન છો. તમને માર્ગ બતાવ્યો છે. સ્થાન બતાવ્યું છે. ગમન કરવું અને **તેને પ્રાપ્ત કરવો** એ હવે તમારે હાથ. ક્ષમા.

તમારો શુભેચ્છક, **શિવપ્રસાદ.**

---

* શ્વેતાશ્વતર ઉપનિષત્. અ. ૨.

ષષ્ઠ પરિચ્છેદ.

વિદાય.

કમલિનીએ એ એકજ પત્ર ધ્યાનપૂર્વક ત્રણ ચાર વખત વાંચ્યો. તેના શબ્દે શબ્દના અર્થ મન પર ઠસાવ્યા. તેમાં સમાયલું રહસ્ય બરાબર જાણી લીધું. ત્યાર પછી સાદડી પર પગ લાંબા કરી અનેક ક્ષણ પર્યંત વિચાર કરવા લાગી. વિચાર કરતાં કરતાં ત્હેના મુખ ઉપર ક્વચિદ્ પ્રકાશ ખિલી નિકળતો અને ક્વચિદ્ ઓલવાઇ જતો. ક્વચિદ્ તેના ગુલાબી મુખ ઉપર લાવણ્ય પ્રફુલ્લિત થઇ ઉઠે અને ક્વચિદ્ મુખ મલિન થઇ જાય. એ પ્રમાણેજ થોડો સમય વીત્યો, ત્યાર પછી મુખ ઉપરનો અંધકાર દૂર થયો. લાવણ્ય વિશેષ ખિલ્યું, જ્યોતિની લહરો વિશેષ પ્રકાશવા લાગી. નયનમાં પૂર્ણ પ્રીતિ અને પ્રસન્નતાનાં ચિહ્નો જણાવા લાગ્યાં. કમલિની ઉઠીને બહાર ગઇ, તે સમયે દાસી હસતી હસતી ત્યાં આવી પહોંચી. કમલિની મૃદુ હસતી હસતી બોલીઃ "મુઇ, અભાગિણીને હસવું શેનું આવે છે? આ સ્થળે આવ્યા પછી કોઇ દિવસ ત્હારે મુખે ભગવાનનું નામ સાંભળ્યું નથી. શા સમાચાર છે?"

દાસીએ આનન્દ–ગદ્ગદ્ કણ્ઠે કહ્યું: "ભ્રગુપૂરથી વ્યાસજી પધાર્યા છે."

વ્યાસજી એટલે ગૌરિશંકર વ્યાસ. તેમણે ઉત્તરાવસ્થામાં ભ્રગુપૂરમાં એક પાઠશાળા સ્થાપી હતી અને ન્હાનાં બાળકોને લખવા–વાંચવાનું શિખવતા હતા. બાળકો તેમને વ્યાસજી કહેતા. બાળકો પછી તેમનાં માતાપિતા, આત્મિય–સ્વજન અને ધીમે ધીમે સમસ્ત શહેરના લોકો તેમને વ્યાસજી કહીનેજ બોલાવવા લાગ્યા. વૃદ્ધાવસ્થા થયા પછી ગૌરીશંકરે તે કાર્ય છોડી દીધું હતું, પરંતુ લોકોએ ખિતાબ છોડયો નહોતો. તેઓ વ્યાસજી કહીનેજ બોલાવતા અને

તે વિશેષણુથી તેઓ સર્વત્ર ઓળખાતા હતા. દાસીએ વ્યાસજી કહ્યા એટલે કમલિનીએ તુર્તજ તેમને ઓળખી લીધા, અને પૂછ્યું: "વ્યાસજી કયાં છે?"

દાસી: "તેમનું પાકીટ આપણા ઓરડામાં મૂકી બહાર ગયા છે. હમણાં આવે છે."

કમલિની: "કેમ આવ્યા છે તે જાણે છે?"

દાસી: "સત્યવતી બ્હેને તમને તેડવા મોકલ્યા છે. અરેરે! ગમે તેમ કહો પણ માની જણી બ્હેન કની! કેમ રહી શકે?"

એજ સમયે વ્યાસજીએ ઘરમાં પ્રવેશ કર્યો, અને ચૉકમાંથી "કમલિની કયાં છે?" એમ પૂછ્યું. કમલિનીએ ઉતર દીધો: "આવો અહિં છું."

કમલિનીએ ઉત્તર દીધો તેજ ઘરને દાદરે વ્યાસજી ચઢયા. દાસીએ હાથપગ ધોવા લોટામાં જળ આપ્યું. વ્યાસજીએ પૂછ્યું: "તમારૂં શરીર તો સારૂં છે? સત્યવતીએ તમને ઘેર લઈ જવા માટે મ્હને મોકલ્યો છે."

કમલિની: "તમે હાથ પગ ધુવો. પાણી બાણી પીઓ. ત્યાર પછી વાતચિત કરીશું."

વ્યાસજીએ લોટો લઇ હાથ પગ ધોતાં ધોતાં પૂછ્યું: "જ્યારે પ્રભુના ધામમાં આવ્યો છું ત્યારે તો બે દિવસ દેવદર્શન કરીશ, ત્યાર પછી શુક્રવારે તમને લઇને જઇશ."

કમલિની ભીંતને અઢેલી ઉભી હતી. તેણે કહ્યું: "હું આવીશ નહિ."

વ્યાસજી: "એમ કેમ! સત્યવતીએ બહુ આગ્રહ કર્યો છે."

કમલિની: "મ્હારે માટે તો તીર્થયાત્રા એજ સારૂં સ્થાન છે. દેશમાં જઇ સંસારમાં પ્રવેશ કરીને શું કરીશ? એ બધું મ્હને સારૂં લાગતું નથી."

વ્યાસજી: "સત્યવતીએ કહ્યું છે કે: તમે નહિ આવો તો તેને બહુ કષ્ટ થશે."

કમલિની: "સત્યવતી તો હમેશાં એવીજ રહી. બાંધેલો બંધાવે. હું મરી ગઈ હોત તો મ્હારા વગર તેનું શી રીતે ચાલત?"

વ્યાસજી: "તમને ઘણું સમજાવીને લઇ જવાનું તેમણે મ્હને કહ્યું છે"

કમલિનીએ હસીને ઉત્તર દીધો: "તમે તમારા કર્તવ્યમાં ચૂકશો નહિ, પરંતુ હું આવીશ નહિ."

દાસી ત્યાં ઉભી હતી. કમલિનીની વાત સાંભળી ત્હેને ઘણો ક્રોધ ચ્હડયો. શમાં તેના ભત્રિજાની એક કન્યા હતી. વૃન્દાવનમાં આવ્યા પછી તે કન્યાને યાદ કરી તેણે એકે દિવસ સુખે અનાજ ખાધું નહોતું! તેણે કહ્યું: "હું હમેશાં આહં રહી શકીશ નહિ. તમારે ના જવું હોય તો મ્હને રજા આપો. હું તમારા કાકાની સાથે ચાલી જઇશ."

કમલિની: "એ વાત ઉપર મ્હેં પણ વિચાર કર્યો છે. ત્હને આ સ્થળે રહેવું ન ગમતું હોય તો તું વ્યાસજી કાકા સાથે દેશ જા."

વ્યાસજી: "ત્યારે પછી તમારી પાસે કોણ રહેશે?"

કમલિની: "આ દેશની એકાદ દાસી રાખી લઈશ."

વ્યાસજી મહારાજ એક દર્ભાસન પર બેસી સન્ધ્યાના મંત્રો બોલવા લાગ્યા, અને વચમાં વચમાં કમલિનીને દેશના અનેક સમાચાર કહેવા લાગ્યા. એમ કરતાં કરતાંજ તેમની સાયં સન્ધ્યાનું કર્મ પૂરૂં થયું! પછી વાળુ કરવા બેઠા. તે સમયે કમલિનીને દેશમાં પાછા આવવાને બહુ પ્રકારે સમજાવી. બહુ બહુ સદુપદેશ દીધા. તેમ કરવામાં તેમણે જરા પણ ક્યાસ રાખી નહિ, પરંતુ કમલિની તેમના ઉપદેશ પ્રમાણે વર્તવા ખુશી નહોતી. તેણે દેશમાં જવાની સાફ ના કહી. અંતે નિરાશ થઇ વૃદ્ધ વ્યાસજી બોલ્યા: "જો તમ દેશમાં ન આવો તો તમારી જેવી ઇચ્છા, પણ સત્યવતીએ આ સો રૂપિયા મોકલ્યા છે તે લો."

કમલિનીએ કહ્યું: "તેના રૂપિયા તેને પાછા આપી દેજો. મ્હારી પાસે જેટલા રૂપિયા છે તે હજી ઘણા દિવસ ચાલશે. જરૂર પડશે તો તેને લખીશ. તે વખત મોકલવા કહેજો."

વ્યાસજી: "તું ખરેખરી અજ્ઞાન છોકરી છે. વિદેશમાં તો હમેશાં રૂપિયાની જરૂર પડે. એ કામમાં આટલી બધી બેદરકારી કેમ રાખે છે?"

કમલિની: "તમે અવળું સમજો છો. વિદેશમાં આવા સામાન્ય ઘરમાં રહેવું, આ સ્થળે લોઢાની પેટી વગેરે કશું નથી. રૂપિયા હોય તો અનેક વિપદ આવી પડે!"

વ્યાસજીએ એ બચાવને યોગ્ય ગણ્યો. આહાર વિગેરે કામથી પરવારી નિદ્રા વશ થયા.

વ્યાસજી વૃન્દાવનમાં ત્રણ ચારેક દિવસ રહ્યા. ત્યાં યમુનાજીમાં સ્નાન અને સર્વ દેવમંદિરોમાં દર્શન કરી, દાસીને સાથે લઇ ભ્રગુપુર પાછા ગયા.

કમલિની એકલી પડી. સન્ધયા સમય થઇ ગયો હતો. ચાંદનીના શીતલ પ્રકાશથી વૃન્દાવનની શોભા મનોહર થઈ રહી છે. વાટિકાઓમાં પક્ષીઓ મધુર સંગીત ગાઇ રહ્યાં છે. મંદ વાયુની લહરો વાતાં પુષ્પમાંથી સૌગંધ પ્રસરે છે. કમલિની બારી આગળ બેઠી બેઠી વિચારમાળાના મણકા મૂકે છે. તે વિચાર કરે છે કે: "હવે શું કરવું ? શિવપ્રસાદે જે ઉપદેશ દીધો છે તેનો અર્થ શો ? ત્યારે શું મ્હારા પ્રાણેશ્વર, મ્હારા હૃદય–મંદિરમાંજ વસી રહ્યા છે? તેઓ શું બહાર નથી ? લોકો કહે છે કે: તેઓ વૃન્દાવનનો ત્યાગ કરી એક ડગલું પણ વેગળે જતા નથી.* ત્યારે તેમનાં દર્શન કેમ થતાં નથી ? પ્રભુ ! પ્રાણવલ્લભ ! શું તમે વૃન્દાવનમાં નથી ? શું આ ધામમાં હું તમારાં દર્શન કરી શકીશ નહિ ? આ–વો બંધુ–આવો, પ્રાણેશ્વર ! હવે વિરહ સહન કરી શકતી નથી. જ્યારે આવવું નહોતું, જ્યારે દર્શન દેવાં નહોતાં ત્યારે આટલી બધી આશા આપી કેમ ? તમારા માટે જીવ આટલો વ્યાકુળ કેમ થઇ રહ્યો છે ? શું દર્શન નહિ દો નાથ ? મનમાં થાય છે કે મરણ કેમ નથી પામતી ? સાંભળ્યું છે કે પ્રેમને માટે પ્રાણ સમર્પણ કર્યા વિના પ્રેમનું ધન પ્રાપ્ત થતું નથી."

આ સમયે કમલિનીએ ઉઘાડી બારીમાંથી જોયું કે: નિર્મળ ચાંદનીમાં થઇને એક સુન્દરી યુવતી આહિરિણી–વૈષ્ણવીએ સર્વાંગે પુષ્પનો શણગાર ધારણ કર્યો છે. હાથમાં ખંજરી છે. તેનાપર વગાડતાં ધીમે ધીમે મૃદુ મિષ્ટ સ્વરે તે ગાય છે કે:—

"ધૈર્ય કુરૂ ધૈર્ય મમ, ગચ્છં મથુરામેં;
ઢુંઢુંગી પુરી પ્રત્યક્ષ, જહાં દરશન પાવેં."

આહિરિણી ચાલી ગઇ. તેનો મિષ્ટ સ્વર હજી વાયુના વેગમાંથી ચાલ્યો જતો નથી. કમલિની મનમાંજ વિચારવા લાગી: "એણે શું ગાયું ? રાધાજીને કૃષ્ણ–વિયોગ થતાં બહુ વ્યાકુલ થયાં ત્યારે વૃન્દા તેમને કહે છે કે:

* वृन्दावनं परित्यज्य पादमेकं न गच्छति ।

"ઉતાવળાં થશો નહિ. ધૈર્ય ધરો, હું મથુરાં જઇને સમસ્ત પુરી શોધી વળીશ. ત્યાં પ્રત્યક્ષ દર્શન થશે."

કમલિનીના મનમાં થયું કે: "ત્યારે હું પણ શા માટે વૃન્દાવનમાં બેસી રહું? તે તો હમણાં મથુરાંમાં પણ નથી." એકાએક શિવપ્રસાદનો પત્ર યાદ આવ્યો. તેનું શરીર કમ્પી ઉઠ્યું. વળી તે બોલી: "શિવપ્રસાદે તો કહ્યું છે કે પુરી એટલે દેહપુરી—શરીર રૂપી નગરી. દેહ રૂપી નગરી શોધી જોતાંજ તેમનાં પ્રત્યક્ષ દર્શન થશે. અન્ય કોઇ પણ સ્થળે દર્શન થશે નહિ. મંદિર અથવા અન્ય કોઇ પણ સ્થળે શોધી વળો પણ સર્વત્ર ફરીને અન્તે હૃદય—પુરીમાંજ તેમનાં દર્શન થશે. ત્યારે તો નક્કી મ્હારા પ્રાણેશ્વર વૃન્દાવનમાં નથી."

એ સમયે બારણા આગળ ખંજરીનો મધુર સ્વર સંભળાયો. કોઇ રમણીએ કોમળ કણ્ઠે કહ્યું: "ભિક્ષા આપો મા. એક મુઠ્ઠી ભિક્ષા આપો. એક ભજન સંભળાવીશ."

કમલિની બારીએ ગઇ. તેણે જોયું કે તેજ આહિરિણી ઉભી છે. તેણે પૂછ્યું: "તું ભિખારિણી શાથી થઈ?"

આહિરિણીએ ઉત્તર દીધો: "દિવસે શ્રીના મંદિરમાં સાધુઓની સેવા કરૂં છું અને રાત્રે ઉદરપોષણ માટે ભિક્ષા માગું છું. નિઃસ્વાર્થ સેવા એજ મ્હારૂં જીવનવ્રત છે. ભિક્ષા આપશો? એક ભજન સંભળાવું?"

કમલિની: "હા, આવ ઉપર."

આહિરિણી ઘરમાં માળ ઉપર ગઇ. ચંદ્રનાં કિરણો પડવાથી તેનું સર્વાંગ મનોહર સુંદર જણાતું હતું. મૃદુ પવન આવતાં તેનાં વસ્ત્ર તથા માથાના વાળની લટો જરા જરા ઉડતી હતી. તેણે ખંજરી વગાડી ગાવા માંડ્યું:—

"તુમ સંગ રહુંગી મૈંય મધુપૂર."

વ્રજકુલ આકુલ, સબ ભયે બ્યાકુલ,
મર રહેં હૈંય હમ ઝૂર—તુમ.
યશોમતિ નન્દ, અન્ધ સમ કુન્દ,
આય સકત નહિં દૂર—તુમ.

સખા ગણુ ધેનુ, નગર–બાજાર વેણુ,
બિસરે છાંડ ગરૂર,
કુસુમ ત્યજકે અલિ, લૌટત ક્ષિતિ તલિ,
તરૂ ગણુ મલિન ભરપૂર–મૈંતો.
શારી શુક પિક, મયુરી નાચત ન ઠીક,
કોકિલા ન ગાત બન આતુર–મૈંતો.
વિરહિની વિરહ, ક્યા કહું માધવ,
વિરહ વ્યથા હોત નાંહિ દૂર–મૈંતો.
નિર્મલ યમુના જલ, હો ગયા મલિન સબ,
કહત દાસ પ્રેમ પરી ધૂર–મૈંતો.

વૈષ્ણવી ગાન સમાપ્ત કરી બોલીઃ “ભિક્ષા આપો બા. એક બીજે ઘેર જઇ શકાય.”

કમલિની તે વાત સાંભળી શકી નહિ. તે આ વખતે ધ્યાનાવસ્થ હતી. વૈષ્ણવીએ પુનઃ કહ્યુંઃ “આપો બા. ભિક્ષા આપો. એક ઘેર બેસી ન રહેવાય.”

કમલિનીએ આ વખત સાંભળ્યું. ઘરમાંથી ચાર પૈસા અને એક સેર ચોખા લાવી આપ્યા. વૈષ્ણવી વિદાય થઈ. ભિક્ષા ઝોળીમાં નાંખી વૈષ્ણવીએ કહ્યુંઃ “એકાદ સંગીત બીજું સાંભળવું છે બા?”

કમલિનીઃ “તને નુકશાન ન થાય તો ગા.”

વૈષ્ણવીએ પોતાની ચમ્પક કલિકા જેવી આંગળીઓ વડે ખંજરી વગાડતાં કહ્યુંઃ “ભિખારીને વળી લાભ નુકશાન કેવું બા? એક મુઠ્ઠી ચોખા મળ્યા એટલે બસ.”

સપ્તમ પરિચ્છેદ.

સંગીત.

કમલિનીએ કહ્યું: "આજનો ભાર મ્હારા ઉપર. તું બે ચાર ગાયન ગા. ત્હારો કણ્ઠ બહુ મિષ્ટ છે. વાતચિત પણ બહુ શુદ્ધ છે."

વૈષ્ણવી કમલિનીની છેક પાસે જઇ બેઠી, અને મૃદુ મધુર હાસ્ય કરતી બોલી: "દાણલીલા ગાઉં ?"

કમલિની: "હું તે કશું સમજતી નથી. જે સારૂં જણાય તે ગા."

વૈષ્ણવીએ ખંજરી વગાડી ગાવા માંડયું:—

માનસ-ગંગા જલ, કરે અતિ કલકલ,
દોઉ તીર ઉઠે તરંગારે;
ગગનમેં ગાજે મેઘ, પવનમેં બઢે વેગ,
નૈયા કૌન પાર ઉતારે.

વૈષ્ણવીને ગાતાં અટકાવી કમલિનીએ કહ્યું: "વિચાર રૂપ ગંગાનું જલ, જીવાત્માઓને માટે વાસ્તવિક રીતે જોતાં સદા કલકલજ કરે છે, તેમાં વળી પ્રાણાદિ દશ વાયુનો સહયોગ થતાં વેગ અતિશય થયા સિવાય કેમ રહે ? તેમાંથી પેલે પાર થવાનો ઉપાય શો ?"

વૈષ્ણવી પણ મૃદુ હાસ્ય કરી મધુર સ્વરે બોલી: "કેમ ? યોગરૂપ નૌકા વડે, ગમે તેવો તોફાની વાયુ હોય કિંવા ગમે તેવી પ્રચણ્ડ વેગે વહેતી નદી હોય તોપણુ પાર જઈ શકાય."

કમલિની: "તું માત્ર ભિખારિણી નથી. ગાવામાં હોંશિયાર છે, અને જ્ઞાનમાં પણુ ચઢતી છે. વારૂ, તે નૌકાનો સુકાની કોણુ ?"

દેખ સખી, નૌકા–સુકાની કૃષ્ણરાય,
જાને ના સરિત દિશા, જાને ના નૌકા ચઢા,
તબહીં વ્હો નૌકા–ચલાય–દેખ સખી.

કમલિનીએ પૂછ્યું: "તે તો સર્વજ્ઞ છે. તો પછી આવી અજ્ઞાનતા ભરેલી આશંકા કેમ? નૌકા કેમ ચલાવવી અને સરિતાની કઈ દિશામાં જવું એ સર્વ તે જાણે છે."

વૈષ્ણવી: "તે સર્વજ્ઞ હોવા છતાં નિષ્ક્રિય છે. જ્ઞાતા હોવા છતાં કાર્ય કારણની બહાર છે."

કમલિની: "હં. ત્યાર પછી?"

વૈષ્ણવી: "બ્હેન, તે મહા દયાળુ સુકાની નૌકામાં બેઠેલા મુમુક્ષુ જીવોને પેલે પાર ઉતારે છે. જેમ પુત્રનું શરીર બગડતાં પિતા ત્હેને પોતાના ખોળામાં લઇ માથું દબાવે છે, ઔષધ ચોપડે છે અને તેને આરામ થાય છે ત્યારેજ પિતાને આનંદ મળે છે; તેમ ભગવાનનું સ્મરણ કરનાર ભક્તોને માટે સમજવું. તે મહાન દયાળુ પિતા છે."

કમલિનીએ જિજ્ઞાસુ થઇ પૂછ્યું: "ત્યારે શું તેના પર વિશ્વાસ રાખવાથી તે ખોળામાં લેશે? હું તેનામાં એકાકાર થઈ શકીશ? તેમના હૃદયમાં મ્હારૂં હૃદય મેળવી દઇને વિરહ જ્વાળા શાંત કરી શકીશ? એવો દિવસ ક્યારે આવશે?"

વૈષ્ણવી: "ભક્તિ કરતાં કરતાં તેની સાથે એક દિવસ એકાકાર થઇ જવાય છે. જેમ જળમાં જળનું બિંદુ રેડતાં સર્વ જળ જળાકાર થઇ જાય છે તેમ ભક્તિ અતિશય થતાં ભક્ત ભગવાન સાથે એકાકાર થઇ જાય છે. અહા! તે સમયે કેવો આનંદ?"

કમલિની: "એ મિલનથી આનંદ રસ ઉભરાઈ જાય છે. જીવ અને કૃષ્ણ જ્યારે એકાકાર થાય છે ત્યારે એ મિલનનો આનંદ કહી શકાય નહિ. અહાહા! તે આનંદ!"

વૈષ્ણવી: "તેમ છતાં પણ "તુ" અને "હું" પણું રહે છે. આનંદનો ઉપભોગ કરવાનું જ્ઞાન રહે છે તેથીજ ગદ્દગદ્દ કણ્ઠે, રોમાંચ પુલ-

ફક્ત દેહે કહેવાય છે કે "શું કરવા જતાં શું થયું?" એમ કહેવાય છે, પણ જ્યારે એટલુંએ જ્ઞાન રહે નહિ, એટલે એ દ્વૈતભાવ રહે નહિ ત્યારેજ તે ખરો નાવિક કહેવાય. નાવિકને નૌકામાં બેઠેલાંની બહુ ચિન્તા રહે છે. તેમને જીવન્મુક્ત કર્યાં સિવાય નાવિકનો છુટકો થતો નથી."

કમલિની: "નૌકામાં બેઠેલા જીવને માટે નાવિકને કેટલી ચિન્તા હોય છે?"

વૈષ્ણવી: "એ તો કહેવાની વાતજ નહિ. જીવાત્મા જ્યારે પરમાત્માની નૌકામાં બેસી માયા–વૈતરણીને પેલે પાર જાય છે–જીવાત્માએ જ્યારે પરમાત્માને નૌકાના નાવિક બનાવ્યા છે–જ્યારે બન્ને ભેગા મળ્યા, બન્નેએ એક બીજાને ઓળખ્યા, અને એક બીજાની સ્હામે સ્હામા ઉભા રહ્યા, ત્યારે વ્યાકુલ થયેલા જીવાત્માનાં નાવક–પરમાત્મા–આંસુ લુછે અને તેને ધૈર્ય આપતાં કહે છે કે "હે જીવ! ત્હારા હૃદયના ઉંડાણમાંથી થયેલી પ્રાર્થના મ્હેં સાંભળી છે અને ત્હારા જેવા ભક્તને ખાતર હું યોગી, ભોગી, ચમાર, અને ગોવાળ થયો હતો. હજુ પણ ગમે તેવાં રૂપ લઇને, ગમે તેટલાં કષ્ટ પામીને પણ હું ત્હારો ઉદ્ધાર કરવા આવીશ. બ્હેન! બા! તે ભગવાન ભક્તનો હાથ પકડી તેનો ઉદ્ધાર કર્યા વગર રહેતા નથી એવો મ્હને અટલ વિશ્વાસ છે."

કમલિનીના બન્ને નેત્રમાં જળ ભરાઈ આવ્યાં. તેણે ગદ્ગદ્ કણ્ઠે કહ્યું: "તું બ્રહ્મજ્ઞાનમાં વિદુષી જણાય છે, પ્રભુ–પ્રેમમાં ગાંડી બનેલી જણાય છે, ભક્તિમાં ભાદરવાની જળ ભરી ગંગા જણાય છે. તે પરમાત્માજ નાવિક, તેજ સુકાની છે ત્યારે તું જીવાત્માને નાવિક કેમ કહે છે? પરમાત્મા જીવાત્માને માટેજ યોગી, ભોગી, ચમાર, ગોવાળ થયા હતા?"

વૈષ્ણવી: "તેમ નહિં તો બીજું શું બ્હેન? તે પરમાત્માજ લીલાનો આનંદ ભોગવવા માટે પ્રત્યેક જીવમાં અધિષ્ઠિત થઇ રહ્યા છે. તે પરમાત્માજ રસનો ઉપભોગ કરવા માટે જીવાત્માની પાસે બંશી વગાડે છે. તે પરમાત્માજ બંશીમાં બીજમંત્ર બજાવી જીવને મુગ્ધ કરી રાસ રમાડી રસનો ઉપભોગ કરાવે છે. જે સમયે જીવ માયાને પેલે પાર હોય છે તે સમયે પરમાત્મા તેનાથી ઘણે વેગળે હોય છે. પણ જીવ જ્યારે માયાની જાળ કાપી, કિનારો છોડી

પરમાત્માને નાવિક બનાવી ભક્તિ—નોકામાં ચ્હડી બેસે છે, તે સમયે પરમાત્મા જીવને આધીન થઇ જાય છે. ભક્તને આધીન ભગવાન. ત્યાર પછી પરમાત્માજ જીવને મોહન બંશીનું ગાન શિખવે છે. બંશી શીખીને, જગત્—પ્રપંચમાં આનંદ ઉપભોગ કરી, જીવ—ચૈતન્યમાં અને તુરીય—ચૈતન્યમાં તે એકાકાર થઇ જાય છે—તન્મય થઇ જાય છે. તે સમયે જીવ દ્વૈત મટીને અદ્વૈત થાય છે. માયા મટી બ્રહ્મ થાય છે."

કમલિનીઃ "ધન્ય છે ત્હારા જ્ઞાનને. ધન્ય છે ત્હારી ભક્તિને. બંશી—શિક્ષા કહો જોઉં."

વૈષ્ણવીએ મૃદુ હાસ્ય કરી ઉદાસ નયને, કામગન્ધ શૂન્ય નેત્ર કટાક્ષ વડે કમલિનીના મુખ તરફ જોઇ કહ્યુંઃ "જીવાત્માએ જ્યારે પરમાત્મા દ્વારા સૃષ્ટિ—કાર્યના આનંદજનક સમાચાર સાંભળ્યા, ત્યારે તેની દ્વૈતવાદની કઠોર જવાળા દૂર થઈ. તેને અદ્વૈતનો આનંદ પ્રાપ્ત થયો. એ અદ્વૈત—નિધિ દ્વૈતમાં શી રીતે બદલાય તે જાણવાની ઇચ્છા થઇ. નદી સાગરને મળવા છુટી—એકાકાર થવા ઉતાવળે ગઇ. રાધા રાધાકાન્ત પાસેથી કામ—બીજ કામ—ગાયત્રીના—તાન લય સ્વરો શિખવા માટે વ્યાકુળ થઈ રહી. બંશીના દરેક રન્ધ્રમાંથી જીવને જૂદી જૂદી શિક્ષા મળી છે. કોઇ રન્ધ્રમાંથી સુલલિત સામ—ગાન ગવાય છે, કોઈ રન્ધ્રમાંથી મયુર—મયુરિણીનો નાચ સંભળાય છે. કોઇ રન્ધ્રમાંથા રસિક પારિજાતની સૌગંધનો અનુભવ થાય છે, કોઈ રન્ધ્રમાંથી જાણે પ્રાણનાથ કદમ્બ વૃક્ષ ઉત્પન્ન કરી તે નીચે બંશી બજાવતા ઉભા છે, કોઇ રન્ધ્રમાંથી ષડ્ઋતુ પ્રફુલ્લિત થઇ રહી છે, કોઈ રન્ધ્રમાંથી નન્દન વનનાં ફળ ફુલ પ્રફુલ્લિત થઇ રહ્યાં છે, કોઇ રન્ધ્રમાંથી કોકિલા પંચમ સ્વરે ગાન ગાઇ રહી છે. એ પ્રમાણે શ્યામરાય બંશીમાંથી જીવને અનેક શિક્ષા—દાન કરે છે અને તેને પોતાનો કરી લે છે. અંતે જીવાત્મા પરમાત્મા રૂપ થઈ જાય છે."

કમલિનીએ પૂછ્યુંઃ "એ સર્વ રન્ધ્ર એટલે શું ?"

વૈષ્ણવીએ ઉત્તર દીધોઃ એનાથીજ "આ જગત્ કશુંજ નથી." એવું જ્ઞાન થાય છે."

કમલિનીઃ "વેદાન્તના મત પ્રમાણે એને માયા કહે છે."

વૈષ્ણવીઃ "માયા ખરી પણ જીવમાં અપરા શક્તિ—આનંદ શક્તિ—વિદ્યમાન છે. વેદાન્ત જેને માયા કહે છે, તેને સાંખ્યમાં પ્રકૃતિ કહે છે. અષ્ટ પ્રકૃતિ (અષ્ટ સખી) સિવાય બીજી પણ એક પ્રકૃતિ છે. તેનું નામ જીવ.* જીવને તે આનંદ—શક્તિનો અનુભવ થાય છે. રસ નવ પ્રકારના છે. બંશીનાં છિદ્રો પણ નવ છે. ભગવાનમાં પૂર્ણ રસ છે તેથીજ નવ રન્ધ્રોમાંથી જગતનાં આદિ બીજ "ક લ ઇમ્" ધ્વનિ થાય છે. જીવ જો તે ના શિખે તો એ રસનો ઉપભોગ કરી શકે નહિ. તેનો શિક્ષક—તેનો ગુરૂ અન્ય કોઈ થઇ શકે નહિ. જીવ પરમાત્માને મળે તોજ તે શિક્ષણ મળે છે. પ્રત્યેક રન્ધ્રમાંથી રાતદિવસ તેજ ધ્વનિ નિકળે છે. જીવ જ્યારે એ ધ્વનિ સાંભળી ગાંડો બની, પરમાત્માની સમ્મુખ જઇ, શિખવા માટે પ્રાર્થના કરે છે ત્યારે તે તેને શિખવે છે. તેથીજ અંતે પરમાત્મામાં લીન થવાય છે.× એ દ્વારા સત્વ, રજઃ, અને તમઃનાં કાર્ય શિખાય છે અને તમઃ રજઃમાં અને રજઃને સત્વમાં મેળવી શુદ્ધ સત્વ થઇ જવાય છે. ભગવાને રાધાને મુખે બંશી ધરીને એજ શિક્ષણ આપ્યું હતું. એ દ્વારાજ તેનું હૃદય ઐક્યભાવ પામ્યું હતું. તેથીજ તેણે દ્રવ્ય—સ્થૂળ વ્યાપારનો ત્યાગ કરી, સગાંસંબંધી ત્યજી સૂક્ષ્મ વ્યાપાર આરંભ્યો હતો. અર્થાત્ તેને ભગવાનને મળવાનીજ ધૂન લાગી હતી. તે ધૂનમાંજ તેણે માયાવી જગતનાં મનુષ્યોની લજ્જા આબરૂ ત્યજી દીધી હતી અને ભગવાનને શોધતી ફરતી હતી. અંતે પરાભક્તિ ઉત્પન્ન થતાં તેણે પરમાત્માને પ્રાપ્ત કર્યા હતા—પરમાત્મામાં તે લીન થઇ હતી; કહો કે મોક્ષ પામી હતી."

કમલિની આંગળી વડે નેત્રનાં જળ લૂછી બોલીઃ "પરાભક્તિ જન્મે ત્યારેજ સ્ત્રી પુરૂષનો ભેદ મટે. નારીનો સ્વાંગ વેગળો ફેંકી જીવે બંશી શિખવાનો આરંભ કર્યો, ત્યારપછી શું થયું તે પુનઃ કહે વૈષ્ણવી."

---

* भुमिरापोऽनलोवायुः खं मनोबुद्धिरेवच ।
अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥

× अपरेयमितस्तन्यात् प्रकृतिं विद्धि मे परां ।
जीवभूतां महाबाहो ययेदं धार्य्यते जगत् ॥ શ્રીમદ્ ભગવત્ ગીતા.

વૈષ્ણવીએ કમલિનીના મુખ સ્હામુ જોઇ કહ્યું: "ત્યાર પછી જીવાત્મા પરમાત્મા સાથે બીજ—ગાન ગાઇ રસાનન્દનો ઉપભોગ કરવા લાગે છે."

કમલિની: "એજ બરાબર સમજાતું નથી."

વૈષ્ણવી: "કેમ ?"

કમલિની: "જીવાત્મા અને પરમાત્મા જ્યારે એકાકાર થઇ જાય છે ત્યારે એ રસાનંદનો ઉપભોગ કરે કોણ ? જીવ જ્યારે શિવ થઇ જાય ત્યારે જીવનો ભેદભાવ રહ્યો ક્યાં ? પરમાત્મા તો પરિપૂર્ણ છે, આનન્દમય છે, તેને વળી નવો આનન્દ અનુભવવાનો કેવો ?"

વૈષ્ણવી: "પરમાત્મા સાથે એકાકાર થવું એ એક નવીનતા છે. પ્રેમમાં આત્મજ્ઞાન શૂન્ય થઇ બન્ને એકત્ર થાય છે, કોઈ પ્રકારનું જ્ઞાન રહેતું નથી, બાહ્ય ઇન્દ્રિયો શક્તિ રહિત થાય છે, માત્ર પ્રેમમાંજ મગ્ન થઇ રહે છે, તથાપિ એક પ્રકારનો મત્ત આનંદ પ્રત્યેક મર્મસ્થાનમાં અનુભવાય છે. પ્રાણમાં પ્રાણ મળી જાય છે, ચિત્તમાં ચિત્ત અને ધર્મમાં ધર્મ એમ સર્વ મળી જાય છે. તે સમયે રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ વગેરે કશું રહેતું નથી. માત્ર પ્રેમની મત્તતા રહે છે. એ એકાકાર થવું તે કાંઈ જેવું તેવું હોય છે ! તેજ ખરેખરૂં એકત્વ. તેજ ખરો પ્રેમ. તેજ જીવનું શિવત્વ. પરંતુ તેમાં બન્ને એક રૂપ થઇને તે આનંદ ભોગવે છે. જીવ શિવરૂપ થઇને આનંદ ભોગવે છે."

કમલિનીના બન્ને નેત્રમાંથી પ્રબળ જળ પ્રવાહ વહેવા લાગ્યો. અનેક ક્ષણ પર્યંત તે તન્મય થઇ રહી. ત્યાર પછી તેણે કહ્યું: "એવો આનંદ, એવી બંશી શિક્ષા, એ પ્રમાણે જીવ અને શિવનું એકાકાર થવું, શી રીતે બની શકે વૈષ્ણવી ?"

વૈષ્ણવીએ મૃદુ હસતાં હસતાં ઉત્તર દીધું: "સદા તે સત્ય સનાતન ભગવાનનું ધ્યાન અને ધારણાથીજ એ મહત્ત સુખ પ્રાપ્ત કરી શકાય છે.*"

---

* યોગિયોના કથન પ્રમાણે, મનુષ્ય ષટ્‌રિપુ પર જય મેળવી, ષટ્ ચક્રનો ભેદ કરે છે, અને જીવાત્મા—પરમાત્મા રૂપ થાય છે ત્યારેજ એવું સુખ મળે છે. એનું નામજ સમાધિ. સમાધિ વખતે ઇન્દ્રિયો બાહ્ય વ્યાપાર ત્યજી આત્મામાં લીન થાય છે. તે વખતે તેને પિંડમાંજ સમસ્ત બ્રહ્માણ્ડની પ્રતીતિ થાય છે. યોગિયો એ સમયના આનંદનું વર્ણન કરી શકતા નથી, અર્થાત્ અનહદ આનંદ પ્રાપ્ત થાય છે. લેખક.

કમલિની: "તું પાછળ કેમ હઠે છે? "હું" પણું ભૂલી જ્યારે બન્ને જણુ એક થઇ જાય છે ત્યારે વળી તેનો પ્રકાશ થવામાં અડચણુ શી?"

વૈષ્ણવી: "બહુ સારો પ્રશ્ન. પરંતુ એવી રીતે એક થઇ જવું એ કાંઇ "હું" પણું ત્યજ્યું કહેવાશે નહિ. "હું" પણું ભૂલી જવાય ત્યારે બાકી શું રહે? આત્મ વિસર્જનનો અર્થ તો હમણાં દ્રશ્યમાન થતા "અહં"નો ત્યાગ. એ અહંકાર અને મમતાના પૂર્વ કુસંસ્કારના ફળ સ્વરૂપ અને જેટલો અહંકારનો ત્યાગ કરી શકાય તેટલો આત્મા નિત્ય—સ્વરૂપ, પોતાના પૂર્ણ મહિમા વડે પ્રકાશિત થાય છે, એજ ખરો આત્મત્યાગ—એજ ખરૂં "હું"પણું ભૂલી જવું. વ્યવહારિક જીવો હદવાળા જગતમાં આબદ્ધ થઇ રહે છે. હમણાં જેને મનુષ્ય કહી શકાય છે તે એજ જગતની અતીત અનન્ત—સત્તાનો માત્ર સામાન્ય આભાસ છે. તે સર્વસ્વ—રૂપ અનન્ત અગ્નિની માત્ર એક ચિણુગારી છે. પરંતુ ખરી રીતે જોતાં તે અનન્ત અગ્નિજ તેનું ખરૂં સ્વરૂપ છે. અગ્નિ એક, તેની ચિણુગારીઓ અનેક. ભગવાન એક, જીવાત્મા અનેક. ચિણુગારી અન્તે અગ્નિમાં જઇ મળે છે ત્યારેજ અનંત અગ્નિ રૂપ થવાય છે. ત્યારે જીવ શિવ રૂપ થાય છે. જીવ એ ચિણુગારી, શિવ એ અનન્ત અગ્નિ."

કમલિની: ".એક ખુલાસો પૂછવો છે."

વૈષ્ણવી: " ઘણી ખુશીથી."

કમલિની: "હુંપણું ભૂલ્યાથી—એવી રીતે બન્ને એકાકાર થવાથી—શું ફળ પ્રાપ્ત થાય?"

વૈષ્ણવી: "રસની લહરીઓ વહી રહે છે. અનંત સુખ અથવા અનંત આનંદ પ્રાપ્ત થાય છે. આપણે જોઇએ છીએ કે: જગતનાં સર્વ મનુષ્યો સુખને શોધતા ફરે છે, પરંતુ અનેક મનુષ્યો ક્ષણભંગુર, વિનાશક વસ્તુઓ ઉપર મોહ પામી તેમાંજ સુખ જૂવે છે, અને તેમાંજ સુખનો અનુભવ કરે છે. કોઈ સ્ત્રી, પુત્ર, વાડી, બંગલા, ધન, સમ્પત્તિ વગેરે વસ્તુઓ મેળવવા માટે યત્ન કરે છે અને તે મેળવીનેજ સુખનો અનુભવ કરે છે પરંતુ તે બધાં સાધનો મળવા છતાં પણુ કોઇ ઇન્દ્રિયને સુખ મળતું નથી, કોઈ ઇન્દ્રિય એવા । સુખથી તૃપ્ત થતી નથી. તમે કહી શકશો કે કયો મનુષ્ય કઇ દ્રષ્ય વસ્તુથી

તૃપ્ત થયો ? કોઈ પણ વસ્તુથી નહિ. અર્થાત્ કોઈ પણ ઇન્દ્રિયને સ્થાયી સુખ મળતુંજ નથી. સુખ જો મળતું હોય તો તે આત્માથીજ પ્રાપ્ત કરી શકાય છે તેથીજ પૂર્ણ સુખ મેળવવા તેનામાં મળવું, તેની સાથે એકાકાર થવું."

કમલિની: "જીવ તેને મેળવવા માટે દોડે છે, પરંતુ તે જીવ ઉપર એટલો બધો કરૂણામય કયા કારણથી થાય છે ?"

વૈષ્ણવી: "જીવ એ તેનોજ અંશ છે. ભોગ કરાવવા માટે જીવ એ તેના દ્વારાજ સૃષ્ટિના આદિકાલમાં ઉત્પન્ન થયો છે. ઉભયના મિલનથી રસની ઉત્પત્તિ થાય છે—ખરા કામનો વિનાશ થાય છે તેથીજ બંશી વાગે છે. ભગવાનની બંશીમાં શું ગવાય છે ? માત્ર રાધા નામ. રાધા એટલે આનંદશક્તિ. આનંદનું તોફાન. આનંદનો અર્થ મુક્તિ, સુખ દુઃખ, વિપદ કષ્ટ વગેરે સર્વ અવસ્થામાં પણ આપણે એક એવો આશ્ચર્યકારક વ્યાપાર જોઇ શકીએ છીએ કે આપણે સર્વ ધીમે ધીમે તેજ મુક્તિની દિશામાં આગળ વધતા જઇએ છીએ. પ્રશ્ન થશે કે "વાસ્તવિક રીતે જગત્ એ શું ? ક્યાંથી એની ઉત્પતિ અને એ ક્યાં જશે—ક્યાં લય પામશે ?" ઉત્તર મળશે કે: "મુક્તિમાંથીજ એની ઉત્પત્તિ, મુક્તિમાંજ તેનો વિશ્રામ, અને મુક્તિમાંજ એનો લય." જગતની સર્વ ગતિ, એજ મુક્તિનો પ્રકાશ છે. એ બંશી સ્વર સર્વ જીવોને કહે છે કે: "થાકેલા અને દુઃખી થયેલા સર્વ જીવો મ્હારી પાસે આવો, અને મુક્તિ મેળવો. એ સ્વર, એ અભયવાણી સાંભળવાથી શું થાય છે ? એ સાંભળવાથી આપણા સમ્મુખનું દ્રવ્ય બદલાઇ જાય છે. આ જગત્, કે જે પૂર્વે માયાનું બીભત્સ યુદ્ધક્ષેત્ર હતું તે કોણ જાણે શાથી, ધારવા કરતાં વિશેષ સૌંદર્ય પૂર્ણ, અતિ સુંદર, કંઇક ચમત્કારિક અવસ્થામાં બદલાઈ જાય છે. ત્યાર પછી જ્યારે તે સુન્દર સાથે મળી જઇ, એકાકાર થઇ જઈ, તે બંશી રન્ધ્રમાંથી નિકળતું ગાન ગાઇ શકીએ છીએ ત્યારેજ—તે વખતેજ—રસની લહરો ઉઠે છે. પ્રાણમાં રસનું તોફાન ઉઠે છે. પ્રાણ રસને હિલ્લોળે ચ્હડે છે. ચિદ્દ્ઘનાનન્દથી પ્રાણ તૃપ્ત થાય છે.

કમલિની: "ત્હારૂં નામ શું બ્હેન ? આટલું બધું જ્ઞાન ત્હને ક્યાંથી મળ્યું ?"

વૈષ્ણવી: " જ્ઞાન ! મ્હને જ્ઞાન ક્યાં છે ? પક્ષીની પેઠે જે કાંઇ સાંભળ્યું છે તેજ બોલી જાઉં છું. હવે રજા લઉં છું. "

કમલિની: " પણ ત્હારૂં નામ ? "

વૈષ્ણવી: " મ્હારૂં નામ યોગેશ્વરી." એટલું કહીને વૈષ્ણવી ચાલી ગઇ. કમલિનીએ તેને કંઇક ભિક્ષા આપવા બૂમ પાડી પણ તે પાછી ફરી નહિ."

અષ્ટમ પરિચ્છેદ.

સન્યાસ.

વૈષ્ણવી યોગેશ્વરીની અવસ્થા જોઇને કમલિની વિસ્મય પામી. ગાયન ગાતાં પહેલાં ભિક્ષા લેવાની સરત કરી હતી પરંતુ જતી વખતે આગ્રહ કરવા છતાં તેણે ભિક્ષા લીધી નહિ. તે ક્યાં રહેતી હશે? આવી વિદુષી રમણી, આવી ભક્તિમતી વૃન્દાવનમાં કેટલી રમણીઓ હશે ? એવા વિચાર કરતાં કરતાં કમલિનીના મનમાં થયું કે: " એ શું કોઇ દેવબાળા હશે ? " તેણે સત્વર બારીએ જઇ રસ્તા તરફ જોયા કર્યું.

કમલિનીએ જોયું કે, પુષ્પાભરણ ધારણ કરેલી વૈષ્ણવી યોગેશ્વરી શાંત–શીતળ ચાંદની વડે શોભતા રાજમાર્ગમાં થઇને મૃદુ ચાલ ચાલતી, મધુરૂં ગાન ગાતી યમુના–કિનારા તરફ ચાલી જાય છે. તે ગાય છે:—

केलि–रस–माधुरी ततिभिरति मेदुरी,
कृत निखिल बन्धु पशुपालम् ।
द्रवविधूत चन्दनं स्फुरदरुण–बन्धनं,
देहरुचि निर्जित तमालम् ॥

યોગેશ્વરી ચાલી જતી હતી. ધીમે ધીમે તે ઘણે વેગળે જતી રહી. કમલિની તે ગાયન સાંભળી શકી નહિ ત્યારે તે બહુ ઉદાસ જીવે, બહુ વિહ્વળ ચિત્તે, શય્યામાં પડી. શયન કર્યું. પથારીમાં પડી અનેક ક્ષણ પર્યંત વિચારો કરવા લાગી. વિચારો કરતાં કરતાં તેના જીવમાં પૂર્ણ રીતે સુખ મેળવવાની

વેદના ઉત્પન્ન થઇ. તેણે વિચાર્યું: “ હવે વૃન્દાવનમાં રહીશ નહિ. જનહીન પર્વત ગુહામાં, એકાંત જંગલમાં જઈ ભગવાનના રૂપનું ધ્યાન ધરીશ. તેના રૂપનાજ વિચારો કરીશ. તે આત્મા રૂપી ભગવાન તો મ્હારા હૃદય પ્રદેશમાંજ છે. જનકોલાહલ શૂન્ય વનમાં જઇને તેનાં દર્શન કરીશ. આ સંસારમાં કેવળ નિરાશાનુંજ સામ્રાજ્ય છે ! જ્યાં ત્યાં અસંતોષ, જ્યાં ત્યાં લોભ, જ્યાં ત્યાં ક્લેશ, જ્યાં ત્યાં તૃષા ! મનુષ્ય માત્રમાં એજ જણાય છે. ક્યાંય આનંદ નથી. ક્યાંય પ્રેમ નથી. જે સ્થળે નિરાશા એજ સમસ્ત જીવનના સન્તાન રૂપ થઈ બેઠી છે, તે સ્થાનમાં મનુષ્યની સાધના સફળ શી રીતે થાય ? સાધના માટે એકાંતનીજ અગત્ય છે. આનંદ મેળવવા માટે આનંદમય ધામમાંજ જવું જોઇએ. જંગલ એજ સ્વાર્થરહિત, નિર્દોષ આનંદનું ધામ છે. હું આ સ્થાનનો ત્યાગ કરીશ.”

કમલિનીએ એ બાબત ઉપર ઘણી વાર સુધી વિચારો કર્યા, પછી ત્હેને વિચાર થયો કે: ત્યારે જવું ક્યાં ? હું તો રમણી.

એકાએક તેને રોમાંચ થયો. તેનું શરીર કમ્પી ઉઠયું. મનનું હાસ્ય હોઠ ઉપર દેખાયું. તેનું મન બોલ્યું: “ શું હું રમણી છું ! કોણ રમણી ! હું અવિનાશી, અમર, અમૃતનો આદિ દેવતા. યોગેશ્વરી હમણાંજ ગાતી હતી કે, મ્હારા પ્રાણેશ્વરે સ્ત્રીનો સ્વાંગ કાઢી નાંખવાની આજ્ઞા કરી છે. શિવપ્રસાદે મ્હને તે દિવસે સ્વપ્નમાં જે મૂર્તિ ધારણ કરી દર્શન દીધાં છે તેજ રૂપ હું ધારણ કરીશ. હવે માથા ઉપર વાળનો ભારો ઉંચકીને ફરીશ નહિ. આ સાડી પહેરવાની મ્હને ઇચ્છા થાયજ કેમ ? હાથે આ બંગડીઓ શા માટે જોઇએ ? શરીરનો વર્ણ સુંદર કેમ ? શું હું રમણી છું ? શું રમણીનો સ્વાંગ મ્હારા પ્રાણ—સખાને સારો લાગતો નથી ? તેમણે રાધિકાને એ વેશ ત્યાગ કરવાનો કહ્યો હતો. બન્નેનો એકજ પહેરવેશ હતો. એકજ વિચાર હતા. તેમ ના હોય તો એકાકાર થવાય શી રીતે ? હું સન્યાસી થઇશ. ત્યાર પછી વૃન્દાવન ત્યાગ કરી કોઇ પર્વતની ગુહામાં ચાલી જઇશ.”

તે રાતે કમલિનીને નિદ્રા આવી નહિ ! આખી રાત ભગવદ્ વિચારમાં ગાળી. પ્રાતઃસમય થતાં પહેલાંજ, બે ઘડી રાતે શય્યા ત્યાગ કરી.

પ્રભાતનો કોમળ પ્રકાશ પૃથ્વીપર પડતાં પહેલાંજ તે યમુના કિનારે ગઇ. ત્યાં જઇ એક હજામને બોલાવ્યો. માથાના વાળ કાપી નાંખવાની તેને આજ્ઞા કરી.

પ્રભાતના બાળસૂર્યનાં રક્ત કિરણ, યમુનાના નીલ જળ ઉપર પડી શોભા વિસ્તારવા લાગ્યાં. કોઇક વાટિકાનાં પુષ્પોમાંથી શીતળ પવન સાથે મધુર સુગંધે આવી કિનારાને સુવાસિત કરી દીધો. કેટલાંએ નરનારી યમુનાના જળમાં સ્નાન કરી હરિગુણ ગાતાં હતાં. કિનારાપર ઉગેલાં વૃક્ષોની શાખા પર બેઠેલાં પક્ષીઓ, તે ગાનનું અનુકરણ કરી વૃન્દાવનને કોલાહલ પૂર્ણ કરી મૂક્યું હતું. વૈષ્ણવો ઓવારાઓ પર બેસી મૃદંગ, કરતાલ, ખંજરી વગાડી હરિકીર્તન કરી રહ્યા હતા. કમલિનીએ એક લીંબડાના વૃક્ષમૂલમાં બેસી, હજામને મસ્તક મુણ્ડન કરવાની આજ્ઞા કરી.

હજામ યુવાન અને ચતુર હતો. કમલિનીનું રૂપ જોઇ તે ચમકી ઉઠયો. તેના બરડા સુધી કાળા ભ્રમર જેવા પુષ્કળ સુંદર વાળ કાપતાં તેની હિમ્મત ચાલી નહિ. તેના હાથમાંનો અસ્તરો કમ્પવા લાગ્યો. જાણે તેના મનમાં એવું થતું હતું કેઃ "તેના વાળ કાપીને આવું જગત્-મોહક સૌંદર્ય, હું મનુષ્ય થઇને શા માટે નષ્ટ કરૂં?"

તેને વિચારમાં પડેલો જોઇ કમલિનીએ હસીને કહ્યુંઃ "શો વિચાર કરે છે? વાળ કાપ ઝટ."

હજામ ચમક્યો. તેણે ખિન્ન હૃદયે, યમુનાના પવિત્ર જળમાં કમલિનીનું માથુ પલાળ્યું અને બ્હીતાં બ્હીતાં અસ્ત્રાવડે વાળ મુંડવા લાગ્યો.

ભરયુવાવસ્થામાં, કમલપુષ્પ સમાન ખિલતી, અપ્સરા સમાન મનોહર સુંદરી, કયા પ્રકારના વૈરાગ્યથી માથાના વાળ મુડાવે છે તે જોવાને અનેક મનુષ્યો ત્યાં એકઠાં થઈ ગયાં. કોઇએ તેને ના કહી, કોઇએ જરા મશ્કરી કરી, અને કોઇ તેને દુઃખી હૃદયે બોધ આપવા લાગ્યા. કંઈક દક્ષિણા મળવાની આશાએ એક કીર્તન કરતી મંડળીએ આવી વિરાગનાં ભજનો ગાવા માંડયાં. તેમના મધુર ધ્વનિથી, મૃદંગ કરતાલના મધુર નાદથી, સર્વત્ર કરૂણ છાયા છવાઇ રહી. સર્વ અફસોસ કરવા લાગ્યા. માત્ર કમલિનીના હૃદયમાં આનંદ આનંદ છવાઈ રહ્યો હતો.

મસ્તક મુણ્ડન થઇ રહ્યા પછી કમલિનીએ, હજામ, કીર્તન–મંડળી અને ભિક્ષુકોને યથાશક્તિ દાન આપી સંતુષ્ટ કર્યાં. ત્યાર બાદ યમુનાના જળમાં સ્નાન કરી ઘેર પાછી ફરી ગઇ.

ઘરમાં પ્રવેશ કરતાંજ તેણે ચોકમાંજ શિવપ્રસાદને દીઠા. કમલિનીએ મૃદુ હાસ્ય કરી પૂછ્યું: "પ્રાતઃકાળમાંજ તમે કયાંથી ?"

શિવપ્રસાદે વિસ્મય પામી કહ્યું: "તમે માથું મુંડાવ્યું કેમ ?"

કમલિની દાદરે ચ્હડી. શિવપ્રસાદ તેની પાછળ ઉપર ચ્હડયા. બન્ને સ્હામ સ્હામા બેઠાં. કમલિનીએ હસતાં હસતાં કહ્યું: "જો તમને આવતાં થોડો વિલંબ થયો હોત તો આપણે જીવનપર્યંત મળી શકત નહિ."

અતિશય વિસ્મય પામી શિવપ્રસાદે પૂછ્યું: "કેમ ?"

કમલિની: "હું જાઉં છું."

શિવ: "કયાં ?"

કમલિની: "તે હું જાણુતી નથી."

શિવ: "શું તું ગાંડી થઇ છે ?"

કમલિની: "હમેશા વિરહવ્યથા પામતું હૃદય ગાંડું કેમ ના થાય ?"

શિવ: "પતિનાં દર્શન કરવા જવું છે કેમ ?"

કમલિની: "હા."

શિવ: "કયાં ?"

કમલિની: "સમુદ્ર કયાં છે તે નક્કી કરીને નદી પોતાની પર્વત ગુહામાંથી બહાર નિકળતી નથી. તે પ્રાણુપૂર્વક વેગ કરીને, અતિશય ઉછાળા મારતી જુસ્સાબંધ ચાલી જાય છે. તે ગમે તે માર્ગે થઇને વહન થતી હોય છે છતાં પણ તેની ઉગ્ર આકાંક્ષા તેને તેના પતિ સમુદ્ર સાથે મેળવી દે છે. વિરહિણીને પતિનો સંયોગ થાય છે."

શિવ: "પરંતુ ત્હમારા પતિ તો તમારા હૃદયમંદિરમાં સૂતા છે."

કમલિની: "તમે એવો ઉપદેશ આપીને મ્હને ઘણા દિવસ અટકાવી છે. હવે તમારો એ ઉપદેશ મ્હારે સાંભળવો નથી."

શિવપ્રસાદે હસતાં હસતાં કહ્યું: "શું ત્યારે તે અન્ય મંદિરોમાં, અખાડાઓમાં, અથવા મઠોમાં ત્હમને મળશે ?"

કમલિની: "ના."

શિવ: "ત્યારે ક્યાં મળશે?"

કમલિની: "જ્યાં મનુષ્યની વસતી નથી, જ્યાં મનુષ્યના કાર્યમાં નિષ્ફળતા નથી, જ્યાં મનુષ્યની સ્વતંત્રતામાં વજ્રૂર્મિ જેવી વિરૂદ્ધતા નથી તે સ્થળે."

શિવ: "તે સ્થળ ક્યાં આવ્યું?"

કમલિની: "તે હું જાણતી નથી."

શિવ: "ત્યારે શાસાટે જાઓ છો?"

કમલિની: "આટલા દિવસ પછી મ્હારા સ્વામીએ, મ્હારા પ્રભુએ, મ્હારા બંધુએ, મ્હારા હૃદય-વલ્લભે, બંસી બજાવી મ્હને બોલાવી છે. શિવપ્રસાદ, બંધુ! હવે રહી શકીશ નહિ. મ્હારા હૃદય રૂપી વૃન્દાવનમાં, શરતનો સુશીતળ સુમધુર વાયુ વહન થવા લાગ્યો છે. પુષ્પોની સુગંધ વડે પ્રફુલ્લિત થઈ રહેલી રજનીએ મિલન આશા ઉત્પન્ન થઇ છે. સુશોભિત વાટિકામાં મ્હારા શ્યામની મોહન બંશીમાંથી સૃષ્ટિની આદિ-ગાથા, કામબીજનો ધ્વનિ થતાં મૂર્છિત થઈ જવાય છે. હવે સહન કરી શકીશ નહિ. હવે ધૈર્ય ધારણ કરી શકીશ નહિ. તમે આવ્યા છો તે*સારૂંજ થયું છે. તમારા ચરણમાં પ્રણામ કરીને, તમારો આશિર્વાદ લઇને, હું પતિને ઘેર જઇશ."

શિવ: "શા માટે મસ્તક મુંડાવ્યું?"

કમલિની: "તેમના જેવાં થવા માટે. સ્ત્રી પુરૂષનો ભેદ હોય તો મ્હારા પ્રાણેશ્વર સ્વિકાર કરે નહિ."

શિવ: "તે પુરૂષ છે કે સ્ત્રી તે ત્હમે શી રીતે નક્કી કરી શક્યાં?"

કમલિની: "હું સ્ત્રી છું. તે મ્હારા પતિ છે, તે પુરૂષજ હોવા જોઇએ. હું પણ પુરૂષ થઇશ. તેથીજ માથું મુંડાવ્યું."

શિવ: "તે પુરૂષ હશે તો તેમને દાઢી મુછ હશે. ત્હમને તે શી રીતે થશે?"

કમલિનીએ તે પ્રશ્નનો ઉત્તર દીધો નહિ.

શિવપ્રસાદે હસીને કહ્યું: "કમલિની! હું તેથીજ આવ્યો છું. તમે

મ્હારી માતા છો. હું તમારૂં સન્તાન છું. તમે મ્હારા ગુરૂ છો. હું તમારો શિષ્ય છું. જયદેવની પેલી કવિતા યાદ છે કેઃ—

स्मर-गरल-खण्डनं, मम शिरसि मण्डनं,
देहि पाद-पल्लव-दारम् ॥

એક મહાપુરૂષના કણ્ઠમાંથી, એક દિવસ એ મહાન સ્વર નિકળી સમગ્ર જીવ જગતમાં તેનો પ્રતિધ્વનિ થયો હતો. જીવાત્માએ એ સ્વર સાંભળી રસનું સાધન—તંત્ર શોધી કહાડયું હતું. કમલિની! દેવી! માતા! તમારા મ્હોં આગળ હું સન્તાન છું. કરૂણા ભરેલે સ્વરે હું એજ ભિક્ષા માગું છું. ચણ્ડીદાસે પોતાના ધોબણ-ગુરૂ પાસે બે હાથ જોડી કહ્યું હતું કેઃ "હે માતા! મ્હારી પુનઃ પુનઃ એજ પ્રાર્થના છે કેઃ આપના બન્ને ચરણને શીતળ જાણીને હું તેનુંજ શરણુ લઉં છું. રૂપ ધોબણનું છે, કિશોરવય છે, કામ—ગન્ધ નથી, દર્શન નહિ થવાથી મનને ઉચાટ થાય છે, દર્શન કરવાથી પ્રાણુ અતૃપ્ત રહે છે, તમે ધોબણુ છો. રમણી છો. મ્હારાં માતા પિતા થાઓ. ત્રિકાળ તમારૂંજ યજન, તમારૂંજ ભજન. તમેજ વેદમાતા ગાયત્રી છો." કમલિની માતા! ચણ્ડીદાસે કામ—ગન્ધ શૂન્ય બે ચરણનાં શરણની પ્રાર્થના શા માટે કરી હતી તે જાણો છો? કારણકે તેનામાં અને ગુરૂમાં ભેદ નહોતો. એવી રમણી, એવી માતા બીજે મળે નહિ. મનુષ્ય અનેક જણાય છે પણ તેમાં નિવાસ કરી રહેલો આત્મા તો એકજ છે. જળાશય અનેક છે પણ તેમાંનું જળ તો એકજ છે. તેનામાં એકત્ર થયા વગર સાગર થવાતું નથી. મળવાની—એકત્ર થવાની આશા બધામાં બળવાનજ હોય છે. તેથીજ પુરૂષ જીવ, સ્ત્રી જીવ પ્રત્યે આકર્ષાય છે અને સ્ત્રી જીવ પુરૂષ જીવ પ્રત્યે આકર્ષાય છે. પુરૂષ ઉપર પુરૂષ અને સ્ત્રી ઉપર સ્ત્રી આકર્ષાતી નથી તેનું કારણ શું? બન્નેની એક શક્તિ છે માટેજ, મળવા—એકત્ર થવાનું પ્રયોજન નહિ હોવાથીજ. પરંતુ કામના મિલનથી એ ઉદ્દેશ સફળ થતો નથી. જે સ્થળે કામ —ગન્ધ નથી તે સ્થળેજ મિલનની પૂર્ણતા સાધી શકાય છે. મનુ સંહિતામાં જગદ્ ઉત્પત્તિ અધ્યાયમાં મનુએ લખ્યું છે કેઃ "સર્વ શક્તિમાન ઇશ્વરે, જ્વલન્ત શોભાયમાન મૂર્તિના બે વિભાગ કરી દીધા. તેનો એક ભાગ સ્ત્રી

(તત્વ) કહેવાયો. ત્યાર પછી એ મહાસત્યને વિશેષ સ્પષ્ટ કરવા તેની અર્ધ નારીશ્વર મૂર્તિ બનાવી. અર્ધ-નારીશ્વર મૂર્તિનો અર્થ એ છે કે ઉત્પત્તિ સમયે, જીવ-જગત્ સ્ત્રી-પુરૂષના ભેદવાળું-જૂદું નહોતું અર્થાત્ વર્તમાન જગતમાં જે સ્ત્રી-જીવો અને પુરૂષ-જીવો જોવામાં આવે છે તેમનું આદિ કારણ અથવા તેમના આદિ પુરૂષમાં લિંગ-ભેદ નહોતો. તે આદિ પુરૂષ સ્ત્રી પણ હતો, પુરૂષ પણ હતો. અથવા તે સ્ત્રી કિંવા પુરૂષ કંઇ પણ નહોતો. તેનામાં બન્ને શક્તિનો માત્ર વિકાશજ હતો.* મૂલ-શક્તિ અથવા પરમાત્માનાં જે બે વિભિન્ન-શક્તિ-કેન્દ્ર છે, જેને તન્ત્રશાસ્ત્રમાં માતૃ-શક્તિ અને પિતૃ-શક્તિ કહે છે અને દર્શનશાસ્ત્રમાં જેનાં નામ પ્રકૃતિ અને પુરૂષ છે, તે બેમાંથી એકનું પ્રાધાન્યપણું થતાં સ્ત્રી વા પુરૂષ ઉત્પન્ન થાય છે. સાંખ્ય દર્શનના મત પ્રમાણે પ્રથમ અહંકાર અને ત્યાર પછી ઇન્દ્રિયની ઉત્પત્તિ થઇ છે, તેનો અર્થ પણ એજ પ્રમાણે થાય છે. ઇન્દ્રિયને અનુસરીને જીવોને બાહ્યજ્ઞાન થયું છે, તેમ છતાં જીવની આવશ્યકતાને અનુસરીને તેને ઇન્દ્રિય ઉત્પન્ન થાય છે. પ્રથમ સૂક્ષ્મશક્તિમાં ભેદ થાય છે, ત્યાર પછીજ જીવની લિંગ-ઇન્દ્રિયમાં ભેદની રચના થાય છે. સ્ત્રીત્વ અથવા પુરૂષત્વ પ્રથમ શુક્ષ્મશક્તિ રૂપે થયા પછી સ્થૂલ ઇન્દ્રિય-યંત્રમાં તેની ખાસ રચના થાય છે. પિતૃ-અંશ ઉદાસીન, જીવનો પ્રકાશક અને શિથિલ છે. માતૃ-અંશ રચનાકારક,

* ગેડિસ્, ટોમસન વગેરે પાશ્ચાત્ય લિંગ-તત્વવિદ્દ પણ્ડિતોએ નક્કી કર્યું છે કે: "સ્ત્રી-પુરૂષનો ભેદ (સૃષ્ટિના) આદિમાં નહતો. પ્રાણિઓનો આદિ પુરૂષ ઉભય લિંગાત્મક હતો, અને તેજ આદ્ય મૂખ્ય ઉભયલિંગત્વ (Original hermaphrobism)માંથી વર્તમાન સ્ત્રી-પુરૂષનો ભેદ ઉત્પન્ન થયો છે. તન્ત્રશાસ્ત્રમાં અર્ધ--નારીશ્વર રૂપક અથવા જે ગુપ્ત તત્વ તેમાં સમાયું છે, તે ગેડિસ્, ટોમસનના ઉભય લિંગત્વ સુત્ર કરતાં કંઇક વિશેષ ઉચ્ચ શોધ કહી શકાશે. પાશ્ચાત્ય મત પ્રમાણે, સ્ત્રી-પુરૂષના ભેદને લઈનેજ સંચાયિકા-શક્તિ (એનેવલિઝમ) અને વિશ્લેષિકા-શક્તિ (કેટેવલિઝમ)ના તત્વ જણાય છે. સ્ત્રી પુરૂષના ભેદ વડે એમ કેમ થાય છે, તેનું કારણ દર્શાવતાં તેઓ કહે છે કે: ગર્ભસ્થ બાળકમાં સંચાયિકા--શક્તિનું આધિક્ય હોવાથી કન્યા જન્મે છે અને વિશ્લેષિકા શક્તિ અધિક હોવાથી પુત્ર જન્મે છે.

સંઘાયક અને સ્થિતિકારક છે. તેથી જે અંશ જેટલો બળવાન હોય છે તે અંશ, ગર્ભાધાન સમયે તેટલોજ શીઘ્ર સ્ખલિત થઈને ગર્ભનું લિંગત્વ બાંધે છે. ઋષિયો કહે છે કેઃ મૂલાશક્તિના કેન્દ્ર ભિન્નતાના એવા બે વિભાગ હોવા છતાં પુરૂષ અથવા દેહ–મંદિરમાં રહેલું ચૈતન્ય એજ માત્ર તેનો આધાર છે. એ ઉભય શક્તિની સમતા, મળતાપણું, અને સંપૂર્ણતા સાધ્ય કરવી એજ મનુષ્યનો ધર્મ છે. પશુને ધર્મજ્ઞાન નથી. તેથીજ તેઓ નિરર્થક એ બે શક્તિનો વિનાશ કરી નાંખે છે. જે ધર્મને જાણે છે તેજ મનુષ્ય કહેવાય છે. ધર્મભેદને લીધેજ પશુત્વમાં અને નરત્વ–મનુષત્વ–માં ભેદ છે. મહર્ષિ કણાદે કહ્યું છે કેઃ "જેના વડે અભ્યુદય અને વિશેષ કલ્યાણ સાધી શકાય એનું નામ ધર્મ.*" કપિલ મુનિએ કહ્યું છે કેઃ "આધ્યાત્મિક, આધિદૈવિક, આધિભૌતિક, અથવા માનસિક, પ્રાકૃતિક અને શારીરિક ભેદને લીધે ત્રણ પ્રકારના દુઃખની અત્યન્ત નિવૃત્તિ કરવા માટેજ (જેના વડે એ ત્રણ પ્રકારનાં દુઃખનું ચિરકાલને માટે અવસાન થાય તેનું સાધન કરવા માટેજ) મનુષ્યનો જન્મ છે.+ તેથીજ મનુષ્યના શારીરિક, માનસિક અને પ્રાકૃતિક ભેદમાં ત્રણ પ્રકારના ધર્મ રહેલા છે. અર્થાત્ મૂલા શક્તિની એકત્ર કરવાની અથવા ભિન્ન કરવાની શક્તિના ભેદને લીધે જે બે ભિન્ન કેન્દ્ર છે (પ્રાકૃતિક અથવા આકર્ષક વિષયમાં જેને પ્રવાર્તક અથવા નિવર્ત્તક કહે છે) તે એ ત્રણે વિષયનું કાર્ય કરે છે. મૂલા શક્તિ અક્ષોપ કરનાર માતૃકા–કેન્દ્રના અદ્દભૂત રહસ્યમાંજ તાંત્રિકો ડૂબી ગયા હતા. પ્રાકૃતિક, માનસિક, અને આધ્યાત્મિક વિષયમાં તેઓ માતાનું દેવી મહાત્મ્ય જાણતા હતા તેથીજ તેમણે તન્ત્ર શાસ્ત્રમાં એવું અદ્દભૂત રસાયણ ભર્યું છે. એ માતૃ–કેન્દ્રનો જીવન પ્રવાહ, હૃદયમાં પ્રવેશ કરાવી શક્યા હતા તેથીજ તેઓ નારીની જગદ્ધાત્રી રૂપે પૂજા અર્ચના કરતા હતા, તેથીજ જ્યારે જયદેવ, ચણ્ડીદાસ વગેરે રમણીનાં પાદપદ્મ કામ –ગન્ધ શૂન્ય પ્રાપ્ત કરી શક્યા ત્યારેજ તેઓ સમસ્ત જીવનની કામના–વાસના વિસર્જન કરવા શક્તિવાન થયા હતા."

---

* यतोभ्युदय–निःश्रेयस–सिद्धिः सधर्मः । વૈશેષિક દર્શન.

\+ अथ त्रिविध दुःखस्यात्यन्त निवृत्तिरत्यन्त पुरुषार्थः । સાંખ્ય દર્શન.

કમલિનીઃ "કેવી રીતે ?"

શિવપ્રસાદઃ "ચુમ્બકનાં પ્રત્યેક પરમાણુના આંતરમાં બે વિપરીત કેન્દ્રની ચુમ્બક—શક્તિ એકત્ર થઇ નિદ્રિત થઇ રહી છે, એ વાત તમે જાણતાં હશો. એ મિલન ભાંગીને તેને પૃથક્ કરવાથી તે નિષ્ક્રિય હતી તેને બદલે ક્રિયાશીલ થાય છે. પિતૃ—માતૃ અંશમાં જે બે વિપરીત કેન્દ્રની શક્તિ એકત્ર મળી નિદ્રિત થઈ હતી તે બન્નેને પ્રજાપતિએ પૃથક્ કરી જીવન—શક્તિ પ્રકટ કરી છે, અને કામના દ્રઢ બંધનમાં તેને બાંધી રાખી છે તેથીજ કર્મ એ જીવન, કર્મ એજ અદ્રષ્ટ, કર્મ એજ જીવન—મૃત્યુનો સહચર—મિત્ર તેથીજ શક્તિનું પરસ્પર મિલન, નિષ્કામ, અદ્રષ્ટ રહિત અને જન્મ—મરણ નિવારક છે. તેથીજ ઋષિયો કહે છે કેઃ "પ્રાણ—અપાન વાયુના મિલનનું નામ શારીરિક મૃત્યુ છે, અને એ બન્ને વાયુના પૃથક્કરણનું અન્ય નામ અહંકાર છે. અહંકારમાંથીજ જન્મ, જરા અને પ્રલય થાય છે." માતા કમલિની! તહમારૂં હૃદય નિષ્ક્રિય થઇ ગયું છે તેમ છતાં હજુ પણ થોડો વિલમ્બ છે. ગમે તેટલા દિવસ પછી થાઓ, ગમે તેટલા જન્મ પછી થાઓ પણ જ્યારે તે શુભ દિવસ આવશે ત્યારે તહમારા આ અધમ સન્તાનને તમારા પાદપદ્મ આપશો કે નહિ ?"

કમલિનીએ થોડી વાર વિચાર કર્યા પછી ઉત્તર દીધોઃ "તમારી અભિલાષા પરિપૂર્ણ થાવ. હવે મ્હને સન્યાસીનો પહેરવેશ પહેરાવો. હું વૃન્દાવનમાં એક ક્ષણ પણ રહેવા ચ્હાતી નથી. કોઈ મ્હને બોલાવે છે. હું તે બંશી—ધ્વનિ તરફ લક્ષ્ય રાખી આ ક્ષણેજ વિદાય થઇશ."

શિવપ્રસાદે કમલિનીની તે શુભ ઇચ્છામાં વિઘ્ન નાંખ્યું નહિ. બજારમાં જઇને સન્યાસીને યોગ્ય વસ્તુઓ વેચાતી લઇ આવ્યા. તેમણે કમલિનીને પોતાને હાથેજ સન્યાસીનો સ્વાંગ પહેરાવ્યો.

કમલિનીએ પોતાના માખણ જેવા કોમળ ગૌર શરીરે ભસ્મ ચોળી દીધી. ગેરૂથી રંગેલું ભગવું વસ્ત્ર પહેરી તે ઉપર લાંબો ભગવો ઝભ્ભો પહેરી લીધો. માથે ભગવો ફેંટો બાંધી હાથમાં દણ્ડકમણ્ડલુ ગ્રહણ કરી કહ્યું: "શિવપ્રસાદ! જાઉં છું. આશીર્વાદ આપો કે જેથી પ્રાણેશ્વરનો સાક્ષાત્કાર

થાય. આ ઘરમાંનું સર્વ તમારૂં છે.”

આંસુ ભરેલી આંખોવડે કમલિની સ્હામું જોઈ શિવપ્રસાદે કહ્યું: “દેવી ! એક ભિક્ષા આપો. જ્યારે પરિપૂર્ણ માતા થાઓ ત્યારે આ અધમ સન્તાનને તમારે ખોળે લઇ માથે હાથ ફેરવજો.”

“સારૂં.” કહીને દણ્ડકમણ્ડલુધારી જ્ઞાનશૂન્ય કમલિની ચાલી ગઈ.

શિવપ્રસાદે કમલિનીના ઘરની વસ્તુઓ દરિદ્ર ભિક્ષુકોને વહેંચી દઇ તેજ દિવસે મધ્યાહ્નની ગાડીમાં મુંબઇ પ્રયાણ કર્યું.

પંચમ ખણ્ડ.

अहं हि विश्वस्य चराचरस्य, बीजं प्रधानं प्रकृतिः पुमांश्च ।
मया-हितं तेज इदं विभर्षि, विधे विधेहि त्वमधो जगन्ति ॥

પ્રથમ પરિચ્છેદ.

સંકટ-નિવારણ.

ક્ષણ, પળ, પ્રહર, દિવસ, અઠવાડીયું, માસ, વરસ, અને યુગ, એ બધાનું નામ કાળ, અથવા તે મહાકાળનો અંશ છે. આપણે જેને કાળ અથવા સમય જાણીએ છીએ તે બીજું કશું નથી પણ માત્ર મહાકાળની મહદ્ લીલાજ છે. જેમ મહામાયા મનુષ્યોને અસત્ય વસ્તુઓમાં સત્યનો ભાસ કરાવી ભુલભુલામણીની રમત રમે છે તેજ પ્રમાણે મહાકાળ પણ ક્ષણ, પ્રહર, વરસ આદિરૂપે અઘટન-ઘટના બતાવી પ્રકૃતિને જીર્ણ કરે છે. ખરી રીતે જોતાં એ બન્ને “ કશુંજ નથી. ” કશું નહિ હોવા છતાં પણ આપણે તેમનું અસ્તિત્વ અનુભવીએ છીએ. પાછલાં પ્રકરણોમાં જે જે બનાવોનું વર્ણન કર્યું છે તેને કાળના માપને હિસાબે ત્રણ વર્ષ થઈ ગયાં છે.

ત્રણ વર્ષમાં લક્ષ્મીપ્રસાદે ભૃગુપૂરમાં સારી આબરૂ મેળવી છે. શહેરમાં પ્રતિષ્ઠિત ગણાય છે. એક વિદ્વાન બૅરિસ્ટર તરીકે તેણે મુંબઇમાં ખ્યાતિ મેળવી હતી. એક સજ્જન ગૃહસ્થ તરીકે ભૃગુપૂરમાં સન્માન મેળવ્યું હતું. તેના જ્ઞાતિ બંધુઓએજ તેની આબરૂ વધારી હતી. જ્ઞાતિ પરજ્ઞાતિમાંથી સારે પ્રસંગે તેને અનેક આમંત્રણો આવતાં. તેમણે પોતાના સુશીલત્વથી સમાગમમાં આવનાર જનોના મન ઉપર સારી છાપ બેસાડી હતી. હમણાં તેમને ચાર વર્ષનો એક પુત્ર છે.

સત્યવતીએ યોગ્ય પિતા પાસેથી યોગ્ય જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. તે સંસારમાં એવા પ્રકારનું ગૃહિણીપણું કરતી હતી કે જેથી પતિ, સગાં, જ્ઞાતિજનો ઉપરાંત દાસ, દાસીઓ સુદ્ધાં તેના માયાળુ સ્વભાવ અને ઉદાર વ્યવહારથી તેના ઉપર મુગ્ધ થયાં હતાં. ઘરમાં રસોઇયો રસોઈ કરતો પરંતુ તે અતિ સુંદર રીતે ભોજન પીરસતી અને અનેક પ્રકારનાં સુસ્વાદિષ્ટ ભોજન બનાવવાનું જાણતી હતી. લક્ષ્મીપ્રસાદ હાઇકૉર્ટમાં બૅરિસ્ટરના વ્યવસાયમાં પુષ્કળ પૈસા કમાતા, અને સત્યવતીના જેવી પતિવ્રતા, જ્ઞાની, ઉદાર અને વ્યવહારદક્ષ ગૃહિણી મેળવી અતિ સુખ શાંતિમાં જીવન વ્યતીત કરતા.

પોષ માસના એક પ્રાતઃકાળમાં અતિશય ટાઢ પડતી હતી. ઉત્તરમાંથી શીતળ પવનનો સપાટો આવી મનુષ્યના હાડકામાં ટાઢ પેસાડી દેતો હતો. પૂર્વાકાશમાં સૂર્ય ઉદય પામી, પોતાનાં ઉષ્ણ કિરણો વડે ટાઢને હાંકી કાઢવાનો વ્યર્થ યત્ન કરતાં થાકી જતો હતો! જાણે તે કાર્યમાં યશ પ્રાપ્ત કરવાની તેનામાં શક્તિ રહી ન હોય એવું અનુમાન થતું હતું!

સત્યવતી વાદળી રંગની ગરમ–સાડી પહેરી, ઘરના ચૉકમાં બેસી, રસોઇયાને રસોઈ સંબંધી કંઇક ઉપદેશ દેતી હતી. ત્યાંથી થોડે વેગળે તેનો બાળક પુત્ર કેશવપ્રસાદ, સન્ધ્યાની સામગ્રી સમ્મુખ મુકી પિતાની પેઠે સન્ધ્યા કરવાની નકલ કરતો હતો. ઘડિકમાં આચમન કરતો, ઘડિકમાં માર્જન કરતો, ઘડિકમાં નાક પકડતો અને ઘડિકમાં બે હાથ જોડી પ્રણામ કરતો. તેના સ્હામું જેપુરી રમકડાંના શંકર ભગવાનની મૂર્તિ હતી. તે જાણે ભગવાનનું ધ્યાન ધરતા શુકદેવ બેઠા હોય, જાણે ભગવાન મેળવવાને બાલ્યાવસ્થામાં

આશા ત્યજી તપસ્યા કરવા બેઠેલા ધ્રુવજી હોય તેવું જણાતું હતું. બાળક પુત્રની ભક્તિ–શ્રદ્ધા જોઇ માતા સત્યવતી રસોઇયા જોડે વાતમાં ગુંથાવા છતાં પુત્ર તરફ દ્રષ્ટિ નાંખી મનમાંજ આનન્દ મગ્ન થતી હતી. તેને મનમાં ને મનમાંજ "ચિરંજીવ ભવ" કહી આશિર્વાદ દેતી હતી.

એ સમયે લાલ બનાત ઓઢી એક પ્રૌઢ વયનો પુરૂષ ત્યાં આવ્યો. સત્યવતી તેને જોતાંજ ઉતાવળે ઉઠી ઉભી થઇ અને તેને પ્રણામ કર્યા. ત્યાર પછી પૂછ્યું: "આવો મામા, કયાંથી પધાર્યા? બધાં સારાં તો છે?"

એક ખોંખારો મારી તે ગૃહસ્થે ઉત્તર દીધો: "હા, બ્હેન. બધાં સારાં છે. ઘેરથીજ ચાલ્યો આવું છું."

સત્યવતીએ એક ખુરસી લાવી મૂકી. આવેલો પુરૂષ તેના પર બેઠો અને બોલ્યો: "બેસો બ્હેન! મ્હોટા સંકટમાં પડયો ત્યારે તમારી પાસે આવ્યો છું."

સત્યવતી પ્રથમ જે સ્થળે બેઠી હતી ત્યાંજ જઇને બેઠી. આવનાર પુરૂષ ગામડામાં રહેતો હતો. તેનું નામ રામશંકર શર્મા હતું. સત્યવતીની માતાનો ઘણો વેગળેનો સગો થતો હતો.

રામશંકરને પચાસ વર્ષ થઇ ગયાં હતાં. હવે વનમાં પેસવાની તૈયારી કરતા હતા!

સત્યવતીએ પૂછ્યું: "કેવા સંકટમાં પડયા છો? સાંભળવાને જીવ તલપી રહ્યો છે."

રામશંકર: "સંકટ? સર્વ કરતાં મ્હોટા સંકટમાં પડયો છું બ્હેન. કન્યાદાન–સંકટમાં."

સત્યવતી: "ગયે વરસ તમે એક કન્યાનાં લગ્ન કર્યાંને?"

રામશંકર: "હા, તે વચલી. આ છેક ન્હાની, નામે તે ન્હાની છે પણ ઉમ્મરે ન્હાની નથી. બાર વર્ષ થઈ ગયાં છે. કન્યાદાનનો સમય થઇ ગયો છે,"

સત્યવતી: "વિવાહ કર્યો છે ખરો?"

રામશંકર: "કયાંથી થાય? અમે ગામડાના લોક. શહેરમાં કન્યા આપવા આવીયે ત્યારે રૂપિયા માંગે! અમારી કન્યાઓ સુખી થવા માટે અમે શહેરમાં આપીએ, ઉપર અમારાથી બને તેટલી પહેરામણી આપીએ

અને જીંદગી સુધી તેમના તાબેદાર થઈ રહીએ. અમારે ગામડાની કન્યાઓ લાવતાં ઢગલો રૂપિયા ખર્ચવા પડે છે. કન્યાના પિતાને મંડપ-ખર્ચ આપવો પડે. વર તોરણે જાય ત્યારે કન્યાની માતા રોકીને, કન્યાને ગર્ભમાં રાખી સુવાવડનું કષ્ટ વેઠયું તે માટે, અને ઉછેરી મ્હોટી કરી તે માટેનું ભાડું માંગે ! પાંચપચાસ પડાવે ! ખર્ચનું તો પૂછવુંજ શું બ્હેન ! એટલે અમારો તો બે બાજુએ મરો ! કન્યા આપવા આવીએ ત્યાં શહેરી લોકો અમને ખંખેરે ! લેવા જઈએ ત્યારે ગામડાના લોકો ખંખેરે ! શું કરવું બ્હેન ! લેવા કરતાં આપતાં બહુ ભારે પડી જાય છે. કન્યા આપીએ છીએ તે શહેરોમાં પણ કન્યાને સુખ નહિ. શહેરની મિજાજી સાસુ નણંદ અમારી દિકરીને અનેક પ્રકારનાં દુઃખ આપે. અનેક પ્રકારનાં મહેણાં મારે ! તેમને ઓછાં વત્તાં પડે ! અને બહુ થાય ત્યારે બીજી લાવવાની બ્હીક બતાવે ! બ્હીક તો શું પણ બ્હેન બીજી લાવીને ઝટ હાજર કરે ? એટલે અમારી દિકરીનો જન્મારો વ્યર્થ ! શું કરીએ બ્હેન ? અમે જાડી બુદ્ધિના, જાડી રીતભાતના. શેહેરના ઝીણા. તેમને અમારી રીતભાત પસંદ પડે ખરી ! જરા જરામાં તેમનો મિજાજ જતો રહે. જરા જરામાં અમારી દિકરીને હાડ છેડ કરે. એ તો ધૂળ નાંખી પણ જો છોકરો સારો હોય તોયે દિકરીને સુખ થાય. તે પણ થોડું ભણેલા, સાત આઠ રૂપિયાની ક્ષુદ્ર નોકરી કરનાર, મિજાજનું ઝાડ, ચ્હા, બીડી, ભાંગ, ગાંજા જેવી નઠારી કેફી વસ્તુઓનું સેવન કરનાર, કમાણી થોડી અને ખરચ મ્હોટો રાખનાર, ધર્મ અને નીતિને નામે આંબળા જેવું મીડું ! વળી માબાપ કહે તે માનનાર, કોઈ પાડોસી કે મિત્રે કાન ભંભેર્યા તો ગરીબ ગાય જેવી દિકરીનાં હાડકાં ખોખરાં ! બોલાવે નહિ ! માર માર કરે ! વગોવે ! બ્હેન ! શહેરના લોકોથી હવે તોબાહ થઈ છતાં શું કરીએ ? ગામડામાં છોકરીઓને નાંખીએ તો ત્યાં કશું જ્ઞાન ન મળે ? જગતની નવીનતાનો અનુભવ ના થાય ? તેની સંતતિ સંસ્કારી ના થાય. તેથીજ દુઃખનો અનુભવ થવા છતાં વારંવાર શહેરમાં કન્યા આપવા આવીએ છીએ."

સત્યવતીઃ "મામા ! તમે કહો છો તે સત્ય છે. તમારે તો બે બાજુનું દુઃખ ! શહેરમાં કન્યા આપતાં કહો છો તેવું દુઃખે ખરૂં. પણ એમાં જ્ઞાતિ

જનોનો દોષ છે. જ્ઞાતિજનો સંપ કરી જ્ઞાતિમાં ફરજ્યાત કેળવણીનો કાયદો ઘડે તો પછી છોકરાઓ મૂર્ખ રહે નહિ. તેમને ગુજરાતી, સંસ્કૃત અને રાજભાષાનું સારૂં જ્ઞાન થાય ત્યાં સુધી ભણાવવાજ જોઇએ. સન્ધ્યા વંદનાદિ નિત્યકર્મ તેમને કરાવવાંજ જોઇએ. તેમને ભણવા માટે પૈસાની જરૂર હોય તો તે માટે જ્ઞાતિ બંધુઓએ "કેળવણી ફંડ" ઉઘાડી દરેક જ્ઞાતિ જનને તેમાં પૈસા ભરવાનો આગ્રહ કરવો જોઇએ. એ ફંડમાં પૈસા ભરવા માટે જ્ઞાતિજનો ઉપર એક વાર્ષિક ટેકસજ નાંખવો જોઇએ. શ્રીમંત જ્ઞાતિજનો પાસેથી સારી રકમો ભરાવવી જોઇએ. તેમ થાય તો જ્ઞાતિમાં કેળવણી વધે. વિદ્યા વધતાં છોકરાઓ પોતાની મેળે વિનયી અને વ્યવહારદક્ષ થાય. નીતિ, ધર્મ શિખે. તમે છોકરાઓના જે દુર્ગુણો વર્ણવ્યા તે બધું ઓછા જ્ઞાનનું પરિણામ છે. સાસુ નણંદોને સુધારવા માટે પણ તેમને વિદ્યાદાન દેવાનીજ જરૂર છે. કન્યાઓને ભણાવી પછી ધર્મશાસ્ત્રના સારા સારા ગ્રન્થોનું અધ્યયન કરાવ્યું હોય તો તેઓ પણ શાંતિથી સંસાર ચલાવે. વહુને પેટની દિકરી જેવી મદદગાર ગણે. પતિ પત્નીમાં પણ સલાહ સંપ રહે અને તેમનો સંસાર સુખી નિવડે. ગામડામાં પણ તમારે સંપ કરી છોકરા છોકરીઓને વિદ્યાદાન આપવા માટે બને તેટલો ઉદ્યોગ કરવો જોઇએ. લગ્ન મરણ પાછળ ન્યાત કરવાના ઠરાવો જેમ ફરજ્યાત છે તેમ "કેળવણી ફંડ"માં પૈસા ભરવાનું અને "છોકરાંઓને વિદ્યાદાન" આપવાનું પણ ફરજયાત ઠરાવવું જોઇએ. તેમ નહિ કરનારને ન્યાત બહાર મૂકવા જોઇએ. તો થોડાં વર્ષમાંજ જ્ઞાતજનોની સ્થિતિ કેવી થાય છે તે જૂવો. દુઃખનું કારણજ અજ્ઞાનતા, અવિદ્યા છે. જ્ઞાન અને વિદ્યા હોય ત્યાં સંતોષ, અને આનંદનું સામ્રાજ્ય હોય છે. તેથીજ ત્યાં સુખ શાંતિ જણાય છે. સુખ શાંતિ મેળવવાની ઇચ્છા રાખનારે સદ્વિદ્યા પ્રાપ્ત કરવી જોઇએ."

રામશંકરઃ "બ્હેન! તું કહે છે તે શબ્દે શબ્દ ખરૂં છે. અહંકાર, અભિમાન, રાગ, દ્વેષ અને સ્વાર્થ ત્યજીને જ્ઞાતિના આગેવાનોએ "કેળવણી"નો પ્રચાર કરવો જોઇએ. છોકરા છોકરીઓને ફરજ્યાત કેળવણી આપવી જોઇએ અને તેને માટે એક સારૂં ફંડ સ્થાપવું જોઇએ. હું મ્હારા તરફ

સતત પ્રયાસ કરીશ. મ્હારા દિકરાઓને પણ સ્વાર્થનો ભોગ અપાવીને એ કાર્યમાં પ્રેરીશ. લક્ષ્મીપ્રસાદભાઇ ભગુપૂર, વડોદરા, સુરત, અમદાવાદ, મુંબઈ જેવાં શહેરોમાં એ માટે પ્રયાસ કરે તો ઘણું સારૂં. મ્હોટાં શહેરોમાં કંઈ હીલચાલ કરે તો તેનું અમારાથી અનુકરણ થાય. હું તે માટે એમને કહેવાનો છું. વારૂં પણ હવે ન્હાની દિકરીનું શું કરવું? શહેરમાં જ્યાં જ્યાં તપાસ કરી ત્યાં છોકરાઓ થોડું ભણેલા, મિજાજી, કુટેવવાળા અને તેમને પાછી પહેરામણી જોઇએ!"

સત્યવવતી: "એ બધાંમાંથી જે કોઇ કાંઇક સારો છોકરો હોય તે શોધી લો. બીજું શું?"

રામશંકર: "હવે તો અમે ગામડાના લોકો થાક્યા છીએ. હવે તો અમે શહેરમાં દિકરીઓ દેવાનુંજ બંધ કરીશું. અમારા ગામડામાંજ છોકરાઓને ઉચ્ચ પ્રકારનું વિદ્યાદાન આપીશું, અને તેમને લાયક બનાવી તેમનેજ કન્યાઓ આપીશું. જે શહેરના લોકો બીજા જ્ઞાતિ બંધુઓને પોતાનાથી ઉતરતા માને તેના જેવા ઉતરતા, નીચ, હલકા, બીજા કોણ કહી શકાય? જે શહેરના લોકો પરદેશથી કન્યા લાવે ખરા પણ અન્ય જ્ઞાતિ બંધુઓને પોતાની કન્યા આપે નહિ તેમના જેવા સ્વાર્થસાધક, પક્ષપાતી, અને લુચ્ચા બીજા કોણ કહી શકાય? લેવું ખરું પણ આપવું નહિ એને શાસ્ત્રમાં ઠગાઇનુંજ વિશેષણ આપ્યું છે. એવા ઠગ લોકોને કન્યાઓ આપવી એ જાણી જોઇને લુંટાવા બરોબર છે, એ જાણી જોઇને બેવકુફ બનવા જેવું છે. આપવું અને લેવું એમાંજ સમાનતા, એમાંજ વ્યવહાર દક્ષપણું અને એમાંજ નીતિ છે. લેવું ખરૂં પણ આપવું નહિ અને તેમને "ઉતરતા" "અયોગ્ય"નું વિશેષણ આપવું એ તેઓ પોતાની શ્રેષ્ઠતા અને બીજાઓનું ઉતરતાપણું સાબત કરે નહિ ત્યાં સુધી તે પોતેજ ઉતરતા, હલકા, નીચ કિંવા અધમ છે એમ કહેવુંજ પડશે. શ્રેષ્ઠતા, ઉચ્ચપણું મનુષ્યના ગુણ કર્મમાં હોવું જોઇએ. તેને બદલે નામનીજ શ્રેષ્ઠતાને પકડી બેસનાર મનુષ્યો મૂર્ખ છે, સ્વાર્થસાધક છે એમ કહ્યા વિના ચાલશે નહિ. બ્હેન! શ્રેષ્ઠ મનુષ્યોની શ્રેષ્ઠતા જોવી હોય તો નઠારાં વ્યસનમાં, અને સંબંધીજનો સાથે અહંકાર ભરેલા વર્તનમાં આવી ઠરી છે. અમે તો હવે એવોજ પ્રયાસ કરવાના છીએ

કે જેથી અમારા આસપાસના ગામડાંના જ્ઞાતિ બંધુઓ એકસંપ કરી જે શહેરવાળાઓ અમને કન્યા ના આપે તેને અમે કન્યાજ આપીશું નહિ."

સત્યવતીઃ "મામા! કેટલાક શહેરના લોકો અમારા જેવા શહેરી જનોનેજ કન્યાઓ આપતા નથી ત્યાં પછી ગામડાની શી વાત? પૂછતાં ઉત્તર મળે છે કેઃ તમારા શહેરોમાં અમે કુળવાન માણસો જોતાજ નથી! તેમનો આ બચાવ તદ્દન સ્વાર્થિ છે. તદ્દન જૂઠો છે. તદ્દન બેદરકારી ભરેલો છે. તમે ગામડાના લોકો બંદોબસ્ત કરો તે પહેલાં અમારે શહેરના લોકોએ બંદોબસ્ત કરી એવા શહેરીઓને કન્યા આપવાનું બંધ કરવું જોઇએ. અમારા ઘરમાંથી "જ્ઞાતિ સુધારા" માટે જે યોજના ઘડી છે તેમાં એ બાબતો પણ લખી છે."

રામશંકરઃ "વારૂં બ્હેન, પણ હવે જરૂરના કામની વાત કરીએ. એક શહેરી વર શોધ્યો છે. છોકરો વિદ્યાભ્યાસ કરે છે, બુદ્ધિમાન છે, સુશીલ છે, આગળ જતાં સારો નિવડે એવી આશા છે. તેના માતાપિતા સાથે વાત કરતાં અને અમારા ગામડાના લોકોની સર્વ સ્થિતિ સમજાવતાં તેણે એક પાઈ પણ પહેરામણી કે ગાડી ભાડું લીધા વગર પરણવા આવવાની હા કહી છે."

સત્યવતીઃ "મામા! ધન્ય ભાગ્ય તમારાં ત્યારે તો! એવું હોય તો શુભસ્ય શિઘ્રમ કરો. વાર લગાડશો તો વળી કોઇ બીજો સાંધી જશે. શહેરમાં એવો વર મળે તો તો બહુજ સારૂં."

રામશંકરઃ "બ્હેન, એ બધું ખરૂં પણ બે વર્ષ થયાં ઉપરાઉપરી દુકાળ પડે છે, ખેતીમાં કશું ઉત્પન્ન થતું નથી. ઘરમાં જે કાંઈ રોકડ હતું તે ગયે વર્ષે છોકરી પરણાવવામાં ખરચ કર્યું. ત્રણસો રૂપિયાનો ખર્ચ છે. શું કરવું?"

સત્યવતીઃ "તમે શું ધાર્યું છે?"

રામશંકરઃ "તેથીજ તમારી પાસે આવ્યો છું."

સત્યવતીઃ "શા માટે?"

રામશંકરઃ "મ્હને ત્રણસો રૂપિયા તમારે ધીરવા પડશે. દર વર્ષે થોડા થોડા કરીને તમારા રૂપિયા ભરી દઇશ. કહો તો ઘર ખેતર લખી આપું."

સત્યવતીએ થોડી વાર વિચાર કરી કહ્યું: "બે વર્ષ થયાં પાક થયો નથી. ભવિષ્યમાં શું થશે તે કોણ જાણે?"

રામશંકર: "બ્હેન, તમ્હારે કશી ચિંતા કરવી નહિ. શાહુકારોના દેવાને લીધે અમે તારાજ થઇ ગયા છીએ. પણ હવે સરકારની કૃપાથી આ વરસે ખેતરમાં કુવો કરાવ્યો છે એટલે મહેનત મજુરી કરીને પણ પાક પકવીશું. તમારી પાઇએ પાઇ આપીશું. જો અમારા તરફ ખેડુતોને ધીરવાની બેંક નિકળી હોત તો અમારે આટલે વેગળે આવવું પડત નહિ."

સત્યવતી: "તમ્હારા તરફ ખેડુતોની બેંક આવે એવી ગોઠવણ પણ થશે. ધારાસભામાં મેમ્બર થવા માટે અમારા ઘરમાંથી ઉમેદવારી કરી છે. મેમ્બર થયા પછી ત્યાં દેશના કલ્યાણના ઘણા પ્રશ્નોની ચર્ચા કરવાના છે અને પ્રજાને સુખસંતોષ મળે તે માટે સતત પ્રયાય કરવાના છે. ખેડુતો માટે બેંકોની, વાવેતર માટે શુદ્ધ બીયાંની અને દેશના અમુલ્ય રત્નની ખાણ રૂપ ખેતી માટે શુદ્ધ ખાતરની બહુ જરૂર છે. એ માટે દેશના આગેવાનોએ સ્વાર્થનો ભોગ આપી ખેડુતોને સુખી કરવા જોઇએ. જમીનો આબાદ કરવી જોઇએ. ખેતી રૂપી રત્નખાણની ઉન્નતિ કરવી જોઇએ. અમારા ઘરમાંથી હવે તેજ પ્રયત્નો માટે મંડયા છે. તેમણે એક મંડળી ઉભી કરી અનુભવી વિદ્વાનો દ્વારા ભારતવર્ષની ખેતીની ઉન્નતિ કરવાનો યત્ન કરવા માંડયો છે. ધીમે ધીમે ભારતવર્ષના પ્રત્યેક ખુણામાં ખેતીની સ્થિતિ સુધરે એવો યત્ન થશે. મામા! આપણે ક્યાંના ક્યાં ઉતરી પડયાં? વારૂ, પણ તમને રૂપિયા આપવાની મ્હારી સંપૂર્ણ ઇચ્છા છે. સંકટ સમયે મદદ ના કરે તે સગાં–સંબંધી કે મિત્રો નહિ પણ શત્રુઓજ કહેવાય. મુંબાઇની હાઇકોર્ટમાં ચાર દિવસની રજા પડી છે. કેશવપ્રસાદના પિતા કાલે સવારે ઘેર આવશે તેમની સાથે વિચાર કરી યોગ્ય કરીશ. ચિન્તા કરશો નહિ."

રામશંકરે કહ્યું: "તુમારૂં કલ્યાણ થાઓ બ્હેન. મ્હારાં ઘણાં શ્રીમંત સગાંમાં ફર્યો પણ બધેથી વિચિત્ર ઉત્તર મળ્યા ત્યારે છેવટે ભાડુ ખરચીને તુમારે ઘેર આવ્યો. તેનું સાર્થક થયું."

તેણે પાઘડી લુગડાં ઉતારી સ્નાન ભોજન કર્યું. મધ્યાહ્ને આરામ લીધો.

દ્વિતીય પરિચ્છેદ.

સુધારો.

પ્રાતઃકાળમાં અંધારૂં હતું એટલામાંજ લક્ષ્મીપ્રસાદે આવી બારણાં ઠોક્યાં. સર્વ જાગી ઉઠ્યાં. સર્વ મળ્યાં. સર્વ સુખી થયાં. આઠેક વાગ્યાને સુમારે દિવાનખાનામાં લક્ષ્મીપ્રસાદ ટપાલના કાગળો વાંચતા હતા. બાળકપૂત્ર કેશવપ્રસાદ નકલ કરવામાં બહુ હોંશિયાર હતો. તે "પિતાની પાસે બેસી પિતાનાં જૂનાં ચસ્માં નાકે ચ્હડાવી પત્રો વાંચવાની નકલ કરતો હતો. લક્ષ્મીપ્રસાદ વાંચવામાં તલ્લીન થઈ ગયા હતા. પણ વેગળે ઉભેલી સત્યવતી તેને જોઇ આનંદ પામતી હતી. તેણે મનમાંજ કહ્યું: "પિતાની પેઠે બૅરિસ્ટર થશે કે શું? જેવી ભગવાનની ઇચ્છા."

એટલામાં રામશંકર મામાએ સત્યવતી પાસે જઈ કહ્યું: "બ્હેન, ભાઇને પેલી વાત કહોને."

સત્યવતી: "હા, મામા" કહી એકલી દિવાનખાનામાં જઈ ઉભી. બાળક કેશવે તેના સ્હામું રૉફમાંજ જોઈ કહ્યું: "આ કાગળ માસીબાનો છે. માસીબા ખુશીમાં છે. માસીબા મ્હને યાદ કરે છે."

તેના કાલા કાલા ડહાપણ ભરેલા શબ્દો સાંભળી લક્ષ્મીપ્રસાદે તેના સ્હામું જોયું. પુત્રને નાકે ચસ્મા જોઈ તેમને હસવું આવ્યું. તેના શબ્દો સાંભળી સત્યવતીનું મ્હોં ઉતરી ગયું. પણ દિલગીરીને મનમાંજ દબાવી હાસ્ય કરવા લાગી. કેશવને હાથમાં પત્ર લઇ રૉફમાંજ વાંચતાં બેઠેલો જોઇ પતિ પત્ની સાથેજ હસવા લાગ્યાં. લક્ષ્મીપ્રસાદે સત્યવતીને પૂછ્યું: "કેમ, તમે કાંઇ આવી પહોંચ્યાં છો?"

સત્યવતી: "હવે કેશવલાલનાં લગ્ન કરીએ?"

લક્ષ્મી: "હા, આટલા મ્હોટા છોકરાને અવિવાહિત રાખી શકાય નહિ! કન્યા ક્યાં છે?"

સત્યવતી: "કન્યાની શી ખોટ છે? વરપક્ષ તરફથી ભારે પહેરામણી માગતા હોવાથી ઘણી કન્યા અવિવાહિત છે. તેમનાં માબાપ તલ્પી રહ્યાં છે."

લક્ષ્મી: "સમજાયું નહિ."

સત્યવતી: "સમજાય શી રીતે? તમે પણ જ્ઞાતિના એક આગેવાન છો. સમજો શી રીતે?"

લક્ષ્મી: "સમજાય તેમ કહો."

સત્યવતી: "તમે જ્ઞાતિના એક આગેવાન છો. જ્ઞાતિબંધુઓ ત્હમારૂં સારૂં માન રાખે છે. છોકરા વિદ્યા ભણતા નથી અને તેમના બાપને ભારે પહેરામણી જોઇએ છીએ. ગામડાના લોકો બિચારા આપણને કન્યા આપે છે ત્યારે તેમની દિકરીઓને અનેક દુઃખ હોય છે. આપણા કરતાં...શહેરમાં તો બહુજ દુઃખ છે."

લક્ષ્મી: "હા, સાચી વાત છે. પરંતુ ઉપાય શો? એક માણુસની ક્ષુદ્ર શક્તિથી શું થઈ શકે?"

સત્યવતી: "અમે જ્યારે ન્હાનાં હતાં ત્યારે પિતાજી એક વાત કહેતા હતા, અને તેનો અર્થ સમજાવતા હતા."

લક્ષ્મી: "તે વાત કહો જોઉં."

સત્યવતી: "વાત તો ન્હાની છે. સાંભળો: એક વખત ખેડુતોએ ખેતરમાં બી વાવી દીધાં, પણ વરસાદ થયો નહિ. તાપને લીધે ખેતરનાં બીજ સુકાઇ જવા લાગ્યાં. દેશમાં હાહાકાર થઇ રહ્યો. એક ખેડુતને અનેક ખાનારાં અને ઘણું દેવું હતું. તેણે ઘણો પરિશ્રમ કરીને પુષ્કળ જમીન ખેડી હતી. તેણે ધાર્યું હતું કે: આ વખતનો પાક થશે તે વડે દેવું પુરાશે, અને ઘણા પૈસા બચશે. પરંતુ વરસાદ નહિ વરસવાથી જ્યારે વાવેલાં બી સુકાઇ ગયાં ત્યારે તે ઘણો ખિન્ન થયો. તે નિરાશ થયો. એક દિવસ ખેતરમાં જઇ નિરાશ હૃદયે ત્યાં બેસી ા અને એકચિત્તે આકાશ તરફ જોવા લાગ્યો. આકાશમાં થોડાં વાદળાં ઘેરાયાં હતાં. વાદળાનાં ગર્ભમાં વૃષ્ટિનાં બિંદુઓ ભરાઇ બેઠાં હતાં. એક વૃષ્ટિ-બિંદુએ અન્ય વૃષ્ટિ-બિંદુને કહ્યું કે: "જો ભાઇ! આપણે માટે પેલો ખેડુત બિચારો કેવો તલપી રહ્યો છે!" બીજાએ

કહ્યું: "ત્હારી મ્હારી શી શક્તિ છે કે આપણે તેની ઇચ્છા પૂર્ણ કરીએ ? ત્યાં કેટલા બધા જળની જરૂર છે ?" પ્રથમ જળબિંદુએ કહ્યું: "તે ગમે તેમ હોય પણ આપણેજ પહેલાં આદર્શ કેમ થવું નહિં ?" બીજા જળબિંદુએ હસીને કહ્યું: "ખરેખર એ ત્હારી ગાંડાઇ છે. આપણા જેવા ક્ષુદ્રથી એના ખેતરનું શું કલ્યાણ થશે ! આપણે એકલાં ત્યાં જઇશું તો ઉલટાં સુકાઈ જઇશું." પ્રથમના ક્ષુદ્ર વૃષ્ટિ-બિંદુએ તેની વાત સાંભળી નહિ. તેણે કહ્યું: "હું તો જઇશિજ." તે પૃથ્વીપર વાદળીના ગર્ભમાંથી ટપ્ દઇને ઢળી પડયું. ખેડુત ઉંચે મુખે બેઠો હતો. પેલું વૃષ્ટિબિંદુ તેના કપાળ ઉપર પડયું. ખેડુતનું મુખ પ્રફુલ્લ થયું. તેણે કહ્યું: "એક વરસાદનું બિંદુ પડયું છે. હવે સત્વર વૃષ્ટિ થશે." આકાશમાંનાં અન્ય વૃષ્ટિબિંદુઓએ જોયું કે: "ખેડુત એક બિંદુથી આનંદ પામ્યો છે. આપણે બધાં જઇશું તો તે બિચારો કેટલો બધો આનંદ પામશે ?" ટપ્ટપ્ કરતાં બધાં વૃષ્ટિબિંદુ ઝરવા લાગ્યાં. અન્ય વાદળાં મ્હોટી ગર્જના કરતાં તે વૃષ્ટિબિંદુઓને અટકાવવા આવ્યાં હતાં. તેમનો વર્ષવાનો આનંદ જોઇને તે બધાં પણ વર્ષવા લાગ્યાં. વરસાદનું એક સખ્ત ઝાપટું પડયું. ખેડુતના પાકનું રક્ષણ થયું.

લક્ષ્મીપ્રસાદે હસીને કહ્યું: "ખરી રીતે જોતાં વાતમાં સદુપદેશ ભર્યો છે પરંતુ હવે આજ્ઞા શી છે ?"

સત્યવતી: "આજ્ઞા બીજી કશી નથી. આ દાસી તરફ જરા કૃપાદ્રષ્ટિ થાય એજ પ્રાર્થના."

લક્ષ્મી: "હું તમને મેળવીને ભાગ્યશાળી થયો છું."

સત્યવતી જરા લાડ કરતી, નેત્રકટાક્ષ કરતી બોલી: "તેથીજ સત્યવતી તમારા ઉપર અનેક આજ્ઞાઓ કરી શકે છે."

લક્ષ્મી: "ના, ના, તેમ નથી."

સત્યવતી: "ત્યારે ?"

લક્ષ્મી: "તમારા જેવી પત્ની કેટલા મનુષ્યના ભાગ્યમાં હોય છે ?"

સત્યવતીએ હસી દીધું. હસતાં હસતાંજ તેણે કહ્યું: "પુરૂષો તેથીજ સખ્ત મજુરી કરે છે કેમ ? ઓહો ! પત્ની તો બધાંને સરખી હોય છે.

સ્ત્રીઓ જાણે છે કેઃ પતિ એજ તેમનો સાકાર ઇશ્વર છે. સ્ત્રીઓ અલ્પજ્ઞ હોવાથી તેમને અનન્ત અપાર ઇશ્વરનું જ્ઞાન હોતું નથી, તેથી પતિ એજ તેમને મનથી સર્વસ્વ છે. તેઓ પતિના ચરણમાં રૂપ–યૌવન, સુખ– સ્વાસ્થ્ય, સમર્પણ કરી પતિનાં પુત્ર–કન્યા, પતિનાં નોકર–ચાકર, પતિનાં સગાં–મિત્રો વગેરેની સેવા કરે છે; તેમનું પાલન કરે છે અને તેમની પૂજા કરી સંતોષાનંદ માને છે, એજ સ્ત્રીઓનો ધર્મ છે. સ્ત્રીઓ પોતાના સુખ– સ્વાર્થ માટે કશું કરતી નથી. તે જગતમાં જે કાંઈ સેવા કરે છે તે બધી પતિનીજ છે. પતિનું સુખ તેજ સ્ત્રીનું સુખ છે, પતિને માટેજ સ્ત્રીઓનું અસ્તિત્વ છે, પતિનો આનંદ તેજ સ્ત્રીનો આનંદ, પતિની શાંતિ તેજ સ્ત્રીની શાંતિ. પતિને સુખ આપવું એજ પત્નીનો ધર્મ. હું તો આપની દાસી, મ્હારી શી ગણત્રી? વારૂં, મ્હારા મામા રામશંકર આવ્યા છે તે તમે જાણો છો?"

લક્ષ્મીઃ "ના."

સત્યવતીઃ "ગઇ કાલેજ આવ્યા છે."

લક્ષ્મીઃ "મ્હને તો તમે કહ્યુંજ નથી."

સત્યવતીઃ "તેમના સંબંધી કેટલીક વાતો કહેવાની હોવાથી તેમની વાત કરી નહોતી."

લક્ષ્મીઃ "શી વાતો કહેવાની છે?"

સત્યવતીઃ "તેમને એક કન્યા પરણાવવાની છે. બિચારા ધર્મસંકટમાં આવી પડયા છે."

લક્ષ્મીઃ "તેથીજ તેમને રૂપિયા ધીરવાના હશે ખરૂં વારૂં?"

સત્યવતીઃ "તેમને ત્રણસો ચારસો રૂપિયા જોઇએ છે. બે કન્યા અને એક પુત્ર પરણાવવામાં તે બિચારા ખાલી થઇ ગયા! હવે એક અવિવા- હિત કન્યા છે. તેને પરણાવવા માટેજ આ ઋણ કરે છે. કહેશો તો ઘર ખેતર ગીરો લખી આપીને પણ રૂપિયા લેશે, નહિ તો થોડે થોડે ભરી જશે.

લક્ષ્મીઃ "તમારો શો અભિપ્રાય છે?"

સત્યવતીઃ "મ્હારો અભિપ્રાય સાંભળશો?"

લક્ષ્મીઃ "ક્યારે નથી સાંભળ્યો ?"

સત્યવતીઃ "મોહનપ્રસાદ સાથે તેમની કન્યાનો વિવાહ કરવો છે. પહેરામણીમાં એક પાઇ પણ લેવી નથી."

લક્ષ્મીઃ "શું કહો છો ?"

સત્યવતીઃ "એજ."

લક્ષ્મીઃ "તેમાં લાભ શો ? કુળવાનોએ પહેરામણી લેવી જોઇએ, નહિ તો ધીમે ધીમે કુળવાન અને અકુળવાન બધા સરખા થઈ જાય ?"

સત્યવતીઃ "લાભ એજ કે જ્ઞાતિમાં એક સુધારો થશે. મુર્ખ છોકરાઓ માટે પણ જેઓ મ્હોટી પહેરામણી માગે છે તેમને જ્ઞાન થશે. પહેરામણીનો રિવાજ ધીમે ધીમે નિકળી જશે. ગરીબ મનુષ્યોને કન્યાદાન દેવાનું સુલભ થઇ પડશે. આપણા ઘરમાંથી શરૂવાત થશે તો ભવિષ્યમાં આપણે તે માટેની લડત ઉપાડી શકીશું. કુળવાન અકુળવાન પૈસા લેવાથી જણાતા નથી. મનુષ્યનાં ગુણ–કર્મ સારાં જોઇએ. ગુણ–કર્મ ઉચ્ચ પ્રકારનાં, ઉદાર હોય તો ગમે તેવો મનુષ્ય કુળવાન થઈ શકે છે. મનુષ્ય કુળવાન હોય અને નઠારાં વ્યસન કરતો હોય, થોડી વિદ્યા ભણી પોતાનું પોષણ કરવામાં પણ તેને અનેક વિઘ્ન નડતાં હોય, વાણીમાં વિનય અને વ્યવહારમાં દક્ષતા ન હોય, નીતિ અને ધર્મનું નામ જાણતો ન હોય તો પછી તેને કુળવાન કોણ કહે ? માત્ર નામનું કુળવાનપણું રહે તો ભલે પણ પાછળ લોકો તેમની અનેક પ્રકારની નઠારી વાતો કરે છે. હવે તો જ્ઞાતિમાં કુળવાન અકુળવાન શબ્દોને બદલે વિદ્વાન અને મૂર્ખની સંજ્ઞા રાખવી જોઇએ."

લક્ષ્મીઃ "મોહનપ્રસાદ એમ. એ. માં પાસ થયો છે. સંસ્કૃતમાં સમર્થ વિદ્વાન છે. એક વગવાળા શ્રીમંત ગૃહસ્થ તેને કન્યા આપવાનો યત્ન કરે છે. પુષ્કળ રૂપિયા અને પુષ્કળ અલંકારો આપશે. પહેરામણીમાં મ્હોટી રકમ મળશે. આપણું ઘણું સારૂં સન્માન થશે. એવા શ્રીમંતના જમાઇ થવાથી મોહનપ્રસાદનો વગવસીલો વધશે. તેમને કોઇ દેશી રાજ્યમાં સારી નોકરી મળશે, અને ટુંક સમયમાં આગળ વધી જશે."

સત્યવતીઃ "શું તમે અદ્રષ્ટને નથી માનતા ? જીવાત્માના ભાગ્યમાં જે

લખેલું હોય છે તે અવશ્ય મળશેજ. શ્રીમંત ગૃહસ્થને ત્યાંથી પુષ્કળ સમ્પતિ મળવાની આશાનો ત્યાગ કરો. એવી આશા કર્મશીલ મનુષ્યને આળસુ બનાવે છે. પ્રત્યેક મનુષ્ય પોતાની જાતે—પોતાને હાથે—મેળવે તેજ ઉત્તમ કહેવાય. જ્ઞાતિ જનોની ઉન્નતિ કરવા માટે, તેમનું કલ્યાણ કરવા માટે, સ્વાર્થનો ભોગ આપવોજ પડશે. આ ગરીબની કન્યા સ્વિકારવીજ પડશે. મ્હારા પિતાએ મ્હને જે રૂપિયા આપ્યા છે તેમાંથી હું મ્હારા મામાને રૂપિયા ધીરીશ અને તેમાંથીજ હું એક સારી રકમ કન્યાને તથા મોહનભાઇને ચાંલ્લો કરીશ."

"લક્ષ્મીઃ "હવે તે ઉપર ત્હમારો અધિકાર ક્યાં છે?

સત્યવતીઃ "ત્યારે કોનો?"

લક્ષ્મીઃ "તે તો ત્હમારા કેશવલાલનું માતૃ—ધન થયું."

સત્યવતીઃ "ત્યારે હું એનું પિતૃ—ધન એ કાર્યમાં વાપરીશ."

લક્ષ્મીઃ "તેની તમને કોણે ના કહી? સર્વસ્વ તમારૂંજ છે. હું પણ તમારોજ છું. તમારી ઇચ્છા પ્રમાણે કરો."

તૃતીય પરિચ્છેદ.

વ્યવસ્થા.

સત્યવતીએ દાસીને કહ્યુંઃ "રામશંકર મામાને દિવાનખાનામાં બોલાવી લાવ."

દાસી ચાલી ગઈ. થોડી વારમાં રામશંકરે શરમાતાં સંકોચાતા દિવાનખાનામાં પ્રવેશ કર્યો.

લક્ષ્મીપ્રસાદ બેઠા હતા તેમની પાસે રામશંકર અદબવાળી ઉભા રહ્યા. લક્ષ્મીપ્રસાદે ઉભા થઇ પ્રણામ કરી પાસેની ખુરસી પર બેસવા કહ્યું. ખુરસી પર બેસવાનો અભ્યાસ નહિ હોવાથી તે જરા વિચારમાં પડયા. તેમાં વળી બૅરિસ્ટર સાહેબની સાથે બેસવું એ પણ જરા વિચારનીજ વાત તો! ગામ-

કાર્માં મનુષ્યો ન્હાના મ્હોટાનો ભાર રાખે છે તે લક્ષ્મીપ્રસાદ અને સત્યવતી જાણતાં હતાં, અને તેજ કારણથી રામશંકર સંકોચાતા—શરમાતા હોય એવું અનુમાન કરી લક્ષ્મીપ્રસાદે હસતાં હસતાં રામશંકરનો હાથ ઝાલી તેમને ખુરસી પર બેસાડયા.

લક્ષ્મીપ્રસાદેજ તેમની સાથે પ્રથમ વાતચિતની શરૂવાત કરી હતી. તેથી રામશંકરને અજાણ્યું લાગ્યું નહિ. તેમણે કહ્યું: "જ્ઞાનાનંદભાઈ અમને સારી પેઠે ઓળખે. તમે તો મુંબઇ ને મુંબઇ રહ્યા એટલે શેના ઓળખો? તોપણુ આપણી સગાઇ કંઇ જતી રહે છે? તમે કંઇ પારકા છો? ગામડામાં જેને ઘેર છોકરીઓ તેનું તો મોતજ! તેની જીંદગી તો ધૂળધાણીજ સાહેબ!"

લક્ષ્મીપ્રસાદે તેનો ઉત્તર દેતાં પહેલાંજ સત્યવતીએ કહ્યું: "મામા! તમારી ન્હાની પુત્રીનું નામ શું?"

સત્યવતી સ્હામું જોઈ રામશંકરે કહ્યું: "એનું નામ લક્ષ્મી."

સત્યવતીઃ "લક્ષ્મી જોવામાં કેવી છે?"

રામશંકરઃ "તમારી મ્હોટી બ્હેન જેવીજ. ઘણી રૂપાળી, બધી છોકરીઓમાં એજ રૂપાળી છે."

સત્યવતીઃ "એક વાત કહું તે સાંભળો."

રામશંકરઃ "કહો બ્હેન."

સત્યવતીઃ "મ્હારા એક દિયેર છે તે જાણો છો?"

રામશંકરનું શરીર કમ્પવા લાગ્યું. છાતી ધડક ધડક થવા લાગી. છાતી દબાવી તેણે ઉત્તર દીધોઃ "હા. જાણું છું. મ્હેં તેમને દીઠા છે, છોકરો બહુ વિદ્વાન્ છે."

સત્યવતીઃ "તેમનો વિવાહ થયો નથી. લક્ષ્મી સાથે ત્હેમનો વિવાહ કરીશું."

રામશંકરઃ "બ્હેન, મ્હારી મશ્કરી તો નથી કરતી? એ તો અસમ્ભવિત વાત. એમ બનેજ કેમ? હું ગરીબ કંગાલ. મ્હારી દિકરી સાથે તેમનો વિવાહ શી રીતે થાય? તમે કોણ? તમારૂં ઘર કોણ? તમને પહેરામણી—"

સત્યવતીઃ "તમારે કંકુ ને કન્યા સિવાય કશું આપવું પડશે નહિ. પછી ?"

રામશંકરઃ "અરે બ્હેન, પણ હું તો અસમર્થ, તમે જે પહેરો, જે ખાઓ પીઓ તે ક્યાંથી લાવું ? તમારી જાનને શોભે એવાં શાકભાજી, અને જમણુ શી રીતે કરી શકું ?"

સત્યવતીઃ "અમારે બીજું કશું નથી જોઇતું. તમારા ખેતરોમાં બટાટા, વેગણુ, શકરીયાં, ભાજી, તલ, ગોળ, અને ઘઉં, ચોખા, દાળ, તો ઉત્પન્ન થાય છે ને ? તેજ અમારે મન છપ્પન પકવાન પછી કાંઈ?"

રામશંકરઃ "હું તો ધારૂં છું કે હું આ સ્વપ્ન જોઉં છું."

સત્યવતીઃ "સ્વપ્ન નથી પણ સત્ય છે મામા. તમારે માત્ર એક પ્રતિજ્ઞા કરવી પડશે કે તમારો પુત્ર પરણાવો તે સમયે તમારે એક પાઇ પણ ખાવા આપવી નહિ. તે લોકોને નઠારી ટેવ પડે છે તે બંધ કરવી જોઇએ. તે માટે સખ્ત બંદોબસ્ત કરવો જોઇએ. તમને પહેરામણી બચે છે. પુત્રના પૈસા આપ્યા વગરજ તેને પરણાવવાની તજવીજ કરવી. સમસ્ત ગામડાંઓએ ભેગાં મળી બંદોબસ્ત કરવો કે જેથી કન્યાવિક્રયનો રિવાજ બંધ પડે. તમે જેની કન્યા લો તેની પાસે માત્ર પ્રતિજ્ઞા કરાવવી કે અમે કન્યાવિક્રય કરીશું નહિ. આ પ્રમાણે પ્રત્યેક વ્હેવાઇઓ વર્તશે તો તમારે ત્યાંથી કન્યા-વિક્રયનો ચાલ નિકળી જશે, અને તમને વગર પૈસે કન્યા મળશે. બને ત્યાં સુધી તમારી કન્યાઓ, જેઓ તમને કન્યા આપે તેનેજ તમારે આપવી. એવો બંદોબસ્ત નહિ કરો ત્યાં સુધી તમને કન્યા મેળવવામાં મુશિબત પડશે. પરમેશ્વરે તમારા ઉપર કૃપા કરી છે. તમારી કન્યાને વગર પહેરામણીએ સારૂં ઠેકાણું મળ્યું છે. હવે તમારે બીજાંનું પણ કલ્યાણ ઇચ્છવું."

રામશંકરના નેત્રમાં જળ આવી ગયાં. તેમણે ગદ્દગદ્દ કણ્ઠે કહ્યુંઃ "બ્હેન ! તમે સાક્ષાત્ દેવી છો. તમારી આ વ્યવસ્થાથી કન્યાવિક્રય અને વરવિક્રય સત્વર બંધ થાય એવી આશા છે. હું તો દેશમાં જઇને તુર્તજ આસપાસના ગામડાંઓના જ્ઞાતિ બંધુઓને એકત્ર કરી એ માટે મ્હારૂં બનતું કરીશ. અમે પરસ્પર કન્યા આપ લે કરવાની વ્યવસ્થા કરીશું. તમારી વ્યવસ્થા પ્રમાણે વર્તે તો ગુજરાતના જ્ઞાતિ બંધુઓ પણ પહેરામણીની

લજ્જાસ્પદ માગણી કરતા બંધ થાય, અને અમદાવાદ જેવા શેહેરી જ્ઞાતિબંધુઓ કુલિનતાનું અભિમાન છોડી અન્ય શેહેરના યોગ્ય પુરૂષોને પોતાની કન્યા આપતાં શિખે. અમદાવાદની ઘણી જ્ઞાતિઓમાં એવો બંદોબસ્ત છે કે તેઓ બીજા શહેર–ગામોમાંથી કન્યા લાવે છે ખરા પરંતુ તેમને કન્યા આપતા નથી, અને કારણમાં એવું કહે છે કેઃ અમને અન્યત્ર લાયક વર મળતા નથી. પરંતુ બ્હેન! તેમનો એ ઉત્તર મિથ્યાભિમાની, આત્મશ્લાઘા ભરેલો અને અન્ય જનોને પોતાનાથી ઉતરતી યોગ્યતાવાળા ગણવા જેવો છે. તેમણે પોતાનાં એ મિથ્યાભિમાનનો ત્યાગ કરી સમાન બંધુઓ સાથે સમાન પરિચય રાખવો જોઇએ, અને તે માટે લક્ષ્મીપ્રસાદભાઇ જેવા વિદ્વાન આગેવાનોએ સતત્ પ્રયાસ કરવો જોઇએ. હું યત્ન કર્યા વગર રહીશ નહિ."

સત્યવતીએ લક્ષ્મીપ્રસાદ સ્હામું આંગળી બતાવી કહ્યુંઃ "એમણે પણ હવે એજ કાર્ય હાથમાં લીધું છે. જ્ઞાતિમાં કલ્યાણકારક રિવાજો પ્રવર્તે અને જ્ઞાતિ બાળકો ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરે એજ તેમનો ઉદ્દેશ છે. વારૂ, મ્હેં સવારે પંચાંગમાં જોયું છે. વસંતપંચમીનો શુભ દિવસ બહુ સારો છે. ઘેર જઈ તૈયારી કરો. કશી શંકા રાખશો નહિ. ભગવાન બધું સારૂંજ કરશે."

રામશંકરે આ સમયે કરૂણ નેત્રે, દીનવદને, લક્ષ્મીપ્રસાદ સ્હામું જોયું. એમ જોવાનું કારણ, તેમની સમ્મતિની પ્રાર્થના હતી. લક્ષ્મીપ્રસાદ તે જાણી ગયા. તેમણે સત્યવતી તરફ આંગળી બતાવી કહ્યુંઃ "એમના કહેવા પ્રમાણે વર્તવા હું તૈયારજ છું. આપણે જીવન પર્યંતનો સંબંધ બાંધવો છે. એટલે તેમાં આપવા લેવાનો કશો પ્રશ્નજ રહેતો નથી. તમને જે મળે તે આપજો. ઇશ્વરે અમને સર્વ આપ્યું છે. તમને રગડીને પહેરામણી વગેરેની ભિક્ષા માગવી એમાં કુલિનની કુલિનતા નથી પણ સગાંમાં એક બીજાને સુખ દુઃખ પ્રસંગે ઉપયોગી થઈ પડાય એજ ખરી કુલિનતા છે. પરસ્પર એકબીજામાં શાંતિ, સંતોષ, અને આનંદ થાય એજ ખરી કુલિનતા છે. ચિંતા કરશો નહિ. સૌ સારાં વાનાં થશે."

રામશંકરને તો હથેળીમાં ચન્દ્ર આવ્યો. તેના હર્ષનો પાર નહોતો. તે આનંદ પ્રફુલ્લિત ચિત્તે દેશમાં ચાલ્યો ગયો. મનમાંજ કહેતો હતોઃ "કન્યા

ભાગ્યશાળી તો ખરી. બાકી આ વર ક્યાં? આ ઘર ક્યાં?"

લક્ષ્મીપ્રસાદે પ્રેમ ભરેલે નેત્રે જોઇ સત્યવતીને કહ્યું: "કેમ દેવી? બીજો કાંઈ હુકમ?"

સત્યવતીએ પાનની બીડી આપતાં ખભે હાથ મુકી કહ્યું: "આગળ ઉપર વાત."

લક્ષ્મીપ્રસાદે પાનની બીડી લેતાં તેનો હાથ ખેંચી રાતા ગુલાબી ગાલ ઉપર ધીમેથી બે આંગળી મારી કહ્યું: "આટલી બધી બુદ્ધિ કયાંથી આવી?"

ચતુર્થ પરિચ્છેદ.

અત્યાચારની હદ.

કૃષ્ણુશંકર પાઠક, સુદામાપુર ગામના પ્રત્યેક ખેડુતના શાહુકાર હતા. આખું ગામ તેમને ત્યાંજ બાંધેલું હતું એમ કહીએ તો પણ ચાલે! જાણે ગામના માલિકજ તે હતા. ગામના ખેડુતોને રૂપિયા ધીરતા, પાક થતાં બમણું ત્રમણું વસુલ કરતા, તેમ છતાં ખેડુતો ઉપર તેમનું લેહેણું તો નિકળતુંજ! જે ખેડુતે અથવા ગરીબ માણસે તેમને ત્યાંથી એક વખત દેવું કર્યું કે પછી તે મરતાંજ છૂટતો! સુદામાજીના જેવા સુદામાપુરના સુદામા જેવા ગરીબ ખેડુતોએ કૃષ્ણુશંકરનેજ શ્રીકૃષ્ણુ ભગવાન જાણ્યા હતા, કારણુ કે મેઘરાજાની અકૃપા થતાં તેમને એક કૃષ્ણુશંકરનોજ આધાર હતો. તેજ તેમની લાજ આબરૂ રાખતા હતા, પરંતુ આજે? આજે તેમણે આખા ગામને થરથરાવી મૂક્યું છે! આજે તેમણે સર્વની અવસ્થા શોચનીય કરી મૂકી છે! આજે તો તેમના પર પશુના જેટલો અત્યાચાર, અનાચાર, તિરસ્કાર થાય છે. તેમના ઉપર ભયંકર જુલ્મ ગુજારે છે. તેથી બિચારાઓનું સર્વસ્વ નાશ પામ્યું છે. અનેક ખેડુતોએ ઘરબારનો ત્યાગ કરી બીજે ગામ નિવાસ કર્યો છે. જે લોકો તદ્દન નિરૂપાય હતા તેજ ત્યાં રહીને પાઠકજીના અત્યાચારનો દાવાનળ સહન કરતા

મરણની પ્રાર્થના કરતા હતા! કૃષ્ણશંકર પાઠક બ્રાહ્મણનું શરીર હોવા છતાં તેમનામાં દયા નહોતી, માયા નહોતી, કરૂણા નહોતી, ક્ષમા નહોતી, ધર્મ નહોતો, નીતિ નહોતી. તેમણે રાક્ષસી બળવડે ખેડુતોનું સત્યાનાશ કહાડવા માંડયું હતું. તેજ પ્રમાણે ભ્રગુપૂરમાં જે લોકો તેમની પાસેથી રૂપિયા કરજે લેતા તે આશ્રિતો ઉપર પણ એવોજ અત્યાચાર કરવા માંડયો હતો. આ બધાનું મુળ તેમણે જૂઠી સાક્ષી નહિ પૂરી તે હતું. તેમાંથીજ તેમના અનેક અપરાધ થયા હતા અને પરિણામે તેમને ખરાબ ખરાબ કરવાની દ્વેષ વૃત્તિ પાઠકને થઈ હતી! ગમે તે ઉપાયે પણ તેમને સીધા દોર જેવા કરવાની તેમની ઇચ્છા હતી! એ ઇચ્છા પરિપૂર્ણ કરવા જતાં અત્યાચારનો પ્રચણ્ડ દાવાનળ સળગ્યો હતો. એ દાવાનળ પાસે સતીનું સતીત્વ નષ્ટ થતું હતું. વૃદ્ધનાં હાડપિંજર જેવાં શરીર ચૂર્ણ વિચૂર્ણ થઈ જતાં હતાં. બાલક બાલિકાઓનાં રક્ત માંસ શોષાઇ જતાં, અને પુખ્ત વયનાં મનુષ્યોને અપમાન, પ્રહાર, કેદખાનું વગેરે અનેક પ્રકારનાં દુ:ખો સહન કરવાં પડતાં હતાં.

આટલો બધો અત્યાચાર સહન કરવા છતાં ખેડુતો સંપ રાખી દિવસો વ્યતીત કરતા હતા.

કૃષ્ણશંકર તેમનો સંપ તોડી સર્વનો પ્રાણ લેવા ચ્હાતા હતા. તેથીજ હમણાં તેમણે પોતાના રાક્ષસી બળમાં વૃદ્ધિ કરી છે.

એક દિવસ કેટલાક ખેડુતોને પકડી લાવી પ્રહાર કરતા હતા. મીણ પાયેલી ચાબુક વડે તેમની ચામડી પર પ્રહાર થતા હતા. એકજ જગ્યાએ બે ચાર વખત ચાબુક વાગવાથી ચામડી ફાટી જઇ તેમાંથી રક્ત પ્રવાહ વહેતો. આ પ્રમાણે આખે શરીરે થતું હતું. જ્યાં ત્યાંથી લોહી વહેતું હતું. ખેડુતો પ્રહાર સહન નહિ થવાથી પૃથ્વી પરથી હાથ હાથ ઉંચે ઉછળતા, અને બૂમે બૂમ પાડી મૂકતા! તેમના નેત્રમાંથી અખંડ અશ્રુધારા વહેતી. તેમને દેહનું ભાન પણ રહેતું નહિં. તેમના કરૂણ હાહાકાર સાંભળી કૃષ્ણ-શંકરની કઠિન ભીંતો જાણે ફાટી જતી! પરંતુ મનુષ્ય નામ ધારણ કરનાર જમીનદાર અથવા તેમના નોકરોના મનમાં લેશ પણ દયાનો સંચાર થતો નહિ. સખ્ત પ્રહાર થતાં એક ખેડુત એકાએક અચેતન થઇ પૃથ્વી પર પડયો. તેમ

છતાં પણ તેનો છૂટકો થયો નહિ. તેના અચેતન, શબવત્ દેહ ઉપર નેતરની સોટીઓના પ્રહાર થતા હતા! વારંવાર ત્હેના શરીર ઉપર લાતો વાગતી હતી. તેના શરીરમાં જીવ છે કે નહિ તેની કોઇએ તપાસ કરી નહિ. જેમ લાતો પડતી હતી તેમજ પડચાં ગઈ.

થોડી વાર પછી ભૈયાજી જોરાવરસિંહે કહ્યું: "પાઠકજી સાહેબ, જાણે આ ગધેડો મરી ગયો હોય એમ જણાય છે."

કૃષ્ણશંકરે એકદમ ચમકી ઉભાં થઇ ઉત્તર દીધો: "જોરાવર! જોતો. જીવે છે કે પાર પડી ગયો?"

જોરાવરે શબવત્ પડેલા દેહને આમતેમ હલાવી જોયું, પણ તેમાં તેના પ્રાણપંખી નહોતા! લાતો વડે છુંદાયલા મુખમાંથી રક્તનો પ્રવાહ વહેતો હતો. પણ પ્રાણ પંખી નહોતું! દેહ જડવત્, ઠંડુ બરફ જેવું થઇ ગયો છે.

કૃષ્ણશંકરે કહ્યું: "જોરાવર, આ બધા દુષ્ટોના હાથ પગ બાંધી દે! હમણાં ને હમણાં પોલીસ ગેટે જા, અને ખબર આપી આવ કે: આ બધાં માણસો અમારા મકાનમાં લુંટ કરવા ભરાયાં હતાં. તેમણે અમારા નોકર ખેડુત રામદાસને ડાંગોના પ્રહાર વડે મારી નાંખ્યો છે. અનેક વસ્તુઓ લુંટી ગયા હતા. અંતે અમારાં માણસોએ જઇ એ ધાડપાડુઓને પકડયા છે. કેટલાક ન્હાસી ગયા છે."

જે અભાગી મરણ પામ્યો હતો તેવું નામ રામદાસ હતું.

કૃષ્ણશંકરની આજ્ઞા થતાંજ એક નોકર પોલિસ ગેટ પર ગયો. બે નોકરોએ કડીઆળી ડાંગો, ઘડા, લોટા, ચલમો, લુગડાં વગેરે કેટલોક સામાન પાઠકજીના ઘરમાંથી લાવી તેમની પાસે વિખરાતો મૂકયો.

થોડી વારમાંજ જમાદાર સાહેબ ત્યાં આવી પહોંચ્યા. શબદેહને જોઇ જમાદારે એકાંતમાં જઈ કૃષ્ણશંકર પાઠક સાથે કંઇક વાતચિત કરી લીધા પછી શબદેહને અને પેલા હાથકડીઓ પહેરાવેલા હતભાગ્ય ખેડુતોને ગેટ પર લીંધા, અને સાક્ષીઓ સહિત પાઠકજીને ગેટ પર આવવાની આજ્ઞા કરી.

પાઠકજી વખતસર આઠ દશ સાક્ષીઓ લઇને ગેટ પર આવી પહોંચ્યા.

જમાદારે કહ્યું: "પાઠકજી સાહેબ! આ વખતે જરા હોંશિયારીથી સાક્ષી

પુરાવા આપી શકશો તો એ બદમાશોને ઠેઠ પહોંચાડી શકાશે, પછી જીંદગી સુધી નિરાંત. કાઇ આપનું નામ નહિ દે.”

કૃષ્ણશંકર જાણે પોતાના ઘરમાં બેઠા હોય તેમ લાંબા પગ કરી, બેટ-માંની ગાદી પર સૂતા હતા. સિગારેટમાંથી ધુમાડા કહાડતાં હસીને કહ્યુંઃ “તે તો જોઇએ તેટલા લાવી શકીશ. તેની ચિન્તા નથી.”

જમાદારે કાગળ કલમ લઇ, ડ્રેસ મુકવાની ટીનની પેટીને ટેબલ બનાવી તે ઉપર જુબાનીઓ લખવા માંડી. જાણે ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન !

બધા સાક્ષીઓ જૂઠ્ઠા—તદ્દન બનાવટી—હતા છતાં પાઠકજીના ભણાવવા પ્રમાણે બધાએ બરાબર જુબાની લખાવી. વચમાં કોઇક સાક્ષી આડું અવળું બોલતો તેને જમાદાર સાહેબ શિખવી આપતા, એટલે ભવિષ્યમાં મેજીસ્ટ્રેટની કોર્ટમાં કે સેસન્સમાં વકિલ બૅરિસ્ટરો આડીઅવળી ગુંચવણમાં નાંખે તો પણ તે વખતે ભૂલ થાય નહિ—પુરાવો તૂટી જાય નહિ !

જમાદાર સાહેબે કેસ તૈયાર કર્યો. પરિણામે એવું ઠર્યું કે પટેલ રામદાસ કૃષ્ણશંકરને ત્યાં ખેતીના કામ ઉપર નોકરી કરતો હતો. બીજા ખેડુતો તેના વિરૂદ્ધ હતા. તેને પાઠકજીને ત્યાં નોકરી કરવાને બદલે પોતાની સાથે એક સંપમાં જોડવા માગતા હતા. રામદાસે ના પાડવાથી બીજા ખેડુતો સાથે દ્વેષભાવ થયો હતો. તેથી તેના ઉપર અને પાઠકજી ઉપર વૈર લેવાને ઇરાદે તેમણે પાઠકજીની હવેલી ઉપર હુમલો કર્યો. ઘરમાં લુંટફાટ ચલાવી. પાઠકજીના નોકરોએ લુંટારાઓની સ્હામે થઇ બચાવ કર્યો, તેમાં રામદાસ ઉપર સખ્ત માર પડતાં તે મરણ પામ્યો. બીજા કેટલાક ઘાયલ થયા છે. અંતે પાઠક-જીના સિપાહીઓએ લુંટારાઓને કેદ પકડયા છે. તેમાંના કેટલાક ન્હાસી ગયા છે. પકડાયલા લુંટારાઓને તથા સાક્ષી વગેરેને લઇ જમાદાર ભ્રગુપૂર ડિસ્ટ્રીકટ ઇન્સ્પેકટર સાહેબ પાસે લઇ ગયા. ત્યાં ઇન્સ્પેકટરે ગુન્હેગારો ઉપર ચાર્જ મૂકી કેસ મેજીસ્ટ્રેટ કોર્ટમાં કમીટ કર્યો. રિપોર્ટમાં લખ્યું હતું કેઃ પક-ડાયલા ગુન્હેગારોને કમિટ કર્યા છે. બાકીના ગુન્હેગારોને પકડવા જમાદાર અને પોલિસ સિપાહીઓનો યત્ન ચાલી રહ્યો છે. એટલું શા માટે બાકી રહેવું જોઇએ?

કૃષ્ણશંકરના હૃદયમાં આજે ઠંડક વળી. ખેડુતોને જુઠ્ઠા પ્રપંચજાળમાં સપડાવી, જૂઠ્ઠા સાક્ષી પુરાવાઓથી જકડી, કોર્ટના અંધારા કેદખાનામાં નંખાવી દીધા હતા! કેસ પણ બરોબર પાકો કર્યો હતો. તેમની ખાત્રી હતી કે: હવે બધા લાંબી મુદત સુધી જેલજાત્રાએ જશે! ગેટના જમાદાર તેની તરફેણમાં હતા. હવે બીજું શું જોઇએ? તેમના મનમાં એમજ હતું કે: તેમનું આ કૃષ્ણકૃત્ય અન્ય કોઇ જોતુંજ નથી! તેથીજ તેમને વિશેષ આનંદ થયો હતો, પણ કેદમાં પુરાયલા ગરીબ, નિર્દોષ ખેડુતોનો કરૂણ હાહાકાર સાંભળી સ્વર્ગના દેવતાઓ પણ કમ્પી ઉઠયા હતા એવું અનુમાન થાય છે. વાંચક! તમારૂં હૃદય શું કહે છે વારૂ?

પંચમ પરિચ્છેદ.

અંકુર.

સન્ધ્યા સમય પછી જીલ્લા-મેજીસ્ટ્રેટ સાહેબના બંગલાનો, કાચનાં બારણાંવાળો એક ઓરડો દિપકના પ્રકાશથી ઝગઝગી રહ્યો હતો. દિપકનો પ્રકાશ કાચનાં બારણાંપર પડી સર્વત્ર પ્રકાશતો હોવાથી ઓરડામાંથી અંધારૂં જીવ લઇને ન્હાસી ગયું હતું. મેજીસ્ટ્રેટ સાહેબ અને તેમનાં ધર્મપત્ની આરામ-ચૅર પર પડયાં પડયાં વાતો કરતાં હતાં. સાહેબનું મન વાતોમાં ગુંથાયું હતું છતાં હાથમાંની ચિરૂટમાંથી ધૂમાડા કહાડવાનું ભૂલતા નહોતા!

આ સમયે જે જીલ્લા મેજીસ્ટ્રેટ હતા તેજ ત્રણ વર્ષ ઉપર આ શહેરમાંજ પોલિસ સુપ્રિન્ટેન્ડન્ટ હતા. કેટલાક મ્હોટા કેસોમાં ખંતપૂર્વક તપાસ ચલાવી, ચાલાકીથી અપરાધીઓને શિક્ષાપાત્ર ઠરાવ્યા હતા, કેટલાક બ્હારવટીયા, લુંટારાને પકડી દેશનિકાલ કરાવ્યા હતા. કેટલાક ઉજળા ચોરોને પકડી જેલજાત્રાએ મોકલ્યા હતા. જીલ્લામાં સર્વત્ર શાંત ફેલાવી હતી. તેથી ઉપરી અમલદારોનાં તેમને ઘણાં સર્ટિફિકેટો મળ્યાં હતાં. ગવર્નમેન્ટમાં પણ

તેમને માટે ઉંચો મત નોંધાયો હતો. બે વર્ષની રજા લઈ વિલાયત જઇ આવ્યા પછી જીલ્લા મેજીસ્ટ્રેટ થઇને પાછા આજ શહેરમાં આવ્યા હતા.

વાતોમાં ને વાતોમાંજ મેજીસ્ટ્રેટ સાહેબે મડમને કહ્યું: "આજે એક ખુનનો કેસ આવ્યો છે. કેસ ચાલે છે. કેસ બહુ ગુંચવાડા ભરેલો જણાય છે. એ કેસ આવતાંજ ત્રણ વર્ષ ઉપર બનેલો એક બનાવ યાદ આવે છે. તેણેજ મ્હને મ્હોટી શંકામાં નાંખી દીધો છે."

મડમ: "ત્રણ વર્ષ ઉપરનો બનાવ યાદ આવે છે? કહો જોઉં."

સાહેબ: કદાચ તમને યાદ નહિ હોય. હું પોલિસ સુપ્રિન્ટેન્ડન્ટ હતો તે સમયે જ્ઞાનાનંદ સબજડજની મ્હોટી કન્યા મ્હારી પાસે આવી તેણે જમીનદાર સરદાર કૃષ્ણશંકર પાઠકના વિરૂદ્ધ ફરીઆદ કરી હતી. પાઠક તેના ગામડાના ખેડુતોને અને ભ્રગુપૂરના આશ્રિતોને અનેક પ્રકારે સતાવે છે તથા તેમને ત્રાહ ત્રાહ પોકરાવે છે, એવી ખબર આપી મ્હારી સહાયતા માંગી હતી."

મડમ: "હા, હા. હવે મ્હને યાદ આવ્યું. વિલાયત જવાનું થવાથી તે વખતે તમે તમારી ફરજ બજાવવાનું ભૂલી ગયા છો. વિલાયતમાં પણ મ્હને એ વાત એક બે વખત યાદ આવી હતી. વળી વિશેષ તો કમલિનીનું સ્મરણ થતું હતું. મનમાં થતું હતું કે એ પણ રમણી છે, હું પણ રમણી છું. તે શક્તિહીન થઇ અત્યાચારીના હાથમાંથી રક્ષણ મેળવવા માટે આપણે બારણે આવી રડી ગઇ. મ્હારા પતિ મહાન શક્તિવાન અને દુર્બળનું રક્ષણ કરવું એજ ત્હેમનું કર્તવ્યકાર્ય હતું, તેમ છતાં તે વાત તરફ લક્ષ્ય આપ્યું નહિ. તેનામાં અને મ્હારામાં કેટલો બધો ફેર?"

સાહેબે તીક્ષ્ણ પણ પ્રેમપૂર્ણ નયને સ્વપત્નીના કોમળ-સુંદર મુખ તરફ જોયું. તેમણે કહ્યું: "આજે મ્હારી કોર્ટમાં જે કેસ ચાલે છે તેને માટે હું અનુમાન કરૂં છું કે એવીજ બાબત છે. અરજદાર કૃષ્ણશંકર પાઠક છે. ગુન્હેગારો તેમના સુદામાપુરના ખેડુતો છે. આખા ગામના ખેડુતો લુંટારા!"

સાહેબે સંક્ષિપ્તમાં પોલિસનો રિપૉર્ટ, સાક્ષીઓની જુબાની વગેરે સર્વ મેમ સાહેબને કહી સંભળાવ્યું.

આતુર નેત્રે, ઉત્સુક ચિત્તે મડમ સાહેબે પૂછ્યું: "તમે શું ધારો છો?"

સાહેબઃ હું ધારૂં છું કે આ કેસ પોલિસના રિપૉર્ટથી જૂદાજ પ્રકારનો હોવો જોઈએ. અત્યારે તે નક્કી કહી શકાય નહિ. તોપણ અરજદારે અને પોલિસે, સત્ય બનાવ છુપાવી દઇ, પોતાની ઇચ્છા પ્રમાણે કેસ બનાવ્યો છે એતો નક્કીજ."

મડમઃ "મ્હારી એક ભલામણ છે કે બને ત્યાં સુધી એ કેસમાં ઉંડા ઉતરી તપાસ કરજો, અને ત્યાર પછીજ જજમેન્ટ આપજો. તે છોકરીનો પણ એવોજ આગ્રહ હતો. હજુ તેનો દેવબાળા જેવો કરૂણ સ્વર મ્હારા કાનમાંથી ખસતો નથી."

સાહેબ કંઇક વિચારમાં પડયા હતા. થોડી વારે તેમણે કહ્યુંઃ "તમારી ભલામણ પ્રમાણેજ કરીશ. હમણાં કેટલા વાગ્યા છે? રાત વધારે તો થઇ નથી?"

મડમે હાથને કાંડે બાંધેલી ઘડીઆળમાં જોઇ કહ્યુંઃ "આઠ ને દશ."

સાહેબઃ "ત્યારે હું જાઉં છું."

મડમઃ "ક્યાં?"

સાહેબઃ "સુદામાપુર. કેસની ગુપ્ત રીતે તપાસ કરવા."

મડમઃ "ઇશ્વર ત્હમારૂં કલ્યાણ કરો."

જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ ત્યાંથી ઉઠી એક બીજા ઓરડામાં ગયા. તેમાં જઈ વિચાર કરી કાબુલીનો પહેરવેશ પહેર્યો. મેલાં જૂનાં લૂગડાં શરીરે પહેર્યાં. કાબુલીના જેવોજ ફેંટો પહેર્યો. પોલિસ સુપ્રિન્ટેન્ડન્ટ થયા તે વખતે આવા સ્વાંગ ધારણ કરવાનો તેમને અભ્યાસ પડયો હતો. કાબુલી બન્યા પછી ભીંતે ટંગાવેલા એક મ્હોટા આરસામાં પોતાનું પ્રતિબિંબ જોઈ જરાક હસવું આવ્યું. એક કડીઆળી ડાંગ હાથમાં લઇ સાહેબ ઓરડામાંથી બહાર નિકળી પડયા.

ષષ્ઠ પરિચ્છેદ.

તપાસ.

મેજીસ્ટ્રેટ સાહેબે અન્ધકારવડે ઘેરાયલા, ખાડા ખાબોચિયાવાળા ઉંચા નીચા ટેકરાવાળા, કાંકરા કાંટાવાળા વિકટ માર્ગમાં થઇ સુદામાપુરમાં ગામડામાં પ્રવેશ કર્યો. ત્યાંથી એક ખડકીમાં એક ખેડુતના ઘર આગળ જઇ ઉભા. ઘર ચૂર્ણ વિચૂર્ણ થઇ ગયું હતું, કોહોડમાં એકે દ્વાર નથી, એક કુતરૂં, ભાંગલા ઘરની બખોલમાં પેસી ઉંઘતું હતું. કાબુલીને જોઈ તે હાઉ, હાઉ કરી ભસી ઉઠયું. સાહેબે કાબુલીની પેઠે ડોળા કહાડી, ડાંગ ફેરવી, ભાંગલી તુટલી મુસલમાની ભાષામાં કહ્યું: "આ ઘરમાં કોણ છે?"

ડાબા હાથમાં એક ફાનસ અને જમણા હાથમાં જાડો ડાંગ લઈ એક પુરૂષ બહાર નિકળ્યો. તેણે પૂછ્યું: "તમે કોણ છો?"

સાહેબ: "હું કાબુલી છું. રાત બહુ થઇ છે. તેથી અહિં જ પડી રહીશ."

ખેડુતઃ "ભાઇ, હવે અમારી તેવી સ્થિતિ નથી કે એક પરોણો આવે તેને રોટલો ખવાડીએ, અથવા ઘરમાં પડી રહેવા દઇએ. વખત બહુ બારિક છે."

કાબુલી: "તમે ઘર કરીને રહ્યા છો એટલે પરોણાને અન્ન—સ્થાન આપવું જ જોઇએ. એજ તહમારો ધર્મ."

ખેડુતઃ "તે હું જાણું છું ભાઈ પણ શું કરૂં? જમીનદાર સરકારના અત્યાચારથી અમે ઘરબાર વગરના, અન્ન ધન વગરના, શાંતિસુખ વગરના થઇ પડયા છીએ. અમે ગૃહસ્થાશ્રમી રહ્યા નથી. અમે મનુષ્ય રહ્યા નથી. જંગલના પશુની પેઠે તે અમારૂં લોહી ચૂસે છે. અમને બાળી ભસ્મ કરે છે!"

સાહેબઃ "એમ કેમ? અંગ્રેજના ન્યાયી રાજ્યમાં એમ કેમ બને?"

ખેડુતઃ "અમારા દુર્ભાગ્યને લીધે બધું થાય છે. હમણાં તો જેની પાસે પૈસા છે તેને ઘેર ન્યાય વેચાયો છે."

સાહેબઃ "તમે કદાચ અપરાધી હશો તેથી તમને ન્યાય મળતો નહિ હોય."

ખેડુતઃ "તમે કાબુલના રહેનાર પરદેશી. તમને શી ખબર? થોડા દિવસ ઉપર પાઠકે ગામના ખેડુતોને પકડાવી મંગાવી જઈ ઢોરોની પેઠે માર માર્યો હતો. તેમ કરતાં એક માણસ મરી ગયો. તેમાં ઉલટો ચોર કોટવાળને દંડે એવું થયું છે! ઉલટું તે ખુન અમારા ખેડુતોને માથે પડયું છે. પોલિસમાં તેમણે ફરીઆદ કરી છે કે અમારા ખેડુતોએ પાઠકજીની હવેલીમાં લુંટ પાડી. તેમાં ખુન થયું."

સાહેબઃ "તમે તે માટે સાક્ષી પુરાવા મેળવી આપશો?"

ખેડુતઃ "અમારી પાસે સાક્ષીઓ તો ઘણાએ છે પણ શું કરીએ? પૈસા ક્યાંથી લાવીએ કે સારો વકીલ કરાય?"

સાહેબઃ "સાંભળો. હું જાતનો તો પઠાણ છું. મ્હારૂં ઘરબાર કાબુલમાં છે છતાં હું તમારો પક્ષ લઇશ. મેં જે કાંઈ મેળવ્યું છે તે તમારા દેશમાંથી. અમારા પવિત્ર ધર્મશાસ્ત્રમાં લખ્યું છે કેઃ સત્યનો પક્ષ લેવો. ગરીબોને મદદ કરવી. અમારૂં ધર્મશાસ્ત્ર તમને મદદ કરવાનું કહે છે. મ્હારી પાસે પુષ્કળ રૂપિયા છે. તમને સારો વકીલ કરી આપીશ, પણ એક કામ કરવું પડશે."

ખેડુતઃ "શું?"

સાહેબઃ "તમારે સાચેસાચા સાક્ષીઓ લાવવા પડશે. જરા પણ જૂઠું ચાલશે નહિ. જો તમે મ્હારી પાસે સાક્ષીઓ લાવી સાબિત કરશો કે એ ખુન જમીનદારના તરફથીજ થયું છે તો હું જરૂર તમારૂં રક્ષણ કરીશ."

"ત્યારે આવો." એમ કહી ખેડુત આગળ ચાલ્યો. સાહેબ તેની પાછળ પાછળ ચાલ્યા. સાહેબને લઇ પેલો ખેડુત જમિયતખાંને ઘેર ગયો. અને જમિયતખાંને બધી વાત કહી. જમિયતખાંએ નગારૂં વગાડી ગામના સર્વ ખેડુતોને ભેગા કર્યા અને તેમને કાબુલીની વાતથી જાણીતા કર્યા.

સાહેબે થોડી વારમાંજ સત્ય વાત જાણી લીધી. મનુષ્ય થઇને મનુષ્ય ઉપર કેટલો રાક્ષસી અત્યાચાર કરી શકે છે તેની સાબિતી મેળવી તેમનું શરીર કમ્પી ઉઠયું. મનમાંજ બોલ્યા કે: "કમલિનીએ તે દિવસે જે કહ્યું હતું તેના કરતાં પણ વાત તો બહુ ભયંકર જણાય છે."

સાહેબે જમિયતખાંને એકાંત ઓરડામાં લઇ જઇ પૂછ્યું: "જ્ઞાનાનંદની એક કન્યા તમારા પક્ષમાં હતી તે હમણાં ક્યાં છે?"

વિલાયતી ફાનસના ઉજ્વળ પ્રકાશ વડે જમિયતખાંએ કાબુલીના મુખ સ્હામુ ધારી ધારીને જોયું. તેણે મનમાંજ નિશ્ચય કર્યો કે: આ માણસ કાબુલી નથી. ગુપ્ત રીતે કોઇ સરકારી અમલદાર તપાસ કરવા આવ્યા હોય એમ જણાય છે. તેણે ગદ્ ગદ્ કણ્ઠે કહ્યું: "તેને તો વૃન્દાવન મોકલી દેવી પડી છે. તેમાં પણ પાઠકનો હાથ હતો. તે મહાદેવી અમને ગરીબ કંગાલ જાણીને મદદ કરતી હતી. અમારે માટે ગુપચુપ બે બિંદુ નેત્રજળ પાડતી હતી. તેથી પાઠકે યુક્તિ કરી, જ્ઞાનાનંદના જમાઈ લક્ષ્મીપ્રસાદને હાથમાં લઇ તેને દેશપાર કરાવી છે. મ્હેં સાંભળ્યું છે કે, પાઠકે તે બિચારીના પુષ્કળ રૂપિયા પડાવી લીધા છે! ખુદા! ખુદા! તે ભલી, ભોળી દેવી ક્યાં હશે?"

સાહેબ: "શી રીતે?"

જમિયતખાં: "અમને ખોટી સાક્ષી પુરવાના કામમાં દોરતા હતા. તેમાં અમે ના કહી ત્યારે તેનું વેર લેવા પાઠકે અમારા પર બહુ અત્યાચાર કર્યા. તેમાં પાઠકને પુષ્કળ ખર્ચ થયો. અમારી સાથે પાઠકજીને સલાહ કરાવવા—અમારા અપરાધ ક્ષમા કરાવવા—તે દેવીએ યત્ન કર્યો. પાઠકે કહ્યું: "કેસો લડવામાં દશ હજાર રૂપિયા ખર્ચ થયો છે તે મળે તો બધું શાંત થાય." દેવી કમલિનીએ પોતાના ગાંઠના સર્વ રૂપિયા પાઠકને આપી દીધા. રૂપિયા લેવા છતાં પણ તે પાખંડીએ અમારો છુટકો કર્યો નહિ!"

સાહેબ: "કેટલા રૂપિયા?"

જમિયતખાં: "સાત આઠ હજાર હશે. નક્કી રકમ યાદ નથી. પણ ક્ષમા કરો તો એક વાત પૂછું. તમે કાબુલી મુસાફર નથી. તમે કોણ છો તે સ્પષ્ટ કહો."

સાહેબ: "હું જે હોઉં તે ગડબડ કરશો નહિ. કાલે ખુનનો કેસ ચાલે તે વખતે જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં હાજર થજો. રામદાસ કૃષ્ણશંકર પાઠકને ત્યાં નોકર ન હતો, તેને પકડી લઈ જઈ પ્રહાર કરતાં કરતાં મારી નાંખ્યો છે તે માટે કેટલાક સાક્ષીઓ સાથે લઇ જજો. હું જાઉં છું. બ્હીશો નહિ. ધણા દિવસ ઉપર જ્ઞાનાનંદની પુત્રી કમલિનીએજ મ્હને આ કામ માટે સખ્ત ભલામણ કરી હતી તે યાદ રાખજો. તેજ અંકુરમાંથી હવે મહાવૃક્ષની ઉત્પત્તિ થશે. તેની શીતળ છાયામાં તમને શાંતિ–સુખ મળશે."

સાહેબ વધારે બોલ્યા નહિ. ત્યાંથી ઉતાવળે પગલે ચાલ્યા ગયા.

અર્ધા કલાક પછી સાહેબ કૃષ્ણશંકર પાઠકને બંગલે જઇ પહોંચ્યા. રાતના દશેક વાગ્યા હશે. બંગલા બહાર નોકરોને રહેવાનું એક ન્હાનું ઘર હતું. તેમાં કેટલાક નોકરો ગંજીફો રમતા હતા, કોઇ રસોઇ કરતા હતા, કોઈ જમવા બેઠા હતા, કોઈ તબલાં ઢોલક વગાડતા હતા, કોઇ ગાતા હતા, અને ત્રણ ચાર તલવાર બંદુકધારક પરદેશી–ભૈયા સિપાહીઓ, હથેલીમાં તમાકુ ચોળતા, કાથાની દોરીભરેલા ખાટલા પર બેસી વાતોના ગપાટા મારતા હતા. એકાએક કાબુલીને આવેલો જોઇ રામશરણ મિશ્રે હિંદીમાં કહ્યું: "ક્યોં સાહબ ? કયા કામ હય ?"

કાબુલીએ પણ ભાગલી તુટલી મુસલમાની ભાષામાં જવાબ દીધો. પરંતુ વાંચક ગુજરાતી, પુસ્તક ગુજરાતી અને લેખક પણ ગુજરાતી, તેથી તેમની વાતચિત ગુજરાતી ભાષામાંજ લખવામાં આવે છે.

સાહેબે ઉત્તર દીધો: "ના, ના, કંઈ ખાસ અગત્ય નથી. રસ્તે જતાં રાત પડી ગઇ તેથી અહિં રાત રહેવાની ઇચ્છા છે."

રામશરણ દાઢીના વાળ ઉંચે ચઢાવતાં બોલ્યો: "અહિં જગા નહિ મળે. આ કંઈ ધર્મશાળા છે ?"

સાહેબ: "અરે ભૈયાજી, આવડી મ્હોટી હવેલી, આટલાં બધાં ઘર અને મ્હારા જેવા એક ક્ષુદ્ર જીવને ચાર હાથ લાંબી, બે હાથ પહોળી જગા નહિ મળે એ શું બોલ્યા ?"

રામ: "તમે પરદેશી છો માટે."

સાહેબ: "ત્યારે ગામના લોક કોણ તમારે ત્યાં આવે એમ છે?"

રામ: "તમે કાબુલી–મુસલમાન છો માટે."

સાહેબ: "તે તો ઉઘાડુંજ છે ને."

રામ: "તમે કયે ગામ રહો છો? શો ધંધો કરો છો?"

સાહેબ: "ગામે ગામ ફરતો ફરી જ્યોતિષ જોઉં છું."

રામ: "એ શું વળી! કાબુલી લોકો વળી જ્યોતિષ શાસ્ત્ર જાણે છે ખરા? કાબુલી લોકો તો દોઢ રૂપિયાનું લુગડું પાંચ રૂપિયે ઉધાર ધીરી ગરીબ લોકો ઉપર જુલ્મ કરી જાણે છે! પાંચ રૂપિયા આપી દશ રૂપિયાનું ખાતુ પડાવી લે છે અને રૂપિયા વસુલ કરવા લોકોનો દમ કાઢી નાંખે છે! તેમને લાત મુક્કા અને છરી લાકડીનો સ્વાદ ચખાડે છે! લોકોને ખુબ મારે છે! વખતે લોકોના ઘરમાં ચોરીઓ પણ કરે છે!"

સાહેબ: "બધા કંઈ એક પ્રકારનો વ્યાપાર કરે છે? કાબુલીઓ લુગડાં વેચે, રૂપિયા ધીરે, જ્યોતિષ જાણે અને યુદ્ધ પણ જાણે છે. વળી સાહિત્ય વાંચે છે અને ધર્મ પણ કરી જાણે છે. અમારા દેશનું જ્યોતિષ બહુજ ઉત્તમ છે; લાવો, તમારો હાથ જોઉં. હમણાંજ ચમત્કાર બતાવીશ. જરા બત્તીનો પ્રકાશ વધારી મ્હારી પાસે મૂકો."

ખાટલાના પાયા ઉપર ઘાસતેલના ડબામાં દીવો બળતો હતો. તેવારીજીએ આશ્ચર્ય પામી ડાબે હાથે ડબ્બો મિશ્રજીના હાથ પાસે ધર્યો. સાહેબે હાથ ઝાલી બે ચાર વાર આમ તેમ ફેરવી જોયું. કપાળની રેખાઓ બે ચાર વાર ઉંચી નીચી ચઢાવી. આંખો જરા સાંકડી પહોળી કરી. ત્યાર પછી કહ્યું: "જૂવો ભૈયાજી, એક ઘણીજ ગુપ્ત વાત હું જાણી શકયો છું. કેમ, એકાંતમાં આવી સાંભળવી છે?"

રામશરણ ભૈયો જરા ગભરાયો અને આશ્ચર્ય પામ્યો: "હા, કેમ નહિ?"

સાહેબ અને રામશરણ ઘણે વેગળે ગયા. એક વૃક્ષની છાયામાં બેઠા. સાહેબે કહ્યું: "દેશમાં તમારાં કોણ કોણ સગાં છે?"

રામ: "સ્ત્રી છે, પુત્ર કન્યા છે. કેમ?"

સાહેબ: "તમારા ઉપર મ્હોટી વિપત્તિ આવી પડે એમ છે."

રામ: "વિપત્તિ કેવી ?"

સાહેબ: "ફાંસી. તમને ફાંસી થશે."

રામશરણનું શરીર કમ્પાયમાન થયું. શરીર થરથરવા લાગ્યું. તેણે પૂછ્યું: "કંઈ કારણ ?"

સાહેબ: "તમે જુઠ્ઠી સાક્ષી પૂરી છે."

રામ: "ક્યારે ?

સાહેબ: "તે કહી શકતો નથી. હાથમાં જે જણાયું તે કહ્યું. તમારા માલિકના મકાનમાં કોઇને નિર્દય રીતે પ્રહાર થતાં તેનું ખુન થયું છે. તે કેસમાં તમે જુઠ્ઠી સાક્ષી પૂરી છે. જીલ્લામેજીસ્ટ્રેટ સાહેબ સાચી વાત જાણી શક્યા છે. જુઠ્ઠી સાક્ષી પૂર્યાથી તમને ફાંસીનો હુકમ થશે."

મિશ્રજીનું મ્હોટું મ્હોઢું સુકાઇ ન્હાનકડું થઈ ગયું. મ્હોડાપરથી તેજી ઉડી ગઇ—ફિક્કાસ પથરાઇ ગઈ. એક ઉંડો નિઃશ્વાસ મૂકી ધીમે—અતિ ધીમે સાદે કહ્યું: "બચવાનો કાંઈ ઉપાય છે ?"

સાહેબ: "તે પણ હાથમાં જણાય છે. જમાદારની પાસે પણ જુઠ્ઠી સાક્ષી લખાવી—"

મિશ્રજીનું ગળું સુકાઈ ગયું. ગભરાયલે સ્વરે બોલ્યા: "હું તો જૂઠું બોલવા ન્હાતો નહોતો પણ જમાદાર ગાળો દઇ મારવા આવ્યા. પાઠકજીએ પણ ગાળો દીધી. પછી હું શું કરૂં ? દશ રૂપિયાના નોકરનું કેટલું જોર ? રજા આપે તો ખાવું શું ?"

સાહેબ: "ચિંતા નહિ. તમે બ્રાહ્મણ છો. જુઠું બોલતાં આવરદા ખુટે છે. ભગવાન રાજી થતો નથી. તમારા હાથપરથી જણાય છે કે જો જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ પાસે સાચું બોલશો તો બચી જશો. ફાંસીએ જવા કરતાં નોકરી ખોવી એ સારૂં છે."

રામશરણે કંઈક વિચાર કર્યા પછી કહ્યું: "ભલે નોકરી જાય. તેની દરકાર નથી. ઘણીયે નોકરીઓ મળશે. કાલે કચેરીમાં સાચુંજ બોલી દઇશ."

સાહેબ: "હું પણ એક તાવીજ કરી આપું છું, તેથી તમને તુર્તજ

બીજી નોકરી મળશે. કચેરીમાંજ તમને નોકરી માટે કોઇ શેઠ પૂછપરછ કરશે. એક પછી બીજાને ત્યાં નોકરી કરજો. વારૂ, પણ સાચી શી વાત છે તે કહેશો?"

મિશ્રજીએ ઉતરેલે ચ્હેરે બધી વાત કહી સંભળાવી. જમાદારે કૃષ્ણશંકર પાઠકનો પક્ષ લઇને જે જે કુકાર્યો કર્યા હતાં તે બધાં કહી સંભળાવ્યાં. સાહેબે તેને સાવચેત રહેવાની શિખામણ દઇ ચાલવા માંડયું. ગામ બહાર થોડે વેગળે ઘોડો અને એક નોકર ઉભાં રાખ્યાં હતાં. સાહેબે ઘોડા પર બેસી બંગલા તરફ પ્રયાણ કર્યું.

સપ્તમ પરિચ્છેદ.

ફળ.

જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબની કૉર્ટમાં કેસ ચાલ્યો, અંતે જેટલા અપરાધીઓને ખુની તરીકે કૉર્ટના પિંજરામાં ઉભા રાખ્યા હતા તે સર્વેને સાહેબે મુક્ત કર્યા. કૃષ્ણશંકર પાઠકને તથા તેમના બીજા એક બે નોકરોને ખુની તરીકે અને ખુનના કામમાં મદદ કરનાર તરીકે પકડી તુર્ત વેળા તો કેદમાં પૂર્યા. શેહેરમાં હાહાકાર થઇ રહ્યો.

મેજીસ્ટ્રેટ સાહેબના યત્નથી ગામડાના અનેક લોકોએ અને મિશ્રજી વગેરે મનુષ્યોએ સાચી સાક્ષી પૂરી.

કૃષ્ણશંકરના હાંજા ગગડી ગયા. ખુનના કેસમાં અપરાધી હોવા છતાં તે જામીન ઉપર છુટા થયા હતા, તેમ છતાં પ્રતિ ક્ષણે, તેમના હૃદયમાં સખ્ત ભય પેઠો હતો. તે ભયને લીધે પ્રસંગે આખું શરીર જકડાઈ જતું હતું. ક્ષણે ક્ષણે તે ધારતા હતા કે ખુનને માટે તેને ફાંસીને લાકડે લટકવું પડશે! હવેલી, બંગલા, બગિચા, રૂપિયા, સ્ત્રી કન્યા, પુત્ર વગેરે સર્વ અહિં પડયું રહેશે! પોતાના અપરાધને લીધે, આત્મકૃત પાપને લીધે, તેને વગર મ્હોતે મરવું પડશે! તે સમયે તેમને પોતાની શ્રીમંતાઇ ઉપર ધિક્કાર છુટતો. તેમના મનમાં એવું થતું કે: જેઓ ભિક્ષુક છે, જેઓ રોજની મજુરી કરી

સ્ત્રી પુત્રનું પાલન કરે છે, તે લોકો શ્રીમંતો કરતાં બહુ આનંદમાં દિવસો વ્યતીત કરે છે. શ્રીમંતો ધનના મદમાં અનેક નઠારાં કર્મો કરે છે, અનેક અધર્માચરણ કરે છે, સમાગમમાં આવતા જનો સાથે અહંકાર, મત્સરથી વર્તે છે, તેને પરિણામે અનેક જનો સાથે શત્રુતા થાય છે. શત્રુતા થતાં આવી આવી અનેક વિપત્તિઓ આવે છે અને અંતે જીવનું જોખમ થાય છે. ઘરનાં મનુષ્યોના જીવ પડીકે બંધાય છે! શિવ! શિવ! શ્રીમંતોની શ્રીમંતાઇમાં સુખ ક્યાં? શ્રીમંતને લક્ષ્મીને લીધે અનેક ઉત્પાતો સહન કરવા પડે છે! એ ઉત્પાતોમાં અનેક પાપાચરણ થાય છે! શુક્લજી એક દિવસ કહેતા હતા કે પાપને પરિણામે આ લોકમાં અને પરલોકમાં નરક ભોગવવું પડે છે! સત્ય છે. ફાંસીને લાકડે ઝુલાશે અને ગામેગામ મ્હારી વાતો થશે! મ્હને ધિક્કાર મળશે, એ શું? એ જીવતાં નરક કે બીજું?" આવા વિચારો થતા છતાં પોતાનો પક્ષ સબળ કરવા, અને જુઠ્ઠા સાક્ષીઓ ભેગા કરવા પાણીની પેઠે પૈસા ખર્ચવા માંડ્યા. ભારે ફી આપીને મ્હોટા મ્હોટા વકીલ બૅરિસ્ટરો રોકી લીધા.

બીજી તરફ મેજીસ્ટ્રેટ સાહેબે ખેડૂતોના મહેસુલ તથા ગણોત સંબંધી તપાસ કરી. જીલ્લાના મેજીસ્ટ્રેટ, જીલ્લાના કલેક્ટર, ન્યાય વિભાગમાં જેમ અપૂર્વ સત્તા ધરાવે છે તેમ જમીન મહેસુલ સંબંધી પણ તેમને સર્વ સત્તા છે. તેમણે કૃષ્ણશંકર પાઠકના તાબામાં જેટલાં ગામ હતાં તે સર્વની તપાસ કરવા એક સબડેપ્યુટીની નિમણુક કરી ખેડુત પ્રજાની જમીન-સંપત્તિનો ઉદ્ધાર કરવાનો તેમને આદેશ કર્યો. વિશેષમાં એવો પણ ડેપ્યુટીને હુકમ કર્યો કે: "કૃષ્ણશંકર સાથે તકરાર ઉપસ્થિત થઈ ત્યારથી તેમણે જે જે ખેડુતોની જમીન હરરાજ કરાવી દીધી હોય, અથવા બીજાને ત્યાં બળાત્કારે ગીરવી મુકાવી દીધી હોય તેવી જમીનો પાછી તેના માલિકને સોંપાવી દેવી. સબડેપ્યુટીએ તે જમીનો પાછી ખેડુતોને નામે ચઢાવી દેવી. પાઠકે ખોટાં હુકમનામાં કરાવી ખેડુતો પાસેથી જેટલા રૂપિયા લીધા હોય તેટલા ખેડુતોને પાછા અપાવી દેવા, અને તેમણે જે ખેડુતોનું સર્વસ્વ લુંટી લીધું છે તેમને તેમના ઢોરઢાંખર, હળ બળદ, ખેતરનું અનાજ, વગેરે

સર્વ પાછું અપાવી દેવું. કૃષ્ણશંકરના એ પ્રકારના અન્યાયને માટે તેને ખેડુતો પાસેથી ત્રણ વર્ષ સુધી ગણોત કે અર્ધો ભાગ અપાવવો નહિ.

કૃષ્ણશંકર પાઠકે એ આજ્ઞા વિરૂદ્ધ હાઇ કોર્ટમાં અપિલ કરી, પરંતુ હાઇકોર્ટના બુદ્ધિમાન જજ્જોએ અપિલ કાઢી નાંખતાં શેરો માર્યો કે: "નીચલી કોર્ટની આજ્ઞામાં અમે હાથ ઘાલી શકતા નથી."

સેસન્સ કોર્ટમાં કેસ ચાલતાં મુંબઇના મ્હોટા મ્હોટા બૅરિસ્ટરોની વાક્ચાતુરીને લીધે-કહો કે કાયદાની અનેક બારિકીઓને લીધે કૃષ્ણશંકર ખુનના અપરાધમાંથી મુક્ત થયા. તેમ છતાં બુદ્ધિમાન જજે પાઠકને જજમેંટમાં એવા શિખામણના શબ્દો લખ્યા હતા કે ભર કોર્ટમાં તે શબ્દો સાંભળી પાઠકને નીચું જોવું પડયું હતું. તેને પોતાનાં પાપ-કૃત્યોનો સખ્ત પાશ્ચાતાપ થતો હતો. એટલે સુધી કે તેમના મનમાં "જીવવા કરતાં મરવું ભલું" એમ જ થઇ આવ્યું. સેંકડો મનુષ્યોના દેખતાં ભર કોર્ટમાં તિરસ્કાર ભરેલી શિખામણ સાંભળવી પડી તેથી તેમને બહુ લાગી આવ્યું. પાપનો પશ્ચાતાપ થયો.

ખેડુતોમાં અને શેહેરના અન્ય આશ્રિતોમાં કૃષ્ણશંકરનો જે ત્રાસ વહ્નિ પ્રવર્તતો હતો તેના પર મેજીસ્ટ્રેટ સાહેબની દયારૂપ શીતળ જળવર્ષણ થયું. આટલા બધા દિવસ પછી તે બિચારાઓએ માથું ઉંચું કર્યું. હવેજ તેમણે જાણ્યું કે: તે દિવસનો કાબુલી સ્વયં જીલ્લા મેજીસ્ટ્રેટ પોતેજ હતા! એ સાહેબજ પ્રથમ પોલિસ સુપિન્ટેન્ડન્ટ હતા. એ સાહેબ પાસેજ તેમની કરૂણામયી માતા કમલિનીએ પાઠકજીના ત્રાસની સર્વ હકિકત નિવેદન કરી તપાસ કરવા આગ્રહ કર્યો હતો. તેના એ આગ્રહને લીધેજ, એ નિવેદનને લીધેજ, આજે તેમને ન્યાય મળ્યો છે. આજે તેમના દુઃખનો અંત આવ્યો છે, અને આજે તેમણે શાંતિ મેળવી છે. આજે તેમણે બાળક, યુવક, વૃદ્ધ, નર, નારી સર્વએ એકઠા મળી કમલિનીના નામનો જય ધ્વનિ કર્યો.

જમિયતખાં અને માધવદાસ વગેરે ગામના આગેવાન ખેડુતોએ એકત્ર થઈ માતા કમલિનીને તેડવા માટે વૃન્દાવન માણસો મોકલ્યાં. તેમણે પાછાં આવી સમાચાર કહ્યા કે: "તે આપણી માતા વૃન્દાવનમાં નથી. સન્યાસી થઇને ક્યાંય ચાલ્યાં ગયાં છે."

એ સાંભળી સર્વ ખિન્ન થયા તેમણે એક ફન્ડ ઉઘરાવી ગામે ગામ અને શહેરે શહેર ભિક્ષા માગી પુષ્કળ રૂપિયા ભેગા કર્યા. તે રૂપિયાની કમલિનીની એક પત્થરની મૂર્તિ તૈયાર કરાવી ભ્રગુપૂરના મધ્ય સ્થળમાં સ્થાપન કરી અને મહોત્સવ ઉજવ્યો. કલેક્ટર સાહેબે સુદ્ધાં તે દિવસે મહોત્સવમાં પધારી, બ્રહ્મચારિણી, સેવિકા દેવી કમલિનીનાં ગુણગાન કર્યાં.

ઉત્સવને દિવસે મ્હોટો મેળો ભરાયો. દરિદ્ર કંગાલોને મિષ્ટાન્ન ભોજન જમાડવામાં આવ્યું. પત્થરની મૂર્તિના પગ આગળ ઘુંટણીએ પડી પેલા ખેડુતોએ પ્રાર્થના કરી કે: " માતા ! દીન જનોની પાલક દેવી, તમારાં અજ્ઞાન સન્તાનો નયન જળવડે તમારાં ચરણતલ ધૂવે છે. માતાના પરોપકારી, દિવ્ય ગુણો સન્તાનમાં પ્રવેશ કરે, દીન જનોનું, ક્ષુધાતુરનું, અને સર્વ પ્રકારનાં દુઃખી જનોનું રક્ષણ કરવું એજ અમારૂં જીવન વ્રત થાય. તમે અમને તમારા ચરિત્રથી જે બતાવ્યું છે, જે શિખવ્યું છે, તે અમે જીવનપર્યંત પાળીએ, તેવું વ્રત અમારાં સન્તાનો પાળે અને ભવિષ્યની સર્વ પ્રજા પાળે એજ પ્રભુ પ્રાર્થના."

આજનો મહોત્સવ બહુ ધામધૂમ સાથે થયો હતો. તેનું મહત્વ શહેરનાં પ્રત્યેક નરનારીને જણાયું હતું. કમલિનીનું જીવન વૃતાંત છપાવી સર્વ જનોને વિનામૂલ્યે વહેંચવામાં આવ્યું હતું. નરનારી વાંચી તેને ધન્ય ધન્ય કહેતાં હતાં. ઘણા પુરૂષોએ તે જીવનવ્રત પ્રેમપૂર્વક પોતાની પત્ની, કન્યાને વાંચી વંચાવી એના જેવો પરોપકાર કરવાની શિખામણ આપી હતી. આજે ઘેરે ઘેર અને આસપાસના ગામોમાં આનંદ ઉત્સવ થઇ રહ્યો હતો.

કૃષ્ણશંકર પાઠક અને તેની મંડળીના સભાસદો આજનો મહોત્સવ જોવા ગયા હતા. તે બધા વેગળે સંતાતા, ભરાતા સર્વ કામકાજ નિહાળતા હતા. શહેરના મુખ્ય અમલદારો, અને અન્ય આગેવાન સદ્‌ગૃહસ્થોને મુખે કમલિનીની પ્રશંસા, ખેડુત વગેરેના હૃદયમાંથી ઉદ્‌ભવતી ભક્તિ અને કૃતજ્ઞતા જોઇ તેમના વિચારો બદલાઇ ગયા. ગમે તેમ પણ બ્રાહ્મણ સન્તાન. તેમના મનમાં એક સમયે પણ સાત્વિક વિચારો પ્રવેશ કરી સન્માર્ગે ચાલવાની પ્રેરણા કરે છે. પરંતુ અવિદ્યા, અજ્ઞાન અને દુઃસંગતિને લીધેજ દુષ્કર્મ

કરવા પ્રેરાય છે. કૃષ્ણુશંકર પાઠકે આજે મનમાંજ નિશ્ચય જાણ્યું કેઃ "પ્રેમથીજ પ્રેમ મળે છે, ખેડુતો અને આશ્રિતો ઉપર અત્યાચાર અનાચાર કરવાથી તેઓ વશ થતા નથી. અસત્યપણે વર્તવાથી પરિણામે વર્તનારનેજ અસત્ય મળે છે. જે નઠારૂં છે તે પૃથ્વીના અંત પર્યંત નઠારૂંજ રહે છે. શ્રીમંત લોકો પૈસાનું બળ રાખી દુષ્કર્મો કરે તો તેનું ફળ અંતે મ્હારા જેવુંજ મળશે. જીવાત્માઓ પ્રત્યે પ્રેમભાવ રાખવાથી બદલામાં પ્રેમજ મળશે. કમલિની આજે નથી પરંતુ ખેડુતો તથા અન્ય ગરીબ મનુષ્યો તેની પ્રતિમૂર્તિની પૂજા કરે છે. એ ભક્તિ જેને અર્પણ થાય છે તે દેવી નહિ તો બીજું કોણ? તે જગન્માતા નહિં તો બીજું કોણ? તે મહાદેવીજ." તેમણે મનમાંજ નિશ્ચય કર્યો: "હું પણ આજથી સર્વ જનો પ્રત્યે પ્રેમનો વિસ્તાર કરીશ. કમલિની પેઠે પ્રેમનો બદલો ભક્તિ પ્રાપ્ત કરીશ. પૈસા ટકા કશું સાથે આવશે નહિ. તેનો સન્માર્ગે ઉપયોગ કરીશ. પ્રાણી માત્રને મ્હારા આત્મા પ્રમાણે જાણીશ."

અષ્ટમ પરિચ્છેદ.

પરિવર્તન.

પ્રેમ, એ એક તરફ ભેદભાવનાની સીમા ભૂલી જઇ, ચંદ્રમાં વિકાશ પામે છે, તેથીજ મનુષ્ય તથા પક્ષીને એક ક્ષણમાં એકાકાર કરી દે છે. મનુષ્યો અને પક્ષીઓ ચંદ્રની શીતળ મૂર્તિ તરફ જોયા કરે છે. તેજ પ્રમાણે અન્ય એક તરફ જે સ્થળે સીમા નથી, તે સ્થળે પ્રેમ સીમા બાંધી આપે છે, અને જે સ્થળે આકાર નથી તે સ્થળે આકાર બનાવી દે છે.

પ્રેમ એ સ્વર્ગની વસ્તુ છે. તે કહે છે કેઃ "જગતમાં મ્હારા સિવાય અન્ય વસ્તુ શા માટે પ્રાધાન્યપણું ભોગવે? પ્રેમ એજ જગતનાં પ્રાણી માત્રમાં અમૃત રેડી આપે છે. પ્રેમને લીધેજ પરસ્પર આત્માનંદ ભોગવાય છે.

પ્રેમને લીધેજ કૃષ્ણાનંદનો રસ—સ્વાદ ચાખી શકાય છે. તેથીજ હું સ્વર્ગની વસ્તુ છું. તેથીજ હું—પ્રેમ—વૈકુણ્ઠ નિવાસી છું, પરંતુ તે બહુ વેગળેની વાત છે. હું ધારૂં તો વિશ્વના સમસ્ત નિયમોની અડચણો દૂર કરી શકું. જે પ્રેમી બને છે તે સદા સ્વપ્નમાં પડયા છે—તે સદા સ્વર્ગમાંજ નિવાસ કરે છે. પરંતુ હાય ! મર્ત્ય—પૃથ્વીમાં સ્વર્ગીય આનંદ કયાં ? પ્રેમનો વિચ્છેદ થતાં પ્રકાશને બદલે અંધકારજ જણાય છે. તથાપિ પૃથ્વીમાં જેટલું સ્વર્ગ છે તે માત્ર પ્રેમિકોએ, બાળકોએ અને ધ્યાનાવસ્થ મનુષ્યોએ મળીને, સમસ્ત યુક્તિ અને નિયમોનો પ્રતિકુળ પ્રવાહ હોવા છતાં પણ, તેને પૃથ્વીમાં થોભાવી રાખ્યું છે. પૃથ્વી તે પૃથ્વીજ છે, એ વાત તેઓ ઘણી વખત ભૂલી જતા હોવાથી ક્રમે ક્રમે પૃથ્વી પર દેવલોક થઈ રહે છે. પ્રેમનો એવોજ મહિમા છે. પ્રેમનો એવોજ આશ્ચર્યકારક ધર્મ છે. એટલું તો નક્કીજ છે કેઃ "પ્રેમને બદલે પ્રેમજ મળે છે, અને પ્રેમથી સ્વર્ગીય આનંદ પ્રાપ્ત થાય છે." સંશય હોય તો જેના ઘરમાં હમેશાં પ્રેમાનંદ છવાઈ રહ્યો હોય ત્યાં જઈ તપાસ કરો, અથવા વૃક્ષ પર બેઠેલાં બે પક્ષીઓના આચરણ સ્હામું જૂવો. જૂવો તે કેવાં એક બીજાની ચાંચમાં ચાંચ ખોસી પ્રેમાનંદનો અનુભવ કરે છે ! તે કેવાં એકત્ર મળી પ્રેમગાન ગાય છે ! તૃણ વડે બાંધેલા માળાઓમાં તેમણે કેવું સ્વર્ગ બનાવી મૂકયું છે ! તેથીજ કહેવું પડે છે કે પ્રેમ છે ત્યાં આત્માનંદ છે અને આત્માનંદ છે ત્યાંજ સ્વર્ગ છે.

શુકલજીએ પ્રથમ કમલિનીનું રૂપ જોઈ તેના પર પ્રેમ રાખ્યો હતો. ધીમે ધીમે તેના રૂપ ઉપરનો પ્રેમ ભૂલી ગયા અને રસ ઉત્પન્ન થયો. રસ એટલે આનંદ. પરંતુ વાસ્તવિક રીતે તે રસ કામના—વાસના શૂન્ય નહોતો. તે આનંદના મૂળમાં આત્મોન્નતિની કામના—વાસના જડેલી હતી. તેથીજ તે નિષ્કામ આનંદ નહોતો. ગમે તેમ પણ પ્રેમ એ સ્વર્ગની વસ્તુ છે. ધીમે ધીમે તે પ્રેમના ઉજ્વળ પ્રકાશ વડે શુકલજીનું હૃદય પ્રકાશિત થયું. માયાવી પ્રેમ ભૂસાઈ જઈ દૈવીપ્રેમ ઉત્પન્ન થયો. પત્નીરૂપે ઉત્પન્ન થયેલા પ્રેમે ધીમે ધીમે માતાનું સ્વરૂપ ધારણ કર્યું. ભોગની—બંધનની—ઇચ્છા હતી તેને બદલે મોક્ષની ઇચ્છા ઉત્પન્ન થઈ. પશુત્વ હતું ત્યાં ધીમે ધીમે મનુષ્યત્વ ઉત્પન્ન

થયું. નરત્વ જતું રહી દેવત્વ ઉત્પન્ન થયું. દેવતાના જેવી આકાંક્ષા ધારણ કરી શુકલજી મહારાજે જગતમાં દર્શન દીધાં.

હમણાં તેમનું હૃદય તદ્દન બદલાઇ ગયું છે. પ્રથમ બાટલીઓ ગટગટાવી જતા હતા, તે તેમણે ક્યારનુંયે ત્યાગ કર્યું છે. પ્રથમ સુંદર સ્ત્રીનાં દર્શન થતાંજ તેમની કામેચ્છા જાગૃત થતી. હમણાં નારી માત્રને જોતાંજ મનમાં પ્રણામ કરી "જય માતા! જય મહાદેવી." કહે છે. હમણાં તે પ્રથમના શુકલજી નથી. કોઇક નવીન શુકલજી છે. નવીન નવીનને ત્યાં ગયા છે. બન્ને નવીન. જૂનું ગયું છે. નવું આવ્યું છે.

મધ્યાહ્નનો સમય હતો. સૂર્યનો સખ્ત તાપ મનુષ્યના શરીરને બળ્યું બળ્યું કરતો હતો. શુકલજી મહારાજે તાપના સંતાપને નહિ ગણકારતાં કૃષ્ણશંકર પાઠકના દિવાનખાનામાં પ્રવેશ કર્યો.

શુકલજીનાં પગલાં સાંભળી ચકિત દ્રષ્ટિએ જોઇ, તકીયા ઉપર શરીર ઢાળતાં પાઠકજીએ કહ્યું: "આવો મહારાજ."

શુકલજીએ ગાદી ઉપર તેમની પાસે બેસી કહ્યું: "કવેળા આવી કદાચ તમારી શાંતિનો ભંગ કર્યો હશે."

ગંભીર મુખે પાઠકજીએ કહ્યું: "મહારાજ, શાંતિ હશે તો તેનો ભંગ થશેને? જીવનપર્યંત અશાંતિની સેવા કરતો આવ્યો છું, ત્યાં પછી શાંતિ ક્યાંથી? તમે મ્હારા પુરોહિત, તમે બ્રાહ્મણ, તમે શાસ્ત્રજ્ઞ. તમે કહી શકશો કે મ્હને શાંતિ ક્યાં મળશે? શાસ્ત્રોમાં ભગવાનનું નિવાસ સ્થાન લખ્યું છે ત્યારે તેમાં શાંતિનું નિવાસ સ્થાન તો લખ્યુંજ હશે. કહો મહારાજ, શાંતિનું નિવાસ સ્થાન ક્યાં છે? હવે મ્હારો અકળાયલો ગભરાયલો આત્મા તેની શોધમાંજ ઝુરી મરે છે. આત્માને શાંતિ ક્યાં મળશે તે સ્થાન બતાવી શકશો?"

શુકલજી: "બતાવી શકીશ."

કૃષ્ણશંકર: "શાંતિ ક્યાં મળશે તે બતાવો. તમે મ્હારા કુળ ગોર છો. વિદ્વાન છો. તમે નહિ બતાવો તો કોણ બતાવશે? આટલા દિવસ સુધી તમે તે સ્થાન બતાવ્યું નથી. આટલા દિવસ સુધી તમે મ્હારામાં હિંસા–દ્વેષનો અગ્નિ ઉશ્કેર્યો હતો. આટલા દિવસ સુધી ખુશામદની નરક–ગન્ધમાં તમે

મ્હને અંધ બનાવી દીધો હતો, તેથીજ એ વિષયનું જ્ઞાન રહ્યું નહિ, તેથીજ શાંતિની વ્યાખ્યા જાણી શક્યો નહોતો. હવે અશાંતિનું રાજ્ય ભોગવી રહ્યો છું. હવે દુષ્કર્મોનાં દુષ્ટ–ભયંકર–ફળ પામી ચૂક્યો છું. જ્યાં ત્યાંથી હાડમાર થયો છું. જ્યાં ત્યાં અપમાન અને નુકશાનજ સહન કર્યું છે. હવે શાંતિ મેળવવા આકુળવ્યાકુળ થઇ રહ્યો છું. મહારાજ, બતાવો, હવે મ્હને શાંતિ બતાવો."

શુકલજી: "હા, હવે શાંતિ બતાવી શકીશ. આટલા દિવસ સુધી પુરોહિત કહેવાતો હતો પરંતુ પુરૂં અહિત કરતો હતો. હવે માતાજીની કૃપાથી "પુરોહિત" નો અર્થ સમજી શક્યો છું. યજમાનનું શી રીતે હિત થાય તે પણ જાણી શક્યો છું. તે માતાએજ મ્હને "શાંતિ"નું સ્થાન બતાવ્યું છે."

પાઠકજી: "કહોની ત્યારે, શાંતિ શી રીતે મળે?"

શુકલજી: "સ્વધર્મનું પાલન કરવાથીજ શાંતિ મળે છે. જ્યાં ધર્મનું પાલન થાય છે ત્યાંજ શાંતિનું સ્થાન હોય છે."

પાઠકજી: "સ્વધર્મ પાલન કોને કહે છે?"

શુકલજી: પોતપોતાનો જાતિ–ધર્મ પિતૃ–ધર્મ વંશજ–ધર્મ પાળે તેને સ્વધર્મ પાલન કહે છે."

પાઠકજી: "મહારાજ, મ્હોટી પિડામાં નાંખ્યો! હું બ્રાહ્મણ છું. મ્હારો ધર્મ ધર્મશાસ્ત્ર ભણવાં અને ભણાવવાં, યજ્ઞયાગાદિ કરવાં અને કરાવવાં. પ ર હું તો જમીનો ખેડવાનો અને પૈસાટકા ધીરવાનો–વ્યાજ ખાવાનો ધંધો કરૂં છું. હવે ધર્મશાસ્ત્ર ભણવાં ભણાવવાનો ધંધો કરૂં શી રીતે?"

શુકલજી: "એ સ્થળેજ પિડા જણાય છે. એ સ્થિતિમાં મુખ્ય બ્રાહ્મણ-ધર્મનું રક્ષણ કરી શકાય નહિ એ પણ ખરૂં. પરંતુ હમણાં સર્વત્ર એવુંજ થઈ ગયું છે. બ્રાહ્મણે બ્રાહ્મણનો, ક્ષત્રિય, વૈસ્ય અને શુદ્રે પ્રત્યેક પોતપોતાનો ધર્મ ત્યજ્યો છે અને અન્ય ધર્મે ચ્હડયા છે. તેથીજ ભારતવર્ષ ધર્મભ્રષ્ટ થયું છે, તેથીજ ભારતવર્ષની પ્રજા અનેક પ્રકારનાં દુઃખો પામે છે; પરંતુ હવે જે ભ્રષ્ટતા થઇ છે તેમાં સુધારો કરી લેવો જોઇએ. જેનો જે ધર્મ થઇ પડયો છે તેમાંથી ગુણ અને કર્મક્ષેત્ર જોઇને ધર્મ નક્કી કરી લેવો જોઇએ.

એટલા માટેજ બ્રાહ્મણ દ્રોણાચાર્યનો વધ કરવા છતાં ક્ષત્રિય અર્જુન આદિને બ્રહ્મહત્યાનું પાપ લાગ્યું નહોતું. વૃત્તિ એજ જાતિનું રક્ષણ કરે છે. જે મનુષ્ય બ્રાહ્મણના કુળમાં જન્મે પણ ક્ષત્રિયનું કાર્ય કરે તે ક્ષત્રિયજ કહેવાય. ક્ષત્રિયનો ધર્મ એજ ત્હેનો ધર્મ કહેવાશે. તમે જમીનોના માલિક છો. પ્રજાનું પાલન કરવું, પ્રજા ઉપર રાજ્ય તથા પ્રજાનું રક્ષણ કરવું અને બ્રાહ્મણનું કર્મ, સ્નાનસન્ધ્યા, યજ્ઞયાગ, ધર્મ, દાન, તથા બ્રાહ્મણ ધર્મનું યથાશક્તિ રક્ષણ કરવું એજ આપનો ધર્મ છે. દ્રોણાચાર્ય, અશ્વત્થામા, કૃપાચાર્ય વગેરે બ્રાહ્મણ હોવા છતાં પ્રતિપાલન કરનારાઓનો પક્ષ લઈ યુદ્ધ કરતા હતા. અરે ! એટલુંજ નહિ પણ અન્યાયી—યુદ્ધ કરવાને પણ તૈયાર થયા હતા."

પાઠકજીઃ "પરંતુ કમલિનીએ મ્હને એક દિવસ બ્રાહ્મણ—ધર્મનું સ્મરણ કરાવ્યું હતું."

શુક્લજીઃ "તે પણ ઠીક. જે મનુષ્ય જે જાતિમાં જન્મ ગ્રહણ કરે તેજ તેનો બીજ—ગુણ, તેથી તે દિશામાં પણ લક્ષ્ય રાખવું જોઇએ. એક જાતિમાં જન્મ લઇને અન્ય જાતિની વૃત્તિ અવલંબન કરવાથી ઉભય જાતિનું કાર્ય કરવું પડે, તે બહુજ કઠિન. તમારે તેવા કઠિન કર્મક્ષેત્રમાં કામ કરવાનું છે. બ્રાહ્મણને ઉચિત એવી વિશ્વ—હિતૈષણા, તથા ક્ષત્રિયને ઉચિત એવું ધૈર્ય અને શાસન—પાલન શક્તિ ધારણ કરી તમારે કાર્ય કરવું પડશે, અને તે પાલન કરવાથીજ તમને શાંતિ મળશે. શાંતિનું કારણ એજ છે. શાંતિ ત્યાંજ છે."

પાઠકજીઃ "મહારાજ, એક મનુષ્યનાં આંસુ લુછવાને હું અશક્ત છું, તો પછી વિશ્વહિત સાધન શી રીતે કરીશ ?"

શુક્લજીઃ "એક મનુષ્યનાં આંસુ લુછવાં એ પણ વિશ્વહિતજ કર્યું કહેવાશે, એક સો મનુષ્યનું દુઃખ ટાળવું એ પણ વિશ્વહિત કર્યુંજ કહેવાશે, સહસ્ર મનુષ્યોનું, લક્ષ મનુષ્યોનું, કોટિ મનુષ્યનું અને સમસ્ત વિશ્વનાં દુઃખ-દારિદ્ર ટાળવાં એ પણ વિશ્વહિત કર્યુંજ કહેવાશે. દર્ભની અણી પર રહે તેટલું ગંગાજળ સ્પર્શ કરવાથી જેટલું ફળ પ્રાપ્ત થાય છે તેટલુંજ ફળ ગંગાજળમાં ઉતરી આખે શરીરે સ્નાન કરવાથી થાય છે. હરિદ્વારથી તે સાગર પર્યંત

સ્નાન કરવાથી પણ તેટલુંજ ફળ મળે છે. એક બિંદુ પાન કરો કિંવા એક ઘડો ભરીને પીઓ. બધુંજ સરખું છે."

પાઠકજી: "હું યજ્ઞ સમારંભ કરવા ધારૂં છું. વેદમાતા કમલિની થશે. તમે ઋત્વિક્ થઇ શકશો?"

શુકલજી: "એજ વેદમાતા કમલિનીના ચરણ આગળજ મને સ્વધર્મનું શિક્ષણ મળ્યું છે. તેણેજ અજ્ઞાનાંધકારમાં અથડાતા મ્હારા મનને જ્ઞાન પ્રકાશ બતાવ્યો છે. તેણેજ પાપમાર્ગમાંથી મ્હારો ઉદ્ધાર કર્યો છે. તેણેજ મ્હને શુભ કર્મ કાણ્ડમાં પ્રેર્યો છે. તેણેજ મ્હારાં નેત્રો ઉપરથી અશાંતિનો પ્રેત–પડદો ખસેડયો છે. તેણેજ જગત્‌ની નારીઓને સાક્ષાત્ જગન્માતા, દેવી, કહેતાં મ્હને શિખવ્યું છે. તેણેજ મ્હને રૂપનો મોહ ટાળી માતૃપ્રેમની દિક્ષા આપી છે. તેણેજ મ્હને શિખવ્યું છે કે: 'જ્ઞાનાગ્નિ પ્રજ્વલિત કરી, આત્માહુતિ આપી વિશ્વ સેવા કર. જ્ઞાનનો પ્રકાશ વિકસિત થશે.' તમે યજમાન, હું ઋત્વિક્, આવો. આપણે તે યજ્ઞનો આરંભ કરીએ."

પાઠકજી: "તેમજ કરીશું. પણ એક વાત–"

શુકલજી: "સુખેથી કહો."

પાઠકજી: "કમલિનીએ ગરીબ ખેડુતોનો અપરાધ ક્ષમા કરવા માટે કેટલાક રૂપિયા આપ્યા હતા. તે રૂપિયા લીધા પછી મ્હેં ખેડુતો તથા આશ્રિતોનો અપરાધ ક્ષમા કર્યો નહોતો. તેમ તેના રૂપિયા તેને પાછાયે આપ્યા નહોતા. હવે હું સારી પેઠે જાણી શક્યો છું કે એ રૂપિયાનો માલિક કમલિની પોતેજ છે. અત્યારે એ રૂપિયા અગ્નિના ગોળા જેવા ધગધગતા થઇ મ્હારા હૃદયને રાત દિવસ ઉકાળી રહ્યા છે. તેના વજ્ર–તાપથી હું ધિક્યો ધિક્યો થઈ રહ્યો છું. એ અગ્નિ–તાપ મ્હારાથી સહન થતો નથી. કમલિની ક્યાં ચાલી ગઇ છે તે કોઇ કહી શકતું નથી. તેના રૂપિયા શી રીતે તેને પાછા આપી અશાન્તિના અગ્નિમાંથી રક્ષણ મેળવું?"

શુકલજી: "તેને માટે ચિન્તા શી? કમલિનીને રૂપિયાની તૃષા નહોતી. તેણે ગરીબ–દુઃખીઓનાં દુઃખ નિવારણ કરવા માટે એ રૂપિયા તમને આપ્યા હતા. તમે એ રૂપિયા ગરીબ–દુઃખીઓના કલ્યાણ–કાર્યમાં વાપરો. કમલિનીએ

"**સમાજ સેવિકા મંડળ**" સ્થાપ્યું છે તેની ઉન્નતિ માટે તેજ મંડળને એ રૂપિયા સમર્પણ કરો. એ મંડળનું કાર્ય આગળ વધે અને દેશની સ્ત્રીઓ સમાજનું હિત કરતાં શિખે, દેશમાંથી દુઃખી દરિદ્રીઓનાં દુઃખ દારિદ્ર નિર્મૂળ થાય એવાંજ કામોમાં તે ગુંથાય, તે માટે તમારાથી બનતું કરો. તમારા જેવા શ્રીમંતો એવા કામમાં સ્વાર્થનો ભોગ આપી, સ્વદેશ પ્રેમી સન્યાસી બનશે તોજ દેશનું કલ્યાણ થશે. ઘણા માનના ભૂખ્યા શ્રીમંતો લુખીસુકી સહાનુભૂતિ દર્શાવી હાએ હા કરે છે, પણ સ્વાર્થનો ભોગ આપતા નથી, તેમજ ત્રિજોરીમાંથી છુટે હાથે દાન કરતા નથી તેથીજ દેશની અધોગતિ થઈ રહી છે—દેશની પ્રજા દીન હીન થઇ રહી છે. દરેક શહેરમાં "સેવિકા મંડળ" સ્થાપી પ્રથમ સ્ત્રીઓને જ્ઞાન દેવાનું શરૂ કરો. થોડા દિવસ તમે જાતે એ મંડળમાં કામ કરો. તન, મન અને ધનનો ઉપયોગ કરો તોજ હૃદયમાં શાંતિ થશે. તોજ કમલિનીનું ઋણ ફેડયું ગણાશે. હું પણ મ્હારાથી બનતી મદદ કરીશ. ઇશ્વરની કૃપાથી તમારા પુરોહિત પાસે લક્ષ્મીની ખોટ નથી. હું પણ હમણાં પાંચ હજાર રૂપિયા અને પછી દરવર્ષે બસો રૂપિયા આપતો રહીશ. જાણે કમલિનીને ગુરૂ દક્ષિણા આપું છું એમ સમજી આત્માનંદ ભોગવીશ."

પાઠકજીઃ "તમારી સલાહ પ્રમાણે વર્તવા તૈયાર છું. "સેવિકામંડળ" ને હું પચાશ હજાર રૂપિયા દાન કરવાનો સંકલ્પ કરૂં છું, અને દર વર્ષે બે હજાર રૂપિયા આપવા કબુલ થાઉં છું. એ ઉપરાંત શહેરમાં એક સારૂં મકાન આપીશ અને જીવન પર્યંત હું એ કાર્યમાં બનતો ભાગ લઇશ. તન, મન, અને ધનથી મદદ કરીશ. પણ ગામ અને શહેરના લોકોને કમલિનીના રૂપિયા બાબતની ખબર કરવી જોઇએ."

શુકલજીઃ "પેલા રામપ્રસાદ દેસાઇ, માધવદાસ, જમિયતખાં, લક્ષ્મીપ્રસાદ વગેરેને બોલાવી પ્રથમ ખાનગી રીતે એ વાત વિદિત કરો. ત્યાર પછી "સેવિકા મંડળ"ની સલાહ લો અને તે પછી શહેરના સંભાવિત ગૃહસ્થોની એક મ્હોટી સભા ભરી "સેવિક મંડળ" નું કામ ધમધોકાર ઉપાડો."

પાઠકજીઃ "વાહ, વાહ, બહુજ સારી સલાહ."

નવમ પરિચ્છેદ.

નવીન ધર્મ.

દુર્ગાશંકર પાઠકના સ્વભાવ-વર્તનમાં મ્હોટો ફેરફાર થઇ ગયો છે. તેમણે પરદુઃખહિતાર્થે જીવનનો અવશેષ સમયવ્યતીત કરી શાંતિ પ્રાપ્ત કરવાનોજ નિશ્ચય કર્યો છે. તેમણે લક્ષ્મીપ્રસાદની સહાયતા લઈ, કમલિનીના સ્થાપેલ "સમાજ સેવિકા મંડળ" ને ઉત્તેજિત કરવાનો યત્ન કર્યો છે. ભ્રગુપૂરમાં એક મ્હોટી સભા ભરી સર્વને "સમાજ સેવિકા મંડળ" ના ઉદ્દેશો સમજાવ્યા છે, અને તેજ સમયથી એક ફ્ણ્ડ ઉઘાડી તેમાં લાખો રૂપિયા ભરાવ્યા છે એટલુંજ નહિ પણ સૂર્યપૂર, વિરક્ષેત્ર, રાજનગર, મુંબઇ અને કાઠિયાવાડ નિવાસી સદ્દગૃહસ્થો પાસેથી તેમજ અન્ય રાજા મહારાજાઓ પાસેથી પુષ્કળ રૂપિયા ભેગા કર્યા છે. અને સ્થળે સ્થળે "સેવિકા મંડળ"ની શાખાઓ ઉઘાડી છે. આ મંડળના કાર્ય ઉપર સત્યવતી બરોબર દેખરેખ રાખે છે. કમલિનીએ સન્યાસિનો સ્વાંગ ધારણ કરી, વૃન્દાવનથી પતિનાં દર્શન કરવા જતી વખત સત્યવતી ઉપર નામ, ગામ વગરનો પત્ર લખી 'સેવિકા મંડળ'ની કાર્ય-દિશા બતાવી હતી. તે પ્રમાણે કમલિનીએ મંડળની ગતિ કરવાનું શરૂ કર્યું છે. પ્રત્યેક શહેરમાં શાખાઓ સ્થાપી ત્યાં કેટલીક વિધવા સ્ત્રીઓને વાંચતાં લખતાં શિખવ્યું છે.તે સ્ત્રીઓ પ્રત્યેક ખડકી અને પોળોમાં જઈ અભણ સ્ત્રીઓને વાંચતાં લખતાં શિખવે છે. તેમને ધર્મ તથા નીતિ શાસ્ત્રમાંથી બોધક વાર્તાઓ રસીલી શૈલીમાં કહી સંભળાવી વિદ્યાપ્રિય કરે છે. દરેક મહોલ્લાઓમાંની મ્હોટી વયની અભણ સ્ત્રીઓ પણ ભણવા આવે છે. દરેક પોળોના સજ્જન ગૃહસ્થો એ પવિત્ર કામને માટે પોતાના ઘરનો એક વિભાગ કાઢી આપે છે. તેમાં મહોલ્લાની સ્ત્રીઓ ભેગી થાય છે. ત્યાં પ્રથમ મંડળની સાધવીઓ આવી થોડા થોડા વખત પોળ-ખડકી-મોહોલ્લાની

ભણવાને આતુર થયેલી યુવાન અને પ્રૌઢ વયની સ્ત્રીઓને વાંચતાં લખતાં શિખવે છે. તેમાંની એકાદ સાધવી તૈયાર થતાંજ તે મ્હોલ્લાની અન્ય સ્ત્રીઓને ભણતાં શિખવે છે. કેટલેક સ્થળે તો ભણેલી યુવતીઓ અને પ્રૌઢ વયની વિધવા અને સધવાઓ મળી આવતી હોવાથી તેઓજ એક ઘરમાં એકત્ર થઇ અન્ય બ્હેનોને વિદ્યાદાન આપે છે. પ્રથમ તેઓએ વિદ્યાદાન આપવાનુંજ શરૂ કર્યું છે. જે ગામ કે શહેરમાંથી વિશેષ ભણેલી સાધવીઓ મળી આવે છે તેમને જરૂર પડતે બીજે ગામ-શહેર મોકલાય છે. આ પ્રમાણે સર્વત્ર કાર્ય ચાલુ થયું છે.

આ કાર્ય સારી પેઠે ચાલુ થયા પછી તેમણે કમલિનીની સલાહ પ્રમાણે પ્રત્યેક સાધવીઓને ન્હાના ન્હાના હુન્નર ઉદ્યોગ શિખવવાની તૈયારીક રી છે. લુગડાં શિવવાનો, લુગડાં વણવાનો, રૂમાલ, મોજાં, ગંજીફરાક બનાવવાનો, સાદડી, ખુરસીઓ ભરવાનો, દરજીઓને શીવવાના દોરા બનાવવાનો, ઘરમાં નહાવા ધોવાના સાબુઓ, મીણબત્તીઓ, માથામાં નાંખવાનાં પવિત્ર તેલ, ધુપેલ, અત્તર, અગરબત્તી, વગેરે અનેક પ્રકારની રોજ ઘરમાં વપરાતી વસ્તુઓ બનાવવાની સર્વ પ્રકારની તૈયારી કરી રાખી છે. એ કામના અનુભવીઓને શોધી તેમના મનમાં પરોપકારની લાગણી ઉત્પન્ન કરી, સેવિકા-મંડળની સાધવી સ્ત્રીઓને શિખવવાની ગોઠવણ કરી રાખી છે. જૂદા જૂદા શહેરની સ્ત્રી સમાજને આ ગોઠવણની ખબર આપી છે. સત્યવતી આ કામ માટે ભારે પરિશ્રમ વેઠે છે. રાતદિવસ એજ કાર્યમાં રોકાઈ રહે છે. દેશની નિરાધાર વિધવાઓને આ ઉદ્યોગો શિખવવાથી તેમની અને દેશની સ્થિતિ ઉન્નત થશે, દેશમાં આખરે વિધવાઓ પૈસા વગર-દરિદ્રતાને લીધે-જે અનાચાર કરી રહી છે તે ઓછા થઇ જશે અને ભારતવર્ષમાં નાશ પામતા, અવનત થયેલા ઉદ્યોગો કેટલેક અંશે ઉન્નત થશે, એવું તેણે પ્રત્યેક સ્ત્રી પુરૂષનાં મનમાં ઠસાવવા માટે પુષ્કળ ન્હાનાં પુસ્તકો, વિનામૂલ્યે ફેલાવ્યાં હોવાથી ઘણા પુરૂષો પોતાના તાબાની નિરાધાર વિધવાઓને એ કાર્યમાં પ્રેરવા તૈયાર થયા હતા. વળી ઘણા શ્રીમંત ગૃહસ્થો પણ પોતાના ઘરમાં આખો દિવસ વાતોના ગપાટા મારી આળસમાં દિવસ કહાડતી, કામ ધંધા વગર-કહો કે કસરત

વગર-શરીરને નાજુક-નિર્બળ-રોગિષ્ટ-બનાવી બેઠેલી પત્ની-કન્યાઓને વિદ્યા ભણાવવા અને ઉદ્યોગશીળ બનાવવા બહુ આતુર થઇ રહ્યા હતા, તેમની સાથે પત્ર વ્યવહાર ચલાવી, પોતાની યોજના તેમને બરાબર સમજાવવામાંજ પોતાનો આખો દિવસ અને મોડી રાત સુધી રોકાઇ રહેતી. કમલિનીએ "સેવિકા મંડળ"રૂપી વાવેલું વૃક્ષ મ્હોટું થાય અને પલ્લવ પુષ્પ ફળથી ફાલે, અને તેની શાખા પ્રશાખાની શીતળ છાયામાં સમસ્ત ગુજરાત-કાઠીયાવાડનાં નર નારીઓને સુખ-શાંતિ મળે-અને તેનું અનુકરણ સમસ્ત ભારતવર્ષ કરે-તે માટે તે જીવતોડ મહેનત કરી રહી હતી. લક્ષ્મીપ્રસાદ બૅરિસ્ટરનું કામ ત્યાગ કરી "સેવિકા-મંડળ"ને ઉન્નત ગતિમાં મૂકવા યત્ન કરતા હતા. કમલિનીએ મંડળની સ્થાપના રૂપી રેલ્વેના પાટા નાંખ્યા હતા. સત્યવતી, લક્ષ્મીપ્રસાદ, અને કૃષ્ણશંકર પાઠકે તેનાપર મંડળનું કાર્ય આગળ વધારવા રૂપી આગગાડી દોડાવવાનું શરૂ કર્યું હતું. તેમની પ્રાર્થના એજ હતી કે: "ગુર્જર સ્ત્રીઓમાં આગેવાન ગણાતાં સૂર્યપૂર વનિતાવિશ્રામનાં સ્થાપક ગંગાસ્વરૂપ માતાજી ન્હાની બ્હેન ગુર્જર તથા ગંગાસ્વરૂપ માતાજી બાજીગૌરી અને મુંબઇમાં ગંગાસ્વરૂપ માતુશ્રી જમનાબાઈ સક્કઈ, માનવંતા સૌ. બ્હેન મંગળાગવરી સેટલવડ, વિરક્ષેત્ર, નડીઆદ અને અમદાવાદ વગેરે શહેર-ગામોનાં વનિતાવિશ્રામનાં ચાલક-વ્યવસ્થાપક બ્હેનો અને માતાઓ વગેરે, દેવી કમલિનીની આ યોજના ઉપાડી લઈ પ્રત્યેક બ્હેનોને વિદ્યા ભણાવી, ઉદ્યોગ શિખવી પરમાત્મા.સંબંધી જ્ઞાન આપે અને તેમ કરી ભારતવર્ષની દુઃખ દરિદ્ર ભોગવતી અસંખ્ય નારીઓનું જીવન સફળ કરે."

સત્યવતીએ દેવી કમલિનીની એ ઇચ્છા અને એ યોજના સર્વ વર્તમાન પત્રોમાં પણ પ્રસિદ્ધ કરી હતી. તેને પરિણામે મુંબઇ ઇલાકાના ચારે ખુણામાંથી "સેવિકા-મંડળ" સ્થાપવાના અને સ્ત્રીઓને વિદ્યા તથા હુન્નરનું જ્ઞાન સત્વર મળે એવા યત્નો થવા લાગ્યા હતા.

આ મંડળનાં સર્વ કાર્ય ઉપર સત્યવતી સારી પેઠે દેખરેખ રાખતાં હતાં એ પ્રથમજ લખાયું છે. સત્યવતીએ, યોગ્ય પિતા પાસેથી યોગ્ય ઉપદેશ પ્રાપ્ત કર્યો હતો. તેણે ધર્મ અને નીતિ શાસ્ત્રના ગ્રન્થોનું જેટલું અધ્યયન કર્યું હતું તે ઉપરટપકે નહિ પણ તેમાં સમાયલું રહસ્ય મનમાં ઠસાવ્યું હતું,

અને તે પ્રમાણે વર્તતી હતી. તેણે પિતા પાસેથી એવું પણ જ્ઞાન મેળવ્યું હતું કેઃ સંસારમાં કેવાં કાર્યો કરવાથી નારી જન્મનું સાર્થક થાય અને ભગવાનની પ્રીતિ પ્રાપ્ત કરી શકાય. લક્ષ્મીપ્રસાદને પણ સત્યવતી જેવી જ્ઞાની પત્ની પાસેથી ઘણું શિખવાનું મળ્યું હતું. ઘરમાં નિત્ય શાસ્ત્રના સિદ્ધાંત ઉપર અને ભગવાન સંબંધી ચર્ચા ચાલતી હતી, તેમાંથી લક્ષ્મીપ્રસાદ ઘણું નવીન શિખ્યા હતા. તે ઉપદેશને લીધેજ તેમણે કૃષ્ણશંકરની સહાયતા લઇ સેવાનાં કાર્યક્ષેત્રનો વિસ્તાર વધાર્યો હતો. મુંબઇ ઇલાકામાં એકે સાર્વજનિક ઉદ્યોગ-ગૃહ નહોતું. તેથી "સેવિકા-મંડળ" ઉપરાંત ભ્રગુપૂર અને અન્ય શહેરોમાં "**ઉદ્યોગ ગૃહો**"ની સ્થાપના કરી હતી. તેમ કરવાનો ઉદ્દેશ એ હતો કેઃ "દેશમાં ઘણા નિરાધાર ઉપરાંત પુખ્ત વયના નિરક્ષર પુરૂષો નોકરી ધંધા વગર રખડે છે અને અંતે તેવાં મનુષ્યો ચોરી કરી અધમતા પ્રાપ્ત કરે છે, તેને ઉદરપોષણનું સાધન મળે અને દેશના અનેક ઉદ્યોગો ખીલી નિકળે." તેમની આ શરૂવાતમાં પણ પુષ્કળ પૈસાની સહાયતા મળેલી હોવાથી કાર્ય સારૂં ચાલવા માંડયું હતું.

એ બે કાર્ય ઉપરાંત લક્ષ્મીપ્રસાદ અને કૃષ્ણશંકર ગામે ગામ પ્રવાસ કરી કયા ગામની પ્રજાને કયા પ્રકારનું દુઃખ છે તેની તપાસ કરી તે દુઃખ ઓછાં કરવાનો યત્ન કરતા. ગામડાના નઠારા રસ્તા, દુર્ગંધ મારતાં તળાવો, રોગીઓને દવા વગર પડતી હાડમારી સત્વર દુર થાય અને ખેડુતોને ઓછે વ્યાજે નાણું મળે, તેમના ખેતરોનો કસ શાથી ઘટી ગયો છે તેમજ હવે તે કસ વધી અધિક અન્ન ઉત્પન્ન થાય એવા ઉપાયો યોજી બિચારા રંક જનોને અન્ન-ધનનું દુઃખ ભોગવવું ના પડે તેવાં અનેક કાર્યો પાછળ સતત ચિત્ત પરોવી મંડયા રહ્યા હતા, અને અન્ય શહેરી શ્રીમંતોનું તે તરફ લક્ષ્ય ખેંચી રહ્યા હતા. ઉદ્યોગી મનુષ્યોને ઓછે વ્યાજે નાણું મળે અને તેઓ પોતાના ઉદ્યોગો કરી સુખી થાય તે માટેની પણ સર્વ વ્યવસ્થા કરી હતી.

દેશના લોકોમાંથી અસત્યતા, ચોરી, લૂંટ ઓછી થાય તે માટે ઉપ-દેશકો રાખી સર્વત્ર ઉપદેશ ચાલુ કરાવ્યો. તેની અસર ઘણી સારી થઈ. લોકો કોર્ટોમાં જઇ વારંવાર ફરીઆદો માંડી વખત અને પૈસાની ખરાબી કરે છે

તેને બદલે તેમનાજ ગામોમાં "લવાદ કૉર્ટો" સ્થાપી ત્યાંજ ઓછે ખર્ચે ન્યાય મળે એવી ગોઠવણો કરવાનો યત્ન કરવા લાગ્યા.

સમાજ અને ધર્મનું રક્ષણ કરવા માટે પવિત્ર બ્રાહ્મણોની અગત્ય છે. માત્ર કપાળે ટીલાં ટપકાં કર્યાથી કિંવા થોડાક સંસ્કૃત શ્લોકો ભણી જવાથી બ્રાહ્મણ થવાતું નથી! માત્ર પૈસાને ખાતરજ યજમાનનાં કર્મ કરાવવાથી બ્રાહ્મણ થવાતું નથી. થોડું ઘણું ભણી ગોરપદું કરવાથી બ્રાહ્મણ થવાતું નથી. ઉત્તમ ગુણો ધારણ કરે છે તેજ બ્રાહ્મણ કહેવાય છે. ધર્મ અને નીતિ-શાસ્ત્રમાં પારંગત થાય તેજ બ્રાહ્મણ કહેવાય છે. જે વિશ્વના હિત માટે યત્ન કરે તેજ બ્રાહ્મણ કહેવાય છે. જે બ્રહ્મને-પરમાત્માને જાણે છે, જે એકનિષ્ઠ છે, જે જિતેન્દ્રિય છે, જે ભૂત માત્રમાં ભગવાનનું દર્શન કરી તેમની સેવામાં તત્પર થાય છે-આત્મ સમર્પણ કરે છે-તેજ બ્રાહ્મણ છે. એવા બ્રાહ્મણો નહિ હોવાથીજ યજમાનને ત્યાંથી ધન ધાન્ય નાશ પામ્યાં છે અને પુરોહિતના આશિર્વાદ પ્રમાણે-**पशुपुत्र लाभं** પ્રમાણે પશુ જેવા પુત્રોનો લાભ થયો છે! ગોર-પુરોહિત-પોતેજ થોડું જ્ઞાન મેળવી મહાન વિદ્વાનનો આડંબર કરી બેઠેલા-પશુ જેવા-હોવાથી તેમના આશિર્વાદથી યજમાનને ત્યાં પણ એવાજ-પશુ જેવા પુત્રો થાય એમાં આશ્ચર્ય શું?

કૃષ્ણશંકરે પોતાના અનુભવ ઉપરથીજ નિશ્ચય કર્યો હતો કેઃ-સમાજને માટે પવિત્ર, વિદ્વાન, બ્રહ્મનિષ્ઠ બ્રાહ્મણોનીજ જરૂર છે. ઉત્તમ પ્રકારના બ્રાહ્મણો-પુરોહિત નહિ હોવાથીજ ગુજરાત-કાઠીયાવાડની પ્રજા અધર્મી, અકર્મી, દીન, દરિદ્ર થઈ ગઇ છે! તેથી તેમણે ભ્રગુપુરમાં નર્મદાને કિનારે બ્રાહ્મણો માટે એક "બ્રાહ્મણ પાઠશાળા" સ્થાપી. તેમાં શિષ્યોને પુરોહિતને યોગ્ય એવી સંસ્કૃત વિદ્યા શિખવાતું, ધર્મનીતિનું જ્ઞાન અપાતું, અને યજ્ઞ-યાગાદિ કર્માન્તરનું શિક્ષણ પણ અપાતું. શુક્લજી કેશવરામ એ "પાઠશાળા" ના અધ્યક્ષ હતા. તેમણેજ બ્રાહ્મણોને કયા પ્રકારની વિદ્યા આપવી તથા કયા કયા ગ્રન્થોનું અધ્યયન કરાવી બ્રાહ્મણોને સાચા બ્રાહ્મણ-પુરોહિત-બનાવવા તેની વ્યવસ્થા કરી હતી. તેઓ બ્રાહ્મણોને વારંવાર કહેતા હતા કેઃ "બંધુઓ! આપણે બ્રાહ્મણો છીએ. દેવતાઓ પણ બ્રાહ્મણોને વંદન કરે છે. સ્વયં બ્રહ્મણ્યદેવે બ્રાહ્મણોનાં પગલાં પોતાના હૃદય ઉપર ધારણ કરી

પોતાને ગૌરવાન્વિત માન્યા હતા. એમ કેમ કર્યું હતું ? દેવતાઓ પણ બ્રાહ્મણોને પોતાનાથી અધિક માને છે તેનું કારણ શું ? બ્રાહ્મણો બ્રહ્મને જાણે છે તેથીજ તે બ્રાહ્મણ કહેવાય છે. આ વિશ્વમાં સર્વત્ર બ્રહ્મજ વ્યાપી રહ્યો છે. બ્રાહ્મણો જાણે છે કેઃ "**रुपं रुपं प्रतिरुपं बभूव**" સર્વ જીવોમાં તેજ–બ્રહ્મ છે. તેનો વિનાશ નથી, તેથીજ બ્રાહ્મણો મરણથી બ્હીતા નથી. આપણે બ્રાહ્મણો છીએ. આપણે દધિચિ અને વશિષ્ઠના વંશજ છીએ. તમને યાદ હશે કેઃ વૃત્રાસુરનો વધ કરવા માટે ઇન્દ્રે દધિચિને કહ્યું હતું કેઃ "પ્રભો ! તમારાં અસ્થિ વજ્ર જેવાં બનાવશો ત્યારે વૃત્રાસુરનો વધ કરી શકાશે. તમે મરણ પામી એ કાર્ય કરીને અમારા ઉપર ઉપકાર કરો તોજ દેવતાઓનું રક્ષણ થશે." દધિચિ ઋષિએ હસતાં હસતાં, પ્રફુલ્લ ચિત્તે, પરોપકારાર્થે દેહ ત્યાગ કર્યો હતો. વિશ્વામિત્રે બ્રાહ્મણ થવા માટે પુષ્કળ વર્ષ તપસ્યાં કરી હતી, તેથી બ્રહ્માદિ દેવતાઓ તેમને બ્રાહ્મણો કહેતા હતા પરંતુ વશિષ્ઠ તેમને બ્રાહ્મણ કહેતા નહોતા. એ જોઇ વિશ્વામિત્રે ક્રોધે ભરાઇ વશિષ્ઠના એક સો પુત્રોનો નાશ કરાવ્યો હતો. એટલેથી તૃપ્ત નહિ થતાં વશિષ્ઠનો પ્રાણ સંહાર કરવાની ધારણાથી, એક યજ્ઞનું અનુષ્ઠાન કરી વશિષ્ઠને પુરોહિત થવા આમંત્રણ કર્યું, અન્તે તેમને કહ્યું કેઃ "તમારા મસ્તકની યજ્ઞમાં આહૂતિ આપો." વશિષ્ઠજીએ મંત્ર ભણી જળની અંજલિ અગ્નિમાં છાંટી અને આહૂતી આપવાની તૈયારી કરી. ક્ષણવાર પછી તેમનું મસ્તક અગ્નિ કુણ્ડમાં પડવાની તૈયારીમાં હતું, એટલામાં વિશ્વામિત્રે જળ રેડી અગ્નિ શાંત કર્યો અને ખિન્ન વદને કહ્યુંઃ "વશિષ્ઠજી શા માટે બ્રહ્મર્ષિ–બ્રાહ્મણ કહેવાય છે અને હું આટલાં બધાં વર્ષ સુધી તપસ્યા કરવા છતાં પણ કેમ રાજર્ષિ–ક્ષત્રિય કહેવાઉં છું તેનું કારણ, આટલા દિવસ પછી આજે હું સમજી શક્યો છું. વશિષ્ઠ બ્રાહ્મણ છે, યજ્ઞયાગ કરાવવા એજ તેમનો સ્વધર્મ છે. મ્હેં તેમને પુરોહિત થવા બોલાવ્યા છે તેથી તે આવ્યા છે. મ્હારા–યજમાનના–કલ્યાણ માટે પોતાનાં મસ્તકની આહૂતિ આપવાને પણ તેઓ તૈયાર થયા છે. બ્રાહ્મણ જો બ્રહ્મજ્ઞ ના હોય તો આ પ્રમાણે સ્વધર્મ પાલન કરવા તૈયાર થાય નહિ. બ્રહ્મજ્ઞ બ્રાહ્મણો જાણે છે કેઃ ભૂત માત્રમાં–પ્રાણી માત્રમાં–ભગવાન–બ્રહ્મ–નો નિવાસ છે. હું પણ ભગવાનજ છું. મ્હને શસ્ત્ર છેદી શકતું

નથી. અગ્નિ બાળી શકતો નથી. જળ ડુબાવી શકતું નથી. વાયુ શોષણ કરી શકતો નથી, હું અજર, અમર, પુરાણ, અને સર્વ કારણથી અતીત છું." દધિચિ, વશિષ્ઠ વગેરે આપણા પૂર્વ પુરૂષો બ્રહ્મનિષ્ઠ હતા. તેમણે દ્રઢતા સાથે પોતાનો બ્રાહ્મણ ધર્મ પાળ્યો હતો.

"બંધુઓ! બ્રાહ્મણો! તમે તેમનાજ વંશજ છો. તમે બ્રહ્મનિષ્ઠ થાઓ. તમારા યજમાનોનું કલ્યાણ કરો. પ્રાણી માત્રનું હિત કરવા તત્પર થાઓ. વ્યાધિગ્રસ્ત મનુષ્યને જોઈ તેના ચેપીરોગના ભયથી વેગળે ન્હાસી જાઓ નહિ. જળમાં ડુબતા મનુષ્યને બચાવવા પોતાના શરીરનો ભય નહિ રાખતાં જળમાં ભૂસકો મારો. પોતાનો અને પારકાનો ભેદ–ભાવ ભૂલી જાઓ. વિશ્વના જીવજન્તુ અને નરનારી સર્વ તમારાંજ છે–તે તમારાંજ થશે. તમે બ્રાહ્મણો છો. સ્વાર્થનો ત્યાગ કરી પરમાર્થમાં રત રહો. બ્રાહ્મણને શોભે એવાં લક્ષણ ધારણ કરો. મિથ્યાડંબર, મિથ્યાવાક્ય, અહંકાર, અસત્ય, લોભ, પ્રપંચનો ત્યાગ કરો. ધર્મજ્ઞ, નીતિજ્ઞ થાઓ. યજમાનોને પણ તેવીજ શિખામણ આપો. તમે બ્રાહ્મણ છો એ ભૂલી ન જાઓ. પૂર્વના બ્રાહ્મણો જેવા બનો, તોજ બ્રાહ્મણના કુળને ઉજ્વળ કરશો. તોજ તમારા યજમાનો સુખી થશે, અને તોજ તેઓ પશુ જેવા પુત્ર નહિ પણ ધન, ધાન્ય, પશુ, અને પુત્ર મેળવી આનંદ ભોગવશે."

શુકલજી બ્રાહ્મણોને ઉપર પ્રમાણે શિખામણ દેતા હતા; સત્યવતી પણ "સેવિકા–મંડળ" ના મંદિરમાં પ્રત્યેક રવિવારે સભા ભરી સ્ત્રીઓ સન્મુખ ઉપદેશ દેતી કે: "બ્હેનો! આપણે તે જગદમ્બાનો અંશ છીએ. જગદમ્બાએ સાત્વિક સન્તાનોને પીડા આપતા અસુરોનો સંહાર કર્યો હતો, અને સર્વત્ર શાંતિ ફેલાતી હતી. અર્થાત્ આપણે શાંતિનો પ્રસાર કરવા માટેજ જન્મ્યાં છીએ. આપણે જગતમાં માતા થઇ સન્તાનનું બાલ્યાવસ્થાથી લાલનપાલન કરી, દુઃખ સહન કરી તેમને સુખ આપીએ છીએ. આપણે જગન્માતા છીએ. આપણા જેવાં નારી રત્નોએજ રામ, કૃષ્ણ, બુદ્ધ, સાંખ્ય, કપિલ, શંકરાચાર્ય, માધવાચાર્ય, ક્રાઇસ્ટ, હ. મહમ્મદ, રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદ, દાદાભાઈ, અને ગોખલે જેવા અનેક મહાપુરૂષોને જન્મ આપ્યો છે. આપણે બાલ્યાવસ્થાથી સુશિક્ષણ મેળવવું જોઇએ. ધર્મ અને નીતિ પ્રમાણે વર્તવું

જોઇએ. આપણે પતિવ્રત પાળવું જોઇએ. નારી જાતિનો ધર્મ છે કે તેમણે પોતાના પતિની ઇચ્છા પ્રમાણે વર્તવું, પતિની સેવા કરવી, પતિનાં કાર્યોમાં મદદ કરવી, અને સુખદુઃખ સમયે .પતિનું હિત થાય એવી રીતે વર્તવું. તેમ કરવાથીજ આપણે પતિ રૂપ પરમાત્માને રાજી રાખી શકીશું. બ્હેનો ! સ્ત્રીને માટે પતિ એજ તેનો દેવ છે. પતિ એજ સ્ત્રીનો પરમાત્મા છે, સ્ત્રી એ પતિની છાયામૂર્તિ થઈ આલોક પરલોકમાં કલ્યાણ સાધવું જોઇએ. સન્તતિને સદ્‌વિદ્યા પ્રાપ્ત કરાવી તેમને વિદ્વાન, બુદ્ધિમાન બનાવવાં. બ્હેનો ! યાદ રાખજો કે પતિ એજ આપણા દેવ છે. તેનીજ આપણે પૂજા આરાધના કરવી જોઇએ. વ્રત કરો, યાગ–યજ્ઞ કરો, પૂજા કરો, તીર્થ કરો, વસ્ત્રાલંકાર પહેરો, પણ સારી પેઠે યાદ રાખજો કે એ બધું આપણે આપણા પતિદેવને માટેજ કરવાનું છે. સર્વ પતિનુંજ છે. એમાં આપણું કશું નથી. પત્ની એ પતિનીજ સમ્પત્તિ છે. પત્ની ઉપર પતિનોજ સમ્પૂર્ણ અધિકાર છે. તેનું સુખ એજ રમણીનું સુખ. પતિને સમસ્ત અર્પણ કરી, કાર્યક્ષેત્રમાં વિચરણ કરવું એજ નારીધર્મ છે. એમ કરવાથીજ આપણી પરમગતિ થશે. એમ કરવાથીજ પરમાત્મા આપણા ઉપર પ્રસન્ન થશે. વિધવા બ્હેનોએ જ્ઞાન પ્રાપ્ત કરી જગતની અજ્ઞાની વિધવા–સધવા–બ્હેનોને તેજ જ્ઞાનનું દાન કરવું જોઇએ. જગતમાં અસંખ્ય અભણ અને નિરૂદ્યમી સ્ત્રીઓ છે અને તેઓ અનેક પ્રકારનાં કષ્ટ કલેશો ભોગવે છે. તેમને વિદ્યા ભણાવી, ઉદ્યોગ શિખવવા જોઇએ. તેમ કરવાથી તે બ્હેનો જીવન પર્યંત ધર્મનિષ્ઠ અને ઉદ્યોગી થશે, અને તેમનું અનુકરણ કરવાથી ક્રમે ક્રમે નારી માત્ર સુખ પ્રાપ્ત કરશે. બ્હેનો ! વિધવાઓ ધારે તો જગતમાં ઘણો પરોપકાર કરી શકે. પોતાના સહવાસમાં આવતાં લુલાં, લંગડાં, અંધ, અપંગ જનોને રસોઇ કરી આપે, તેમનાં વસ્ત્ર વાસણ સાફ કરી આપે. તેમના દરદ ઉપર દવા ચોપડી તેમની સેવા સુશ્રૂષા કરે. દેશે દેશે ફરી સ્ત્રીઓની સભા ભરી નારી ધર્મનો ઉપદેશ આપે, અને એ રીતે જગતમાં જ્ઞાન–શાંતિનો પ્રચાર કરે. સર્વ બ્હેનોને મ્હારી વારંવાર એજ પ્રાર્થના છે કેઃ તમે વિદ્યા મેળવો, હુન્નરો શીખો અને તેનો નારી–જગતમાં પ્રસાર કરો. નારી એ જગદમ્બાનું સ્વરૂપ છે. નારીઓ વડેજ સુખ શાંતિનો પ્રસાર થઈ શકશે.”

ઉપસંહાર.

દિવ્ય પ્રકાશ.

આજે કૃષ્ણપક્ષની પંચમી છે. કદલી વનની પર્વતમાળા, કૃષ્ણ-પંચમીનો ગાઢ અંધકાર શરીરે ધારણ કરી નિશ્ચળ સ્થિર ઉભી હતી. ઘણા બ્રહ્મજ્ઞાની સન્યાસીઓ, સમસ્ત વિશ્વને ભૂલી જઈ, પ્રકાશ અંધકારનો ભેદ ભૂલી, પ્રકૃતિ પુરૂષના દ્વૈતભાવને તિલાંજલિ આપી, ઇચ્છામાં આવ્યું ત્યાં-તે ગુહામાં, તે શિલાપર, તે તૃણ ભૂમિપર, તે વૃક્ષ નીચે, **શિવોઽहं, શિવોઽहं** ધ્યાન ધરતા બેઠા હતા-કોઇ પડયા હતા.

કદલીવન એટલે તે કેળાનું વન નહિં પરંતુ રૂદ્રાવતાર મહાવીર હનુમાનજીએ જે પર્વતમાળા ઉપર કદલીવન નિર્માણ કરી ઉગ્ર તપસ્યા કરી હતી, તેનેજ કદલીવન કહે છે. હમણાં તે પૂર્વનું કદલીવન નથી. હમણાં કદલી વનની સીમા ઉપર યક્ષો વડે રક્ષણ પામતા સરોવરમાં સુવર્ણ-કમળ ઉત્પન્ન થતાં નથી. હમણાં સર્વ સાધકો મહાવીરનાં દર્શન કરી શકતા નથી. તોપણ તે સ્વતંત્ર સાધનક્ષેત્ર છે. ભગવાનની સાધના કરવા માટે તે અત્યુત્તમ એકાંત, પવિત્ર, દિવ્ય સ્થળ છે. કોઇક પ્રસંગે ચિરંજીવિ હનુમાનજી સાધકની મનોવાંચ્છના પૂર્ણ કરવા માટે ગુપ્તવેશે દર્શન દઇ સાધકોને કૃતાર્થ કરે છે. એ સાધન-ક્ષેત્રના તેજ ગુરૂ છે.

કૃષ્ણ-પંચમી એક પ્રહર વીતી ગઈ છે. વેગળે-સરોવરને કિનારે એક ધૂણી બળતી હતી. તેનાથી થોડે વેગળે, ખુલ્લા આકાશ નીચે જૂદા જૂદા બે પત્થર ઉપર બે મનુષ્યો બેઠાં હતાં. તે બન્ને દણ્ડ કમણ્ડલુધારી સન્યાસી હતા. બન્નેની પાસે પત્થર ઉપર દણ્ડ કમણ્ડલુ પડેલાં જણાતાં હતાં. તેમણે ગેરૂ વડે રંગેલાં વસ્ત્ર પહેર્યાં હતાં. શરીરે ઢીલો ઝભ્ભો હતો. માથે ગેરૂવા રંગનો ફેંટો બાંધ્યો હતો. બન્નેના માથાના કાળા ભ્રમર જેવા વાળના ગુચ્છ

પીઠપર, ખભાપર, અને કપાળ ઉપર ઝૂલે છે, હાલે છે, વાયુમાં દૂર દૂર ઉડે છે. બન્નેમાંથી કોઇ બોલતું નથી. બન્ને શાંત, સ્તબ્ધ છે. જાણે ચિત્રકારે ચિત્રેલી બે છબીઓ ! અતિ ઉંચે સીમા વગરનું સ્વચ્છ આકાશ છે. નીચે નિશ્ચલ, સ્થિર, શાંત પૃથ્વી છે. બન્ને ધ્યાન મગ્ન થઇ રહ્યાં. છે. તેઓ શું કરે છે તે જાણી શકાતું નથી. તે સમયે બન્નેની જીવન–શક્તિ સ્થિર થઇ ગઈ હતી. તે સમયે બંન્ને નિષ્ક્રિય હતાં. એકનું નામ કમલિની. અન્યનું નામ શિવપ્રસાદ.

અનેક ક્ષણ પછી શિવપ્રસાદે કહ્યું: "માતાજી!"

કમલિનીએ ઉત્તર દીધો: "કેમ."

શિવ: "રાત્રિ કેટલી થઇ હશે?"

કમલિની: "નક્કી કહી શકાય નહિ."

શિવ: "તે કેમ આવ્યા નહિ?"

કમલિની: "તે પણ કહી શકાય નહિ."

એ સમયે અસંખ્ય તારાવાળા નીલ આકાશ મણ્ડલમાં ચન્દ્ર ઉદય થયો. કોઇએ પાછળથી ગંભીર પણ ભ્રમરના ગણગણાટ જેવા મધુર સ્વરે કહ્યું: "અત્યાર સુધી ચન્દ્ર ઉદય થયો નહોતો તેથીજ હું આવ્યો નહોતો. જે જોવાની તમારી ઇચ્છા છે, અને જે બતાવવાની મ્હારી ઇચ્છા છે, તે આ ચન્દ્ર મણ્ડલના પશ્ચાત્ ભાગમાં બતાવીશ. ચંદ્ર તો તમે જોઇ શકો છો, ત્યારે જૂવો, એ મણ્ડલના મધ્ય ભાગમાં ચન્દ્રને જૂવો. હરિણના રથમાં બેઠેલા ચન્દ્ર દેવ કેવી અતિ તીવ્ર ગતિએ આકાશ માર્ગમાં ગમન કરી રહ્યા છે?"

શિવપ્રસાદ અને કમલિનીએ કહ્યું: "જોયું, પણ એક વાત પૂછવી છે."

એ બન્નેની સાથે જેણે વાત કહેવાની શરૂવાત કરી તે એક વૃદ્ધ સન્યાસી હતા. સન્યાસીનું શરીર પાતળું, ઉંચું, ગૌર, કણ્ઠસ્વર જાણે પંચમ સ્વરે બોલતી કોકિલા ! માત્ર એક લંગોટી વાળી છે. શરીર ઉપર બીજું કશું નથી. કપાળમાં ભસ્મ ચોળી છે. તેમના શ્વાસ નિઃશ્વાસ સાથે ઉચ્ચ પ્રકારના અત્તર-ની સુગંધ પ્રસરે છે. ચન્દ્રના પ્રકાશમાં શરીરની ચામડી ચળકે છે. તેજસ્વી મુખ જાણે બીજો ચન્દ્ર. નેત્ર જ્યોતિમાં અપૂર્વ પ્રેમ, અપૂર્વ વાત્સલ્ય અને

અપૂર્વ માધુર્ય. માથે થોડી જટા જણાય છે. જાણે સાક્ષાત્ શંકર ભગવાનજ આવી પહોંચ્યા હોય તેવું અનુમાન થાય છે.

સન્યાસી પાછળથી બોલતા બોલતા તેમની સમ્મુખ પડેલી પત્થરની એક શીલા પર આવી બેઠા. શિવપ્રસાદે પૂછ્યું: "પ્રભો ! ચન્દ્ર મણ્ડલમાં હરિણના રથમાં બેઠેલા છે તે શું ચન્દ્ર દેવ છે?"

વૃદ્ધ: "હા."

કમલિની: "દેવ ! સાંભળ્યું છે કે ચન્દ્ર તો જડ પદાર્થ છે."

વૃદ્ધ સન્યાસીએ હાસ્ય કરી કહ્યું: "વાયુ જડ, જળ જડ, અગ્નિ જડ, પરંતુ એ સર્વ જડ પદાર્થોના એક અધિષ્ઠાતા દેવતા છે. જો તેમના અધિષ્ઠાતા ન હોત તો તે બધાંમાં નિયમિતપણું અને યોગ્યતા ક્યાંથી આવત? ચન્દ્રમણ્ડલ જડ છે પરંતુ તેના અધિષ્ઠાતા દેવતા ચૈતન્ય છે. તારાઓથી સુશોભિત થયેલા આકાશમાં, હરિણના રથમાં બેઠેલા ચન્દ્રદેવને જૂવો છો. તેની પાછળ ભૂવર્લોક છે. જૂવો, બરોબર ધારીને જૂવો. મધ્યના એક ન્હાના મણ્ડલમાં જૂવો. તેમાં મર્ત્યલોકના જીવો, જીવન પછી ત્યાં કેવી રીતે નિવાસ કરી રહ્યા છે. જેઓએ નરદેહ ધારણ કરી દેવત્વ પ્રાપ્ત કર્યું હતું તે એ સ્થળે નથી. તેઓ સ્વર્ગલોકમાં ગયા છે. સ્વર્ગલોકનું સ્થાન સૂર્ય મણ્ડલમાં છે. જ્યારે મનુષ્યના પ્રાણનું બંધન તુટી જાય છે, સાધનના બળવડે મનુષ્ય જ્યારે કામના-વાસના રહિત થાય છે, અને મનુષ્ય જ્યારે દેહનો ત્યાગ કરે છે ત્યારેજ તેને એ લોકનાં દર્શન થાય છે. તમારી તેવી સ્થિતિ થઈ છે તેથીજ તમને એ લોકનાં દર્શન કરાવવા આવ્યો છું."

"આ જૂવો, પિતૃ-લોક. જીવન એ એક પ્રકારનો યજ્ઞ છે. દ્રવ્ય વસ્તુઓનું વિસર્જન કરવું એજ તેની પ્રતિષ્ઠા, વિધવિધ પ્રકારની ભોગ લાલસા-વૃત્તિ-નું બલિદાન આપવું એજ તેની સાધના, મરણ પામતાંજ તેની પૂર્ણાહુતિ થાય છે. પિતૃબીજ, પોતાને હમેશને માટે વિસર્જન કરી સન્તાનરૂપે જન્મ ગ્રહણ કરે છે. આપણે પ્રતિ નિઃશ્વાસદ્વારા, શરીર-તન્તુ છિન્ન-ભિન્ન કરી જીવન ધારણ કરીએ છીએ. પ્રતિ ક્ષણના ક્ષુદ્રજીવનનું બલિદાન આપી આપણા આ જીવનની સાધના સાધી લઈએ છીએ. યજ્ઞને અન્તે જન્માન્તની

દક્ષિણા આપી આપણે પૂર્ણાહૂતિ કરી દઇએ છીએ. મન્ત્ર ભણવો બંધ કરી વહ્નિ ઠંડો પાડી દઇએ છીએ, ત્યારે શાંત-શીતળ અંધકાર વડે યજ્ઞ-મણ્ડપ છવાઇ જાય છે. ત્યાર પછી પુનઃ પ્રભાત, પુનઃ રાત્રિ, પુનઃ જન્મ, અને પુનઃ મૃત્યુ પ્રાપ્ત થાય છે. કર્મના ગુણને લીધેજ અદ્રષ્ટ સંચય થાય છે, અદ્રષ્ટના ગુણોને લીધેજ, યજમાનના ગુણને લીધે, યજ્ઞના મન્ત્ર અને છન્દ જૂદા જૂદા હોય છે. કોઇ સ્થળે એક ચરણ, કોઇ સ્થળે બે ચરણ, કોઈ સ્થળે ત્રણ ચરણ, અને કોઇ સ્થળે ચાર ચરણ ભણાય છે. કોઇ સ્થળે બૃહતિ, કોઈ સ્થળે જગતી, કોઇ સ્થળે ત્રિષ્ટુપ, અને કોઇ સ્થળે અનુષ્ટુપ છંદો ભણાય છે. કોઇ સ્થળે અપૂર્ણતા, કોઇ સ્થળે થોડો અંશ વિકાશ, અને કોઇ સ્થળે સંપૂર્ણતા પ્રાપ્ત થાય છે. કોઈ સ્થળે દુઃખ, કોઇ સ્થળે સુખ, કોઇ સ્થળે વ્યાધિ, કોઇ સ્થળે વ્યાધિરહિત થવાય છે. મન્ત્રના ભેદવડે સર્વત્ર મધુર, પરંતુ યજ્ઞને ઉભય કિનારે મરણ તો અવસ્ય. એ જીવન-મરણની ગાઢ મિત્રતાનું તત્વ, આ ભૂવર્લોકમાંજ છે. જીવન-મરણનો સંયોગ-વિયોગનો અનુભવ લેવો હોય તેમણે પિતૃ-લોકનું સાધન કરવું જોઇએ."

"મનુષ્ય જે સમયે અચેતન થઇ મરણની તૈયારીમાં હોય છે, તે સમયે તેના મસ્તક સ્હામું એક પ્રકારનો પ્રકાશ જણાય છે. પિતૃ-દેવતા એ પ્રકાશમાં સમસ્ત-જગતને લાવી બતાવે છે. તે સર્વ દેખાવ ચક્રની ગતિ પેઠે એક પછી એક આવી ચાલ્યા જાય છે. જે મનુષ્ય મરણ પામવાનો છે તેણે જીવનપર્યંત જેના દ્રઢ વિચારો કર્યા હોય છે અને સંસારમાં તેને જે વસ્તુ બહુ પ્રિય હોય છે, તેનું ચિત્ર ચક્રમાં દર્શન થતાંજ, તે દ્રવ્ય આવતાંજ, તેનો જીવાત્મા તેમાં ભરાઇ જાય છે, અને તેવોજ ભાવ પ્રાપ્ત કરી સૂક્ષ્મદેહ ધારણ કરી, પિતૃ-યાનમાં બેસી પિતૃલોકમાં ગમન કરે છે પરંતુ જે જીવના વિચારો અતિ ઉચ્ચ છે, તેને એવાં દ્રવ્ય ઉપર પ્રીતિ થતી નથી, તે એવાં કોઈ દ્રવ્ય સાથે મળી જતો નથી, ત્યારે તે દ્રવ્ય અદ્રવ્ય થઈ જાય છે, અને તેવા ઉત્તમ જીવો દેવ-યાનમાં બેસી દેવ માર્ગે સ્વર્ગ લોકમાં ગમન કરે છે."

કમલિની અને શિવપ્રસાદે જોયું કેઃ "પિતૃ-લોકમાં અસંખ્ય મનુષ્યો આવ જા કરી રહ્યા છે. છબીમાં જેમ મ્હોટું મનુષ્ય ઘણું ન્હાનું જણાય છે

છતાં તેના શરીરના સર્વે અવયવો સમ્પૂર્ણ હોય છે તેજ પ્રમાણે પેલા પ્રકાશ-મણ્ડલ-નાં સર્વે મનુષ્યોએ સૂક્ષ્મ શરીર ધારણ કર્યાં હતાં છતાં તેમની શરીર-આકૃતિ સંપૂર્ણ જણાતી હતી. કેટલાં બધાં મનુષ્યો, અસંખ્ય જીવાત્માઓ, તે રાજ્યમાં કોલાહલ કરી રહ્યા છે. કેટલાંએ મનુષ્યો, કામના-વાસનાનો વહ્નિ હૃદયમાં લઇને, અંધારા ઘોર પડદા પાછળ વહેતી દુર્ગંધમય વૈતરણીને કિનારે કિનારે રડતા ભટકે છે! કેટલાંએ મનુષ્યો ચન્દ્ર કિરણમાં આવી પુનઃ જન્મ પામવા જાય છે. કોઈ રાજપુત્ર કોઇ ખેડુત-પત્નીના ગર્ભે દ્વારા જન્મ લે છે, કોઇ ખેડુત-પુત્ર કોઈ પણ્ડિતને ઘેર જન્મ લે છે. શિવ! શિવ! કામના-વાસનાને લીધેજ પૃથ્વી પર જન્મ-મરણ થાય છે! તેમનો કેવો પ્રાણભેદક ચિત્કાર! તેમનો કેવો હૃદયભેદક કોલાહલ!

એ દ્રષ્ય-ચક્ર-પ્રકાશ જોઈ કમલિનીએ નેત્ર મીચી દીધાં. મધુર ગંભીર સ્વરે વૃદ્ધ સન્યાસીએ કહ્યું: "વત્સ! તમે એ રાજ્યને પાર ગયાં છો. તમારામાંથી પિતૃ-માતૃ શક્તિ, નિર્વિઘ્ને શાંત થઇ છે. તમારામાં હવે તે શક્તિ રહી નથી. તમારામાં હવે દેવશક્તિ રહી છે. જાઓ વત્સ, તમે હૃષીકેશ જાઓ. હજી તમારે માટે થોડુંક જીવન બાકી છે. એટલો સમય હૃષીકેશમાં તપસ્યા કરી વ્યતીત કરો. ભૂર્ભુવસ્વઃ કરતાં પણ તમારો માર્ગ અતિ ઉચ્ચ, અતિ ઉર્ધ્વ છે."

"જૂવો, આ **દિવ્ય પ્રકાશ** જણાય છે. એ નવીન પ્રકાશ વડે માર્ગ સ્પષ્ટ જણાય છે. પ્રકૃતિ માતા નવીન શૃંગાર ધારણ કરી તમને માર્ગ બતાવવા આવ્યાં છે. જાઓ, વત્સ, હૃષીકેશ જાઓ. નવીન માર્ગની, ચારે દિશાઓમાં નવીન પ્રકાશ પ્રકાશી રહ્યો છે.

કમલિની અને શિવપ્રસાદ ઉઠી તે મધ્ય રાત્રિએ હૃષીકેશ તરફ ચાલ્યાં ગયાં. અત્યાર સુધી ચન્દ્રનો ઝાંખો પ્રકાશ પડતો હતો પણ હવે સર્વત્ર અનેક ચન્દ્રનો દિવ્ય પ્રકાશ પડતો હોય તેમ જણાયું. સર્વે દિશા અને વૃક્ષનાં ઝુંડ જાણે તે પ્રકાશનાં દિવ્ય કિરણો વડે રસાઇ ગયાં હોય તેવું મનોહર જણાતું હતું.

માતા કમલિની! જનનિ! પધારો! તે દિવ્ય ધામ હૃષીકેશ પધારો. તમારો હૃષીકેશનો માર્ગ અમારાથી અજ્ઞાત ના રહે. અમે પણ એવોજ દિવ્ય

પ્રકાશ પ્રાપ્ત કરી હૃષીકેશ આવીએ એજ પ્રાર્થના. કામના-વાસનાથી જર્જરિત થતા જીવોને માટે તમારો એ માર્ગ-પ્રકાશ સદા પ્રકાશિત રહે એજ પ્રાર્થના! એ માર્ગે ગમન કરવાની જગતના જીવોની ઇચ્છા થાય એજ પ્રાર્થના!

ઓ જગતના જીવો! અનેક કામના-વાસનાને તિલાંજલિ આપી એ દિવ્ય-માર્ગે ગમન કરવાની ઇચ્છા કરો. તોજ સંસારનાં અનેક દુઃખનો નાશ થશે, તોજ જીવન-મરણથી મુક્ત થવાશે. તોજ દેવલોક પ્રાપ્ત થશે. તોજ મુક્તિ મળશે.

न याचेऽहं राज्यं न च कनक-माणिक्य विभवं ।
न याचेऽहं रम्या-मखिल-जन-काम्यां वर वधूं ॥
सदा कामं काम्यं प्रमथ पतिनोद्गीत-चरितो ।
जगन्नाथ स्वामी नयन-पथगामी भवतु मे ॥

सम्पूर्ण.

साहित्य-सत्कार.

નિમ્નોક્ત પુસ્તકો તથા માસિક પત્રો અમને અભિપ્રાયાર્થે ભેટ મળ્યાં છે, જે ઉપકાર સહિત સ્વિકારવામાં આવે છે.

૩૩. **રવિકાન્ત**—(ભાગ ૧) ચીકણા જાડા કાગળ, પાકુ પૂઠું, પૃષ્ઠ ૪૨૦. મૂલ્ય રૂા. ૨-૦-૦. લેખક-પ્રકાશક રા. રા. ચુનીલાલ નરભેરામ દેસાઈ. ઠે. સારંગપુર-અમદાવાદ. આ પુસ્તકમાં લેખકશ્રીએ જૂદી જૂદી વાર્તાઓના રૂપમાં વેદાન્તના સૂત્રોને સરલતાથી ગુંથી દીધાં છે. ઈષ્ટસિદ્ધિ, પ્રભુની પ્રભુતાનું દાન, પરોપકાર, સદ્કર્મ, ષટ્કર્મ, પુરૂષાર્થ, પ્રારબ્ધ, દૈવ, ભાવિ, કર્મ અને તેનું ફળ, કર્તવ્ય સાધન, વિકાર વિમોચન વગેરે વિષયો સમજાવ્યા છે. ભાષા સહેલી અને સંકલના રસમય હોવાથી વાંચકના હૃદયમાં ધર્મ નીતિનું જ્ઞાન થાય છે. "ચંદ્રકાન્ત"ની શૈલી પર લખાયલું આ પુસ્તક પ્રત્યેક ગૃહસ્થોએ વાંચવું-વંચાવવું જોઈએ. લેખકશ્રી "પ્રમાદધનની પ્રભુતા" ના લેખકશ્રી રા. રા. ધીરજલાલ નરભેરામ દેસાઇના બંધુ છે. આવાં પુસ્તકો જેટલાં વિશેષ પ્રસિદ્ધ થાય તેટલાં આદરણીયજ છે.

૩૪. **સંસાર દર્પણ**—ચીકણા કાગળ, પાકુ પૂઠું, પૃષ્ઠ ૨૦૬. મૂલ્ય રૂ. ૧-૦-૦ અનુવાદક રા. નર્મદાશંકર બાળાશંકર, પ્રકાશક રા. પ્રભુશંકર નરભેરામ વ્યાસ. ચંદ્રપ્રકાશ માસિક પત્રની ઑફિસ-સુરત. આ નવલકથા સ્વ. સાક્ષરશ્રી રમેશચન્દ્ર દત્તની બંગાલી નવલ કથા "સમાજ" નું ભાષાંતર છે. "સુધારો" અને "સ્ત્રી સ્વાતંત્ર્ય"ના ઉદ્દેશોને દ્રષ્ટિ સમીપ રાખી આ નવલકથા લખાઈ છે. મૂલ્ય સસ્તું રખાય તેમ સારૂં એજ અમારી ભલામણ.

૩૫. **શ્રી શ્રેયઃ સુધાકર**—ચીકણા કાગળ, પાકુ પૂઠું, પૃષ્ઠ ૨૪૯. મૂલ્ય રૂ. ૧-૦-૦ લેખકઃ વિદ્વદ્વર્ય રા. દુર્ગેશ્વર નટવરજી ત્રીવેદી. બી. એ. હજુર ડેપ્યુટી કલેક્ટર-સુરત. પ્રકાશક-ચંદ્રપ્રકાશ ઑફિસ-સુરત. આ પુસ્તકમાં લેખકશ્રીની મીઠી મધુરી કાવ્ય પ્રસાદી છે. ગુરૂકીર્તન અને હરિકીર્તન છે. જ્ઞાન અને ભક્તિની અમૃતધારા છે. એનું પાન કરવાની કોને જિજ્ઞાસા નહિ થાય?

૩૬. **ગૃહસ્થાશ્રમ**—ચીકણા કાગળ, પાકું પૂઠું, પૃષ્ઠ ૩૫૦, મૂલ્ય

રૂ. ૧–૪–૦ (સચિત્ર) લેખક–પ્રકાશક રા. પ્રભુશંકર નરભેરામ વ્યાસ. ચંદ્રપ્રકાશ ઑફિસ સુરત તરફથી પ્રકટ થતી ઉત્તમ વાંચનીય ગ્રંથમાળાનું આ દશમું પુસ્તક છે. ગૃહસ્થાશ્રમને લગતી વિવિધ માહિતી દર્શાવે છે. એમાં ગૃહસ્થાશ્રમની શરૂવાત થાય છે ત્યારથી સ્ત્રી, પુરૂષે કેવા પ્રકારનો બોધ ગ્રહણ કરી સંસાર સાગરમાં જીવન નૌકા ચલાવવું જોઇએ તે સંબંધી અનેક પ્રયોગો દર્શાવ્યા છે. ગૃહસ્થ માત્રને વાંચવા જેવું છે.

૩૭. **પ્રાણાયામ**—(ભાગ ૧ લો) ચીકણા કાગળ, મજબૂત પૂઠું, પૃષ્ઠ (ન્હાના કદનાં) ૨૧૨ મૂલ્ય રૂ. ૦–૮–૦ લેખક–પ્રકાશક રા. પ્રભુશંકર નરભેરામ વ્યાસ. ચંદ્રપ્રકાશ ઑફિસ સુરત. જે પ્રાણાયામથી પ્રાચીન પ્રજા દીર્ઘાયુ ભોગવી અનેક પ્રકારના પુરૂષાર્થ કરી જગતને ચકિત કરતી હતી અને વંશપરંપરા બળવાન બુદ્ધિમાન પ્રજા ઉત્પન્ન કરતી હતી તેજ પ્રાણાયામને લગતાં ઉપયોગી પુસ્તકની પ્રસ્તાવના રૂપે આ પ્રથમ ભાગ છે. બીજો ભાગ સત્વર પ્રકટ કરે અને તેમાં પ્રાણાયામ કરવાની સરલતાથી સમજ આપે એજ પ્રાર્થના.

૩૮. ૩૯. **કાવ્યકુસુમ** અને **શ્રી સદ્‌બોધ સ્તવનમાળા**—ચીકણા કાગળ, પાતળું પૂઠું, પૃષ્ઠ ૧૦૨, મૂલ્ય અનુક્રમે ૦–૮–૦ અને ૦–૨–૦ લેખક–પ્રકાશક રા. પ્રભુશંકર નરભેરામ વ્યાસ સુરત. એ બન્નેમાં જ્ઞાન, ભક્તિ, અને વૈરાગ્ય ઉપર પદો લખ્યાં છે.

૪૦. **મૂલ્યવાન રત્નો**—આ ન્હાનકડું પુસ્તક પણ ચંદ્રપ્રકાશ ઑફિસ, સુરત તરફથી પ્રકટ થયું છે. મૂલ્ય ૦–૦–૬ એમાં ન્હાનાં ન્હાનાં ઉપદેશક વાક્યો છે. વાંચવા લાયક છે.

૪૧. **ખલીફનાં અદ્‌ભૂત પરાક્રમ**—રફ કાગળ, પૃષ્ઠ ૨૨૬, સાદુ બાઇન્ડીંગ, મૂલ્ય રૂ. ૧–૦–૦ લેખક રા. મણીલાલ કેશવલાલ પરીખ. લાઠીરસથી પ્રકટ થતા "વિવેચક" માસિકપત્રના ગ્રાહકોને તેના પ્રકાશક શ્રી હીરાભાઇ દાદાભાઇ દેસાઈ તરફથી ૧૯૧૩–૧૪ ના વર્ષની ભેટ દાખલ આ પુસ્તક અપાયું છે. ખલીફનાં પરાક્રમમાંથી જ્ઞાન–ચાતુર્ય મળે તેમ છે. સાથે એક પ્રાચીન ઇતિહાસનું જ્ઞાન થાય છે. જેમ "વિવેચક" માસિક વાંચવા લાયક છે તેમજ આ પુસ્તક પણ વાંચવા લાયક છે.

૪૨. **છાલો, પાલો, મરી મસાલો**—ભાગ ૩ જો. ગ્લેઝ કાગળ,

પૃષ્ઠ ૧૧૧ સાદુ પૂઠું, મૂલ્ય ૦—૧૨—૦ પ્રકાશક મેસર્સ ડી. પી. માડનની કુંપની—અંગ્રેજી દવા વેચનાર, કણપીઠ, સુરત. પ્રકાશકોએ જૂદા જૂદા ઘરગતુ વૈદક ટુચકાઓ ભેગા કરી તેનો ઉપયોગી સંગ્રહ છપાવ્યો છે. આવા ટુચકાઓ કેટલીક વખત તાત્કાલિક ઉપાય તરીકે બહુ ઉપયોગી થઇ પડે છે. જે ગામોમાં વૈદ્ય કે ડાકટરો નથી હોતા ત્યાં તો આવાં પુસ્તકો દરેક કુટુંબને વૈદ્ય બનાવી શકે છે. ઘણી દવાઓનાં વજન તે દવા સાથેજ લખવાં જોઇએ. માડન શેઠ પારસી ગૃહસ્થ હોવા છતાં છાપની સ્વચ્છતા તરફ ધ્યાન આપે તો સારૂં.

૪૩. **ઉત્તમ બોધ**—ગ્લેઝ કાગળ, જાડુ મજબૂત પૂઠું, પૃષ્ઠ ૧૧૯. મૂલ્ય—અમૂલ્ય. અ. સૌ. સ્વર્ગસ્થ ઉત્તમચંદ ગીરધરલાલના સ્મારકરૂપે આ પુસ્તક છપાયું છે, અને તે સૌ. સ્વ. બાઇ સમરથ સ્મારકમાળાના મણુકા ૪ થા તરીકે માત્ર ટપાલ ખર્ચ ૦—૨—૦ લઇને અપાય છે. મળવાનું ઠેકાણું રા. રા. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ બી. એ. એલ. એલ. બી. સોલીસીટર, હાઇકૉર્ટ. મુંબઇ. પ્રકાશક બંધુઓએ પોતાનાં સ્વર્ગસ્થ માતુશ્રીના સ્મરણ નિમિત્તે આવા બોધક ગ્રન્થો આપવાનું શરૂ કર્યું છે, એથી સ્વ. માતાના ઋણનો કંઇક બદલો વાળેલો કહેવાશે. આ પુસ્તકમાં સ્વ. ઉત્તમચંદના બોધક પત્રો છે. તેમાંથી વાંચકને ઘણું જાણવાનું મળે એમ છે. જેઓ થોડા પૈસા રોકી શકે એમ હોય તેમણે આ પ્રમાણે પોતાનાં માતા પિતાની યાદગીરી અવસ્ય જાળવવી અને તેમ કરી ઉત્તમ સાહિત્યની વૃદ્ધિ કરવી.

૪૪. **આદર્શ ગૃહિણી**—ગ્લેઝ કાગળ, સાદું પૂઠું, પૃષ્ઠ ૫૫. મૂલ્ય ૦—૪—૦ સાદું પૂઠું, લેખક—પ્રકાશકઃ શ્રીયુત શાસ્ત્રી માધવજી ખીમજી શર્મા. ઠે. પાલડી—અમદાવાદ. આ ન્હાનકડા પુસ્તકમાં પંડિતજીએ, ગૃહિણીને વાંચવા મનન કરવા લાયક ટુંકા ઉપદેશો લખ્યા છે. પ્રત્યેક કુટુંબોમાં આ પુસ્તક વંચાતું જોઇએ.

૪૫. **નડીઆદ હિંદુ અનાથાશ્રમ—ચીત્રાવળી**—ગ્લેઝ કાગળ, પૃષ્ઠ ૨૪, સાદુ પૂઠું. આ ચીત્રાવળીમાં નડીઆદ હિંદુ અનાથાશ્રમનાં મકાનોની તથા તેમાં આશ્રય લેતાં હિંદુ કોમના અનાથ, અપંગ, સાધનહીન સ્ત્રી, પુરૂષ અને બાળકોની ૧૪ છબીઓ પ્રકટ કરી છે. તે જોતાં આશ્રમનું પરોપકારી કાર્ય જણાઇ આવે છે.

૪૬. **આયુર્વેદ રહસ્યાર્ક—(માસિકપત્ર)** ગ્લેઝ કાગળ, પૃષ્ઠ ૩૬, વાર્ષિક મૂલ્ય રૂ. ૧–૮–૦ (પોષ્ટેજ સાથે) તંત્રી અને પ્રકાશક: રા. રા. વૈદ્ય જીવરામ કાળીદાસ ઠે. રસશાળા ઔષધાલય. મુ. ગોંડળ (કાઠીઆવાડ) આ વૈદ્યકીય માસિકપત્ર ૧૯૭૧ ના કાર્તિકથી શરૂ થયું છે. તેના ૧, ૨ અંકો અમને પ્રાપ્ત થયા છે. વૈદ્યક વિષયોને લગતાં જેટલાં સારાં માસિકપત્રો પ્રકટ થાય તેને અમે ગુર્જર પ્રજાના આરોગ્ય અને આયુષ્યની વૃદ્ધિનાં સાધન તરીકે લેખી આવકાર દઇએ છીએ. આહાર વિહારમાં નિયમ વગરની, ઘણે દરજ્જે સ્વાસ્થ્ય બગાડી આયુષ્ય ટુંકાવી બેઠેલી ગુર્જર પ્રજાને માટે આવાં ઉપયોગી માસિકપત્રોની બહુ અગત્ય છે અને ગુર્જર પ્રજાએ તેનાં ગ્રાહક થઈ અવશ્ય વાંચન મનનનો લાભ લેવો જોઇએ. પ્રથમ અંકથી શરૂ થયલા લેખોમાં રોગમીમાંસા, પચનક્રિયાનું શાસ્ત્રીય અવલોકન, લેખો વાંચવા જેવા છે. ઔષધી વિચારના મથાળા હેઠળ ઔષધીનો કોશ આપવામાં આવે છે તે સર્વ જનોને ઉપયોગી છે. રસતંત્રસાર–રસમાધવ–ગ્રન્થની શરૂવાત થઇ છે તે વૈદ્યોને વિશેષ ઉપયોગી છે. યુનાની વૈદ્યકના ટુંકા ટુંકા ઇલાજ, ઘરગતુ દવાઓના ટુચકા તરીકે ગૃહસ્થ માત્રને ઉપયોગી છે. અંગ્રેજી દવાઓને આધારે જેઓ ઉપચાર કરે છે તેને માટે "અંગ્રેજી ઉપચાર પદ્ધતિ" ના મથાળા નીચે અંગ્રેજી દવાઓનાં પ્રિસ્ક્રિપશન લખાય છે. જે દેશી અને અંગ્રેજી ડાક્ટરોને ઉપયોગી છે. " સિદ્ધ રસાનુભવ "ના મથાળા નીચે જુદા જુદા રસ બનાવવાની ક્રિયા લખાય છે. " પ્રકીર્ણ " મથાળા નીચેના લેખો પણ વાંચવા અને ધ્યાનમાં લેવા જેવા છે. આવા ઉત્તમ લેખો સહિતના માસિકનું મૂલ્ય રૂ. ૧–૮–૦ ઓછુંજ કહેવાશે. જુજ મૂલ્ય હોવા છતાં એક પુસ્તકની ઉત્તમ "ભેટ" આપવાની યોજના રાખી છે જે ખરેખર પ્રશંસાપાત્ર છે. ગુર્જર પ્રજાએ આ ઉત્તમ માસિક પત્રના ગ્રાહક થઈ તેનો લાભ લેવો એજ અમારી ભલામણ છે.

૪૭. **ચંદ્રપ્રકાશ–માસિક પત્ર—**પૃષ્ઠ ૩૨. વાર્ષિક મૂલ્ય રૂ. ૧–૪–૦ પોષ્ટેજ સાથે. તંત્રી અને પ્રકાશક–રા. પ્રભુશંકર નરભેરામ વ્યાસ, ઠે. ભાગા તળાવ સુરત. આ માસિકનો ૮ મા વર્ષનો પ્રથમ અંક પ્રાપ્ત થયો છે. વિવિધ ઉપયોગી વિષયો ચર્ચતું આ માસિક ગુર્જર પ્રજાને ઉપયોગી થઈ પડે એવું છે.

અનુક્રમણિકા.

પરિચ્છેદ	પૃષ્ઠ.
પ્રથમ ખણ્ડ.	
૧ ગૃહસ્થાશ્રમ.	૧
૨ નારીધર્મ.	૭
૩ કર્મફળ.	૧૫
૪ કોપાનલ.	૨૮
૫ શાસ્ત્ર અને સમાજ. ...	૩૫
૬ વેદ અને ગીતા. ...	૫૩
૭ કર્મક્ષેત્ર.	૬૪
૮ પ્રેમાનલ.	૭૨
દ્વિતીય ખણ્ડ.	
૧ અશ્રુ.	૭૭
૨ મેઘ.	૮૭
૩ વિદ્યુત્	૯૦
૪ પ્રણયાંકુર.	૯૬
૫ વિજ્ઞપ્તિ.	૧૦૮
૬ અનન્ત માર્ગ ગમન. ...	૧૧૫
૭ અત્યાચાર.	૧૨૨
૮ હોમાનલ.	૧૨૫
૯ ભયંકર યુદ્ધ.	૧૨૯
૧૦ પ્રેમવિલાસ.	૧૩૫
૧૧ પ્રતિજ્ઞા.	૧૩૮
૧૨ વિભૂતિ	૧૪૨
તૃતીય ખણ્ડ.	
૧ અદ્વૈતવાદ.	૧૫૦
૨ એક અને બહુ. ...	૧૫૯
૩ અનુમાન.	૧૬૭
૪ પત્ર	૧૭૯
૫ પરિચય.	૧૮૨
૬ કર્મક્ષેત્ર.	૧૮૯
૭ અજ્ઞાન કોણ?	૧૯૫
૮ દેશની અવસ્થા. ...	૨૦૧
૯ ગામડાને આગ. ...	૨૦૩
૧૦ આવેગ.	૨૧૦
૧૧ ઉન્મુખ.	૨૧૬
૧૨ ગ્લાનિ?	૨૨૩
૧૩ ક્રોધ	૨૨૮
૧૪ રૂપિયા.	૨૩૨
૧૫ તીર્થયાત્રા.	૨૪૨
૧૬ વિયોગ.	૨૪૯
૧૭ રૂપ અને રસ.	૨૫૫
ચતુર્થ ખણ્ડ.	
૧ ઉદ્વેગ.	૨૬૩
૨ વ્યાકુલતા.	૨૬૮
૩ મહન્તનો ઉપદેશ. ...	૨૭૧
૪ માધુર્ય રસ.	૨૭૫
૫ માર્ગ.	૨૮૨
૬ વિદાય.	૨૮૭
૭ સંગીત.	૨૯૩
૮ સન્યાસ.	૩૦૧
પંચમ ખણ્ડ.	
૧ સંકટ—નિવારણ. ...	૩૧૦
૨ સુધારો.	૩૧૮
૩ વ્યવસ્થા.	૩૨૩
૪ અત્યાચારની હદ. ...	૩૨૭
૫ અંકુર.	૩૩૧
૬ તપાસ.	૩૩૪
૭ ફળ.	૩૪૦
૮ પરિવર્તન.	૩૪૪
૯ નવીન ધર્મ.	૩૫૧
ઉપસંહાર.	૩૫૫

પ્રથમ વર્ષનાં પુસ્તકો ૧૫૬૬ પૃષ્ઠ !

" **વાર્તામાળા" નાં પ્રથમ વર્ષનાં** પાંચ પુસ્તકોની ઘણીજ **થોડી થોડી કૉપીઓ સિલિકમાં છે.** આ પુસ્તકોનું લવાજમ રૂ.૦–૮–૦ વધાર્યું છે.

આહક તરીકે લેનારનેજ પાંચે પુસ્તકો:સામટાં મળશે. **છુટક મળશે નહિ.**

*_** **લવાજમ** કાચા પૂંઠાનું **રૂા.** ૨—૮—૦ તથા પાકા પૂંઠાનું **રૂા. ૩**—૮—૦ પોષ્ટેજ સાથે, વી. પી. ખર્ચ ૦–૧–૦ વધુ. **આફ્રિકા માટે** કાચા પૂંઠાના રૂ. ૩—૨—૦ તથા પાકા પૂંઠાના ૪—૮—૦ પોષ્ટેજ સાથે. રજીષ્ટર્ડ ખર્ચ ૦–૨–૦ વધુ. **પ્રથમ વર્ષનાં** પાંચ પુસ્તકો નીચે પ્રમાણે:

૧. **પ્રમાદધનની પ્રભુતા** અથવા **સરસ્વતીચંદ્રનો ઉપસંહાર**– આ અતિ ઉત્તમ નવલકથામાં "સરસ્વતીચંદ્ર" માં અધુરાં રહેલાં પાત્રોનાં દર્શન થાય છે. એમાં કુસુમનો પ્રેમ, સ્વદેશભક્તિ, કુમુદની પતિભક્તિ, સરસ્વતીચંદ્રનો કાર્યક્રમ વગેરે સર્વ પ્રકરણો હૃદયગ્રાહી છે. **પૃષ્ઠ ૪૦૦.**

૨. **રાજપૂત કથાકુંજ**—એમાં રાજપૂતોની વીરતા, દેશભક્તિ, સાહસ, અદ્ભૂત પ્રેમ વગેરે દર્શાવનાર ન્હાની મનોવેધક દશ વાર્તાઓ છે. **પૃષ્ઠ ૩૦૦.**

૩. **ચક્રવર્તિ બાપ્પારાવળ**—એમાં મેવાડની ગાદીના મૂળ સ્થાપક મહાવીર બાપ્પારાવળનું આશ્ચર્યકારક, વીરત્વદર્શક, અદ્ભૂત જીવન છે. એ રાજપૂત વીરે ઠેઠ તુર્કસ્તાન, ઇરાન સુધી રાજ્ય સ્થાપ્યું હતું. બહુ ઉત્તમ છે. **પૃષ્ઠ ૨૭૫.**

૪. **બાદશાહી કથાકુંજ**—એમાં મોગલ બાદશાહ અકબર, શાહજહાં, અને ઔરંગઝેબના સમયની પાંચ અતિ ઉત્તમ નવલકથાઓ છે. પ્રેમ અને કરૂણાનો સાગર ઉછળી જાય છે. વાંચતાં વાંચતાં તલ્લીન થઇ જવાય છે. આ પુસ્તકમાં પ્રેમનો સાગર ભર્યો છે. **પૃષ્ઠ ૨૭૫.**

૫. **મહારાણા પ્રતાપસિંહ**—મેવાડના અવટંકી, સ્વદેશ પ્રેમી સન્યાસી રાણા પ્રતાપને કોણ નથી ઓળખતું ? તેના વિરત્વની જીવન રેખા વાંચતાં નેત્રમાંથી આંસુ નિકળી પડે છે ! એમાં યુવક યુવતિની નિર્મળ પ્રેમ વાર્તા પણ છે. વાંચતાં અતિ આનંદ થશે. **પૃષ્ઠ ૨૭૫.** **તરત લખો:—**

હાહાભાઇ રામચંદ્ર મ્હેતા–સસ્તી વાર્તામાળા—મુંબઇ નં. ૧૩

સસ્તી વાર્તામાળા મળવાનાં ઠેકાણાં.

૧. મુંબાઇ—મેસર્સ એન. એમ. ત્રિપાઠીની કું. બુકસેલર્સ કાલબાદેવી રોડ—પ્રિન્સેસ સ્ટ્રીટ. (છુટક પુસ્તકો મળી શકશે.)
૨. ,, ઠા. વસનજી પરમાણંદ ચાહેવાલા બુકસેલર કાલબાદેવી રોડ.
૩. ,, રા. રા. નારૂશંકર હરિપ્રસાદ દેસાઇ. લોવર પરેલ.
૪. સુરત—શા. રંગીલદાસ કાશીદાસ જનરલ મરચન્ટ-બરાનપુરી ભાગોળ.
૫. ,, ચંદ્રપ્રકાશ ઑફીસ—ભાગાતલાવ.
૬. ભરૂચ—રા. રા. ગણપતરામ દુર્ગારામ દેસાઇ. વિમા કંપનીના એજન્ટ.
૭. વડોદરા—મોહનલાલ મનસુખરામ બુકસેલર. (છુટક પણ મળશે)
૮. નડીઆદ—રા. રા. મણીલાલ લલ્લુભાઇ દેસાઈ.
૯. ,, રા. રા. મગનલાલ દામોદર પંડ્યા. લખાવાડને નાકે.
૧૦. ભાવનગર-રા. અબદુલહુસેન આદમજી બુકસેલર. (છુટક પણ મળશે.)
૧૧. કરાંચી—રા. રા. છગનલાલ ત્રિભુવન દવે. ઠે. બંદર રોડ. લેટ—પિપલ્સ બેંક બિલ્ડિંગ.
૧૨. અમદાવાદ—ડી. રાય અને કુંપની. ઠે. ખાડીયા. પોલીસ ચોકી પાસે.
૧૩. ,, રા. રા. મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર ત્રણ દરવાજા.
૧૪. ,, રા. રા. જેકીશન પરમાનંદ. તારકસ. ત્રણદરવાજા.
૧૫. ,, રા. રા. હરિપ્રસાદ મોહનલાલ. ખાડીઆ. ગોટીની શેરી.
૧૬. ,, રા. રા. પુંજાલાલ લલ્લુભાઇ. ભદ્રસાહેબ. માણેક ચૉક. બહુચરાજી માતા.
૧૭. ,, મેસર્સ જે. એન. વકીલ અને કું. રીચીરોડ.
૧૮. ,, વકીલ એન્ડ કુંપની. રીચીરોડ.
૧૯. ,, રા. રા. નંદલાલ ચુનિલાલ બોડીવાળા. સારંગપુર.
૨૦. ,, રા. રા. રણછોડલાલ મોતીલાલ બુકસેલર. રીચીરોડ
૨૧. ,, રા. રા. મફતલાલ રામનારાયણની કું. રંગના વેપારીઓ.
૨૨. ,, અંબાલાલ શંકરલાલ દવે. ખાડીયા શ્રીરામજીની શેરી.
૨૩. બારડોલી—રા. રા. નારૂશંકર હરિપ્રસાદ દેસાઈ. વ્યાસ ફળીઉં.
૨૪. ડભોઈ તથા ઠક્કા—રા. રા. ચાંદુમલ સુખાનંદ ભાટીયા.

રવિકાન્ત (ભાગ ૧ લો.)

આ પુસ્તકમાં ઇષ્ટસિદ્ધિના ઉપાયોનું, પ્રભુની પ્રભુતાનું તથા દાન, પરોપકાર આદિ સદ્કર્મથી તેમજ ભક્તિ તથા તેના અંગોપાંગિક ખટ્કર્મથી થતા લાભનું તથા તે વિષેના કારણનું, પુરૂષાર્થ તેમજ પ્રારબ્ધ યાને દૈવ યાને ભાવિનું, કર્મના પ્રકારનું, તેના ફળનું, સારઅસારનાં વિવેક વિચારનું, તેમજ કર્તવ્ય સાધના તથા ષડ્વિકાર વિશેનું સદ્બોધક રસિલા દ્રષ્ટાન્ત સહિત પુરતા ખુલાસાથી સપ્રમાણસિદ્ધ સ્પષ્ટિકરણ કરવામાં આવેલ છે. તેમજ ભાષા સરલ હોવાથી પુરૂષ તેમજ સ્ત્રીવર્ગ ઉભય વિના કંટાળે યથાર્થ સમજ સાથે તેનો લાભ લેઈ શકે એમ છે.

આ પુસ્તક વિષે જન સમાજમાં સારી ખ્યાતિને પામેલ સારાં માસિકો તેમજ પેપરોના એડીટરો તરફથી તથા સાક્ષર વર્ગ તરફથી સારો અભિપ્રાય મળેલ છે.

ગુજરાતી ટ્રેનીંગકોલેજના લેઇટ પ્રિન્સીપાલ મે. કમળાશંકરજી પ્રા. ત્રિવેદીજી સદરહુ પુસ્તક માટે નીચે મુજબ અભિપ્રાય દર્શાવે છે.

"પુસ્તક ઉત્તમ પ્રકારના સદ્બોધને આપવાવાળું છે. તેની અંદરના વિષયોનું વિવેચન ઘણુંજ રસિક અને અસરકારક છે. જીવનને સુખમય—સાધુમય તેમજ સફળ કરવાના માર્ગ વિષેનું આમાં બહુ સારી રીતે સ્પષ્ટીકરણ થયેલ છે. ભાષા સરળ, તથા વિચાર પરિપક્વ બુદ્ધિના છે. ગ્રંથકારે ચંદ્રકાન્તની શૈલી આદરી છે. પુસ્તક દરેક રીતે ઉત્તેજનને પાત્ર છે."

પુસ્તકનું સાઇઝ—સુપર રોયલ ૧૨ પેજી ૭૦ રતલી સરસ કાગળ ઉપર, ચાલુ પૈકા ટાઇપના પૃષ્ઠ ૪૨૦. સોનેરી નામોવાળુ પાકુ પુઠું, કિં. રૂ. ૨—૦—૦. આ પુસ્તકની ઉપયોગિતા બાબત એટલું કહેવું બસ થશે કે તેના ખરીદનારને પોતાના નાણાનો વ્યર્થ વ્યય થયો એમ કિંચિત્ અંશે પણ લાગશે નહિ.

ચીમનલાલ નરભેરામ દેસાઇ.

ઠે. સારંગપુર—ધાશીરામની પોળ—મુ. અમદાવાદ.

બસો રૂપૈઆમાં અન્નદાન.
સાથે અમર નામ.

દાનવીર સજ્જનો, અનાથોની પ્રાણુ રક્ષા કરવા આપના વરદ હસ્તને આ આશ્રમ તરફ લંબાવવા કૃપા કરશો !! અન્નદાનનું અન્નદાન અને સાથે અમર નામ !! જે દયાળુ, દાતા તરફથી એકી વખતે રૂ. ૨૦૦ બસો દાનમાં મળશે, તે રકમ અનામત રાખી તેના વ્યાજમાંથી દર વર્ષે દાતાની મરજી પ્રમાણે ઠરાવેલા એક દિવસે આશ્રમના અનાથોને દાતાના સ્મરણમાં અન્નદાન આપવામાં આવશે અને તે દાતાના નામની આરસની તખ્તી કરાવી ઓફીસમાં ચોઢી અમર નામ પણ કરવામાં આવશે. શું આવા દાનવીર દાતાઓ માત્ર ૩૬૫ નહિ મળે ? જરૂર મળશે. દયા લાવી લખોઃ—

મંત્રી—હિંદુ અનાથાશ્રમ,

નડીઆદ.

એક પ્રાર્થના:—

“સસ્તી વાર્તામાળા”નાં ગ્રાહકો વધારવા અમે વારંવાર પ્રાર્થના કરી છે. તે ઉપરથી કેટલાક બંધુઓએ નવાં ગ્રાહકો કરી મોકલ્યા છે પરંતુ હજી ઘણા ગ્રાહક બંધુઓ બેદરકાર રહ્યા છે. તેમને આગ્રહપૂર્વક વિજ્ઞપ્તિ છે કે તેઓએ ખંત રાખીને એક એક બબ્બે ગ્રાહકો વધારવાં. તેમ થવાથી સત્વર ૫૦૦૦ ગ્રાહક થઈ જશે અને તેમને ઘણા પ્રકારનું વિશેષ વાંચન મળશે.

જોજો ભૂલાય નહિ!

આ વિજ્ઞપ્તિ ભૂલી ન જવાય તે માટે પુનઃ પ્રાર્થના કરવી પડે છે કે તેઓએ ઉદરપોષણનાં અન્ય કાર્યો સાથે પરોપકારનું આ એક કાર્ય કરવાનું પણ ભૂલવું નહિ. એક એક કે બબ્બે ગ્રાહક કરવાનું તેમને માટે ઘણું સહેલું છે. ઘણા બંધુઓ જો ધારે તો પાંચ પચાસ ગ્રાહક કરી શકે એવા અમને જણાય છે. માટે તેઓએ પોતાનાથી બને તેટલાં ગ્રાહક વધારવા ચૂકવું નહિ, અને આ સાથેનું કાર્ડ ભરી મોકલવું.

નવાં હેન્ડબીલો મંગાવી લેવાં.

હજી ઘણા સજ્જનોને “સસ્તી વાર્તામાળા” પ્રકટ થાય છે એની પણ ખબર નથી. માટે ગ્રાહક બંધુઓએ પોતાના મિત્ર, સગાંમાં ફેલાવવા માટે જોઈએ તેટલાં હેન્ડબીલો મંગાવી લઈ સદુપયોગ કરવો. ગ્રાહક વધારનાર બંધુઓનાં નામ હવે પછીના પુસ્તકમાં પ્રકટ થશે.

મેનેજર—સસ્તી વાર્તામાળા, મુંબઈ નં. ૧૩